આ સમયસાર નાટક, સર્વવિશુદ્ધ દ્વાર છે. અથવા આ આત્મા શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘન એ સર્વવિશુદ્ધ છે અર્થાત્ ઉસમેં કર્મ ભી નહીં, શરીર નહીં, પુણ્ય-પાપકા વિકલ્પ ભી નહીં ઔર બંધ-મોક્ષકી પર્યાય ભી સર્વવિશુદ્ધ દ્રવ્યસ્વભાવમેં નહીં. યહ પહલે આ ગયા હૈ. બંધ હૈ.. બંધકી અસ્તિ હૈ રાગમેં. રાગપણે રહેવું એ બંધ છે અને રાગના અભાવપણે સિદ્ધદશા થવી અબંધ છે. એ પર્યાય—અવસ્થા છે ખરી, પણ એ ત્રિકાળી વસ્તુમાં નથી. બંધ-મોક્ષ તો દ્વૈત હો ગયા. દ્વૈતમેં સંસાર હૈ, અદ્વૈતમેં મોક્ષ હૈ. .... એ 'પદ્મનંદી પંચવિંશતિ'માં આવે છે. પદ્મનંદી.. એકત્વ અધિકાર છે ને? અદ્વૈત યાની સબ હોકર એક, ઐસે નહીં. ત્રિકાળી એકરૂપ સ્વરૂપ અપના નિજ એકરૂપ સ્વભાવ વહ અદ્વૈત હૈ, એક હૈ. ઉસમેં બંધ ઔર મોક્ષ—દો દ્વૈત નહીં. સમજમેં આયા? સમ્યગ્દર્શનકા વિષય. સમ્યગ્દર્શન ધર્મકી પહલી સીઢી. સમજમેં આયા? સમ્યગ્દર્શનકા વિષય... બંધ-મોક્ષકી પર્યાયસે ભી રહિત અકેલા સર્વવિશુદ્ધ ધ્રુવ ચૈતન્યસ્વભાવ વહ સમ્યગ્દર્શનકા વિષય હૈ, વહ સર્વવિશુદ્ધભાવ હૈ. ઉસમેં કહતે હૈં કિ નિશ્ચયનયસે... આખિરમેં આયા હૈ.

ऐसी महिमा ग्यानकी, निहचै है घट मांहि।
मूरख मिथ्याद्रिष्टिसौं, सहज विलोकै नांहि॥७०॥

**શબ્દાર્થ :**—નિશ્ચયનયથી આત્મામાં જ્ઞાનનો એવો મહિમા છે, પરંતુ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ આત્મસ્વરૂપ તરફ દેખતા પણ નથી. ૭૦.

निश्चयनयसे आत्मामें ज्ञानकी ऐसी महिमा है, परंतु अज्ञानी मिथ्यादृष्टि आत्मस्वरूपकी ओर देखते भी नहीं हैं॥७०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સિત્તેર ક્યા કહતે હૈ તુમ્હારી (હિંદીમેં)? (ગુજરાતી)મેં સિત્તેર કહતે હૈં. સત્તર, એ તમારી ભાષા વળી. સમજમેં આયા? ऐसी महिमा ग्यानकी.. અપના નિત્યાનંદ સ્વભાવ, જ્ઞાનસ્વભાવ ઈસકી મહિમા निहचै है घटमांहि.. દેહસે ઔર રાગસે ભિન્ન ઐસા ભગવાન ઉસકી અનંત-અનંત અપરિમિત જ્ઞાન, આનંદ જિસકી મહિમા હૈ. मूरख मिथ्यादृष्टिसौं.. અનાદિસે અજ્ઞાનકે કારણ सहज विलोकै नांहि.. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય નિત્યાનંદ

પ્રભુ હૈ, અજ્ઞાની નજર કરકે ઉસ નિધાનકો દેખતા નહીં. (શ્રોતા : દિખતા નહીં હૈ ઈસલિયે નહીં દેખતા..) દિખતા નહીં ક્યા? 'દિખતા નહીં' ઐસા નિર્ણય કિસને કિયા? દિખતા નહીં વહી દેખતા હૈ. સમજમેં આયા? મૈં દિખતા નહીં (ઐસા) કિસમેં નિર્ણય હુઆ યહ? વહી દેખતા હૈ. સમજમેં આયા? કહતે હૈં, सहज विलोकै नांहि.. વહ વિશેષ કહેંગે ૭૧મેં. સહજ સ્વરૂપ ભગવાન પૂર્ણ શુદ્ધ જ્ઞાન-આનંદ, ઉસકો તો અવલોકે નાહિં. ઔર શરીર, વાણી, મન, પુણ્ય-પાપ પર દૃષ્ટિ અજ્ઞાનીકી હૈ ઔર ઉસે શોધતા હૈ. નિજસ્વભાવકો શોધતા નહીં. ક્યા કહતે હૈં? ૭૧માં દેખો. अज्ञानी जीव परद्रव्यमें ही लीन रहते हैं.

અજ્ઞાની જીવ પરદ્રવ્યમાં જ લીન રહે છે (દોહરા)

पर सुभावमैं मगन ह्वै, ठानै राग विरोध।
धरै परिग्रह धारना, करै न आतम सोध॥७१॥

**શબ્દાર્થ** :—પર સુભાવ=આત્મસ્વભાવ વિનાના સર્વ અચેતન ભાવ. ઠાનૈ=કરે. રાગ વિરોધ=રાગ-દ્વેષ. સોધ=ખોજ.

**અર્થ** :—અજ્ઞાની જીવ પરદ્રવ્યોમાં મસ્ત રહે છે, રાગ-દ્વેષ કરે છે અને પરિગ્રહની ઇચ્છા કરે છે પરંતુ આત્મસ્વભાવની ખોજ કરતા નથી. ૭૧.

**अर्थ** :—अज्ञानी जीव परद्रव्योंमें मस्त रहते हैं, राग-द्वेष करते हैं और परिग्रहकी इच्छा करते हैं, परंतु आत्मस्वभावकी खोज नहीं करते॥७१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

એક પંક્તિમેં તો બહોત (ભર દિયા). આહાહા! पर सुभावमैं मगन ह्वै.. અનાદિસે અજ્ઞાની... જો પુણ્ય-પાપકા વિકલ્પ નામ વિભાવ નામ પરભાવ હૈ, પુણ્ય ઔર પાપકે ભાવ વાસ્તવમેં અજ્ઞાન પુદ્‌ગલ હૈ. સમજમેં આયા? અપના જ્ઞાનસ્વરૂપ ભગવાન ઉસસે વિરુદ્ધ પુણ્ય-પાપકા રાગ, વહ તો પુદ્‌ગલ હૈ. એક ઓર ભગવાન જ્ઞાનસ્વરૂપ, એક ઓર રાગસે લેકર સબ અજ્ઞાનસ્વરૂપ હૈં, (ક્યોંકિ) યહ જ્ઞાન ઉસમેં નહીં. આહાહા! તો કહતે હૈં, पर सुभावमैं मगन ह्वै.. અરે! અપના નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય અનંત-અનંત આનંદ ઔર જ્ઞાનકી શક્તિસે પૂર્ણ ભરા પડા પ્રભુ હૈ, ઉસે છોડકર અજ્ઞાની પુણ્ય-પાપકે રાગમેં મગન હૈ. સમજમેં આયા? શુભ-અશુભ વિકલ્પ જો અશુદ્ધભાવ—વિભાવભાવ ઉસમેં હી મગન હૈ. નવવી ગ્રૈવેયક ગયા દિગંબર સંત હોકર, પર વહ ભી વ્યવહાર પુણ્ય-પાપકી (ક્રિયામેં) યા તો પુણ્ય-પાપ પરિણામકે વિકલ્પમેં મગન થા. આહાહા! સમજમેં આયા? ठानै राग विरोध.. વહ તો રાગ-દ્વેષ હી કરતા હૈ. પરપદાર્થકી અનુકૂલતા દેખકર રાગ કરે ઔર

પ્રતિકૂલતા દેખકર દ્વેષ કરે. પરપદાર્થ તો સિર્ફ જ્ઞાતાકા જ્ઞેય હૈ, જ્ઞાતાકા પરજ્ઞેય હૈ. ઐસા ન સમજકર અનુકૂલતામેં રાગ ઔર પ્રતિકૂલતામેં દ્વેષ યા પરમેં પ્રેમ ઔર અપને સ્વભાવકી ઓર દ્વેષ... આહાહા!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ (અર્થાત્) સત્—શાશ્વત, ચિદ્—જ્ઞાન ઔર આનંદકા સમુદ્ર, જિસમેંસે અનંત કેવલજ્ઞાન ઔર અનંત આનંદ પ્રગટ હો ઐસા નિધાન હૈ. યહ નિધાનકો ન જાનકર, નિધાનકો ન પહિચાનકર, અપને નિધાનકી કિંમત ન કરકે, પુણ્ય-પાપકે ભાવ-વિભાવ (કિ જો) ઝેરકા ઘડા હૈ. પુણ્યભાવ વહ ઝેરકા ઘડા હૈ, ઉસમેં મગન હૈ અજ્ઞાની અનાદિસે. ક્યા હૈ? ઝહર હૈ, મીઠા ઝહર હૈ. આહાહા! જેઠ મહિનાના તડકા સખત હો. ઉસકી મા (બચ્ચેકો) દૂધ દેતી હો બહોત. બચ્ચા હો એક વર્ષકા, દૂધ બહોત દેતે હૈં, તો શેરડા હો જાતા હૈ. પતલી દશા. દસ્ત પતલે હો જાવ. ફિર ઠંડા લગે, બાલક (ચાટકર) ખાતા હૈ. દેખા હૈ? બહુ દૂધ પાય ને પ્રમાણની ખબર ન રહે. મારો છોકરો પુષ્ટ થશે ને આમ થશે. દૂધ ખૂબ પાય. એમાં શેરડું થઈ જાય. એ છોકરાને દસ્ત થઈ જાય પાતળા. અને જેઠ મહિનાનો વખત હોય, બહાર ગરમી હોય. ઠંડુ લાગેને (તો માને કે) મજા પડતી હૈ ઉસમેં. લ્યો. કહો, મુલચંદભાઈ! ઐસી બાત હૈ. એય!

અજ્ઞાની, અપના સ્વભાવ આનંદસ્વરૂપ પ્રભુકા ભાન નહીં તો ઉસે પુણ્ય-પાપકી અજીર્ણતા આતી હૈ, ઉસે હી ચાટતા હૈ. સમજમેં આયા? લીન કહા ન? મજા પડતી હૈ. યહ તો વિષ્ટાકા દૃષ્ટાંત દિયા, યહાં તો ઝહરકા હૈ. ઠંડેકે લિયે દૃષ્ટાંત દિયા. ગરમીકે દિન હો તો ...... પોતાની લાળ હોયને લાળ. લાળ નીકળે પછી આમ કરીને.... દેખા હૈ કિ નહીં? શેઠ! હમને તો સબ દેખા હૈ ન? હમ તો દુનિયાકા નાટક ક્યા હૈ, દેખતે હૈં કિ નહીં? સબ નાટક દેખા હૈ. સમજમેં આયા? એ લાળ પડેને લાળ (તો) આમ કરે, લઈ લે લાળ, ચૂસે. જેમ આ ચૂસણિયા ચૂસેને ? લકડીકા ચૂસણીયા. લકડીકા નહીં આતા? ચૂસણિયા. ઐસે અજ્ઞાની પુણ્ય-પાપકા વિકલ્પ ઝહર સમાન (હૈ ઉસે ચૂસે). વિષ્ટા તો સાધારણ બાત હૈ. ઝહરકા અનુભવ કરતે હૈં અને માનતે હૈં કિ હમેં મજા આતી હૈ. કહો, શેઠ! યહ તુમ્હારે પૈસામેં (સુખ) હૈ નહીં, ઐસે યહાં કહતે હૈં. માને છે ને? બુંદેલખંડના બાદશાહ, લોકો કહે છે. લોકો કહે, આ માને. જમીનનો કટકોય એના બાપનો નથી. એના બાપનો નહીં, એમનો નથી. બાપ પાસે ક્યાં હતા એટલા પૈસા. કહો, સમજમેં આયા? આહાહા! એ મણિભાઈ! તમારા બાપા પાસે આટલા પૈસા નહોતા, જેઠાભાઈ પાસે. ૩૦ રૂપિયાનો મહિનાનો પગાર હતો ૮૯ની સાલમાં. ખબર છે ને? (શ્રોતા : આ લાકડી આમ ફેરવી....) આ લાકડી તો હાથમાં પસીનો આવે માટે રાખી છે. આહાહા!

पर सुभावमैं.. જુઓ, એને સ્વભાવ કહ્યો. પુણ્ય-પાપકા વિકલ્પ જો રાગ હૈ, યે ભી પરસ્વભાવ હૈ. ઉસમેં મગન હૈ, तामैं राग विरोध.. આહાહા! એમાં રાગ અને વિરોધ એટલે દ્વેષ કરે. धरै परिग्रह धारना.. ભાષા તો જુઓ. જિસમેં દૃષ્ટિ, રૂચિ હૈ, ઉસકી ભાવના કરતે હૈં. રાગ ઔર દ્વેષ—યહ પરિગ્રહ પકડ લિયા હૈ, તો ઉસકી ભાવના કરતે હૈં, ઐસે કહતે હૈં. ભગવાન આત્માકી ખબર નહીં, તો ભગવાન આત્માકી ભાવના હૈ નહીં. સમજમેં આયા? શુભભાવ વિશેષ હો, અશુભભાવ હો—ઐસા પરિગ્રહ જો હૈ, યહ પરિગ્રહકી ધારણા ઔર ઉસકી ભાવના કરતે હૈં. આહાહા! વાત જરી (સૂક્ષ્મ છે). સર્વવિશુદ્ધ હૈ ન. યહ શુભભાવ વિશેષ હો, જ્યાદા કરું—યહ સબ રાગકી ભાવના અજ્ઞાનીકો આતી હૈ, ઐસે કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

धरै परिग्रह धारना.. પરિગ્રહકી ઈચ્છા કરતે હૈં. ક્યોંકિ ચીજ હૈ ઉસકી દૃષ્ટિકી તો ખબર નહીં, તો ઉસ ઓરકી ભાવના નામ એકાગ્રતા તો હૈ નહીં. તો રાગમેં એકાગ્રતા ઔર રાગ બઢે, ઐસી ભાવના હૈ ઉસકી. આહાહા! વધે કહતે હૈ ન? રાગકી વૃદ્ધિ હો, પુણ્યભાવકી વૃદ્ધિ હો, અતિ મંદ (રાગ) હો, એક-એક પુણ્ય વિશેષ હો. જો વિભાવ હૈ ઉસકે પરિગ્રહકી ભાવના હૈ અજ્ઞાનીકો. દેવીદાસજી! ઐસા હૈ ભગવાન સંસાર. આહાહા! 'સંસરણં ઈતિ સંસારઃ' ભગવાન ચિદાનંદ આનંદધામ, ઉસસે સંસરણ (અર્થાત્) હટ ગયા હૈ. મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષ વહ ઉસકા સંસાર હૈ. સમજમેં આયા?

धरै परिग्रह धारना.. આહાહા! બીજી રીતે વાત કરીએ તો, કરે રાગ-દ્વેષ ઔર ઉસને પકડ લિયા હૈ ન કિ યે મેરી ચીજ હૈ, તો ઉસકી ભાવના કરતા હૈ (કિ) કૈસે પુણ્ય બઢે, કૈસે પાપ બઢે, શુભાદિકી વૃદ્ધિ હો. સમજમેં આયા? યે શુભભાવ વ્યવહાર દયા, દાન, વ્રતકી વૃદ્ધિ કૈસે હો, યે ભાવના મિથ્યાદૃષ્ટિકી હૈ, ઐસે કહતે હૈં. આહાહા! સમજમેં આયા? करै न आतम शोध.. વિકલ્પકી ભાવના વહ પરિગ્રહકી ભાવના હૈ. આત્મા ક્યા હૈ, શુદ્ધ આનંદકંદ હૈ ઉસકી શોધ કરતા નહીં. ખજાનેકી ઓર ઉસકી નજર જાતી નહીં. આહાહા! અંતર્મુખ ભગવાન આત્મા બિરાજતા હૈ, ઉસ ઓરકી ખોજ નહીં અજ્ઞાનીકી. બાત તો દો ઔર દો ચાર જૈસી હૈ. બહોત શાસ્ત્ર કોઈ પઢનેં હો તો સમજમેં આયે નહીં. આ તો ટૂંકી ટચ સત્ય વાત છે. સમજમેં આયા?

करै न आतम शोध.. ભગવાન આત્મા ઉસકી શોધના નામ ભાવના નામ એકાગ્રતા કરતા નહીં. આહાહા! अज्ञानीको कुमति और ज्ञानीको सुमति उपजती है. કુમતિ ઔર સુમતિકા બનારસીદાસ વિશેષ સ્પષ્ટીકરણ કરતે હૈં, કુબજા અને રાધિકાનું દૃષ્ટાંત દઈને. કુમતિ કુબજા જૈસી હૈ ઔર સુમતિ રાધિકા જૈસી હૈ. શ્રીકૃષ્ણકો થી ન? કંસકી દાસી વહ

કુબ્જા. વો કાલી કુબડી થી. ઈસમેં આયેગા અંદર. ૭૩મેં હૈ.

कुबजा कारी कुबरी करै जगतमैं खेद।
अलख अराधै राधिका, जानै निज पर भेद॥

સમજમેં આયા? રાધિકા શ્રીકૃષ્ણકી સ્ત્રી—રાની થી. ઉસે છોડકર વહ કુબજા થી ઉસે પ્રેમ કિયા. ઐસે અનાદિકે ભગવાન આનંદસ્વરૂપકી પ્રીતિરૂપી પરિણતિ શુદ્ધકી પરિણતિ ન કરકે રાગકી પ્રીતિ કરતે હૈં, યહ કુબજા જૈસી બાત હૈ. સમજમેં આયા? વહ કહતે હૈં, દેખો.

અજ્ઞાનીને કુમતિ અને જ્ઞાનીને સુમતિ ઉપજે છે. (ચોપાઈ)

मूरखकै घट दुरमति भासी।
पंडित हियें सुमति परगासी॥
दुरमति कुबिजा करम कमावै।
सुमति राधिका राम रमावै॥७२॥

कुबिजा कारी कूबरी, करै जगतमें खेद।
अलख अराधै राधिका, जानै निज पर भेद॥७३॥

**અર્થ :—**મૂર્ખના હૃદયમાં કુમતિ ઉત્પન્ન થાય છે અને જ્ઞાનીઓના હૃદયમાં સુમતિનો પ્રકાશ રહે છે, દુર્બુદ્ધિ કુબ્જા[1] સમાન છે, નવ કર્મોનો બંધ કરે છે અને સુબુદ્ધિ રાધિકા છે, આત્મરામમાં રમણ કરાવે છે. ૭૨. કુબુદ્ધિ કાળી કૂબડી કુબ્જા સમાન છે, સંસારમાં સંતાપ ઉપજાવે છે અને સુબુદ્ધિ રાધિકા સમાન છે, નિજ-આત્માની ઉપાસના કરાવે છે તથા સ્વ-પરનો ભેદ જાણે છે.

**अर्थ :—**मूर्खके हृदयमें कुमति उपजती है और ज्ञानियोंके हृदयमें सुमतिका प्रकाश रहता है। दुर्बुद्धि कुब्जाके समान है, नवीन कर्मोंका बन्ध करती है, और सुबुद्धि राधिका है, आत्मराममें रमण कराती है॥७२॥ कुबुद्धि काली कूबड़ी कुब्जाके समान है, संसारमें संताप उपजाती है, और सुबुद्धि राधिकाके समान है, निज-आत्माकी उपासना कराती है तथा स्व-परका भेद जानती है॥७३॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

અપની પર્યાયમેં ઈસ પ્રકારકી બાત (હોતી હૈ.) યહ તો ઉપમા દી હૈ. मूरखके घट दुरमति भासी. અજ્ઞાની મૂર્ખકી દૃષ્ટિમેં જો પુણ્ય-પાપકી રૂચિ હૈ, વહ દુર્મતિ હૈ સબ.

આહાહા! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ઉસકી રૂચિ નહીં, ઉસકા પ્રેમ નહીં... સમજમેં આયા? હમણાં કો'ક કહેતું હતું, ભઈ, અમારે ફિલમમાં ...... આપણે તો ફિલમ બહુ જોઈ નથી. અભી તો સબ ફેરફાર હો ગયા. પહલે તો નાટકમેં ભી વૈરાગ્ય બતાતે થે. સમજમેં આયા? હમને નાટક બહોત દેખે હૈં ન, જબ દુકાન (ચલાતે થે.) નરસિંહ મહેતા. અનસૂયા એક સ્ત્રી થી, સતી થી. નર્મદાકી બહન. બડા નાટક થા. ....... એમાં તો વૈરાગ્ય બહુ. વૈરાગ્ય, અંદર સ્વરૂપકા ભાન બિનાકા વૈરાગ્ય થા. યે વૈરાગ્યકા ઈતના પ્રેમ દિખાતે થે. સમજમેં આયા?

મીરાંબાઈ ઔર રાણાકી શાદી હુઈ ન? કૌનસા ગાંવ? ચિત્તોડ ગયે થે ન હમ ચિત્તોડ? સબ દેખા હૈ, પૂરા ક્ષેત્ર દેખા હૈ. વહાં મીરાંબાઈ થી. મીરાંબાઈએ લગ્ન કર્યા રાણા સાથે. રાણા કહે, ચલ હમ તુમ્હેં રાની બનાયેંગે. અરે, રાણા!... નાટકમેં ઐસી બાત આતી હૈ. સમજમેં આયા? 'પરણી મારા પિયુજીની સાથ, બીજાના મીંઢોળ નહીં રે બાંધું.' મીંઢોળ સમજતે હૈં? લકડી બાંધતે હૈ ન શાદીમેં ? શાદી કરતે હૈં તબ લકડી બાંધતે હૈં ન યહાં? મીંઢોળ.. મીંઢોળ. લ્યો, તમારી ભાષા. વહ લકડી હૈ. યહ ભરુચમેં (નાટક) દેખા થા. ડાહ્યાભાઈનું હતું ભરૂચમાં. વાંકાનેરવાળા ડાહ્યાભાઈ... સાત દિનમાં ત્રણ રાત નાટક. એક-એક રાતમાં પંદરસોની પેદાશ. તે વખતે હોં ૬૪-૬૫ની સાલમાં. સંવત ૬૪-૬૫. વૈરાગ્ય થા ન. હમ તો સબ વૈરાગ્યકે નાટક દેખતે થે. વૈરાગ્યકી ધૂન ચઢ ગઈ થી. મીરાંબાઈ કહતી હૈ ઉસે, 'હે, રાણા! મુજે તો મેરે પરમેશ્વર—ઈશ્વરકે સાથમેં પ્રેમ લગા હૈ. દૂસરા પતિ હમ નહીં કરેંગે. બીજાના મીંઢોળ હવે નહીં બાંધીએ.' સમજમેં આયા? ઐસે યહાં કહતે હૈં કિ જિસકો આત્માકા અંદર પ્રેમ લગા હૈ, ઉસકો રાગકા પ્રેમ કભી હોતા નહીં. આહાહા! સમજમેં આયા?

मूरखके घट दुरमति भासी.. રાગનો પ્રેમ... આહાહા! શુભરાગ હો, વ્યવહાર રત્નત્રયકા રાગ હો, ઉસ ઓરકી રૂચિ ઔર પ્રેમ હૈ, વહ મૂરખ કે ઘટમેં दुरमति भासी.. એ અજ્ઞાનીને ઘટમેં दुरमति भासी છે. આહાહા! સમજમેં આયા? पंडित हियें सुमति परगासी.. ધર્મી જીવકી દૃષ્ટિમેં સુમતિ પ્રકાશ હુઆ હૈ કિ જો સુમતિ અપને સ્વભાવકે સાથ પ્રેમ કરતી હૈ. સમજમેં આયા? ઔર રાગકા પ્રેમ જિસને નાશ કર દિયા હૈ, ઉસે સુમતિ કહનેમેં આયી હૈ. શાસ્ત્રકા જ્ઞાન વિશેષ હો—ન હો, ઉસકે સાથ સંબંધ નહીં. સમજમેં આયા? मूरखके घट दुरमति भासी.. ભગવાન આત્માકે અનંત સ્વરૂપકા પ્રેમ છોડકર મૂરખ અજ્ઞાની રાગકે પ્રેમમેં લીન હો ગયા હૈ, રાગકે પ્રેમમેં એકાકાર હો ગયા હૈ. જડી દીધી છે, પોતાની પર્યાયને રાગમાં જડી દીધી છે. સમજમેં આયા?

पंडित हियें सुमति परगासी.. સમ્યગ્દર્શન હુઆ, વહ પંડિત હૈ. સમજમેં આયા? અપના ભગવાન આનંદસ્વરૂપ સચ્ચિદાનંદકા જહાં સ્વસંવેદન અનુભવ હુઆ, કહતે હૈં કિ સુમતિ.. જ્ઞાનીકે હૃદયમેં સુમતિ ભાસી. અપને આત્માકા પ્રેમ હુઆ (ઔર) સારી દુનિયાકા પ્રેમ જિસે ઊડ ગયા હૈ. સમજમેં આયા? 'ભરત' સમ્યક્દૃષ્ટિ થે. ૯૬ હજાર સ્ત્રી થી. ૯૬ હજાર. (શ્રોતા : બહોત પરદ્રવ્યકા પ્રેમ થા?) યહી કહતે હૈં કિ એક કણમાત્ર ભી પ્રેમ નહીં થા. આહાહા! વહ રાગ આતા થા તો કાલા નાગ જૈસા માલુમ પડતા થા. આહા! જૈસે રોગકો ઉપદ્રવ દેખે, ઐસે જ્ઞાનીકો રાગ આતા (હૈ ઉસે) ઉપદ્રવ દેખતે હૈં. આહાહા! પંડિતજી! ભોગ, રોગ. યે રોગ હી હૈ. યહ રાગ રોગ સમાન. ભોગ દૂસરી ચીજ હૈ. રાગ આયા ન? રોગ, કોઢ રોગ. ઐસે ધર્મીકો અપને આનંદ ઔર જ્ઞાયક સ્વભાવ પર પ્રેમ આયા, યે સુમતિ હૈ. રાગકા પ્રેમ અંતરમેંસે હટ ગયા હૈ. આહાહા! સમજમેં આયા?

दुरमति कुबिजा करम कमावै.. દુર્મતિ.. કુબજા જૈસી દુર્મતિ હૈ. ઉસમેં લિખા હૈ, દેખો. दुर्बुद्धि कुब्जा के समान है, नवीन कर्मोंका बंध करती है. આહાહા! કુમતિ– અજ્ઞાન. રાગકો હી અપના સ્વરૂપ માનકર પુણ્યભાવકે પ્રેમમેં પડા હૈ વ્યભિચારી આત્મા, આહાહા! વિભાવકે ભાવમેં એકાકાર (હોના) વહ વ્યભિચાર હૈ. સમજમેં આયા? વ્યભિચારમેં તો અકેલા કર્મકા બંધ હોતા હૈ. દર્શનમોહ આદિ કર્મકા બંધ હોતા હૈ. આહાહા! सुमति राधिका राम रमावै.. રાગકી પ્રીતિ છોડકર ભગવાન આત્મા આનંદસ્વરૂપકા પ્રેમ જિસે લગા, યે सुमति राधिका राम रमावै.. આતમરામ રમે સો આત્મા. નિજપદ રમે સો રામ કહીએ, રાગમાં રમે તે હરામ કહીએ. सुमति राधिका.., હૈ ન? કુમતિ તો દર્શનમોહ આદિકા બંધ કરાતી હૈ ઐસે કહતે હૈં, દેખો. અકેલી ચારિત્રમોહકી યહાં બાત હૈ નહીં. યહ બંધ હૈ હી નહીં. કુમતિ... આહાહા! શાસ્ત્ર પઢા, પર જિસે રાગકા રસ ઔર પ્રેમ લગા હૈ, (ઉસે) અકેલા કર્મબંધન હોતા હૈ. દર્શનમોહ આદિકા બંધન હોતા હૈ.

सुमति राधिका राम रमावै.. રાધિકાકે સમાન સુમતિ હૈ. નિજ આત્માકી ઉપાસના કરાતી હૈ, દેખો. સમ્યગ્જ્ઞાન ઔર સુબુદ્ધિ ઈસે કહે કિ અપને નિજપદમેં સેવા, ઉપાસના કરાતી હૈ ઉસકા નામ સુમતિ હૈ. સમજમેં આયા? जाने निजपर भेद. सुमति राधिका राम रमावै. આહાહા! સમ્યગ્જ્ઞાન એને કહીએ કે આત્મામાં રમતું માંડે, આતમ સાથે રમત. સમજમેં આયા? રાગની રમતું જેની છૂટી ગઈ છે. આહાહા! ઔર આત્માકે આનંદ પ્રતિ જિસકી રમણતા હૈ ઈસે સુમતિ રાધિકા કહનેમેં આતા હૈ. આહા! ભારે ઝીણું ભાઈ આ!

कुबिजा कारी कुबरी, करै जगतमें खेद.. કુબુદ્ધિ કાલી કુબડી કુબ્જાકે સમાન હૈ,

ઐસે કહતે હૈં. करै जगतमै खेद.. સંસારમાં સંતાપ ઉપજાવે. આહાહા! કુમતિ રાગકે પ્રેમવાલી બુદ્ધિ, વહ તો સંસારમેં આતાપ ને તાપ ઉપજાયે. સમજમેં આયા? સંસારની આકુળતા કુમતિ ઉપજાવે. અને સુમતિ.. अलख अराधै राधिका.. અલખ નામ વિકલ્પ ઔર બાહ્ય (ક્રિયા)સે લિખા (-જાના) ન જાયે ઐસી ચીજ ભગવાન આત્મા અલખ અરાધૈ. सुबुद्धि राधिकाके समान है, निज आत्माकी उपासना कराती है और स्व–परका भेद जानती है. (કુમતિ) કર્મ બાંધતી હૈ. जानै निजपर भेद.. સુમતિ ઉસે કહે કિ નિજ આનંદસ્વરૂપ હૈ ઐસા જાનતી હૈ ઔર રાગાદિ વિકલ્પ આદિ વિભાવ પર હૈ— ઐસા દો કા ભેદજ્ઞાન જાનતી હૈ. આહાહા! સમજમેં આયા?

ઈતના જાના હો તો સુમતિ ઔર ઈતના ન જાના તો કુમતિ—ઐસા લિયા નહીં. યહાં તો, રાગમેં જિસકી એકતા પડી હૈ વહ અજ્ઞાની કુબ્જા સમાન હૈ, ઉસકી કુમતિ હૈ. કર્મકો બાંધતા હૈ. सुमति राधिका राम रमावै.. આતમરામ... નિજપદ રમે સો રામ કહીએ. ભગવાન આત્મા ચૈતન્યશુદ્ધ ભગવાન ઉસમેં સમ્યગ્જ્ઞાન અંતરમેં રમણતા કરાવે, ઉસકા નામ સુમતિ હૈ. નિજ આત્માકી ઉપાસના કરે, એમ લખ્યુંને ? એ સેવા. કુમતિ, પરકી સેવા કર સકતા હૂં ઐસા સંસારકા આતાપ ઉપજાતા હૈ. કૌન કરે પરકી સેવા? શરીરમાત્રકી ક્રિયા જહાં આત્માસે બહાર હૈ, કરે કૌન કિસકી સેવા? અજ્ઞાની રાગકી સેવા કરે, જ્ઞાની આત્માકી સેવા કરે, બસ ઈતની બાત હૈ. સમજમેં આયા? આહાહા! जानै निज पर भेद.

હવે દુર્મતિ અને કુબ્જાની સમાનતા બતાવે છે. દુર્મતિ કહો કે કુબ્જા કહો, એની ઉપમા આપી છે. બનારસીદાસને બનાયા હૈ. પહલે બનારસીદાસ વ્યભિચારી થે. બહોત વ્યભિચારી થે. માતા-પિતાકો ભી અપેક્ષા થી કિ સુધરે. અરે! પીછે ઉન્હેં ભાન હુઆ, આતમજ્ઞાન હુઆ, તો જો વ્યભિચારી પુસ્તક થે વહ સબ ગોમતીમેં ડાલ દિયે. જૂઠે થે વહ. ........ સમજમેં આયા? કહતે હૈં કિ દુર્મતિ ઔર કુબ્જાકી સમાનતા બતાતે હૈં. આહાહા! પહલી જો કુમતિ થી ઉસકા ખ્યાલ હૈ ઉન્હેં. વ્યભિચાર બહોત થા. શરીરમેં રોગ હો જાય ઈતના વ્યભિચાર કરતે થે. સમજમેં આયા? પીછે આતમજ્ઞાન હુઆ (તો) સબ ડાલ દિયા ગોમતીમેં ઔર અપના સ્વરૂપકી આરાધના કી, લ્યો.

દુર્મતિ અને કુબ્જાની સમાનતા (સવૈયા એકત્રીસા)

**कुटिल कूरूप अंग लगी है पराये संग,**
**अपुनो प्रवांन करि आपुही बिकाई है।**
**गहै गति अंधकीसी सकति कबंधकीसी,**
**बंधकौ बढ़ाउ करै धंधहीमैं धाई है।।**

रांडकीसी रीत लियें मांडकीसी मतवारी,
सांड ज्यों सुछंद डोलै भांडकीसी जाई है।
घरको न जानै भेद करै पराधीन खेद,
यातैं दुरबुद्धि दासी कुबजा कहाई है।।૭૪।।

**શબ્દાર્થ :–**કુટિલ=કપટી. પરાયે=બીજાના. સંગ=સાથે કબંધ=એક રાક્ષસનું નામ. માંડ (મણ્ડ)=શરાબ. સુછંદ=સ્વતંત્ર. જાઈ=પેદા થઈ. યાતૈં=એથી.

**અર્થ :–**કુબુદ્ધિ માયાનો ઉદય રહેતાં થાય છે તેથી તે કુટિલા છે, અને કુબ્જા માયાચારિણી હતી, તેણે બીજાના પતિને વશ કરી રાખ્યો હતો. કુબુદ્ધિ જગતને અણગમતી લાગે છે તેથી કુરૂપા છે, કુબ્જા કાળી, કાંતિ–હીન જ હતી તેથી કુરૂપા હતી. કુબુદ્ધિ પરદ્રવ્યોને અપનાવે છે, કુબ્જા બીજાના પતિ સાથે સંબંધ રાખતી હતી તેથી બન્ને વ્યભિચારિણી થઈ. કુબુદ્ધિ પોતાની અશુદ્ધતાથી વિષયોને આધીન થાય છે તેથી વેચાઈ[1] ગયેલા જેવી છે, કુબ્જા પરવશ પડી હતી તેથી બીજાના હાથે વેચાઈ જ ગઈ હતી. દુર્બુદ્ધિને અથવા કુબ્જાને પોતાનું ભલુ–બુરું દેખાતું નથી તેથી બન્નેની દશા આંધળા જેવી થઈ. કુબુદ્ધિ પરપદાર્થોમાં અહંબુદ્ધિ કરવામાં સમર્થ છે, કુબ્જા પણ કૃષ્ણને કબજામાં રાખવા માટે સમર્થ હતી તેથી બન્ને કબંધ[2] સમાન બળવાન છે. બન્ને કર્મોનો બંધ વધારે છે. બન્નેની પ્રવૃત્તિ ઉપદ્રવ તરફ રહે છે. કુબુદ્ધિ પોતાના પતિ આત્મા તરફ નથી જોતી, કુબ્જા પણ પોતાના પતિ તરફ જોતી ન હતી, તેથી બન્નેની રાંડ જેવી રીત છે. બન્નેય શરાબી સમાન પાગલ થઈ રહી છે. દુર્બુદ્ધિમાં કોઈ ધાર્મિક નિયમ આદિનું બંધન નથી, કુબ્જા પણ પોતાના પતિ આદિની આજ્ઞામાં રહેતી નહોતી, તેથી બન્ને સાંઢ સમાન સ્વતંત્ર છે, બન્ને ભાંડની સંતતિ સમાન નિર્લજ્જ છે. દુર્બુદ્ધિ પોતાના આત્મક્ષેત્રરૂપ ઘરનો મર્મ જાણતી નથી, કુબ્જા પણ દુરાચારમાં રત રહેતી હતી. ઘરની દશા જોતી ન હતી. દુર્બુદ્ધિ કર્મને આધીન છે. કુબ્જા પરપતિને આધીન, તેથી બન્ને પરાધીનતાના ક્લેશમાં છે. આ રીતે દુર્બુદ્ધિને કુબ્જા [3]દાસીની ઉપમા આપી છે. ૭૪

**अर्थ :–**कुबुद्धि मायाके उदय रहते होती है इससे कुटिला है, और कुब्जा मायाचारिणी थी, उसने पराये पतिको वशमें कर रक्खा था। कुबुद्धि जगतको असुहावनी लगती है इससे कुरूपा है, कुब्जा काली कान्तिहीन ही थी इससे कुरूपा थी। कुबुद्धि परद्रव्योंको अपनाती है, कुब्जा परपतिसे सम्बन्ध रखती थी इससे दोनों व्यभिचारिणी हुई। कुबुद्धि अपनी अशुद्धतासे विषयोंके आधीन होती है इससे विकी हुईके समान है, कुब्जा परवशमें पड़ी हुई थी इससे दूसरेके हाथ बिकी हुई थी। दुर्बुद्धिको वा कुब्जाको अपनी भलाई-बुराई नहीं दिखती, इससे दोनोंकी दशा अंधेके समान हुई। कुबुद्धि परपदार्थोंसे अहंबुद्धि करनेमें समर्थ है, कुब्जा भी कृष्णको कब्जेमें रखनेके लिये समर्थ

थी, इससे दोनों कबंधके समान बलवान हैं। दोनों कर्मोंका बंध बढ़ाती हैं। दोनोंकी प्रवृत्ति उपद्रवकी ओर रहती है। कुबुद्धि अपने पति आत्माकी ओर नहीं देखती, कुब्जा भी अपने पतिकी ओर नहीं देखती थी, इससे दोनोंकी रांड सरीखी रीति है। दोनों ही शराबीके समान मतवाली हो रही हैं। दुर्बुद्धिमें कोई धार्मिक नियम आदिका बंधन नहीं, कुब्जा भी अपने पति आदिकी आज्ञामें नहीं रहती थी, इसलिये दोनों सांडके समान स्वतंत्र हैं। दोनों भांडकी संततिके समान निर्लज्ज हैं। दुर्बुद्धि अपने आत्मक्षेत्ररूप घरका मर्म नहीं जानती, कुब्जा भी दुराचारमें रत रहती थी, घरका हाल नहीं देखती थी दुर्बुद्धि कर्मके आधीन है, कुब्जा परपतिके आधीन, इससे दोनों पराधीनताके क्लेशमें हैं। इस प्रकार दुर्बुद्धिको कुब्जा दासीकी उपमा दी है।।७४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કવિ હૈં ન. રાજકવિ થે. બડે કવિ થે ન? કહતે હૈં, हिंदु धर्मके देवी भागवत आदि ग्रंथोकका कथन है कि कुब्जा कंसकी दासी थी. उसका शरीर कुरुप कांतिहीन था. राजा कृष्णचंद्र अपनी स्त्री राधिकासे अलग होकर उससे फँस गये थे, राधिकाके बहुत प्रयत्न करने सन्मार्ग पर आये. सो यहां पर दृष्टांतमात्र ग्रहण किया है. ઉસકા દૃષ્ટાંત માત્ર હૈ. कुटिल कुरुप.. કપટી. દુર્મતિ હૈ વહ કપટી હૈ, માયાવી હૈ ઔર કુરૂપ હૈ. ઉસકા રૂપ કુરૂપ હૈ. कुबुद्धि मायाका उदय रहते होती है इससे कुटिला है. માયાજાળ કપટ, ક્રોધ, માન, માયા, લોભ, વિકાર-વાસના ઉસમેં લિપટ ગયા હૈ. સમજમેં આયા? કુબ્જા માયાચારિણી થી. દેખાવ કાંઈ અંદર હોય, બહાર બોલે કંઈ. ઐસી દુર્મતિ કુબ્જા સમાન હૈ. યે દુર્મતિ માને કુછ, કહે કુછ, દુનિયાકો કુછ બતાયે, ઐસી કુબુદ્ધિ હૈ ઉસકી.

पराये संग.. कुटिल कुरुप अंग लगी है पराये संग.. એક-એક લીટીમેં ભી કવિત્વ હૈ. अपुनौ प्रवांन करि आपही बिकाई है। व्यभिचारीणी स्त्री अपने मुखसे अपने शरीरका मोल करती है. નીચે હૈ નોટ. अर्थात् अपना अमूल्य शील बेच देती है. અમૂલ્ય શીલ બ્રહ્મચર્ય... કુમતિ કુબ્જા જૈસી, અપને શીલકી કિંમત કરકે, કિંમત (ખુદ કરકે) અપના વ્યભિચાર સેવતી હૈ. સમજમેં આયા? अपना अमूल्य शील बेच देती है. यह बात ध्यानमें रखके कविने कहा कि अपुनौ प्रवांन करि आपुही बिकाई है. અપના શીલકા પ્રમાણ છોડ દિયા ઔર કિંમત(પૈસે)મેં બેચ દિયા બ્રહ્મચર્યકો. આહાહા! સમજમેં આયા ? યે દુર્બુદ્ધિકી ઉપમા હૈ.

अपुनौ प्रवांन करि आपुही बिकाई है. અપના બ્રહ્મચર્યકા પ્રમાણ છોડ દિયા ઔર અપના બ્રહ્મચર્ય કિંમત (લેકર) બેચ દિયા. છોડ દિયા (બ્રહ્મચર્ય). આહાહા! ઐસી કુમતિ અપને આનંદકે બ્રહ્મચર્યકી એકતા છોડકર રાગ જો વ્યભિચાર હૈ ઉસમેં કુમતિ લગી હૈ.

અપની કિંમત છોડ દી ઔર રાગમેં અપની કિંમત માન લી. આહાહા! રાગ કહો કે પુણ્ય કહો, મૂળ તો અહીં પુણ્યની વાત છે. પુણ્ય યે જડ હૈ, વિષ હૈ. રાગનો ખુલાસો કરે ત્યારે રાગ સમજમાં આવેને. રાગ ક્યા? દયા-દાન વ્રત-ભક્તિ-પૂજા એના ભાવ વો રાગ. રાગમેં પ્રેમ યે વ્યભિચાર હૈ. (શ્રોતા : નહીં કરે?) હોતા હૈ, (ફિર) ક્યા પ્રશ્ન હૈ? હો, ઉસમેં એકાગ્રતા નહીં, ઉસકા આદર નહીં.

વ્યભિચાર કહા થા ન? નિર્જરા અધિકારમેં આયા થા. નિર્જરા અધિકાર, ગાથા ૨૦૩. રાગ વ્યભિચાર હૈ, પુણ્ય વ્યભિચાર હૈ. બતાયા થા ૨૦૩ ગાથામેં. ૨૦૩. આહીં તો જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ (ભાવ) વ્યભિચાર છે. આહાહા! ૨૦૩ હૈ, દેખો. 'ખરેખર ભગવાન આત્મામાં... ઐસા પાઠ હૈ સંસ્કૃત. 'इह खलु भगवत्यात्मनि बहूनां द्रव्यभावानां मध्ये' 'ખરેખર આ ભગવાન આત્મામાં બહુ દ્રવ્ય-ભવિત પ્રત્યે—શરીરાદિ દ્રવ્ય ઔર વિકલ્પાદિ ભાવ, જે અતત્ સ્વભાવે અનુભવાતા..' પુણ્ય-પાપકા વિકલ્પ અતત્ સ્વભાવ હૈ, અનિયત અવસ્થા હૈ. ૨૦૩, નિર્જરા અધિકાર. ઉસકી ટીકા. અનિયત સ્વભાવવાલા હૈ, અનેક હૈં, પુણ્ય-પાપ ક્ષણિક હૈં ઔર વ્યભિચારી હૈ. 'અતત્ સ્વભાવે અનુભવાતા અનિયત અવસ્થાવાળા, અનેક, ક્ષણિક ઔર વ્યભિચારી (ભાવો છે).' આહાહા! પુણ્યકા ભાવ ભી વ્યભિચાર હૈ. અપના સ્વભાવકે સાથ પુણ્યકો લગાના યે બડા વ્યભિચાર મિથ્યાત્વકા હૈ. ગજબ બાત હૈ! લોગોંને સુની નહીં બાત.

ભાઈ! તું ભગવાન હૈ પ્રભુ! તેરેમેં વિકલ્પ નહીં શોભતે. યે વિકલ્પસે તેરી શોભા નહીં. વિકલ્પસે શોભા માનતા હૈ વહ વ્યભિચારી જીવ હૈ. આહાહા! પોપટભાઈ! બહુ કામ ભારે! પૈસા હોય ને છોકરાવ છ જણા—સાત જણા, આઠ જણા બધા બેઠા હોય ને વાતું ચાલતી હોય ને એમાં બે-પાંચ લાખની પેદાશ થાતી હોય. મીઠાશ! મીઠાશ! ઝેરની મીઠાશ છે. એ ભીખાભાઈ! બંગડીના વેપારમાં અહિંયા દુકાને બેસે. હીરાભાઈ કહે, ભાઈ! કાંઈ જરૂર નથી. પણ માળું અમથું ઘરે...... બે કલાક તો આવું જોવા. વખત જાય નહીં. મજા આવે બે ઘડી થોડી. આ ત્રીસ રૂપિયાનો પગાર હતો ને આની પાસે કેટલાં હજારોની પેદાશ બાર મહિને. કેટલા હજારો... ધૂળેય નહીં, સૂન ન!

યહાં તો કહતે હૈં, યે પરિણામકો વ્યભિચાર કહતે હૈં ભગવાન. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાકા પરિણામ ઉસે અપના માનના વહ વ્યભિચાર સેવન કરતા હૈ, ઐસા કહતે હૈં. .... હવે તો ક્યાં ગુપ્ત રહ્યું, અબ તો બહોત ચલા હૈ. હવે તો પ્રગટ થઈ ગયું. મણિભાઈ કહે, ગામે ગામ થઈ ગયું છે હવે તો. બાત ભી કરતે હૈં ઔર લોગ નિંદા ભી કરતે હૈં. દેખો, પુણ્યકો વિષ્ટા કહતે હૈં. અરે! વિષ્ટા ક્યા? ઝેર કહતે હૈં. માળા વિષ્ટા તો

ભૂંડેય ખાય. મરી જઈશ, પુણ્ય મારૂં માનીશ તો મરી જઈશ. સમ્યગ્દર્શનકા જીવનકા નાશ કર દિયા. સમજમેં આયા? અહીં તો રણે ચડ્યા રજપૂત છૂપે નહીં... વસ્તુ ઐસી હૈ. કે.. કે.. વાણિયા જેવું કરે, એ વાત છે આમાં?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા ધામ પ્રભુ! આહાહા! ઉસકા પ્રેમ નામ એકાગ્રતા છોડકર રાગકી એકાગ્રતા પ્રેમસે કરતે હૈં ઔર મજા માનતે હૈં, મિથ્યાત્વકા વ્યભિચાર સેવતે હૈં. અપને નિજ સ્વભાવકે સાથ વિભાવ દૂસરી ચીજ હૈ. દો કા એકત્વ માના મૈથુન હૈ, મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? એ હિંમતભાઈ! આવી વાત છે. ગુપ્ત-ગુપ્ત કાંઈ પડદા રાખ્યા નથી. માર્ગ ઐસા હૈ તીન કાલ તીન લોકમેં. આહાહા! ..... આ જવાના છે ને. પણ અહીં તો આ વાત છે. આ વાત આપણે કહી હતીને? 'યોગસારપ્રાભૃત' હૈ. પાંચમા અધ્યાયની ૧૯મી ગાથા છે. પાંચમા અધ્યાયની ઓગણીસમી ગાથા છે. આત્મા ભી અપની નિર્મલ પર્યાયકા દાતા નહીં. દિગંબર સંતોની વાતું સાંભળવી કઠણ છે. નાગા બાદશાહથી આઘા. નાગા હૈ ન? મુનિ નગ્ન બાદશાહથી આઘા. બાદશાહકી પરવાહ નહીં. માર્ગ યે હૈ. પાંચમા અધ્યાય હૈ. ૧૯ ગાથા હૈ, લ્યો.

ज्ञानदृष्टि—चरित्राणी　हियन्ते　नाक्षगौचरैः।
क्रियन्ते　न　च　गुर्वाद्यैः　सेव्यमानैरनारतम्॥१८॥

उत्पद्यन्ते　विनश्यन्ति　जीवस्य　परिणामिनः।
ततः　स्वयं　स　दाता　न　परतो　न　कदाचन॥१९॥

આહાહા! 'અમિતગતિ આચાર્ય' ઉનકા 'યોગસાર પ્રાભૃત' ગ્રંથ હૈ. વ્યાખ્યાન સબ હો ગયે હૈં. એક એક કડી વાંચીને. દેખો, 'જ્ઞાન-દર્શન-ચારિત્રકા ન તો ઇંદ્રિયોકે વિષયોંસે હરન હોતા હૈ, ન તો ગુરૂઓંકી નિરંતર સેવાસે ઉનકી ઉત્પત્તિ હોતી હૈ.' મૂળચંદભાઈ! સાધુ કહતે હૈં, હમારી સેવાસે તુમ્હેં જ્ઞાનકી ઉત્પત્તિ નહીં હોતી, એમ કહે છે. આહાહા! 'ઔર ઈસ જીવકે પરિણમનશીલ હોનેસે પ્રતિસમય ઉસકે ગુણોંકી પર્યાય પલટતી હૈ. મતિજ્ઞાન આદિકા ઉત્પત્તિ-વિનાશ હોતા રહતા હૈ. ઈસલિયે મતિજ્ઞાન આદિકા ઉત્પાદ-વિનાશ ન તો સ્વયં જીવ હી કર સકતા હૈ.' આહાહા! પરિણમન પર્યાય હૈ, ઈસમેં જીવદ્રવ્ય ધ્રુવ ક્યા કરે? આહાહા! પાંચમા અધ્યાય ૧૯ ગાથા.

સુબહમેં કહા થા. છાપામાં આ ગયા હૈ, આત્મધર્મમેં આ ગયા હૈ. બહોત વર્ષ પહલેસે યહ બાત (કહતે) હૈ. સમજમેં આયા? ક્યા વિષય હૈ, દેખો. 'स्वयं स दाता न परतो न कदाचन' આત્મા નિર્મલ પર્યાયકા દાતા નહીં. ઔર 'ન કદાચિત્ પરતઃ' પરસે

ઉત્પન્ન હોતા નહીં. આહાહા! સમજમેં આયા? યહ તો પૂરે સ્વતંત્ર સત્‌કા ઢંઢેરા હૈ. ઓગણીસ ને વીસ હોં. ગાથા ૧૯મેં હૈ. માનતે હૈં કિ ઇંદ્રિયોકે વિષયોંસે પર જાને (ઔર) ઉસમેં જ્ઞાન હુઆ ...... યહ ભ્રમ હૈ. ક્યોંકિ આત્મા પરિણામશીલ હૈ. ઇસલિયે ઉસકે ગુણોંકા સ્વયં પરિણમન હુઆ કરતા હૈ. સ્વયં પરિણમન પર્યાય હુઆ કરતી હૈ. કભી જ્ઞાન મતિજ્ઞાનરૂપ પરિણમિત હો જાતા હૈ, કભી શ્રુતજ્ઞાનરૂપ. ઐસા નહીં કિ ગુણ તો થે નહીં ઔર ઉત્પન્ન હો જાય. અપની ગુણકી પરિણતિ પર્યાય જો હૈ, યે પરિણતિ પરિણતિસે ઉત્પન્ન હોતી હૈ. ધર્મકી પરિણતિ પરસે નહીં, આત્માસે નહીં. સમજમેં આયા? સ્વયંનો દાતા. ગજબ બાત હૈ!

એક સમયકા ઉત્પાદ હૈ. ઉત્પાદકો ધ્રુવકા ઔર વ્યયકા ભી આશ્રય નહીં. વહ આતા હૈ 'પ્રવચનસાર'મેં ૧૦૧ ગાથા. ૧૦૧. ઉત્પાદકો ધ્રુવકા અવલંબન નહીં. અપનેસે અપના અવલંબન ઉત્પાદકો અપનેસે હૈ. આહાહા! શેઠી! ક્યા વાસ્તવિક તત્ત્વ હૈ ઉસકી ખબર નહીં ઔર ધર્મ હો જાય. કહાંસે ધર્મ હોતા હૈ, બાહરસે ધર્મ હોતા હૈ કોઈ? (શ્રોતા : હમેં તો ધર્મ કરના હૈ, સત્ય જાનનેકી ક્યા જરૂરત હૈ?) કરનેવાલા કૈસા હૈ ઔર કરતે હૈં વહ ક્યા હોતા હૈ? ઇસકી ખબર બિના કૈસે ધર્મ હોગા ? કરનેવાલા કૌન હૈ, પર્યાયમેં કૈસે હોતા હૈ ઉસકી ખબર નહીં ઔર ધર્મ હોતા હૈ ઉસસે ? લિખા હૈ ભાઈ! .......ગયે થે સોનગઢવ્યારા. કલ્યાણ કરનેવાલા આત્મા ઔર કલ્યાણ કરનેવાલા કૌન હૈ, ઉસકો જાને બિના કલ્યાણ હોતા હૈ ? જૂઠ હૈ. મંગળભાઈ છે? નહીં સોનગઢવ્યારા ? .... એ જેન્તીભાઈને ત્યાં. કલ્યાણ કરનેવાલા આત્મા ઉસે જાને નહીં (ઔર) કલ્યાણ હોગા, તીન કાલમેં નહીં હોતા.

યહાં કહતે હૈ, દેખો. अपुनौ प्रवांन करि आपुही बिकाई है.. આહાહા! શીલ છોડનેવાલે અપની કિંમત કરાતે હૈં કિ હમારી કિંમત તો ઇતની હૈ. વ્યભિચાર. આહાહા! ભગવાન અમૂલો ચૈતન્યરતન. અમૂલ્ય હીરા ઉસકી તો કિંમત નહીં ઔર વ્યભિચારકી કિંમત કરકે અપની કિંમત કર દેતે હૈં. આહાહા! પાગલ હૈ. રાગકી કણિકા... શુભરાગકે તીન ભેદ હૈં. ક્રિયારૂપ રાગ—દયા-દાન-વ્રત-પૂજા રૂપી રાગ, એક ભક્તિરૂપ રાગ ઔર એક ગુણ-ગુણીકા ભેદરૂપ રાગ. શુભ ઉપયોગકે તીન ભેદ હૈં. સમજમેં આયા? ભગવાનની ભક્તિરૂપ ભાવ વહ રાગ યા ક્રિયા દયા, દાન, વ્રત, પૂજા આદિ વહ રાગ, યા ગુણ-ગુણીકા ભેદ.... યહ ગુણી હૈ ઔર ઉસમેં ગુણ હૈ—ઐસા ગુણકા આધાર ગુણી હૈ. ઐસા ભેદ ભી શુભઉપયોગ રાગ હૈ. યે રાગ અપના હૈ ઔર અપનેકો લાભ કરેગા.... કહતે હૈં કિ પહલે શુભરાગ હોતા હૈ ન? આતા હૈ ન? પહલે સમ્યગ્દર્શન પાતે હૈં તો ઉસકે પૂર્વ ક્યા અશુભરાગ થા? શુભરાગ થા. શુભરાગ થા, પર શુભરાગસે ક્યા હુઆ હૈ? સમજમેં

આયા?

યે કહતે હૈં. 'મોક્ષમાર્ગ પ્રકાશક'મેં ભી લિયા હૈ. શુદ્ધ ઉપયોગ હોને પહલે શુભ તો હોતા હૈ. હોતા હૈ તો ક્યા હૈ, ઉસસે હોતા હૈ શુદ્ધ ઉપયોગ? ઉસસે હો તો અશુભસે શુભ હોતા હૈ, યે કહો. શુભભાવ હુએ પહલા અશુભ થા. શુભભાવ હુએ પહલે અશુભ થા, તો અશુભ કારણ ઔર શુભ કાર્ય ઉસકા. અશુભસે પુણ્ય હુઆ? જૈસે શુભકો છોડકર શુદ્ધ હુઆ, તો અશુભકો છોડકર શુભ હુઆ. તો અશુભકે કારણસે શુભ હુઆ હૈ? યે તો છોડનેસે હુઆ. સમજમેં આયા? યે બાત લી હૈ 'મોક્ષમાર્ગ પ્રકાશક'મેં. શુભભાવ થા ન આખિરમેં? હો તો ક્યા હૈ? ન્યાયયુક્ત કહતે હૈં. આહાહા!

અરે! કુમતિકો તો રાગકા રસ પડા હૈ, યે કહતે હૈં. સમજે? गहै गति अंधकीसी, દેખો. અંધેકી તરહ કુમતિ કામ કરતી હૈ, કહતે હૈં. હૈ ન? कुबुद्धि अपनी अशुद्धतासे विषयोंके आधीन होती है इससे बिकी हुई के समान है, कुब्जा परवशमें पडी हुई थी इससे दुसरेके हाथ बिकी हुई ही थी. दुर्बुद्धिको वा कुब्जाको अपनी भलाई–बुराई नहीं दिखती. गहै गति अंधकीसी, યે કહતે હૈં. ભાન ન મિલે સત્ય ક્યા, અસત્ય ક્યા? રાગમેં અંધ હો ગયા હૈ. આહાહા!

गहै गति अंधकीसी सकति कबंधकीसी. કબંધ આતા હૈ ન? રાક્ષસકી બાત આતી હૈ ન હિન્દુ ધર્મશાસ્ત્રમાં? રાક્ષસ. માથું કાપી નાખ્યું હતું. અકેલા દેહ રહા થા. મસ્તક બિનાકા દેહ. ઐસે કુમતિમેં, સ્વામી અનંત આનંદમય પતિ ઉસકી તો ખબર નહીં. મૈં પૂર્ણાનંદ નાથ યે મેરા જ્ઞાયક હૈ ઉસકી ખબર નહીં ઔર રાગકી ક્રિયામેં અપના ધર્મ માનતી હૈ. આહાહા! કુબુદ્ધિ હૈ. સમજમેં આયા? આયા ન ઉસમેં? ભલાઈ-બુરાઈ નહીં દિખતી, વહ આયા. गहै गति अंधकीसी, ઐસા આયા ન? આંધળાની પેઠે ભલાઈ-બુરાઈની વાત કુમતિને ખબર નથી. सकति कबंधकीसी.. दोनोंकी दशा अंधेके समान हुई. એ કુબ્જા ને આ કુમતિ. कुबुद्धि परपदार्थोंसे अहंबुद्धि करनेमें समर्थ है, कुब्जा भी कृष्णको कब्जेमें रखनेके लिये समर्थ थी. શક્તિ તો કબંધ જૈસી હૈ. માથા વિનાનો દેહ. યે કબંધ રાક્ષસકી બાત આતી હૈ. ઐસે અપના આત્મા આનંદકંદ નાથ.... અકેલી પરિણતિમેં કુબુદ્ધિ અપના ધર્મ વિકારમેં માનતી હૈ.

बंधकौ बढ़ाउ करै धंधहीमैं धाई है.. કુમતિ તો બંધકા હી બઢાવ કરતી હૈ. રાગ ઔર પુન્યકી પરિણતિ હમારી હૈ, ઉસસે હમેં લાભ હોગા, વહ બંધકો બઢાવ કરતી હૈ. મિથ્યાત્વ આદિકા બઢાવ કરતી હૈ. धंधहीमैं धाई है, લ્યો. दोनों कर्मोका बंध बढाती है. दोनोंकी प्रवृत्ति उपद्रवकी और रहती है. લ્યો. ધંધ-ઉપદ્રવ. રાગ-દ્વેષ ઉપદ્રવ હૈ. કુમતિકી

વૃત્તિ વહાં રૂક ગઈ હૈ. દોનોંકી રાંડકીસી રીતી હૈ. માથે ધણી નહીં. रांडकीसी रीत લિયે. રાંડને માથે ધણી ન હોય. એમ આ રાંડે રાંડ કુમતિ છે. માથે કોઈ ધણી નહીં કે આત્મા ક્યા ચીજ હૈ. સમજમેં આયા? कुबुद्धि अपने पति आत्माकी ओर नहीं देखती, कुब्जा भी अपने पतिकी ओर नहीं देखती थी. इससे दोनोंकी रांड सरीखी रीति है. બનારસીદાસ. दोनों ही शराबी के समान मतवाली हो रही है. વહ લિયા, मांडकीसी मतवारी. માંડ આયા ન, શરાબ. દારૂ-દારૂ. દારૂ પીયે. જૈસે નશા કરે ઔર પાગલ હો જાતા હૈ. ઐસે કુમતિ રાગમેં અપનેકો માનકર લાભ માનનેવાલી પાગલ હો ગઈ હૈ. દારૂ પિયા હૈ મિથ્યાત્વકા.

मांडकीसी मतवाली ये सांढ ज्यौं सुछंद डोलै. સાંઢ-સાંઢ. એ બળદ હોય ને સાંઢ સ્વચ્છંદ ડોલે. રતલામમેં એક સાંઢ થા. વ્યાખ્યાન ચલતા થા ન (તબ) સાંઢ આતા. રતલામમેં ગયે થે ન દો દિન. બહોત આદમી થે. મુખ્ય આદમીકા પ્રેમ બહોત થા. બહોત આદમી. પૂનમચંદ થા. સમજમેં આયા? બરાબર વ્યાખ્યાન ચાલે ને સાંઢ આવે અંદર અને બજારમાં ગાદી ઉપર બેસે. દુકાનમાં ચઢીને બેસી જાય. પછી ઊઠે. હમને દેખા. વ્યાખ્યાન ચલે તબ આયે અંદર. આમ લોકોમાં ખળભળાટ થઈ જાય. પણ મારે નહીં કોઈને. ખળભળાટ થઈ જાય. મોટો સાંઢ હતો. ઐસે કહતે હૈં, सांढ ज्यौं कुछंद डोलै. કુમતિ સાંઢની જેમ કુછંદે ડોલે છે.

भांडकीसी जाई है. ભાંડની પુત્રી છે. યે ભાંડ હોતા હૈ ન? બહુરૂપિયા. બહુરૂપિયા નહીં હોતા? બહુરૂપિયા. વેશ ગોરાકા કરે, મધ્યમકા કરે, રાંકકા કરે. ભાંડ-ભાંડની પુત્રી છે, કહે છે, કુમતિ. જુદા જુદા વેષ ધારણ કરે. ઘડીકમાં રાગ ને ઘડીકમાં દ્વેષ ને ઘડીકમાં વિષયવાસનાનો પ્રેમ. સમજમેં આયા? કુમતિ ભાંડ જૈસી હૈ, કહતે હૈં. ભાંડની દીકરી જેવી છે. घरको न जानै भेद. કુમતિ નિજ ઘરકે ભેદકો જાને નહીં. ક્યા ચીજ હૈ મેરે ઘરમેં (ઉસકી) કુમતિકો ખબર નહીં. घरको न जाने भेद करै पराधीन खेद. કુમતિ રાગ ઔર પુણ્યકે પરાધીન હોકર ખેદ કરતી હૈ. याते दुरबुद्धि दासी कुबजा कहाई है, લ્યો. માટે દુર્બુદ્ધિને કુબ્જાની ઉપમા દે છે. યે દુર્બુદ્ધિ સમજકર છોડના, ઈસલિયે કહતે હૈં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૩૬, શ્રાવણ વદ ૧૧, સોમવાર તા. ૧૬-૮-૧૯૭૧
## સર્વવિશુદ્ધિદ્વાર પદ ૭૫ થી ૮૧ ઉપર પ્રવચન

૭૫મું પદ છે. सुबुद्धिसे राधिकाकी तुलना. કુબુદ્ધિસે કુબ્જાકી તુલના, ઐસા કહા ન? સમ્યગ્જ્ઞાન સુબુદ્ધિ. યહાં જ્ઞાનકી પ્રધાનતાસે કથન હૈ. સુબદ્ધિસે રાધિકાકી તુલના. ૭૫. બસ, બસ, હવે ભાઈ આમ ધ્યાન રાખો. બહુ બોલ-બોલ ન કરાય. ૭૫.

સુબુદ્ધિ સાથે રાધિકાની તુલના (સવૈયા એકત્રીસા)

**रूपकी रसीली भ्रम कुलफकी कीली सील,**
**सुधाके समुद्र झीली सीली सुखदाई है।**
**प्राची ग्यानभानकी, अजाची है निदानकी,**
**सुराची निरवाची ठौर साची ठकुराई है॥**
**धामकी खबरदारि रामकी रमनहारि,**
**राधा रस-पंथनिकै ग्रंथनिमैं गाई है।**
**संतनकी मानी निरबानी नूरकी निसानी,**
**यातैं सदबुद्धि रानी राधिका कहाई है॥७५॥**

**શબ્દાર્થ :—**કુલફ=તાળું. કીલી=ચાવી. ઝીલી=સ્નાન કરેલી. સીલી=ભીંજાયેલી. પ્રાચી=પૂર્વદિશા. અજાચી=ન માગનારી. નિદાન=આગામી વિષયોની અભિલાષા. નિરવાચી (નિરવાચ્ય)=વચન અગોચર. ઠકુરાઇ=સ્વામીપણું. ધામ=ઘર. રમનહારિ=મોજ કરનારી. રસ–પંથનિકે ગ્રંથનિમૈં=રસ–માર્ગના શાસ્ત્રોમાં, નિરબાની=ગંભીર. નૂરકી નિસાની=સૌંદર્યનું ચિહ્ન

**અર્થ :—**સુબુદ્ધિ આત્મસ્વરૂપમાં સરસ છે, રાધિકા પણ રૂપવતી છે. સુબુદ્ધિ અજ્ઞાનનું તાળું ખોલવાની ચાવી છે, રાધિકા પણ પોતાના પતિને શુભ સંમતિ આપે છે. સુબુદ્ધિ અને રાધિકા બન્ને શીલરૂપી સુધાના સમુદ્રમાં સ્નાન કરેલી છે, બન્ને શાંતસ્વભાવવાળી સુખ આપનારી છે. જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય કરવામાં બન્ને પૂર્વ દિશા સમાન છે. સુબુદ્ધિ આગામી વિષયભોગોની વાંછા રહિત છે. રાધિકા પણ આગામી ભોગોની યાચના કરતી નથી. સુબુદ્ધિ આત્મસ્વરૂપમાં સારી રીતે રાચે છે, રાધિકા પણ પતિ–પ્રેમમાં લાગે છે. સુબુદ્ધિ અને રાધિકા રાણી બન્નેના સ્થાનનો મહિમા વચન–અગોચર અર્થાત્ મહાન છે, સુબુદ્ધિનું આત્મા ઉપર સાચું સ્વામિત્વ છે, રાધિકાની પણ પોતાના ઘર ઉપર માલિકી છે. સુબુદ્ધિ પોતાના ઘર અર્થાત્ આત્માની સાવધાની રાખે છે રાધિકા પણ ઘરની દેખરેખ રાખે છે. સુબુદ્ધિ પોતાના

આત્મરામમાં રમણ કરે છે, રાધિકા પોતાના પતિ કૃષ્ણની સાથે રમણ કરે છે, સુબુદ્ધિનો મહિમા અધ્યાત્મરસના ગ્રંથોમાં વખાણવામાં આવ્યો છે અને રાધિકાનો મહિમા શ્રૃંગારરસ આદિ ગ્રન્થોમાં કહેવામાં આવ્યો છે. સુબુદ્ધિ સાધુજનો દ્વારા આદરણીય છે, રાધિકા જ્ઞાનીઓ દ્વારા માન્ય છે. સુબુદ્ધિ અને રાધિકા બન્ને ક્ષોભરહિત અર્થાત્ ગંભીર છે. સુબુદ્ધિ શોભાસંપન્ન છે. રાધિકા પણ કાન્તિવાન છે. આ રીતે સુબુદ્ધિને રાધિકાની ઉપમા આપવામાં આવી છે. ૭૫.

**अर्थ** :–सुबुद्धि आत्मस्वरूपमें सरस है, राधिकी भी रूपवती है। सुबुद्धि अज्ञानका ताला खोलनेकी चाबी है, राधिका भी अपने पतिको शुभ सम्मति देती है। सुबुद्धि और राधिका दोनों शीलरूपी सुधाके समुद्रमें स्नान की हुई हैं, दोनों शांतस्वभावी सुखदायक हैं। ज्ञानरूपी सूर्यका उदय करनेमें दोनों पूर्व दिशाके समान हैं। सुबुद्धि आगामी विषय-भोगोंकी वांछासे रहित है, राधिका भी आगामी भोगोंकी याचना नहीं करती। सुबुद्धि आत्मस्वरूपमें भले प्रकार राचती है, राधिका भी पतिप्रेममें पगती है। सुबुद्धि और राधिका दोनोंके स्थानकी महिमा वचन-अगोचर अर्थात् महान है। सुबुद्धिका आत्मा पर सच्चा स्वामित्व है, राधिकाकी भी घर पर मालिकी है। सुबुद्धि अपने घर अर्थात् आत्माकी सावधानी रखती है, राधिका भी घरकी निगरानी रखती है। सुबुद्धि अपने आत्मराममें रमण करती है, राधिका अपने पति कृष्णके साथ रमण करती है। सुबुद्धिकी महिमा अध्यात्मरसके ग्रंथोंमें बखानी गई है, और राधिकाकी महिमा श्रृंगाररस आदिके ग्रंथोंमें कही गई है। सुबुद्धि साधुजनों द्वारा आदरणीय है, राधिका ज्ञानियों द्वारा माननीय है। सुबुद्धि और राधिका दोनों क्षोभरहित अर्थात् गंभीर हैं। सुबुद्धि शोभासे सम्पन्न है, राधिका भी कान्तिवान है। इस प्रकार सुबुद्धिको राधिका रानीकी उपमा दी गई है।।७५।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સુબુદ્ધિની ઉપમા રાધિકાને આપી. रूपकी रसीली.. પોતાના આત્મસ્વરૂપમાં સુબુદ્ધિ રસ રાખવાવાળી છે. દેખો. સમ્યગ્જ્ઞાન એને કહીએ કે પોતાના સ્વરૂપનો એને રસ હોય. રાગનો રસ સુબુદ્ધિને હોય નહીં. એને સુબુદ્ધિ કહીએ સાચી. સમ્યગ્જ્ઞાન–સુબુદ્ધિ, જેને રાધિકાની ઉપમા આપી છે. એ સુબુદ્ધિ રસીલી भ्रम कुलफकी.. તાળાં ખોલવાની ચાવી છે. છે ને ? કુલફ નામ તાળું. તાળું.. તાળું આ. એની कीली નામ ચાવી છે. આહા ! સમ્યગ્જ્ઞાન એ રાગની એકતાને તોડે છે. એ નિધાનને ખોલવાની કૂંચી છે. આહા ! સમજાય છે કાંઈ ? રાગ, વિકલ્પ અને સ્વભાવ ભિન્ન છે. આ વ્યવહાર મોક્ષમાર્ગનો બહુ વાંધો આવ્યો છે મોટો. તકરાર. જૈન સંસ્કૃતિ છાપું છપાણું છેને હમણાં. (શ્રોતા : આવ્યું છે મારા ઉપર). એ બધું આવ્યું છે આહીંનું. તમારા વિરુદ્ધનું એમાં લખ્યું છે. જૈન સંસ્કૃતિ છાપું છે ભાઈ!

(શ્રોતા : ભાઈ ઉપર આવ્યું છે) હાં. એમાં લખાણ જ આહીંનું છે. નિમિત્ત અને ઉપાદાન ને નિયત, ક્રમબદ્ધ ને... (શ્રોતા : એમાં એને મજા આવે.) ના, આ તો કહ્યું હતું ને... એના માટે બનાવ્યું હતું. એમ કે ખુલાસો આપવા.

મોક્ષમાર્ગ બે છે એમ. સાચા બેય માર્ગ છે એમ કહે છે. કહો. (શ્રોતા : એ તો મોટા પંડિત છે ને). હવે આ પોતે 'ટોડરમલજી' લખે છે કે મોક્ષમાર્ગ બે નથી, એનું કથન બે પ્રકારે છે. નિમિત્તનું સહચરપણું દેખીને એને વ્યવહારે મોક્ષમાર્ગ એમ આરોપ (કર્યો છે.) છે બંધમાર્ગ. (શ્રોતા : હવે ભગવાન બંધમાર્ગને કાંઈ મોક્ષમાર્ગ કહે ?) કહેને, ઉપચાર વ્યવહારથી કહે. ન કહે શું ? શેઠ ! આ મોટા પાયે તકરારી આવ્યું છે આ છાપું મોટું. જૈન સંસ્કૃતિ. (શ્રોતા : અજૈન સંસ્કૃતિ). હા. અરે ભગવાન! બે મોક્ષમાર્ગ ન માને તો એ અજ્ઞાની છે. આહીં તો કહે, બે મોક્ષમાર્ગ માને તો મિથ્યાદૃષ્ટિ છે. એમ લખે છે ભાઈ ટોડરમલજી. બે માર્ગ છે જ નહીં. પણ નિમિત્તને સહચર ઉપચાર દેખીને એને વ્યવહારે કહેવામાં આવે છે. (શ્રોતા : વ્યવહાર.....) આહાહા ! છે જ નહીં. અને બેય ઉપાદેય છે એમ માનો. સાચા બેય માર્ગ છે. કહો, હવે આમાં લખ્યું 'છઢાળા'માં. નિશ્ચય.. સત્યાર્થ તે નિશ્ચય. આવે છે કે કે નહીં ? સત્યાર્થ તે નિશ્ચય. સાચો તે નિશ્ચય.

તો એ કારણ માટે કહે કે પહેલો (વ્યવહાર) કારણ અને પછી આવે નિશ્ચય. એ તો આરોપથી કથન છે. કારણ-ફારણ કેવા ? એકડા ઊંધા ઉઠાવ્યા. બીજો પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય. એ જૂઠું છે. એક સાથે નિશ્ચય-વ્યવહાર (હોય). કહો, હવે આહીં તો કહે, ભાઈ ! જ્યારે નિશ્ચય અંતર ભાન થાય ત્યારે રાગ હોય તેને સાથેનો ગણીને વ્યવહાર કહેવામાં આવે છે. શ્વેતાંબરને અને (દિગંબર) શૈલીને તો મોટો ફેર છે. ૪૧૩ ગાથામાં છે 'સમયસાર'માં. વ્યવહાર કેવો આંધળાને ? નિશ્ચય વિના વ્યવહાર તો અનાદિરૂઢ ભાવ છે. એ તો અનાદિનો છે. અનાદિરૂઢ, વ્યવહારમૂઢ અને નિશ્ચય અનારૂઢ. ત્રણ શબ્દ છે. રાગની એકતાબુદ્ધિ (કે) એ મને મદદ કરશે, મૂઢ છે. (શ્રોતા : લખાણ એવું છે કે એના કોઈ વાંચનાર સમજી શકે નહીં.) હા. લાંબું લાંબું કરીને... એને લાંબાની ટેવ છેને ઓલાને. .....વાળાને. એ તો બહુ લાંબાની ટેવ. બહુ પાનાં ફેરવે ઘણા.

એક નિમિત્તનું છે. કાંઈ બધા શબ્દો છે તમારા વિજ્ઞાનના આ બધા. ફલાણુમાં આમ થાય ને ફલાણુમાં આમ થાય. (શ્રોતા : જ્ઞાન-જ્ઞેયમાંથી લીધા છે.) હા. લીધું છે ક્યાંકથી. ના, એણે તો લીધું છે. ... આ તો ઓલા નિમિત્તવાળાએ. આહા ! વર્ધમાન સરકાર ને કાંઈ છે ને. છેને નામ બધાં એવા. ફલાણું આ ને એ બધાં નામ આપ્યા છે. એ દૂર રહીને પણ ત્યાં પ્રેરે ને કાર્ય કરે. (શ્રોતા : એ ઓલી ડૉક્ટર....) એવું બધું અંદર....

એને તો આહીં નિમિત્તનો વાંધો ઉઠ્યો હતોને. એનું છે ઓલું. ઠીક પણ હવે એટલું વાત તો છંછેડે છે. વાત તો ચર્ચાશે (કે) આ શું કહે છે. એમાં વાંધો શું છે?

रुपकी रसीली.. સુબુદ્ધિ તો સ્વ સ્વરૂપની રુચિ કરે એ સુબુદ્ધિ. રાગની રુચિ કરે એ તો કુબુદ્ધિ છે. આહાહા ! રાગની રુચિ તો અનાદિ કાળની છે. એમાં નવીન શું? સમજમેં આયા? સમજાય છે? रसीली भ्रम कुलफकी कीली.. ભ્રમણારૂપી જે તાળાં એને ખોલવાની કૂંચી છે. આહાહા ! ભગવાન નિધાન અનંત આનંદનો રસ પ્રભુ અને રાગની એકતા—એને ખોલવાની કૂંચી સમ્યગ્જ્ઞાન છે. રાગ એ નહીં, હું તો ચૈતન્ય શુદ્ધ આનંદ છું. એવી સમ્યગ્જ્ઞાનની કળા રાગને તોડી અને ભિન્ન બતાવે છે. આહાહા ! અજ્ઞાનીના નિધાન ભ્રમણામાં બંધ છે—તાળાં (લાગ્યા છે) એને. રાગ ને નિમિત્તની રુચિવાળાને શુદ્ધ ઉપાદાનની રુચિ નથી. એથી એ તાળાં બંધ છે એના નિધાનના તાળાં. ખજાને પૂર્ણતા હોવા છતાં બંધ છે. આનાં ખૂલી ગયાં છે કહે છે. सुबुद्धि अज्ञानका ताला खोलनेकी चाबी है. દેખો. સમ્યગ્જ્ઞાન તો એને કહીએ કે જે રાગનોય સ્વામી ન થાય, નિમિત્તનો ધણી ન થાય. નિમિત્ત ને રાગથી શુદ્ધતા થાય એમ માને નહીં. આહાહા ! ભારે આકરું ! ખળભળાટ ખળભળાટ થઈ જાય.

सील सुधाके समुद्र, લો. કહે છે, सुबुद्धि और राधिका दोनों शीलरूपी सुधाके समुद्रमें स्नान की हुई है. સમ્યગ્જ્ઞાન સુબુદ્ધિએ શીલરૂપી સુધા અમૃત એમાં સ્નાન કર્યું છે, રાગને ધોઈ નાખ્યો છે જેણે. આહાહા ! સમજાય છે કાંઈ ? સમ્યગ્જ્ઞાનરૂપી બુદ્ધિ એણે સ્નાન કર્યું એટલે કે અજ્ઞાન અને રાગ-દ્વેષનો નાશ કર્યો છે. આહા ! दोनों शांतस्वभावी सुखदायक हैं. सीली सुखदाई.. સીલી એટલે શાંત સ્વભાવી. છે અંદર. સીલી = भीगी हुई, ભીગી એટલે શાંત. સમ્યગ્જ્ઞાન પોતાનો નિજ શાંત રસ સ્વભાવ એમાં એ ભિંગાયેલી છે, ભિંજાયેલી છે. અજ્ઞાન કુબુદ્ધિ એ રાગથી લપેટાયેલી છે. આહાહા ! ભારે માર્ગ આ તો. લોકોને નવો લાગ્યોને એટલે ભડકાભડક ભાગ્યા બધા.

એ વાંચવા જેવું છે જરી અંદર. તમારી ભાષા વાપરી લોકની નિમિત્તવાળાની. નિમિત્તમાં કાંઈ કર્યું.. એવી ભાષા છે કાંઈક. નિમિત્ત કારણકી વૈજ્ઞાનીક વ્યાખ્યા, એમ કરીને.... ભાઈસા'બ કાંઈ સમજે એવું નથી કોઈમાં કંઈ. પોટેશિયમ ક્લોરેટકો ગરમ કરનેસે ઓક્સિજન બનતી હૈ.. ને એવી ભાષા છે. એટલે કોણ (સમજે) ? એવા બધા ઘણાય શબ્દ છે. લ્યો. આહા ! એમ કે એક ચીજ બીજાને પ્રેરણા કરે છે, ઉત્તેજિત થાય છે. (શ્રોતા : ઓક્સિજન અને હાઈડ્રોજન ભેગું કરે તો પાણી થઈ જાયને.) પાણી થઈ જાય. વળી પાણી તો એની પર્યાયનાં કારણે થાય. એમાં એનું શું થાય છે ? આહાહા ! બહુ આમાં એવા શબ્દ વાપર્યા છે બધા વૈજ્ઞાનિક. (શ્રોતા : વૈજ્ઞાનિક છે ને). આહા ! હવે વૈજ્ઞાનિક

અજ્ઞાની છે.

આહીં તો सुबुद्धि सीली सुखदाई.. આહા! પોતાનો નિજ શાંતસ્વભાવ એમાં સુખદાન–સુખ દેવાની શક્તિ છે. એવી સમ્યક્ રૂપી સુબુદ્ધિ શાંત અને સુખની દાતા છે. આહાહા! કુબ્જા–અજ્ઞાન દુઃખની દાતા અને અશાંત છે. આહા! सुधाके समुद्र झीली, લ્યો. સ્નાન કી હુઈ, झीली શબ્દે.

प्राची ग्यानभानकी. સુબુદ્ધિ તો... ज्ञानरूपी सूर्यका उदय करनेमें दोनों पूर्व दिशाके समान हैं, લ્યો. प्राची ग्यानभानकी.. સમ્યક્ બુદ્ધિ એ સૂર્ય રૂપી જ્ઞાનભાનુ છે. સૂર્ય જ્ઞાનભાનુ એની પૂર્વ દિશા છે. પૂર્વ દિશામાં જેમ સૂર્ય ઉગે, એમ સમ્યગ્જ્ઞાન પૂર્વ દિશામાં સૂર્ય–જ્ઞાનભાનુ થાય એવી એ ચીજ છે. આહા! સમ્યગ્જ્ઞાન અંતર્મુખ થઈને સૂર્ય પેઠે સમ્યગ્જ્ઞાનની પ્રગટ કરનારી છે. આહા! ભારે વાત. જુઓ, આ બનારસીદાસના ભાવમાં આવી. વ્યવહારથી થાય એવું તો એમાં કંઈ કહ્યું નથી. (શ્રોતા : ન થાય એવું કીધું છે). આહા! ન થાય. થાય એવી વાત લીધી નથી. આહીંથી થાય. સમ્યગ્જ્ઞાન... પૂર્વમાં જેમ સૂર્ય ઉગે, એમ અંતર્મુખમાં દૃષ્ટિ કરતાં સમ્યગ્જ્ઞાન થાય. આહાહા! ભારે. अजाची है निदानकी.. સમ્યગ્જ્ઞાન માંગતી નથી કોઈ ચીજના ફળને (કે) રાગ ને પુણ્યનું ફળ હજો, સ્વર્ગ મળજો. એ अजाची છે—જાચવાન છે જ નહીં, માંગતી જ નથી. આહાહા! विषयभोगोंकी वांछासे रहित है. આત્માના આનંદની સમ્યગ્જ્ઞાનની બુદ્ધિ ત્યાં પડી છે. એને કોઈ વિષય ને ફળ–સ્વર્ગ આદિ અનુકૂળતા મળો, એ વાત હોતી નથી.

सुराची निरवाची, લ્યો. सुबुद्धि आत्मस्वरूपमें भले प्रकार राचती है. सुराची છે ને. સમ્યગ્જ્ઞાન સુબુદ્ધિ આત્મસ્વરૂપમેં ભલા પ્રકાર રાચતી હૈ. सुराची. અને એની મહિમા निरवाची. મહિમા વચનાતીત છે. સમ્યગ્જ્ઞાન એને કહીએ કે જે નિર્વચન–વચનાતીત એવા સ્વભાવને તે જણાવે છે. આહા! निरवाची ठौर साची ठकुराई.. સમ્યગ્જ્ઞાનનું સ્થાન સુખદાયી છે. સમ્યગ્જ્ઞાનનું સ્થાન ઠકુરાઈ–ઈશ્વરતા છે. પોતાના સ્વભાવને જાણનારી છે. सुबुद्धिका आत्मा पर सच्चा स्वामित्व है, દેખો. સમ્યગ્જ્ઞાનનું સ્વામિત્વપણું આત્મા ઉપર છે. અજ્ઞાનનું–કુબુદ્ધિનું સ્વામીપણું રાગ અને પુણ્ય ને ફળ ઉપર છે. આહાહા! ક્યોં પુસ્તક-બુસ્તક નહીં લાયે? નહીં મિલા. યહાં હૈ કિ નહીં? ... ચશ્મા તો છે. એ સુબુદ્ધિનું આત્મા પર સાચું સ્વામીપણું છે. આહા!

સ્વસ્વામી સંબંધ શક્તિ છેને આત્મામાં. સ્વ-સ્વામી સંબંધ શક્તિ. એ સુબુદ્ધિ આત્માનું સ્વામીપણું માને છે. રાગ અને પુણ્ય અને નિમિત્તનું સ્વામીપણું સુબુદ્ધિ જાણતી-માનતી નથી. આહા! એ તો કુબદ્ધિ માને છે. રાગનો સ્વામી, વ્યવહારનું સ્વામીપણું...

આહા! સમ્યગ્જ્ઞાન તો વ્યવહારથી મુક્ત છે. આહા! તો વ્યવહારનું સ્વામીપણું સમ્યગ્જ્ઞાની માનતો નથી. નિશ્ચય સ્વરૂપ આનંદમૂર્તિ એનું સ્વામીપણું માને છે, લ્યો. ભારે કામ. આનું તે ઘેર ઘેર નાટક કથા બખાની, એવું આવ્યું છે. હવે એ વાંચતા હતા ઘણું, પણ આને વાંચતા નથી. (શ્રોતા : એ તો વંચાય જ નહીં. પંડિતનું છે ને). પંડિતનું ક્યાં છે? સિદ્ધાંતનું છે આ તો.

धामकी खबरदारि.. સમ્યગ્જ્ઞાન એને કહીએ કે પોતાનો આત્મધામ એનો ખબરદાર છે. પોતાના સ્થાનને જાળવી રાખે છે. આહાહા! સમજાણું કાંઈ? सुबुद्धि अपने घर अर्थात् आत्माकी सावधानी रखती है. રાગ અને પુણ્યની સાવધાની રાખતી નથી. આહાહા! થોડામાં ઘણું ભરી દીધું છે. रामकी रमनहारि.. સુબુદ્ધિ તો આત્મારામમાં રમનારી છે. રાગમાં રમનારી સુબુદ્ધિ નથી. આહાહા! राधा रस–पंथनिके ग्रंथनिमैं गाई है.. રાધા રસમાં ઓલામાં ગાય છે, એમ સુમતિનું વખાણ અધ્યાત્મગ્રંથમાં ગાયું છે. સુમતિનું વખાણ અધ્યાત્મગ્રંથમાં ગાયું છે, લ્યો. संतनकी मानी.. એ સમ્યગ્જ્ઞાનરૂપી સુબુદ્ધિ સંતોએ માની છે. મુનિઓએ માની છે કે આ સમ્યગ્જ્ઞાન સુબુદ્ધિ નિજ સ્વભાવની સ્વામીપણું રાખનારી છે, એ સંતોએ માની છે. આહાહા!

निरवाची नूरकी निसानी.. રાધિકા.... એક ઉપમા લીધી. सुबुद्धिकी महिमा अध्यात्मरसके ग्रंथोंमें बखानी गई है और राधिकाकी महिमा श्रृंगाररस आदि ग्रंथोंमें की गई है। सुबुद्धि साधुजनों द्वारा आदरणीय है, राधिका ज्ञानियों द्वारा माननीय है। सुबुद्धि और राधिका दोनों क्षोभरहित अर्थात् गंभीर है. निरवाची–ગંભીર. નિરબાનીનો અર્થ કર્યો. निरबान–શાંત.. શાંત.. શાંત. निरबानी–વાણી રહિત થાય છે. વાણી થાય છે? નિરબાની આવો શબ્દ છે. નિરબાની છે, એમ. નિરબાન–શાંત, ગંભીર, ગંભીર. સમ્યગ્જ્ઞાનના કાળજાં ગંભીર છે. જેણે આખા ચૈતન્ય સ્વભાવને કબ્જે કરી લીધો છે. આહાહા! नूरकी निसानी.. એ તો સૌંદર્યનું ચિહ્ન છે. આત્માના આનંદના નૂરના પ્રકાશનું એ તેજ છે. આહાહા! यातै सद्‌बुद्धि रानी राधिका कहाई है.. એથી સદ્‌બુદ્ધિને રાધિકા કહેવામાં આવે છે. એ બધો અર્થ ભર્યો છે આમાં. હવે कुमति सुमतिका कृत्य. ૭૬.

કુમતિ અને સુમતિનું કાર્ય

(દોહરા)

वह कुबिजा वह राधिका, दोऊ गति मतिवानि।

वह अधिकारनि करमकी, यह विवेककी खानि॥७६॥

**अर्थ :**—દુર્બુદ્ધિ કુબ્જા છે, સુબુદ્ધિ રાધિકા છે, કુબુદ્ધિ સંસારમાં ભ્રમણ કરાવનારી

છે અને સુબુદ્ધિ વિવેકવાળી છે. દુર્બુદ્ધિ કર્મબંધને યોગ્ય છે અને સુબુદ્ધિ સ્વ-પર વિવેકની ખાણ છે. ૭૬.

**अर्थ :**–दुर्बुद्धि कुब्जा है, सुबुद्धि राधिका है, कुबुद्धि संसारमें भ्रमण करानेवाली है और सुबुद्धि विवेकवान है। दुर्बुद्धि कर्मबंधके योग्य है और सुबुद्धि स्व-पर विवेककी खानि है।।७६।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

દુર્બુદ્ધિ કુબ્જા અને સુબુદ્ધિ રાધિકા. કુબુદ્ધિ સંસારમેં ભ્રમણ કરાનેવાલી હૈ. આહાહા ! કુબ્જા એ अधिकारनि करमकी.. અજ્ઞાનભાવ–સ્વરૂપના ભાન વિનાનો ભાવ એ અજ્ઞાન–કુબ્જા સંસારમાં રખડનારી છે. કર્મ બાંધીને નિગોદ આદિમાં જાય એ કુમતિ છે. આહા ! કુબુદ્ધિ ભ્રમણ કરાવનારી છે. સુબુદ્ધિ વિવેકવાન છે. વિવેક છે. રાગ, શરીર, વાણી, મન મારું નહીં. હું તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ એનું નામ સમ્યગ્જ્ઞાન, એનું નામ સુબુદ્ધિ છે, બાકી બધી કુબુદ્ધિ છે. આહા ! સમજાય છે કાંઈ ? થોડા-થોડા શબ્દમાં ઘણું સમાવ્યું છે. અને એકદમ અંદર પરથી ભિન્ન એ વિવેકની ખાણ છે. સમ્યગ્જ્ઞાન તો, પરથી ભિન્ન (અને) પોતાનું નિજ સ્વરૂપ પોતાના સ્વભાવથી ભગવાન અભિન્ન છે એમ બતાવનારી સુબુદ્ધિ છે. આહા ! અને શાસ્ત્ર ભણીને પણ આ કુબુદ્ધિ કાઢે. આનાથી આમ થાય ને આનાથી આમ થાય ને આનાથી આમ.. अधिकारनि करमकी. એ કુબ્જા નામ અજ્ઞાન–કુમતિ એ કર્મની ખાણ છે. એમાંથી તો કર્મ ઉપજે ને ચાર ગતિમાં રખડે. અને સુબુદ્ધિ વિવેકની ખાણ છે. આહા ! द्रव्यकर्म भावकर्म और विवेकका निर्णय.

દ્રવ્યકર્મ, ભાવકર્મ અને વિવેકનો નિર્ણય

(દોહરા)

**दरबकरम पुग्गल दसा, भावकरम मति वक्र।**
**जो सुग्यानकौ परिनमन, सो विवेक गुरु चक्र।।७७।।**

**શબ્દાર્થ :**–દરબકર્મ(દ્રવ્યકર્મ)=જ્ઞાનાવરણીય આદિ. ભાવકર્મ=રાગ-દ્વેષ આદિ. મતિ વક્ર=આત્માનો વિભાવ. ગુરુ ચક્ર=મોટો સમૂહ.

**અર્થ :**–જ્ઞાનાવરણીય આદિ દ્રવ્યકર્મ પુદ્ગલની પર્યાયો છે, રાગ-દ્વેષ આદિ ભાવકર્મ આત્માના વિભાવ છે અને સ્વ-પર વિવેકની પરિણતિ જ્ઞાનનો મોટો સમૂહ છે. ૭૭.

**अर्थ :**–ज्ञानावरणीय आदि द्रव्यकर्म पुद्गलकी पर्यायें हैं, राग-द्वेष आदि भावकर्म आत्माके विभाव हैं, और स्व-पर विवेककी परिणति ज्ञानका बड़ा पुंज है।।७७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહા ! બડા પુંજ. દ્રવ્યકર્મ પુદ્ગલ, જ્ઞાનાવરણીય આઠ કર્મ એ તો પુદ્ગલની દશા છે. પુદ્ગલની પર્યાય છે, જડની અવસ્થા છે. राग-द्वेष आदि भावकर्म आत्माके विभाव है. પુણ્ય ને પાપ, આ વ્યવહાર રત્નત્રય પણ વિભાવ છે. આહા ! સમજાણું કાંઈ ? सुग्यानकौ परिनमन, सो विवेक.. બડા પુંજ.. જ્ઞાનનો પુંજ એને સમ્યગ્જ્ઞાન કહીએ. स्व-पर विवेककी परिणति ज्ञानका बड़ा पुंज है. શુદ્ધ ચૈતન્યઘન વિજ્ઞાનઘન આત્મા ઔર રાગસે પૃથક કરકે સુબુદ્ધિ અપને જ્ઞાનકી સ્વામીની અને જ્ઞાનકી પર્યાય પ્રગટ કરતી હૈ અને કુબ્જા—કુબુદ્ધિ રાગ અને વિકારકો ઉત્પન્ન કરતી હૈ. એને આહીં સુબુદ્ધિ કહીએ કે જે આત્મા અને રાગનો વિવેક કરે અને ભિન્ન પાડે. એને કહીએ, એમ. પછી ભણ્યો ભલે ઘણું ન હોય અને થોડું હોય, પણ રાગ અને વિકાર અને વ્યવહારથી ભિન્ન પોતાનો નિજ સ્વભાવ એનો જે વિવેક કરે એ સ્વ-પરના વિવેકની ખાણ છે. એને સુબુદ્ધિ અને સમ્યગ્જ્ઞાન કહીએ. कर्मके उदय पर चौपड़का दृष्टांत. ચોપાટ રમે છેને આ. ચોપાટ છેને પાસા. ક્યા કહતે હૈં ? હા ચૌપડ, હાં, વહ.

કર્મના ઉદય ઉપર ચોપાટનું દૃષ્ટાંત

(કવિત્ત)

**जैसें नर खिलार चौपरिकौ,**
**लाभ विचारि करै चितचाउ।**
**धरै संवारि सारि बुधिबलसौं,**
**पासा जो कुछ परै सु दाउ॥**
**तैसें जगत जीव स्वारथकौ,**
**करि उद्दिम चिंतवै उपाउ।**
**लिख्यौ ललाट होई सोई फल,**
**करम चक्रकौ यही सुभाउ॥७८॥**

**શબ્દાર્થ :—**ચિતચાઉ=ઉત્સાહ. સારિ=સોગઠી. ઉપાઉ(ઉપાય)=પ્રયત્ન. લિખ્યૌ લલાટ=કપાળે લખ્યું હોય તે—પ્રારબ્ધ.

**અર્થ :—**જેવી રીતે ચોપાટ રમનારો મનમાં જીતવાનો ઉત્સાહ રાખીને પોતાના બુદ્ધિના બળે સંભાળપૂર્વક બરાબર રીતે સોગઠી ગોઠવે છે, પણ દાવ તો પાસાને આધીન છે. તેવી જ રીતે જગતના જીવ પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે પ્રયત્ન વિચારે છે પણ જેવો કર્મનો ઉદય હોય તેવું જ થાય છે. કર્મપરિણતિની એવી જ રીત છે. ઉદયાવળીમાં આવેલું

કર્મ ફળ આપ્યા વિના અટકતું નથી. ૭૮.

**अर्थ** :–जिस प्रकार चौपड़का खेलनेवाला मनमें जीतनेका उत्साह रखके अपनी अकलके जोरसे सम्हालकर ठीक ठीक गोटें जमाता है, पर दाव तो पांसेके आधीन है। उसी प्रकार जगतके जीव अपने प्रयोजनकी सिद्धिके लिये सोचते हैं, पर जैसा कर्मका उदय है वैसा ही होता है, कर्म-परिणतिकी ऐसी ही रीति है। उदयावलीमें आया हुआ कर्म फल दिये बिना नहीं रुकता।।७८।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

શેઠ! (શ્રોતા : પાસા પડે સીધા). નાખે ભલે, પણ પાસા પડવા-ન પડવા, કેવા પડવા—એ કર્મને કારણે છે, એમ કહે છે. એ કંઈ એના અધિકારની વાત નથી. પાસા નાખવા જાય, પડી જાય ઊંધા. એમ जैसैं नर खिलार चौपरिकौ, लाभ विचारि करै चितचाउ.. ઉત્સાહ કરે, चौपड़का खेलनेवाला मनमें जीतनेका उत्साह रखके अपनी अकलके जोरसे सम्हाल कर ठीक ठीक गोटे जमाता है. પાસા આમ નાખે. पर दाव तो पाँसे के आधीन है, લ્યો. धरै संवारि सारि बुद्धिबलसौं, पासा जो कुछ परै सु दाउ, લ્યો. પણ એ તો દાવ... છેને અંદર લખ્યું છે, દાવ તો પાસેકે આધીન હૈ (કે) પાસા કેમ પડે.

કહે છે, तैसैं जगत जीव स्वारथकौ.. અપને પ્રયોજનકી સિદ્ધિ માટે કમાવાનો પ્રયત્ન કરે, ઝવેરાતનો, વકીલાતનો, આ તમારે શું કહેવાય ? બીડીનો ધંધો કરે. પ્રયત્ન કરે, પણ करि उद्दिम चिंतवै उपाउ—ઉપાય પણ ચિંતવે. આમ મળશે ને આમ મળશે ને આમ મળશે. પૈસા-લક્ષ્મી-આબરુ-કીર્તિ, અમારો જશ થાય જગતમાં. એમ પ્રયત્ન કરે કે અમારે જશ થાય જગતમાં, અમારી આબરુ થાય, અમને વખાણે લોકો. એવો પ્રયત્ન કરે. એ પોપટભાઈ ! પણ કહે છે કે લલાટમાં લખ્યું એમ થાશે. આરે, આરે ! (શ્રોતા : સવળા પડેને કો'કવાર) સવળા પડે શું ? સવળા કહેવા કોને ? આહીં તો, કર્મનો ઉદય છે એ પ્રમાણે થાશે, તારો પ્રયત્ન કામ આવશે નહીં.— બસ એ વાત સિદ્ધ કરવી છે. થાશે એમાં શું થઈ ગયું ? સવળું પડ્યું બહારમાં. સવળું કોને કહેવું ? આહીં તો કહે છે કે પ્રયત્ન અજ્ઞાની કરે છે, આમ કમાઉં ને આમ કમાઉં ને આમ થાઉં ને બે-પાંચ-દસ લાખ મળે એક એક મહિનામાં ને પ્રયત્ન એવો ચક્કર ચલાવે, છતાં लिख्यौ ललाट होई सोई फल, લ્યો. पर जैसा कर्मोंका उदय है वैसा ही होता है. આહાહા ! સમજાણું ?

कर्म परिणतिकी ऐसी ही रीति है. કર્મકા ઉદય આવે ઐસા ફળ મળે. પ્રયત્ને મળતા નથી. પ્રયત્નથી નથી મળ્યું આ બધું, એમ કહે છે. સાઈકલ લઈને બહાર ચારેકોર ફર્યા

માટે આ બીડીનાં ધંધા વધી ગયા ને પૈસા મળ્યા, એમ ના પાડે છે, જુઓ. ગમે એવો પ્રયત્ન કરે... ઉપાય કીધોને. करि उद्दिम चिंतवै उपाउ—ઉપાય ચિંતવે. આમ મળશે, પછી તો આમ થશે પછી આમ થશે. આહાહા ! આ દીકરા માટે મરી જાય છેને માણસ. વાંઝિયો હોય, ત્યાં દીકરો આમ થાય ને ફલાણાને આમ થાય. મરી જાય પ્રયત્ન (કરીને) પણ કર્મમાં લખ્યું હોય એમ થાશે. એ તારા ઉપાયથી થાય એવું છે નહીં. આહા ! કહો, આ વાત બરાબર હશે ? હુશિયાર થાય એને પ્રમાણે પૈસા મળે એમ ન હોય ? ચીમનભાઈ ગયા ? ઠીક. (શ્રોતા : સમ્યગ્દર્શન.....) સમ્યગ્દર્શન તો પુરુષાર્થથી થાય. એ તો અપના ધર્મ હૈ. એની ક્યાં વાત છે ? એ તો પછી આવશે. આ તો લોકો પ્રયત્ન કરવામાં ખામી રાખતા નથી. ખામી નથી રાખતો, પણ પૂર્વનાં કર્મ પ્રમાણે થાય.

(શ્રોતા : ઉદયમાં આવેલા કર્મનું ફળ ભોગવવું જ પડશે). એ વળી બીજી વાત. ભોગવવાની વાત નથી. આહીં તો મળે છે એ કીધું. (શ્રોતા : આમાં લખ્યું છે એટલે એ વાંચીને બોલે છે). એટલી વાત છે. ઉદયમાં કર્મ આવ્યું હોય, આવે વસ્તુ બહારની. પ્રતિકૂળતા આવે, અનુકૂળતા આવે, એ તો બધું કર્મને લઈને છે, કંઈ તારા પ્રયત્નને લઈને નથી. ડાહ્યો થયો માટે આ કર્યું એમ નહીં, એમ કહે છે. ક્યાં ગયા માણિકલાલ ? એમ કહે છે. ડાહ્યા થયા માટે નથી થયા. દવા-બવા સરખી કરવાનો પ્રયત્ન કર્યો માટે પૈસા થાય છે, એમ ના પાડે છે આહીં. (શ્રોતા : એ તો ના જ પાડેને. પણ અમને કેમ આપ.....) પણ એને ખબર નથી કે ઘણી બુદ્ધિવાળા હોય છે છતાં મળતું નથી અને આહીં સાધારણ બુદ્ધિવાળાને મળતું હોય પાંચ-પાંચ હજાર રૂપિયા મહીને, ફલાણું. એ તો કર્મને લઈને છે. તારા ઉપાય અને તારા પ્રયત્નને લઈને છે એમ નથી. આહાહા !

कर्म परिणतिकी ऐसी ही रीति है। उदयावलीमें आया हुआ कर्म फल दिये बिना नहीं रुकता. (શ્રોતા : અઘાતીકર્મ) અઘાતી. હા, એ બહારનો સંયોગ છે ને. બહારના સંયોગની વાત કરે છે. આહીં તો સંયોગની વાત છે. અંદર રાગ-દ્વેષ કરાવે એ પ્રશ્ન આહીં છે નહીં. આ તો સંયોગમાં લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આબરુ, જશ મળશે, આમ કરું તો મને લોકો વખાણશે. એવો પ્રયત્ન કરીને મરી જાય, તો પણ પૂર્વના કર્મના ઉદય પ્રમાણે થાશે. જશ મારા વખાણ કરશે (એમ માને), ત્યાં વળી કર્મનો ઉદય હોય તો નિંદા કરે એની. સમજાય છે કાંઈ ? કે આમ કરશો તો આમ પાંચ-પચ્ચીસ લાખ પેદા થશે, એને ઠેકાણે ખોટ જાય બધી. પૂર્વના કર્મના ઉદયે ભાગીદાર એવા મળે ખાઈ જનારા. ભાગીદાર સમજે ? (શ્રોતા : પાર્ટનર). હિસ્સેદાર. એવા મળે કે ખાઈ જાય.

ક્યાં ગયા વજુભાઈ છે કે નહીં ? બરવાળા. ભરોસો હતોને એનો અને રૂપિયા

સોંપ્યા. કેટલા એંસી હજાર કે કાંઈક હતું. હા, વજુભાઈ. ઓલો લઈ ગયો. ખલાસ થઈ ગયા. ભરોસો હતો, વિશ્વાસ હતો. પહેલાં કામ કેટલુંક લીધું. ખરું ટાણું આવ્યું ત્યારે રૂપિયા ન્યાં મૂકી આવું મુંબઈ, એમ કાંઈ કહ્યું હતું એમને. લઈ ગ્યો. ખલાસ છે હવે. એમ બધાને-ઘણાને થાય છેને આ. (શ્રોતા : એમ જ રોજ....) થાય છે, પણ માળો માને છે કે મારું ધ્યાન ન રહ્યું ને મારો ખ્યાલ ન રહ્યો એટલે આમ થઈ ગયું. (શ્રોતા : તારો ખ્યાલ તારામાં રહેશે). બહુ ખ્યાલ ન રાખ્યો માટે, બરાબર જો ખ્યાલ રાખ્યો હોત તો શેનો કોઈ લઈ જાય? (શ્રોતા : એ તો કોણ ખ્યાલ રાખે પણ....) એ તો એના કર્મની ઉદયની સ્થિતિ આવી, એવું સંયોગમાં થયા વિના રહે નહીં. આત્માનો પ્રયત્ન ત્યાં કોઈ કામ કરે નહીં. આહાહા! ભારે વાત ભાઈ! શાંતિભાઈ! કેમ હશે? પાલનપુર. ચીમનભાઈ. .....છે કે નહીં? હવે શું હશે આ? (શ્રોતા : આપ કહો છો એમ જ છે). એમ જ છે. આહાહા! હવે હુશિયારી હોય તો બહુ આ બધું થાય.

એમ જુઓને, लिख्यौ ललाट होई सोई फल.. લોકો આ પણ માનતા નથી કેટલાક. કહે કે નહીં, કર્મને માથે ન નાખો. ધર્મને માટે કર્મને માથે ન નાખવું. કહે છે કે કર્મમાં હશે તો ધર્મ થશે એ વાત જૂઠી છે. આહાહા! બહારનો સંયોગ આબરુનો, કીર્તિનો, દીકરા થવા, દીકરી થવી, સારા જમાઈ મળવા, ખોટા મળવા—એ બધું પૂર્વના કર્મને કારણે છે. બહુ ધ્યાન રાખ્યું માટે આમ મળ્યું ને આમ સારું ઘર મળી ગયું, એ વાતમાં માલ જરીય નથી. ભીખાભાઈ! કહો, એમ હશે? બરાબર હશે? હીરાભાઈ! ત્યાં બહુ ધ્યાન રાખ્યું માટે આ બંગડીના વેપારમાં પૈસા પેદા થયા એમ હશે? આહીં તો કહે છે, लिख्यौ ललाट.. બાંધેલું કર્મ જે અંદર છે એ પાકમાં આવ્યું, ફળ દીધે જ છૂટકો. તારા પ્રયત્ન ત્યાં કાંઈ કામ કરે નહીં. આહાહા!

પેલામાં આવે છેને. નહીં, આ શું કહેવાય? કોઢ. કોઢ થયો એના ધણીને. (શ્રોતા : સનતકુમાર) સનતકુમાર નહીં, આ બાઈ. (શ્રોતા : મૈનાસુંદરી) મૈનાકુમારી. હા. શ્રીપાલ-મૈના. મૈનાસુંદરીને કહ્યું એના બાપે, બેટા! ક્યાં દઉં તને? કહે, મારાં કર્મમાં હશે એવું થાશે. એમ કહ્યું મૈનાસુંદરીએ. ત્યારે હલકા ઘરે એક રાજનો કુંવર જેને કોઢ હતો એને આપી. તો એને કહે, 'મારા કર્મમાં આ સર્જાયું હશે. એમાં કાંઈ નહીં.' સમજાય છે? બીજી કન્યાને પૂછ્યું કે તને ક્યાં દેવી? 'પિતાજી! આપ ધ્યાન રાખીને આપો ત્યાં.' ઓલી કહે કે મારા કર્મમાં હશે એમ થાશે. પિતાજી! તમે કાંઈ કરી શકો એમ નથી પરમાણુમાત્રમાં. સમજાણું?

એક બાઈ કહેતી હતી. ઘિચડાની હતી એક બાઈ ઘિચડાની, નહીં? રામજીભાઈ

ક્યાં ગયા? એ ઘિચડાની નહોતી બાઈ એક ઓલી ? જાડા એક હતા. વિધવા નાની ઉંમરના. ગામ શું એના બાપનું? ધ્રો ધ્રો. ગામ. ધ્રોની હતી એક. ઓલી નાની ઉંમરમાં રાંડી. વ્યાખ્યાન વાંચતા હતાને એવા સમયે બહારના વરંડામાં. બહાર નહીં ભાઈ આ ભોજનશાળામાં બહારના. ત્યાં હું બેઠો હતો ને એ બહાર નીકળી. એમ બોલતી હતી. 'એ મા-બાપ જનમ આપે, પણ મા-બાપ કંઈ કર્મ આપે? મા-બાપે સારું ઘર ગોતીને દીધું. આપી મને. પણ એ તો જનમ આપ્યો. દીધી, પણ આ નાની ઉંમરમાં રાંડી. કાંઈ કર્મ આપે? હુશિયાર છોકરો ગોતે, આ ગોતે, પણ એ મરી જાય છ મહિને તો કરવું શું? (શ્રોતા : કુછ નહીં હોતા). કાંઈ ન હોતા. ધ્યાન રાખીને આપે. બરાબર નિરોગી શરીર, ભણ્યો-ગણ્યો હોય, આવો હોય અને ધારશે તો બાર મહિને સારી રીતે પેદાશ કરીને આજીવિકા ચલવશે એને આપણે દેવી. એથી તે શું થાય? એના કર્મ પ્રમાણે થાય. આહાહા !

છ મહિને મરી જાય ધણી. હાય હાય! અરે, તે દિ' વરતાં ત્યાં ને ત્યાં મરે. આહાહા ! હજી રખેવાળો કરતા હોય ને પગ હેઠે હોય, એમાં સર્પ આવે બેની વચ્ચે. બન્યું છે ને. બરાબર. રખેવાળો.... આ થાતો હશે અને હેઠે પગ હોય બેયના. હેઠે આ સર્પ આવ્યો નીચે, ડસ્યો. ન્યાં ને ન્યાં ધણી મરી ગયો. કર્મમાં માને એમાં તારા પ્રયત્નો શું કામ આવે બહારમાં? એમ કહે છે. એક ફૂદડી ફેરવવું પણ તારા અધિકારની વાત નથી, એમ કહે છે આહીં. આહાહા ! જ્યાં-ત્યાં અભિમાન કરે કે મેં આમ ધ્યાન રાખ્યા ને અમે આમ રાખ્યા ને.. (શ્રોતા : હવે પછી બહારના કામ કર્યા...) કોણ કરે છે બહારના? કરી શકે છે કોણ? (શ્રોતા : ધ્યાન રાખવું કે ન રાખવું?) શું ધ્યાન રાખે થાતા હશે? એ માટે તો વાત છે આ.

કુંવરજીભાઈ એમ માનતા હતા. ધ્યાન રાખ્યું માટે આ અમારે કુંવરજી જાદવજીની દુકાન થઈ. ધૂળેય થઈ નથી, કીધું. બે રૂ.નો મહિનો મોકલતો હતો ઓલા લેખમાં. એમાં બે લાખની પેદાશ દુકાનની બાર મહિને. પછી હવે તો વધી ગયું. એટલે મેં ધ્યાન રાખ્યું માટે. પાલેજમાં જો કોઈ બધાની દુકાન (ચાલતી નથી). કુંવરજી જાદવજી.... ધૂળેય નથી, મેં કીધું. અભિમાનમાં એમને એમ જીંદગી ગઈ. આહાહા ! ડાહ્યા થયે મળશે, એમ હશે કે નહીં મણિભાઈ? હવે તમારો છોકરો કરે છે. કોઈ કરતું નથી બાપા ! પ્રયત્ન કરે. આહીં કહે છે ને, करि उद्दिम चिंतवै उपाउ.. ઉદ્યમ કરીને ઉપાય ચિંતવે કે આમ દીકરાને પરણાવવા ને આમ દીકરીને કરવા ને આમ ધંધો કરાવવો ને. આપણે ગરીબ ગોતીને પાંચ લાખ દેવા જેથી પૈસાવાળો થાય. એય, મલૂકચંદભાઈ ! છે કે નહીં? એમાં કહે છે, કાંઈ

ન થાય એમ કહે છે. મલૂકચંદભાઈ કહેતા હતા કે ભાઈ ! સામાને ગૃહસ્થ બનાવવા આપણા અધિકારમાં છે. પાંચ લાખ દઈએ ગૃહસ્થ થાય. પણ રહેવા કે ન રહેવા એ તો પૂર્વના કર્મને લઈને (છે). મરી જાય એટલા પ્રયત્ન કરે તોય કાંઈ ન થાય. આહા ! આ બહુ જ.....

जगत जीव स्वारथकौ करि उद्दिम चिंतवै उपाउ.. આહાહા ! છે ને ? અપને પ્રયોજનકી સિદ્ધિકે લિયે... એમાં બધું આવી ગયું આ. પૈસા, આબરુ, કીર્તિ, દીકરી-દીકરા પરણાવવા, મકાન થવા, ધ્યાન રાખીને મકાન કરે. એ કરે એવું કંઈક થાય કે મરી પડે ફટ હેઠે. આહા ! કરોડનું મકાન હતું એક ન્યાં મુંબઈમાં. થયું હતુંને હમણાં ઘણાં વર્ષ પહેલાં. બરાબર બિચારા ખાવા (બેઠા હતા). ખાઈ-પીને સૂતા હતા. એમ આખું કરોડનું મકાન તૂટ્યું. સિમેન્ટમાં કાંઈ હવા-બવા લાગી ગઈ હશે. સિમેન્ટ-સિમેન્ટ. હા. તપાસ રાખેલી. એ લોકોએ કંઈક તપાસ કરેલી. ૨૦૦-૪૦૦ માણસ નીચે. (શ્રોતા : ૪૦૦) ૪૦૦ હતા. ખાઈ-પીને... એ મકાન ચણાતું હતું. મકાન ચણાતું હતું તે એક કરોડ રૂપિયાનું મકાન હતું. ૪૦૦ મજૂર કામ કરતા હતા. ખાઈ-પીને સૂતા'તા. એમાં પડ્યું.

(શ્રોતા : ભૂકંપ હુઆ). ક્યા ? ભૂકંપ નહીં. વહ મકાન ગિરા. એ સિમેન્ટ-સિમેન્ટની કચાશ. આ તો મકાન ચણાતું હતું. આહીં અમરેલીમાં જુઓને. (શ્રોતા : પક્કા પાયા નહીં જમાયા હોગા) નહીં જમાયા હોગા માટે એમ થયું. અને શેઠ તો પાકા પાયાનું (બનાવે). કારણકે મકાન એના છ લાખનું કર્યુંને આપવાનું. બીજા ઘણાંય મકાન ગામમાં કર્યા છે. ઓલી ઈંટુંનું નહીં બતાવવા લઈ ગ્યા હતા તમે ક્યાંક બહાર. ઈંટોનું કર્યું છે મકાન નહીં. ....માં લઈ ગયા હતા ક્યાંક સાથે. એવા ઘણાં મકાન ધ્યાન રાખીને કરે તે રહેતા હશે ? આહાહા ! એક ક્ષણમાં પડે ફટ દઈને. સિમેન્ટને લઈને આહીં અમરેલીમાં, જુઓને (શ્રોતા : પાલીતાણામાંય થયું) પાલીતાણામાંય.

આ માથે પડ્યું ને કેટલાં માણસ મરી ગયા એમ ને એમ. મરી ગયા. મંદિર ચણાતું હતું ને સિમેન્ટનું ઓલું... ઓહો ! આહીં અમરેલી. અચરતભાઈ, સોમપુરા બે હતા બિચારા. ખાતા હતા ને ખાઈને જ જરી આમ..... ત્યાં પડખું ઉપરથી બેય મરી ગયા. એનો ચણનારો અને ધણી. નોકર ઘણું કરીને. મરી ગયા નીચે ભૂકો. ઉપરથી પડ્યો મોટો પાટલો સિમેન્ટનો. કાઢતાં કાઢતાં કેટલો વખત લાગ્યો. આહાહા ! બહારની ચીજનું ફોતરું પણ ફેરવી શકે એ તારામાં તાકાત નથી. આ સર્વવિશુદ્ધિમાં કેમ નાંખ્યું ? કે પુરુષાર્થથી આત્માની શુદ્ધિ પ્રગટ થઈ શકે છે, પણ પુરુષાર્થથી સંસારની સગવડતા અને બહારની પ્રતિકૂળતા કે અનુકૂળતા છોડી શકાય, પ્રતિકૂળ-અનુકૂળ (કરી શકાય) એમ છે નહીં, એમ

કહે છે. કહો. પુરુષાર્થથી આત્મા અપના સ્વરૂપ–પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ(ને પામે) એમાં કર્મ-ફર્મની કોઈની અપેક્ષા છે નહીં.

उदयावलीमें आया हुआ कर्म फल दिये बिना नहीं रुकता. આહા ! પછી રોવે. આ હમણાં આવ્યો હતો ભાઈ એક. ઓલા અમદાવાદમાં નહોતા મરી ગયા ચાર જણા? પતિ-પત્નિ બે મરી ગયા. અને મકાન હતું શ્વેતાંબરનું. ત્યાં અમે ગયા'તા એના બે-ચાર દિ' પહેલા થયું. દેરાસરનું બધું મુહૂર્ત કર્યું. ખાતમુહૂર્ત કહેને શું કહે તમારે? (શ્રોતા : શિલાન્યાસ). શિલાન્યાસ. શિલાન્યાસનું બહુ ઊંડું. શીલાન્યાસ કર્યું. બધું આમ કર્યું. બધું કરતાં કરતાં અને જ્યાં ઉપર ચડવા જાય છે નિસરણી, ત્યાં ઉપરથી પડ્યો નીચે. આઠ જણા. હમણાં એનો ભાઈ આવ્યો હતો અમારી પાસે. 'મહારાજ, આમાં કંઈક હશે?' મને પૂછતો હતો. કેમકે એક સાધુએ એ આમ ન નાંખતાં આમ નાંખ્યું હતું, કહે, માટે આ પડ્યું હશે? કીધું. (વસ્તુ) વ્યવસ્થા. એનો ભાઈ કહે, હુંય દબાઈ ગયો હતો. બે ભાઈઓ દબાણા હતા, ત્રણ ભાઈઓ દબાણાં હતાં, અમારી ભાભી. અને બે જે ખાસ હતાં કરનારાં પતિ-પત્નિ ત્યાં ને ત્યાં મરી ગયા. મંદિરનું ખાતમુહૂર્ત કરતાં શિલાન્યાસ. ઊંડે જઈને ઘણી જમીન ઊંડી હતી.

હમણાં થયું ત્યાં અમે અમદાવાદ ગયા પહેલું થયું. ના, એમાં હતું કાંઈ. એ ભાઈ એનો આવ્યો હતો ત્રણ-ચાર દિ પહેલાં. મહારાજ! આ આનું કંઈ તમને જ્ઞાન હોય બધું હોં. કહે, મને કોઈએ કહ્યું'તું કે મહારાજને બધી ખબર હોય. કીધું, ભાઈ! અમને કાંઈ જ ખબર નથી. અમને તો આત્માની ખબર છે. એ કેમ આવડે ને કેમ નહીં એ મને કાંઈ ખબર નથી. કોઈ કહેતા હશે, મહારાજ બહુ હુશિયાર છે માટે જ્યોતિષનું જાણતા હશે. આપણને કાંઈ ખબર નથી, મેં કીધું. એમ બિચારો કહેતો હતો હોં એ વખતે. એક કો'કે કીધું. કો'ક કહેતો'તો. આપણા મહારાજને... એને એમ કીધેલું. (શ્રોતા : મહારાજ જ્યોતિષી જાણતા હશે). હા, કાંઈ જાણતા નથી બાપા! જ્યોતિષ-ફ્યોતિષ, મંત્ર-તંત્ર-જંત્ર કાંઈ (અમે) જાણતા નથી. નામ મોટું ને વળી અહીં આવનારા પૈસાવાળા થઈ જાય ઘણા. એટલે કાંઈક મંત્ર આપતા લાગે છે અંદર. આ તો ચૈતન્યનો મંત્ર છે આહીં તો (શ્રોતા : મહામંત્ર). આહાહા !

એ બિચારો ખાનગી આવી (વાત કરી). એની વહુ હતી, બધા હતા. ખાનગી એકલા આવી, 'મહારાજ! તમે તો જાણો છો બધું. આમાં શું થયું? આમાં કારણ શું છે?' વળી એક સાધુ કહે, આમ નાંખોને ચોખા... જે કંઈ આપેને આમ. એને ઠેકાણે છેટેથી આમ નાંખ્યા. એ વચલી જમીન પડી ગઈ, કહે. કીધું, બાપુ ! કાંઈ નથી ભાઈ ! એ તારા ચોખાને લઈને નહીં ને કોઈના ભ્રમને (લઈને નહીં). એ પ્રકારે ત્યાં બનવાનું જ હતું. પૂર્વના કર્મનો

ઉદય આવ્યો ને સંયોગ એ પ્રમાણે થયા વિના રહે જ નહીં. બિચારો આવ્યો હતો. હું યે દબાઈ ગયો હતો, પણ જીવતો રહી ગયો. ભાઈ મરી ગયા, એની વહુ મરી ગઈ ને બે સોમપુરા. આ ચણેને મકાન. પાલીતાણાવાળા સોમપુરા હોય છે ને. બેય અને ...મરી ગયા ચારેય. હમણાં થયું હતું બે-અઢી મહિના પહેલાં.

(શ્રોતા : દિવાલ ગિર ગઈ મહારાજ?) ના. આ તો દિવાલ નહીં. વહ પાયામેં કરે ન મુહૂર્ત? ત્યાં અંદર જાતે ઉપરસે ભેખડ ગિર ગઈ. એ હતી કાચી ને માણસની થઈ ભીડ ઉપર જોવા માટે. (શ્રોતા : ત્યારે બોજો આવ્યો હશે). બોજો આવ્યો અને કંઈ તડ-બડ પડી. અરે, એકદમ રાડ કકળાટ. આઠ માણસ દબાઈ ગયા. એમાં ચાર જીવતા રહી ગયા, ચાર મરી ગયા. હમણાં જ થયું છે અમદાવાદ અઢી મહિના પહેલાં. શ્વેતાંબર કોઈ હશે બિચારો પૈસાવાળો માણસ. તે આ મંદિર બનાવતો હશે. મંદિરનું મૂહુર્ત કર્યું, બધું કર્યું, પૂજા કરી. બહાર નીકળવાની તૈયારી નિસરણી ઉપર ચડવાની ને.... એમાં પ્રયત્ન કરે લાખ વાર... એ પાછો મને પૂછતા હતા. કહે, મહારાજ ! આ મંદિર હવે થાશે કે નહીં ? એ કાંઈ કોને (ખબર). એમાં મને તો કાંઈ ખબર નથી પડતી. આહીં તો આત્મા કેમ થાય ને મોક્ષ કેમ થાય, એ વાત છે આહીં તો. આ સિવાય અમારે કાંઈ ખબર નથી. એય, શેઠ ! એ બિચારો આવ્યો હતો. નામ મોટુંને એટલે બધા અંદર કંઈક મહારાજ જાણતા હશે બધુંય. જ્યોતીષ જાણે, મંત્ર જાણે, તંત્ર જાણે. મંત્ર-તંત્ર આત્માનો છે આહીં તો. આહાહા ! ભગવાન થાવું હોય તેની વાત છે આહીં તો. એ પુરુષાર્થથી થવાય, એ સિવાય થવાતું નથી. આહા ! અરેરે !

એ પછી આવ્યો ખાનગી. આટલું તો કહો કે આ મંદિર હવે થાશે કે નહીં ? એમ કે આ અપશુકન થયા છે ન્યાં. મેં કીધું, હું કંઈ જાણતો નથી. તમારા સાધુ-બાધુ.... (શ્રોતા : ફિર બના કે નહીં મંદિર મહારાજ?) હજી બનાવ્યું નથી. આ અપશુકન થઈ ગયુંને. (શ્રોતા : વે તો મર ગયે. લેકિન હવે થાશે કે નહીં, હોગા કે નહીં?) હા. એ પૂછ્યું. અબ હોગા કિ નહીં, કહે. મેં કીધું, હું કાંઈ જાણતો નથી. (શ્રોતા : ખુદ નીંવમેં બૈઠ ગયા તો ક્યોં નહીં હોગા) એ તો એમ કહે, અપશુકન થયા, ચાર માણસ મરી ગયાને એટલે હવે આ મકાન-મંદિર થાશે કે નહીં? એમ. અપશુકન થયુંને. આહા ! અરે, આહીં એક મકાન થયું. જુઓ હમણાં બે-ચાર લાખનું મંદિર. એક પ્રતિમા લાવ્યા. પ્રતિમા જ્યાં હેઠે ઉતારવા જાય છે, ખોળિયું બાંધેલું. હેઠે ઉતારવા જાય ત્યાં ડોકું કપાઈ ગયું પ્રતિમાનું. શ્વેતાંબર. આ પાંચ-સાત લાખનું એક મંદિર થયુંને રસ્તામાં. તળેટીની વચમાંથી. મોટા હાથી ને મોટા મોટા. કો'ક તો ૧૨ લાખ કહે છે, પણ છ-સાત લાખ કર્યું હશે તે.

પહેલાં એક પ્રતિમા લાવ્યા. ખટારામાં બાંધીને લાવેને આહીં. પણ આ ઉતારવાની તૈયારી ને દોરડા કાઢી નાંખ્યા. એમાં ખટારો આગળ ગયો. ખટારો હોયને. એટલામાં મૂર્તિ પડી ગઈ. યે તૂટ ગયા, ગરદન તૂટ ગઈ. એ તો ભઈ થવાનું હોય એ બને. કર્મનો ઉદય એવો હોય તો એ થાય જ તે. એને કોઈ રોકી શકે કે આમ મંત્ર ધ્યાન રાખીએ માટે રોકાય. મંત્ર આવડ્યા નહીં માટે આમ થયું, એ બધી વાતું છે. (શ્રોતા : મંત્ર આવડતા હોય તોય દીકરા મરી જાય). ઓલો હતોને તમારે ઓલો ઈંદોરવાળો એક પંડિત. કોણ ? મુન્નાલાલ. મુન્નાલાલ ને ? મુન્નાલાલ પંડિત નહોતો એક ? એને બહુ વહેમ હતો. અમારા મંદિરમાં એ આવ્યા હતા. બહુ વહેમ. લોકો કહે કે દીકરો મરી ગયો. એક દીકરો મરી ગયો. હળવે.. હળવે.. આહા ! એને આ ધર્મની શ્રદ્ધાની ખબરેય ન મળે. પુણ્યનીય શ્રદ્ધા ન મળે કે મારા પુણ્ય હશે એમ બહારમાં થાશે. આહા ! विवेकचक्रके स्वभाव पर शतरंजका दृष्टांत. શતરંજ છે ને. એ શતરંજના ખેલનેવાલા, લ્યો.

(કવિત્ત)

जैसे नर खिलार सतरंजकौ,
समुझै सब सतरंजकी घात।
चलै चाल निरखै दोऊ दल,
मौंहरा गिनै विचारै मात॥
तैसें साधु निपुन सिवपथमैं,
लच्छन लखै तजै उतपात।
साधै गुन चिंतवै अभयपद,
यह सुविवेक चक्रकी बात॥७९॥

**શબ્દાર્થ :–**ઘાત=દાવ-પેચ. નિરખૈ=જુએ. મૌંહરા=હાથી, ઘોડા વગેરે. માત=ટાલ બંધ કરવી–હરાવવું.

**અર્થ :–**જેવી રીતે શેતરંજનો ખેલાડી શેતરંજના સર્વ દાવ-પેચ સમજે છે અને બન્ને દળ ઉપર નજર રાખીને ચાલે છે, અથવા હાથી, ઘોડા, વજીર, પ્યાદા આદિની ચાલ ધ્યાનમાં રાખતો થકો જીતવાનો વિચાર કરે છે, તેવી જ રીતે મોક્ષમાર્ગમાં પ્રવીણ જ્ઞાની પુરુષ સ્વરૂપની ઓળખાણ કરે છે અને બાધક કારણોથી બચે છે. તે આત્મગુણોને નિર્મળ કરે છે અને જીત અર્થાત્ નિર્ભયપદનું ચિંતવન કરે છે. આ જ્ઞાનપરિણતિના હાલ છે. ૭૯

**अर्थ :–**जिस प्रकार शतरंजका खेलनेवाला शतरंजके दावपेंच समझता है, और दोनों

दल पर नजर रखता हुआ चलता है, वा हाथी, घोडा, वजीर, प्यादा आदिकी चाल ध्यानमें रखता हुआ जीतनेका विचार करता है, उसी प्रकार मोक्षमार्गमें प्रवीण ज्ञानी पुरुष स्वरूपकी परख करता है और बाधक कारणोंसे बचता है। वह आत्मगुणोंको निर्मल करता है और जीत अर्थात् निर्भयपदका चिंतवन करता है। यह ज्ञानपरिणतिका हाल है।।७९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जैसे नर खिलार सतरंजकौ, समुझै सब सतरंजकी घात.. ઘાત એટલે દાવપેચ. કેમ નાખું પાસા એને બરાબર જાણે. समुझै सब सतरंजकी घात। चलै चाल निरखै दोऊ दल.. બેય બાજુનું તપાસે (કે) મારું કેની કોર જાય હાથી ને ઘોડા, એના સામાવાળાના ક્યાં જાય? જાયને એમ..... બેય બાજુ તપાસ કરે. दोनों दल पर नजर रखता हुआ चलता है. हाथी, घोडा, वजीर. આવે છેને એમાં ? प्यादा आदिकी चाल ध्यानमें रखता हुआ जीतनेका विचार करता है. (શ્રોતા : આ તો શતરંજના બડા ખેલાડી છે). ખેલાડી છે. લખ્યું છે, ખેલાડી છે મોટો. ખેલાડી શું કરે ત્યાં? मौंहरा गिनै विचारै मात.. અને એ હાથી ઘોડા ક્યાં જાય એમ વિચારે. માત આમ નાશ કરવા માટે, સામાનો માત કરવા. માત છેને નીચે. ચાલ બંધ કરના-હરાના. માતવું એમ છે ને. માતવું એટલે હરાવવું. ધ્યાન રાખીને સામાને હરાવવું.

तैसैं साधु निपुन सिवपंथमैं.. આહાહા! અહીં એ જ સિદ્ધાંત છે. ધર્માત્મા નિપુણ શિવપંથમેં.. કેમ પાસા નાખવા એની બધી ખબર છે એને, કહે છે. અંદરમાં કેમ જાવું, પ્રવેશ કેમ કરવો, સ્થિર કેમ થાવું—એ સમ્યગ્જ્ઞાની સંતોને અંદરની ખબર (હોય છે) આહા ! तैसैं साधु निपुन सिवपंथमैं.. લ્યો, આહીં તો નિપુણ—વિચિક્ષણ છે જ્ઞાની. પોતાના મોક્ષનો માર્ગ, પુણ્ય-પાપના રાગથી ભિન્ન, સ્વભાવ તરફનો ઝુકાવ એમાં જ્ઞાની વિચક્ષણ અને નિપુણ છે. એમાં નિપુણ છે, કહે છે. બહારનું આવડે-ન આવડે એની સાથે સંબંધ નથી. આહાહા! હોય છેને પણ એવા બધા ઘણા હુશિયાર, એમ કહે. અમે બધા હુશિયાર છીએ માટે આમ થાય છે. અમને આવડે છે. તમને શું આવડે? એમ કહે. ઠીક ભઈ. કીધું નહોતું એક ફેરી કે તમે ભગતડાને શું આવડે આ? બધો માલ-માલ અમે નાખીએ બે પૈસાના પા શેર. પાસ આવેને રેલનો... પણ આવો માર્ગ ન હોય આ.

આ તો ૬૪-૬૫ની વાત હશે. અમે બે જણા છીએ તો પોણો-પોણો મણ જોઈએ દોઢ મણ. આ છ મણ છે અમારી પાસે ભાર. આ ક્યાં શી રીતે લઈ જશો તમે? કીધું. એક જણો કહે, ભઈ અમે પાસ લઈને આવશું. મૂકી જઈશું. પણ તમારે પાલેજ ઉતારવામાં વાંધો ક્યાં? કીધું, વાત સાચી, પણ આ ન્યાય કહેવાય ? અન્યાયનું આ કામ કરો તમે?

ભગતડાઓ ન જાણે, કીધું. અચ્છા. એવા અભિમાની. એ આણંદજીનો બનેવી હતો પાલેજમાં. કેમ કરવું, કેમ રળવું, કેમ પૈસા બચાવવા એ આપણને આવડે. કળા આવડે છે, કહે. આવડી. આવડી કળા. મરી જશો માળે, કીધું. ચોરી છે એ તો. મોટા ટીલો મૂકે આવડું. પૂજામાં.. ભગવાનની પૂજા કરવા મોટો ટીલો તાણે આવડો લાંબો. ધંધા આવા. મોટો ટીલો કરતો આમ લાંબો પીળો ચાંદલો. અમે ધર્મી પૂજા કરીએ એ બતાવવા. અને આમ માને કે અમે આમ કરીએ ને આમ દાવપેચ કરીને બધું બચાવીએ, એમ પેદા થાય. એમને એમ થાતા હશે કાંઈ ? ઠીક. એક જણો આવ્યો હતો. નહોતો આવ્યો ? મેં કીધું, ભાઈ! કાંઈ તમે (ધર્મ કરો?) અરે, અત્યારે પૈસા રળવાનો જમાનો છે. પૈસા રળીએ પછી વળી ધર્મ કરશું પાછળથી. આહાહા !

साधु निपुन सिवपंथमैं, लच्छन लखै तजै उतपात. આહા ! કહે છે, मोक्षमार्गमें प्रवीण ज्ञानी पुरुष स्वरूपकी परख करता है, લ્યો. સ્વરૂપની પરીક્ષા કરે. દુનિયાની દુનિયા પાસે રહે, એમ કહે છે. बाधक कारणोंसे बचता है. એમ છેને અહીંયા ? उतपात. तजै उतपात.. વિઘ્ન કરવાવાળા રાગ-દ્વેષ આદિ હોય... રાગ-દ્વેષ હોં. દૂસરા વિઘ્ન કોઈકા નહીં. એને તજે છે. साधै गुन चिंतवै अभयपद.. આહા ! ધર્મી તો અભયપદ—નિર્ભયપદ પોતાનું સ્વરૂપ એને સાધે છે. साधै गुन चिंतवै अभयपद, લ્યો. છેને નીચે. आत्मगुणोंको निर्मल करता है और जीत अर्थात् निर्भयपदका चिंतवन करता है. લ્યો.

यह सुविवेक चक्रकी बात है. આહાહા ! સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રના વિવેકની આ વાત છે. અંતરનો પુરુષાર્થ કરવાની (કળા) કેમ સૂઝે, એ જ્ઞાની જાણે છે. બહારના પુરુષાર્થની વાત એ જાણતો નથી. પુરુષાર્થથી આમ થાશે ને આમ થાશે. બહુ ધર્મી હોય એ બહુ રળી શકે, એમ નથી, એમ કહે છે. અને અજ્ઞાની હોય ને રળે. એ તો પૂર્વના પુણ્યને કારણે હશે. એ કાંઈ કર્મમાં માંડ્યું એમ આવ્યું. એ ધર્મની બુદ્ધિ હોય તો બધામાં એનું પ્રવીણપણું હોય. કાંઈ ન આવડતું હોય ધૂળેય તે, એક આત્મા સિવાય. સમ્યગ્જ્ઞાનમાં આત્મા સિવાય બીજું કાંઈ ન આવડતું હોય, લ્યો. તો પણ, કહે છે, सुविवेक चक्रकी बात है, લો. निर्भयपदका चिंतवन करता है यह ज्ञानपरिणतिका हाल है લો. આ જ્ઞાન પરિણતિના હાલ છે. આહા ! कुमति कुब्जा और सुमति राधिका के कृय.

કુમતિ કુબ્જા અને સુમતિ રાધિકાના કાર્ય

(દોહરા)

**सतरंज खेलै राधिका, कुबिजा खेलै सारि।**
**याकै निसिदिन जीतवौ, वाकै निसिदिन हारि॥८०॥**

जाके उर कुबिजा बसै, सोई अलख अजान।
जाके हिरदै राधिका, सौ बुध सम्यकवान॥८१॥

**શબ્દાર્થ :**–નિસિદિન=સદા. સારિ=ચોપાટ. અલખ=જે દેખાય નહિ તે–આત્મા.

**અર્થ :**–રાધિકા અર્થાત્ સુબુદ્ધિ શેતરંજ ખેલે છે તેથી તેની સદા જીત રહે છે અને કુબ્જા અર્થાત્ દુર્બુદ્ધિ ચોપાટ રમે છે તેથી તેની હંમેશા હાર રહે છે. ૮૦. જેના હૃદયમાં કુબ્જા અર્થાત્ કુબુદ્ધિનો વાસ છે, તે જીવ અજ્ઞાની છે, અને જેના હૃદયમાં રાધિકા અર્થાત્ સુબુદ્ધિ છે, તે જ્ઞાની સમ્યગ્દષ્ટિ છે. ૮૧

ભાવાર્થ :–અજ્ઞાની જીવ કર્મચક્ર ઉપર ચાલે છે; તેથી હારે છે–અર્થાત્ સંસારમાં ભટકે છે અને પંડિતો વિવેકપૂર્વક ચાલે છે તેથી વિજય પામે છે અર્થાત્ મુક્ત થાય છે.

**अर्थ :**–राधिका अर्थात् सुबुद्धि शतरंज खेतली है इससे उसकी सदा जीत रहती है, और कुब्जा अर्थात् दुर्बुद्धि चौपड़ खेलती है, इससे उसकी हमेशा हार रहती है॥८०॥ जिसके हृदयमें कुब्जा अर्थात् कुबुद्धिका वास है वह जीव अज्ञानी है, और जिसके हृदयमें राधिका अर्थात् सुबुद्धि है, वह ज्ञानी सम्यग्दृष्टि है॥८१॥

भावार्थ :–अज्ञानी जीव कर्मचक्रपर चलते हैं, इससे हारते हैं–अर्थात् संसारमें भटकते हैं और पंडित लोग विवेकपूर्वक चलते हैं, इससे विजय पाते अर्थात् मुक्त होते हैं।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

બેયના કૃત્ય વર્ણવે છે. सतरंग खेलै राधिका, कुबिजा खेलै सारि.. સારિ એટલે ચોપાટ. સારિનો અર્થ કર્યો છે ઓલી ચોપાટ. याकै निसदिन जीतवौ.. ધર્મીને તો સમ્યગ્જ્ઞાન જે આત્માને નિસદિન જીતવું.. જીતવું ને જીતવું. હારવું કાંઈ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? याकै निसदिन जीतवौ.. દરરોજ એને જીતવું છે. કોને? સમ્યગ્જ્ઞાનીને, એમ કહે છે. શતરંજ ખેલતી હૈ ને ઉસકી સદાય જીત રહતી હૈ, લો. ધર્મીને તો આત્માની રુચિ અને દૃષ્ટિનું પરિણમન છે, તેથી સમ્યગ્જ્ઞાનમાં સદાય જીતબાજી જ છે. હારવું ક્યાંય છે નહીં. આહા! પૈસા જાય, આબરુ જાય, કીર્તિ જાય, પણ એ હાર્યો નથી, એ તો જીતવામાં છે. બહારની સાથે શું સંબંધ છે? આહા!

वाकै निसिदिन हारी.. કુબ્જા ને કુમતિને તો નિસદિન હાર ને જીતાઈ જવું છે. આહાહા! હંમેશા હાર રહતી હૈ. દુર્બુદ્ધિ ચોપાટ ખેલતી હૈ. એને હંમેશા હાર રહે. આહા! બહુ ધ્યાન રાખવા જાય કે કોઈ મારી (વાત) કળી ન જાય. મારા વગર કોઈ કળી ન જાય.

મારી આ અંદરની વાત બહારમાં ન આવે, એમ બહુ ધ્યાન રાખે. છતાં એ જીવ તો હારમાં જ છે. હારમાં હારી ગયો, હારી ગયો. આત્માના સ્વરૂપનું ભાન નથી એને. जाके उर कुबिजा बसै, सोई अलख अजान.. જેના હૃદયમાં કુબ્જા એટલે અજ્ઞાન વસે, એ અલખનો અજાણ છે. ચૈતન્ય ભગવાન અલખ છે એનો એ અજાણ છે. અલખ એટલે ઈન્દ્રિય અને વિકલ્પથી જણાય નહીં એવો જે આત્મા, એનાથી અજાણ છે.

जाकै हिरदे राधिका. સુમતિ. सो बुध सम्यक्वान.. આહાહા ! જેના હૃદયમાં સુબુદ્ધિ હૈ વહ જ્ઞાની સમ્યક્દૃષ્ટિ હૈ. કુબુદ્ધિને હંમેશા હારવું અને સુબુદ્ધિને હમેશાં જીતવું. જીત જ છે એની, કહે છે. એમ કહે છે. 'જીત નગારાં વાગ્યાં'. આહાહા ! સ્વભાવ સન્મુખની જ્યાં દૃષ્ટિ પડી છે. પરિણમન સ્વભાવ સન્મુખ જ ગતિ કર્યા કરે છે. સદાય જીત જ છે, એના નગારાં જીતનાં વાગે છે. 'જીત નગારાં વાગ્યા', એ આવે છેને. આનંદઘનજીમાં આવે છે. 'વીરજીને ચરણે લાગું, તે જીત નગારું વાગ્યું રે.' એમ જ્ઞાનીને તો જીત નગારાં સદાય છે, કહે છે. સ્વભાવ તરફની રુચિનું જ્ઞાન, અનુભવનું જ્ઞાન એવા સુબુદ્ધિને સદાય જીત છે. એનું જ્ઞાન નથી અને જગતના જ્ઞાનમાં પડ્યા, પ્રપંચમાં પડ્યા છે, એ બધાંને નિસદિન હારવું છે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૩૭, શ્રાવણ વદ ૧૨ મંગળવાર, તા. ૧૭-૮-૧૯૭૧
## સર્વવિશુદ્ધિ દ્વાર ૫દ ૮૨ થી ૮૭ ઉપર પ્રવચન

આ સમયસાર નાટક ચાલે છે. સર્વવિશુદ્ધિ અધિકાર—દ્વાર કહે છે. ૩૦મો કળશ છે નીચે. એનું ૫દ છે ૮૨મું. અહીંયા ચારિત્ર અધિકાર ચાલે છે. સવારમાંય ચારિત્રનો પેટા ભેદ પ્રત્યાખ્યાન, આ ચારિત્રનો વૈભવ કેવો છે એની વાત ચાલે છે. ૩૦મો કળશ.

रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृशः
पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्तदात्वोदयात्।
दूरारुढचरित्रवैभवबलाच्चञ्चचिदर्चिर्मयीं
विन्दन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य संचेतनां॥३०॥

**સમયસાર કળશ અર્થ :—**''नित्यं स्वभावस्पृशः ज्ञानस्य सञ्चेतनां विन्दन्ति'' (नित्यं स्वभावस्पृशः) નિરંતર શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે જેમને એવા છે જે સમ્યગ્દષ્ટિ જીવો તે (ज्ञानस्य सञ्चेतनां) જ્ઞાનચેતનાને અર્થાત્ રાગ-દ્વેષ-મોહથી રહિત શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુને (विन्दन्ति) પામે છે—આસ્વાદે છે. કેવી છે જ્ઞાનચેતના? ''स्वरसाभिषिक्तभुवनां'' પોતાના આત્મિક રસથી જગતને જાણે કે સિંચન કરે છે. વળી કેવી છે? ''चञ्चचिदर्चिर्मयीं'' (चञ्चत्) સકળ જ્ઞેયને જાણવામાં સમર્થ એવો જે (चिदर्चिः) ચૈતન્યપ્રકાશ, તે છે (मयीं) સર્વસ્વ જેનું, એવી છે. આવી ચેતના ક્યા કારણથી છે તે કહે છે—''दूरारूढचरित्रवैभवबलात्'' (दूर) અતિ ગાઢ-દૃઢ (आरूढ) પ્રગટ થયેલો, (चरित्र) રાગદ્વેષ અશુદ્ધ પરિણતિથી રહિત જીવનો જે ચારિત્રગુણ, તેના (वैभव) પ્રતાપના (बलात्) સામર્થ્યથી. ભાવાર્થ આમ છે કે—શુદ્ધ ચારિત્ર તથા શુદ્ધ જ્ઞાનચેતનાને એકવસ્તુપણું છે. કેવા છે સમ્યગ્દષ્ટિ જીવ? ''रागद्वेषविभावमुक्तमहसः'' (रागद्वेष) જેટલી અશુદ્ધ પરિણતિ છે તે-રૂપ જે (विभाव) જીવનો વિકારભાવ, તેનાથી (मुक्त) રહિત થયું છે (महसः) શુદ્ધ જ્ઞાન જેમનું, એવા છે. વળી કેવા છે? ''पूर्वागामिसमस्तकर्मविकलाः'' (पूर्व) જેટલો અતીત કાળ, (आगामि) જેટલો અનાગત કાળ, તે-સંબંધી (समस्त) નાના પ્રકારના અસંખ્યાત લોકમાત્ર (कर्म) રાગાદિરૂપ અથવા સુખ-દુઃખરૂપ અશુદ્ધચેતના-વિકલ્પ, તેનાથી (विकलाः) સર્વથા રહિત છે. વળી કેવા છે? ''तदात्वोदयात् भिन्नाः'' (तदात्वोदयात्) વર્તમાન કાળમાં આવેલા ઉદયથી થયેલ છે જે શરીર, સુખ-દુઃખ, વિષયભોગસામગ્રી ઇત્યાદિ, તેનાથી (भिन्नाः) પરમ ઉદાસીન છે. ભાવાર્થ આમ છે કે—કોઈ સમ્યગ્દષ્ટિ જીવો ત્રિકાળસંબંધી કર્મની ઉદયસામગ્રીથી વિરક્ત થઈને શુદ્ધ ચેતનાને પામે છે—આસ્વાદે છે. ૩૦૭

એનું ૮૨મું ૫દ. जहाँ शुद्धज्ञान है वहाँ चारित्र है. શું કહે છે? આત્મા જ્ઞાનસ્વરૂપ

છે એવો અંતર અનુભવ થઈને પછી વિશેષપણે ધ્યાનમાં સ્વરૂપને વિષય કરીને સ્થિરતા કરે, એ જ્ઞાનની શુદ્ધતા છે. એ શુદ્ધ જ્ઞાન થયું. શુદ્ધજ્ઞાન (એટલે) જ્ઞાનની રમણતા ચૈતન્ય ભગવાન પોતાના જ્ઞાનમાં રમે, ઠરે એ શુદ્ધજ્ઞાન, ત્યાં ચારિત્ર હોય છે. ચારિત્ર કોઈ ક્રિયાકાંડમાં હોતું નથી. સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે પ્રજ્ઞાબ્રહ્મ, એમાં શુદ્ધજ્ઞાન એટલે જેવું જ્ઞાન છે તેવું અંતર્મુખ થઈને પરિણમન થવું, જ્ઞાનનું સમ્યક્દર્શનરૂપે પરિણમન થવું, જ્ઞાનનું જ્ઞાનરૂપે થવું ને જ્ઞાનનું ચારિત્રરૂપે થવું. એ શુદ્ધજ્ઞાન છે ત્યાં ચારિત્ર છે એમ કહે છે. જ્ઞાન ચૈતન્યસ્વરૂપ એની દૃષ્ટિમાં, અનુભવમાં પ્રથમ આવે કે આ આત્મા તો જ્ઞાન અને આનંદ જ છે. એના પછી જ્ઞાનની શુદ્ધતા વધે એટલે જ્ઞાનમાં–આત્મામાં એકાગ્ર થાય. ત્યારે શુદ્ધતા–પવિત્રતા શુદ્ધજ્ઞાનમાં થાય, એને આહીં ચારિત્ર અથવા મોક્ષનો માર્ગ કહે છે. આહા ! ૫૬.

જ્યાં શુદ્ધ જ્ઞાન છે ત્યાં ચારિત્ર છે.
(સવૈયા એકત્રીસા)

जहां सुद्ध ग्यानकी कला उदोत दीसै तहां,
सुद्धता प्रवांन सुद्ध चारितकौ अंस है।
ता कारन ग्यानी सब जानै ज्ञेय वस्तु मर्म,
वैराग विलास धर्म वाकौ सरवंस है॥
राग दोष मोहकी दसासौं भिन्न रहै यातैं,
सर्वथा त्रिकाल कर्म जालकौं विधुंस है।
निरुपाधि आतम समाधिमैं विराजै तातैं,
कहिए प्रगट पूरन परम हंस है॥८२॥

**શબ્દાર્થ** :—સરવંસ(સર્વસ્વ)=પૂર્ણ સંપત્તિ. જાનૈ જ્ઞેય વસ્તુ મર્મ=ત્યાગવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોને જાણે છે.

**અર્થ** :—જ્યાં શુદ્ધ જ્ઞાનની કળાનો પ્રકાશ દેખાય છે ત્યાં તે પ્રમાણે ચારિત્રનો અંશ રહે છે તેથી જ્ઞાની જીવ સર્વ હેય–ઉપાદેયને સમજે છે, તેમનું સર્વસ્વ વૈરાગ્યભાવ જ રહે છે, તેઓ રાગ–દ્વેષ–મોહથી ભિન્ન રહે છે, તેથી તેમના પહેલાના બાંધેલા કર્મ ખરે છે અને વર્તમાન તથા ભવિષ્યમાં કર્મબંધ થતો નથી. તેઓ શુદ્ધ આત્માની ભાવનામાં સ્થિર થાય છે, તેથી સાક્ષાત્ પૂર્ણ પરમાત્મા જ છે. ૮૨.

**अर्थ** :–जहाँ शुद्धज्ञानकी कलाका प्रकाश दिखता है, वहाँ उसके अनुसार चारित्रका

अंश रहता है, इससे ज्ञानी जीव सब हेय-उपादेयको समझते हैं। उनका सर्वस्व वैराग्यभाव ही रहता है, वे राग-द्वेष-मोहसे भिन्न रहते हैं, इससे उनके पहलेके बंधे हुए कर्म झड़ते हैं, और वर्तमान तथा भविष्यें कर्मबन्ध नहीं होता। वे शुद्ध आत्माकी भावनामें स्थिर होते हैं, इससे साक्षात् पूर्ण परमात्मा ही हैं।।८२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

जहाँ सुद्ध ग्यानकी कला उदोत दीसै तहाँ. એટલે શું? કે આત્મા જ્ઞાનસ્વભાવ સ્વરૂપ છે. એમાં એ જ્ઞાનની શક્તિરૂપે જે સર્વજ્ઞપદ છે, એની જ્ઞાનની કળા ઉદ્યોત દીસે. એ જ્ઞાન વ્યક્તપણે—પ્રગટપણે, શુદ્ધતાપણે પ્રકાશે. तहां सुद्धता प्रमाण.. જેટલી શુદ્ધતા, પુણ્ય-પાપના રાગરહિત શુદ્ધતા પ્રકાશે એના પ્રમાણમાં શુદ્ધ ચારિત્રનો એ અંશ છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો પ્રકાશ થાય એ તો અચારિત્ર છે. આજે આવ્યું છે લખાણ. ભઈ, આ પુણ્યને મળ કહે છે ને ઝેર કહે છે, એમ નથી. પુણ્યથી તો આત્માને સમકિત પમાય. એવો એક કો'ક ડોક્ટરનો લેખ છે, એને જૈનસંદેશમાં નાંખ્યો. જૈનસંદેશ એમાં છે. આહાહા! આહીં તો કહે છે એમ કે પુણ્યને છોડવાનું કહો, એનો અર્થ એમ થયો કે પાપ કરો. એમ થયો એનો અર્થ. ઓલો અર્થ કર્યો હતો. (શ્રોતા : ઊંધા અર્થ) ઊંધા.

આહીં તો પહેલા દૃષ્ટિમાં પુણ્યનો ભાવ છોડવા જેવો છે એમ નિર્ણય કર્યા વિના સ્વરૂપ તરફની દૃષ્ટિ અને રુચિ થશે નહીં. સ્વરૂપ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદનો ધામ પ્રભુ આત્મા તો છે. આહાહા! એના ભાન કરવા માટે પુણ્ય પરિણામની રુચિ છોડવી. દૃષ્ટિમાં એ હેય છે, છાંડવાયોગ્ય છે. અસ્થિરતા ઉત્પન્ન ન થાય એ બીજી ચીજ છે. એ તો સ્વરૂપમાં સ્થિરતાનો ઉપયોગ જામે ત્યારે અસ્થિરતા ઉત્પન્ન ન થાય. પણ અસ્થિરતા ઉત્પન્ન થાય એ હેય છે, આશ્રય કરવા લાયક નથી એમ જ્યાં સુધી (નિર્ણય) ન કરે ત્યાં સુધી તેની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપર નહીં જાય. આહાહા! આમ આ માટે વાત છે. માળા ખળભળાટ ખળભળાટ કરે છે. કોઈ ડોકટર છે એણે લખ્યું છે. હવે જૈન સંદેશવાળાએ નાંખ્યુંને, લ્યો. દરબારીલાલ કોઠિયા ને આ કૈલાસચંદજી બે થઈને. પણ પુણ્ય સ્વભાવ છે એ રાગ છે. એ કહે છે ને, ग्यानकी कला उदोत दीसै.. એમ કહ્યું, દેખોને. કે રાગનો ભાવ ઉદય દિસે એમાં સમ્યક્દર્શન થાય? આહા.

ભગવાન ચૈતન્યની ખાણ છે આત્મા. અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા તો છે. આહા ! એવા અતીન્દ્રિય આનંદને ધ્યાનમાં વિષય બનાવીને... ધ્યાનમાં વિષય બનાવીને. એનો અર્થ કર્યો છે ઓલામાં. ઘણીવાર આવ્યું છે. આ અર્થમાં એમ કર્યું છે સંસ્કૃત ટીકામાં.

ધ્યાનમાં વિષય કુરૂ. અંતર્ધ્યાનમાં ધ્રુવને વિષય કર ત્રિકાળી ભગવાનને, તો સમ્યક્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો ઉદ્યોત થશે. આહાહા!

सुद्ध ग्यानकी कला उदोत दीसै तहाँ.. ભગવાન આત્મા ચૈતન્યનો કંદ ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. એને જે અંતરમાં ધ્યાન (કરતા) અને વિષય બનાવતાં શક્તિમાંથી જ્ઞાન શુદ્ધ પ્રગટ થાય, એના પ્રમાણમાં શુદ્ધતા પ્રમાણ શુદ્ધચારિત્રનો અંશ છે. એના પ્રમાણમાં એ શુદ્ધચારિત્ર કહેવામાં આવે છે. ચારિત્ર કોઈ દેહની ક્રિયા કે પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે, આ દયા પાળો, એ તો બધો વિકલ્પ અને આસ્રવ છે. આહાહા! શું થાય? જગતને આમ આત્મા.. આત્મા.. એ તો આમ જાણે ચીજ જ નહીં. એ પુણ્યથી પ્રાપ્ત થાશે. (શ્રોતા : પણ શું થાશે?) પુણ્યથી શુભભાવમાં એમ કે મોહનીય રસ મંદ પડે. મોહનો રસ ઓછો થાય, સ્થિતિ ઓછી થાય ને સમકિત પામે. પહેલા અનંતવાર એવા પુણ્યના પરિણામ તો નવમી ગ્રૈવેયકે ગયો તો શુક્લલેશ્યાના ઘણાં અનંતવાર કર્યા. આહા ! પરસન્મુખની રુચિ પડી છે એ સ્વસન્મુખ થાય શી રીતે? આહા ! અરેરે ! ભાઈ ! તને તારા આંગણામાં આવીને અંતરમાં જાવું એ તને ખબર નથી. સમજાય છે કાંઈ?

(શુભ) હેય કહેતા, એ તો થઈ રહ્યું, ત્યારે એને અશુભભાવનો જ આદર કરવાનો રહ્યો, એમ કહે. એવો અર્થ કર્યો છે. અરે ભગવાન! એ શુભ પહેલો... વાત એ છે કે શુભ ને અશુભ જે રાગ છે એ વિકાર છે, વિભાવ છે, માટે તેની દૃષ્ટિ અને રુચિ છોડવા જેવી છે. એમ જ્યાં સુધી નિર્ણય નહીં કરે ત્યાં સુધી દશાની દિશા પલટશે નહીં. આહાહા! શું થાય? લૂંટાણો છે ને. (શ્રોતા : લૂંટાણો.. લૂંટાણો. હોંશે લૂંટાણો છે.) હોંશે લૂંટાણો છે. અને લૂંટાવનારા કહે એને હોંશે કહે, હા, વાત તમારી બરાબર લાગે છે. અને આ તો એકલો આત્મા.. આત્મા.. આત્મા.. આત્મા.. પન્નાલાલજી ! વ્યવહાર પરંપરા મુક્તિકા કારણ હૈ. પન્નાલાલ શેઠ નહોતા કહેતા સવારમાં? આવે છે હોં એ. શાસ્ત્રમાં આવે છે. પણ એ કઈ નયનું વાક્ય છે? એ તો વ્યવહારનયનું વાક્ય છે. આહાહા!

આહીં તો ભગવાન 'અમૃતચંદ્ર આચાર્યે' મૂળ શ્લોકમાંથી ટીકા બનાવીને એમાંથી આ કળશ બનાવ્યો છે. એનો આ 'બનારસીદાસે', એ કળશનો જે આ છે ને 'રાજમલ ટીકા' એમાંથી આ 'સમયસાર નાટક' બનાવ્યું છે. 'રાજમલટીકા' છેને આ. 'કળશટીકા'. કહે છે કે सुद्ध ज्ञानकी कला.. રાગકી કળા એમ નથી કહ્યું. આહાહા! આત્મા ત્રિકાળી જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મ આત્મા, એને વિષય બનાવતા, રાગનો વિષય દૃષ્ટિમાંથી છૂટી જાય છે. સમજાય છે કાંઈ? ત્યારે આનો વિષય થાય ત્યારે એને સમ્યગ્દર્શન થાય. આહાહા! શું થાય પણ હવે એ ? એ રીતે વાદવિવાદે ચડ્યાંને અને પુણ્યની મિઠાશ (છૂટતી

નથી). આહા !

કહે છે, जहाँ सुद्ध ज्ञानकी कला.. ભાષા દેખોને. ચૈતન્યમૂર્તિ પ્રભુ એમાં અંતર એકાગ્ર થતા, જ્ઞાનની કળા નામ જ્ઞાનની દશા નામ જ્ઞાનની પવિત્રતા પ્રગટ થાય उदोत दीसै.. આહા ! જ્ઞાનની શુદ્ધતા જ્યાં પ્રગટ થઈને દેખાય, तहाँ सुद्धता प्रवांन.. એ વીતરાગી પર્યાય પ્રગટ થાય દ્રવ્યને અવલંબે—આશ્રયે. સ્પર્શ કહ્યું છેને ત્યાં. સ્વભાવસ્પર્શ. આ પહેલી લીટી. એનો અર્થ કે જેટલો ચૈતન્ય ભગવાન શુદ્ધ એનો સ્પર્શ કરે એટલે વેદે, એને વેદન કરે, એ શુદ્ધ આનંદનો આસ્વાદ કરે. આરે, આરે, ભારે! શેઠ ! આવો માર્ગ છે આ. જ્યાં ત્યાં ચારિત્રવંત છે ને આ છે ને તે છે ને. બાપા! ચારિત્ર્યવંત તો, ગજબ! પરમેશ્વર છે એ તો. આહાહા ! પંચપરમેષ્ઠીમાં જેનો પ્રવેશ છે. એ ચારિત્ર આવું હોય છે કહે છે. પહેલો તો ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એનો અંતર્મુખ થઈને અનુભવ થાય. દૃષ્ટિમાં એ આવે કે આ આત્મા પવિત્ર ત્રિકાળ છે. એવું ભાન થાય તેને પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા ! પછી જેટલા પ્રમાણમાં એ જ્ઞાનસ્વભાવ શુદ્ધતાનું પૂર્ણ રૂપ એ શક્તિમાંથી અંતર એકાગ્રતા થતાં શુદ્ધતાનો પ્રકાશ થાય, પવિત્ર જ્ઞાન પ્રગટ થાય, એના પ્રમાણમાં તેને ચારિત્ર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ ? चारितकौ अंस है.

ता कारन ग्यानी सब जानै ज्ञेय वस्तु मर्म, દેખો. जहाँ शुद्धज्ञानकी कलाका प्रकाश दिखता है वहाँ उसके अनुसार चारित्रका अंश रहता है. इससे ज्ञानी जीव सब हेय उपादेयको समझते हैं. આહાહા ! દેખો. ધર્મી જીવને જ્ઞાનાનંદસ્વભાવ એ જ ઉપાદેય નામ વિષય, ધ્યેય કરવાલાયક છે અને રાગ આદિ ભાવ તે વિષય, ધ્યેય કરવાલાયક નથી— એમ હેય-જ્ઞેયને ધર્મી સમજે છે. આહાહા ! અરેરે! નિજ સ્વભાવમાં પૂર્ણ શુદ્ધતાનો નાથ પ્રભુ, એનો આશ્રય અને એનું અવલંબન નામ આસ્વાદ કરે નહીં ત્યાં સુધી એને પુણ્ય-પાપનું બંધન થાય, એ બંધન ચાર ગતિમાં (રખડે). આહાહા! ચોર્યાશીના અવતાર. થોડીક પ્રતિકૂળતા આવે ત્યાં કાયર.. કાયર થઈ જાય. દીકરો મરે, દીકરી રાંડે, ઘરમાં રોગ આવે, બાયડી મરવાની તૈયારી થાય, એને ક્ષય લાગુ પડે, દુકાન ભાંગે, તે દિ' વીમાવાળો નાશ થાય. આવી જ્યાં થોડી પ્રતિકુળતા આવે કે હાય! કંટાળો.. કંટાળો થઈ જાય એને. આહાહા! હાય, હાય ! અરેરે ! આમાં ક્યાંથી ઉગરવું ? બાપા! આવી પ્રતિકૂળતા તો એક જરીક છે. એથી અનંત ગુણી પ્રતિકૂળતા નિગોદમાં ને નરકમાં... આહાહા! અરે! કેમ કાળ ગાળ્યો ? કેમ ત્યાં રહ્યો અને કેમ કાળ વીત્યો ? એ દુઃખના દહાડામાં કાળ ગયા બધા એના. આકુળતા.. આકુળતા.. આકુળતા. ભાઈ ! એ બધા મિથ્યાત્વના ફળ છે. સમજાણું કાંઈ?

એ તો કર્મના ફળ છે. એ આહીં છે ને, ભૂત-ભવિષ્ય અને વર્તમાન એ ભિન્ન ...

છે. એ તો કર્મનું ફળ છે. આહાહા! તારું ફળ શું? દુનિયા સાથે મેળવવા જાશે તો મળશે નહીં ભાઈ આવું. આ એવો માર્ગ છે હોં. ઘણીવાર કહેતા, લોહ લોહેસે જંગ ચડે. અરે ગૌતમ! એમ કહેતાને સંપ્રદાયમાં? પ્રભુ એમ કહે છે, હે ગણધર ગૌતમ! અમારા માર્ગની રીત અને પદ્ધતિ અંતરના સદ્પંથ ને દોરવણી એની સાથે લોકોના પંથને મેળવીશ નહીં તું. આહા! કહો, ભીખાભાઈ! બીજે ભીખ માંગીશ નહીં, કહે છે એમ. આહા! પ્રભુ! તારામાં ક્યાં અપૂર્ણતા છે? તારામાં ક્યાં વિપરીતતા છે? તું અવિપરીત અને પૂર્ણ આનંદથી ભરેલો તત્ત્વ છો. સચ્ચિદાનંદસ્વરૂપ છો. આહાહા! સત્ નામ શાશ્વત, જ્ઞાન અને આનંદ સ્વરૂપ છો. એમાં એકાગ્ર થઈને જે શુદ્ધતા પ્રગટે, તે જ્ઞાની જાણે કે આ એક આદરણીય છે આત્મા ત્રિકાળી. અથવા શુદ્ધતા પ્રગટ કરવાની અપેક્ષાએ પણ એ શુદ્ધતા આદરણીય કહેવાય અને હેય, પુણ્યના પરિણામ પણ હેય છે.

सब जानै ज्ञेय वस्तु मर्म.. એમ કહે છે. રાગના પરિણામ તે પરજ્ઞેય છે, તે હેય છે અને આત્માને આશ્રયે શુદ્ધતા પ્રગટે તે જ્ઞેય છે, પણ ઉપાદેય છે. આહાહા! અરે! હજી એની રીતની ખબરું ન મળે. અનાદિથી બેખબરમાં પડ્યો, રખડે છે ચોર્યાશીમાં. હવે એની એને દયા નથી. અરે! હું આ કેટલા દુઃખમાં છું. કેટલા દુઃખમાં છું અને મારે કેટલા દુઃખ વેઠવા પડશે. ખબર નથી એને. આહીં કહે છે કે ભગવાન! રાગના ફળ તરીકે તો દુઃખ છે. આસ્રવમાં આવી ગયું હતું, નહીં? ૭૪ ગાથા. પુણ્ય ને પાપ બેય દુઃખ છે અને દુઃખનું કારણ છે. આહાહા! ભવિષ્યમાં દુઃખનું કારણ છે. પુણ્યભાવ વર્તમાનમાં દુઃખ અને ભવિષ્યમાં દુઃખનું કારણ એવા પુદ્‌ગલના પરિણામ, એનું કારણ એ પુણ્ય છે. આહાહા! દુઃખફળ.

ता कारन ज्ञानी धरमी जीव सब जानै ज्ञेय वस्तु मर्म.. જ્ઞેયમાં તો આત્માય જ્ઞેય છે, શુદ્ધ પરિણામેય જ્ઞેય છે, અશુદ્ધભાવ પણ જ્ઞેય છે. જેમ છે તેમ અશુદ્ધ પરિણામ જાણવા જોગ છે. દૃષ્ટિમાં એનો આદર નથી. હો, પણ એટલું અચારિત્ર છે, પણ એ આદરણીય નથી. સમજાય છે કાંઈ? અને આહીં તો ચારિત્રનો અધિકાર છે એટલે હેય તરીકે જે જાણ્યું છે એને છોડીને સ્થિરતા કરે છે અંદરમાં, એને ઉપાદેય કહેવામાં આવે છે. वैराग विलास धर्म वाकौ सरवंस है.. આહા! सरवंस है.. સરવંશ એટલે સર્વથા, એમ. સર્વસ્વ. ज्ञानी जीव सब हेय-उपादेयको समझते हैं, उनका सर्वस्व वैराग्यभाव ही रहता है. ધર્મીને તો સમ્યક્‌દર્શન થતાં રાગ ને પુણ્યભાવથી વિરક્ત છે. આહાહા! વિરક્ત ન હોય અને રક્ત હોય તો તો મિથ્યાત્વભાવ છે. શુભભાવ કે અશુભ તો દુઃખ અને ઝેર છે. વળી એણે લખ્યું છે કે મળ એને કહે છે. ભાઈ! મળ છે મળ. એને ઝેર કહે છે. બેય લીધું. આહા! ભાઈ! તારા અમૃતના સાગર ઉછળે એને પુણ્ય લૂંટે છે. ઉત્પન્ન થવા દેતો નથી. રાગ ઉત્પન્ન

થવામાં અમૃતનો સાગર પ્રભુ ઉત્પન્ન થતો નથી. માટે તેને રુચિમાં હેય-જ્ઞેય તરીકે જાણે. જ્ઞેય છે ખરું પણ હેય તરીકે છે.

वैराग विलास.. એ ધર્મીનો વિલાસ તો વૈરાગ્ય—રાગથી ભિન્ન તે એનો વિલાસ છે. રાગમાં રમવું એ કાંઈ જ્ઞાનીનો વિલાસ—રમત છે નહીં. આહાહા! સમજાય છે કાંઈ ? वैराग विलास.. ભાષા કેવી કરી છે, જુઓ. શું કહે છે એ? આહા! રાગનો ભાવ હો, પણ એ વિલાસ નામ રમત કરવા જેવી નથી એની સાથે. આહાહા ! એ રાગથી રહિત વૈરાગનો જેને વિલાસ છે. અરે! ધર્મીનો વિલાસ તે વૈરાગ હોય કે ધર્મીનો વિલાસ તે રાગ હોય ? આહાહા! રાગનો વિલાસ તો અનાદિથી કરે છે. રાગની રમતમાં રમે છે અનાદિથી. આ તો 'નિજપદ રમે સો રામ કહીએ' આતમરામ. સમજાણું કાંઈ ? શુદ્ધ સ્વરૂપ એના પ્રત્યે પ્રીત, ઉપાદેય અને રાગથી વૈરાગ. એને વૈરાગ કહીએ. પુણ્ય ને પાપના બેય ભાવથી વૈરાગ, એને વૈરાગ કહીએ. આહાહા! ઉનકા સર્વસ્વ વૈરાગભાવ હી રહતા હૈ. वाकौ सरवंस है.. સર્વથા એક છે. સમજાણું ? આ તો એનો વંશ જ વૈરાગ છે. (શ્રોતા : ચોથે ગુણસ્થાનમેં ચારિત્ર સિદ્ધ હો ગયા). હો ગયા ન, સ્વરૂપચારિત્ર હૈ. અનંતાનુબંધી ગયા ઈતના સ્વરૂપચારિત્ર તો હૈ. વૈરાગ હી હૈ.

જ્ઞાન-વૈરાગ શક્તિ દો, આ ગઈ ન નિર્જરા અધિકારમેં. દો-બેય શક્તિ છે. આહા! અરે, ત્યાં સુધી લીધું, નહીં ? શીલ, ચોથે ગુણસ્થાને શીલ નારકીમાં છે. શીલ અધિકાર હૈ 'અષ્ટપાહુડ'મેં. નારકી જીવ છે એને પણ અંદર આત્માની અંતર અનુભવદૃષ્ટિ થઈ છે, એથી જેટલો રાગ ઘટ્યો અનંતાનુબંધી, એટલું શીલપણું ત્યાં છે. અને એને લઈને આચાર્ય તો એમ કહે છે કે એવા સમ્યક્દર્શન-જ્ઞાન ને શીલને લઈને તીર્થંકર જેવા જીવ ત્યાં પડ્યા છે (કે જે) તીર્થંકર થવાના. એ ન્યાંથી નીકળીને તીર્થંકર થશે. આહાહા ! સમજાણું કાંઈ ? એ શીલના સ્વભાવનું મહાત્મ છે. શીલ એટલે સ્વભાવની રમણતા તે એની શીલ છે. આ બ્રહ્મચર્યની આહીં વાત નથી. શરીરથી બ્રહ્મચર્ય આદિ પાળે તો વિકલ્પ રાગ છે. બ્રહ્માનંદ પ્રભુ બ્રહ્મના આનંદમાં રમવું એ એનું શીલ છે. આકરું કામ ભારે ! શેઠ! (શ્રોતા : ચોર્યાશીનું ચક્કર કાપીને હવે તો આપની શરણમાં આવ્યા છીએ). આ લેવાનું આ છે. અંદરમાં શરણ આત્મામાં છે. આહા !

કહ્યું નહોતું ? સંભારે તે શેઠ. શ્રીમદ્નું કહ્યું? ભાઈનું, શેઠિયા. તમારા છેને ત્યાં. ....છે ને ? ગુણીજન સંભારે સો શેઠ, બાકી અનુચર જાણજો. શેઠી! આહા! ભગવાન ગુણીજન... અરે! તારી પૂંજીની તેં સંભાળ કરી નહીં કોઈ દિ' ભાઈ ! આહાહા ! નિધાન ઉપર તે પડદો નાંખ્યો. આહા! જોવો નથી, ખોલવો નથી, પ્રગટ કરવો નથી, માનવો નથી.

રાગ પ્રગટ કરવો હોય એને રાગની રુચિના પ્રેમમાં આ નિધાન ધન ઢંકાઈ ગયું છે એને. સમજાણું કાંઈ ? वैराग विलास धर्म वाकौ सरवंश है.. ભાષા તો જુઓ. આહા ! રાગથી રહિત એવી જે દશા એ ધર્મીનો વિલાસ અને સર્વસ્વ એ છે. રાગ આદિ એનો નથી, નિમિત્ત આદિ એનું નથી, દેવ-ગુરુ-શાસ્ત્ર એના નથી. આહા! પોતાના ભગવાન સિવાય બધી ચીજથી જે પરથી ઉદાસ વર્તે છે. પરપદાર્થની સાથે શું સંબંધ છે ? આહીં તો રાગથી ભિન્ન પડીને वाकौ सरवंश है.. ધર્મ, રાગરહિત એ એનો સર્વધર્મ છે. જુઓ, ઓલો રાગ થાય પંચમહાવ્રતનો આદિ, એ ધર્મ નથી, ચારિત્ર નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ ? આહાહા!

राग दोष मोहकी दसासौं भिन्न रहै यातैं.. ધર્મીની દૃષ્ટિ તો ધર્મી એવો ભગવાન એની દૃષ્ટિમાં, રુચિમાં એ આત્મા આવ્યો છે. એથી राग दोष मोहकी दसासौं भिन्न रहै.. રાગ-દ્વેષ અને મિથ્યાત્વથી તો ભિન્ન રહે છે. આહાહા ! અને સ્વભાવની સાથે એકતા કરે છે. આહાહા ! આવું છે ભાઈ ઝીણું! માણસને આમ બહારમાં સુઝ પડે એવું કરેને તો ઠીક પડે. એમાં 'પરમાર્થવચનિકા'માં કહ્યું છે ને. આગમક્રિયા—વ્યવહારક્રિયા સહેલી લાગે છે એને. આહા! અને નિશ્ચય અધ્યાત્મની—નિશ્ચયની વ્યવહાર ક્રિયા પણ એને ખબરમાં પડતી નથી. નિશ્ચયની વ્યવહાર ક્રિયા. રાગરહિત આત્માની એકાગ્રતા એ જ નિશ્ચયની વ્યવહાર ક્રિયા છે. સમજાણું કાંઈ ? બેસવું સમજવું કઠણ એટલે ઓલો સહેલો માર્ગ લઈ લીધો. સેલી, સેલી—રાખ. અમારે આ રાખ હૈ એને સેલી કહે છે અહીંયા. રાખ હોતી હૈ ન ભસ્મ. સેલી. સહેલી એટલે સોંઘું. રાખ ને સોંઘું. આહાહા! ધૂળ મળશે ત્યાં. ભગવાન આનંદનો નાથ ચૈતન્યરતન એનો જેને આશ્રય, અવલંબન, સ્વાદ નથી અને આ રાગના એકલા સ્વાદિયા મૂરખ છે, કહે છે આહીં. ધર્મીનો તો રાગરહિત વૈરાગનો વિલાસનો આનંદ, તેથી તે રાગથી ભિન્ન રહે છે. આહાહા !

सर्वथा त्रिकाल कर्म जालकौ विधुंस है. છેને, ત્રણે કાળ આવી ગયાને ? पूर्वागामि समस्तकर्मविकला અને 'भिन्नास्तदात्वोदयात् ભાઈ આવ્યું ને ? વર્તમાન.. ઓલું આવે છેને ભાઈ ૧૨મી ગાથામાં ? तदात्वे—જાણેલો પ્રયોજનવાન. તે કાળે—વર્તમાનકાળ છે એ. આહીં એ વર્તમાનકાળ છે આ. तदात्वोदयात्. ટીકામાં છેને કળશમાં. भिन्नास्तदात्वोदयात्—તે કાળે વર્તમાનમાં રાગનો ઉદય થાય તેનાથી પણ ધર્મી વિકલા નામ રહિત છે. तदात्वो છે. આહાહા! બીજી લીટીનો છેલ્લો શબ્દ. तदात्वोदयात्.. પેલા બે કાળ તો મૂક્યા. पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्त-दात्वोदयात्.. આહા ! (શ્રોતા : તીનોં કાલ) તીનોં કાલ, બસ. પૂર્વના કર્મ, ભવિષ્યના ને વર્તમાન. ધર્મી તો ત્રિકાળી આત્મા ભગવાન જેનો વિષય

છે એ ત્રિકાળ કર્મથી વિરક્ત છે. આહાહા! સમજાય છે કાંઈ?

त्रिकाल कर्म जालकौ विधुंस है.. એ કર્મની જાળનો તો નાશ કરનારો છે. આહાહા! सर्वभावांतर ध्वंसी.. આવે છે ને? ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને શુદ્ધ એનું અવલંબન લેતા, એ આત્મા એને કહીએ કે જે દૃષ્ટિમાં આવ્યો અને બેઠો. એ આત્મા ત્રણ કાળના કર્મનો નાશ કરનાર છે. કોઈ કર્મની અવસ્થા ભૂત-વર્તમાનની પર્યાયને રાખે, એ એના સ્વભાવમાં છે નહીં. સમજાણું કાંઈ?

निरुपाधि आतम समाधिमैं विराजै.. આહાહા! ભગવાન આત્મા... એ પુણ્ય-પાપનો રાગ એ ઉપાધિ છે. સમજાણું કાંઈ? આ પદવી આપે એને ઉપાધિ કહે છે કે નહીં? જયસુખભાઈ! આ વકીલની ઉપાધિ અમારે છે ને ઢીંકણાની ઉપાધિ. બધી ઉપાધિ લખે. (શ્રોતા : ડીગ્રી લખે). ડીગ્રી કહો કે ઉપાધિ કહો, બીજું શું છે? એ કહે છે કે પુણ્યના પરિણામ એ આત્માની ઉપાધિ છે. આહાહા! એવા પરિણામથી નિરુપાધિ એવો ભગવાન આત્મા समाधिमैं.. ઉપાધિથી રહિત ને સમાધિમાં બિરાજે. આહાહા! રાગથી રહિત ભગવાન તે આત્માની અરાગી સમાધિ શાંતિ તેમાં બિરાજે. આહાહા! એ સમાધિ આ હોં. ઓલા બાવા લગાવે એ સમાધિ નહીં. રાગથી રહિત થઈ અને આધિ-વ્યાધિથી રહિત થઈ આત્મામાં સ્વરૂપમાં સ્થિર થાય, આનંદની રમતમાં રમે એને સમાધિ કહેવામાં આવે છે. એ સમાધિમાં શૂન્યતા નથી. સમાધિમાં પૂર્ણ સત્તાના સત્ત્વનો સ્વીકાર છે. સમજાણું કાંઈ? આ તો શૂન્ય થઈ જાય અંદર સમાધિ. એ તો જડ થઈ ગયું, શૂન્ય થઈ ગયું.

कहिए प्रगट पूरन करम हंस है, લો. સાક્ષાત્ પૂર્ણ પરમાત્મા છે જાણે. આહાહા! ચારિત્રસહિત લીધું છે ને. વસ્તુનો સ્વભાવ રાગરહિત છે એમ વિરક્ત થઈને સ્વરૂપને વિષય બનાવીને સમ્યક્દર્શન કર્યું છે, એ જીવ હવે ત્રણ કાળના રાગાદિથી છૂટો પડી સ્વરૂપની સ્થિરતામાં સમાધિમાં બિરાજે, એને સાક્ષાત્ પરમાત્મપદ પ્રાપ્ત થાય અથવા એ બિરાજે એને સાક્ષાત્ પરમાત્મા કહેવામાં આવે છે. આહાહા! ૩૧ કળશ.

ज्ञानस्य संचेतनयैव नित्यं प्रकाशते ज्ञानमतीव शुद्धं।
अज्ञानसंचेतनया तु धावन् बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः॥३१॥

---

**સમયસાર કળશ અર્થ :—**જ્ઞાનચેતનાનું ફળ તથા અજ્ઞાનચેતનાનું ફળ કહે છેઃ ''नित्यं'' નિરંતર ''ज्ञानस्य सञ्चेतनया'' રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિ વિના શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપ જે જ્ઞાનપરિણતિ, તેના વડે ''अतीव शुद्धम् ज्ञानम् प्रकाशते एव'' (अतीव शुद्धम् ज्ञानम्) સર્વથા નિરાવરણ કેવળજ્ઞાન (प्रकाशते) પ્રગટ થાય છે; [ભાવાર્થ આમ છે કે—કારણ સદૃશ કાર્ય

થાય છે, તેથી શુદ્ધ જ્ઞાનને અનુભવતાં શુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે—એમ ઘટે છે.] (एव) એમ જ છે નિશ્ચયથી. ''तु'' તથા ''अज्ञानसञ्चेतनया बन्धः धावन् बोधस्य शुद्धिं निरुणद्धि'' (अज्ञानसञ्चेतनया) રાગ-દ્વેષ-મોહરૂપ તથા સુખ-દુઃખાદિરૂપ જીવની અશુદ્ધ પરિણતિ વડે (बन्धः धावन्) જ્ઞાનાવરણાદિ કર્મબંધ અવશ્ય થતો થકો (बोधस्य शुद्धिं निरुणद्धि) કેવળજ્ઞાનની શુદ્ધતાને રોકે છે. ભાવાર્થ આમ છે કે—જ્ઞાનચેતના મોક્ષનો માર્ગ, અજ્ઞાનચેતના સંસારનો માર્ગ. ૩૧

આહાહા! શ્લોક તો બહુ ટૂંકા અને ભાષાના ભાવની મહિમા અપાર છે.

ग्यायक भाव जहां तहां, सुद्ध चरनकी चाल।
तातैं ग्यान विराग मिलि, सिव साधै समकाल॥८३॥

**શબ્દાર્થ** :—જ્ઞાયકભાવ=આત્મસ્વરૂપનું જ્ઞાન. ચરન=ચારિત્ર. સમકાલ=એક જ સમયમાં

**અર્થ** :—જ્યાં જ્ઞાનભાવ છે ત્યાં શુદ્ધ ચારિત્ર રહે છે, તેથી જ્ઞાન અને વૈરાગ્ય એકસાથે મળીને મોક્ષ સાધે છે. ૮૩.

**अर्थ** :–जहाँ ज्ञानभाव है वहाँ शुद्ध चारित्र रहता है, इसलिये ज्ञान और वैराग्य एक साथ मिलकर मोक्ष साधते हैं॥८३॥

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જ્ઞાયકભાવ.. ધર્મીને તો એકલો જાણનાર ચૈતન્યપ્રભુ એ દૃષ્ટિમાં તરવરતો હોય છે. આહાહા! દૃષ્ટિના વિષયમાં એકલો જ્ઞાયકભાવ હોય છે. जहाँ तहाँ ग्यायक भाव.. દૃષ્ટિમાં જ્ઞાયક, જ્ઞાનમાં જ્ઞાયક અને ચારિત્રમાં જ્ઞાયકમાં રમણતા, જ્યાં ત્યાં જ્ઞાયકભાવ છે. આહાહા! સમજાય છે કાંઈ? આહાહા!

ग्यायक भाव जहाँ तहाँ.. ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એ જ દૃષ્ટિ-જ્ઞાન ને રમણતામાં જ્યાં-ત્યાં એનો જ આશ્રય છે. सुद्ध चरनकी चाल.. એ શુદ્ધ રમણતાની એ રમતું—ચાલ છે. પાંચ મહાવ્રતના વિકલ્પથી રહિત અપના શુદ્ધ આત્મામાં રમતું... આહા! શુદ્ધ ચારિત્ર રહતા હૈ. ત્યાં શુદ્ધ ચારિત્ર હોય છે. (જહાં) જ્ઞાયકભાવ—જ્ઞાનભાવ વહાં ચારિત્ર રહતા હૈ, એમ કહે છે. જ્યાં જ્ઞાતા-દૃષ્ટા રહે અને રાગમાં એકત્વ ન થાય, અસ્થિરતા ઉત્પન્ન ન થાય... એકત્વ ન થાય અને અસ્થિરતા ન થાય, ત્યાં શુદ્ધપણું જ્ઞાનનું પ્રકાશે, એને ચારિત્ર છે, ત્યાં ચારિત્ર હોય. આહાહા! ઓલા તો કહે, પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર છે. બાર વ્રતના વિકલ્પ એ ચારિત્ર. ચારિત્રનાં ભેદ લીધાં ત્યાં આ લીધા. ભઈ, એ તો નિમિત્તથી કથન છે. જ્યાં પંચમહાવ્રતના વિકલ્પ હોય, એનું અંદર નિર્મળ ચારિત્ર શુદ્ધ હોય એને એ બતાવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

એમ વ્યવહાર પંચમહાવ્રતના વિકલ્પની મર્યાદા, રાગની મંદતા પ્રગટી એને અહીંયા શુદ્ધતા પ્રગટી છે ઘણી, એમ બતાવે છે. એટલે વ્યવહારથી નિશ્ચય બતાવ્યું છે. વ્યવહારથી નિશ્ચય થશે એમ કહ્યું નથી. આહા! (શ્રોતા : એટલે અનુસરવાયોગ્ય..) અનુસરવાયોગ્ય તો ના પાડી. व्यवहारनय न अनुसर्य.. આહાહા! ભેદ પાડીને તને સમજાવે એ સિવાય કોઈ ઉપાય નથી. અને ભગવાન આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે 'अतति गच्छति इति आत्मा' પોતાના નિર્મળ પરિણામને પ્રાપ્ત કરે તે આત્મા એમ ભેદથી કહ્યું, પણ એ ભેદ અનુસરવાલાયક નથી. આહાહા!

અંતર જ્ઞાનાનંદ પ્રભુ એને અનુસરીને વ્યવહાર દૃષ્ટિ લક્ષમાંથી છોડવા જેવી છે. રાગ એક વ્યવહાર એ કલ્યાણનું કારણ થાય, વ્યવહાર પહેલો સારો થાય. સારો કોને કહેવો? ભાઈ! ત્યારે એને જો ખરાબ કહેશો તો લોકો પાપ કરશે એકલા. એનો માર્ગ ખુલ્લો કરી દીધો, વળી એમ કહે છે. આરે, ગજબ ભાઈ! આહીં તો દૃષ્ટિમાંથી, પાપ-પુણ્યને દૃષ્ટિમાંથી છોડવા, એમ કહે છે. એને પુણ્યને દૃષ્ટિમાંથી છોડીને પાપ કરવું એમ કહે છે? એને ખબર નથી. મિથ્યાત્વ તો મહાપાપ ચંડાળ છે. આહાહા! આહીં છે. કો'ક ડોક્ટર છે. લખ્યું છે. જૈનસંદેશ વાંચ્યું? કો'ક છે. પુણ્યકી ઉપાદેયતા. ડોક્ટર પુષ્પમિત્ર જૈન M.A. PhD. શું કહે? ડોક્ટરની ઉપાધિ. (શ્રોતા : PhD ફિલોસોફીના ડોક્ટર છે.) હા, એ ડોક્ટર ફીલોસોફીના. આ ફીલોસોફીની ખબર નહીં ને આ... આહાહા! એમાં બધું આ માંડ્યું લખીને. પત્રકાર કેવા?

तातैं ग्यान विराग मिलि.. જ્ઞાયકભાવ ભગવાન પૂર્ણ વસ્તુ સ્વભાવ એની દૃષ્ટિ અને રાગથી વિરક્તતા—એ બે–જ્ઞાન અને વૈરાગ્ય મળી, सिव साधै समकाल.. મુક્તિના માર્ગને આ સમકાળે સાધે. સમજાણું કાંઈ? વ્યવહાર વિકલ્પ અને નિશ્ચય ચારિત્ર આ બે સાધે, એમ આહીં કહ્યું નથી. સમજાણું કાંઈ? આવે એ પણ વાત. આ બધી ત્યાં આવે 'પુરુષાર્થસિદ્ધિ'માં આવે છે. કે ભાઈ, બેય મોક્ષનો માર્ગ છે એટલે એક યથાર્થ અને એક ઔપચારિક, એમ. પણ જ્ઞાન કરાવવું હોય ત્યાં સમજાવેને. ૨૨૨માં છે ને. 'પુરુષાર્થ સિદ્ધિ'. ૨૨૨ ને? બસો બાવીસમાં છે. એ જ મૂકે છે બધા. જુઓ, આ બે મોક્ષમાર્ગ છે. પણ એક સત્યાર્થ અને એક જૂઠો. સમજાણું કાંઈ?

મેં કહ્યું હતું એક ફેરી, અમારે પાળિયાદમાં એક હતો વીસાશ્રીમાળી ભૂદરભાઈ. તે એના પેઢીમાં એના બાપ જૂઠો હતો. પેઢીએ થયો સાત-આઠ પેઢીએ. સુરધન.. સુરધન સમજતે હૈં? બાપદાદાનો પથરો મૂકે ને એક ગામમાં, ઘરમાં. આહીં તમારે મૂકે છે કે નહીં? બાપદાદા હોયને કોઈ પૂર્વના થયા હોય. (શ્રોતા : વડવા) વડવા. હા, એ અમારા સુરધન

છે, વડવા હતા એ (એમ કહે). પછી ધૂણે. એકે પછી કહ્યું, અરે ભૂધરભાઈ! આ તમે શું કરો છો તમે? 'મહારાજ! હું તો ધૂણતાં કહું છું, કોણ છો કે જૂઠો એમ કહું.' પણ એ તો ઠગ થયો કીધું. જૂઠો એટલે તારો દાદો જૂઠો એમ સમજે લોકો. કારણ કે એનું નામ જૂઠો. બાપદાદાનું નામ... સુરધન નથી તમારે? શું હશે? કાંઈ છે? (શ્રોતા : બધી જગ્યાએ હોય છે.) બધે ઠેકાણે હોય. ચૂલામાં તો બધે રાખ જ હોય. બીજું કાંઈક હશે. બે-પાંચ પેઢીનો હોયને. એને બેસાડે પથરો. આહા! (શ્રોતા : એની વાસના વળગી). વાસના. એણે આને માન્યું હોય આને કે આમ છે ને બેસાડે.

અમારે કુટુંબમાં છે સંસારમાં. એક ઉમરાળા પાસે કાંઈક છે. લોનિયાદ કે એવું ગામ. નાની ઉંમરમાં જોયું હતું. નાની ઉંમરમાં, બહુ નાની ઉંમરમાં હોં. ૬-૭ વર્ષની ઉંમરે. તે દિ' કંઈ લાપસી-બાપસી... માની હતી ને ગયા હતા. તે ખબર છે. એક વાદી પાસે છે એ વડવા. વડવાને બેસાડેલો. ધૂળેય નથી સાંભળને! આહાહા! એ કહે કે કોણ છો? હું તો એમ કહું કે જૂઠો છું. પણ ઓલા એમ સમજે કે ઓલો તારો દાદો જૂઠો છે એ આવ્યો છે એમ સમજે. આ ૭૫માં વાત થયેલી. ૫૨ વર્ષ થયા. ૭૫માં ચોમાસું હતુંને પાળિયાદ. આહા!

આહીં એ કહે છે કે આહીં તો આત્માનું જ્ઞાન અને રાગથી વિરક્તતા—બે મળીને શિવ સાધે. આવે છે ને. ઓલા ઉપાદાનમાં એ આવે છે. જ્ઞાન ક્રિયા. 'બનારસીદાસ'. હા, 'બનારસીદાસે' કહ્યુંને, જ્ઞાન ને ક્રિયા—બે. તું કહે છે કે ઉપાદાન અને નિમિત્ત–બેથી કાર્ય થાય એમ નહીં. આ બે—આત્માનું જ્ઞાન અને આત્મામાં રમણતારૂપ ચારિત્ર, એનાથી મુક્તિ થાય. બેથી થાય? હવે સાંભળને માળા. હા આવે છે ને હા એ.

तातैं ग्यान विराग मिलि.. આત્માનું અંતર્મુખનું વિષયનું જ્ઞાન અંતર્મુખનું અને રાગથી વિપરીતતા એટલે રાગથી વિરક્તતા—એ બે મળીને શિવ સાધે. સમજાણું? પાઠમાં તો એમ છે. ૮૪ છેને પછી? દૃષ્ટાંત છે. પણ પાઠમાં એમ છે. 'ज्ञानस्य संचैतनयैव नित्यं प्रकाशने ज्ञानमतीव शुद्धं.' ભાઈ ગયા? બ્રહ્મચારી હતાન., ગયા? સમજાય છે કાંઈ? જ્ઞાનનું 'संचैतनयैव नित्यं प्रकाशने ज्ञानमतीव शुद्धं.' શુદ્ધ ભગવાનમાં એકાગ્રતા થતાં તે જ્ઞાનનો પ્રકાશ થાય શુદ્ધ, એને બંધ નથી એમ કહે છે. અને 'अज्ञानसंचेतनया तु धावत् बोधस्य शुद्धिं निरुणद्धि' અને રાગની એકતાનું અજ્ઞાનપણાને ચેતવું (એનાથી) દોડીને બોધકર્મ બંધાય છે. 'धावत् बोधस्य शुद्धिं' અને આત્માની શુદ્ધિને રુંધે છે. રાગના પ્રેમમાં—રાગની રુચિમાં આત્માની શુદ્ધિ રુંધાઈ જાય છે. આહાહા! 'बोधस्य शुद्धिं निरुणद्धि' અને થાય છે બંધ, એમ. અજ્ઞાનથી તો બંધ થાય છે. પુણ્યપરિણામ પોતાના છે, એનાથી લાભ

થાય એવી માન્યતાથી તો મિથ્યાત્વનો બંધ થાય છે એમ કહે છે. આહાહા! હવે ज्ञान चारित्र पर पंगु अंधका दृष्टांत. ૮૪-૮૫

જ્ઞાન અને ચારિત્ર ઉપર પાંગળા અને આંધળાનું દૃષ્ટાંત
(દોહરા)

जथा अंधके कंधपर, चढै पंगु नर कोइ।
वाके दृग वाके चरन, होंहि पथिक मिलि दोइ।।८४।।
जहां ग्यान किरिया मिलै, जहां मोख-मग सोइ।
वह जानै पदकौ मरम, वह पदमैं थिर होइ।।८५।।

**શબ્દાર્થ :–**પંગુ=લંગડો. વાકે=તેના. દગ=આંખ. ચરન=પગ. પથિક=રસ્તે ચાલનાર. ક્રિયા=ચારિત્ર. પદકૌ મરમ=આત્માનું સ્વરૂપ. પદમૈં થિર હોઇ=આત્મામાં સ્થિર થાય.

**અર્થ :–**જેવી રીતે કોઈ લંગડો મનુષ્ય આંધળાના ખભા ઉપર બેસે, તો લંગડાની આંખો અને આંધળાના પગના સહકારથી બન્નેનું ગમન થાય છે. ૮૪. તેવી જ રીતે જ્યાં જ્ઞાન અને ચારિત્રની એક્તા છે ત્યાં મોક્ષમાર્ગ છે; જ્ઞાન આત્માનું સ્વરૂપ જાણે છે અને ચારિત્ર આત્મામાં સ્થિર થાય છે. ૮૫.

**अर्थ :–**जिस प्रकार कोई लंगड़ा मनुष्य अंधेके कंझे पर चढ़े, तो लंगड़ेकी आँखों और अंधेके पैरोंके योगसे दोनोंका गमन होता है।।८४।। उसी प्रकार जहाँ ज्ञान और चारित्रकी एकता है वहाँ मोक्षमार्ग है, ज्ञान आत्माका स्वरूप जानता है और चारित्र आत्मामें स्थिर होता है।।८५।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જ્ઞાનસે પંગુના દાખલા. જેમ अंधके कंधे पर.. આંધળો હોય એના ખંભે એક માણસ બેસે તો એ બતાવે માર્ગ અને આંધળો ચાલે. ઓલો પંગુ. માથે પંગુ. આ પગ વિનાનો આહીં બેસે, ઓલો ચાલે. એમ જ્ઞાન છે પંગુ, બતાવે માર્ગ કે આમ છે, જો આમ છે અને ચાલે ઓલું ચારિત્ર. સ્વરૂપમાં સ્થિર થાય એ ચાલે. જ્ઞાન પંગુ છે. જાણવાનું કામ કરે અને ચારિત્ર સ્થિર થવાનું કામ કરે. બે મળીને ગતિ થાય એમ કહે છે. ફરીને. जिस प्रकार कोई लंगडा मनुष्य अंधेके कंधे पर चढ़े, तो लंगडेकी आँखों और अंधेके पैर योगसे दोनोंका गमन होता है. આંધળો ચાલે ને માથે પંગુ દેખાડે. એમ ચારિત્રસ્વરૂપ છે એ આંધળું છે, જાણતું નથી. અને જ્ઞાન બતાવે કે જો માર્ગ આ. આમાં ઠરવું એ માર્ગ. રાગને છોડવો એ માર્ગ. સમજાય છે કાંઈ ? આહાહા! દૃષ્ટાંત દિયા હૈ.

जथा अंधके कंध पर चढ़े पंगु नर कोइ वाके दृग वाके चरन.. પાંગળાને આંખ્યું

છે ને આંધળાને ચરણ છે. એમ જ્ઞાન જણાવે માર્ગને કે આ માર્ગ છે. પણ સ્થિર થઈ શકવાની શક્તિ તો ચારિત્રમાં છે. આહાહા! ચારિત્રને આંધળું કીધું છેને આહીં. કારણકે એ જાણતું નથી. એમ ચારિત્ર આ છે એ પણ જ્ઞાન જાણે, સમકિત આ છે એ પણ જ્ઞાન જાણે. સમકિત ને ચારિત્ર કાંઈ જાણતું નથી. એ તો અસ્તિત્વ રાખે છે. આહાહા! સમજાણું કાંઈ? वाके दृग वाके चरन, होहिं पथिक मिलि दोई.. એ પંથ કાપે બેય ભેગાં થઈને, એમ કહે છે.

जहाँ ग्यान किरिया मिलै.. જ્યાં આત્માનું જ્ઞાન સમ્યક્ અને જ્યાં સ્વરૂપની સ્થિરતારૂપી ક્રિયા એટલે ચારિત્ર.. ક્રિયા નામ ચારિત્ર છે, દેખો, અંદર પણ લખ્યું છે. ક્રિયા એટલે ચારિત્ર. રાગની ક્રિયા એ આહીં વાત નથી. ચારિત્ર એ પણ ક્રિયા છે. જ્ઞાને જાણ્યું કે આત્મા શુદ્ધ અને પવિત્ર છે અને રાગ તે હેય છે. એમ જાણીને ચારિત્રની ક્રિયા અંદર સ્વરૂપમાં ઠરે છે, એને ચારિત્રની ક્રિયા કહેવામાં આવે છે. આહાહા!

जहाँ ग्यान किरिया मिलै, तहाँ मोख–मग सोई.. જુઓ, આ મોક્ષમાર્ગ. ઓલો વ્યવહાર નાખ્યો નથી આમાં. આત્માનું જ્ઞાન અને આત્મામાં ઠરવું એ ક્રિયા, ચારિત્ર વીતરાગી પરિણતિ.—બેય થઈને મોક્ષમાર્ગ છે એમ આહીં કહે છે. સમ્યક્દર્શન અને ચારિત્ર–બે છે એ આંધળા છે. સમ્યગ્જ્ઞાન એ નેત્ર છે. તેથી જ વચમાં નાંખ્યું છે. કે જ્ઞાન સમકિતને જાણે, જ્ઞાન ચારિત્રને જાણે. સમજાય છે કાંઈ ? ચારિત્ર, ચારિત્રને ન જાણે. સ્થિરતા છે ત્યાં જ્ઞાન ક્યાં છે? સમકિત, સમકિતને ન જાણે. (શ્રોતા : ચારિત્ર ઔર શ્રદ્ધાન દોનોં જડ હૈં.) જડ નહીં, જ્ઞાન અપેક્ષા નહીં. એ અપેક્ષાએ એને અનુપયોગ કહ્યો છે, એને અનુપયોગ કહ્યો છે. સપ્તભંગી લીધી છે ત્યાં જ્ઞાન ઉપયોગ તે ચેતના ચેતન અને એ સિવાયની બીજી ચીજ તે અનુપયોગ. એની સપ્તભંગી છે. સ્યાદ્વાદ મંજરીમાં. શું કહ્યું? ફરીને.

કે ભગવાન આત્મા એમાં જે જ્ઞાનસ્વભાવ છે એને જેણે પ્રગટ કર્યો જ્ઞાન, એ જ્ઞાન દ્રવ્યને જાણે, ગુણને જાણે, શ્રદ્ધાને જાણે, ચારિત્રને જાણે—બધાંને જાણે. પણ જે જાણીને ઠર્યું છે ક્રિયા-ચારિત્ર-રમણતા, એ ચારિત્ર (તે) જ્ઞાન નથી. તેથી ચારિત્ર, ચારિત્રને ન જાણે. આહાહા! સમકિત સમકિતને ન જાણે. જ્ઞાન જાણે કે આ શ્રદ્ધા. વસ્તુની શ્રદ્ધા નિર્વિકલ્પ કરી આ સમ્યક્. તેથી વચમાં નાંખ્યું છે ને? 'दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' અનુભવ થયો એ જ્ઞાન થયું. એમાં પ્રતીત થઈ એ સમ્યક્ થયું. એમાં ઠરે એ ચારિત્ર થયું. પણ એ ચારિત્ર... જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન સમકિતને જાણે, જ્ઞાન દ્રવ્યને જાણે, જ્ઞાન ચારિત્રને જાણે. આહાહા! આ જીવ છે એ જાણનાર કોણ? છદ્મસ્થને પણ જ્ઞાનમાં એ વાત આવ્યા

વિના, આ આમ છે (એમ) આવ્યા વિના એ જાણે શી રીતે? કેવળીને ... હોય છે.

આહીં કહે છે, ग्यान किरिया मिलै, तहां मोख–मग सोई, લો. જ્યાં આત્માનું જ્ઞાન... આત્માનું જ્ઞાન, રાગ આદિ ને પરનું નહીં, એ નહીં, એ નહીં કાંઈ. આત્મજ્ઞાન અને એમાં ક્રિયા એટલે સ્વરૂપમાં રમણતા. અંદર ધ્યાનમાં રમી જવું એ ક્રિયા.—એ બે મળીને મોક્ષમાર્ગ સોઈ. બે મળીને મોક્ષનો માર્ગ છે. વ્યવહાર મળીને મોક્ષમાર્ગ છે એ છે નહીં. રાડ નાંખે પણ માણસ માળા. હોય છે. અરે! માર્ગ જ આવો છે, ભાઈ ! બીજી રીતે કઈ રીતે તને બેસશે વાત ?

ભગવાન (આત્મા) પોતાના સ્વરૂપનું જ્ઞાન કરી અને એ ભગવાન પોતામાં રમે, એ બે થઈને મોક્ષનો માર્ગ છે. આ બધામાં બહારની ક્રિયાકાંડમાં હોય ને બધું હોયને, એમાં અગ્રેસર હોય એ બધું આ માનતા હોય. હવે પુણ્યથી ધર્મ થાય, આ વ્યવહાર કરતા કરતા થાય ને એ બધું. (શ્રોતા : કોઈ કાળે થાય નહીં). ભાઈઓ ભાઈઓ હોય ને અગ્રેસર. બધા કહે કે આ બરાબર માર્ગ. આહીં કહે છે કે એ માર્ગ નથી. વસ્તુસ્વરૂપ ભગવાન આત્માનું અંતર જ્ઞાન અને એમાં લીનતા—બે થઈને મોક્ષનો માર્ગ સાધે. નિશ્ચય અને વ્યવહાર બે થઈને સાધે, એમ કહ્યું નથી આહીં. સમજાણું કાંઈ ? તકરાર વાંધા રહ્યા જ કરે છે બધા.

वह जानै पदकौ मरम.. જ્ઞાન તો આત્માના પદનો મર્મ જાણે કે ઓહોહો ! અતીન્દ્રિય આનંદ અને વીતરાગ મૂર્તિ છું. એમ જ્ઞાન જાણે. वह जानै पदकौ मरम, લ્યો. આત્માકા સ્વરૂપ. અને वह पदमें थिर होइ. ચારિત્ર, સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર. આનંદ સ્વરૂપં ચરણં ચારિત્ર, આવે છેને એ. 'પ્રવચનસાર'. સ્વરૂપે ચરવું તે ચારિત્ર. આપણે અહીં મૂક્યું છે એ. નહીં બે બારણામાં? એક બારણામાં 'સર્વગુણાંશે સમકિત' અને એક બારણામાં 'સ્વરૂપે ચરવું તે ચારિત્ર'. બે બાજુ સ્વાધ્યાય મંદિરના બારણાની બહાર. સર્વગુણાંશે સમકિત. સમજાય છે કાંઈ ? આહાહા!

અનંત અનંત ગુણોની સંખ્યાનો પિંડ પ્રભુ એવા અનંત ગુણોને જાણતાં-શ્રદ્ધતાં એમાં અનંત ગુણોની શક્તિની વ્યક્તતા અંશે બધા ગુણો પ્રગટે. કેમકે અભેદ દ્રવ્ય છે ને? અંશે પ્રગટે. પૂર્ણતામાં ભેદ પડે કેમકે ગુણભેદ ચીજ છે ને? ગુણભેદ છે એટલે પૂર્ણતા થવામાં ફેર પડે. પણ પ્રગટવામાં તો બધા અંશે પ્રગટે, નહીં તો અભેદ દ્રવ્યદૃષ્ટિ થઈ નથી. સમજાણું કાંઈ? એટલે કહે છે કે એ અનંત ગુણોની દશા... મિથ્યાત્વ હતું ત્યાં એ દશા–પર્યાય વ્યક્ત નહોતી, દશા વ્યક્ત નહોતી. વસ્તુ હતી, પણ વસ્તુનો અનુભવ નહીં એટલે વ્યક્તતા નહોતી. વ્યક્તતા રાગ-દ્વેષ અને મિથ્યાત્વની હતી. સમજાણું કાંઈ? અને જ્યારે દૃષ્ટિ પલટી, જ્ઞાયકમૂર્તિ આત્મા શુદ્ધ ચૈતન્યઘન (એમ દ્રષ્ટિ) પલટતા મિથ્યાત્વ અને રાગ-દ્વેષના

અંશો ગયા અને એને ઠેકાણે અનંતા ગુણોના અંશો પ્રગટ થયા. અને પછી સ્વરૂપમાં રમે તે ચારિત્ર. પહેલા સ્વરૂપનું જ્ઞાન થયું, એમ કહ્યુંને. वह जानै पदकौ मरम, वह पदमें थिर होइ. ચારિત્ર આત્મામેં સ્થિર હોતા હૈ. સ્વરૂપમાં રમણ કરે છે, લો. હવે જ્ઞાન અને ક્રિયાની પરિણતિ

(દોહરા)

ग्यान जीवकी सजगता, करम जीवकी भूल।
ग्यान मोख अंकूर है, करम जगतकौ मूल॥८६॥
ग्यान चेतनाके जगे, प्रगटै केवलराम।
कर्म चेतनामैं बसै, कर्मबंध परिनाम॥८७॥

**શબ્દાર્થ :**—સજગતા=સાવધાની. અંકુર=છોડ. કેવલરામ=આત્માનું શુદ્ધ સ્વરૂપ. કર્મચેતના= જ્ઞાનરહિતભાવ. પરિનામ=ભાવ.

**અર્થ :**—જ્ઞાન જીવની સાવધાનતા છે અને શુભાશુભ પરિણતિ તેને ભૂલાવે છે, જ્ઞાન મોક્ષનો ઉત્પાદક છે અને કર્મ જન્મ-મરણરૂપ સંસારનું કારણ છે. ૮૬. જ્ઞાનચેતનાનો ઉદય થવાથી શુદ્ધ પરમાત્મા પ્રગટ થાય છે અને શુભાશુભ પરિણતિથી બંધ યોગ્ય ભાવ ઉત્પન્ન થાય છે. ૮૭.

**अर्थ :**–ज्ञान जीवकी सावधानता है, और शुभाशुभ परिणति उसे भुलाती है, ज्ञान मोक्षका उत्पादक है और कर्म जन्म-मरणरूप संसारका कारण है॥८६॥ ज्ञानचेतनाका उदय होनेसे शुद्ध परमात्मा प्रगट होता है, और शुभाशुभ परिणतिसे बन्धके योग्य भाव उपजते हैं॥८७॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહે છે, જ્ઞાન જીવની સાવધાની છે. આહાહા! સાવધાન થઈને જાગ્યો કે હું તો એકલો આનંદ અને જ્ઞાન છું. મારા સ્વરૂપમાં વિકાર, સંસાર-ફંસાર છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? જ્ઞાન જીવની જાગૃત દશા છે, સાવધાની છે. करम जीवकी भूल.. આ પુણ્ય-પાપ એ જીવની ભૂલ છે, એમ કહે છે. પોપટભાઈ! હવે ભૂલ એ આત્માને અભૂલનું કારણ થાય? દેખો. આહીં તો ભૂલનો અર્થ કર્યો છે કે શુભાશુભ પરિણતિ ઉસે ભૂલાતી હૈ. મૂળ તો ભૂલ છે. પુણ્ય ને પાપનો રાગ તે ભૂલ છે. ભૂલ તો સમજતે હૈં ન? દોષ. ભૂલ નહીં સમજે ? હિન્દીમેં હૈ કિ નહી? (શ્રોતા : ગલતી). ભૂલ આહીં શબ્દ છે હિન્દી. करम जीवकी भूल. આ હિન્દી છે આ. જ્ઞાન જીવકી જાગૃતિ. સાવધાન.. સાવધાન.. હું તો

ચૈતન્યમૂર્તિ આનંદ છું એવું જ્ઞાનમાં જાગૃત દશાની સાવધાનતા હોય છે. અને करम जीवकी भूल.. શુભાશુભ પરિણતિ તો ભૂલાતી હૈ અથવા ભૂલ છે, એમ.

ग्यान मोख अंकुर है.. જ્ઞાન એટલે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ એ જ્ઞાન, એ મોક્ષનો અંકુર છે, લ્યો. મોક્ષનો ઉત્પાદક છે. આહાહા! આત્મા અખંડ આનંદ પ્રભુ એનું જ્ઞાન અને એ જ્ઞાનસ્વરૂપ એવી શ્રદ્ધા, એનું જ્ઞાન ને રમણતા એ ત્રણે જ્ઞાન કહેવાય. જ્ઞાનસ્વરૂપ ભગવાન એનું શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર—ત્રણે જ્ઞાન. એ જ્ઞાન मोख अंकुर है.. મોક્ષની ઉત્પત્તિનું કારણ એ જ્ઞાનસ્વભાવ છે. करम जगतकौ मूल.— અને રાગ તો સંસારનું મૂળ છે. આહાહા! પુણ્યને સંસારનું મૂળ કહેતાં રાડ નાંખે માળા. મોક્ષનો ઉપાય છે. બંધનો ઉપાય નથી. હવે એવો અર્થ કરે 'પુરુષાર્થ સિદ્ધિ'માં. અરે ભગવાન! એની સામે જવાબ આપ્યો છે હોં. હા, એક ઠેકાણે આપ્યું છે. ખોટી વાત છે. બીજે ઠેકાણે. એમાં નહીં પેલામાં. પેલામાં આવ્યું છે જૈનસંદેશમાં. ભૂલ છે એ વાત. મોક્ષનો ઉપાય બંધ હોઈ શકે જ નહીં. એમ તો જવાબ દેનારા હવે સ્થૂળપણે તો છે ને. હવે તો બધાંયને.....

ग्यान चेतनाके जगै, प्रगटै केवलराम.. જ્ઞાનચેતના... પુણ્ય-પાપના રાગ તે કર્મચેતના અને એના ફળને ભોગવવું એ કર્મફળચેતના, એનાથી રહિત તે જ્ઞાનચેતના. ग्यान चेतनाके जगै.. એ ચોથે ગુણસ્થાને આ જ્ઞાનચેતનાની વાત છે. પૂર્ણ જ્ઞાનચેતના તેરમે. प्रगटै केवलराम.. આહાહા! આતમારામ. શુદ્ધ પરમાત્મા પ્રગટ હોતા હૈ. અંતર જ્ઞાનની કળાથી—સમ્યગ્જ્ઞાનની કળાથી, જેમ બીજ હોય ને પૂનમ થાય, એમ સમ્યગ્જ્ઞાનની કળાથી પરમાત્મા થાય છે. રાગની કળાથી ને વ્યવહારથી નહીં, એમ કહે છે. कर्म चेतनामैं बसे कर्मबंध परिनाम.. રાગના પરિણામ છે એ કર્મચેતના છે. એ તો કર્મબંધના પરિણામ છે. એ કાંઈ આત્માના અબંધપરિણામ નથી. બંધના પરિણામ અને ચૈતન્યના પરિણામ ભિન્ન છે. ચેતનના વીતરાગી પરિણામથી મુક્તિ થાય. રાગના પરિણામથી તો બંધ થાય.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૩૮, શ્રાવણ વદ ૧૩, બુધવાર તા. ૧૮-૮-૧૯૭૧
## સર્વવિશુદ્ધિ દ્વાર પદ ૮૮ થી ૯૨ ઉપર પ્રવચન

આ સમયસાર નાટક, સર્વવિશુદ્ધિ દ્વાર. આત્મા પરમ આનંદનો નાથ પ્રભુ શુદ્ધ છે. એમાં અનાદિકાળથી કર્મના નિમિત્તના સંબંધે એમાં જે વિકાર ભાસે છે એ એનું સ્વરૂપ નથી. એ તો ઉપાધિ થયેલી છે. તેથી કહે છે કે કર્મ અને જ્ઞાનમાં ભિન્ન ભિન્ન પ્રભાવ. છે ને? ૮૮. આત્મજ્ઞાનનો પ્રભાવ ભિન્ન છે અને કર્મના નિમિત્તનો પ્રભાવ—બેય ચીજ તદ્દન જુદી છે.

કર્મ અને જ્ઞાનનો ભિન્ન ભિન્ન પ્રભાવ (ચોપાઈ)

जबलग ग्यान चेतना न्यारी ।
तबलग जीव विकल संसारी॥
जब घट ग्यान चेतना जागी।
तब समकिती सहज वैरागी॥८८॥
सिद्ध समान रूप निज जानै।
पर संजोग भाव परमानै॥
सुद्धातम अनुभौ अभ्यासै।
त्रिविधि कर्मकी ममता नासै॥८९॥

**અર્થ :—**જ્યાંસુધી જ્ઞાનચેતના પોતાથી ભિન્ન છે અર્થાત્ જ્ઞાનચેતનાનો ઉદય થયો નથી ત્યાં સુધી જીવ દુઃખી અને સંસારી રહે છે અને જ્યારે હૃદયમાં જ્ઞાનચેતના જાગે છે ત્યારે તે પોતાની મેળે જ જ્ઞાની વૈરાગી થાય છે. ૮૮. તે પોતાનું સ્વરૂપ સિદ્ધ સમાન શુદ્ધ જાણે છે અને પરના નિમિત્તે ઉત્પન્ન થયેલા ભાવોને પર-સ્વરૂપ માને છે. તે શુદ્ધ આત્માના અનુભવનો અભ્યાસ કરે છે અને ભાવકર્મ, દ્રવ્યકર્મ તથા નોકર્મને પોતાના માનતો નથી. ૮૯.

**अर्थ :—**जब तक ज्ञानचेतना अपनेसे भिन्न है, अर्थात् ज्ञानचेतनाका उदय नहीं हुआ है, तबतक जीव दुःखी और संसारी रहता है, और जब हृदयमें ज्ञानचेतना जागती है, तब वह अपने आप ही ज्ञानी वैरागी होता है॥८८॥ वह अपना स्वरूप सिद्ध सदृश जानता है, और परके निमित्तसे उत्पन्न हुए भावोंको पर स्वरूप मानता है। वह शुद्ध आत्माके अनुभवका अभ्यास करता है और भावकर्म द्रव्यकर्म तथा नोकर्मको अपने नहीं मानता॥८९॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

जबलग ग्यान चेतना.. ભારી પણ હોય અને ન્યારી, બેય શબ્દ આવે છે. હા, નીચે છે. એટલે શું? કે પોતાનો આનંદ અને જ્ઞાનસ્વભાવ જ્યાં સુધી એને અનુભવમાં અને દૃષ્ટિમાં આવ્યો નથી, ત્યાં સુધી જ્ઞાનચેતના પોતાના સ્વરૂપથી ભિન્ન રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવમાં ચેતાઈ ગયેલી હોય છે. સમજાણું? जब तक ज्ञानचेतना अपनेसे भिन्न है अर्थात् ज्ञानचेतनाका उदय नहीं हुआ है. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવી અંતરદૃષ્ટિનો અનુભવ જબલગ—જ્યાં સુધી ન હોય તબલગ એ કર્મચેતના છે. પુણ્ય અને પાપના વિકલ્પો એને ચેતે છે, એને એકત્વ માને છે. તબલગ જીવ વિકલ—મૂરખ અને સંસારી છે. દુઃખી અને સંસારી છે. પોતાનો સ્વભાવ, ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન એનું સ્વરૂપ છે. એમ અંતરમાં દૃષ્ટિથી વિકાસ જ્યાં સુધી ન કરે, ત્યાં સુધી એ પુણ્ય અને પાપના વિકલ્પની એકતામાં દુઃખી છે. બરાબર હશે? ક્યાં આમાં દુઃખ લાગે? આમાં તો બહારમાં ક્યાંય દુઃખ લાગતું નથી. (શ્રોતા : .....) ક્યાં દેખાય છે? છોકરો રળે છે. બંગડીમાં પૈસા પેદા થાય છે. મોટા ઘરના મકાન થયા. હવે દુઃખ ક્યાં આમાં દેખાય છે? અંદર રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના જે વિકલ્પો—વૃત્તિઓ છે એ દુઃખ છે. આહાહા!

ભગવાન આનંદસ્વરૂપ હોવા છતાં એના જ્ઞાનની અંતરની એકાગ્રતાનું ભાન ન થાય ત્યાં સુધી એને પુણ્ય અને પાપના રાગ સાથે એકતાબુદ્ધિ છે. એ દુઃખી અને એ સંસારી છે. આહાહા! સમજાય છે કાંઈ? जबलग ग्यान चेतना न्यारी.. એટલે કે આત્માના જ્ઞાનની એકાગ્રતાથી ભિન્ન જ્ઞાનચેતના જુદી પડે છે. રાગ અને પુણ્ય ને પાપમાં જોડાઈ જાય છે. આહાહા! તબલગ તો જીવ વિકલ—દુઃખી છે. આ રાજા દુઃખી, રંક દુઃખી, કીડા દુઃખી, કુંજર દુઃખી, એ દેવ દુઃખી. શેઠ! દેવ દુઃખી અને શેઠ દુઃખી. આત્મા.. જુઓ. શેઠ! સૌને દેવ ઠરાવે છે આ મફત. આ ક્ષેત્રના મોટાં માણસો કહેવાયને એમ કે દેવ કહેવાય એ, એમ. આહા! પ્રભુ આત્માની દિવ્ય શક્તિ આનંદ અને જ્ઞાન એનું જેને અંતરમાં એકાગ્રપણું અને ભાન નથી, એ બધા શુભ અને અશુભ રાગમાં (કે જે) કર્મચેતના છે, એ વિકારરૂપી કાર્યમાં ચેતાઈ ગયેલા પ્રાણી અનાદિના દુઃખી છે અને એને સંસારી કહીએ. સમજાણું કાંઈ? આહાહા!

जब घट ग्यान चेतना जागी.. જ્યારે ઘટ—દેહની અંદરમાં ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે એમ અંતરમાં જ્ઞાન સમ્યક્દર્શન થયું. જેને પ્રતીતમાં આત્મા આનંદ અને જ્ઞાન છે એવું જ્ઞાન ભાન થઈને પ્રતીતિ થઈ, ચેતના જાગી.

'જાગીને જોઉં તો જગત દીસે નહીં'. અંતરમાં હોં. જગત જગતમાં છે. 'ઊંઘમાં અટપટા ખેલ દેખે.' અજ્ઞાનમાં. અરે! ચૈતન્ય મહારાજ ભગવાન પ્રભુ એને જાણ્યા વિના, જોયા વિના, સ્વીકાર વિના, એકતા વિના એને રાગની અને પુણ્યની ચાહે તો વ્રત-તપ આદિ રાગ હો, પણ એમાં એકતા છે એ દુઃખ છે અને એ સંસારી પ્રાણી છે એમ કહે છે. ચાહે તો નગ્ન સાધુ થઈને બેઠો હોય બહારથી. સમજાય છે ? પણ અંદરમાં એ દયા-દાન-વ્રત વિકલ્પ છે તે કર્તવ્ય છે, એ મારું કર્તવ્ય છે (એમ) એમાં એની એકતા છે, એ દુઃખી અને સંસારી છે. આહાહા ! કહો, સમજાણું કાંઈ ?

**जब घट ग्यान चेतना जागी..** પણ જ્ઞાનસ્વરૂપ અને આનંદમૂર્તિ હું આત્મા અનાદિ-અનંત (છું) એવું અંતરમાં ભાન અને જ્ઞાનની જાગૃતિ થઈ તબ સમકિતી—ત્યારે સાચા શ્રદ્ધાવાળો અને સાચા ભાનવાળો સહજ વૈરાગી. એટલે રાગ અને પરથી તેનો સ્વાભાવિક વૈરાગ્ય હોય છે. અજ્ઞાનીને રાગમાં એકતા છે. જ્ઞાનીને રાગથી વિરક્તતા—વૈરાગ્ય છે, એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? આ ૩૨મો કળશ છેને એ. નીચે ૩૨ છેને કળશ. એનું (૫૬) છે એ.

**कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः।**
**परिहृत्य कर्म सर्व परमं नैष्कर्म्यमवलम्बे॥३२॥**

---

**સમયસાર કળશ અર્થ :—**કર્મચેતનારૂપ તથા કર્મફળચેતનારૂપ છે જે અશુદ્ધ પરિણતિ તેને મટાડવાનો અભ્યાસ કરે છે : ''परमं नैष्कर्म्यम् अवलम्बे'' હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જીવ છું, સકળ કર્મની ઉપાધિથી રહિત એવું મારું સ્વરૂપ મને સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદમાં આવે છે. શું વિચારીને? ''सर्वं कर्म परिहृत्य'' જેટલું દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ છે તે સમસ્તનું સ્વામિત્વ છોડીને. અશુદ્ધ પરિણતિનું વિવરણ—''त्रिकालविषयं'' એક અશુદ્ધ પરિણતિ અતીત કાળના વિકલ્પરૂપ છે જે 'મેં આમ કર્યું, આમ ભોગવ્યું' ઇત્યાદિરૂપ છે; એક અશુદ્ધ પરિણતિ આગામી કાળના વિષયરૂપ છે જે 'આમ કરીશ, આમ કરવાથી આમ થશે' ઇત્યાદિરૂપ છે; એક અશુદ્ધ પરિણતિ વર્તમાન વિષયરૂપ છે જે 'હું દેવ, હું રાજા, મારે આવી સામગ્રી, મને આવું સુખ અથવા દુઃખ' ઇત્યાદિરૂપ છે. એક આવો પણ વિકલ્પ છે કે : ''कृतिकारितानुमननैः'' (कृत) જે કંઈ પોતે હિંસાદિ ક્રિયા કરી હોય; (कारित) જે, અન્ય જીવને ઉપદેશ દઈને, કરાવી હોય; (अनुमननैः) જે, કોઈએ સહજ જ કરેલી ક્રિયાથી સુખ માનવું હોય. તથા એક આવો પણ વિકલ્પ છે કે : ''मनोवचनकायैः'' મનથી ચિંતવવું, વચનથી બોલવું, કાયાથી પ્રત્યક્ષપણે કરવું. આવા વિકલ્પોને પરસ્પર ફેલાવતાં ઓગણપચાસ ભેદ થાય છે, તે સમસ્ત જીવનું સ્વરૂપ નથી, પુદ્‌ગલકર્મના ઉદયથી થાય છે. ૩૨

---

આહાહા! કહે છે કે **सिद्ध समान रुप निज जानैं..** આહા ! પુણ્યના ભાવ દયા-દાન-

વ્રત-તપ-પૂજા આદિનો વિકલ્પ—વૃત્તિ—રાગ એમાં જ્યાં સુધી બુદ્ધિ, રુચિ, કર્તાપણું છે ત્યાં સુધી એ દુઃખી સંસારી છે. સિદ્ધ... જ્યારે જ્ઞાનચેતના જાગી, હું તો જ્ઞાન અને આનંદ સચ્ચિદાનંદ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છું એવું અંતરમાં દૃષ્ટિમાં સમ્યક્દર્શનમાં ભાસ્યું, ત્યારે તે પુણ્ય ને પાપના બેય રાગથી સ્વાભાવિક વૈરાગ નામ વિરક્ત હોય છે. સમજાણું કાંઈ ? આહાહા ! ત્યારે એ સુખી છે એમ કહે છે.

सिद्ध समान रुप निज जानैं.. ઓહો ! મારી ચીજ તો એકલી સિદ્ધ જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતા, સ્વચ્છતાના સાગરનો આખો આત્મા મોટો દરિયો છે. એવી ચૈતન્ય સ્વભાવની શક્તિની પ્રતીત અને અનુભવ થયો, એ સહજ વૈરાગી છે. પૂર્ણ સ્વરૂપનું ભાન અને રાગથી વૈરાગ્ય. સમજાય છે કાંઈ? બે વાત લીધી જુઓ! तब समकिती.. એટલે ? જ્ઞાનચેતના જાગી. 'હું તો જ્ઞાન.. જ્ઞાન...' વાત તો ભઈ ઝીણી છે, પણ માર્ગ તો આ છે. સુખી થવાનો પંથ, આત્મા આનંદમૂર્તિ તેમાં એકાગ્ર થઈને અનુભવ કરવો એ સુખી થવાનો પંથ છે. બાકી બધા દુઃખના રસ્તા—દુઃખના પંથમાં દોરાઈ ગયા છે. આકરું લાગે.

सिद्ध समान रुप निज जानैं.. અજ્ઞાની રાગની એકતામાં સંસારી અને દુઃખી હતો. જ્ઞાની સ્વભાવની એકતામાં રાગનો વૈરાગ્ય હતો, તેથી તે સિદ્ધ સમાન પોતાના સ્વરૂપને જાણે છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો', આવે છે ને. 'ચેતન રૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો. જ્ઞાનકલા ઉપજી અબ મોહિ, કહું ગુણનાટક આગમ કેરો, તાસુ પ્રસાદ સધૈ સિવ મારગ, વેગે મિટૈ ઘટ વાસ બસેરો'. શું કહે છે ? ચેતનરૂપ... હું તો ચેતન જ્ઞાનાનંદ જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવવાળો છું. આહાહા! આ ક્રિયા કરું ને બીજાને સમજાવું ને એવો વિકલ્પ એ મારામાં નથી. આહાહા! સમજાણું કાંઈ? એ વાત છે ભાઈ. (શ્રોતા : સંસારખાતું..) સંસારખાતું બંધ. સ્વભાવમાં સંસાર, રાગ છે જ નહીં. ચૈતન્યસ્વભાવનું ભાન થયું ત્યાં સિદ્ધ સમાન છે. આહાહા! સમજાણું કાંઈ ?

सिद्ध समान रुप निज जानैं.. પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણે. પરમાત્મા અશરીરી 'નમો લોએ સવ્વ સિદ્ધાણં.' એ સિદ્ધ ભગવાન છે એવો જ હું છું. આહાહા! એમ જ્ઞાની—ધર્મી—સમકિતી સુખના પંથે વળેલો, ઢળેલો એમ આત્માને સિદ્ધ સમાન જાણે. આહાહા! પામર ને રાગવાળો ને સંસારી એમ સમકિતી (પોતાને) ન જાણે. આહાહા! ભારે ! અબદ્ધસ્પૃષ્ટ આત્મા છે. રાગ અને કર્મથી બંધાયેલી ચીજ જ નથી. એવી રાગ અને કર્મથી ભિન્ન પડીને 'णाण सहाव अधियं मुणदि आदं'. આહાહા! ૩૧ ગાથા. 'સમયસાર'. ચૈતન્યનો પિંડલો હું તો છું. એમાં આવે ને વણાય તો આનંદ અને શાંતિ આવીને વણાય.

એમાં કાંઈ દુઃખ થાય અને આકુળતા એ સ્વરૂપમાં છે નહીં. આહાહા ! સમજાણું કાંઈ ?

पर संजोग भाव परमानै.. નિજ જાણે અને પર માને. બે વાત. ધર્મીજીવ પર સંયોગીભાવ—કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થયેલા દયા-દાન-વ્રત-ભક્તિ આદિના ભાવને પર માને. બાયડી-છોકરા ને કુટુંબ ને મકાન, પૈસા એ તો ક્યાંય રહી ગયા. આહાહા! કહો, શેઠ! આ અમારા પૈસા છે ને આ અમારા લાલચંદજી છે ને આ અમારા મકાન છે. (શ્રોતા : પ્રત્યક્ષ તો દિખતા હૈ) એ પ્રત્યક્ષ દિખતા હૈ મૂઢને, એમ કહે છે. એનો ભગવાન અંદર પ્રત્યક્ષ છે એવો એને ભાસતો નથી, એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

पर संजोग भाव परमानै.. આહા ! ધર્મી જીવને પોતાનું સ્વરૂપ તો સિદ્ધ સમાન જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ ભાસે ત્યારે એને ધર્મી કહેવામાં આવે. આ વ્રત ને તપ ને પૂજા ને ભક્તિ કરે માટે ધર્મી છે, એમ નથી. એ તો રાગ છે. શેઠી ! આહાહા! રાગવાળો છું એમ જ્યાં સુધી માન્યતા છે ત્યાં કર્મચેતના ઉભી છે (અને) જ્ઞાનચેતનાનો જ્યાં નાશ છે. આહાહા! એ પંડિતજી ! એ વાત..... પણ સંસારમાં રહીને આવું જ્ઞાન થાય ? સંસારમાં છે જ નહીંને, કહ્યુંને ? રાગમાં આત્મા નથી અને આત્મામાં રાગ નથી. પછી સંસાર ક્યાં રહ્યો ? આહાહા! કર્મના સંયોગથી સંયોગીભાવ છે એને તો પર જાણે છે, એ પોતાની ચીજમાં એને મેળવતો નથી, એનો સ્વામી થતો નથી, એને ધર્મી કહીએ. આહાહા! સમજાણું કાંઈ ? पर संजोग भाव परमानै.. કર્મના નિમિત્તથી ઉત્થાન વૃત્તિઓનું થાય શુભાશુભનું, એને ધર્મી પર માને. એનો સ્વામી કર્મ-પુદ્ગલ છે, હું નહીં. આહાહા! સમજાણું કાંઈ ?

सुद्धातम अनुभौ अभ्यासै.. ધર્મીનો અભ્યાસ તો શુદ્ધ અનુભવ કરે એ એનો અભ્યાસ છે. રાગ કરવું ને રાગમાં એકતા થવું એ અભ્યાસ ધર્મીનો નથી. આહાહા ! તો સંસારના કામ સરખા વ્યવસ્થાએ કરવા એ ધર્મીનું કર્તવ્ય નથી. અજ્ઞાની એને માને છે. કહો, સમજાણું કાંઈ ? આહાહા ! सुद्धातम अनुभौ अभ्यासै.. સુખી થનાર ધર્મી સુખસ્વરૂપ ભગવાન આત્મા, એની દૃષ્ટિ અંતરમાં આનંદના નિધાન ઉપર હોવાથી એ શુદ્ધનો અભ્યાસ કરે છે, અશુદ્ધનો નહીં એમ કહે છે. આહાહા! જુઓને, કઈ શૈલીએ વાત કરે છે! કહો, જયસુખભાઈ! આવો ધર્મ છે ભારે, લ્યો. એ નિરંજન! ક્યાં ન્યાં હતું ન્યાં ? અમેરિકામાં શું હતું ? હોળી હતી બધી રાગની, દુઃખી થવાની. પાંચ વર્ષ રહી આવ્યો છે ને ? અમેરિકામાં ગયો હતો. આપણા હિંમતભાઈ નથી આ મુંબઈ ? જોબાલિયા વાંચનારા પંડિત તેનો દીકરો. હિંમતભાઈ નથી ? આ ચંદુભાઈના કાકા, એનો દીકરો. લખતો હોં કે આહીં સુખ નથી, એમ લખતો ત્યાં. કોઈવાર કાગળમા લખતો. આહા ! ધૂળેય નથી ભાઈ! તને ખબર

નથી. એ ભણતર બધા રાગવાળા ને દુઃખવાળા છે. સમજાણું ? એમાં વિકલ્પની લાગણીઓ માટે દુઃખરૂપ અને એ તો સંસારદશા છે. આહાહા !

ભગવાન આત્માનું ભણતર.. ઓલો કહે છેને? આપણે છેને દિલીપ જાદવજીભાઈનો. જયંતિભાઈ છે કે નહીં ગયા? જયંતિભાઈનો દીકરો. છે ? એનો દીકરો છે નહીં ૧૨ વર્ષનો ? ૧૩મું બેઠું. એ કહે છે કે ભણવું હવે ભણતર ભણતર આ તો.. એનો બાપ કહે છે, ચાલ ભણવા. હવે ભણ્યા હવે. એવા ભણતર તો અનંતવાર કર્યા. કેમ ભણતર કાંઈ યાદ નથી ? એમ કહે છે. ભણ્યું સાચું હોય તો યાદ રહેવું જોઈએને. એ તો બધા ખોટે ખોટા ગપ્પ માર્યા છે, કહે. આહા ! એ ભણતર કેવા ? એમ કહે છે. અને અમારે એક આ પ્રવીણનો છોકરો નહોતો બેસતો આહીં? લખતો નહીં આહીં ? પ્રવીણભાઈ. એ છોકરોય એવું બોલેલો. ભાઈ કહે કે ભણવા. પણ હવે ભણ્યા શું ? ભણી ભણીને આ પાપ કર્યા કરતાં મારે વિરક્તિ લઈને બેસવું ઠીક લાગે છે. મેં કીધું, એ બધા બાપ છે એ દીકરાને માટે ધૂતારાની ટોળી અને દીકરો છે એ બાપને માટે ધૂતારાની ટોળી છે બધી. એને સખ ન આવવા દે. હા, આવી હતીને એ.

બાપ કહે, પણ તને આ પાળી પોષીને મોટો કર્યો છે, મોટો થા. કમાવ એના માટે તને આ કર્યું છે. અને તું ભાવ કરીને મરીને ક્યાં જાય એ અમારે આહીં ક્યાં સ્નાન છે? તું મરી જાય આમ તો સ્નાન આવે કે હા.. રળનારો ગયો. તું મરીને ક્યાં જાય એનું સ્નાન આહીં ક્યાં છે ? (શ્રોતા : તો શેનું સ્નાન છે ?) એનું, ઓલો રળનારો જાય એનો સ્વાર્થ છે એનું સ્નાન છે. એ મરી ગયો ને ક્યાં ગયો દુઃખમાં, એનું એને સ્નાન નથી (કે) જે રડે. આહા ! (શ્રોતા : .....) ના, ના, મરીને બચારો ક્યાંય ઢોરમાં ગયો હોય. જુવાન માણસ હોય, વિષયના રસ હોય, આબરુ કાઢવાનો ભાવ હોય. બીજાથી અધિક થઈને કાંઈ રહેવું જીવનમાં, એવો ભાવ હોય, એ તો મરીને ઢોરમાં જાય. કાં ઈયળમાં, કાં કીડીને કાં મંકોડાને કાં પશુ કે ઊંટ ને ગધેડામાં જાય. બિચારા માંસ-બાંસ ન ખાતા હોય એટલે નરકમાં ન જાય, એમ. કહો, સમજાણું કાંઈ ?

આહીં તો કહે છે, અજ્ઞાની સંયોગી વિકલ્પને પોતાના માને છે તે દુઃખી અને સંસારી છે. ધર્મી પરસંયોગીભાવને પોતાના ન માનતો, હું સિદ્ધ સમાન જ્ઞાતા-દૃષ્ટા છું એમ જાણતો, સુખી અને તે સિદ્ધ છે. ઓલો દુઃખી અને સંસારી છે. ભાઈ, એમ લીધું છે આમાં. સામે સામે લીધું છે. આ સમ્યક્દર્શન થયું એટલે સિદ્ધ, સુખી અને સિદ્ધ છે. જેને આત્માનું ભાન નિજકળા ખીલી. આહાહા! ચિદાનંદ ભગવાન આત્મા એને અંતરમાં જ્ઞાનનો ભાવ જાગ્યો અને ઉઠ્યો, એ કહે છે કે સિદ્ધ છે એ સુખી છે. આહાહા! શેઠી ! છ ખંડનાં રાજમાં પડ્યો

સમકિતી, પણ એ રાજમાં નથી અને રાગમાંય નથી આહાહા! સચ્ચિદાનંદ નિર્મળ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જે આત્મા જોયો અને અનુભવ્યો, એવો જે જોવે અને જાણે છે, એ સિદ્ધ સમાન છે અને સુખી છે. મૂલચંદભાઈ! આ બધા બહારની ક્રિયાકાંડ કરનારા, વ્રત ને દયા ને વ્રત અમે પાળીએ ને તપસ્યા અમે કરીએ ને. એ બધા રાગના કર્તા અને રાગની ક્રિયાના ધણીઓ એ સંસારી અને દુઃખી છે. આહાહા! સમજાણું કાંઈ?

सुद्धातम अनुभौ अभ्यासै.. 'नैष्कर्म्यमवलंबे' છે એનું આવ્યું. त्रिविधि कर्मकी ममता नासै. દ્રવ્યકર્મ—જડ, ભાવકર્મ—પુણ્ય-પાપના વિકલ્પ, નોકર્મ—વાણી અને શરીર.— એ ત્રણેનો, આત્મા શુદ્ધસ્વરૂપનો અંતર અનુભવમાં ત્રણેયનો નાશ થાય છે. કહો, સમજાણું કાંઈ? કોઈ અપવાસ કરે ને વ્રત પાળે ને નાશ થાય એમ છે નહીં, એમ કહે છે. ભારે! त्रिविधि कर्मकी ममता नासै. ज्ञानीकी आलोचना. પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન બેય થઈ ગયા. ઓલું આલોચનાનું આવ્યું હવે. નીચે છેને. 'यदहमकार्ष यदहमचीकरं यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति' આમ તો મિચ્છામિ દુક્કડં ઘણા લીધા પડિક્કમણા સંવત્સરી આડે. એ રાડેરાડ બધા ભેગા થઈને. મિચ્છામિ દુક્કડં.. મિચ્છામિ દુક્કડં... એ મિચ્છામિ દુક્કડં નહિ હવે. એ તો વાણી જડ છે. એમાં વિકલ્પ ઉઠે કે મિચ્છામિ દુક્કડં એ પુણ્ય ને રાગ છે. એ મિચ્છામિ દુક્કડં નહીં. સાંજ-સવાર કર્યા હશે ને પડિક્કમણાં કે નહીં? ઉના પાણી પીને પીને. મિચ્છા તો સત્યસ્વરૂપ... જુઓ એ આવે છે.

જ્ઞાનીની આલોચના (દોહરા)

ग्यानवंत अपनी कथा, कहै आपसौं आप।
मैं मिथ्यात दसाविषै, कीने बहुविधि पाप॥९०॥

**અર્થ :—**જ્ઞાની જીવ પોતાની કથા પોતાને કહે છે, કે મેં મિથ્યાત્વની દશામાં અનેક પ્રકારના પાપ કર્યાં. ૯૦.

**अर्थ :–**ज्ञानी जीव अपनी कथा अपनेहीसे कहता है, कि मैंने मिथ्यात्वकी दशामें अनेक प्रकारके पाप किये॥९०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આલોચના કરે છે આ. ग्यानवंत अपनी कथा. હું તો ચૈતન્ય શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ. એ વ્રતના વિકલ્પ ને તપનો વિકલ્પ ને પૂજાનો રાગ, એ મારી ચીજમાં છે નહીં. એવો જ્ઞાની પોતાની કથા પૂર્વની જાણે અને કહે છે. कहै आपसौ आप मैं मिथ्यात दसाविषैं. અરે,

મેં ભ્રમણામાં પુણ્ય-પાપના પરિણામની વિકારી ક્રિયા મારી (માની), એમાં दसा कीने बहुविधि पाप.. ઘણા પાપ કર્યા. સમજાણું કાંઈ ? એમ આલોચન કરે છે. એ પાપ અને પુણ્ય એ મારી ચીજ નહીં. એને મેં કરીને મારા માન્યા, એ મિથ્યાત્વમાં ઘણા પાપ મેં કર્યા હતા. આહાહા! મિચ્છામિ દુક્કડં એમ કહે અને એ વિકલ્પ અને વાણી મારી છે... એ એમ કહે છે કે મેં આવા પાપ કર્યા હોં. મને મારી ચીજની ખબર નહોતી. હું એક સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી મારી જાત, સિદ્ધની હોડમાં બેસનારો હું, સિદ્ધની સંખ્યામાં બેસનારો હું, એ આ સંસારીની સંખ્યામાં મેં મિથ્યાભાવે વિકાર કર્યા. આહાહા! સમજાણું કાંઈ ?

कीने बहुविधि पाप, લો. પાછા એક પ્રકાર નહીં, ઘણા પ્રકાર, એમ. પુણ્ય ને પાપ બધા પાપ છે હોં અહીંયા. આહાહા! એકકોર ચૈતન્યરામ અને એકકોર પુણ્યની વિકલ્પથી માંડીને આખું ગામ એટલે લોક—બે તદ્દન જુદી ચીજ છે. (શ્રોતા : જ્ઞાનીની આ વાતું છે?) જ્ઞાનીની આ વાત છે. અજ્ઞાની તો રાગને પોતાનું માને છે, સંસારી ને દુઃખી છે. એમ તો વાત છે. સમજાણું કાંઈ ? આહાહા! આમ પાંચ-પાંચ લાખ પેદા કરતા હોય મહિનાના અને હુંફની ભાત પડે આમ, આહાહા! આઠ-આઠ દીકરાઓ હોય પાંચ-પાંચ હાથ ચાર હાથનાં લાંબા, એક-એક દીકરો ત્રણ-ત્રણ લાખ બબ્બે લાખ પેદા કરતો હોય ને બાપુજી.. બાપુજી.. બાપુજી. આહા! મૂઢ છે, કહે છે માળા સાંભળને. દુઃખી.. દુઃખી.. દુઃખી. એય, મૂલચંદભાઈ ! તમારા બે ગયા છે ને અમેરિકામાં ? એના બે ગયા છે ત્યાં. મળ્યા છો તમે ? (શ્રોતા : હા. એ અમારી બાજુમાં રહે છે) એમ ? કહો, સમજાણું કાંઈ ? આહાહા !

અમેરિકાથી ઉતરે એટલે બીજાને એમ લાગે કે આહા! આ તો કોઈ દૈવમાંથી ઉતર્યો. આ ભણીને ટોપો પહેરતો હોયને બધો ઓલો અને હાથમાં લાકડી એક નાની-નાની. નાની લાકડી એક રાખે આમ. અને ઉતર્યો તો દૈવમાંથી આવ્યો. દુઃખીના ડાળિયા છે, સાંભળને હવે! આ તમારો દીકરો ગયો હતો પૌત્ર. છે કે નહીં ? (શ્રોતા : પાલીતાણે ગયો). પાલીતાણે ગયો. આ શાંતિભાઈનો દીકરો એય ગયો હતો. પણ એને એમ થઈ જાય કે આહાહા! કેટલું ભણ્યા ? આ બધા બડથોલ જેવા આ બધા આ કાઠિયાવાડી ને ગુજરાતી. મોટો દુઃખી છો, તને ખબર નથી. આહાહા ! દુઃખનાં દરિયે ડૂબકાં માર્યાં છે તેં બધા. રાગ અને વિકલ્પનાં પરિણામમાં અંદરમાં એકાકાર થઈને દુઃખને દરિયે ડહોળાઈ ગયો છે એ. આહાહા!

અરે! જાતનું ભાન ન મળે. હું તો એ વિકલ્પ ને ક્રિયાઓ જડની એનાથી પાર છું. મારી ચીજમાં સંસારનો સ્પર્શ નથી આહાહા! આ તે કંઈ વાત છે ! દીપ સમાન, કીધું ને ભાઈ. ઉદયનો સ્પર્શ મને નથી. આહાહા! આ તે કંઈ વાત છે! એ તો પુરુષાર્થની

અનંતગુણી જાગૃતિ છે. અમરચંદભાઈ! આહાહા! સમ્યક્દર્શન એટલે અનંત પુરુષાર્થની જાગૃતિનો ભાવ. આહાહા! ચૈતન્યમૂર્તિ આત્મા એ જ્ઞાનની અનંત ગુણની ખાણને જેણે કબ્જે પ્રતીતમાં લઈ લીધી. આહા ! અજ્ઞાનીએ રાગ ને પુણ્યના ભાવ ને પાપના ભાવને પ્રતીત કરીને કબ્જે કર્યો વિકાર. વિકાર નીકળશે મિથ્યાત્વ. આહાહા! સમજાણું કાંઈ ? मैं मिथ्या दसाविषै कीने बहुविधि पाप. હવે ૩૩મું. ૩૩મો કળશ છે ને નીચે.

मोहाधदहमकार्ष समस्तमपि कर्म तत्प्रतिक्रम्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते॥३३॥

**સમયસાર કળશ અર્થ :—**''अहम् आत्मना आत्मनि वर्ते'' (अहम्) ચેતનામાત્ર સ્વરૂપ છું જે 'હું' વસ્તુ, તે હું (आत्मना) પોતાથી (आत्मनि वर्ते) રાગાદિ અશુદ્ધ પરિણતિ ત્યાગીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં અનુભવરૂપ પ્રવર્તું છું. કેવો છે આત્મા અર્થાત્ પોતે? ''नित्यम् चैतन्यात्मनि'' (नित्यम्) સર્વ કાળ (चैतन्यात्मनि) જ્ઞાનમાત્રસ્વરૂપ છે. વળી કેવો છે? ''निष्कर्मणि'' સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છે. શું કરતો થકો આમ પ્રવર્તું છું? ''तत् समस्तं कर्म प्रतिक्रम्य'' પહેલાં કર્યું હોય જે કાંઈ અશુદ્ધપણારૂપ કર્મ તેને પ્રતિક્રમીને—ત્યાગીને. કયું કર્મ? ''यत् अहम् अकार्ष'' જે પોતે કર્યું હોય. શા કારણથી? ''मोहात्'' શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ હોઈને કર્મના ઉદયે આત્મબુદ્ધિ હોવાથી. ૩૩.

વળી— (સવૈયા એકત્રીસા)

हिरदै हमारे महा मोहकी विकलताई,
तातैं हम करुना न कीनी जीवघातकी।
आप पाप कीनैं औरनिकौं उपदेस दीनैं,
हुती अनुमोदना हमारे याही बातकी॥
मन वच कायामैं मगन ह्वै कमाये कर्म,
धाये भ्रमजालमैं कहाये हम पातकी।
ग्यानके उदय भए हमारी दसा ऐसी भई,
जैसैं भानु भासत अवस्था होत प्रातकी॥९१॥

**અર્થ :—**અમારા હૃદયમાં મહા મોહજનિત ભ્રમ હતો, તેથી અમે જીવો પર દયા ન કરી. અમે પોતે પાપ કર્યા, બીજાઓને પાપનો ઉપદેશ આપ્યો અને કોઈને પાપ કરતા જોયા તો તેનું સમર્થન કર્યું. મન, વચન, કાયાની પ્રવૃત્તિના નિજત્વમાં મગ્ન થઈને કર્મબંધ કર્યા અને ભ્રમજાળમાં ભટકીને અમે પાપી કહેવાયા. પરંતુ જ્ઞાનનો ઉદય થવાથી અમારી એવી અવસ્થા થઈ ગઈ, જેવી સૂર્યનો ઉદય થવાથી પ્રભાતની થાય છે—અર્થાત્ પ્રકાશ ફેલાઈ જાય અને

અંધકાર નષ્ટ થઈ જાય છે. ૯૧.

**अर्थ :**–हमारे हृदयमें महा मोहजनित भ्रम था, इससे हमने जीवों पर दया नहीं की। हमने खुद पाप किये, दूसरोंको पापका उपदेश दिया, और किसीको पाप करते देखा, तो उसका समर्थन किया। मन-वचन-कायकी प्रवृत्तिके निजत्वमें मग्न होकर कर्मबन्ध किये और भ्रमजालमें भटककर हम पापी कहलाये, परंतु ज्ञानका उदय होनेसे हमारी ऐसी अवस्था हो गई, जैसे कि सूर्यका उदय होनेसे प्रभातकी होती है—अर्थात् प्रकाश फैल जाता है, और अंधकार नष्ट हो जाता है।।९१।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આ સૂક્ષ્મ વાત છે હોં જરી. આ બટાટા ને શક્કરકંદ ને. કંદમૂળ ને છેને એ બધા જીવની ઘાત કરી અને માન્યું નહીં કે આ જીવ છે. અજ્ઞાનનાં વેગમાં. સમજાણું કાંઈ? જ્ઞાની વિચારે છે કે અરેરે ! જ્યારે અમે અજ્ઞાનમાં હતા. ત્યારે આ બટાટાની આમ ઝીણી ઝીણી પતરીઓ કરી ઘીમાં તળી ને કડકડ કરતા ખાતા. એ જીવના ઘાતનો અમે વિચાર કર્યો નહીં, એમ કહે છે. બટાટા સમજતે હૈં? (શ્રોતા : આલુ) આલુ. ઝીણી પતરી કરી, ઘીમાં તળી, ચૂરમાના લાડવા સાથે... બ્રાહ્મણને લાડવા બહુ વહાલા હોય ઓલા ચૂરમાના. એમાં બટાટાની ઓલી હોય હરખાઈને તળીને આવી હોય. પતરી ઝીણી કડકડતી અને ભેગું હોય શાક સરખું કારેલાનું ને, આહાહા! કહે છે કે એ જીવની ઘાત અનંત અનંત આત્માઓ હતા. આહા! એ અનંત આત્માની અમને દયાની ખબર નહોતી. જીવ છે એની માન્યતા નહોતી. આહાહા! એમ કહે છે. સમજાણું કાંઈ ?

हिरदै हमारे महा मोहकी विकलताई, तातैं हम करूना न कीनी जीवघातकी. આહાહા! આ પોતાના જીવનોય ઘાત કર્યો ને બીજા જીવનોય ઘાત કર્યો. માંસ ખાય. છે ને? આમ નાની નાની ઉંમરના જીવો. આહા ! રાજાના છોકરાંઓ હોયને. પછી બોલતા ન હોય, ભાષા બરાબર ચોખ્ખી ન હોય, તે ચકલાની જીભો ખવડાવે એને. ચકલા સમજતે હૈં ? ચિડિયા. ચીં ચીં નહીં કરતે. એનો ઝીણો બહુ કંઠ હોય. ચકલા નહીં નાની ? ચિડીયા. હા, રાજાનો કુંવર હોય, મોટે ઘરે આવ્યો અને એની બોલવાની શક્તિ બરાબર (ન હોય). સેંકડો, હજારો ચકલા મારીને એની જીભો કાઢી, રસ કરી અને દુધને કેસરીયાં પાય એમાં. ભાષા માટે. કુંવરસાહેબને ભાષા હવે આવી, કહે છે, આ ખવરાવીને. મરી જશે નરકે જાશે, સાંભળને. સમજાણું કાંઈ ?

પોતે આત્મા અનંતગુણનો ધણી એને મેં માન્યો નહી, મેં મારી ઘાત કરી. અને જગતના પ્રાણી અનંત હતા એની પણ દયા મેં કરી નહિ. આહાહા! જુઓને, આ ઘાસ

લીલોતરી કેટલી ઉગી છે. ઘાસ છે ને ઘાસ લીલું. ખડ-ખડ કહતે હૈં ન, ક્યા કહતે હૈં? ધપાક આમ અંદર ચાલે પગ મૂકી. દરકારેય નથી કે આ જીવ છે કે નહીં એની શ્રદ્ધાય નથી એને. જેઠાભાઈ! સમજાણું કાંઈ? એક-એક કટકીમાં અસંખ્ય જીવ. આ લીલું ઘાસ. અસંખ્ય જીવ. એક કટકીમાં અસંખ્ય જીવ. અસંખ્ય શરીર ને એક એક શરીરે એક એક જીવ. ફૂલ આદિ હોય તો અનંત. આ ફૂલ સમજે ? કોર નીમના. લીમડાનો કોર. નીમ નીમ હોતા હૈ ન. લીમડા. નીમ નહીં? આ નીમ. ક્યા કહતે હૈં? નીમ. ઉસકા ફૂલ હોતા હૈ ન ફૂલ. ફૂલ.. ફૂલ.. ઉસમેં એક કટકીમેં અનંત જીવ.. અનંત જીવ. એક કટકીમાં અસંખ્ય તો શરીર ઔદારિક. એક ઔદારિકમાં સિદ્ધ કરતા અનંતગુણા જીવ. હેઠે ઢગલા પડ્યા હોય. ભાન ન મળે કે હું શું કરું છું ત્યારે. ફૂલની પથારી પડી હોય એમાં ચાલે. હા, એમાં વળી જોડા પહેરેલા હોય ને વળી નાળવાળા હોય. જ્ઞાની કહે છે કે અરેરે! મેં અજ્ઞાનભાવમાં આવા જીવની ઘાતુંના ભાવ કર્યાં, એમાં હું હણાઈ ગયો એવી મને ખબર નહોતી. સમજાણું કાંઈ?

तातैं हम करुना न कीनी जीवघातकी, आप पाप कीनैं.. પોતે પાપ કર્યાં. હિંસાની મુખ્યતા આપી છે ભાઈ એમાં. બાકી જૂઠું, ચોરી વિશેષ એમાં લઈ લેવું. કેમકે હિંસામાં એ પાંચેય સમાઈ જાય છે પાપ—જૂઠું, ચોરી આદિ. અહિંસામાં ચાર મહાવ્રત સમાઈ જાય છે. અહિંસાની ચાર મહાવ્રત એ વાડ છે. એમાં હિંસાનું (પાપ)- મહા એકેન્દ્રિય જીવો, પંચેન્દ્રિય જીવોની હયાતીનો સ્વીકાર જ્યાં નથી, એવો અજ્ઞાની 'જીવ છે' એમ માનતો નથી એ જીવનો ઘાત કરનાર છે. જીવના જીવન આવા છે અનંતા. સમજાણું કાંઈ? આહીં એક રુંવાટું ખેંચે તો આમ થઈ જાય. આહાહા!

એક દાખલો નથી આવતો ક્યાંક એ. એક કાંઈક દાખલો આવે છે હોં આપણા શાસ્ત્રમાં. આમ બહારમાં કો'ક... ૨૫ આવ્યા હતા ક્ષત્રિયો—રાજકુમારો. એ ક્ષત્રિય હતા બધા. માણસ તો રાજાના પછી આવ્યા. પછી મહેમાનને ન્યાં ગ્યા તે ખાટલો એક. ખાટલો, ખાટલો સમજે ? (શ્રોતા : ખટિયા, પલંગ) હા. પલંગ એક. હવે એના પર સૂવા માટે આપ્યો. ભઈ, આ (જે) મોટો હોય એમાં સૂજો. ખાટલો સમજ્યાને. મોટો હોય એમ પલંગ. ત્યાં એક જણો કહે, હું મોટો. કેમ? મારા બાપે ઘણા માંકડને માર્યા હતા એવા શૂરવીર હતા. બહુ સારી વાત. બીજો કહે, મારા બાપે માખીને ચોળી નાંખી હતી. ત્રીજો કહે, મારા બાપે પાપડને આમ હાથ નાંખ્યો ત્યાં ભૂકો કરી નાંખ્યો હતો. એય! એટલે કોઈ ઓલો કહે, પણ એમાં કોને..... બધા કહે—પચ્ચીસે જણ કહે, અમે મોટા, હવે સૂવાનું કોને?

હવે પછી કીધું કે ભઈ, એમાં ન સૂઓ, પણ બધા એની સામે પગ રાખીને સૂઓ એટલે બધાનો પચ્ચીસનો ભાગ કહેવાય. માળા આવા અભિમાની. એમ કહે, પગ રાખો

પગ. પચ્ચીસમાં બધાય કહે છે, મારા બાપ મોટા અને હું મોટો. બધાય કહે, મારો બાપ મોટો. હવે કરવું શું? કંઇ પચ્ચીસ ભાગલા પાડે ખાટલાના? ત્યારે હવે એક ડાહ્યો માણસે કીધું. ભઈ, એમ રહવા દ્યો. ખાટલો રાખો ખાલી. (શ્રોતા : ઊંધો નાખો) હવે ઊંધો ગમે એ, પણ એની સામે પગ રાખો. સૂવો એટલે સૌનો ભાગ કહેવાય. આહા ! આવા તે મૂરખ છે ને? એય શેઠ ! આહાહા!

આહીં કહે છે કે મેં વિવેક કર્યો નહીં અનંત આવા પ્રાણીના. મેં તો પોતાનાં અભિમાન આડે બીજાને નિર્દય થઈને કાપી નાંખ્યા મારીને. જુઓને અત્યારે આ બાંગ્લાઓનું. ત્યારે બિચારા રાડારાડ પાડે છે પણ. (શ્રોતા : બાંગ્લાદેશમાં) બાંગલાદેશમાં, આહા ! એના ને એના મુસલમાન-મુસલમાન કાળા કેર કરે છે. ચારેકોર કોઈ જાગતું નથી પણ એના પાપના ઉદયે. બધાય સૌ-સૌમાં પડ્યા છે. નહીં તો એક મોટી સંસ્થા છે. એય જાગતી નથી. બધા સૌ પાડે, બહુ રાડ્યું બહુ પાડે છે. આવે છે આપણા જૈનમાંય આવે છે. એમાં વાંચ્યું હોય ને અમે બહારમાંથી... મારે આમ હુશિયાર હોય ને કહ્યાગરો હોય એને પહેલા મારી નાખવાનો. કારણકે તમે તમારા દેશની વ્યવસ્થામાં આગળ ભાગ લેતા હશો. બીજા બાળક પછી. બબ્બે વરસના છોકરાઓને મારીને કાપી નાખતા. એ મોટો થાશે તો વૈરી થાશે. આરે, કાળા કેર કરે છે ને.

ધર્મી કહે છે કે મારા ભાન વિનાના કાળમાં આવા પાપ મેં ઘણાં કર્યાં હોં. આહા! છે ને ? औरनिकौ उपदेस दीनैं.. બીજાને ઉપદેશ (આપો). વાંધો નથી. જાઓ, એ પાપ લાગે તો મારે માથે જાઓ, એમ ભાઈ કહે ઘણા વળી. આ ખાવા. કંદમૂળ—આલુ, બટાટા શક્કરકંદ ને ખાઓ એનું જો પાપ લાગે તો મારે માથે. ખાઓ. માળા મરી જઈશ પણ ક્યાંય આડો... આહાહા! સમજાણું ? અને આ એકવાર બન્યું છે આનું હોં. આ અત્યારનાં સુધરેલા હોય છેને કેટલાક, કહે ન્યાં. એનું પાપ લાગે તો મારે માથે. ખાઓ. એલ્યા, મરી ગયો પણ આવું કરી કરીને સાંભળને માળા. ધર્મી પૂર્વના પાપના વિચાર કરે છે. અરેરે! આવા મેં પાપ કર્યાં હતા. આલોચના છે હોં. આ સંવરનો અધિકાર છે. આહા ! સમજાવવું હોય તો એમ સમજાવેને.

मन वच कायामैं मगन ह्वै कमाये कर्म, દેખો. અરે! હું તો મન-વચન ને કાયાની ક્રિયામાં લીન રહેતો હતો જે મારી ચીજ નહોતી. આહા! મન, વચન અને કાયા એનો શુભ-અશુભ ભાવ આદિ, એમાં મગન રહેતા कमाये कर्म—કમાણી કરી કર્મની. કર્મ કમાયો. એમ જ્ઞાની પૂર્વનો વિચાર કરે છે. આહાહા! હમણાં કાંઈ ન કહેતા નહોતા ઈંદોરમાં નહીં ? કીધું કોઈક વૈદ. દિગંબર. જુવાન માણસ હતો. કાંઈ વાંધો ઉઠ્યો હશે વળી બૈરા સાથે. ભઈ, કોણ જાણે શું થયું? તેડવા ગયા તો એના મા-બાપને તેલ છાંટ્યું પહેલું ઘાસતેલ.

અડધા અડધા બળ્યા. પોતે બળી ગયો ઘાસતેલ છાંટીને. ત્રણ મરી ગયા. હમણાં ઈંદોરમાં થયું. આવા આત્માના ભાન વિનાના કાળમાં કેટલો અવિવેક કરે છે એની કાંઈ ખબર નથી. આહાહા! कमाये कर्म, દેખો. કર્મ કમાણો ખરો. આહાહા !

धाये भ्रमजालमैं कहाये हम पातकी.. ભ્રમજાળમાં ભટકીને અમે પાપી કહેવાયા. આહાહા! પરદેશી રાજા હતોને એક. શ્વેતાંબરમાં આવે છે. એક પરદેશી રાજાને ....... ...માં આવે છે ...માં. રાજા હતો પાંચસો ગામનો. પછી બહુ પાપ કરતો. બીજાને કહે કે તારા બાપને મારા બાપે ઓલા ભવમાં પાંચ લાખ આપ્યા હતા, લાવ. એવું કરે. રાજમાં રહેવા ન દે. એવાં પાપ. મરતા આવ્યો રોગ આકરો. એવો રોગ આવ્યો. એટલે કોઈ મને કહેશે કે સાહેબ આપને રોગ (છે). એ કરતાં પહેલો ઢંઢેરો પીટાવ્યો ગામમાં. ઢંઢેરો. ઢંઢેરા સમજતે હૈં ? (શ્રોતા : ઘોષણા કી). ઢોલ પિટાવ્યો. રાજાને આવો રોગ થયો છે એટલે કોઈ વૈદ આવીને મટાડે તેને આટલું આપશું. કોઈ કહેવા આવે કે સાહેબ તમને રોગ... પણ ખબર નથી? પિટાવ્યું છે મેં ગામમાં કે રોગ છે દરબારને. રોગની દવા આપ. કહે કે રોગ છે એમ તું શું કરવા કહે છે? એટલું સહન ન થાય. આહાહા! એવા અભિમાનીઓ આત્માના ભાન વિના આવા અભિમાન.

આહીં એક નહીં? આ રતલામનો દરબાર હતો. લાલજીભાઈનો મિત્ર હતોને ડોક્ટર. આહીં આવ્યો હતો. એ ડોક્ટર કહે, દરબારને દસ લાખની ઉપજ હશે, દસ લાખની સાધારણ. પણ એને તાવ આવ્યો તાવ-બુખાર. તો આપને બુખાર આવ્યો, તાવ આવ્યો માટે દવા દઉં એમ ન બોલાય. એમ બોલાય જ નહીં દરબારને. એય શેઠ! એમ કહેવાય કે સાહેબ, આપના દુશ્મનને તાવ આવ્યો છે માટે દવા લાવું? એમ બોલાય. ફરેલા માથાના પણ.. એ કહેતા હતા ભાઈ, નહીં ? ડોક્ટર આવ્યા હતાને. આપણે લાલજીભાઈ. લાલજીભાઈ હતાને આપણે ત્યાં એમના મિત્ર હતા ડોક્ટર. કોઈ હરિદ્વાર જાતા હતા અને અહીં આવ્યા હતા. કહે, આવું અમારે દરબારનું હતું. હવે દસ લાખની ઉપજ સાધારણ. પણ ફાટેલા મગજ એટલા. આપને તાવ આવ્યો છે માટે દવા લેશો, એમ ન કહેવાય. એય! આહાહા! શેઠ ! (શ્રોતા : .....એમ ન કહેવાય). હા. એ તો મારી નાંખ્યો બિચારાને.

નાયખા, મુગુટ પાસે નાયખા છે ગામ. એક વાણિયાનો છોકરો બિચારો ખબર નહીં હોં. નાયખા. (શ્રોતા : ચંદુભાઈનો સગો થાય.) હા, એ છોકરો બાર વર્ષનો. એ ભણીને આવે. આમ જાતો હશે. મોઢા આગળ કાઠી, ગામનો કાઠી હતો. તલવાર હાથમાં. ........ દરબાર મોઢા આગળ અને પાછળ ગાય. એટલે ઓલા છોકરો કહે, દરબાર, ગાય પાછળ. એમ કે આ મારશે, એમ. તમારી પાછળ ગાય. દરબાર, તમારી પાછળ ગાય. એમ બોલ્યો જેમ છોકરો, એવા તલવાર કાઢીને કટકા કરી નાંખ્યા છોકરાંના બે. બજાર વચ્ચે. કેમ? કે

તેં અપશુકન કર્યું.

દરબાર, આપની પાછળ ગાય એટલે હું મરી જાઉં અને પછી ગાય આપે, એવું તું બોલ્યો, એમ. કહો, હવે ઓલો ઓલો બિચારો... આપની પાછળ ગાય, એમ. દરબાર આપની પાછળ ગાય. હવે ઓલો તો એમ કહે, ગાય મારશે હવે. આવા ઊંધા આ તે કંઈ માથાના ફરેલા. હવે એ નર્કમાં ન જાય તો ક્યાં જાય? (શ્રોતા : દરબારકો ગાય કહ દિયા તો) દરબારકો ગાય નહીં. આપની પાછળ ગાય. એટલે આપ મરી ગયા પછી ગાય આપેને? એવું તેં કહ્યું મને, એમ. (શ્રોતા : ગૌદાન દિયા જાતા હૈ ન) હા, ગાયનું દાન આપેને. કારણ કે નર્કમાં જાય ત્યાં ગાયનું પૂછડું પકડીને નર્કમાંથી બહાર નીકળે. નર્કમાં જવું છેને એને. આહાહા! આવા ને આવા. મારી નાંખ્યો, કાપી નાંખ્યો.

એ વળી આહીં. આહીં એ વરતડા. વરતડા છેને આહીં અમરેલી ને લાઠી વચ્ચે. તે એનો એક બાપ હતો. દુકાને ધંધો બાપનો. ૧૦ વાગ્યાનું ટાણું થયું જમવાનું. બાપ ગયો ઘરે અને છોકરો બેઠો હતો. છોકરો દુકાન જાળવે. એમાં કાઠી એક આવ્યો. ઘોડે ચડીને હાથમાં... આ શું કહેવાય એ? (શ્રોતા : ભાલા) ભાલો. અલ્યા, છોકરા સોપારી દે. તોળી દે શેર સવા. બાપુ! મારા બાપ નથી, એમ કીધું. ભાલું માર્યું. મારી નાંખ્યો છોકરાને, કહો. બાપુ! મારા બાપ નથી એમ શી રીતે આપું ? એમ હું તો અમથો બેઠો છું. મારી નાંખ્યો. આહા! ઘરે ખાઈને આવ્યો ને છોકરાને મરેલો જોયો. હવે દરબાર(ની રજા) વગર પાછો કઢાય નહીં.

દરબાર પાસે ગયા કે દરબાર સાહેબ, રજા આપો. અમે મડદાંને કાઢીએ. દરબાર કહે છે, એ ભાલું જો લોહીવાળું પડ્યું છે, ધોવડામણના રૂપિયા મૂક દોઢસો. લોહીએ બગડ્યું હોયને ઓલું. મારી નાંખ્યું ને બગડ્યું. ભાલું રાખ્યું હતું ઘરે. શેઠ ગયો બિચારો કે આ રજા વિના બહાર લઈ જવાય નહીં. કે સાહેબ આ રજા આપોને. દોઢસો રૂપિયા મૂક પહેલા ભાલાને ધોવા માટે. (શ્રોતા : બચ્ચેકો માર ડાલા થા) હા. (શ્રોતા : ક્યું માર ડાલા થા ઉસ બેટેકો?) સોપારી, કીધુંને. સોપારી તોળી દે. તોલ દે. એના બાપ નહોતા. બાપ ઘરે ગયા હતા. બાપા નથી, ઘરે છે. શી રીતે આપું ? એમ પાછું એ ભાલા ધોવણના રૂપિયા લીધા ૧૫૧. આવા માણસો. આહાહા! ગજબ કરે છે કે નહીં? સમજે કે નહીં પંડિતજી? સમજે નહીં ? લ્યો, આય ન સમજે. આવી ભાષા જ્યાં... આ તો સાદી ભાષા છે. આ તો સાદી ભાષા છે એમાં વળી. આ કંઈ... (શ્રોતા : દાખલા નહીં સમજમેં આતા) કહો. એ તમે પહેલું ધ્યાન રાખતા નથી તમે. ભાષા તો બહુ સાદી છે. (શ્રોતા :.... તો આપણને સમજાય). એમ બસ મનમાં એમ છે. આપણને ગુજરાતી ન સમજાય. ન સમજાય એ

(ધારણા) સમજવા દેતું નથી.

આહીં કહે છે, અરેરે ! હું આત્મા. મારું સ્વરૂપ તો આનંદ અને જ્ઞાન. એવું ભાન થયું એને. (એ) ગયા કાળના આવાં પાપનું આલોચન કરે છે. આવા મેં પાપ કર્યાં. धाये भ्रमजालमैं कहाये हम पातकी. દુનિયા એમ કહેવા માગે કે આ તો પાપી પ્રાણી છે. હું ખુશી થયો હતો. આહાહા! ग्यानके उदय भए हमारी वसा ऐसी भई.. આહાહા! દેખો. અરે! અમે તો આત્મા છીએ. ભાઈ, અમારું સત્ત્વ, અમારો માલ તો સિદ્ધ સમાન અમારી પાસે છે. આહાહા! એ રાગ આદિ મારો માલ નહીં. આહાહા ! બહારની લક્ષ્મી, શરીર સુંદર આદિથી અધિક મનાવવો એ મૂઢ જીવ છે એમ કહે છે. શરીરની સુંદરતા, લક્ષ્મીની અધિકતા, મકાનની બહુતા, છોકરાંઓની હુશિયારી આદિ સેવાથી અમે અધિક છીએ બધાંથી. મિથ્યાત્વ છે મોટું, કહે છે. સમજાણું કાંઈ ? એ પોપટભાઈ! ભારે કામ આકરું! આહા!

કહે છે, ग्यानके उदय भए. અરેરે! અજ્ઞાનમાં તો આવું કર્યું હતું. જ્ઞાનસ્વરૂપ છું એવું સમ્યક્‌દર્શન અને સમ્યગ્જ્ઞાન ભાન થતાં हमारी दसा ऐसी भई, जैसैं भानु भासत अवस्था होत प्रातकी. લ્યો, ઠીક. પ્રકાશ ફૈલ જાતા હૈ. સૂર્યનો ઉદય થતાં પ્રભાત હોતી હૈ ઔર અંધકાર નષ્ટ હો જાતા હૈ. આહા! અમે તો ચૈતન્ય છીએ. અમને કોઈ માન આપે-અપમાન આપે, એ અમને નહીં. અમને એ ઓળખતાં નથી તે શું આપે ? સમજાય છે કાંઈ? આહાહા! અમે તો આનંદના ધામ. જ્ઞાનના સાગર એવા અમે આત્મા. એવું સમ્યક્‌ધર્મ થતા એવી દશા ભયી. भानु भासत—સૂર્યનો પ્રાતઃ જેમ સૂર્યનો પ્રકાશ થઈને પ્રભાત ભાસે એમ પ્રભાત સત્ થઈ ગયું. આહાહા! રાગ અને પુણ્ય ને પાપ એ બેઉ અંધકાર મારા નહીં. અમે તો ચૈતન્યના પ્રકાશના નૂરના પૂર અમે છીએ. આહાહા! અરે! આ તો કાંઈ ધર્મની દશા અને શ્રદ્ધા કોઈ અલૌકિક છે. એ સાધારણ આમ માની બેસે કે અમે આમ છીએ અને તેમ, એમ નહીં. जैसैं भानु भासत अवस्था होत, લ્યો. प्रकाश फैल जाता है, और अंधकार नष्ट हो जाता है. ज्ञानका उदय होनेपर अज्ञानदशा हट जाती है. વિશેષ એનું સ્પષ્ટીકરણ છે.

જ્ઞાનનો ઉદય થતાં અજ્ઞાનદશા દૂર થઈ જાય છે. (સવૈયા એકત્રીસા)

**ग्यानभान भासत प्रवान ग्यानवान कहै,**
**करुना-निधान अमलान मेरौ रूप है।**
**कालसौं अतीत कर्मजालसौं अजीत जोग-**
**जालसौं अभीत जाकी महिमा अनूप है।।**

मोहकौ विलास यह जगतकौ वास मैं तौ,
जगतसौं सुन्न पाप पुन्न अंध कूप है।
पाप किनि कियौ कौन करै करिहै सु कौन,
क्रियाकौ विचार सुपिनेकी दौर धूप है॥९२॥

**શબ્દાર્થ** :–અભીત=નિર્ભય.– કિનિ=કોણે ? સુપિને=સ્વપ્ન.

**અર્થ** :–જ્ઞાનસૂર્યનો ઉદય થતાં જ જ્ઞાની એમ વિચારે છે કે મારું સ્વરૂપ કરુણામય અને નિર્મળ છે, તેનામાં મૃત્યુની પહોંચ નથી, તે કર્મ-પરિણતિને જીતી લે છે, તે યોગ-સમૂહથી નિર્ભય છે, તેનો મહિમા અપરંપાર છે, આ જગતની જંજાળ મોહજનિત છે, હું તો સંસાર અર્થાત્ જન્મ-મરણથી રહિત છું અને શુભાશુભ પ્રવૃત્તિ અંધ-કૂપ સમાન છે. કોણે પાપ કર્યા ? પાપ કોણ કરે છે ? પાપ કોણ કરશે ? આ જાતની ક્રિયાનો વિચાર જ્ઞાનીને સ્વપ્નની જેમ મિથ્યા દેખાય છે.

**अर्थ** :–ज्ञान-सूर्यका उदय होते ही ज्ञानी ऐसा विचारता है कि मेरा स्वरूप करुणामय और निर्मल है। उसपर मृत्युकी पहुँच नहीं है, वह कर्मपरिणतिको जीत लेता है, वह योग-समुदायसे निर्भय है, उसकी महिमा अपरम्पार है, यह जगतका जंजाल मोहजनित है, मैं तो संसार अर्थात् जन्म-मरणसे रहित हूँ, और शुभाशुभ प्रवृत्ति अंधकूपके समान है। किसने पाप किये ? पाप कौन करता है ? पाप कौन करेगा ? इस प्रकारकी क्रियाका विचार ज्ञानीको स्वप्नके समान मिथ्या दिखता है॥९२॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહા ! આ શું થઈ ગયું આ બધું? સપનું છે બધું, કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ग्यानभान भासत प्रवान ग्यानवान.. એ અંતર ચૈતન્યસૂર્ય જ્યાં ઉગ્યો, સમ્યક્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં ભાન થયું, ચૈતન્યસૂર્ય ઉગ્યો. ग्यानभान भासत प्रवान, એમ. करुना–निधान.. અમે તો કરુણાનો નિધાન अमलान मेरौ रुप है. આહા ! સર્વ પ્રાણી સિદ્ધ સમ અને મારા સમ–સરખા છે. બધા જ્ઞાનના પૂર છે. કોને મારું, કોને ઉગારું, એ મારામાં છે નહીં. આહાહા! 'સર્વ જીવ છે જ્ઞાનસમ', એમ આવે છે ને. 'યોગસાર'. આહાહા! એ ભગવાન આત્મા બીજાઓ પણ જ્ઞાનના ભાનુ છે. રાગ આદિ એ આત્મા નહીં. એવું દરેક આત્માને દેખીને अमलान मेरौ रुप है.. નિધાન. કોઈ પ્રાણીને દુઃખ થાય એવો વિકલ્પ પણ મારો નથી. આહા !

कालसौं अतीत.. એ ત્રિકાળથી ભિન્ન. આહાહા! છે ? कालसौं अतीत.. મૃત્યુની

જ્યાં પહોંચ નથી. મૃત્યુ કોનું હોય? ભગવાન આત્મા શાશ્વત જ્યોત છે એમાં મૃત્યુ કોનું હોય? આહાહા! કોણ મરે, કોણ જન્મે? અમે તો આત્મા ચૈતન્યસ્વરૂપ છીએ. એમાં મરે કોણ? આહા ! પણ સમ્યક્દર્શન પામે, તો આ પ્રકારે એના અનુભવમાં હોય છે. આહાહા! સમજાણું કાંઈ? कालसौं अतीत कर्मजालसौं अजीत.. કર્મની જાળથી જીતાય નહીં એવો આત્મા છે. जोगजालसौं अभीत.. જોગના જાળથી નિર્ભય છે. જોગની જાળ જેનામાં છે નહીં. આહાહા! जाकी महिमा अनूप है. ભગવાન આત્મા સૂર્યપ્રભુ એનું સમ્યક્ દર્શન થયું, ધર્મની દશા પહેલી પ્રગટી, ત્યાં કહે છે, જેની મહિમા અનુપ છે, જેને મહિમા આપી શકીએ એવી કોઈ ઉપમા છે નહીં. આહાહા! अभीत जाकी महिमा अनूप है.

मोहकौ विलास यह जगतकौ वास. એ રાગ-દ્વેષના ભાવ એ તો મોહનો જગતનો વાસ. मैं तो जगतसौं सुन्न છું. આહાહા! ધર્મી એને કહીએ કે જે જગત અને સંસારથી શૂન્ય માને આત્માને. આહાહા! સમજાણું કાંઈ? जगतसौं सुन्न पाप पुन्न अंध कूप है. પુણ્ય ને પાપ તો આંધળો કૂવો છે. આહા! એ જાગતી જ્યોત ચૈતન્ય નહીં, એમ કહે છે. ધર્મીને પુણ્ય ને પાપ આંધળા કૂવા જેવા દેખાય છે. સમજાણું કાંઈ? પ્રથમ ધર્મદશામાં હોં આ.

पाप किनि कियौ कौन. અરે! કોણ કરે અને કોણે કરાવ્યું? કિસને કિયે? કોણ કરાવે? કૌન કરેગા? એ ક્રિયાનો વિચાર જ્ઞાનીને સ્વપ્ન સમાન લાગે. આહા! શું થયું આ? સ્વપ્ન આવ્યું છે એમ લાગે. આત્મામાં રાગ કરવો એ કંઈ છે નહીં. વ્યવહારની ક્રિયા કરવી એ આત્મામાં છે જ નહીં, એમ કહે છે. क्रियाकौ विचार सुपिनेकी दौर धूप है.. આહાહા! મિથ્યા દિખે. પૂર્વનું શું થયું આ બધું? આહા! ભોગની વાસના ને મજાની લહેર ને આ શું થયું આ? મારા સ્વરૂપમાં તો એ છે નહીં. એવી અંદર આત્માનું શ્રદ્ધા અને અનુભવ થાય, એને ધર્મી અને સમકિતી અને સુખી થવાનાં પંથે પડ્યો કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન : ૧૩૯, શ્રાવણ વદ ૧૪, ગુરુવાર તા. ૧૮-૮-૧૯૭૧
## સર્વવિશુદ્ધિ દ્વાર પદ ૯૩ થી ૯૭ ઉપર પ્રવચન

આ સમયસાર નાટક. સર્વવિશુદ્ધ અધિકાર ચાલે છે. ૯૩-૯૪ અને ૯૫. પદ-પદ, નીચે (કળશ) છેને એનું છે એ. न करोमि न कारयामि न कुर्वन्तमप्यन्यं समनुजानामि मनसा च वाचा च कायेन चेति। કર્મ-પ્રપંચ મિથ્યા છે.

---

**સમયસાર કળશ અર્થ :—**''न करोमि'' વર્તમાન કાળમાં થાય છે જે રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મબંધ, તેને હું કરતો નથી, [ભાવાર્થ આમ છે કે—મારું સ્વામિત્વપણું નથી એમ સમ્યગ્દષ્ટિ જીવ અનુભવે છે.] ''न कारयामि'' અન્યને ઉપદેશ દઈને કરાવતો નથી, ''अन्यं कुर्वन्तम् अपि न समनुजानामि'' પોતાથી સહજ અશુદ્ધપણારૂપ પરિણમે છે જે કોઈ જીવ તેમાં હું સુખ માનતો નથી, (मनसा) મનથી, (वाचा) વચનથી, (कायेन) શરીરથી. સર્વથા વર્તમાન કર્મનો મારે ત્યાગ છે.

---

કર્મ-પ્રપંચ મિથ્યા છે. (દોહરા)

मैं कीनौं मैं यौं करौं, अब यह मेरौ काम।
मन वच कायामैं बसै, ए मिथ्या परिनाम॥९३॥
मनवचकाया करमफल, करम-दसा जड़ अंग।
दरबित पुग्गल पिंडमय, भावित भरम तरंग॥९४॥
तातैं आतम धरमसौं, करम सुभाउ अपूठ।
कौन करावै कौ करै, कोसल है सब झूठ॥९५॥

**શબ્દાર્થ :—**અપૂઠ=અજાણ. કૌસલ(કૌશલ)=ચતુરાઈ

**અર્થ :—**મેં આમ કર્યું, હવે આમ કરીશ, આ મારું કાર્ય છે, આ સર્વ મિથ્યાભાવ મન–વચન–કાયામાં નિવાસ કરે છે. ૯૩. મન–વચન–કાયા કર્મજનિત છે, કર્મ–પરિણતિ જડ છે, દ્રવ્યકર્મ પુદ્‌ગલના પિંડ છે અને ભાવકર્મ અજ્ઞાનની લહેર છે. ૯૪. આત્માથી કર્મસ્વભાવ વિપરીત છે, તેથી કર્મ કોણ કરાવે ? કોણ કરે ? આ બધી ચતુરાઈ મિથ્યા છે. ૯૫.

**अर्थ :–**मैंने यह किया, अब ऐसा करूँगा, यह मेरी कारवाई है, ये सब मिथ्याभाव मन-वचन-कायमें निवास करते हैं॥९३॥ मन-वचन-काय कर्मजनित हैं, कर्म-परिणति जड़ है, द्रव्यकर्म पुद्‌गलके पिण्ड हैं, और भावकर्म अज्ञानकी लहर है॥९४॥ आत्मासे कर्मस्वभाव विपरीत है, इससे कर्मको कौन करावे? कौन करे? यह सब कौशल मिथ्या है॥९५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કહે છે કે मैं कीनौं.. મેં આ રાગ અને કર્મની શરીર આદિની ક્રિયા મેં કરી, યે સબ જૂઠ હૈ. જ્ઞાનસ્વભાવમાં એ રાગ અને શરીરની અથવા કર્મની ક્રિયા થવી, એ આત્માના અધિકારની વાત નથી. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ ચૈતન્યસ્વભાવી વસ્તુ, એ જેને ભાન થયું. વસ્તુ એવી છે અને (એવું) જેને ભાન થયું. એ કહે છે કે मैं कीनौं मैं यौं करौं अब यह मेरौं काम. એ મેરો કામ છે નહીં. કહો, આ શરીરનું કરું, ધંધાનું કરું, કુટુંબનું કરું, દેશનું કરું, આ વેપારનું કરું. (શ્રોતા : શાસ્ત્રનું કરવું તો બરાબરને ?). શાસ્ત્રનું કરવું, શેઠ ! આહા! (શ્રોતા : .... તેનું કરવું ન કરવું, ઉપાધિ) કરવું એ મરવું. આહીં એ વાત ચાલે છે. કાંઈક દેહનું કરું, કુટુંબનું કરું, નાતનું કરું કે રાગનું કરું, વિકારી પરિણામ કરું એ મિથ્યાભાવ છે. આહાહા! ભારે આ.

मैं कीनौं मैं यौं करौं.. અને હું એમ કરીશ, હું એમ કરીશ. મેં આવું કર્યું અને હવે હું આમ કરીશ. શેઠી! જેવરકા ધંધા મૈંને કિયા ઔર અભી ઐસા મૈં કરુંગા. માણેકલાલભાઈ! મૂલચંદભાઈ! ક્યાં ગયા માણિકલાલ? બહાર બેઠા હશે. (શ્રોતા : સબ જૂઠા હૈ). સબ જૂઠા હૈ ? કરે છેને આખો દિ' ? કહો, આ બીડીયું વાળે, બીડીઓનું કરે, આ શેઠ કાનપુર જઈને પૈસા ઉઘરાવે. કહે છે કે એ રાગ અને દેહની ક્રિયા મૈં કરું, अब यह मेरो काम.. અને એ તો મારું જ કામ છે. અમુક કામ એ તો મારું કામ, એ બીજાઓનું કામ નથી. એવો જે પરના કર્તાપણાનું માન એ મિથ્યાત્વભાવ છે. (શ્રોતા : આપ કહો મિથ્યાત્વ ...) હૈ કિ નહીં ? સામે લઈને બેઠા છે કે નહીં ?

मैं कीनौं मैं यौं करौं अब यह मेरौं काम, मन वच कायामैं बसै ए मिथ्या परिनाम. મનથી કરું.. આમ ભાષા તો એમ છે મૂળ તો. મનથી રાગ કરું અને મનથી વાણી કરું, વાણી કરું અને દેહની ક્રિયા કરું—એ ત્રણે કર્તાપણું મિથ્યા દૃષ્ટિમાં ભાસે છે. આહાહા ! આ બધા ચોપડાના નામા લખ્યા હતાને, શું કર્યું ? (શ્રોતા : ઓડીટ કર્યું હતું.) ઓડીટ. (શ્રોતા : બીજાની ભૂલો કાઢી હતી). કહો, બીજાને આવડે નહીં એ અમને આવડે એના નામા. એ, પોપટભાઈ ! એ લાદીના કામ તો અમને જ આવડે, એમાં ભાત નાખવી, ફલાણું કરવું, ઢીંકણું કરવું. (શ્રોતા : મિથ્યાત્વના નામા છે..) મિથ્યાત્વભાવ છે એમ કહે છે. શાંતિભાઈ! આ અમે ડાહ્યા છીએ... આવશે આગળ જુઓને. कोसल है सब जूठ.. એ બધી ચતુરાઈ જૂઠી મિથ્યાદૃષ્ટિની છે. હૈ કિ નહીં આખિરમેં ?

मनवचकाया करमफल.. આ મન, વચન ને કાયાની ક્રિયા અને રાગ-દ્વેષના ભાવ, એ બધા કર્મજનિત ભાવ છે. સમજાય છે કાંઈ ? એ પુણ્ય ને પાપના વિકલ્પો અને શરીર-વાણીની ક્રિયા, એ બધા કર્મજનિત ભાવ છે, આત્મજનિતભાવ નહીં. આહાહા ! ભારે કામ.

ઓલા હુશિયાર માણસ કરે ધંધા, પોપટભાઈ ! તો કેટલા પૈસા પેદા કર્યા જુઓ વઢવાણથી મુંબઈ જઈને. શેઠ! તમારા બાપ ક્યાં મૂકી ગયા હતા આટલા પૈસા? નહીં? બેય ભાઈ એક કર્યા ને આ મોટાભાઈએ વધારે મહેનત કરી પાપની. (શ્રોતા : અજ્ઞાનમેં તો સબ કુછ..) તો એ જ કહે છે. કે રાગ અને પુણ્ય-પાપનો ભાવ અને વાણીને દેહની ક્રિયા ને ધંધા આદિની ક્રિયા, એ મકાન બનાવવાની ક્રિયા એ મેં કરી અને હજી પણ હું કરવાનો છું. આહાહા !

मनवचकाया करमफल.. એ તો કર્મજનિત ભાવ છે. વિકાર પરિણામ પણ કર્મજનિત અને કર્મના ઉદયના નિમિત્તે દેહ આદિની ક્રિયા એ કર્મજનિત છે. એ આત્માની ક્રિયા નથી. આહાહા! ભારે આકરું. करम—दसा जड़ अंग.. કર્મ એટલે પુણ્ય-પાપના ભાવ પણ અચેતન છે, અજ્ઞાનભાવ છે અને કર્મ પણ જડભાવ છે જડ. સમજાય છે કાંઈ ? ચૈતન્ય પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ, એમાં જે પુણ્ય ને પાપના ભાવ એ અચેતન જડ છે. આહાહા! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ નામ રાગ એ જડ છે અને શરીર-વાણી-મનની ક્રિયા તો જડ છે. એમ બેય લીધું છે, કર્મ અને ભાવ.

दरवित पुग्गल पिंडमय.. દ્રવ્યકર્મ જે છે એ તો જડ પુદ્ગલનો પિંડ છે જડ. અને भावित भरम तरंग.. ભાવકર્મ તો ભ્રમણાનો તરંગ છે. આહાહા! ગજબ વાત છે. આત્મા તો જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે, એ રાગ અને પરનું શું કરે? કરે એમ માને એ મિથ્યાત્વભાવ છે એમ કહે છે. આહાહા! મહા મિથ્યાત્વભાવ છે. भावित भरम तरंग.. ભગવાન આત્મા પોતાના જ્ઞાનાનંદસ્વભાવને ભૂલી અને પુણ્ય-પાપના ભાવને કરું એ ભ્રમણાની તરંગ દશા છે. આહાહા! છે ને? (શ્રોતા : કર્મ છે). હા, કર્મ છે. ભાવકર્મ અજ્ઞાનકી લહેર છે, એમ લખ્યું જુઓ અર્થમાં. ભાવકર્મ અજ્ઞાનની લહેર. भरम तरंग.. પુણ્ય ને પાપનો ભાવ એ મારું કામ, એ અજ્ઞાનનો તરંગ છે. આહાહા! આ બધા ધંધા કરે છે આખો દિ' આ બધો વેપાર, નામા લખે, ચોપડા લખે, શાસ્ત્ર બનાવે, લ્યો. એય ભીખાભાઈ! આપણા અહીં શાસ્ત્ર દરેક બને એ રામજીભાઈ પહેલા વાંચી જાય. પાછાં છપાણાં પછી વાંચી જાય. એય! આય મકાન કરાવવામાં પહેલા કરે અને પછી પાછળ કેટલું થયું એ જોઈ લે. (શ્રોતા : નહીં તો પાછા ઠપકો મળે). ઠપકો.. ૧૦-૧૦ લાખના મકાન કર્યા એણે એના રાજમાં આ વાંકાનેર. (શ્રોતા : એ તો દરબાર માથે ઉભા રહીને..) ઈજનેરને રાખેને ભેગા સાથે રાખે. આહાહા !

અરે! કહે છે, એ કર્મની જડ દશા માટીની આઠ કર્મની અને આ બહારના પરમાણુ આદિની ક્રિયા કોણ કરે? ભાઈ! એ જડ પોતે કરે છે. આત્મા એનો કર્તા એવી ભ્રમણા માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. એ અજ્ઞાનની લહેર છે. અજ્ઞાનની એક લહેર ઉઠી, એમ કહે

છે. ઠીક. આહાહા! આ નથી કર્યું, આ ચીમનભાઈએ કેટલું કર્યું, લે. (શ્રોતા : મોટાં કારખાનાં...) મોટા કારખાનાં નાંખ્યા ને કાંપમાં નાખ્યા ને મુંબઈમાં અંદર... (શ્રોતા : પાછું અભિમાન). અભિમાન? એ શેઠ! કેટલું કર્યું અત્યાર સુધી જુઓને કેટલા વળગાળ્યા? (શ્રોતા : ઉમ્ર ચલી ગઈ). મેં કર્યું એવી માન્યતામાં ઉંમર ગઈ. એ કર્યું નથી. મૂલચંદભાઈ! આહાહા! (શ્રોતા : ....) છે ને ભ્રમ. એ અજ્ઞાનની લહેર. પુણ્ય-પાપ ભાવ એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં ચૈતન્યનો અંશ નથી. આહાહા!

ભગવાન તો ચૈતન્યમૂર્તિ છે પ્રભુ. એ અજ્ઞાન એવું જે રાગ આદિ અને જડ એને શું કરે? કર્તા માનો એ અજ્ઞાનની માન્યતા છે. આહાહા! ભારે! એ મગનભાઈ! શું આ બધા કામ કર્યા ને અત્યાર સુધી ઓલાના સટ્ટાના. (શ્રોતા : રખ્ખડપટ્ટીના કામ કર્યાં). એ કામ કર્યું નથી, માન્યું છે એ મિથ્યાત્વભાવ છે, એમ કહે છે. આહાહા! કરે શું પરનું? तातै आतम धरमसौं.. ભગવાન આત્માનો ધર્મ તો જ્ઞાન અને આનંદ છે. એ ધર્મની અંદર करम सुभाउ अपूठ.. પુણ્ય-પાપના ભાવ એને સ્પર્શતા નથી. આહાહા! अपूठ.. આહાહા! छूते नहीं, તમારી ભાષામાં. અમારી ભાષામાં અડતે નહીં કાઠિયાવાડમાં. આહા! (શ્રોતા : छूते नहीं या स्पर्श करते नहीं). छूते नहीं, સ્પર્શતે નહીં, અડતે નહીં. ભગવાન જ્ઞાનજ્યોત સ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ આનંદકંદ આત્મા, કહે છે કે એમાં પુણ્ય ને પાપના વિકલ્પોનો રાગ અડતો નથી. સ્પર્શ નથી એને. એ તો ભિન્ન ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ?

करम सुभाउ अपूठ.. એ તો કર્મનો બધો ભાવ છે કહે છે. દુશ્મન જડ એનો એ ભાવ છે. પુણ્ય ને પાપના ભાવ... ગજબ વાત છે ને. સમજાણું કાંઈ? આહાહા! આ બાઈયું બહુ હુશિયાર હોય તો બધા પુડલાં સારા કરે, શીરો સારો કરે. નથી? સેવ સારી કરે. ઓલા સેવ-સેવ. क्या कहते हैं? સેવ कहते हैं. ઓલા વણે, આમ વણે. લાકડાનું પાટિયું નાંખી ઓલા ખાટલામાં. ખાટલામાં આમ.. એ સરખું આવડવું જોઈએ. આવડે એની સારી સેવ થાય, નહિં તો અંદર સેવમાં લોંદા પડે. આ લાપસી કરે. લાપસી करते हैं न લાપસી? લાપસી કરે એમાંય પણ બરાબર ઉનું કરતાં એમાં આવડવું જોઈએ. એ આવડતથી થાય, કહે છે ને, કૌશલ. એ ચતુરાઈથી (થાય એમ) માને છે મૂઢ, એમ કહે છે.

લાપસી થાય છે ને લાપસી. લાપસી कहते हैं न. (શ્રોતા : કંસાર) કંસાર. તેમાં લોટ ઘઉંનો મોણ નાંખીને વેલણે હલાવે. નહીંતર થઈ જાય ઓલા ઘઉંનાં લોટનાં લોંદા થઈ જાય. (શ્રોતા : હા, બધા ગાંઠા થઈ જાય). ગાંઠા થઈ જાય. હુશિયાર હોય તો સારું કરે, એ મૂઢ છે, એમ કહે છે. એ મૂઢ માને છે કે મારી ચતુરાઈથી આ બધું થાય છે. થાય છે જડને લઈને. તારે લઈને શું થાય? ધૂળ? તું તો અરૂપી ચૈતન્ય ને એને અડતો નથી. એ તને અડતો પણ નથી. આહાહા! જુઓ, આ ધર્મ ભગવાનનો. જાણવું-દેખવું અને આનંદ એ

એનો સ્વભાવ. એને છોડીને આ કરું, આ કરું ને, એ બધો અજ્ઞાનભાવ અને મિથ્યાત્વભાવ છે. આહાહા! સમજાય છે કાંઈ?

कौन करावै कौ करै.. રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ, દયા ને દાન ને વ્રતના પરિણામ કોણ કરે ? કહે છે કે એ રાગને કરે કોણ ? આહાહા! ભારે કામ ભાઈ! કોણ કરે, કરાવે કોણ ? ત્યારે કહે અમે કરીએ નહીં, પણ કરાવીએ પર પાસે. કોણ કરાવે? ધૂળ? આહાહા! कोसल है सब झूठ.. એ બધી ચતુરાઈ... આ વકીલાતની ચતુરાઈ રામજીભાઈ કરતા હશે કે નહીં ઓલાને જજને પાણી ભરાવવાની આ. એક જણો કહેતો હતો. કહો, સમજાણું કાંઈ ? અમરચંદભાઈ ! ભાષા છે આમ બરાબર આમ કરે, આમ કરે. કરી શકે કે નહીં ? એ વકીલ! આ રહ્યા વકીલ જયસુખભાઈ. આ એક વકીલ રહ્યા પાલીતાણામાં નટુભાઈ. કહો, જજ પાસે દલીલ-બલીલ કરવી એ કરી શકે કે નહીં? (શ્રોતા : .....મરી ગયા). કોર્ટમાં ને કોર્ટમાં મરી ગયા, દલીલ હાલતા. (શ્રોતા : ભાવનગરની કોર્ટમાં એ વઢવાણનાં વકીલ હતા). હા. એમાં હાર્ટફેલ થયું. એ ક્યાં ક્રિયા આત્માની છે? આહા!

कौन करावै कौ करै, कोसल है सब झूठ.. એ સંસારની ચતુરાઈથી આ બધું કામ ચાલે છે, એ મૂઢ જીવ માને છે એમ કહે છે. આહાહા! ભારે કામ ભાઈ ! એય નિરંજન! શું આ બધું ભણી આવ્યો ન્યાંથી ? પાંચ વર્ષ કાઢી આવ્યો. કહે છે કે ભણવાનો જે વિકલ્પ હતો એ કરે કોણ ? આહાહા! અજ્ઞાની મૂઢ માને છે કે હું કરું છું. ચૈતન્યના સ્વભાવમાં રાગનું કરવું કે થવું છે જ નહીં, એવો સર્વજ્ઞ પરમાત્માનો સ્વભાવ છે. આહાહા ! સર્વજ્ઞ એટલે પોતે સર્વજ્ઞ. પરમેશ્વર સર્વજ્ઞ થયા એણે તો કહ્યું. પણ પોતે સર્વજ્ઞ એટલે જાણવાનો સ્વભાવ છે બધાનો. પણ પોતાને મૂકીને કોઈ પરનું રાગનું, પરનું કરવું એ આતમધર્મમાં છે નહીં. અને એ આતમધર્મ એનું નામ. આહાહા! ૯૬. આ તો એનું આવી ગયું ને આય આવી ગયું. હવે અર્થમાંય આવી ગયું.

आत्मासे कर्मस्वभाव विपरीत है, એમ આવ્યુંને અંદર. इससे कर्मको कौन करावे ? कौन करे ? એ સબ કૌશલ્ય, એ ચતુરાઈ બધી મૂઢની છે અજ્ઞાનીની. આહાહા! ભારે આમાં. એય જયસુખભાઈ! બધા વકીલો આમ દલીલ કરે. એય નટુભાઈ ! કહે છે કે એ દલીલનો વિકલ્પ અને દલીલની વાણી.. આહાહા! એ ચતુરાઈથી મેં આ કર્યું, આ મેં કરાવ્યું અને હું એમાં કેસમાં જીત્યો. કહે છે કે જીતાઈ ગયો છો, મૂઢ છો. આહાહા ! (શ્રોતા : વકીલથી ઝટ પત જાય કામ). એ તો વકીલ તમેય વકીલ છોને બધા તમારા બીડીઓમાં. બાલબીડી. મોટો દરવાજો નહોતો નાખ્યો નહોતો ત્યાં મલ્હારગઢ? બાલબીડીનો ઓલો શું હતો ? દરવાજો. એ શેઠ! બતાવ્યો હતો શેઠે એક ફેરી, ઓલામાં લઈ જઈ. નહીં? શેમાં ઓલો ? જીપ-જીપ.

આહાહા! એ બધા પડાવ કોણ કરે અને એમાં રાગ થાય એ કરે કોણ? કહે છે. આહા!

(શ્રોતા : બહુ આવી ગંભીર ભૂલો કરીને અનાદિકાળથી....) અનાદિથી એ રખડે છે આત્માના ધર્મને ભૂલીને. આત્માનો ધર્મ જાણવું અને દેખવું એનો સ્વભાવ છે. એના રાગનું કરવું, પુણ્યનું કરવું, વ્રત પાળવાનાં વિકલ્પ કરવા એ એનો સ્વભાવ નથી એમ કહે છે. વિકાર ને વિભાવનું કરવું એ સ્વભાવ છે એનો? સમજાણું કાંઈ? ત્રિકાળી જ્ઞાનના આનંદનો કંદ પ્રભુ ત્રિકાળી, એ કૃત્રિમ રાગ અને બહારની ક્રિયાનો કર્તા થાય, મિથ્યા ચતુરાઈ તારી છે. સમજાણું કાંઈ? આહાહા! ઘણાં આવે છે એવા. અમે અમારા બાહુબળે રળ્યા. અમારી પાસે કાંઈ નહોતું. અમે આમ કર્યું. આહાહા! (શ્રોતા : .....) શું થાય? સાચી વાત એ. પણ બીજાને એમ કહે, અમારા બાપાને કાંઈ નહોતું પણ અમે આમ બાહુબળે રળ્યા. ભાઈ નહોતા બોલ્યા એક ઠેકાણે ઓલા? પ્રભાશંકર પટ્ટણી. એ બીજું બોલ્યા હતા કે તમે આમ કરો તો આ દાળીયા એમાં નહીં વળે કાંઈ. આમ કરો, કાંઈ કામ કરો દેશના, ફલાણાના ને ઢીંકણાના, એમ બોલ્યા હતા. પટ્ટણી હતાને આહીં દિવાન ભાવનગર દરબારમાં. આવ્યા હતા આહીં ૯૩માં પર્યુષણમાં ૯૩-૯૩. ચોત્રીસ વરસ થયાં. એ બોલ્યા હતા એ.

બધા વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. આખી કોર્ટ આવી હતી ભાવનગરથી. ઓલા આ નહીં, આ તમારે શું કહેવાય? (શ્રોતા : ગુરુકુળ). એ કોર્ટનો હતો ને આ મકાન છે ને એનું છે ને? તમારું મકાન, નહીં? (શ્રોતા : સેનેટરી). સેનેટરી પણ એ મોટું જ્યાં .....એ નામ ભૂલી ગયા એનું. એ નહીં એ મકાનના ધણી. આ મકાન હતું ને. (શ્રોતા : ....ના જજ) એ જજ હતા કોઈ. .... ..... અહીંયા આવ્યા હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા અહિંયા. બધા આવ્યા, આખી કોર્ટ આવી. ભાઈ હતા તે દિ' ચુડાસમવાળા. રામજીભાઈ તો હોયને આમ પણ આ ચુડાવાળા બેરિસ્ટર હતા પોપટલાલ. બધા .... ૯૩-૯૩. વ્યાખ્યાન આપ્યું. ઓલા ...ને લઈને ઓલા મોટા માણસ કહેવાયને એટલે અહીં શોભા થઈ જશે. પછી મને કહે, 'આ મલ્લેમલ્લની લડાઈ છે, મહારાજ!', કહે. કર્મની લડાઈમાં કોઈ હારી જાય ને કોઈ આત્માની લડાઈમાં જીતી જાય એમ બે મલ્લ છે. (શ્રોતા : એમ કહીને પોતાનો બચાવ કર્યો). દિવાન હતા. મલ્લેમલ્લની લડાઈ. આ જડકર્મની અને આત્માની બેયની લડાઈ છે. અહીં ધૂળેય નથી. આહા ! લડાઈ કેવી? અજ્ઞાની માને છે કે હું રાગ કરું અને કર્મની ક્રિયા કરું. એ કર્મ લડે છે એની સાથે, એમ છે નહીં. આહાહા!

**मोक्षमार्गमें क्रियाका निषेध..** હવે એ ક્રિયાને બતાવી કે પુણ્ય ને પાપની ક્રિયા, દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાના ભાવ અને આ રળવું, વિષય ભોગવાસનાના રાગ, કમાવવું, વ્યાજ રાખવા, વ્યવસ્થા કરવી—એવો જે શુભ-અશુભ રાગ એ મુક્તિમાર્ગમાં (નથી). ખરેખર તો

આહીં શુભરાગનો નિષેધ છે. આહાહા! સમજાય છે કાંઈ? ભારે આકરું કામ પણ હોં. એ કડી આવશે આકરી. કહે છે કે દયાના ભાવ, દાનના ભાવ, ભક્તિના ભાવ, પૂજાના ભાવ, નામસ્મરણના ભાવ, પરોપકારના ભાવ—એ બધા ભાવો વિકલ્પ અને રાગ છે. વ્રતનો ભાવ, અપવાસનો ભાવ, તપનો ભાવ—એ બધો વિકલ્પ અને રાગ છે. એ મોક્ષમાર્ગમાં એનો નિષેધ છે. એ મોક્ષમાર્ગ છે નહીં. આહાહા!

મોક્ષમાર્ગમાં ક્રિયાનો નિષેધ (દોહરા)

करनी हित हरनी सदा, मुकति वितरनी नांहि।
गनी बंध-पद्धति विषै, सनी महादुखमांहि॥९६॥

**અર્થ** :—ક્રિયા આત્માનું અહિત કરનાર છે, મોક્ષ આપનાર નથી, તેથી ક્રિયાની ગણતરી બંધ-પદ્ધતિમાં કરવામાં આવી છે, એ મહા દુઃખથી લિપ્ત છે. ૯૬

**अर्थ** :–क्रिया आत्माका अहित करनेवाली है, मुक्ति देनेवाली नहीं है, इससे क्रियाकी गणना बन्ध-पद्धतिसे की गई है, यह महादुःखसे लिप्त है॥९६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! લોકો આ રાડ નાંખે છે ને. આવું સાંભળીને બીજા તો બધા પંડિતો બધેય ખળભળાટ.. આમ ઘેટાંની જેમ. करनी हित हरनी सदा.. એ પુણ્યની ક્રિયાનો ભાવ એ આત્માના હિતને હરણ કરનારી છે. ત્યારે આ કહે કે શુભભાવ એ આત્માને શાંતિ અને ધર્મનો આપનાર છે. આરે, આ ગજબ વાત છે ને. આહાહા! રાગભાવ, પુણ્યભાવ એ જીવને हित हरनी છે. હિતની નાશ કરનારી છે. ત્યારે ઓલા કહે કે શુભભાવ એ હિતને મદદ કરનારી છે. એય શેઠ! હૈ કિ નહીં પણ ઉસમેં? (શ્રોતા : આપને લિખાયા હૈ). લિખા હૈ ક્યા હમારા? યે તો 'બનારસીદાસ'કા હૈ. ઠીક કહે છે.

करनी हित हरनी सदा. સદા ત્રણે કાળમાં. કોઈ જીવને શુભભાવ હિતનું કરનાર છે એમ ત્રણ કાળમાં છે નહીં. આહાહા! ભારે આ વાત! કહો, પંડિતજી! હૈ ઉસમેં? करनी हित हरनी सदा.. અહિત કરનેવાલી હૈ. આહાહા! हित हरनीને ઠેકાણે અહિત કરનારી એમ લીધું. ચોખવટ જરા સ્પષ્ટ કરી નાખ્યું. આહાહા! પાપના પરિણામ તો હિતને નાશ કરનારી, એની તો વાત આહીં છે નહીં. કારણ કે એમાં તો લોકો એમ તો જાણે કે.... (શ્રોતા : યે તો જાનતે હૈં). હા, જાનતે હૈં. પણ આ દયા-દાન-વ્રત-તપ-ભક્તિ-પૂજા એવો જે વિકલ્પ નામ શુભરાગ એ આત્માના હિતને નાશ કરનારી એટલે કે અહિતની કરનારી છે. હવે આવી વાત છે એને હિતનું મદદ કરનારી છે એમ માનવું. આહાહા! (શ્રોતા :

આચારની પરંપરા માને) આચારની પરંપરા એને કહેવી. નહિતર આ સોનગઢ કહે છે એમાં માર્ગ લૂંટાઈ જશે, એમ કહે છે માળા. એય પંડિતજી! હમણાં આવ્યું છે છાપામાં. સોનગઢની પરંપરા આચાર્યની છે... શુભભાવથી ધર્મ થાય અને શુભભાવ કરવો, એને માટે સોનગઢવાળા નકાર કરે છે. કહો, ઓલા રાજેન્દ્રકુમાર પણ એમ લખે. રાજકુમાર ને શું ? એ રાજેન્દ્ર નહીં? ઓલા મથુરાવાળો. મળે ત્યારે માળો આમ આમ લળે. સામું બોલે નહીં કાંઈ. પાછળ આવું લખે પછી.

આહીં તો ભગવાન ત્રિલોકનાથે કહ્યું, એ 'કુંદકુંદઆચાર્યે' રચ્યું શાસ્ત્રમાં, એ અહીંયા 'બનારસીદાસે' એમાંથી આ ભાવ કાઢ્યો પદ કરીને. આહાહા! કહો, પુનમચંદજી ! ક્યા આયા ? દેખો. (શ્રોતા : લોગ સમજતે નહીં). અને કેટલાક તો એમ કહે કે અમે એ શું કરવા કહીએ (છીએ) કે લોકોની એટલી તૈયારી નથી. એથી અમે એને શુભભાવથી ધર્મ થાય એમ કહીએ. વાહ મૂર્ખ! આહીં તો ચોખ્ખી વાત. 'રાજમલ' ટીકા કળશની ટીકા કરીને એમાંથી આ બનાવ્યું અને એ કળશોના બનાવનારા 'અમૃતચંદ્ર આચાર્ય' દિગંબર મુનિ સંત વનવાસી.

करनी हित हरनी सदा.. સદા.. કોઈ કાળે પંચમ આરામાં લાભદાયક અને ચોથે આરે લાભદાયક નહીં, એમ છે નહીં. આહાહા! અશુભભાવની તો વાત જ શી કરવી? આહીં એની વાત છે જ નહીં. પણ શુભભાવ રાગભાવ, વિકલ્પ દયાનો, દાનનો, વ્રતનો, તપનો, ભગવાનની પૂજાનો, ભગવાનના સ્મરણનો, જાત્રાનો.. અરે! ગજબ છે. એ મૂલચંદભાઈ! એમાં છે કે નહીં? જુઓ. એ શુભભાવ करनी हित हरनी.. એ શુભભાવ આત્માના અહિતનું કારણ છે. રાગ તે વીતરાગભાવને અહિતનું કારણ છે. આહા ! (શ્રોતા : જો જાને સ્વતંત્ર જાને). વહ તો પહલે કહા ન. કે શ્રદ્ધા કરાવવા ને વસ્તુની સ્થિતિ બતાવવા આ વાત છે. પુણ્ય છોડીને પાપ કરવું એ વાત છે? એ પ્રશ્ન જ ક્યાં પણ સવાલ છે ? આહાહા!

ચૈતન્ય ભગવાન એ તો જ્ઞાનનો સાગર છે, એમાં રાગની ક્રિયા એ તો અહિતનું કારણ છે. જ્ઞાનની ક્રિયા એ જ્ઞાનમાં એકાગ્ર થાય તે હિતની કરનારી છે. આહાહા! જ્ઞાન સ્વભાવ પોતાનો સ્વભાવ એ જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર થાય એ ક્રિયા, એ મોક્ષનું કારણ છે. કહો, શેઠી ! હવે ભડકતા નથી. ત્યારે ભડકતા હતા. શરૂઆતમાં ભડકતા. એવું આકરૂં ..... આહા ! પંચમહાવ્રતના પરિણામ, કહે, અહિતનું કારણ (શ્રોતા : અહિતનું કારણ) લે. તો 'કુંદકુંદઆચાર્યે' પાળ્યું શું કરવા? (શ્રોતા : ક્યાં પાળ્યું?) એમ કહે છે એ. (શ્રોતા : છોડ્યું હતું) અરે, પાળ્યું નથી. આવ્યું એને જાણ્યું છે અને દુઃખદાયક છે એમ એમણે જાણ્યું છે. આહા! સમજાણું કાંઈ ? કહો, મીઠાલાલજી ! આમાં છે કે નહીં આ? કે સોનગઢનું છે આ?

मुकति वितरनी नांहि.. આહા! ભગવાન! તારો સ્વભાવ તો વીતરાગસ્વરૂપ ચૈતન્યમૂર્તિ જ્ઞાન છે. એને મુક્તિ થવામાં રાગ એ બિલ્કુલ કારણ નથી એમ કહે છે. આહા! मुकति वितरनी नांहि. એ મુક્તિને દેવાવાળી નહીં. આહાહા! પંડિતજી ! ઐસી તો સ્પષ્ટ બાત હૈ. આહા ! ક્યા કહતે હૈં. આવેને? આવે તે શું છે ? તે દુઃખદાયક છે આવે તે. આહા! કહે છે ને. કેટલા ચાર બોલ નાખ્યા છે. करनी हित हरनी सदा.. કરની નામ આ ક્રિયા— અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય આદિનો વિકલ્પ—રાગ અને તપસ્યા, અનશન અને ઉણોદરી ને આ કરવું ને તે કરવું એવો જે વિકલ્પ રાગ એ हित हरनी—આત્માના શાંતિને અહિત કરનારી છે. આહાહા ! मुकति वितरनी नांहि.. સદાય—ત્રણ કાળમાં રાગની ક્રિયા એ મુક્તિને માટે નથી. પણ નથી ત્યારે હવે શું એ ? સમજાણું કાંઈ ? આહાહા!

गनी बंध—पद्धति विषै.. આગમમાં ભગવાનની વાણીમાં એ શુભક્રિયાને બંધ પદ્ધતિમાં ગણવામાં આવી છે. એ મૂલચંદભાઈ! હવે આ તો ઉઘાડું છે. આ બધું બેસે છે કે નહીં હવે ઘરે બૈરાને ? (શ્રોતા : મહારાજ! એ ભૂલ્યા છે). ભૂલ્યાં છે ઠીક. આહાહા! આવો માર્ગ વીતરાગનો દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવું નથી. આહાહા ! આ કરો.. આ કરો.. આ કરો. પુણ્યને હેય માને એ મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. આહાહા ! એય પૂનમચંદજી! એ તમારા ગામમાં એમ કહે છે. શુભાશુભભાવ.. એ શુભ હેય ? મિથ્યાદષ્ટિ છે. આહીં કહે છે કે શુભાશુભભાવ... શુભ અહિતનો કરનાર અને ભગવાનના આગમમાં એને બંધની પદ્ધતિમાં, બંધની પંક્તિમાં એને ગણવામાં આવી છે. એને મોક્ષના માર્ગમાં ગણવામાં આવી નથી. આહાહા!

પછી એટલું ગણ્યું પણ सनी महादुखमांहि.. એ તો મહાદુઃખમાં લિપ્ત છે. આહાહા ! વાહ રે વાહ ! શુભભાવ તો દુઃખ છે. શુભભાવ દુઃખ છે. બંધપદ્ધતિમાં ગણી કેમ ? કે શુભભાવ દુઃખ છે, દુઃખથી લિપ્ત છે. આહાહા! અરેરે ! હજી એને પોતાનો નિજ સ્વભાવ એનાથી વિરુદ્ધ આ વાત છે એ પણ હજી બેસે નહીં, એને આત્મા અંદર આનંદકંદપ્રભુ છે એ કેમ બેસે ? આહા ! એ અશુભભાવ તો દુઃખદાયક છે. પણ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ દુઃખદાયક અને દુઃખથી લિપ્ત છે. આહાહા! (શ્રોતા : એક એક વાત સત્ય છે). લોકોને આકરી પડે છે એ. સાંભળ્યું નથીને. કેટલાક તો, આપણે તો ભક્તિ કરો ભગવાનની. ભક્તિનો ભાવ એ મહાદુઃખદાયક અને બંધપદ્ધતિમાં ભગવાને ગણી છે, સાંભળ. અને તું કહે કે આ શ્રીમદ્‌ની ભક્તિ કરો, કલ્યાણ થઈ જશે. ધૂળેય નહીં થાય, સાંભળને.

આહીં તો ત્રણ લોકના નાથ તીર્થંકર કહે કે મારી ભક્તિ, મારા તરફનો લક્ષ એ તારો શુભભાવ છે. એને બંધપદ્ધતિમાં અમે કહી છે અને મહાદુઃખથી તે લિપ્ત શુભભાવ છે. એ કાંતિભાઈ ! આહાહા! કાંતિભાઈ જાણો છો ને ? વકીલ! એનો પંદરસો રૂા. પગાર હતો

માસિક. છોડીને બેઠા છે. નિવૃત્તિવાળા છે હોં. કહો, સમજાણું આમાં ? આહાહા! આકરું પડે હોં. બાઈઓને આકરું પડે. ભગવાન ચૈતન્યનો કંદ છે આત્મા. પ્રજ્ઞાબ્રહ્મ છે. એમાં રાગ એનું સ્વરૂપ છે? આહાહા! બે વાત લીધી કે કરની અહિતકારી છે શુભભાવ, એ મુક્તિની દેનારી નથી. આગમો પરમાગમની વાણીમાં ત્રિલોકનાથની વાણીમાં એમ આવ્યું છે કે તે શુભભાવને બંધની પંક્તિની શ્રેણીમાં ગણવામાં આવી છે અને મહાદુઃખથી લિપ્ત છે. આહાહા! હવે, क्रियाकी निंदा.. (શ્રોતા : નિંદા કહે છે હવે તો) है कि नहीं भैया? (શ્રોતા : लिखा तो है).

ક્રિયાની નિંદા (સવૈયા એકત્રીસા)

**करनीकी धरनीमैं महा मोह राजा बसै,**
**करनी अग्यान भाव राकिसकी पुरी है।**
**करनी करम काया पुग्गलकी प्रतिछाया,**
**करनी प्रगट माया मिसरीकी छुरी है॥**
**करनीके जालमैं उरझि रह्यौ चिदानंद,**
**करनीकी वोट ग्यानभान दुति दुरी है।**
**आचारज कहै करनीसौं विवहारी जीव,**
**करनी सदैव निहचै सुरूप बुरी है॥९७॥**

**શબ્દાર્થ** :—રાકિસ=રાક્ષસ. વોટ(ઓટ)=આડે. દુરી હૈ=છુપાયેલી છે.

**અર્થ** :—ક્રિયાની ભૂમિ ઉપર મોહ મહારાજાનો નિવાસ છે, ક્રિયા અજ્ઞાનભાવરૂપ રાક્ષસનું નગર છે, ક્રિયા કર્મ અને શરીર આદિ પુદ્‌ગલોની મૂર્તિ છે, ક્રિયા સાક્ષાત્ માયારૂપ સાકર લપેટેલી છરી છે, ક્રિયાની જંજાળમાં આત્મા ફસાઈ ગયો છે, ક્રિયાની આડ જ્ઞાન–સૂર્યના પ્રકાશને છુપાવી દે છે. શ્રીગુરુ કહે છે કે ક્રિયાથી જીવ કર્મનો કર્તા થાય છે, નિશ્ચય સ્વરૂપથી જુઓ તો ક્રિયા સદૈવ દુઃખદાયક છે. ૯૭

**अर्थ** :—क्रियाकी भूमिपर मोह महाराजाका निवास है, क्रिया अज्ञानभावरूप राक्षसका नगर है, क्रिया कर्म और शरीर आदि पुद्गलोंकी मूर्ति हैं, क्रिया साक्षात् मायारूप मिश्री लपेटी छुरी है, क्रियाके जंजालमें आत्मा फँस रहा है, क्रियाकी आड़ ज्ञान-सूर्यके प्रकाशको छुपा देती है। श्रीगुरु कहते हैं कि क्रियासे जीव कर्मका कर्ता होता है, निश्चय स्वरूपसे देखो तो क्रिया सदैव दुःखदायक है॥९७॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

દેખો! એ સંતો કહે દિગંબર મુનિઓ, અનાદિના સંતો એમ કહતે હૈં. એ કહે છે એ વીતરાગની વાણી પણ એમ કહે છે. आचारज कहै करनीसौं विवहारी जीव, દેખો. એ શુભભાવની કરની એ વ્યવહારી જીવ. करनी सदैव निहचै सुरुप बुरी है.. એ કરનીનું રૂપ જ બૂરું-ખોટું છે કહે છે. આહાહા! કહો, હવે આ આકરું લાગે કે નહીં આમાં? એ વસંતલાલજી! ક્યા હૈ? ઉસમેં હૈ કિ નહીં?

करनीकी धरनीमैं.. શું કહે છે ? क्रियाकी भूमि पर मोह महाराजाका निवास है. શુભભાવનો સ્વામી છું અને શુભભાવના ભાવ (મારા) એ મિથ્યાત્વનો રાજા શુભભાવમાં મિથ્યાત્વભાવ પડ્યો છે. આહાહા! મોહ મહારાજા. આ મિથ્યાત્વની વાત કહી. એમાં નિવાસ છે. રાગ શુભભાવ કરું, કરવા જેવો છે, એ મિથ્યાત્વનો મહારાજા શુભભાવમાં પડ્યો છે. ગજબ વાત છે. આહાહા! છે કે નહીં એમાં ? કહો, શેઠ ! (શ્રોતા : વાત બરોબર આવી છે.) બહાર આવી છે વાત બધી. શ્રદ્ધામાં તો કર નક્કી કે શુભભાવ ધરની–શુભભાવની ભૂમિકામાં (આત્મા નથી). કારણ કે એ તો અજ્ઞાન વિકાર છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાન નથી એટલે કે એમાં આત્મા નથી. શુભરાગમાં આત્મા નથી. શુભરાગમાં તો જડ અને અજ્ઞાનભાવ છે. આહાહા! બાપુ ! મારગડા એના જુદા છે. આહાહા!

અનંત જનમ-મરણમાં અનંતવાર એવું કરતો આવ્યો છે. અરેરે! એક-એક અવતારમાં કેટલા દુઃખ સહ્યા એની એને ખબર નથી. એ દુઃખ તો.. કહે છે કે એ શુભભાવ પોતે દુઃખ છે એમ કહે છે. એ આકુળતા છે, એ કષાયનો ભાવ છે. આહાહા! શુભભાવ. ભાઈએ કહ્યુંને 'નિહાલચંદભાઈ'એ. ખુલ્લું મૂકી દીધું ઓલું. પ્રેમચંદભાઈ! મૂક્યુંને એમણે કે શુભભાવ ભઠ્ઠી છે. અગ્નિની ભઠ્ઠી. ભડક્યા. એય! કોણે કહ્યું? (શ્રોતા : નિહાલચંદભાઈ). 'નિહાલચંદભાઈ સોગાની' કલકત્તાવાળા. શુભભાવ. અરે, શાંતસ્વભાવ ભગવાન આત્મા એમાં અશુભભાવ તો ભઠ્ઠી છે. અને શુભભાવ કષાય છે ને. રાગ દાહ આગ. એ 'છઢાળા'માં આવે છે ને. (શ્રોતા : રાગ એ આગ છે). તમે બોલો છો, પણ એની અત્યાર સુધી ખબર હતી કાંઈ? એ યાદ આવ્યું. એટલું યાદ તો રાખ્યું છે. 'છઢાળા'માં આવે છે ને? રાગ દાહ આગ. રાગરૂપી અગ્નિ દાહ છે. તે શુભરાગરૂપી રાગ પણ અગ્નિ દાહ છે. આહાહા! આવો માર્ગ વીતરાગનો. આહાહા !

પ્રભુ તો શાંત ઝરણે ઝરે એવો એ સ્વભાવ છે. એમાં તો શાંતિ વહે અકષાયભાવ. એમાં રાગ ક્યાંથી આવ્યો? કહે છે. આહાહા! करनी की धरनीमैं महामोहराजा वसै.. આહાહા! મહામોહ નામ મિથ્યાત્વ. એ શુભભાવનો કર્તા થવું અને એ કર્તવ્ય મારું છે એમ માનવું એ મિથ્યાત્વભાવ છે, એમ કહે છે. આમાં ક્યાં હવે છાનું રાખ્યું છે? એ ભક્તિમાં, એક જણો કહેતા હતા, ભક્તિ એવી કરવી, એવી ધૂન લગાવવી, નિર્જરા થઈ જાય કર્મની.

ધૂળેય ન થાય. બંધ થાય, સાંભળને! રાગમાં એકાકાર થઈને રાગના કર્તવ્ય કરે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ થાય, એમ કહે છે. (શ્રોતા : ભક્તિમેં તન્મય હો જાયે બહારકા....) તન્મય હો જાતા હૈ રાગમેં અને સ્વભાવકા અનાદર કરતે હૈં. આરે, ભારે વાત ભાઈ! ત્યારે હવે ન કરવીને ? કરે કોણ ? આવે છે એને દુઃખના ઘર છે એમ એને જાણવું. આહાહા! એય, લખ્યું છે કે નહીં એમાં? આ તો 'બનારસીદાસ'. 'અમૃતચંદ્ર આચાર્ય'ના કળશ છે એની 'રાજમલે' ટીકા કરી છે. (પંડિત) 'રાજમલજી' છે ને આ. આ એમાંથી આ 'સમયસાર નાટક' બનાવ્યું છે કંઈ. એના ઘરની વાત નથી. વીતરાગના ઘરની વાત છે. આહાહા!

કહે છે, करनीकी धरतीमैं.. શાંતિકી ધરનીમેં આત્મા વસે છે અને કરનીની ધરનીના સ્વામી થાય તે મોહ મિથ્યાભાવ રાજા વસે છે. આહાહા! આ શબ્દ તો નડ્યો અમારા શેઠિયાજીને પણ, લ્યો. રામજીભાઈ ઉપર એક પત્ર આવ્યો હતો એનો ને ભાઈ કેવા ? શેઠિયા કેવા ? શોભાલાલજી. સૌભાગ્યચંદજી. ભાઈ સૌભાગ્યચંદજી છેને વહ શેઠ કરોડપતિ, નહીં બેંગ્લોર? આ ૬૦ લાખ રૂપિયા આપ્યા ને ન લીધા, નહીં ? સૌભાગ્યચંદજી. રતનચંદજી. ગયે થે કભી ? (શ્રોતા : ગયે થે) અચ્છા. ગયા હતા તમે ? અચ્છા. માણસ નરમ છે હોં. એનો જ પ્રશ્ન એક આવ્યો છે ભાઈ ઉપર કે આ ભટ્ટી કહે છે શુભભાવ એ શું ? એ પૂનમચંદજી! ન્યાંથી પ્રશ્ન આવ્યો હતો શેઠિયાનો અને ભાઈનો. કારણ કે અમે તો ભક્તિમાં તો અમારૂં લક્ષ ભગવાન ઉપર છે. ન્યાં ક્યાંથી અગ્નિ આવી ગઈ ? એ વસંતલાલજી! ભગવાન ઉપર ભક્તિમાં ન્યાં રાગ છે ? ભગવાન ઉપર લક્ષ આમ છેને, આ ભગવાન. આહાહા! ભાઈ! ભગવાન પરદ્રવ્ય છે. ત્રણ લોકના નાથ બિરાજતા હોય સમવસરણમાં, પણ એના ઉપર લક્ષ જાય ત્યાં શુભરાગ છે. અને એ શુભરાગ દુઃખનું કારણ છે. આહાહા ! એય નટુભાઈ! શ્રદ્ધા જ ઊંધી છે જગતની આખી. આહાહા !

વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા નથી. અનુભવની શ્રદ્ધા એ તો વળી બીજી ચીજ થઈ. સમજાણું કાંઈ ? આ તો હજી એને નહીં.... અરે, શુભરાગ... ભગવાનની ભક્તિ છે, ન્યાં ક્યાં અમે બાયડીની ભક્તિ કરીએ છીએ? અમે ન્યાં ક્યાં શેઠિયાની ભક્તિ, અમારા શેઠની નોકરી કરીએ છીએ ? અમે તો ભગવાનની નોકરી કરીએ છીએ. અરે! સાંભળને હવે. એ ભગવાનની ભક્તિ પણ રાગ છે. આહાહા ! અને એ રાગનું કર્તવ્ય મારું અને કરનારો હું, એ રાગ કરવો મારી ફરજ છે, એ મિથ્યાત્વભાવ છે. મૂલચંદભાઈ ! (શ્રોતા : આવો અર્થ ઓર કોઈ નહીં કર સકે). ન કરે આવો અર્થ. પણ છે કે નહીં એમાં? ડાહ્યા માણસ છો કે મૂર્ખ છો ? એમ કરીને બીજું કરે. એ કીધું હતુંને. ભાઈ આવ્યા હતા. એક હજાર છપાવીને સોનગઢથી. કોણ આવ્યું હતું નહીં કો'ક ? દસ હજાર પુસ્તક છપાવવાના. તમે નહીં ? બીજું

કોઈક હમણાં આવ્યું હતું ? (શ્રોતા : ...ડોક્ટર) હા હા. ડોક્ટર બસ. એ ડોક્ટર આંકડો લાવ્યા હતા. કીધું, સાંભળીએ આપણે. અમારું કામ નહીં. એ કરનારાને કહો.

આહીં તો કહે છે કે એ થવાને કાળે થાય એને કરે કોણ? એમ કહે છે. એય શેઠ! આહાહા! ભારે કામ ભાઈ આવું! આહાહા! પ્રભુ તો ચૈતન્યમૂર્તિ, જેની આંખ્યું ચૈતન્ય છે. એને રાગ આંખ્યું છે? ભાઈ! એને અનાદિથી આ શલ્ય પડ્યું છે એને. સમજાણું કાંઈ? આહાહા! અમારે હીરાજી મહારાજ જ્યારે આ થયુંને ૭૨માં ચર્ચા થઈ. એ કહે, ભાઈ કાનજી! આ નહીં મળે હોં. એ કાંઈક મૂર્તિ માનતા હો તો મળે. કીધું, મહારાજ, નવમી ગ્રૈવેયક ગયો, શલ્ય કાંઈક રહી ગયું બીજું. સૂક્ષ્મ શલ્ય રહી ગયું છે, કીધું. ૭૨માં કહ્યું હોં. આ નહીં. આવી સાધારણ વાતની વાત નહીં. શલ્ય અંદર રહી ગયું છે. શલ્ય સમજતે હૈં? (શ્રોતા : કાંટા...) બાણ. કાંટા લગતે હૈ ન અંદર. એમ આહીં કહે છે, પ્રભુ! એ બંધભાવને એણે ધર્મભાવ અને ધર્મનું કારણ માન્યું છે. એ મહામિથ્યાત્વનું શલ્ય છે. અને એ મિથ્યાત્વ કસાઈખાના કરતાં અનંતગણું પાપ છે. એની એને ખબર નથી. આહા !

करनी धरनीमैं महा मोह राजा बसै, करनी अग्यान भाव राकिसकी पुरी है.. એ અજ્ઞાનભાવરૂપ ક્રિયા રાક્ષસનું નગર છે. એ રાક્ષસનું નગર ખાઈ જશે તને, એમ કહે છે. આહાહા! આ તો 'બનારસીદાસે' બનાવ્યું છે. આહાહા! કહે છે કે करनी अग्यान भाव.. એક તો અજ્ઞાનભાવ. પુણ્યનો ભાવ એ એમાં જ્ઞાનનો અંશ નથી. અચેતન છે રાગ, એ જડ છે. રજકણ ભલે નહીં રંગ-ગંધ-રસ-સ્પર્શ, પણ એ ચેતન નહીં. અને ચૈતન્ય નહીં તે અજ્ઞાન છે. અને એ અજ્ઞાનભાવ રાક્ષસનું નગર છે. એમાં ગયો એટલે ખવાઈ જાઈશ. શાંતિ ખાઈ જશે, તારી શાંતિ ખાઈ જશે, કહે છે. આહાહા! આવી વાત પણ સાંભળવા મળે નહીં. એ બિચારો કરે કે દિ' અને શ્રદ્ધા કરે કે દિ'? આહાહા! જગતને ઊંધે કાંધ મારી નાખ્યા.

કહે છે, करनी તો અજ્ઞાન છે ભાવ. એ શુભવિકલ્પ અજ્ઞાન છે. એટલે ચૈતન્ય ભગવાન પ્રભુ... સૂર્યનું કિરણ એ તો ધોળું હોય. સૂર્યનું કિરણ કોલસાવાળું હોય? (શ્રોતા : ન હોય કોઈ કાળે). એમ રાગ એ તો કોલસા જેવો રાગ, એ ચૈતન્યના જ્ઞાનનો ભાગ નહીં. આહાહા! ચૈતન્યની જાતથી રાગ તે ઉલ્ટી દશા છે. આહાહા! હવે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અપરાધ અને એ અપરાધ એ કષાયનો અંશ અને એ આત્માની શાંતિ ખવાઈ જાય છે. આહાહા! ગજબ વાત છે. એ વીતરાગ કહે એમ હોં. વીતરાગનાં સંતો ને વીતરાગતા માનનારા સમકિત એ કહે. બીજા તો રાડ નાંખે. આ સમાજની સાથે ઊભા રહેવું શી રીતે? મૂલચંદભાઈ ! (શ્રોતા : હા, ડરે છે). ડરે છે.

કહે છે કે એ શુભભાવ અજ્ઞાનભાવરૂપ.. અજ્ઞાનભાવરૂપ રાક્ષસનું નગર છે. એય

શેઠી ! હવે તો આવ્યું ખૂબ. પાપના ભાવની તો વાત જ શી કરવી. એ તો સાધારણ પ્રાણી પણ કહે કે એ છોડવા જેવું છે. પણ આહીં તો ધર્મી એમ કહે છે, ભાઈ ! તારો સ્વભાવ–ધર્મ તો જ્ઞાન છે. તો જ્ઞાનની દશા થવી તે તારો ધર્મ છે. રાગની દશા થવી એ ધર્મ છે ? એ અજ્ઞાનનું નગર છે. એનો રાક્ષસ છે રાજા. ખાઈ જશે તને. આહાહા! રાક્ષસની પુરી છે. એમ છે ને ?

करनी करम काया, લ્યો. એ ક્રિયા કર્મ અને શરીર આદિ પુદ્‌ગલની મૂર્તિ છે. એ શુભભાવની ક્રિયા એ કર્મની કાયા છે. એ આત્માની કાયા નહીં. આવું સ્પષ્ટ વાત છે છતાં માણસો વિરોધ.. વિરોધ.. વિરોધ. (શ્રોતા : પોતે પોતાનો વિરોધ કરે). એનો વિરોધ કરે પોતાનો. ભાન નથી. અરે પ્રભુ ! તારો માર્ગ ભાઈ ! તારી જાત તો જ્ઞાન અને આનંદની છે. અને રાગ તો કજાત છે. આહાહા! હવે આ શુભભાવથી લાભ થાય ને પુણ્યથી થાય ને એમાં લાખો માણસ ભેગા થાય અને ગોઠે એને. (શ્રોતા : માનતા આવ્યા છે). અનાદિથી માનતો આવ્યો છે અને માનવાની વાત કરે પાછો એ. બેય સરખે સરખા છે. આહા ! 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા ભાવ ધર્મ રુચિ હીન. ઉપદેશક પણ તેહવા શું કરે જીવ નવીન ?' કહેનારાય એવા ને સાંભળનારાય એવા. આહા! આવો વીતરાગમાર્ગ એને શ્રદ્ધામાં હજી બેસે નહીં. એને અનુભવની શ્રદ્ધા તો ક્યાંથી આવે ? આહા! સમજાણું કાંઈ? અનુભવી ને શ્રદ્ધા થવી પાછી. એમને એમ શ્રદ્ધા એ નહીં. સમજાણું ? એ આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. રાગની ક્રિયા વિનાનો છે એવું અંતરજ્ઞાન થયા વિના એની પ્રતીતિ સાચી થાય નહીં. અંદર હા, હા પાડે, પણ અંદર બેસે નહીં બરાબર એને. આહાહા!

करनी करम काया.. ક્રિયા, કર્મ અને શરીર આદિ પુદ્‌ગલની મૂર્તિ છે. એ કર્મનું સ્વરૂપ, એમ કહે છે. રાગ અને કર્મ, એ કર્મનું જડનું સ્વરૂપ છે. એ ચૈતનનું સ્વરૂપ નથી. पुग्गलकी प्रतिछाया.. આહાહા ! એ તો પુદ્‌ગલની મૂર્તિ છે. पुग्गलकी प्रतिछाया.. ગજબ વાત છે ને. ચૈતન્યની છાયા રાગ નહીં, ત્યારે પુદ્‌ગલની છાયા છે. આહા! ભારે કામ ભાઈ આકરું આ! આ 'સમયસાર નાટક' બનાવ્યું ત્યારે તો... લખ્યુંને આગળ. ઘર-ઘર (નાટક) કથા બખાની. (શ્રોતા : તે દિવસોમાં તો આ જિનવાણી). આ જિનવાણી, જુઓ. હવે આ રાડ નાખે. એવું પહેલું ન વાંચવું. આમ વાંચવું. પહેલું આ કથાનુયોગ વાંચવો. એમાંથી આ વાંચવું. અરે સાંભળને બાપા! આ એમાંય એણે લખ્યું થોડો કાળ અને કરવું છે કાંઈક મહાન. એમાં તું આવો ના પાડીશ, તારો ઉદ્ધાર ક્યારે થશે ? આંખ્યું મીંચીને ચાલ્યા જાય છે. આહાહા ! એ પુણ્યભાવ, એ શુભભાવ એ પુદ્‌ગલની છાયા છે. એ પુદ્‌ગલનું રૂપ છે. આત્માનું રૂપ નથી.

करनी प्रगट माया मिसरीकी छूरी है.. આહાહા! ક્રિયા સાક્ષાત્ માયારૂપ મિસરી લપેટેલી છૂરી છે. રાગ છેને, મંદ છેને, રાગ શુભ છેને, એમ. એય! એમાં છે એ છે કે નહીં? माया मिसरीकी छूरी, એમ. માયા-વિકાર વિભાવ મિસરી લપેટેલી. શુભભાવ એ સારો છે એવી ખાંડથી લપેટેલી છૂરી છે. છરી (પર) ખાંડ લપેટ્યો હોય સાકર, મારી નાખે કહે છે. આહા! ભારે! સમજાણું કાંઈ? ઓલા તો બસ ધૂન લગાઓ. એવી ધૂન લગાઓ, પોતાને ભૂલી જાઓ. (શ્રોતા : એમાં ભૂલો પડી ગયો). અને ભક્તિમાં નિર્જરા થઈ જાય. બહુ તમને નિર્જરા થઈ જાય. આત્માનો આત્મા વયો જાય એમાં. આહાહા! ભારે માર્ગ બાપા ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ એટલે કે સત્ય માર્ગ સાંભળવો કઠણ થઈ પડ્યો. આમ થઈ જાય હાય.. હાય..! આ તો વ્યવહારનો તો બધો લોપ કરી નાખ્યો. પણ વ્યવહાર જે દુઃખદાયક છે માટે લોપ કરવા જેવો છે. આહીં શું કહે છે ? આચાર્ય જ કહે છે. આહાહા! करनी प्रगट माया मिसरीकी छूरी है.. સંસારનો ભાવ એ ખાંડે લપેટેલી છૂરી છે. મારી નાખે તને. રહેંસી નાખે તારી શાંતિને. આહા !

करनीके जालमैं उरझि रह्यौ चिदानंद.. એમાં ને એમાં ઉલ્લસિત થઈ રહ્યો છે કહે છે. क्रियाके जंजालमें आत्मा फँस रहा है. આ કરું.. આ કરું.. આ કરું.. આ કરું. માળા ગણવી પછી આ કરું ને પછી આ કરું ને પછી આ કરું, પૂજા કરું પછી ભક્તિ કરું ને શાસ્ત્ર વાંચવા ને એ બધો ભાવ સારો. કહે છે, આહાહા! करनीके जालमैं उरझि रह्यौ चिदानंद.. છેને એમાં ? જંજાલમેં આત્મા ફંસ રહા હૈ. क्रियाकी आड़ ज्ञान-सूर्यके प्रकाशको छुपा देती है લ્યો. करनीकी वोट.. આડમાં શુભભાવની આડની ક્રિયામાં ग्यानभान दुति दूरी है. આહાહા! જ્ઞાનસૂર્યકે પ્રકાશ છૂપા દેતી હૈ. રાગની રુચિમાં ભગવાન આત્મા સૂર્ય ઢંકાઈ જાય છે. आचारज कहै करनीसौ विवहारी.. એ રાગનો રુચિવાળો વ્યવહારી જીવ છે એમ કહે છે. (શ્રોતા : નિશ્ચય જીવ નથી) હા. એમ કહે છે. करनी सदैव निहचै सुरुप बुरी है, લ્યો. क्रिया सदैव दुःखदायक है. निश्चयरूपसे देखो तो क्रिया सदैव दुःखदायक है. આ પચાવવા જેવી વાત છે. આહાહા! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૪૦, શ્રાવણ વદ અમાસ, શુક્રવાર તા. ૨૦-૮-૧૯૭૧
## સર્વ વિશુદ્ધિ દ્વાર પદ ૯૮ થી ૧૦૧ ઉપર પ્રવચન.

૯૮. સમયસાર નાટક. સર્વવિશુદ્ધિ દ્વાર. એનું ૯૮મું પદ છે. અહીં હેઠે કળશ છે.

प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसम्मोहः।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते॥३५॥
समस्तमित्येवमपास्य कर्म त्रैकालिकं शुद्धनयावलम्बी।
विलीनमोहो रहितं विकारैश्चिन्मात्रमात्मानमथावलम्बे॥३६॥

---

**સમયસાર કળશ અર્થ :—**''निरस्तसम्मोहः आत्मना आत्मनि नित्यम् वर्ते'' (निरस्त) ગઈ છે (सम्मोहः) મિથ્યાત્વરૂપ અશુદ્ધ પરિણતિ જેની એવો છું જે હું તે (आत्मना) પોતાના જ્ઞાનના બળથી (आत्मनि) પોતાના સ્વરૂપમાં (नित्यम् वर्ते) નિરંતર અનુભવરૂપ પ્રવર્તું છું. કેવો છે આત્મા અર્થાત્ પોતે? ''चैतन्यात्मनि'' શુદ્ધ ચેતનામાત્ર છે. વળી કેવો છે? ''निष्कर्मणि'' સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છે. શું કરીને આત્મામાં પ્રવર્તું છું? ''भविष्यत् समस्तं कर्म प्रत्याख्याय'' (भविष्यत्) આગામી કાળ સંબંધી (समस्तं कर्म) જેટલા રાગાદિ અશુદ્ધ વિકલ્પો છે તે (प्रत्याख्याय) શુદ્ધ સ્વરૂપથી અન્ય છે એમ જાણી અંગીકારરૂપ સ્વામિત્વને છોડીને. ૩૫

---

**સમયસાર કળશ અર્થ :—**''अथ विलीनमोहः चिन्मात्रम् आत्मनम् अवलम्बे'' (अथ) અશુદ્ધ પરિણતિના મટવા ઉપરાન્ત (विलीनमोहः) મૂળથી મટ્યો છે મિથ્યાત્વપરિણામ જેનો એવો હું (चिन्मात्रम् आत्मानम् अवलम्बे) જ્ઞાનસ્વરૂપ જીવવસ્તુને નિરંતર આસ્વાદું છું. કેવી આસ્વાદું છું? ''विकारैः रहितं'' જે રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિથી રહિત છે એવી. કેવો છું હું? ''शुद्धनयावलम्बी'' (शुद्धनय) શુદ્ધ જીવવસ્તુને (अवलम्बी) અવલંબું છું—એવો છું. શું કરતો થકો એવો છું? ''इत्येवम् समस्तम् कर्म अपास्य'' (इति एवम्) પૂર્વોક્ત પ્રકારે (समस्तम् कर्म) જેટલાં છે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ, તેમને (अपास्य) જીવથી ભિન્ન જાણીને—સ્વીકારનો ત્યાગ કરીને. કેવું છે રાગાદિ કર્મ? ''त्रैकालिकं'' અતીત-અનાગત-વર્તમાન કાળ સંબંધી છે. ૩૬

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ધર્મીની શ્રદ્ધા અને જ્ઞાન કેવું હોય છે એની વાત છે.

જ્ઞાનીઓનો વિચાર (ચોપાઈ)

मृषा मोहकी परनति फैली।
तातैं करम चेतना मैली॥

ग्यान होत हम समझी एती।
जीव सदीव भिन्न परसेती॥९८॥

**અર્થ :**—પહેલાં જૂઠા મોહનો ઉદય ફેલાઈ રહ્યો હતો, તેનાથી મારી ચેતના કર્મસહિત હોવાથી મલીન થઈ રહી હતી, હવે જ્ઞાનનો ઉદય થવાથી અમે સમજી ગયા કે આત્મા સદા પરપરિણતિથી ભિન્ન છે. ૯૮.

**अर्थ :**—पहले झूठा मोहका उदय फैल रहा था, उससे मेरी चेतना कर्मसहित होनेसे मलीन हो रही थी, अब ज्ञानका उदय होनेसे हम समझ गये कि आत्मा सदा पर परिणतिसे भिन्न है॥९८॥

---

ધર્મી એને કહીએ કે જેની શ્રદ્ધામાં मृषा मोहकी परनति फैली.. પહેલી અનાદિની રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવ એ જૂઠા મોહની પરિણતિ હતી. તેથી करम चेतना मैली. આહાહા! પુણ્યભાવ એ મોહની પરિણતિ હતી. (શ્રોતા : એને મૃષા કહ્યા છે, વિશેષણ બતાવ્યા છે મૃષા.) હા. જૂઠી હતી. સત્ય ક્યા હતી એ વસ્તુ? પુણ્યનો ભાવ જેટલો દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા આદિ, આહાહા! એ બધી કર્મચેતના હતી અને જૂઠી, મોહની પરિણતિ હતી. આકરું. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપી પ્રભુ, એને ભૂલીને અનાદિની ફેલી મોહની જૂઠી, રાગનો ભાવ એ મોહનો ભાવ, જૂઠો ભાવ છે, આહાહા! એ પરિણતિ મોહની ફેલી હતી. એથી કર્મચેતના, રાગમાં હું ચેતાઈ જતો એ કર્મચેતના મેલી હતી. આહા! મૂલચંદભાઈ! આ દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ, કહે છે કે મેલા છે એમ કહે છે. એય શેઠ! આહાહા! દુઃખકૃત આવ્યું છે ને? सनी महा दुःखमांहि.. ૯૬ (૫૬). આહાહા! આકરી વાત ભાઈ! હોય છે એ રાગ, પણ છે તે દુઃખદાયક અને કર્મચેતના મેલી દશા છે. ભગવાન આત્મા તો આનંદસ્વરૂપ જ્ઞાનની ખાણ આત્મા, એમાંથી રાગ ક્યાંથી પ્રસરે? એમ કહે છે. मृषा मोहकी परनति फैली.. એ રાગની દશા એ જૂઠી મોહની અવસ્થા હતી અને તેથી એ દયા-દાન-વ્રત આદિના પરિણામ જે હતા એ બધા મેલી કર્મચેતના હતી. આહાહા! કેટલા વિશેષણ આપીને સમજાવ્યું છે.

ग्यान होत हम समझी एती.. પણ સમ્યગ્જ્ઞાન થતાં, હું તો ચૈતન્ય છું, જ્ઞાન છું, આનંદ છું એમ ધર્મનું ભાન થતાં, ग्यान होत हम समझी एती जीव सदीव भिन्न परसेती.. એ મેલી રાગની ભાવદશા, એનાથી તો મારી દશા તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? માણસને પચવવું આકરું લાગેને. અનાદિનો ઓલો રસ ચડી ગયો છે ને. રાગનો રસ ચડી ગયો છે અનાદિનો. એ રાગ વિનાની ચીજ, કહે છે કે ધર્મીને એમ થયું, અરે! મારી ચીજ તો આ મેલી—રાગ મેલી ચીજ—કર્મચેતનાથી તો જુદી છે. એમ ભેદજ્ઞાન થતાં ग्यान होत हम

समझी एती जीव सदीव भिन्न परसेती.. ત્રણે કાળ એ રાગની પરિણતિથી ભગવાન આત્મા જુદો છે. આહાહા ! આ બાયડી-છોકરા, કુટુંબ, ધંધો એનાથી તો જુદો, એ તો ક્યાંય રહી ગયું. એ તો મુંબઈ રહ્યા. છોકરાંઓ મુંબઈ રહ્યા. આહાહા !

આહીં તો અજ્ઞાનપણામાં, રાગની પરિણતિ મોહની એ જૂઠી હતી. મારી ચીજ નહોતી. પણ એમાં મેં માન્યું હતું કે મારી દશા હતી. એ મિથ્યાત્વદશા હતી. ग्यान होत हम समझी एती.. ધર્મદશાનું ભાન થતાં, અરે! આ આત્મા તો જ્ઞાન ચૈતન્ય જ્યોત જ્ઞાતા-દૃષ્ટા છે એવું ભાન થતાં જીવ સદીવ.. ત્રિકાળ જ્ઞાયકભાવ ભગવાન, એ વ્રતના દયા-દાન-પૂજાના ભાવથી ત્રિકાળ ભિન્ન છે. ભારે કામ. પંડિતજી ! આમાં તો ધર્મ મનાવે બધો. શેઠ! વ્રત પાળે. પૂજા કરે, ભક્તિ કરે, વાંચન કરે, બસ એ બધો ધર્મ. આહાહા ! છે ને અનાદિની માન્યતા. એ બધું અનાદિનું છે. અને જ્ઞાનનું ભાન થતાં, એ રાગની દશાથી ત્રિકાળ મારી ચીજ જુદી છે એવું ભાન થતાં જ્ઞાનચેતના પ્રગટી. એને ધર્મ અને એને મોક્ષનો માર્ગ કહીએ. આહાહા ! દોહા. ઓલું ચોપાઈ હતું. કેવો આત્મા છે એ વાત કરે છે હવે.

(દોહરા)

जीव अनादि सरूप मम, करम रहित निरुपाधि।
अविनासी असरन सदा, सुखमय सिद्ध समाधि॥९९॥

**અર્થ :—**અમારું સ્વરૂપ ચૈતન્ય છે, અનાદિ છે, કર્મરહિત છે, શુદ્ધ છે, અવિનાશી છે, સ્વાધીન છે, નિર્વિકલ્પ અને સિદ્ધ સમાન સુખમય છે. ૯૯.

**अर्थ :–**हमारा स्वरूप चैतन्य है, अनादि है, कर्मरहित है, शुद्ध है, अविनाशी है, स्वाधीन है, निर्विकल्प और सिद्ध समान सुखमय है॥९९॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા ! 'ભરતેશ વૈભવ' માં એક ચર્ચા આવે છેને ભાઈ ! 'ભરતેશ વૈભવ' છે ને. એય! ભરતેશ વાંચ્યુંને ? એણે વાંચ્યું છે. એ કહેતો હતો પહેલા વાંચ્યું છે. એમાં ઓલી (ચર્ચા) આવે છેને ભરતેશના દીકરાઓ ને ઓલો નેમિરાજ વચ્ચે. એના મામા. બેની વચ્ચે ચર્ચા ચાલે છે. પછી નેમિરાજ કહે છે... વિદ્યાધર હતા. નેમિરાજના બેન હતા ભરતની વેરે અને છોકરાને પોતે કન્યા દેવા આવે છે. ભાણેજને કન્યા આપતા. નેમિરાજ વિદ્યાધર રાજા હતા અને એની બહેન હતા ભરતની વેરે. પોતાની દીકરી ભાણેજને દેવા આવ્યા હતા. એ પ્રથા અત્યારે પણ છે ને. ઘણું કરીને રબારીમાં છે, ક્ષત્રિયમાં પણ છે. એટલે કન્યા દેવા આવ્યા અને એની સાથે ચર્ચા થઈ. પછી ભરતે ચર્ચા કરી છોકરા સાથે. છોકરાને કહે, અરે

છોકરાઓ! આ ભગવાનની ભક્તિ છે. ૠષભદેવ ભગવાન આપણા દાદા બિરાજે છે. તીર્થંકર કેવળી છે એમની પૂજા-ભક્તિ કરવી એ ધર્મ છે કે નહીં? એમ પૂછ્યું છોકરાઓને. ભરત ચક્રવર્તીએ પોતાના છોકરાઓને.

ત્રણ લોકના નાથ ભગવાન આપણા દાદા. મારા બાપ, તારા દાદા અને અત્યારે તીર્થંકર ધર્મના દાદા. આ દાદાજી, કહે છે ને આને, શેઠીને. .... એ કહે, આપણા દાદા ભગવાન એની પૂજા ભક્તિથી ધર્મ થાય કે નહીં? છોકરાને કહે. છોકરા કહે કે ન થાય. 'ભરતેશ વૈભવ' હૈ. બહુ સરસ લખાણ છે. લખાણ વિદ્વાનનું છે. છે તો સાધારણ માણસ. અભિમાની હતો. બનાવ્યું પણ એને બરાબર માન ન મળ્યું એટલે વળી પછી... આવા ને આવા બધા. પણ એમાં એવુંય લીધું છે. ભરતે કહ્યું, 'એલા આ ત્રણલોકનાં નાથ તીર્થંકર જેને ઈન્દ્ર પૂજે અને આપણા તો પિતા, એની ભક્તિ કરતાં ધર્મ થાય કે નહીં?' ના. બાપુજી! ધર્મ ન થાય. 'અરે! ભગવાનની ભક્તિથી ધર્મ ન થાય? શું થયું? આ કન્યા દેવા આવ્યા છે તારો મામો, તમે એના પક્ષમાં ચડી ગયા?' અરે બાપુજી! શું કહો છો તમે આ? પિતાજી પહેલાં તમે જ કહેતા હતા. હવે અત્યારે શું થયું આ? છોકરાઓ સામે માંડે છે. (શ્રોતા : માંડે. છોકરાઓને દયા જ નથી.....) દરકાર જ કે દિ' છે એને....? આ તો પુનમચંદ છે ને... સમજાણું કાંઈ?

આહીં તો કહે છે. છોકરાઓએ એમ કહ્યું, પિતાજી! આપ પહેલે કહેતા અને અત્યારે કેમ ફરી ગયા? 'અરે, પણ આ શું થઈ ગયું છોકરાઓને ? એ કન્યા દેવા આવ્યા છે એના લોભમાં ભગવાનની ભક્તિને તું ધર્મ ન કહે? તારા મામાના પક્ષમાં ચડી ગયો.' અરે પિતાજી! આ શું કહો છો? તમે કહેતા હતા કે ભગવાનની ભક્તિ તો રાગ છે, પુણ્ય છે. ત્રણ લોકના નાથની ભક્તિ પણ પુણ્ય છે. વ્યવહાર રત્નત્રય વ્યવહાર છે અને વ્યવહાર રત્નત્રય તે હેય છે, એમ તમે કહેતા હતા. છોકરાઓએ કહ્યું. ભરત પછી, 'વાહ બેટા વાહ!' આહીં ઠેકાણા ન મળે. અહીંયાના બાપના ઠેકાણા નહીં, ત્યાં છોકરાનાં ઠેકાણા ક્યાંથી લાવવા? કહો, સમજાણું કાંઈ? એ ભીખાભાઈ અને હીરાભાઈ વચ્ચે છે હોં. એવું બને છેને બંનેને તો. પણ આ તો બીજા સાધારણ ગૃહસ્થને. ભીખાભાઈથી તો હીરાભાઈ ચઢી જાય.

આહીં કહે છે, (શ્રોતા : બાપાની જ વાત ચાલે છે.) એની જ ચાલે છે. આહાહા! વાહ બેટા વાહ! વાત તો સાચી તારી, કહે છે. પણ અમે તો પહેલી તારી પરીક્ષા લેતા હતા કે તારો મામો આવ્યો એને રસ્તે તું ચઢી ગયો છો કે આ તે કંઈ...? પિતાજી! આપ કહેતા હતાને. વ્યવહાર રત્નત્રય તો પરાશ્રિત છે, એ હેય છે, એ ધર્મ નહીં. તમે જ કહેતા હતાને વળી આ શું થઈ ગયું તમારે? કહો, એવા તો છોકરા હતા. શોભાલાલજી ! આહા! આહીં

તો છોકરાઓના ઠેકાણા ન મળે. એના બાપનાં ઠેકાણા ન મળે તો છોકરાઓને ક્યાંથી લાવવા? (શ્રોતા : હવે આપને શરણે આવ્યા છે તો હવે.....) અહીં તો આત્માનું શરણ છે..... એ અશરણ એટલે ઈશ્વર છે આત્મા, એમ કહે છે. ઈશ્વર છે એટલે એને બીજાનું કોઈનું શરણ નથી એમ કહે છે. ભગવાન આત્મા, ત્રણ લોકના નાથ તીર્થંકરનું પણ ભગવાન આત્માને શરણ નથી. સમજાણું કાંઈ? આહાહા!

**जीव अनादि सरुप मम, करम रहित निरुपाधि।**
**अविनासी असरन सदा, सुखमय सिद्ध समाधि**

ભગવાન તો આત્મા... જૂઠા મોહકા ઉદય ફૈલ રહા થા એને લઈને (અજ્ઞાન) હતું. હવે તો હમારા સ્વરૂપ તો ચૈતન્ય હૈ. આહાહા! અમે તો જગતના સાક્ષી સૂર્ય છીએ. આહાહા! ચૈતન્યસૂર્ય અમે છીએ, એમ કહે છે. સમ્યગ્જ્ઞાન થતાં ધર્મી એમ જાણે અને માને છે. जीव अनादि सरुप मम—મારૂં સ્વરૂપ તો અનાદિ છે. એ નવું થયું નથી. સચ્ચિદાનંદ પ્રભુ અવિનાશી અનાદિ છે. આહાહા! अनादि सरुप मम.. વળી (હું) ને સ્વરૂપ મારું (એવો ભેદ ક્યાં છે ?) પણ સમજાવવું કઈ રીતે? હું પોતે જ અનાદિ છું, મારું સ્વરૂપ અનાદિ છે. વિકાર-ફિકાર ને શરીર-ફરીર મારામાં છે નહીં. આ સમ્યગ્જ્ઞાન થતાં આમ ભાન હોય છે. ભલે ગૃહસ્થાશ્રમમાં હો, છ ખંડના રાજમાં દેખાય. 'દેખાય', છે નહીં એમાં. ધર્મીને તો પોતાનું અનાદિ સ્વરૂપ છે.

करम रहित निरुपाधि છે એ તો. કર્મ છે જ નહીં એમાં. અરે! રાગ પણ જેમાં નથી એવો હું છું. આહાહા! શુદ્ધ છું. નિરુપાધિ કહ્યું છેને. निरुपाधि.. મહા ચૈતન્યસ્વભાવ શુદ્ધ, રાગની ઉપાધિ વિનાની મારી ચીજ છે. બીજી તો ઉપાધિ કાંઈ નહીં, પણ રાગ-વિકલ્પ ઊઠે એ ઉપાધિ વિનાનો છું. સમજાય છે કાંઈ? જુઓ! આ ધર્મી સમ્યગ્દ્રષ્ટિ ધર્મની પહેલી સીઢીવાળો. આમ આત્માને જાણે અનુભવે ત્યારે એને સમકિતી કહેવાય. કહો, આ તો હજી ગૃહસ્થાશ્રમની વાત ચાલે છે. સાધુ, તમે કહેતા હતાને સવારના. આહા! અવિનાશી છું. ભગવાન સત્ સત્. 'છે', તેનો નાશ શી રીતે હોય? અનાદિ અવિનાશી છું. અને અશરણ છું એટલે કે હું સ્વાધીન છું. કોઈનું મારે શરણ છે એવો હું નથી. તીર્થંકર ત્રિલોકનાથનું પણ મારે શરણ નથી, એમ કહે છે. આ ભક્તિવાળાને આકરું પડે. ઓલા ભક્તિને ધર્મ માને, મોક્ષ માને ને. ભગવાનની ભક્તિ કરો. એમ આ શ્રીમદ્‌ની ભક્તિ કરો. જાઓ તમારું કલ્યાણ થશે. પકડો એમને.

આહીં કહે કે ત્રણ લોકના નાથ તીર્થંકરને પકડ તોય ધર્મ નથી, લે. એ તો વિકલ્પ છે ને રાગ છે. આત્મા અશરણ છે. એને કોઈનું શરણ છે નહીં, એમ છે. ઈશ્વર છે એ તો.

આહા! ઈશ્વરને કોનું શરણ હોય? સમજાણું કાંઈ? હું તો અશરણ નામ કોઈનું મને શરણ નથી. 'અરિહંત સરણં, સિદ્ધ સરણં'. એ તો બધી વ્યવહારની વાતો છે. આહાહા! શરણ વિનાનો એટલે મારે કોઈનું શરણ નથી, એમ. સિદ્ધનુંય મને શરણ નથી. (શ્રોતા : પોતાનું જ શરણ છે). પોતે જ શરણ, સ્વાધીન અને ઈશ્વર છે. આહાહા! સમજાણું કાંઈ? એવી દૃષ્ટિને સત્‌દૃષ્ટિ કહેવામાં આવે. ભગવાનની ભક્તિ કરશો અને ભગવાનનું સ્મરણ કરશો તો તમને કલ્યાણ થઈ જશે. મિથ્યાદૃષ્ટિ છે. જૈનને નહીં માનનારો છે. વીતરાગ દેવને નહીં માનનારો છે એ. એય શેઠી! શેઠી કહે છે જૂના માણસ કહે છે કડક ભાઈ કડક. (શ્રોતા : બહુ કડવી). કડવી કે કડક? (શ્રોતા : કરડી) કરડી. (શ્રોતા : કડક) કડક, કડક (શ્રોતા : કડક હૈ પણ સચ્ચી હૈ કે નહીં?) આહાહા! આ તો આત્મા પોતે અનાદિ અનંત ઈશ્વર છે. ઈશ્વરને કોઈનું શરણ હોઈ શકે નહીં. આહાહા!

જુઓ તો આ. સમ્યગ્જ્ઞાનમાં આત્મા પૂર્ણાનંદનો નાથ, જેને—આત્માને પરના શરણની બિલ્કુલ જરૂર નથી. એવો હું પરની જરૂરિયાત, શરણની જરૂરિયાત વિનાનો છું, એમ કહે છે. આહાહા! કહો, ચીમનભાઈ! ઓલા માંગલિકમાં એમ આવે. 'અરિહંત સરણં, સિદ્ધ સરણં, સાહૂ સરણં, કેવલિ પણ્ણતો ધમ્મં સરણં.' માંગલિકમાં એમ આવે. એ તો વ્યવહારની વાત છે. આહાહા! (શ્રોતા : નાસ્તિક થઈ જશે આમ તો..) પરથી નાસ્તિક છે એવું જ એનું સ્વરૂપ છે. પરથી નાસ્તિક એ જ એનું સ્વરૂપ છે, ત્યારે એ સ્વ અસ્તિ થાય. અને પરનું શરણ છે ત્યાં સુધી એ નાસ્તિક છે ખરેખર. પરના શરણ-ફરણ વિનાનો હું છું.

ભગવાન ચૈતન્યજ્યોત પ્રભુતાથી ભરેલો.. પ્રભુતા શક્તિ છે ને. પ્રભુતાથી ભરેલો પરમેશ્વર, મારી બધી શક્તિઓ પરમેશ્વર છે. પરમ સામર્થ્યવાળી છે. એને કોઈનું શરણ છે નહીં. આહાહા! આકરું ભારે લાગે વ્યવહારિક જીવોને. મીઠા, એ મીઠા માણસ છે. કડક છે એમ કહ્યું છે. કરડી વાત છે. પણ એ જ સત્ય વાત છે. (શ્રોતા : અનાદિ કાળથી નહી સાંભળેલી છે.) અનાદિનો ઓશિયાળો છે ને ભિખારી. હવે કાંઈ ભગવાનનો ટેકો હોય, ફલાણાનો... કાંઈક આમ વાણી-બાણી મળે તો મને ટેકો મળે. એવો એ આત્મા છે જ નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

असरन सदा.. ત્રિકાળ મારું સ્વરૂપ તે અશરણ છે. આહાહા! કોઈનું શરણ હોય તો હું રહું, એવો હું છું નહીં. આહાહા! આત્મા.. આત્માની આસ્તિકતા કરે. આસ્તિકતા કહેવી કોને? કે આત્મા જેવો છે પરના શરણ વિનાનો, એમ માને તો એ પોતે આત્મા માન્યો કહેવાય. આત્માને પરનો આધાર મળે તો આત્મા ખીલે, એવો આત્મા છે જ નહીં. અમરચંદભાઈ! આહાહા! હા, પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવો એ આત્મા છે. પરથી જણાય ને પરના આધારે જણાય એવી આત્માની ચીજ જ નથી. આત્મા એવો છે જ

નહીં. સમજાણું કાંઈ ? આહાહા !

अविनासी असरन सदा सुखमय सिद्ध समाधि, લ્યો. સુખમય સિદ્ધ. નિર્વિકલ્પ અને સિદ્ધ સમાન. સુખમય છું, એમ. વિકલ્પ વિનાનો, એ દુઃખના વિકલ્પ વિનાનો અને સિદ્ધ સમાન સુખમય છું. ભારે વાત! કહો, આ સમ્યક્દર્શનમાં આ હોય છે. સમ્યગ્જ્ઞાનમાં આ ચીજ માન્યતામાં હોય છે. એમ માને ભગવાન સાચા, નવ તત્ત્વ સાચા, એમ નહીં. આહાહા! ઓલો કહે, ભાઈ, પણ છોકરા જ્યાં સુધી ચાલી ન શકે તો એને ચાલણગાડી જોઈએને પહેલી. લાકડાની નથી રાખતા ? છોકરા આમ પકડી રાખે ને પછી .... આહીં તો કહે છે, ભગવાન આત્માને આધાર કોઈનો છે જ નહીં. એવો આત્મા જ નથી, સાંભળને ! આહાહા! એ ચાલણગાડી નહીં છોકરાઓ...? એમ છોકરા ચાલી શકે નહીં તો ... રાખે. ... હાથ ઝાલેને. ચાલી શકતો ન હોય પણ એને ટેકે ટેકે પછી પગ આમ....

એમ પહેલું કંઈ જોવે કે નહીં શરણ ? પહેલું-ફહેલું કાંઈ નથી, આહીં તો કહે છે. સદાય પરના શરણ વિનાનો છું. આહાહા ! યે વસ્તુકી બાત હૈ. પુરુષાર્થ તો પીછે, પણ વસ્તુ ઐસી હૈ. આ મૂળને..... આહાહા ! (શ્રોતા : .....પામ્યો નથી ત્યાં સુધી?) પામ્યો નથી એને માટે કહે છે. તું પૂર્ણ શરણ સહિત છો. પરનું શરણ તારે છે જ નહીં, એવો આત્મા છે. એવો આત્મા માને ત્યારે આત્મા માન્યો કહેવાય. આહાહા ! સમજાણું કાંઈ ? આકરી વાતું ભારે. આ તો વીતરાગના દરબારની વાત છે. આહા ! રાંકા તો ત્યાં હાય.. હાય.. હવે... પરમ શાંતરસ મૂળ, શ્રીમદ્ કહે છે ને. 'વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસ મૂળ. ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' સમજાણું કાંઈ ? કાયરો હીજડા જેવા એને આ પ્રતિકૂળ લાગે છે એમ કહે છે. સમજાણું કાંઈ ? મૂલચંદભાઈ! આહીં તો એવી વાત છે. 'રણે ચડ્યો રજપૂત છૂપે નહીં.'

ભગવાન આત્મા શાંત અને આનંદનું રૂપ જેનું ત્રિકાળ છે. એને પરનું શરણ હોય તો ટકે, એમ વસ્તુમાં છે નહીં. આહાહા ! એની એક-એક શક્તિ ઈશ્વરશક્તિથી ભરેલી છે. અનંત શક્તિ છેને આત્મામાં ? એમાં એક ઈશ્વરશક્તિ છે ને ? પ્રભુત્વશક્તિ છે કે નહીં ? તો એક પ્રભુત્વશક્તિ, એવી અનંત એક-એક શક્તિને પ્રભુત્વ નિમિત્ત છે. તો દરેક શક્તિ ઈશ્વરના સ્વભાવથી ભરેલી છે. આહા! કહો, આ જયપુરના શેઠિયા કહેવાય આ જૂના માણસ. હવે એને આવું લાગે. શું કર્યું અત્યાર સુધી ત્યારે એણે ? શેઠિયા ! (શ્રોતા : કહેલી વાત ન માની). આ તો ખાનદાન માણસ છે ને મુખ્ય. આહા ! અરે ! એને આત્મા કેવો અને કેવો છે એ વાતને એણે સમજણમાં, શ્રદ્ધામાં કદી લીધી નથી. આહાહા !

સિદ્ધ સમાન મારું સુખ છે કહે છે. આહાહા ! જેવો સિદ્ધને અતીન્દ્રિય આનંદ છે, એવો

જ અતીન્દ્રિય આનંદનો નાથ હું પૂર્ણ છું. પૂર્ણ જ છું. આહાહા! શ્રદ્ધામાં તો દ્રવ્યસ્વભાવની શ્રદ્ધા કરવી છે ને? પર્યાય તો એક અંશ છે. રાગ-બાગ પર છે. આહાહા! સમજાણું કાંઈ? सुखमय सिद्ध समाधि.. આનંદમય, સિદ્ધ જેવી શાંતિ છે મને. સ્વભાવ તો ત્રિકાળ એ હું આત્મા. એક સમયનો પર્યાય અને રાગ એ આત્મા નહીં. આહાહા! ભારે આકરું કામ પણ. છે ને મીંડુ કરી હેઠે નાખ્યું છે. માથે કળશ છે. કળશનો અર્થ નીચે આવશે.

विगलन्तु कर्मविषतरुफलानि मम भुक्तिमन्तरेणैव।
संचेतयेऽहमचलं चैतन्यात्मानमात्मानम्॥३७॥

---

**સમયસાર કળશ અર્થ :**—"अहम् आत्मानं सञ्चेतये" હું શુદ્ધ ચિદ્રૂપને—પોતાને આસ્વાદું છું. કેવો છે આત્મા અર્થાત્ પોતે? "चैतन्यात्मानम्" જ્ઞાનસ્વરૂપમાત્ર છે. વળી કેવો છે? "अचलं" પોતાના સ્વરૂપથી સ્ખલિત નથી. અનુભવનું ફળ કહે છે—"कर्मविषतरुफलानि मम भुक्तिम् अन्तरेण एव विगलन्तु" (कर्म) જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપ છે જે (विषतरु) વિષનું વૃક્ષ—કેમ કે ચૈતન્ય પ્રાણનું ઘાતક છે—તેનાં (फलानि) ફળ અર્થાત્ ઉદયની સામગ્રી (मम भुक्तिम् अन्तरेण एव) મારા ભોગવ્યા વિના જ (विगलन्तु) મૂળથી સત્તા સહિત નષ્ટ હો. ભાવાર્થ આમ છે કે કર્મના ઉદયે છે જે સુખ અથવા દુઃખ, તેનું નામ છે કર્મફળચેતના, તેનાથી ભિન્ન-સ્વરૂપ આત્મા—એમ જાણીને સમ્યગ્દૃષ્ટિ જીવ અનુભવ કરે છે. ૩૭

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સમ્યગ્દ્રષ્ટિ શ્રદ્ધાવાન આત્માની આસ્તિકતા માનવાવાળો આત્મા આવો છે એમ માનનારો, જાણનારો, અનુભવનારો, એ એમ જાણે છે કે,

વળી—(ચોપાઈ)

मैं त्रिकाल करनीसौं न्यारा।
चिदविलास पद जग उजयारा॥
राग विरोध मोह मम नांही।
मेरौ अवलंबन मुझमांही॥१००॥

**અર્થ :**—હું સદૈવ કર્મથી ભિન્ન છું, મારો ચૈતન્ય પદાર્થ જગતનો પ્રકાશક[1] છે, રાગ-દ્વેષ-મોહ મારા નથી, મારું સ્વરૂપ મારામાં જ છે. ૧૦૦

**अर्थ :**—मैं सदैव कर्मसे पृथक् हूँ, मेरा चैतन्यपदार्थ जगत्‌का प्रकाशक है, राग-द्वेष-मोह मेरे नहीं हैं, मेरा स्वरूप मुजहीमें ही है॥१००॥

---

દેખો એ શેઠ! આ સમયસાર નાટક તો બહુ ઘરે ઘરે છે. તમારે ઘરે હશે? વાંચે

કોણ? વાંચે તો પોતાની દૃષ્ટિએ પાછો. મૂલચંદભાઈ! આહા! मैं त्रिकाल करनीसौं न्यारा.. કરની શબ્દે કર્મ રાગ. એ દયા-દાન-વ્રત આદિનો વિકલ્પ જે રાગની ક્રિયા એનાથી त्रिकाल करनीसौं न्यारा. આહાહા! સમજાય છે કાંઈ? કેમકે રાગની ક્રિયા છે એ તો પુણ્યતત્ત્વ છે, એ આસ્રવતત્ત્વ છે અને ભગવાન તો જ્ઞાયકતત્ત્વ છે. તો એ રાગની ક્રિયાથી ત્રિકાળ ભિન્ન છે. આહા! બેય એક થાય, આસ્રવ અને આત્મા બે એક થાય તો બે તત્ત્વ ભિન્ન રહેતા નથી. આહાહા! એકેય તત્ત્વ રહે નહીં. નવને નવ રૂપે રાખવા હોય તો... આહાહા! જુઓને, આ વરસાદ નથી આવતા ને દુકાળ પડે ત્યાં રાડ નાંખી જાય છે માણસ. પણ એ બાજુમાં છેને ક્યાંક ભાઈ, એમ નેમીચંદભાઈ કહેતા હતા. મલકાપુરમાં હાહાકાર. દુકાળ બહુ. ચાર-પાંચ દિ' ચાલ્યો હશે હાહાકાર.

છપ્પનિયાનો દુકાળ જોયો છે ને. એ તો ચાર-પાંચ ઇંચ હશે. એ તો છપ્પનિયામાં હતોને. (શ્રોતા : ...) છપ્પનિયામાં પાંચ-છ ઇંચ વરસાદ આવ્યો હતો. એટલે ખડ ... આપવો? દાણા-બાણા કાંઈ નહીં. છપ્પનિયામાં. દસ વરસની ઉંમર હતી. જોયું હતું. ત્રાસ.. ત્રાસ.. ત્રાસ.. ત્રાસ હોં. આહાહા! ગાયું ૫૦-૫૦ ઉભી હોય આમ. પાંચ-પાંચ-છ દિ' સુધી ખડનો કણ નહિ આમ. એ ભરવાડ ગાય ઉપર ધાબળો નાખી રોતો. નજરે જોયા છે હોં અને ગાયોને પાંચ-પાંચ-છ દિ' થયા તરણું નહી. પાણી પાય. હવે એ પાણીથી શું થાય? આ બધા આંસુ સુકાઈ ગયેલા હોય. રાડ નાખે. અને અનાજ તો હતું સોંઘું. અઢી રૂપિયે મણ ચોખા મળતા રંગુનના. ઘણું સોંઘુ હતું. (શ્રોતા : ૧ રૂપિયો ૧૪ આના) હા, એ હશે. પણ આ તો બહુ ચોખા સોંઘા હતા. બાજરોય..... ભાવમાં ઓલું નહોતું. પણ પૈસા નહોતા અને ઘણા વરસે દુકાળ પડ્યો તે રાડ નાંખી ગયા.

પણ આ તારી પર્યાયમાં અનંત કાળથી દુકાળ પડ્યો એનું શું? નેમીચંદભાઈ! આ એની વાત ચાલે છે આ. એ દુકાળ તો.... આહાહા! આ પર્યાયમાં અનાદિથી દુકાળ છે. એ આત્મા કોણ છે એનો અંકુરાનો અભાવ છે. આહાહા! પર્યાયમાં રાગને પોતાનું માનવું અને રાગથી કલ્યાણ માનવું એ દુકાળ છે. ભાઈ! આ તો માર્ગ સર્વજ્ઞનો છે એટલે કે સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્માનો છે. આહા! સર્વજ્ઞ થયા એ ક્યાંથી થયા? સર્વજ્ઞસ્વભાવ, વસ્તુ જ સર્વજ્ઞસ્વભાવી છે આત્મા. રાગવાળી તો નથી પણ અલ્પજ્ઞ રહે એવો એનો સ્વભાવ નથી. આહાહા! સમજાણું કાંઈ? શરીરના સંબંધમાં રહે અને રાગના સંબંધમાં રહે એ તો છે જ નહીં, આહાહા! પણ અલ્પજ્ઞપણે રહે એ એનો સ્વભાવ નથી. આહાહા! સમજાણું કાંઈ? આમ સર્વજ્ઞ.. સર્વજ્ઞ ભગવાન છે એમ કહેવું, પણ એ વસ્તુ પોતે સર્વજ્ઞસ્વભાવી છે. એ સર્વજ્ઞ થઈને રહે એ એનો સ્વભાવ છે. રાગ થઈને ને અલ્પજ્ઞ થઈને રહે એ એનો સ્વભાવ નથી. આહાહા!

मैं त्रिकाल करनीसौं न्यारा चिदविलास पद जग उजयारा.. એ આવ્યું જુઓ હવે. મેરા તો ચૈતન્ય પદાર્થ જગતનો પ્રકાશક છે. આહાહા! કહે છે. નીચે ખુલાસો કર્યો છે. यदि ज्ञान ढंक जाय तो समस्त संसार अंधकारमय है. ચૈતન્યપ્રકાશ નાશ થઈ જાય તો અંધકાર છે બધું. જાણનાર જ્યોતિ ચૈતન્યમૂર્તિ છે. બાકી તો બધું અંધારું છે. કર્મ, શરીર, જડ, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને રાગ એ બધા અંધકાર છે. આહાહા! ચૈતન્યજ્યોતિ ભગવાન જ્ઞાનની મૂર્તિ એ તો જ્ઞાનનો પ્રકાશ છે. એ જો ન હોય તો દુનિયામાં અંધારું છે એ કોણ કહેશે પાછું. આહાહા! આ શરીર, વાણી, મન બધા આંધળા. વાણી, મન, દાળ-ભાત, લાડવા, મકાન, પૈસા, આબરુ બધા આંધળા. બધા દ્રવ્યો આંધળા છે. અરે! રાગ વ્યવહાર રત્નત્રયનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ એ આંધળા છે. પોપટભાઈ! આવી વાતું છે ભાઈ! એ અંધારાને પકડીને ચેતન બેઠો છે, પણ એ અંધારું એનું સ્વરૂપ છે નહીં. આહાહા!

चिदविलास.. ભાષા દેખોને. ચૈતન્યનો પ્રકાશ એ મારું સ્વરૂપ છે. जग उजयारा.. એ જગતનો ઉજીયારો છે એ તો. આહા! જગતમાં જાગતી જ્યોત હોય તો એ આત્મા જ છે. બાકી બધા આંધળા છે. આહાહા! વ્યવહાર રત્નત્રય વિકલ્પ પણ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાન નથી, એમાં આત્મા નથી. આહાહા! આવી વાત! સમજાણુ કાંઈ? मैं त्रिकाल करनीसौं न्यारा चिदविलास.. એ જ્ઞાનનો વિલાસ એ પદ મારું છે. એ જગનો ઉજીયારો હું છું. આહા! પ્રકાશનો કરનારો હું છું. હું છું તો હું જાણું છું મને અને હું છું તો જાણું છું આને–રાગ આદિને.—એવો ઉજીયારો મારું તત્ત્વ છે. આહાહા! ભારે વાત ભાઈ! राग विरोध मोह मम नांही.. એ વિકલ્પ–દયા-દાન-વ્રત-ભક્તિનો રાગ અને સ્વરૂપના વિરોધનો દ્વેષ અને મોહ નામ પરમાં સાવધાની એ मम नांही. મારામાં એ નથી હોં. મારામાં એ નથી. અને મારામાં છે એ બધા ચૈતન્યની જાતના ઉજીયારા છે. આહા! સમજાણું કાંઈ?

राग विरोध मोह मम नांही, मेरौ अवलंबन मुझमांही. આહાહા! અરે! આત્માને અવલંબન? મૂર્તિનું અવલંબન, આગમનું અવલંબન. એય! તમારે કહેવાય છે એ. આ આગમ અને મૂર્તિનું ભાઈ, આપણે તો આલંબન છે. તમારે ભાઈ ... પ્રકાશ. એય ચેતનજી! શું શબ્દ છે એ? (શ્રોતા : આગમ એટલે જિનાગમ અને જિનબિંબ) જિનબિંબ. જિનાગમ અને જિનબિંબ એ બેના શરણ છે, આધાર છે. આહાહા! પંચમકાળમાં, એમ કાંઈક ....ભાઈ નહોતા કહેતા ભાઈ? ... હા, એ બોલે છે. એને મોઢે છે. ....ને મોઢે છે. 'ભવિજનકો આધાર'. ..... જિનાગમ અને જિનબિંબ ભવિજનકો આધાર' બસ એમ બોલે

છે એ. પંડિતજી યાદ રાખે ઘણું પકડીને. (શ્રોતા : અમારે યાદ રહે છે). એ તો બધા એમ કહે. આરે, આરે! આહીં તો કહે છે, ભગવાન મારો આત્મા. મેરો અવલંબન મારામાં છે, મારો છે. આહાહા! એય જેઠાભાઈ ! કાયરના તો કાળજાં કંપી જાય એવું છે. અમારે શેઠી જેવાને આકરું પડે છે ને. કહે કડક છે. કહો, સમજાય છે કાંઈ ?

આ તો ચૈતન્ય મહારાજાના ધર્મ છે. આહાહા ! કોઈને નમે એવો એ નથી. કોઈને નમે તો એ વિકલ્પ છે કહે છે. એ નમે એવો છે નહીં, એનામાં વિકલ્પ છે જ નહીં. આહાહા ! એય ભાઈ! કોઈને નમે એવો નથી. આ લગન કરવા જાય છેને ત્યાં એ બોલે છે. નહીં નમે રે નહીં નમે... બોલે છે ખરું કાંઈક, મોટાંના છોરું. ઓલું સાંભળેલું કુંવરજીભાઈના લગનમાં આવ્યા હતાને જ્યારે. ૭૨માં ગઢડા. તે દિ' સાંભળેલું. ૭૨માં ... પરણ્યાને જ્યારે, ત્યારે અમે .... (શ્રોતા : નહીં નમે રે નહીં નમે ભારતીય જોડી નહીં નમે) ભારતીય જોડી, એમ ન હોય. એ તમારૂં... તમારે છેડા છોડવા જાય ત્યારે બોલે. આ તો પરણવા જાય ત્યાં આ બોલે. નહીં નમે રે નહીં નમે, મોટાના છોરું નહીં નમે. એમ આ મોટો ભગવાન આત્મા ત્રણ લોકનો નાથ. આહાહા! એય! એ સિદ્ધને નહીં નમે એમ કહે છે. આહાહા! એ નમતી નહીં મૂકે. (શ્રોતા : .....) ઝવેરાતમાં આમ તોલ બરાબર રાખે કે નહીં બરાબર? .... નમતું નમતું હીરા-માણેકમાં આપવામાં નમતું મૂકે થોડું? શેઠી !

દસ હજારનો હીરો હોય તો થોડું નમતું મૂકો થોડું, થોડું મૂકે ત્યાં પાંચસો ચાલ્યા જાય એમાંથી. રતિભાર, નહોતા કહેતા ભાઈ? બેચરભાઈ. હીરા બે લાવ્યા હતા બેચરભાઈ ૯૯ની સાલમાં. એક હીરો હતો સાઠ હજારનો અને એક હતો એંસી હજારનો. આઠ રતિનો એંસી હજારનો અને ઓલો સાઠ હજારનો તો અર્ધાભારનો મોટો હતો એ. કેરેટનો હશે. બે હીરા લાવ્યા હતા. (શ્રોતા : અભી તો નહીં આયેગા). અભી નહીં આયેગા. એ વખતે ૯૯ની સાલમાં. ડાબલી હતી મખમલની. ખાડો. હીરા આમ.... આઠ રતિભાર. એક રતિના દસ હજાર રૂપિયા. ભગવાનના વખતમાં તો હીરા મોટા કરોડના હતાં. કરોડ-કરોડનો એક હીરો. આહાહા! હીરાની તો આ લાદીઓ હતી રાજાને ઘરે. આ પત્થર લાદી હોયને લાદી. ધૂળની શું કિંમત છે? તીર્થંકર જેવાને પુણ્ય જુઓ તો આમ, ઈન્દ્રો-નરેન્દ્રો આમ કૂતરીના બચ્ચા હોયને આમ, મહારાજ! એમ કરે. મોટા સત્તાશ્રીના સાહ્યબા હોય. ૧૦-૧૦ હજાર રાજા નીચે સેવા કરતા હોય, એ પણ ભગવાન પાસે આવીને આમ..... ચક્રવર્તી પાસે ૩૨ હજાર રાજા (નમે).

આહીં કહે છે કે એવો આત્મા છે, આહાહા ! એ કોઈને નમે વિકલ્પથી, એવું એ વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા ! ગજબ વાત છેને. સાધારણ માણસને બિચારાને સાંભળવા

મળે નહીં. એને વિકલ્પ આવે, પણ એ પુણ્ય છે અને એ પુણ્ય આત્માનું સ્વરૂપ નથી. આહાહા! ભારે આકરી વાત છે. મીઠાલાલજી! मेरौ अवलंबन मुझमांही. મેરા સ્વરૂપ તો મેરા અવલંબન મારામાં છે. એ વળી ટૂંકુ કરી નાંખ્યું છે. મેરા સ્વરૂપ મુજમાંહિ, એ નહીં પણ मेरौ अवलंबन मुझमांही. (શ્રોતા : એ મૂળમાં બરાબર છે) હા, એ મૂળમાં છે એ. હવે ૧૦૧.

(સવૈયા તેવીસા)

सम्यकवंत कहै अपने गुन
मैं नित राग विरोधसौं रीतौ।
मैं करतूति करूँ निरवंछक,
मोहि विषै रस लागत तीतौ।।
सुद्ध सुचेतनकौ अनुभौ करि,
मैं जग मोह महा भट जीतौ।
मोख समीप भयौ अब मो कहुं,
काल अनंत इही विधि बीतौ।।१०१।।

**શબ્દાર્થ :—**રીતો=રહિત. મોહિ=મને. તીતૌ(तिक्त)=તીખો.

**અર્થ :—**સમ્યગ્દષ્ટિ જીવ પોતાનું સ્વરૂપ વિચારે છે કે હું સદા રાગ-દ્વેષ-મોહથી રહિત છું, હું લૌકિક ક્રિયાઓ ઇચ્છા વિના કરું છું, મને વિષય-રસ તીખો લાગે છે, મેં જગતમાં શુદ્ધ આત્માનો અનુભવ કરીને મોહરૂપી મહાયોદ્ધાને જીત્યો છે, મોક્ષ તદ્દન મારી સમીપ થયો છે, હવે મારો અનંતકાળ આ જ રીતે પસાર થાવ. ૧૦૧.

**अर्थ :—**सम्यग्दृष्टि जीव अपना स्वरूप विचारते हैं कि मैं सदा राग-द्वेष-मोहसे रहित हूँ, मैं लौकिक क्रियाएँ इच्छारहित करता हूँ, मुझे विषय-रस चरपरा लगता है, मैंने जगतमें शुद्धात्माका अनुभव करके मोहरूपी महायोद्धाको जीता है, मोक्ष मेरे बिलकुल समीप हुआ, अब मेरा अनन्तकाल इसी प्रकार बीते।।१०१।।

---

આ સમ્યગ્દ્રષ્ટિની વાત છે. શેઠી! શેઠ! (શ્રોતા : .....) સેલી તો રાખ હોય ભાઈ! સેલી, અમારે રાખને સેલી કહે છે. રાખ હોતી હૈ ન ભભૂતી. સેલી નાખો આમાં થોડી રાખ. આ મગમાં, બાજરામાં નાખે છે ને. બગડે નહીં. (શ્રોતા : છાણાની રાખ) નાખે, છાણાની રાખ નાખે. આહા! એ સેલી એ છે રાખ. આહીં તો ઊભા રહેવું કઠણ છે. આહાહા! (શ્રોતા : ઊભા રાખે કોઈ દિ' પાર પડે.) પાર પડી જાય. (શ્રોતા : ઊભા

રહેનારને તો...) ઊભા રહેનાર શું? આ શ્રદ્ધા આવી છે એમાં એની કરવી, એ ઊભા રહેવું. ઊભા રહેવું તે બહારમાં ઊભા રહેવું?

सम्यकवंत कहै अपने गुन, मैं नित राग विरोधसौं रीतौ. હું તો પુણ્ય ને પાપ અને ભાવથી તો ખાલી છું. મારામાં તે કોઈ દિ' છે નહીં. આહાહા! એ વ્યવહાર રત્નત્રયનો રાગ મારામાં નથી, એમ કહે છે. સર્વવિશુદ્ધ અધિકાર છેને. मैं नित राग विरोधसौं रीतौ.. रीतौ એટલે ખાલી. ઘી વિના જેમ ખાલી હોયને ઘડો. ખાલી ઘડો, એમ હું તો રાગ અને દ્વેષ વિનાનો ખાલી છું. મારા સ્વભાવથી પરિપૂર્ણ છું અને રાગ-દ્વેષથી ખાલી છું. આહાહા! मैं करतूति करुं निरवंछक.. આ રાગ આવે છે. એથી ક્રિયા થાય એમ દેખાય છે, પણ એ વાંછા વિનાની ક્રિયા છે. વ્યવહાર આવો અને વ્યવહારની ઈચ્છા છે, એમ છે નહીં. આહા! સમજાણું કાંઈ?

मैं लौकिक क्रियाएँ इच्छा रहित करता हूँ. એ લૌકિક ક્રિયાનો અર્થ રાગ. વ્યવહાર રાગ છેને, એ વ્યવહાર ક્રિયા છે. લૌકિક ક્રિયા—વ્યવહાર ક્રિયા. વ્યવહાર અને લૌકિક બે એક છે. આહાહા! मैं करतूति करुं निरवंछक. ઈચ્છારહિત રાગ છે. રાગનો રાગ નથી. રાગની ઈચ્છા નથી. આવે છે. ક્રિયા થાય છે એને હું જાણું છું. ભારે કામ ભાઈ! આ તો હજી ચોથા ગુણસ્થાન સમ્યક્દર્શનની વાત છે. આહાહા! સમ્યક્વંતની વાત કરવી જોઈએને. જાણે આ તો કોઈ મોટાની—કેવળીની મોટી કોઈની વાત હશે.

मैं करतूति करुं निरवंछक मोहि विषै रस लागत तीतौ. આહાહા! એ છ ખંડના રાજ, ઈંદ્રાણી જેવી દેવીયું—રાણીયું, એ ભોગ કહે છે કે મને કડવો ઝેર જેવો લાગે છે. આહાહા! ચરપરા મૂક્યું છેને એમાં. (શ્રોતા : विषै रस तीतो). तीतौ એટલે તીખો. આહીં ઝેર જેવો લાગે છે જ્ઞાનીને તો. આહાહા! ધર્મીને વિષયની વાસના હો, એ ઝેર જેવી લાગે છે, કહે છે. આહાહા! નિખાર છે, રાગમાંથી નીકળી જશે. અનુકૂળ સ્ત્રી, અનુકૂળ પૈસા, અનુકૂળ સાહ્યબી, લાખો રૂપિયાના પગાર મહિને હોય અને ભોગસામગ્રી હોય. શું કહેવાય? ઘરવખરો. (શ્રોતા : ફર્નિચર) ફર્નિચર. ૫૦ હજાર-લાખનું-બે લાખનું ફર્નિચર.

કોઈ કહેતું હતુંને, મારું ફર્નિચર જોવા આવો. બે લાખનો બંગલો લીધો છે ન્યાં ભાઈ એકે. ભાવનગરવાળા. અમેરિકામાં જાય છેને આ બધા. ઘણા જાય છેને હવે છોકરા લૂંટાવા. નિરંજન ગયો હતોને? કહે છે કે નોકરીમાં દસ હજારનો પગાર ભાઈને. અમેરિકામાં નોકરી. આ નીમુભાઈને. આવ્યો ને વચમાં પાલેજ. દસ હજારનો પગાર. રહે કેટલું? બધું ખર્ચમાં નીકળે. શું કહેવાય એ? ઈન્કમટેક્સનું. તો પણ..... (શ્રોતા : બધે મોંઘવારી છે). મોંઘવારી છે. હવે તો ડોલરનું દસ ગણું-વીસ ગણું (મુલ્ય) છે. ન્યાં નો ૧૦

હજારનો પગાર આહીંના ત્રણસોનો પગાર. એય !

(શ્રોતા : મજા કેટલી હોય છે). ધૂળેય મજા નથી. હોળી છે અગ્નિ. આ પાંચ વાર ગયો હતોને ન્યાં. ન્યાં સાઠ હજાર ભણાવવાના હતા સાઠ હજાર. એ પાછા મૂક્યા અને એ સિવાય ૪૦-૫૦ હજારનો માલ લાવ્યો, ખર્ચને કાઢીને. માળા ગાંડા થાયને માણસો. (શ્રોતા : હોશિયાર...) ધૂળેય હોશિયાર નથી. પોપટભાઈ! એમ કે સાઠ હજાર ભણવા મૂક્યા હતા એના બાપે એ પાછા દીધા. ...સાથે ને એ ઉપરાંત ખરચ નીકળ્યો ને એ ઉપરાંત ૪૦-૫૦ હજારનો માલ લઈ આવ્યો. ઘરવખરો બધો કર્યો એ ન્યાં મૂકવો ક્યાં? એમ તાબડતોબ કરવું શું? ભઈ, જુઓ હું લઈ આવ્યો પાપ કરીને. આહાહા! અને કેટલાક વળી ન્યાં જઈને પાછા આવવાનો વિચાર રાખતા નથી. હું આવીશ તો હવે... ૧ મહિના સુધી છું. પછી લગન કરીને ભાગી જાય. એટલે મહિનામાં કો'ક દે. આ તો લખે છે છાપામાં કે ૧ મહિના માટે છું. એટલે શું ઝટ દઈને કોઈ કન્યા આપે. એક મહિનાની અંદર કોઈ..... (શ્રોતા : ફોટો આપે.) બધું આપે. આમ છે ને તેમ છે ને. આટલો ત્યાં પગાર છે ને. ધૂળેય નથી, બધા હેરાનના રસ્તા છે. આહાહા!

આહીં તો કહે છે, એ બધો વિષય પાંચ ઇન્દ્રિયનો રસ જ્ઞાનીને તીખો-કડવો લાગે છે. આહાહા! એ ખુરસી ઉપર બેઠો હોય, એ બધી ઘરવખરી આમ ઘોડે ટીંગાવેલી હોય. આહા! કહે છે કે એ તો બધો પાંચ ઇન્દ્રિય હોં. આ આબરુ સાંભળું તોય, કહે છે કે મારો વિકલ્પ એમાં જાય (તો) દુઃખરૂપ છે. આહાહા! બહુ પ્રશંસા હાલે. અભિનંદન પત્ર આપે. ભેગા થઈને કહે, આ છોકરો બહુ રળાઉ. ઘણો પાછો સારો. (શ્રોતા : કર્મી થયો) કર્મી થયો કર્મી. કર્મ કર્યો એણે. કહે છે ધર્મી, અરે! એ બધા શબ્દો સાંભળીને તો મને એ વિષય આકરા લાગે છે તીખા. ઝેર જેવા લાગે છે, સમ્યક્દૃષ્ટિ જીવને. આહાહા! જુઓ, આનું નામ ધર્મ કહીએ. આમ ધર્મ-ધર્મ કરે, વાતું બાપા! ધર્મ જુદી ચીજ છે. જેને ધર્મનો રસ જાગ્યો છે આનંદનો, એને તો मोहि विषै रस लागत तीतौ.. આહાહા! ખમ્મા ખમ્મા કરે ચારેકોર. અરેરે! આ નહીં હોં. કે આ તો દુશ્મનોના ઘેરાવામાં હું આવ્યો છું. સમજાણું કાંઈ? એનું નામ ધર્મની દૃષ્ટિ અને ધર્મી કહેવાય છે.

सुद्ध सचेतनकौ अनुभौ करि.. હું તો, મારો આત્મા ભગવાન શુદ્ધ પવિત્ર છે એને અનુસરીને, અનુભવ થઈને, આહા! मैं जग मोह महा भट जीतौ. मैंने जगतमें शुद्ध आत्माका अनुभव करके मोहरूपी योद्धाको जीता है, દેખો. આહાહા! ભગવાન આત્મા સ્વરૂપના આનંદનો અનુભવ કરીને હું તો, મોહને મિથ્યાત્વને મેં જીત્યો છે, એમ કહે છે. સમજાણું કાંઈ? शुद्ध सुचेतनकौ अनुभौ करि मैं जग मोह महा भट जीतौ.. આહા! मोख समीप भयौ अब मो कहुँ. આહા! સમજાય છે કાંઈ? આહાહા! (શ્રોતા : પોતે પોતાનો

સ્વભાવપણે કર્યો). પોતાનો આત્મા પોકાર કરે છે કે હવે તો મોક્ષ સમીપ જા નજીક. એક કે બે ભવ આઘે એ મોક્ષ છે. આહાહા! એમ પોકાર કરે છે કે ... જોને આ. સમજાણું કાંઈ? જુઓ આ કહે છે કે ખબર પડી કે નહીં સમ્યક્‌માં? આહાહા!

मोख समीप भयौ अब मो कहुँ.. મારે તો મોક્ષ—પરમાનંદની દશા હવે તો નજીક છે. આહાહા! કેમ કે હું પોતે જ મોક્ષસ્વરૂપ છું. એવા મોક્ષસ્વરૂપ ભગવાન આત્માના અબંધ પરિણામ પ્રગટ કર્યા તો હવે અબંધ પૂર્ણ થવાને મારે વાર નથી. આહાહા! સમજાણું કાંઈ? काल अनंत इही विधि बीतौ.. મૂળ તો એ કાળ... છેને. કાળ તો પછી આવે છે. 'कालावलीयमचलस्य वहत्वनन्ता' આની કોર આવે છે ૩૮માં. પણ એનું આહીં મોઢા આગળ નાખ્યું પહેલું. ઓહો! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આવો જે પરના શરણ વિનાનો અને પૂર્ણ જ્ઞાનચેતનાના ભંડારવાળો એવો હું, એવું જ્યાં સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌દર્શનમાં ભાન થયું, કહે છે, મોક્ષ તો સમીપ છે હવે. સિદ્ધપદ તો હવે આમ નજીક છે કહે છે. મારે સંસારમાં પડવું છે ને પડીશ સાથે, એ વાત રહી નથી હવે. આહા! ગજબ વાત છે ને! ઓલો કહે, પણ પડી જાઈશ. હવે સાંભળને! પડે કોણ? દ્રવ્ય પડી જાય? દ્રવ્યનો અભાવ થાય? એમ જ્યાં દ્રવ્યનો અનુભવ થયો, પડે કોણ? આહા!

(શ્રોતા : આવી ખુમારી આવી જાય તો હવે ... તૈયારી છે). શાંતિભાઈ! એ તમારે ડોક્ટર આવ્યા છે. એ તો કો'ક દિ' આવે છે. આહાહા! ખુમારી ચડી જાય એવું છે આ તો. 'જૈસે અમલી અમલ કરત સમય લાગ રહી ખુમારી, જિનરાજ સુજસ સૂણ્યો મેં કાહુ કે કહે, અબ કછુ ન છૂટે લોકલાજ સબ દારિ.' દુનિયા શું કહે છે. દુનિયા એની ઘેર રહી, કહે છે. સમજાણું કાંઈ? આહા! काल अनंत इही विधि बीतौ.. મારો કાળ હવે આમાં જ જાઓ. બસ, જે આનંદમાં ગયો એને આનંદમાંથી બહાર કેમ નીકળવું પાલવે? એમ કહે છે. આહા! 'સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં.' એનું નામ સમકિતી અને એનું નામ ધર્મી કહેવામાં આવે છે. આ નામ ધરાવે ધમીના ને પાછા ઠેકાણાં ન મળે કાંઈ. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૪૧, ભાદરવા સુદ ૧, શનિવાર, તા. ૨૧-૮-૧૯૭૧
## સર્વવિશુદ્ધિ દ્વાર પદ ૧૦૨ થી ૧૦૬ ઉપર પ્રવચન

આ સમયસાર નાટક, સર્વવિશુદ્ધિ દ્વાર, ૧૦૨ પદ. ૧૦૨-૧૦૩ છે ને?

(દોહરા) (સવૈયા એકત્રીસા)

कहै विचच्छन मैं रह्यौ, सदा ग्यान रस राचि।
सुद्धातम अनुभूतिसौं, खलित न होहुं कदाचि॥१०२॥

पुव्वकरम विषतरु भए, उदै भोग फलफूल।
मैं इनको नहि भोगता, सहज होहु निरमूल॥१०३॥

**શબ્દાર્થ :—**વિચચ્છન=જ્ઞાની પુરુષ. રાચિ=રમણ. ખલિત=ભ્રષ્ટ.

**અર્થ :—**જ્ઞાની જીવ વિચારે છે કે હું હમેશાં જ્ઞાનરસમાં રમણ કરું છું અને શુદ્ધ આત્મ-અનુભવથી કદી પણ છૂટતો નથી. ૧૦૨. પૂર્વકૃત કર્મ વિષવૃક્ષ સમાન છે, તેમનો ઉદય ફળ-ફૂલ સમાન છે, હું એમને ભોગવતો નથી તેથી પોતાની મેળે જ નષ્ટ થઈ જશે. ૧૦૩.

अर्थ :—ज्ञानी जीव विचारते हैं कि मैं सदैव ज्ञानरसमें रमण करता हूँ और शुद्ध आत्म-अनुभवसे कभी भी नहीं चूकता॥१०२॥ पूर्वकृत कर्म विषवृक्षके समान हैं, उनका उदय फल-फूलके समान है, मैं इनको भोगता नहीं हूँ इसलिये अपने आप ही नष्ट हो जायेंगे॥१०३॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

શું કહે છે? સર્વવિશુદ્ધ અધિકાર છેને. જેને આત્માનો ધર્મ પ્રગટ્યો છે... આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે, એવું જેને અંતરમાં ભાન થઈને શુદ્ધતા દશામાં પ્રગટ થઈ છે એને ધર્મ કહીએ. અનાદિ કાળથી અલ્પ અવસ્થામાં જે રાગ-દ્વેષના વિકાર અને એનું ભોગવવું છે એ અજ્ઞાનભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પુણ્ય-પાપના, રાગ-દ્વેષ ને હરખ-શોકના રાગથી—વિકલ્પથી તો ભિન્ન છે. એવું જેને ભાન નથી, તે અનાદિથી એ રાગ-દ્વેષના ભાવ, પુણ્ય-પાપ, શુભ-અશુભભાવ એની દૃષ્ટિ ત્યાં વિકાર ઉપર છે અનાદિની, એથી એનો કર્તા થઈ એનો ભોક્તા અજ્ઞાની અનાદિથી થાય છે, એ ચાર ગતિમાં રખડવાનું કારણ છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા તો સચ્ચિદાનંદ નિર્મળ પવિત્ર આનંદનું ધામ છે. એને અનાદિથી

ભૂલી અને સ્વભાવ જે પવિત્ર અને શુદ્ધ છે એના ઉપર અનાદિની દૃષ્ટિ નહિ હોવાને લીધે વર્તમાન પુણ્ય ને પાપના શુભ-અશુભભાવ એમાં એની દૃષ્ટિની હયાતિ હોવાથી અનાદિથી અજ્ઞાની વિકાર પુણ્ય-પાપનો કર્તા અને એનો ભોક્તા (થાય છે) એ મિથ્યાત્વભાવ છે. આહાહા! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ આનંદ એના સ્વભાવની દૃષ્ટિ હોય તો તો એ જીવની રાગ-દ્વેષના અને હરખ-શોકના પરિણામ ઉપર એની દૃષ્ટિ ન હોય, તેથી એ રાગ-દ્વેષ પુણ્યના પરિણામનો કર્તા થતો નથી, તેમ તેને ભોગવવાનો વિકાર હોતો નથી. આહાહા! સમજાણું કાંઈ ?

कहै विचच्छन मैं रह्यौ.. આહીં તો ધર્મ પામેલા જીવની વાત છે. એ પહેલી વાત કરી હતી કે ધર્મ નહિ પામેલાની શું સ્થિતિ છે? કે આત્મા જ્ઞાન અને આનંદનો ધામ પ્રભુ એના ભાન વિના અનાદિથી ત્યાગી થાય, જૈનનો સાધુ આદિ થાય, તો પણ સ્વભાવ જેનો સાગર શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ છે એના ઉપર દૃષ્ટિ અને એનો જેને અંતરમાં સ્વીકાર નથી એ હરખ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એનો એ કર્તા, એ મારું કર્તવ્ય અને એ મારી ફરજ છે એમ કર્તા થાય છે અને તેથી તે હરખ-શોકના પરિણામનો ભોક્તા મિથ્યાદૃષ્ટિ થાય છે. આહાહા!

(શ્રોતા : અનાદિથી જૈનમાં જન્મ્યો નથી તો?) એ અનંતવાર લીધો. અનંતવાર જન્મ લીધો જૈનના સ્થાનમાં એમાં શું થયું? સમજાણું કાંઈ? ચક્રવર્તીના મહેલની અંદરમાં કૂતરી વિયાવે, શું કહેવાય એ? જન્મે એનું બચ્ચું, એથી કંઈ ચક્રવર્તી થઈ ગયો એ? એના બંગલાના નજીકમાં કૂતરી, શું કીધું એ? વિયાણી.. વિયાણી. વિયાણી, ભાષા છે અમારા કાઠિયાવાડની. તુમ્હારી ક્યા ભાષા હૈ? (શ્રોતા : બચ્ચા જનમતા હૈ.) એથી કરીને કંઈ ચક્રવર્તીનું ઘર એનું થઈ ગયું? એમ અજ્ઞાની જૈન વાડામાં જન્મીને... (શ્રોતા : કૂતરીનો હિસાબ લાગુ પાડવો છે?) કૂતરી કરતાંય ગયેલ છે. આ તો ચીમનભાઈએ પ્રશ્ન કર્યો હતો એ. એ વળી એ આવ્યું. આહાહા! એમ જૈનના વાડામાં—સંપ્રદાયમાં કુળમાં જન્મ્યો એટલે શું થયું? પણ આત્મા, એ રાગ અને વિકલ્પની મર્યાદા જે વિકારની, એનું કરવાપણું જૈનની દૃષ્ટિમાં હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? આહા!

જૈન એટલે જીતવું. એ પુણ્ય ને પાપના વિકલ્પને જીતવા એટલે કે એનો આશ્રય લેવો નહિ અને ત્રિકાળી જ્ઞાયક ચિદાનંદ આનંદનો આશ્રય લઈ એને ભિન્ન પાડવા. ભિન્ન પાડતાં એનો કર્તા અને ભોક્તા રહેતો નથી, એને જૈન કહેવામાં આવે છે. જૈન કોઈ સંપ્રદાય નથી. સમજાય છે કાંઈ? અને એવું જેણે જાણ્યું નહિ એ તો અનાદિથી ચિદાનંદ ભગવાનથી વિપરીત એવો જે પુણ્ય-પાપનો ભાવ—વિકાર—મેલ—ઝેર એનું

પરિણમન તે હું, એ દશા તે મારી અને એમાં હરખ-શોકનો અનુભવ થાય એ ભોક્તા હું—એમ માનનાર એ અજ્ઞાની અનાદિનો ...વાળો એ છે. આવી વાત છે. સમજાણું કાંઈ ? પણ જ્યારે એમ ભાન થયું કે અરે! એ વિકારના પરિણામ એ મારી ચીજ નહિ. હું તો નિર્વિકારી જ્ઞાનઘન આત્મા છું. મારા સ્વભાવમાં આનંદ અને જ્ઞાન જ પડ્યો છે. એ પુણ્ય-પાપના વિકલ્પો—વૃત્તિઓ એ મારી ચીજ નહિ. એથી તે પુણ્ય-પાપનો કર્તા એનું પરિણમન અશુદ્ધનું જ્ઞાનીને હોતું નથી. આહાહા! એ પાટનીજી ! ભારે ધર્મ ભાઈ આવો !

જયપુરમાં, ત્યાં પણ આ જ ચાલતું. એ કંઈ ન્યાં ચાલતું નહોતું. પૈસા ખરચતા હતા ભાઈ ને વહીવટ કરતા હતા ભાઈ નેમીચંદભાઈ. વહીવટ બરાબર એનો. આખા વીસ દિ'નો વહીવટ બરાબર. ત્યાં આ જ ચાલતું હતું, સોનગઢની જ લાઈન. ૨૦ દિનમાં ક્યાંય એમ ન લાગ્યું કે આ કાંઈક જયપુરની લાઈન, બીજાની લાઈન છે. બેઠું કે ન બેઠું એ અલગ, પણ ચાલતો હતો આ જ. પંડિતજીને ખ્યાલ છેને ? ..... શેઠિયા હતા બેય ભાઈ. આહાહા! આ કંઈ કોઈના ઘરની ચીજ નથી. (શ્રોતા : ભગવાનના ઘરની તો છે). ભગવાન એટલે પોતે. ભગવાન આત્મા અનંત અનંત આનંદ ને બેહદ જેનો સ્વભાવ જ્ઞાન, બેહદ જેનો આનંદભાવ, બેહદ જેનું અંતર વીર્ય ને પુરુષાર્થ, એનું નામ આત્મા. તો એવા આત્માની જ્યાં દૃષ્ટિ નથી એને તો અનાદિનો પુણ્ય-પાપનો રાગ અને હરખ-શોકનો અનુભવ છે. એને કરે ને એને ભોગવે. કહો, શેઠ! બીડી-બીડીનો ધંધો કરે એ નહિ. પૈસા-બૈસા લેવા જાય કાનપુર એ નહિ, એમ કહે છે. એય અમરચંદભાઈ! ભારે વાત ભાઈ!

(શ્રોતા : હેય-ઉપાદાનનું ભેદજ્ઞાન થતું કેમ નથી?) નથી કરતો માટે થતું નથી. અભેદ કરે છે માટે ભેદ કરતો નથી. શું કીધું એ? વિકારના પુણ્ય-પાપના દયા, દાન, વ્રતના ભાવ એ જુદા છે એને ભેદ પાડીને કરતો નથી, એને એકત્વપણે અભેદપણે માને છે. અભેદ માને છે તો એ ભેદ કેમ કરે ? આહાહા ! અમરચંદભાઈ! બાપુ! માર્ગ તો તારો એવો છે શું થાય ! લૂંટાણા છે જગત. હોંશથી લૂંટાય છે એ. આહાહા ! દોડીને.. એવું ક્યાંક આવ્યું હતુંને એક ફેરી. દોડીને જાય છે જેલમાં, કહે.

આ જેલમાં હતુંને. ગાંધીનું ચાલતુંને ત્યારે કેટલાક જુવાનિયા એવા હતા કે કોણે આ ગુના કર્યા છે ? કોણ આ હતું ? દોડીને જેલમાં પહેલા જતાં કે અમારો કેસ ચલાવો, અમે ગુનો કર્યો છે, લે. સમજાણું કાંઈ ? એ પોપટભાઈ! એવાય હતાને. પતંગિયા જેવા હોય ને એવા. પડે જઈને... આહા ! ના. એવું થયું હતું. એવું સાંભળ્યું હતું હોં. એક તો ભાઈ હતો કો'ક તમારો. વેણીચંદનો કો'ક સાળાનો દીકરો. તમારો વેણીચંદ. વેણીચંદ જેસંગ. એનો કો'ક હતો સાળાનો દીકરો કો'ક હતો. કરસન ને નંદલાલ, એમાંથી કો'ક એક હતો.

ગાંધીની લાઈનમાં. નામેય યાદ હતું તે દિ' તો. હવે ભૂલી ગયા નામ. પણ તે દિ' એ પહેલું કહ્યું'તું. આ રીતે કોઈએ કર્યો હોય એ ભાઈ કોણ છે? કહે, કેસ ચલાવો હું જાઉં જેલમાં હાલ દોડીને. આ તો ઘણાં વર્ષની વાત છે.

એમ અહીંયા ભગવાન આત્મા જ્ઞાન ને આનંદના ધામમાં પ્રવેશ ન કરતા, એનો સ્વીકાર ન કરતા, એનો સત્કાર ન કરતા, એને ઉપાદેયપણે આદરણીય ન કરતા, આહાહા! શરીર, વાણી, મન તો માટી-જડ છે એની કંઈ વાત નથી અહીંયા. કારણ કે એનો એ કર્તા થઈ શકતો નથી ને એનો એ ભોક્તા પણ થઈ શકતો નથી. પણ અજ્ઞાનભાવે રાગ-દ્વેષનો કર્તા થઈ શકે છે. સમજાણું કાંઈ? આ શરીર, વાણી, મન તો પરપદાર્થ સ્વતંત્ર, આ તો જડ છે અજીવ. એનું બદલવું કે એનું વેદવું એ કાંઈ જીવમાં નથી. એનામાં જ્યારે, ચૈતન્ય જ્ઞાયક ને આનંદનો ધામ પ્રભુ જે એકલો સ્વભાવનો ઈશ્વર પોતે, આહાહા! એવી ઈશ્વરતા અંતરની અંતરમાં ન આવી એટલે એને પામરતા જે પુણ્ય ને પાપના વિકલ્પનો રાગ એનું પરિણમન ને એ મારું કર્તવ્ય એમ સ્વીકારીને મિથ્યાત્વભાવને સેવનારો થયો. એ ભાવ મિથ્યા—જૂઠો છે, એમ. સમજાણું કાંઈ? આહાહા!

એ બીડીયુંના ધંધા કર્યા અને સાઈકલ જઈને ફેરવી એમની એ વાત ખોટી છે, કહે છે. વિકલ્પો જે કર્યા, આમ કરું તો આમ થાય ને આમ કરું તો આમ થાય – એવી વૃત્તિઓ જે થઈ એના ઉપર દૃષ્ટિ છે. વૃત્તિ વિનાની ચીજ છે એના ઉપર દૃષ્ટિ નથી. નેમીચંદભાઈ! આહાહા! (શ્રોતા : અજાનપનેમેં....) એ અજ્ઞાન એટલે કાંઈ બચાવ છે એ? (હરડે)ને ઠેકાણે ઝેર આવ્યું પીવામાં, કહે, મને ખબર નહોતી એટલે મારી ન નાંખે? કહો, એ અજ્ઞાન બચાવ છે? ..... પ્રેમચંદભાઈ. અહીંયા ગુજરી ગયાને બેન. નહિ મણીબેન? સર્પ, સર્પ કરડ્યું એને. ગુજરી ગયાને ... નાનુભાઈના બેન. ....સર્પ કરડ્યો ને મરી ગયા. એના ધણી હતા વૈષ્ણવ. તે રાતે કાંઈક એની જરૂર પડી હતી સોમલ. ઓલા સોમલ શું? આ હરડે. હરડે તે શીશી પડી હતી નીચે. એની સાથે સોમલ હતું અને શીશી બદલાઈ. લેવું હતું હરડે કે હીમેજ હશે ગમે તે. એને ઠેકાણે ઓલું સોમલ આવ્યું. આમ હાથ નાખ્યો, સોમલ લીધું ચાર આના ભાર. તમારે હરડેનો ચાર આના ભાર રેચ હોય કે નહિ? અને લીધું ને હાલમેલ થઈ ગયું. બોલાવો ડોક્ટરને. ડોક્ટર જ્યાં આવ્યા ત્યાં સૂઈ ગયા. સૂઈ ગયા. થઈ રહ્યું, મરી ગયા. ચાર આના ભાર હતું સોમલ.

ભાઈને થયું નહોતું આ મલૂકચંદભાઈને? (શ્રોતા : એને ક્વિનાઈન લેવાઈ ગયું). ક્વિનાઈન લેવાણું. કેટલું ક્વિનાઈન? (શ્રોતા : અઢી ભાર). અઢી ભાર ક્વિનાઈન. ક્વિનાઈન આવેને તાવ ઉતારવાનું. ક્વિનાઈન ને? મીઠું લેવું હતું જરીક આ. મીઠાના ઠેકાણે ક્વિનાઈન લેવાણું. મીઠું.. મીઠું સમજ્યાને? લવણ.. લવણ. લવણ અઢી રૂપિયા

ભાર લેવું હતું. એમાં આવ્યું ક્વિનાઈન અઢી રૂપિયા ભાર. આ મલૂકચંદભાઈ, હાલમેલ થઈ ગઈ. એ તો ઉલ્ટી કરાવી ને પછી શું કાંઈ કીધું હતું? આહાહા! આ એમને થયું હતું. એટલે અજ્ઞાનથી લીધું એ કંઈ બચાવ છે? એમ જેને આત્મા કોણ છે એનું ભાન નથી (એટલે) અજ્ઞાનપણે વિકારનો કર્તા ને વિકારનો ભોક્તા (થાય છે). અમને ખબર નહોતી. નહોતી ખબર એટલે? મરી જા ચોર્યાશીના અવતારમાં. શેઠ! આવી વાત છે ભાઈ! આહીં તો નગદની વાત છે. આહાહા!

સર્વવિશુદ્ધ અધિકાર છેને. ભગવાન આત્મા સર્વવિશુદ્ધ નિર્મળાનંદ ચૈતન્યકંદ, એ તો બંધ અને મોક્ષની પર્યાયથી પણ રહિત એવું એનું સ્વરૂપ છે. આહાહા! એવા સ્વરૂપની દૃષ્ટિ વિના અનાદિથી જે કંઈ એની દૃષ્ટિમાં જે સત્તાનો ખ્યાલ આવ્યો, એ પુણ્ય-પાપના વિકારની સત્તાનો ખ્યાલ આવ્યો. નિર્દોષતાનો ખ્યાલ આવવો જોઈએ એની જગ્યાએ સદોષતાનો ખ્યાલ આવ્યો. એ સદોષતાનો કર્તા ને સદોષતાનો ભોક્તા અનુભવ, ઝેરનો કર્તા ને ઝેરનું વેદન, એ મિથ્યાદૃષ્ટિ. આહાહા! ગજબ વાત થઈ એની! ત્યારે.. જ્યારે એમ ખબર પડી, અરે! પુણ્ય-પાપના વિકાર અને એનો અનુભવ ઝેરના ફળ આવે છે, જુઓ. આહાહા!

कहै विचच्छन मैं रह्यौ, सदा ग्यान रस राचि.. અજ્ઞાનમાં મિથ્યાત્વમાં રાગ રસ રાચી.. સમજાય છે કાંઈ? અને ધર્મદૃષ્ટિમાં ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ સચ્ચિદાનંદ —સત્—શાશ્વત, જ્ઞાન ને આનંદનો સાગર, એમાં વિકાર નહિ ને એમાં વિકારનો ભોગવટો પણ નહિ. આહાહા! એમ જ્યાં અનુભવ ને ભાન થયું તો कहै विचच्छन मैं रह्यौ, सदा ग्यान रस राचि. હું તો આનંદના રસના રાચવાવાળો છું. આહા! એ રાગનો રસનો કર્તા ને ભોક્તા હું નહિ. મૂલચંદભાઈ ! આવું ધર્મનું સ્વરૂપ છે. ઓલું સાંભળવા મળ્યું છે એ ગોટેગોટા. આકરૂં પડે માણસને. શાસ્ત્રમાં આમ લખ્યું છે ને? સાધુને પંચ મહાવ્રત પાળવાની ક્રિયા, એ બધું તો માનતા નથી આ લોકો, એમ કહે છે. અરે ભગવાન! સાંભળને પ્રભુ! તું શું કહે છે? ભાઈ! શાસ્ત્રમાં વ્યવહારનાં વચનો હોય એને તું નિશ્ચયમાં નાખ.

લેખ આવ્યો છે એકનો. સાધુ નહિ ત્યાં? બોરીવલી. બોરીવલી.. બોરીવલી. .....થયું, ભાઈ નેમીચંદભાઈ હતા કે નહિ? હા, મહેન્દ્રભાઈ હતા. મહેન્દ્રભાઈ હતા. મહેન્દ્રભાઈએ કીધું, નિર્વિકલ્પ સમકિત ચોથે હોય. ઓલો કહે, નિર્વિકલ્પ સમકિત સાતમે હોય. તમારા ચિરંજીવ હતા ત્યાં. એ વાંધા ઉઠ્યા. હું બોલ્યો નહિ. પાછળથી લખ્યું, જુઓ, સ્વામીજી બેઠા હતા બોલ્યા નહિ કાંઈ. ખોટું હતું એ લોકોનું. માળા આવા ને આવા. હે પ્રભુ ! તું શું કરે છે ? ભાઈ! લેખ આજે આવ્યો છે મોટો. આહીંનો આક્ષેપ ઘણો. અને

એ તો લખે. એને બેઠું એમ હોય, એમાં શું કરે ? (શ્રોતા : .....) હા એ થાય, થાય. ન બેસે. એને બેઠું હોય તેમ ત્યાં લખે. શાસ્ત્રમાં લખ્યું છે કે પંચમહાવ્રત આચરણ, નગ્ન રહેવું, ફલાણું રહેવું એને એ માનતા નથી. શું કે એ ધર્મ માનતા નથી એને. શાસ્ત્રમાં લખ્યું છે એને. હવે સાંભળને ! (શ્રોતા : પ્રભુ આપનું નિમિત્ત ન હોત તો હજારો માણસો મૂંઝાયેલા જ રહેત). એમાં એ મૂંઝાયેલા જ છેને અનાદિના. એ કાંઈ નવી ચીજ નથી. આહાહા!

ભાઈ! એ પંચમહાવ્રતના વિકલ્પ એ પણ રાગ, એનો કર્તા ને ભોક્તા થાય તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? અમરચંદભાઈ! એવી વાત છે. શાસ્ત્રમાં તો અનેક વચનો વ્યવહારના હોય, નિશ્ચયના હોય. સમજાય છે કાંઈ ? આવું આચરણ પાળવું, આવું આવું કરવું. શાસ્ત્રના વચનને માનતા નથી, એમ કીધું. ઠીક ! અરે ભગવાન! ભાઈ! તને ખબર નથી. પ્રભુ ! તું આત્મા એકલો જ્ઞાનબિંબ પ્રજ્ઞાબ્રહ્મ આત્મા છે, એમ જ્યાં ભાન થયું ત્યારે રાગનો કર્તા (મટી), सदा ग्यान रस राचि.. હું તો જ્ઞાનની પરિણતિના રસવાળો છું. રાગની પરિણતિનો રસવાળો હું નથી. આમ છે. આહાહા ! હીરાભાઈ ! એય ભીખાભાઈ! આ તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગના રસવાળો હું નહીં, એમ કહે છે. (શ્રોતા : .....) પણ છે કે નહિ એમાં ? જુઓને.

कहै विचच्छन.. વિચિક્ષણ એને કહેવો, ડાહ્યો ને સમજુ એને કહેવો કે જે પુણ્ય-પાપના રાગ ને કર્તા ને ભોક્તાથી ભિન્ન પડી પોતાના આત્માને કરે—સ્વભાવની દશાને ભોગવે, એને સમજુ ને ડાહ્યો કહેવામાં આવે છે. આહાહા ! ભારે કામ આકરું ! सदा ग्यान रस राचि.. જ્ઞાન શબ્દે આત્મા. આત્માના અનુભવના રસનો રસિયો ધર્મી હોય. રાગના અને પુણ્યના ભાવનો અને એના ભોક્તાનો રસીલો જ્ઞાની ન હોય. સમજાણું કાંઈ ? પર આ શરીર, વાણી, મન, લાડવા, દાળ-ભાત, સ્ત્રીનું શરીર એ કાંઈ તો આત્મા ભોગવી શકતો નથી. એટલે એની વાત છે નહિ. ફક્ત એમાંથી રાગને ઉત્પન્ન કરી, પ્રેમને ઉત્પન્ન કરી અને પ્રતિકૂળતાના દ્વેષને ઉત્પન્ન કરી એ રાગને-દ્વેષને કરે અને એને ભોગવે, એ અજ્ઞાનની ભૂમિકા છે. સમજાણું કાંઈ ? આહાહા ! જ્યારે એમ ભાન થયું કે અરે! એ રાગ ને વિકાર ને સદોષદશા એ મારી ચીજ નહિ. મારી ચીજમાં એ હોય તો હું ત્રિકાળ વિકારી થઈ જાઉં. આહા ! હું તો ત્રિકાળી નિર્વિકાર આનંદનો ધામ પ્રભુ, એની પરિણતિ જે જ્ઞાન ને આનંદની એ મારી દશા. આહાહા !

शुद्धातम अनुभूतिसौं.. અજ્ઞાની શુદ્ધ આત્માની અનુભૂતિથી સ્ખલિત થઈ ગયેલો છે અનાદિથી. એથી એને વિકાર ને પુણ્ય-પાપ ને હરખ-શોકનો અનુભવ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! ધર્મી, જેને જનમ-મરણના આંટા મટી ગયા છે. આહાહા ! ચોર્યાશીના

અવતારના કારણો જે વિકાર, એ વિકારેય હું નહિ. હું તો નિર્વિકારી આનંદનો ધામ આત્મા છું. એમ જ્યાં ભાન થયું, शुद्धातम अनुभूतिसौं.. હું મારા શુદ્ધ સ્વરૂપનો અનુભવ એનાથી, खलित न होहुं कदाचि.. રાગને ભોગવું એવો હું નહિ. આહાહા! ધર્મીને રાગ આવે એમ કહેવું એ ધર્મીનો રાગ છે જ નહિ. આહાહા! ધર્મી વ્યવહારથી મુક્ત છે. સમજાય છે કાંઈ?

જેનું સ્વરૂપ અતીન્દ્રિય આનંદનું રૂપ છે એવી ચીજ જ્યાં શ્રદ્ધા-જ્ઞાનમાં અનુભવમાં આવી, કહે છે ધર્મી, હું તો शुद्धातम अनुभूतिसौं, खलित न होहुं कदाचि.. શેઠી! આવ્યું કે નહિ એ? કહાં આયા? ઉપર, ઉપર. ન્યાં નહિ. એ ઉપર. ૧૦૨ ને ૧૦૩. પેલું કહ્યું હતું. ૧૦૨. ઉપર. એનો અર્થ. ज्ञानी जीव विचारते हैं कि मैं सदैव ज्ञानरसमें रमण करता हूँ. આહાહા! શું કહે છે આ! અજ્ઞાની સદા રાગરસમાં રમે છે. જ્ઞાની જ્ઞાનરસમાં રમે. આ બેનો ફેર. આહાહા! અરે! એના ઘરની વાતું જેણે સાંભળી નથી. ઘરની રમતું કેવી હોય? એમ ને એમ અવતાર એળે ચાલ્યા જાય છે. આ રળ્યા ને ખાધા ને પીધા ને બાયડીયું છોકરાં થયા. આ છોકરાને પરણાવ્યા ને ભણાવ્યા. પાપ છે બધું. માને છેને આ. એય નિરંજન! શું આ કરી આવ્યો ન્યાં ? પાપ કર્યું એમ કહે છે, પાંચ વર્ષ રહીને. અમેરિકા. પણ એ ભણવું-બણવું બધો પાપભાવ છે. આહા ! ગજબ વાત છે! (શ્રોતા : કેવો મીઠો લાગે છે). મીઠો લાગે પણ તેવું નથી. આહાહા! રાગ અને વિકારના સોજા ચઢ્યા, એને માન્યું કે હું નિરોગ થયો ને હું કાંઈક વધી ગયો છું. સોજા સમજતે હૈં? સુઝન. શરીરમાં સુઝન આવે છેને. આહા!

આહીં કહે છે, ધર્મીને તો શુદ્ધાત્માનો અનુભવ હોય છે. એને રાગ ને પુણ્ય પરિણામ શુભ, એનો અનુભવ ને કર્તાપણું ધર્મીને હોતું નથી. અને રાગનો કર્તા, શુભનો ભોક્તા તે ધર્મી નહિ. ભારે વાતો આ! સમજાણું કાંઈ? આવું વસ્તુનું સ્વરૂપ છે હોં. આ કંઈ ભગવાને કહ્યું છે ઘરનું, એમ નથી. એ તો ચીજમાં આવી ચીજ જ છે. લોકોને આકરી લાગે, શું થાય? લ્યો, આ સમકિતી છ ખંડના રાજ કરે છેને. અરે! કોણ કહે છે કરે છે ? સાંભળને! (શ્રોતા : શાસ્ત્ર કહે છે). શાસ્ત્ર કાંઈ કહેતા નથી. એ થયું છે એમ બતાવે છે. એની સમીપમાં આમ થાય છે એમ બતાવે છે. નજીક ક્ષેત્રમાં હોં. ભાવમાં સમીપ નહીં. અને એને રાગાદિ જરી થાય છે એના ક્ષેત્રમાં, એમ અહીં બતાવે છે. એના ભાવમાં નહિ. એનો ભાવ તો શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં રસમાં રસિયો છે. આહાહા! આ ભારે! ખાંડાની ધાર જેવો માર્ગ છે. સરલ છે હોં એ. તમને લાગે છે આકરૂં, એમ નહિ. ચિદાનંદ આત્મા એને खलित न होहुं कदाचि..

पुव्वकरम विषतरु भए.. ધર્મી પોતાના નિજસ્વરૂપનાં જ્ઞાનાનંદનો રસીલો, એ એમ

કહે છે કે આ પૂર્વકર્મના વિષતરુ એ આઠેય કર્મ ઝેરના ઝાડ. એય! ઝેરના ઝાડ. ૧૪૮ પ્રકૃતિ બધી ઝેર. આહાહા! (શ્રોતા : .....) હા, તીર્થંકર ને આહારક એ બધાય ઝેર પ્રકૃતિ, એમ કહે છે. આકરો માર્ગ વીતરાગમાર્ગ. पुव्वकरम विषतरु भए.. ભગવાન આત્મા તો અમૃતનો ઝાડ છે. એમાં તો અમૃતનાં ફળ આવે. પણ પૂર્વના કર્મ આઠ કર્મ એનું એ પોતે ઝેરનું ઝાડ છે. उदै भोग फलफूल.. એનો જ્યારે ઉદય આવ્યો ત્યારે સંયોગો અનુકૂળ–પ્રતિકૂળ થાય એ ઉદયનું ફળ-ફૂલ છે. ઝેરના ફળ-ફૂલ છે. ઝેરના ઝાડના એ ફળ-ફૂલ છે. આહાહા! અરે! રાગ ને હરખ-શોકનો વિકલ્પ થયો એ ઝેરઝાડના ફળ અને ફૂલ છે. ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ?

पुव्वकरम विषतरु भए.. આઠેય કર્મ હોં. उदै भोग फलफूल.. આહાહા! ચક્રવર્તીની બાદશાહી, કહે છે કે એ કર્મ ઝેર ઝાડના ફળ છે. ધર્મી એમ માને છે, 'ચક્રવર્તીકી સંપદા ઈન્દ્ર સરીખા ભોગ કાગવીટ સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' એ કાગડાની વિષ્ટા. માણસની વિષ્ટા તો ભૂંડેય ખાય. કાગડાની વિષ્ટા એવી કઠણ, એવી સૂકી તેને કાંઈ ખાતરમાંય ન નખાય. ખાતર સમજાય છે આ? ખેતર ખેડેને ખેતર કૃષિ, એમાં એ કાગડાની વિષ્ટા ન કામ આવે. ધર્મી.. એ કહે છે આહીં જુઓ. આહાહા! બાપા! ધર્મ એટલે શું? સમજાણું કાંઈ? એ ધર્મ આલીદુઆલી માની લે કે આ વ્રત પાળ્યા ને તપસ્યાયું કરી ને અપવાસ કર્યા ને ધર્મ થયા. એ તો અધર્મ છે. વ્રતના પરિણામ એ શુભરાગ અધર્મ છે. એ ઝેરના ઝાડનું ફળ છે. અરે! આ તે કેમ બેસે? ભીખાભાઈ!

मैं इनको नहि भोगता.. અજ્ઞાની મિથ્યાદષ્ટિને તો એ અનુકૂળતા દેખી, આહાહા! આપણને આવી બાયડીયું, આટલા છોકરા, આટલા પૈસા, આટલા મકાનો, એમ મૂઢ મિથ્યાત્વમાં ઝેરના ફળને અનુભવતો ખુશી અને રાજી થાય. સમજાણું કાંઈ? આહાહા! मैं इनको नहि भोगता.. અરે! મારો સ્વભાવ તો જ્ઞાન ને આનંદ છેને. ત્રિકાળી અવિનાશીની તો ચીજ એ છે. તો એને હું જ્ઞાન અને આનંદનો ભોગનાર, એ કર્મના ઉદયના ઝેરઝાડના ફળ એને હું ભોગવતો નથી. આહા! રાગધારા અને નિર્મલ વીતરાગી આત્મધારા—બે જ્યાં જુદી પડી ગઈ, ત્યાં જ્ઞાની કહે, રાગના ભાવને હું ભોગવતો નથી આહાહા! सहज होहु निरमूल.. મારા ભોગવ્યા વિના ચાલ્યા જાઓ. એ આઠેય કર્મનું આવે છેને. મતિજ્ઞાનાવરણીયને હું નથી ભોગવતો. ત્યાં એનું આવશે બધું. આ કર્મ આવરણ છેને. એના ઉદયને હું ભોગવતો નથી. આહાહા!

मैं इनको नहि भोगता, सहज होहु निरमूल. એ તો નાશ થઈ જાય સ્વભાવે. મારી ભોગવવાની એ ચીજ નથી. મારી ભોગવવાની ચીજ, આહાહા! અતીન્દ્રિયજ્ઞાન ને આનંદ

એ મારી ભોગવવાની ચીજ છે અને એને પરિણમવું એ મારું કર્તવ્ય છે. સમજાય છે કાંઈ? ઓહોહો ! ધર્મ ને અધર્મમાં વાતના આંતરાં કેટલા એની ખબર્યું ન મળે. આહાહા! કાંઈક શુભભાવ કર્યો અને માન્યું કે અમે કાંઈક કરીએ છીએ. શાસ્ત્ર કહે છે એમ કરીએ છીએ ધર્મ. આહાહા! અરે! શાસ્ત્રે એમ કહ્યું છે ક્યાં ? એ તો એની ભૂમિકામાં એવી એક મર્યાદિત રાગની દશા હોય, એને જણાવે છે. એનો કર્તા ને એનો ભોક્તા જ્ઞાની હોઈ શકે નહિ. આહાહા! ભારે! 'ધાર તરવારની દોહ્યલી સોહ્યલી, ચૌદમા જિન તણી ચરણ સેવા.' અનંતનાથ એવો આત્મા એની સેવા બહુ અલૌકિક છે. સમજાણું કાંઈ? એ દૃષ્ટિમાં પલટો મારીને રાગદૃષ્ટિ છોડીને, વીતરાગ સ્વભાવ અંતર છે એની દૃષ્ટિ થવી, હું (રાગનો) ભોક્તા નથી. કર્મના ઉદય આવીને ખરી જાઓ, નિર્મૂળ થાઓ, મૂળમાંથી જાઓ. મૂલચંદભાઈ! ત્યાં ક્યાં આવી વાત હતી? આટલા વર્ષ સાંભળ્યું હતું. આહાહા!

ભાઈ ! તારા ઘરની વાતું ઉંઘીય કેમ તેં એને સાંભળી નહોતી એને ? ઉંધાઈમાં રાગ ને વિકાર કરે એ એની ઉંધાઈ. એને કરે ને ભોગવે એ એની ઉંધાઈ મિથ્યાત્વ, એનીય એને ખબર નહિ. સમજાણું કાંઈ? એય પોપટભાઈ! આહાહા! (શ્રોતા : ...કરે પણ ક્ષયોપશમ..) ક્ષયોપશમ નહિ ઉંધાઈ છે. એ ઊંધું કરે છે ને. (શ્રોતા : ક્ષયોપશમ એ બાજુ દોરી જાય છે.) કોઈ દોરી જતું નથી. ખોટી વાત છે. એ ક્ષયોપશમને દોર્યો છે એણે પોતે. સમજાણું કાંઈ? કર્તા થઈને કરે અને કો'ક કરાવે છે (એમ માને), એ અનીતિ છે, અન્યાય છે. આવે છેને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. એવી અનીતિ સંભવે નાહિ. જિનઆજ્ઞા માને તો ઐસી અનીતિ સંભવે નાહિ. આહાહા! (શ્રોતા : વિષય કષાયરૂપ રહેવું..) તારે વિષય કષાયરૂપ રહેવું છે માટે કર્મને લઈને થાય ને આને લઈને થાય, એમ કહે છો માળા! ઉંધાઈ કરીને બીજા માથે નાખે છે. સમજાણું કાંઈ? ....उनका उदय फलफूलके समान है, मैं इनको भोगता नहीं हूँ इसलिये अपने आप ही नष्ट हो जाओ. વૈરાગ્ય.

यः पूर्वभावकृतकर्मविषद्रुमाणां भुङ्क्ते फलानि न खलु स्वतः एव तृप्तः।
आपातकालरमणीयमुदर्करम्यं निष्कर्मशर्ममयमेति दशान्तरं सः॥३९॥

---

**સમયસાર કળશ અર્થ :—**''यः खलु पूर्वभावकृतकर्मविषद्रुमाणां फलानि न भुङ्क्ते'' (यः) જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ (खलु) સમ્યક્ત્વ ઊપજ્યા વિના (पूर्वभाव) મિથ્યાત્વભાવ વડે (कृत) ઉપાર્જિત (कर्म) જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપી (विषद्रुम) ચૈતન્યપ્રાણઘાતક વિષવૃક્ષનાં (फलानि) ફળને અર્થાત્ સંસાર સંબંધી સુખ-દુઃખને (न भुङ्क्ते) ભોગવતો નથી; [ભાવાર્થ આમ છે કે સુખ-દુઃખનો જ્ઞાયકમાત્ર છે, પરંતુ પરદ્રવ્યરૂપ જાણીને રંજિત નથી.] કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ? ''स्वतः एव तृप्तः'' શુદ્ધ સ્વરૂપને અનુભવતાં થાય છે જે અતીન્દ્રિય સુખ, તેનાથી તૃપ્ત અર્થાત્ સમાધાનરૂપ

છે; "सः दशान्तरं एति" (सः) તે સમ્યગ્દષ્ટિ જીવ (दशान्तरं) નિષ્કર્મ-અવસ્થારૂપ નિર્વાણપદને (एति) પામે છે. કેવી છે દશાંતર? "आपातकालरमणीयम्" વર્તમાન કાળમાં અનંત સુખરૂપ બિરાજમાન છે, "उदर्करम्यं" આગામી અનંત કાળ સુધી સુખરૂપ છે. વળી કેવી છે અવસ્થાન્તર? "निष्कर्मशर्ममयम्" સકળ કર્મનો વિનાશ થતાં પ્રગટ થાય છે જે દ્રવ્યના સહજભૂત અતીન્દ્રિય અનંત સુખ, તે-મય છે—તેની સાથે એક સત્તારૂપ છે. ૩૯

વૈરાગ્યનો મહિમા (દોહરા)

**जो पूरवकृत करम-फल, रुचिसौं भुंजै नांहि।**
**मगन रहै आठौं पहर, सुद्धातम पद मांहि॥१०४॥**

**सो बुध करमदसा रहित, पावै मोख तुरंत।**
**भुंजै परम समाधि सुख, आगम काल अनंत॥१०५॥**

**શબ્દાર્થ :—**ભુંજૈ=ભોગવે. આગમ કાલ=આગામી કાળ.

**અર્થ :—**જે જ્ઞાની જીવ પૂર્વે મેળવેલા શુભાશુભ કર્મફળને અનુરાગપૂર્વક ભોગવતા નથી અને હમેશાં શુદ્ધ આત્મ–પદાર્થમાં મસ્ત રહે છે, તે તરત જ કર્મપરિણતિરહિત મોક્ષપદને પ્રાપ્ત કરે છે અને આગામી કાળમાં પરમ જ્ઞાનનો આનંદ અનંતકાળ સુધી ભોગવે છે. ૧૦૪–૧૦૫.

अर्थ :—जो ज्ञानी जीव पूर्वमें कमाये हुए शुभाशुभ कर्मफलको अनुरागपूर्वक नहीं भोगता, और सदैव शुद्ध आत्म-पदार्थेमें मस्त रहता है, वह जीव शीघ्र ही कर्मपरिणति रहित मोक्षपद प्राप्त करता है, और आगामी कालमें परम ज्ञानका आनंद अनंत काल तक भोगता है॥१०४-१०५॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કાલાવળી ન્યાં નાંખ્યું પાછું થોડું. એમાં નાખે છે. બધું ભેગું છે. અને અહીં પાછું નાખ્યું. પાછળ આવે છે. 'सर्वकाल पिवन्तु' પાછળ આવે છે. ૪૦માં આવે છે. 'सर्वकाल पिवन्तु'. આ એ છે પણ આ આવે છે. આનો અર્થ પાછળ ફેરફાર કરી નાખ્યો બહુ. સરખા નથી. ઓલાને વાંચનારને ક્યાં ખબર હોય?

કહે છે, जो पूरवकृत करमफल.. અરે! અજ્ઞાનભાવે બંધાયેલા કર્મો.. હું તો અબંધસ્વરૂપી છું, પણ અબંધસ્વરૂપીના અજ્ઞાન અને અભાન વડે બંધાયેલા કર્મો रुचिसौं भुंजै नांहि.. રૂચિ નહિ. આહાહા! रुचिसौं भुंजै नांहि.. જરી અસ્થિરતા આવી જાય એનો પ્રેમ નથી જ્ઞાનીને. આહાહા! કડવા ઓસડ જેમ પીવે, એમ એના रुचिसौं આડ નથી એને. આહાહા! કડવાશ આવે છેને બહુ કડવાશ. બહુ તીખી. કાંગશા ને શું બહુ કડવા.. કડવા.

કાંગશા આવે છે ને. (શ્રોતા : કરિયાતું). કરિયાતું થયું. ઓલું કાંગશા આવે છે (શ્રોતા : .....) કાંગશા બહુ કડવું. કાળીજીરીથીય ઓલા બહુ કડવા. (શ્રોતા : .....) કિરાયતા નહિ. કાંગશા આવે છે. ભઈ, અમારી ભાષામાં સમજી લ્યો. હા, બહુ કડવા હોય. અમારે જીવણલાલ બહુ ખાતા. એને કફ બહુ હતોને. (શ્રોતા : મોઢામાં રાખેને). મોઢામાં રાખે. બહુ કડવા. એમ કહે છે, જેને આત્મધર્મનું ભાન થયું, આનંદનો ધામ જેને નજરમાં ને અનુભવમાં આવ્યો, એ રાગને અને ફળને રૂચિથી ભોગવતો નથી. આહાહા!

દવા માટે કોઈએ કહ્યું, રોગ મટાડવા માટે આવી કડવી દવા (લો). આ બાટલા ભરી રાખજો ભઈ, પાછળ કો'ક દિ' રોગ આવે તો. એમ ભાવના કરતો હશે? એમ રાગને રોગ સમાન જ્ઞાની જાણે. આહાહા! એ રોગના ઉપચાર કરવા માટે આવો ... હોય એ અનુકૂળ (તે) ઝેર છે. આહા! મારી શાંતિને લૂંટનાર છે. રૂચિથી, સમ્યગ્દષ્ટિ–ધર્મની પહેલી દશાવંત રાગને, હરખ-શોકને રૂચિથી ભોગવતો ને કરતો નથી. આહાહા! નેમચંદભાઈ! આવું ધર્મનું રૂપ છે એવી એને ખબરેય ન મળે. આહા! (શ્રોતા : ઘણાને સાંભળવા ન મળે). છે માણસની લાઈન, દૃષ્ટિ ઊંધી થઈ ગઈ છે. કંઈ તત્ત્વની ખબર નથી અને એમને એમ કાળ ગુમાવે છે જીવન આવા. આહાહા! અરેરે! રજકણ તારા રખડશે જેમ રખડતી રેત, પછી નર તન ક્યાં પામીશ? ભાઈ! આવા સાંભળવાનો જોગ મળવો જે મહા અનંતકાળે દુર્લભ છે. પૈસા મળવા ને છોકરા મળવા ને આબરુ, એ દુર્લભ નહિ. એ તો અનંતવાર મળી ગઈ છે. આહાહા!

मगन रहै आठौं पहर.. બસ ધંધો એ સમકિતીનો, લે! કહે. એય! એ સમ્યગ્દષ્ટિ પોતાના સ્વભાવના પરિણમનમાં જ સદાય છે. રાગ આદિ પરિણમન એ એનું છે નહિ, એમ કહે છે. ભાઈ! શુદ્ધતાનું પરિણમન એનું સદાય વર્તે છે. આ વાત બેસવી જગતને (કઠણ). અનાદિનો અભ્યાસ બીજો અને કહેનારા પણ એવા મળ્યા એટલે એને એવું લાગે, આહા! આ તો એકલી નિશ્ચયની સાચી વાત કરે છે. પણ ખોટી થોડી કરતા નથી. આહા! કહે છે, मगन रहै आठौं पहर.. સમ્યગ્દષ્ટિ તો પોતાના જ્ઞાનસ્વરૂપની રૂચિમાં જ સદાય પડ્યો છે. એને રાગની રૂચિ એક સમય પણ થતી નથી. આહાહા! ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ એના જ્યાં ભેટા થયા, એને આનંદની રૂચિ આગળ રાગની રૂચિ એક ક્ષણ પણ હોતી નથી. આહાહા! सुद्धातम पद मांहि.. આઠો પહર શુદ્ધાત્માની દૃષ્ટિ છે એને તો. સમજાણું કાંઈ? ધર્મી આત્મા એનો જે ધર્મ–સ્વભાવ પ્રગટ્યો એ ધર્મી તો આઠે પહોર પોતાના શુદ્ધાત્મપદમાં જ દૃષ્ટિ અને રૂચિવાળો છે.

सो बुध करमदसा रहित.. આહાહા! એ તત્ત્વજ્ઞાની, બુદ્ધ એટલે તત્ત્વજ્ઞાની–

સમકિતી. करमदसा रहित. એ તો કર્મ ને જડ ને રાગરહિત જ છે એની દશા. એવી દશાના ઘોલનમાં पावै मोख तुरंत. એને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈને મોક્ષ થશે. આહાહા! સમજાણું કાંઈ? सो बुध करमदशा रहित, पावै मोख तुरंत। भुंजै परम समाधि सुख.. આત્મા રાગ અને કર્મ વિનાની ચીજ છે એમ અનુભવમાં આવતા એ દૃષ્ટિમાં તો કર્મરહિત અને રાગરહિત જ છે. પણ હવે અસ્થિરતા થોડી રહી છે, એ આવા અનુભવથી ક્રમે ક્રમે કેવળજ્ઞાન પામીને મુક્તિ થશે. भुंजै પરમ આનંદનું સુખ. એ તો આત્માના આનંદની સમાધિ એટલે આનંદમાં સુખને ભોગવે, ભવિષ્યમાં અનંત કાળ. કેવળજ્ઞાન થયા પછી અનંતકાળ રહેશેને એ. आगम काल अनंत. આહાહા! આત્માનો આનંદ ને કેવળજ્ઞાન પૂર્ણ પ્રગટ થાય એનો ઉપાય રાગ અને કર્મરહિત આત્માની એકાગ્રતા, એને અનુભવતા એને કેવળજ્ઞાન ને મુક્તિ થાય. કે જે કેવળજ્ઞાન ને મુક્તિ થઈ એ થઈ, અનંત કાળ રહેશે. કહો, સમજાણું કાંઈ?

એનો અર્થ કે આત્માનું, રાગ ને કર્મરહિત એનું સ્વરૂપ જ એવું છે. એવા સ્વરૂપનું ભાન ને અનુભવ થયો એ આત્માની શાંતિને વેદતો વેદતો પૂર્ણ શાંતિને પામશે. પછી એ શાંતિને પામેલો, અવતાર લેશે એમ કેટલાક કહે છે, એમ નથી. મોક્ષ થયા પછી પણ દુનિયાનો ભાર ઉતારવા અવતાર લે, એમ ત્રણ કાળમાં બને નહિ. આહાહા! જે નીચલી દશામાં રાગની એકતા કરતો નથી, એ પૂર્ણ દશામાં રાગ આવે ને અવતાર થાય એમ ત્રણ કાળમાં બનતું નથી, એ કહે છે. સમજાણું કાંઈ? आगम काल अनंत. ભવિષ્યનો અનંત કાળ, આહાહા! आगामी कालमें परम ज्ञानका आनंद अनंत काल तक भोगता है, લ્યો. પછી કોઈ દિ' આનંદનો અનુભવ ઘટીને રાગનો (અનુભવ) ને સંસારનું અવતરવું થાય, એમ કદી બનતું નથી. ज्ञानीकी उन्नतिका क्रम.

જ્ઞાનીઓની ઉન્નતિનો ક્રમ (છપ્પા)

जो पूरवकृतकरम, विरख-विष-फल नहि भुंजै।
जोग जुगति कारिज करंति, ममता न प्रयुंजै।।
राग विरोध निरोधि, संग विकलप सब छंडइ।
सुद्धातम अनुभौ अभ्यासि, सिव नाटक मंडइ।।
जो ग्यानवंत इहि मग चलत, पूरन ह्वै केवल लहै।
सो परम अतींद्रिय सुख विषैं, मगन रूप संतत रहै।।१०६।।

**શબ્દાર્થ** :—વિરખ-વિષ-ફળ=વિષવૃક્ષના ફળ. કારિજ=કાર્ય. પ્રયુંજૈ=કરે. છંડઈ=છોડે. મંડઈ=કરે.

સંતત=સદૈવ.

**અર્થ** :—જે પૂર્વે કમાયેલ કર્મરૂપ વિષવૃક્ષના વિષફળ ભોગવતા નથી અર્થાત્ શુભફળમાં રતિ અને અશુભફળમાં અરતિ કરતા નથી, જે મન-વચન-કાયાના યોગોનો નિગ્રહ કરતા થકા વર્તે છે અને મમતા રહિત રાગ-દ્વેષ રોકીને પરિગ્રહજનિત સર્વ વિકલ્પોનો ત્યાગ કરે છે તથા શુદ્ધ આત્માના અનુભવનો અભ્યાસ કરીને મુક્તિનું નાટક ખેલે છે, તે જ્ઞાની ઉપર કહેલા માર્ગનું ગ્રહણ કરીને પૂર્ણ સ્વભાવ પ્રાપ્ત કરી કેવળજ્ઞાન પામે છે અને સદૈવ ઉત્કૃષ્ટ અતીન્દ્રિય સુખમાં મસ્ત રહે છે. ૧૦૬

अर्थ :—जो पूर्वमें कमाये हुए कर्मरूप विष-वृक्षके विष-फल नहीं भोगता, अर्थात् शुभ फलमें रति और अशुभ फलमें अरति नहीं करता, जो मन-वचन-कायके योगोंका निग्रह करता हुआ वर्तता है, और ममतारहित राग-द्वेषको रोककर परिग्रहजनित सब विकल्पोंका त्याग करता है, तथा शुद्ध आत्माके अनुभवका अभ्यास करके मुक्तिका नाटक खेलता है, वह ज्ञानी ऊपर कहे हुए मार्गको ग्रहण करके पूर्णस्वभाव प्राप्त कर केवलज्ञान पाता है, और सदैव उत्कृष्ट अतीन्द्रिय सुखमें मस्त रहता है।।१०६।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जो पूरवकृतकरम, विरख—विष—फल नहि भुंजै.. જે અજ્ઞાનભાવે પૂર્વે કર્મ બંધાયેલા, એના ફળને જ્ઞાની ભોગવતો નથી. એ કર્મરૂપી વૃક્ષ એનું વિષફળ. કર્મરૂપી ઝેર એનું ફળ. આહાહા! એ આત્માના આનંદના (ફળને) ભોગવે કે તે કર્મના ફળને ભોગવે? जोग जुगति कारित करंति.. જોગ ને યુક્તિથી કાર્ય થાય. ममता न प्रयुंजै.. એ ક્રિયા રાગની ને દ્વેષની મારી, એમ મમતા નથી એને. સમજાણું કાંઈ? जो मन-वचन-कायके योगोंका निग्रह करता हुआ वर्तता है. એ પછી આવે છે. પણ એ રીતે અર્થ છે. મન-વચન ને કાયાની ક્રિયા થાય એમાં એ મમતા કરતો નથી. એટલે કે એ મારી છે ક્રિયા, એમ માનતો નથી આહાહા!

કર્મ શબ્દે તો દેખાય છે ને એટલે કરે છે, એમ કહે છે. જોગ જુગતિથી આમ લાગે કે આ બરાબર વિચિક્ષણતાથી આ કામ લે છે અને દેહનું ફલાણું, વાણીનું... એમ આ છે નહિ ભાઈ! મન-વાણી-દેહ આ જડ છે એ તો. એમાં હલન-ચલન, બોલવું એ તો બધી જડની સત્તામાં થાય છે. ધર્મી એ સત્તાને પોતાની માનતો નથી. આહાહા! ભારે માર્ગ ભાઈ! આ તો નાટક 'સમયસાર નાટક' છે આ તો. એમાં આટલી ચોખવટ છે. સાદી ભાષા છે જરી ..... અહીંયા તો કહે છે, जोग जुगति कारज करंती.. જોગ ને જુગતિથી કાર્ય (કરે છે) પણ ममता न प्रयुंजै.. करंति એ તો શબ્દની શૈલીથી કહ્યું છે. એમાં જોગની ક્રિયા, મન-વચનની ક્રિયા દેખાય ધર્મીને, પણ છતાં એ મારી છે એમ માનતો નથી. આહાહા!

राग विरोध निरोधि.. ધર્મી તો રાગ અને વિરોધ નામ દ્વેષ, અનુકૂળતા અને પ્રતિકૂળતામાં થતો રાગ-દ્વેષ એને નિરોધી (એટલે) ઉત્પન્ન થવા દેતો નથી. આહાહા! ભારે માર્ગ! આ ઊંચી ઊંચી વાત કરે પણ કેમ કરવું... વળી એક જણો એમ ટીકા કરતો હતો. ભાઈ! માર્ગ ઉંચો કહો કે સાચો કહો, આ છે. राग विरोध निरोधि.. કરવું શું? થાય છે એને જાણે છે—એ કરવું છે. આહાહા! જ્ઞાનસ્વભાવને જાણવું એ ક્રિયા એની છે. રાગાદિની ક્રિયા આત્માની નથી. આહાહા! કર્તા-કર્મમાં આવી ગયું ૬૯-૭૦. જાનનક્રિયા. એ નિષેધ થઈ શકતી નથી કેમકે એનું સ્વરૂપ છે. રાગક્રિયા નિષેધ થઈ શકે. એનો અભાવ થઈ શકે છે માટે તે નિષેધ છે. આહાહા! રાગક્રિયા જો એની હોય તો સિદ્ધમાં રહેવી જોઈએ. અશરીરી પરમાત્મામાં પણ રહેવી જોઈએ. એમ છે નહિ.

राग विरोध निरोधि, संग विकलप सब छंडइ.. એ રાગનો સંગ અને એનો વિકલ્પ બધો છોડે. સંગ જ કરે નહિ રાગનો, એમ કહે છે. એમ શરીર-વાણીની ક્રિયાનો સંગ ન કરે. આહાહા! સર્વ વિકલ્પોંકા ત્યાગ કરતે હૈં પરિગ્રહજનિત. परिग्रहजनित सब विकल्पोंका त्याग करता है. અમે તો ભઈ, ગૃહસ્થી છીએને. પણ એ આત્મા ગૃહસ્થી છે જ નહિ. આહાહા! એ વિકલ્પ જે આવે એનો પણ દૃષ્ટિમાં તો ત્યાગ છે. એ ગૃહસ્થી છે નહિ ધર્મી. આહાહા! ન ગૃહસ્થ હૈ ન યતિ હૈ, આવે છેને. ચૈતન્યરૂપમાં આવે છે. ન ગૃહસ્થ હૈ ન યતિ હૈ. આત્મગવૈષી. ન ગૃહસ્થ હૈ ન યતિ હૈ. ચોથા ગુણસ્થાનની વાત છે. ગૃહસ્થેય નથી, પંચમ (ગુણસ્થાનવર્તી) વ્રત ધાર્યા નથી, નથી યતિ. એ આત્મામાં છે. આહાહા! એના મારગડા એવા છે ભાઈ! ધર્મમાર્ગ અનંત કાળમાં નથી કર્યો, એ કોઈ અપૂર્વ હોય કે નહિ? અનંત અનંત કાળ, આહા!

અનંત કાળ વિત્યો. અનંત-અનંત.. એક પલ્યોપમનો અસંખ્યમો ભાગ અસંખ્ય વર્ષનો. પલ્યોપમનો અસંખ્યમો ભાગ અસંખ્ય વર્ષનો. એવા અનંતા પલ્યોપમ અને એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો સાગરોપમ, એવા અનંતા સાગરોપમ. આહાહા! દેવમાં એવા સાગર ગાળ્યા ૩૧-૩૧ સાગર. (શ્રોતા : પુદ્‌ગલ પરાવર્તન...) એ તો થયુંને અનંત સાગરમાં આવી ગયુંને અનંતા પુદ્‌ગલ પરાવર્તન. અનંત સાગરોપમમાં અનંત પુદ્‌ગલ પરાવર્તન થયા. એક પુદ્‌ગલ પરાવર્તનના અનંતમા ભાગમાં અનંત સાગરો-સાગર જાય. (શ્રોતા : વિસ્તાર બહુ મોટો.) અનાદિ છે એની વાત શું! છે આ કે દિ’ નહોતો? અનંતકાળ.. અનંત કાળ.. અનંત કાળ.. અનંત કાળ. અનંત કાળ નહોતો? હતો. રખડવામાં હતો. આહાહા! અરે! એણે અંતરનો ત્રિકાળી છું એવો વિચારેય કે દિ’ અંદર લંબાવ્યો છે?

सुद्धातम अनुभौ अभ्यासि.. ધર્મી તો પોતાનો શુદ્ધ સ્વભાવ પવિત્ર આનંદકંદ એનો અનુભવનો અભ્યાસ કરે. લ્યો, આ ભણવાનો અભ્યાસ ન કરે એમ કહે છે. એય!

આહાહા! सुद्धातम अनुभौ अभ्यासि, सिव नाटक मंडई.. એ તો મોક્ષમાર્ગના નાટકની શોભા કરે છે, રચના. આ ઘરવખરાની રચના કરે છેને માણસ. લાખ-બે લાખનો ઘરવખરો લાવીને આમ..... આ મકાન અમે શણગાર્યા. અરે, ધૂળ મકાન! આ હાડકાંને શણગારવું આ દાગીના ને ટીલા ને ટપકાં. હાડકાના માળાને શણગારવું. આહાહા! આહીં લવિંગીયું લાંબુ લટકતું માથે હોય અને આ.... ગળે-ગળે ટૂંપો દેવો.. શું કહેવાય? હેરસ્ટાઈલ. લાકડીમાં સોનાનો હથો. લાકડીમાં સોનાનું હોયને મોઢા આગળ. આ મડદા ચાલે, એને કહે કે હું ચાલું છું. (શ્રોતા : મલુકચંદભાઈને ત્યાં મજા મળી હશે.) ધૂળેય નથી ત્યાં. હોળી છે ત્યાં. એય મલૂકચંદભાઈ! ન્યાં બધું સુખ હશે સ્વિટ્ઝરલેન્ડમાં? ધૂળેય નહોતું. એને પાટલૂન પહેરવું પડ્યું હતું. આટલા વરસ પાટલૂન પહેરી નહીં ને (હવે પહેરીને) ન્યાં બેસવું પડે. જુઓ એનો વેશ... આહાહા! વેશ પહેરવો પડે કો'કને લઈને. એ તે દબાણ હતું કે એ તે સ્વતંત્રતા હતી? આહા!

जो ग्यानवंत.. આ નાટક કીધુંને. આહા! મુક્તિકા નાટક ખેલતા હૈ... આહાહા! આત્મા આનંદનો નાથ પ્રભુ એની એકાગ્રતાના આનંદને ખેલે છે એ તો. એ આનંદના ખેલ કરે ધર્મી. રાગના ખેલમાં એ આત્મા ન હોય. આહાહા! पूरन ह्वै केवल लहै.. એમ ग्यानवंत इहि मग चलत.. દેખો, આ સ્વભાવમાં એકાગ્ર થઈને માર્ગ ચાલતા पूरन ह्वै केवल लहै—કેવળજ્ઞાન પામે. सो परम अतीन्द्रिय सुख विषैं, मगन रुप संतत रहै.. અનાદિ-અનંત સંસાર, એમાં સંસાર અનાદિ-સાંત કરી સાદિ-અનંત કેવલજ્ઞાન પ્રગટ કર્યું. अतीन्द्रिय सुख विषैं, मगन रुप संतत, લ્યો. આનંદ.. આનંદમાં મગન. અતીન્દ્રિય આનંદ પૂર્ણ એનું નામ મુક્તિ, એનું નામ મોક્ષ ને એનું નામ પરમાત્મદશા. એને પછી અવતાર ને ફરીને દુઃખ કંઈ હોઈ શકે નહિ.

( પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૪૨, ભાદરવા સુદ ૨, રવિવાર, તા. ૨૨-૮-૧૯૭૧
## સર્વ વિશુદ્ધ દ્વાર પદ ૧૦૭, ૧૦૮ ઉપર પ્રવચન

૧૦૭ પદ, સમયસાર નાટક, સર્વવિશુદ્ધિ દ્વાર. ૪૧ કળશ છે. નીચે છેને ૪૧.

इतः पदार्थप्रथनावगुण्ठनाद्विना कृतेरेकमनाकुलं ज्वलत्।
समस्तवस्तु व्यतिरेकनिश्चयाद्विवेचितं ज्ञानमिहावतिष्ठते।।४१।।

**સમયસાર કળશ અર્થ :**—"इतः इह ज्ञानम् अवतिष्ठते" (इतः) અજ્ઞાન-ચેતનાનો વિનાશ થવા ઉપરાન્ત (इह) આગામી સર્વ કાળ (ज्ञानम्) શુદ્ધ જ્ઞાનમાત્ર જીવવસ્તુ (अवतिष्ठते) બિરાજમાન પ્રવર્તે છે. કેવું છે જ્ઞાન (—જ્ઞાનમાત્ર જીવવસ્તુ)? "विवेचितं" સર્વ કાળ સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન છે. શા કારણથી આવું જાણ્યું? "समस्तवस्तुव्यतिरेकनिश्चयात्" (समस्तवस्तु) જેટલી પરદ્રવ્યની ઉપાધિ છે તેનાથી (व्यतिरेक) સર્વથા ભિન્નરૂપ એવી છે (निश्चयात्) અવશ્ય દ્રવ્યની શક્તિ, તેના કારણે. કેવું છે જ્ઞાન? "एकम्" સમસ્ત ભેદ-વિકલ્પથી રહિત છે. વળી કેવું છે? "अनाकुलं" અનાકુલત્વલક્ષણ છે અતીન્દ્રિય સુખ, તેના સહિત બિરાજમાન છે. વળી કેવું છે? "ज्वलत्" સર્વ કાળ પ્રકાશમાન છે. આવું કેમ છે? "पदार्थप्रथनावगुण्ठनात् विना" (पदार्थ) જેટલા વિષય, તેમનો (प्रथना) વિસ્તાર—પાંચ વર્ણ, પાંચરસ, બે ગંધ, આઠ સ્પર્શ, શરીર-મન-વચન, સુખ-દુઃખ ઇત્યાદિ—તેની (अवगुण्ठनात्) માળારૂપ ગુંથણી, તેનાથી (विना) રહિત છે અર્થાત્ સર્વ માળાથી ભિન્ન છે જીવવસ્તુ. કેવી છે વિષયમાળા? "कृतेः" પુદ્ગલદ્રવ્યના પર્યાયરૂપ છે. ૪૧.

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કેવો છે આત્મા? શુદ્ધ આત્મદ્રવ્યને નમસ્કાર. એટલે શું? કે અનાદિથી આત્મા, પુણ્ય-પાપના રાગ અને શરીરાદિ સંયોગ એને નમ્યો છે એટલે એનો આદર કર્યો છે. એ દુઃખના પંથે છે. આત્મા નિર્ભય આનંદમય છે એને છોડી અને શરીર, વાણી, આબરૂ, પૈસા, પુણ્ય અને પાપના ભાવ એને જેણે જ્ઞાનની દશામાં ઢાળ્યા છે એ દુઃખી છે, એ કષાય અગ્નિથી સળગી રહ્યા છે. સમજાણું કાંઈ? (શ્રોતા : મંદ કષાયે સળગે?) મંદ કષાયે સળગી રહ્યા છે. કેમકે જેનું આનંદ સ્વરૂપ છે એનાથી ઉલટો ભાવ... સર્વવિશુદ્ધ છેને? એ પુણ્ય અને પાપના ભાવ ને સંકલ્પ-વિકલ્પથી જેના જન્મ છે, જેના મરણ છે અને જેના જીવન છે. શું કીધું? (શ્રોતા : જીવન, જન્મ, મરણ). જન્મ એ પણ સંકલ્પ-વિકલ્પના ભાવોનું ફળ છે. મરણ એ પણ સંકલ્પ-વિકલ્પનું ફળ એટલી મર્યાદાએ છૂટી જાય છે અને જીવન પણ સંકલ્પ-વિકલ્પનું છે. એ દુઃખ છે, અજ્ઞાન છે, ભ્રાંતિ છે. ભ્રમમાં પડ્યો છે એ.

આહાહા! શેઠી!

દેહમાં ભગવાન આત્મા જે છે. આ તો હાડકાં છે, આ શરીર તો જડ-માટી છે. વાણી જડ, શરીર જડ, આ બધું દેખાય એ પણ પર અચેતન છે એટલે કે આ ચેતન એ નથી. એવો જે આત્મા, જેનામાં–ત્રિકાળી ચીજમાં જે નથી... ભગવાન અનાદિ-અનંત આત્મા છે. એનામાં તો આનંદ અને જ્ઞાનની નિર્ભયતા આદિ પડેલી છે. એ આહીં કહે છે. એને છોડીને શરીર, વાણી, મન, આબરૂ, લક્ષ્મી—એ મારા અને પુણ્ય-પાપના ભાવ થાય એ મારા, એવો જે મિથ્યાભ્રમનો ભાવ એનાથી જન્મે છે, એનાથી મરે છે અને એનાથી જીવે છે. પાટનીજી! આહાહા! જેના જીવન વિકારી પરિણામથી જીવવા, એ બધા દુઃખી પ્રાણી છે. શેઠ! સાચું હશે આ? આ બધા પૈસાવાળા દેખાય છે.... આહાહા!

વાત એવી છે કે ભગવાન આ દેહમાં પ્રભુ ચૈતન્ય એ તો અતિન્દ્રિય આનંદનો સાગર અને નિર્ભય ચીજ છે. જેને ભયની ગંધ નથી જેનામાં. કહે છે કે નિર્ભય ને આનંદ છે. શરૂઆત કરે છે ને. એવા આત્મામાં... એને સર્વવિશુદ્ધ કહીએ. અને એવું સર્વવિશુદ્ધનું જ્યાં ભાન નથી અને આ બધા લૌકિક—રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપ અને સંકલ્પ-વિકલ્પ અને સંયોગી ચીજો, જે પર અને પૃથક છે, એને પોતાના માની અને રાગ-દ્વેષમાં જેના જીવન છે, એ બધા દુઃખી પ્રાણી છે. એ અજ્ઞાનના કારણે વિષયકષાયના પરિણામે પિલાય છે. આહાહા! બરાબર હશે વકીલ? ક્યાં હતા? ૫૦૦-૫૦૦, હજાર રૂપિયા મળે. મહીને બે હજાર, પાંચ હજાર મળે. એમલદાર હોય તો ઝાઝા મળે. માથાફોડી. એય મુલચંદભાઈ! અરે! ભગવાન જેને ન મળે, આત્મા જેને ન મળે, એને બધું મળે (છતાં) એ બધા દુઃખી છે. (શ્રોતા : બહુ ટૂંકો સિદ્ધાંત). ટૂંકો સિદ્ધાંત છે. આ તો કળશ છેને. સવારમાં જરીક આવ્યો હતોને. નવ બાકી છેને. થોડા બાકી છે.

એમાં એકમાં આવ્યું છે, 'મતિમાં આત્માને સ્થાપ'. મતિમાં આત્માને સ્થાપ, એમ કહ્યું. આત્મામાં મતિને સ્થાપ, એમ નહીં. કેમ કે વર્તમાન મતિની પર્યાય જે જ્ઞાનની... એ તો બીજા અર્થે બીજા .... 'जीवो चरित्तदंसणणाणठिदो' આમ નાખ્યું. એટલે કે ભગવાન આત્મા અનાદિથી પુણ્ય અને પાપની લાગણીઓ, વૃત્તિઓ, રાગ, વિકાર, ઝેર, અગ્નિ, કષાય એમાં જ ઠર્યો છે, એમાં જ રહ્યો છે. એ દુઃખી છે. દુઃખ છે, સંસાર છે, એ ઝેરના પીણાં છે. નટુભાઈ! જ્ઞાનમાં જેણે રાગને, પુણ્યને, પાપને રાખ્યા છે એને હવે જ્ઞાનની પર્યાયમાં આત્માને રાખ, એમ કહે છે. વાત તો આત્મામાં મતિ જાય, પણ એને ઠેકાણે આત્મામાં રાગ રાખ્યો છે પર્યાયમાં-મતિમાં, એને એ પર્યાયમાં આત્મા રાખ, ભાઈ! (શ્રોતા : એનો અર્થ કે આત્માનો આશ્રય....) હા, એ તો એની પદ્ધતિ છે. આહાહા!

સમજાણું કાંઈ?

જે એનામાં નથી ત્રણ કાળ, ત્રણ લોકમાં એના સ્વરૂપમાં એવું શરીર, વાણી, મન, આબરૂ, પૈસા, ધૂળ, ધમાલ અને પુણ્ય-પાપના ભાવ—એને જેણે પોતાની વર્તમાનદશામાં ઢાળ્યા છે, રાખ્યા છે, એ મારી ચીજ છે એમ જે માન્યતામાં, ભ્રમણામાં ભૂલ્યો છે. આહાહા! આમ છે. એવું લાગે... એ દુઃખી છે અને એવા પંથના દુઃખમાં જ્યાં અવતાર હશે ત્યાં ઠેકાણે અવતરશે. નરક અને નિગોદમાં એ અવતરશે. આહાહા! સમજાણું કાંઈ? તેથી કહે છે કે એક વાર હવે તારી વર્તમાન મતિ એટલે જ્ઞાનની દશામાં આ સ્થાપ્યું છે, એને ઠેકાણે આત્માને સ્થાપને પ્રભુ! અમરચંદભાઈ! ઓહોહો! સંતોની કરૂણા અને એના હૃદયની વાત જેને સમજાય એને સમજાય, એવી વાત છે. આહાહા! ચોર્યાશીના અવતારમાં દુઃખી છે. એ પૈસાવાળા કહો, રાજા કહો, શેઠીયા કહો કે દેવ કહો, એ બધા રખડાઉ.. રખડાઉ દુઃખી છે. આહાહા! એ ભ્રમમાં મૂઢપણામાં પડ્યા છે. એની મતિ મૂઢાઈ ગઈ છે, કહે છે. મૂઢાઈ ગઈ છે સમજાય છે? મૂઢ છે. ચૈતન્ય ભગવાન ત્રણ લોકનો નાથ સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા, એને તું ધરતો નથી, એને જોતો નથી, એના સન્મુખ જોતો નથી, સન્મુખ થાતો નથી. એ બધા પર સન્મુખમાં દુઃખી ને રખડાઉ છે. સમજાણું કાંઈ? તો કહે છે કે હવે જો એ રખડવું ટાળવું હોય તો એનો ઉપાય શું? એ કહે છે, જુઓ.

શુદ્ધાત્મ દ્રવ્યને નમસ્કાર (સવૈયા એકત્રીસા)

**निरभै निराकुल निगम वेद निरभेद,**
**जाके परगासमैं जगत माइयतु है।**
**रूप रस गंध फास पुदगलकौ विलास,**
**तासौं उदवास जाकौ जस गाइयतु है।।**
**विग्रहसौं विरत परिग्रहसौं न्यारौ सदा,**
**जामैं जोग निग्रह चिह्न पाइयतु है।**
**सो है ग्यान परवांन चेतन निधान ताहि,**
**अविनासी ईस जानि सीस नाइयतु है।।१०७।।**

**શબ્દાર્થ** :—નિરાકુલ=ક્ષોભરહિત. નિગમ=ઉત્કૃષ્ટ. નિરભૈ(નિર્ભય)=ભયરહિત. પરગાસ=પ્રકાશ. માઇયતુ હૈ=સમાય છે. ઉદવાસ=રહિત. વિગ્રહ=શરીર. નિગ્રહ=નિરાળું. ચિહ્ન=લક્ષણ.

**અર્થ** :—આત્મા નિર્ભય, આનંદમય, સર્વોત્કૃષ્ટ, જ્ઞાનરૂપ અને ભેદ રહિત છે. તેના જ્ઞાનરૂપ પ્રકાશમાં ત્રણ લોકનો સમાવેશ થાય છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ પુદ્ગલના ગુણ છે, એનાથી તેનો મહિમા જુદો કહેવામાં આવ્યો છે. તેનું લક્ષણ શરીરથી ભિન્ન, પરિગ્રહ રહિત,

મન-વચન-કાયાના યોગોથી નિરાળું છે, તે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપિંડ છે, તેને અવિનાશી ઈશ્વર માનીને મસ્તક નમાવું છું. ૧૦૭.

अर्थ :–आत्मा निर्भय, आनंदमय, सर्वोत्कृष्ट, ज्ञानरूप और भेदरहित है। उसके ज्ञानरूप प्रकाशमें त्रैलोक्यका समावेश होता है। स्पर्श, रस, गंध, वर्ण ये पुद्गलके गुण हैं, इनसे उसकी महिमा निराली कही गई है। उसका लक्षण शरीरसे भिन्न, परिग्रहसे रहित, मन, वचन कायके योगोंसे निराला है, वह ज्ञानस्वरूप चैतन्य-पिण्ड है, उसे अविनाशी ईश्वर मानकर मस्तक नवाता हूँ॥१०७॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

निरभै निराकुल निगम वेद निरभेद, जाके परगासमैं जगत माइयतु है. ૧૦૭ પદ. ૧૦૭ પદ આમ છે આ બાજુ. જોતાં જ આવડે નહીંને. આ ચોપડા જોયા નથી. જુઓ, આની કોર છે આ. હાથ દબાઈ ગયો છે ત્યાં. કહો, સમજાણું કાંઈ? निरभै निराकुल.. આ દેહના દેવળમાં... આ તો માટીનો પિંજર છે. પ્રભુ અંદર ચૈતન્ય દીવો ઝળહળ જ્યોતિ.. આહાહા! એવો ભગવાન તું નિર્ભય છે એટલે કે એમાં ભય ને વિકલ્પ ને આકુળતા છે નહીં. સમજાણું કાંઈ? આહીં તો જ્યાં ત્યાં, અરે, ક્યાં જઈશું? શું થાશે? ક્યાં અવતાર થશે? ક્યાં જઈએ તો સગવડતા મળશે? ક્યાં જઈએ તો અગવડતા ઉભી થશે? આહાહા! એ બધી આકુળતાની અગ્નિમાં સળગી રહ્યો છે. એનું એને ભાન નથી. આહાહા! સમજાણું કાંઈ? નટુભાઈ! આ તો લોજીકથી વાત ચાલે છે, ન્યાયથી. એમને એમ માની લેવું, એમ નહીં. વસ્તુ શું છે? ચૈતન્ય ભગવાન દેહમાં.... જેમ આ તત્ત્વ છે જડ, પૈસો જડ વસ્તુ તત્ત્વ છે, એમ એક આત્મા તત્ત્વ છે. જેમ એ તત્ત્વ છે, એમ એક આત્મા અંદર વસ્તુ તત્ત્વ છે. એ તત્ત્વ છે એ કેવું છે? એને વિકલ્પવાળું માન્યું છે, પણ એવું નથી. કર્મવાળું, શરીરવાળું, દોષવાળું માન્યું છે. એવું એ તત્ત્વ છે નહીં. આહાહા! એને તત્ત્વની દ્રષ્ટિની ખબર નથી. ઊંધી દ્રષ્ટિએ રખડાઉ થઈ ચાર ગતિમાં રખડે છે. સુમનભાઈ! એ તો નિર્ભય છે. આહાહા!

અને નિરાકુળ છે. ભગવાન આત્મા... આકુળતાથી જે જીવે, મરે ને જીવે, એ આકુળતાથી તો રહિત સ્વરૂપ છે. વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ—સત્ એટલે શાશ્વત કાયમ રહેનારો અને જ્ઞાન ને આનંદ જેની ચીજ છે એ નિરાકુળ સ્વરૂપ છે. એની સામું એણે કોઈ દિ' જોયું નથી. સમજાણું કાંઈ? એ ત્યાગી થયો, સાધુ થયો, બાવો થયો, મરી ગયો ક્રિયાકાંડ કરીને. પંચ મહાવ્રત પાળ્યા ને દયા-દાન પાળ્યા. પણ એણે આ આત્મા આવો એક આનંદમય પ્રભુ છે એના સામું જોયું નહિ, એને મતિમાં સ્થાપ્યો નહિ, મતિને તેમાં વાળી નહિ. મીઠાલાલજી! આ શેમાં આવે છે? પણ એમ આવે છે ને વસ્તુ તો. એ આવશે.

બીજી ગાથામાં જ આવે છેને. 'કુંદકુંદાચાર્યે' જ કહ્યું છે. પહેલેથી કહ્યું છે. આહાહા! 'जीवोचरित्तदंसणणाण ठिदो.'

ભગવાન આત્મા એની પવિત્ર દશામાં રહે એનું નામ ધર્મ. એ અપવિત્રતામાં રહે એનું નામ સંસાર. સમજાણું કાંઈ? ભગવાન નિર્ભય, નિરાકુળ, નિગમ–ઉત્કૃષ્ટ છે. વાહ! પ્રભુ નિગમ. અગમ નિગમની વાતો નથી કહેતા? પ્રભુ અંદર ચૈતન્ય જાણનાર પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ, એ નિગમ છે. સાધારણથી ગમમાં આવે એવો નથી. વિકલ્પથી ને રાગથી ને દયા-દાનના ભાવથી—એનાથી એ જાણવામાં આવે એવો નથી. એવી એ ઉત્કૃષ્ટ વસ્તુ છે. (શ્રોતા : ...વિકલ્પના બળથી તો જાણવામાં આવ્યુંને ?) ધૂળેય જાણવામાં આવ્યું નથી. આહાહા! એ તો બધું નિર્બળ, પામર, રાંક, ભિખારા છે. વિકલ્પ તો નપુંસકતા છે. નપુંસક (એ) બળ પુરુષને આપતા હશે? હિજડા.

નહોતો દાખલો આપ્યો એક ફેરી ઓલો જામનગરનો ? રાજા હતા. ... હતા. પછી પોલીસોને પૈસા તો દેવા પડેને. ત્યારે બહુ ઓછું હતું ને. વીસનો પગાર. પચ્ચીસનો પગાર એટલે ઘણું. અત્યારે તો કોઈ વીસ ગણા કરે (તો) પાંચસો રૂપિયા. શું થાય વીસ ગણું? પચ્ચીસનું વીસ ગણું. પાંચસોનો પગાર અત્યારનો (અને) તે દિ' નો પચ્ચીસનો સરખો હતો. સમજાણું કાંઈ? બધા પોલીસને પચ્ચીસ-પચ્ચીસ, વીસ પગાર આપે. ત્યાં હીજડા બહુ હતા. તે દિ'. રામજીભાઈની શેરીમાં હતા. પાળીયાદની શેરીમાં. .... કબીરે કહ્યુંને, કબીરકા ઘર ગૌકટો કે પાસ, કરેગા સો ભરેગા ભૈયા તું ક્યોં હુઆ ઉદાસ?' જોડે કસાઈનું ઘર એમાં તને શું છે? સમજાય છે કાંઈ? એ પાવૈયા ઘણા હતા તે દિ' હોં. હવે ઓછા થઈ ગયા. હવે દેખાતા નથી. દુકાન પર અમે હતા તો પાવૈયા માળા બહુ આવતા. પૈસા લેવા આવતા. બહુ નાગા હોય. તોછડી ભાષા. મુસલમાન હીજડા હતા. ભારે નાગા. આઠ-આઠ આના લાવ, રૂપિયા લાવ. લુગડું ઉચું કરીને શરમાવે..... આ તો ૬૦ વર્ષ પહેલાની વાત છે. હવે તો બહુ ઓછા થઈ ગયા. હીજડા ત્યાં બહુ હતા.

એક ફેરી કહ્યું વિભાસરાવને કે સાહેબ! આ બધા પૈસા આટલા બધા ભરો છો તો અમને રાખોને. અમે દસ રૂપિયે મહિને રહેશું. અમે થોડા પગારે રહેશું. જુઓ, અમારા શરીર કેવા છે. કારણકે વીર્ય ભરાય નહીં એટલે શરીર સારું લાગે નપુંસકના, હીજડા. ભાઈ, તમે ન કામ કરી શકો હવે અમારા લશ્કર જેવું. પણ એકવાર જુઓ તો ખરા. ઠીક, ભાઈ લાખો, કરો નોકરી. પાંચસો–હજાર આપ્યા હીજડાને. મોટું શરીર, મોટા...... એમાં પહેલા રિવાજ હતો કે રાજા આવે ને એને લડાઈ કરવી હોય ત્યારે ગાયો જે હોયને, ગાયો જાતી હોય, ગાયોનું ધણ. ધણ સમજાય છે? સમૂહ. એ વનમાંથી ગામમાં આવતું હોય તો (બીજા) રાજાને લડાઈ કરવી હોય તો એ ગાયોને પાછી વાળે. આ રાજાને ખબર પડે કે કોઈની ચઢાઈ આવી.

એ ધણને પાછું વાળે ગામમાં જતાં. તો રાજાને ખબર પડે. એણે વાળ્યું આમ. ભારે કરી. ઓલા હીજડાને રાખ્યા હતા પોલીસો. કહે, જાવ, ગાયને લઈ આવો. બરાબર તૈયાર થયા. પચીસ-પચાસ સો... ઘોડા મોટા. ઓલા બધા ભાગ્યા. ...... ત્યાં એક નદી આવીને નદી. નદીમાં કેડો હોયને કેડો—ઉતરવાનો રસ્તો. એક કોર ઊંડો હશે જરી આ ઊતરવાનો આમ. પાવૈયાની ભાષા બોલ્યા કાંઈક. બોલ્યા ને ઓલા સમજી ગયા કે આ તો હીજડા છે. પાછા ફર્યા. ભાગ્યા હિજડા, ગયા રાજા પાસે. વિભા તારા..... કહ્યું નહોતું તમને પહેલું ? પાવૈયાનું કામ નહીં આ.

એમ આહીં કહે છે કે હીજડાનું કામ નહીં આત્માના સ્વરૂપના ભાનમાં. સમજાણું કાંઈ? રાગ ને પુણ્યમાં જે રોળાઈ ગયા છે, રઝળાઈ ગયા છે, એને તો ભગવાન નપુંસક કહે છે. રાગની ઉત્પત્તિ કરે તે વીર્યને નપુંસક કહે છે. સમજાણું કાંઈ ? આહાહા ! ભગવાન આત્મા સચ્ચિદાનંદ, રાગ અને વિકલ્પ વિનાનો, એના સ્વરૂપની રચના કરે તેને પુરૂષને વીર્યવાન કહે છે. આહાહા ! અમરચંદભાઈ ! બે-પાંચ-દસ લાખ પેદા કરે માટે વીર્યવાળો છે. નપુંસક છો, સાંભળને ! એ પોપટભાઈ! સાચી વાત છે આ. હીજડા જેવાઓ શેઠીયા થઈને ફરે. સિદ્ધાંતમાં લેખ છે. રાગને કરવું એ નપુંસક કીધું છે અને એમાં રાગ મારો એમ માને એ તો વળી નપુંસકમાં નપુંસક છે. શેઠ ! આહીં તો જે હોય એ આવે. સિદ્ધાંતમાં એક લેખ છે. બે-ત્રણ ઠેકાણે છે. 'સમયસાર'માં છે અને ત્યાં પણ છે 'પ્રવચનસાર' ૯૪ ગાથા. આહાહા !

ભગવાન ! તારું સ્વરૂપ તો અંદર આનંદકંદ સચ્ચિદાનંદ સ્વરૂપ, એને જ્યાં સુધી મતિમાં ન સ્થાપ અને મતિને તેમાં ન લઈ જા ત્યાં સુધી સંસારી, દુઃખી, નપુંસક છો. એય, ચેતનજી ! મતિ જે આમ વળેલી છે દયા, દાન, વ્રત, ભક્તિ, વિકલ્પમાં, તે મતિને આમ વાળવી. એ એમ વળે એનું વીર્ય કામ કરે સ્વરૂપની રચનાનું. એને વીર્યવાન અને એને પુરૂષ કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતો છે ભાઈ ! કહે છે... પછી તો ઓલા હીજડા કહે, ભઈ, અમારા કામ નહીં, બાપા ! આહીં પણ પરમાત્મા કહે છે કે જેને રાગનો રસ છે એવા નપુંસકોને આત્માનું કામનું કામ છે નહીં. જીરવી નહીં શકે એ વાત. આહાહા! કંઈક-કંઈક રાગથી લાભ થાય કે કંઈક પુણ્યથી લાભ થાય એમ કહો તો અમને કાંઈ ઠીક પડે. રાજમલજી ! એને ઠીક પડે છે ત્યાં. અનાદિનો ત્યાં અભ્યાસ છેને. એવી વાતો અમને જો તમે કરો, હાં, એ ઠીક પડે છે. આહાહા !

આહીં કહે છે, આનંદમય પ્રભુ સર્વોત્કૃષ્ટ અને જેનું રૂપ વેદ છે. વેદ એટલે જ્ઞાન. ભગવાન આત્મા જ્ઞાનચક્ષુ છે. ચૈતન્યબિંબ આત્મા એ જ્ઞાનના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. જેમ ખડી સફેદાઈથી ભરેલી છે. મીઠું લવણ. લવણ ખારના સ્વભાવથી ભરેલું છે, અફીણ

કડવાશના સ્વભાવથી ભરેલું છે, એમ આ ભગવાન આત્મા તો જ્ઞાનસ્વભાવથી ભરેલો છે. સમજાણું કાંઈ? આહાહા! જ્ઞાન. વેદ એટલે જ્ઞાન. જ્ઞાન જેનું રૂપ છે. એ પુણ્ય-પાપના વિકલ્પ એ એનું રૂપ નથી. એ તો હુતાનીનું કુરૂપ છે. હુતાની, નથી? હુતાની શું કહેવાય? હોળી. હોળીમાં નથી કોલસા-બોલસા ચોપડતા આમ ? પહેલાં તો ગધેડાના લીંડા ને નાખીને ચોપડતા. ઓલો સુઈ ગયો હોય ને એને ચોપડતા. પહેલા બહુ કરતા આવું. સાઈઠ વર્ષ પહેલાં. હવે તો બધું... ઓલો સૂતો હોયને શેઠીયાનો છોકરો, જઈને કોલસા અને ગધેડાના લીંડા કરીને ચોપડી આવે. ત્યાં ઓલો ઊઠી ગયો. એય, શું કરે છે? કાંઈ નહીં, હોળી છે.

એમ અનાદિની રાગ અને દ્વેષની રૂચિની હોળી સળગે છે તને. શેઠી! આ પ્રભુ અંદર બિરાજે છે સચ્ચિદાનંદ આનંદનો નાથ, એ જ્ઞાન અને ભેદરહિત છે. છેને निरभेद? નિર્ભેદ અભેદ અખંડાનંદ પ્રભુ છે. આહાહા! સાંભળ્યું નહીં, જોયું નહીં, જાણ્યું નહીં. સમજાણું કાંઈ? એય નિરંજન! આ બધું ભણી આવ્યો અમેરીકા. શું કહેવાય? અમરેલી નહીં, અમેરિકા. પાંચ વર્ષ ગયો હતોને ભણવા અમેરિકા, રૂપિયા લઈને આવ્યો. નપુંસકતા લઈને આવ્યો એમ કહે છે આહીં. એય! (શ્રોતા : ભલેને નપુંસકતા હોય, રૂપિયા તો લાવ્યો.) રૂપિયા લાવ્યો નથી, એ તો એના કારણે આવ્યા છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

અનાદિનું વ્યસન જ છેને એ. વ્યસનમાં તો કષ્ટ છે. એ અનાદિથી કષ્ટમાં જ પડ્યો છે. આહાહા! ચાહે તો એ પુણ્યના ભાવ હો—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, એ પણ રાગ ને કષ્ટ ને દુઃખદાયી ને ઝેર છે. આહાહા! આકરી વાત છે ભાઈ! સમજાણું કાંઈ? આ હિંસા, જૂઠ્ઠુ, ચોરી, વિષય ભોગવાસના, કમાવવું, રળવું અને આ ભણવું મોટા મોટા પૂંછડા લગાડવા LLB અને M.A.ના. સમજાણું કાંઈ? એય! પૂંછડું લાવ્યો છે કે નહીં ત્યાંથી? (શ્રોતા : M.S.) M.S. સમજાણું કાંઈ? એ બધા, કહે છે કે પૂંછડા દુઃખદાયી છે. આ સંસારના ભણતર દુઃખદાયી છે. આ વકીલાતના ભણતર દુઃખદાયી છે. રામજીભાઈ તો કેટલા ૩૦ વર્ષ પહેલા ૨૦૦ રૂપિયા લેતા કોર્ટમાં. એય! તમે એટલા અત્યારે રળી ન શકો. ૧૦ ગણું કરે તોય, વીસ ગણું કરે તોય એટલા.. ૨૦૦ના વીસ ગણા તો ૨૦૦૦ થાય. ૨૦૦૦ શું ઘણું થાય. આહાહા! ધૂળેય નથી, કહે છે. આહાહા! કૂચે મરવાના રસ્તા છે બધા. ભાઈ! તેં તને મારી નાખ્યો છે, ભાઈ! તારી જીવતી જ્યોત નિર્ભેદ આનંદમૂર્તિ, એને તે માન્યો નહીં અને આ રાગ એ મારો માન્યો, તારા જીવનની જ્યોતને બુઝાવી દીધી તેં. સમજાણું કાંઈ? આહાહા! જીવતો જીવ આનંદની મૂર્તિ પ્રભુ નિર્ભેદ—ભેદરહિત છે. આહાહા!

અભેદ છે. એને ભેદમાં પોતાનો માન્યો એવા અભેદનું જીવન એનું એને નિષેધ—નાસ્તિ છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મની વાત સૂક્ષ્મ છે ભાઈ! ધર્મનું રૂપ જ કંઈ ઝીણું

છે. સાધારણ આ દયા પાળ્યા ને વ્રત પાળ્યા ને ભક્તિ કરીને બ્રહ્મચર્ય એ ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. એ તો બધો વિકલ્પ, રાગ છે. એ મણિભાઈ ! સંભળાય છે કે નહીં ? આહાહા ! उसके ज्ञानरुप प्रकाशमें त्रैलोक्यका समावेश होता है. जाकै परगासमैं जगत माइयतु है. શું કહે છે ? કહે છે શું ? કે ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, એમાં રાગથી માંડીને લોકાલોક બધું જણાઈ જાય એવો એનો સ્વભાવ છે. એ ચૈતન્ય પ્રભુ જાણનાર-દેખનાર સ્વ-પરપ્રકાશકની મૂર્તિ છે. પર એનું છે એમ નહીં, પણ પર અને સ્વનો પ્રકાશક છે. આહાહા !

जाकै परगासमें जगत माइयतु है.. લોકાલોક ચૈતન્યના પ્રકાશના તેજના સામર્થ્યમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય એવો છે. ત્રણ કાળ, ત્રણ લોકની ચીજ માંહ્યલો એક રાગ પણ એનો છે, એમ નથી. સમજાણું કાંઈ ? આહાહા ! ભારે વાત ભાઈ ! પાટનીજી ! આ તો સત્ય જ આવું છે. આ તો વસ્તુનું સ્વરૂપ છે. આવો ભગવાન જાણનાર જ્યોત એક સમયની દશામાં ત્રણ કાળ ત્રણ લોક જાણનાર, એવું તારું સ્વરૂપ છે. ત્રણ કાળ અને ત્રણ લોકમાં રાગથી માંડીને પરચીજ તારી ત્રણ કાળમાં નથી. વ્યવહાર રત્નત્રયમાં શ્રદ્ધા જ્ઞાનનો વિકલ્પ પણ તારો નથી. હા, એનો પ્રકાશક છો. આહાહા !

શેઠી! હવે આમાં મહેન્દ્રભાઈને શું કરવું ? એ જગતની ચીજો છે બધી. બાયડી, છોકરા, કુટુંબ, દુકાન, મકાન એ એની ચીજ નથી, જગતની ચીજ છે. એને આત્મા પ્રકાશે એવો એનો સ્વભાવ છે. છે, એમ જાણે. છે, એમ પોતાને જાણે. બાકી એ સિવાય પર ચીજ મારી છે એ માન્યતા તેના સ્વરૂપથી વિરુદ્ધ છે. ભ્રમની માન્યતા, ભ્રમણાની માન્યતા છે. ભગવાનને એણે ભાંગી નાખ્યો. સમજાણું કાંઈ ? આહાહા ! કહે છે, जाकै परगासमें जगत माइयतु है.. 'બનારસીદાસ' છે. જુઓને કેટલું... ગૃહસ્થાશ્રમમાં હતા. પહેલાં શૃંગારી હતા, ભોગના વિલાસી પાકા. ગુલાંટ ખાઈ ગયા. આહાહા! વ્યભિચારી હતા. બનારસીદાસ. મોટા કવિ. ગાયનો બનાવેલા મોટા. ભાન જ્યાં થયું, આહાહા ! એ લખેલા પુસ્તકો ગોમતીમાં (નાખી) દીધા. અરેરે ! આ વસ્તુથી લોકો ઉંધે રસ્તે ચઢશે. એને પાણીમાં નાખી દીધા. આ પછી બનાવ્યું. સમજાણું કાંઈ ? સમ્યક્દર્શન થયું, આત્માનો અનુભવ થયો, આત્મા છે એવું જાણવામાં આવ્યું એટલે આ નાટક બનાવ્યું. આચાર્યોના કળશની ટીકા હતી એમાંથી આ બનાવ્યું. આહાહા!

रूप रस गंध फास पुद्गलकौ विलास.. આ રૂપ ને રસ ને ગંધ અને સ્પર્શ આ સાધારણ, એ તો બધો પુદ્‌ગલનો વિલાસ છે. એ જડની રમતું છે. એ આત્માની નહીં, આત્મામાં નહીં. આહાહા! तासौं उदवास जाकौ जस गाइयतु है.. એનાથી ઉદવાસ (એટલે કે) રહિત છે. એ શબ્દ, રૂપ, રસ, ગંધ, વાણી એનાથી તો રહિત પ્રભુ છે આત્મા. એનાથી સહિત માનવો એ જ ભ્રમ છે. સમજાણું કાંઈ ? આહા ! जाकौ जस गाइयतु है..

એનો જશ જ્ઞાની ગાય છે. આહા! એના જશની શું વાત કરવી! વચનાતીત, વર્ણાતીત, રૂપાતીત, મનાતીત, વચનાતીત મહાપ્રભુ ચૈતન્ય પ્રભુ છે. એનો જશ ગાય છે. છે ને? इनसे उसकी महिमा निराली कही गई है. એની મહિમા તો નિરાળી છે. આહાહા! હવે એના મૂળ તત્ત્વને જાણ્યું નહીં. મૂળ તત્ત્વને દ્રષ્ટિમાં લીધું નહીં અને બાકી બધા પુણ્ય અને પાપને, એના ફળને મારા માનીને મરી ગયો. દુઃખીના દાળિયા ચોર્યાસીના અવતારમાં રખડીને. સમજાણું કાંઈ?

विग्रहसौं विरत.. એ શરીરથી રહિત થઈ... ભગવાન! આ તો શરીર માટીનું છે. એનાથી તો ચૈતન્ય અરૂપી ભિન્ન છે. સમજાણું કાંઈ? લોટામાં કળશામાં જેમ પાણી જુદું હોય એમ લોટો જુદો ને પાણી જુદું. એમ આ કળશો છે, જુઓને આવો. કાશીઘાટનો કળશો છે આ. એમ આ ભગવાન ચૈતન્યરસ એ ભિન્ન તત્ત્વ છે. નટુભાઈ! આહાહા! विग्रहसौं विरत.. આહાહા! આઠ-આઠ વર્ષના રાજકુમાર જ્યારે આત્મજ્ઞાન પામે છે અને પછી જ્યારે એને સાધવાનો વૈરાગ્ય આવે છે. આહાહા! માતા! અમારે આનંદની ચીજ સાધવા અમે હવે વનમાં જઈએ છીએ. અમે અનંત કાળથી દુઃખને તો બહુ સાધ્યું. અમારો ભગવાન આનંદનો નાથ એમાં એકાગ્ર થવા માતા! વનવાસમાં જાશું. આહાહા! માતા! રજા દે હોં. એ મરી ગયા પછી મડદાને ઉપાડીને સ્મશાનમાં લઈ જાય, એને ઠેકાણે જીવતા સ્મશાનમાં જાશું, અમારો આત્મા શોધવા, ગોતવા અને રમવા. સમજાણું કાંઈ?

...... શિવલાલભાઈના ઘરેથી. ત્યાં ગયા હતાને. ..... હરીબેન કહે, મહારાજ! એ સાંભળ્યું છે એ નિષ્ફળ નહીં જવા દઉં. ઘણાં વર્ષથી (સાંભળે છેને.) એના ઘરમાં એને લઈને આ બધાને થયું છેને, શિવલાલભાઈ ને બધા. ક્યાં ગયા ગાંધી? એ બધા એને લઈને. હેમકુંવરબેનને એને લઈને. પણ એવું બોલ્યા હોં. ...... મહારાજ! એ સાંભળ્યું નિષ્ફળ નહીં જાય. બેન! તમે તો બહુ સાંભળ્યું હતું. આપણા મૂળજીભાઈ નિરંજન. મુળજી માસ્તર. મોટા ગૃહસ્થ. ઘણાં પૈસા. મરવા ટાણે આવ્યો આ હાર્ટએટેક. ઉતાવળા ઘણા. હાર્ટએટેક આવ્યો પછી લોકો કહે, બોલાવો ડોક્ટરને. આ કહે, બોલાવો લાલુભાઈને. મૂળજીભાઈ રાજકોટ લાખાણી.... છોતેરની સાલ. છોતેર છોતેર સમજે? કેટલા થયા? એકાવન વર્ષ પહેલા. સોળ-અઢાર લાખ બે ભાઈઓએ ભેગા કરેલા. ......બે ભાઈઓ છે. ....... મરતાં એવું બોલ્યા.

લાલુભાઈ કહે, મૂળજીભાઈ! શરીરનો ધર્મ, એ રોગ આદિ શરીરનો ધર્મ છે. એ આત્મા એને જાણે. આત્મા એમાં છે નહીં. મારા છે એમ નહીં. એય શેઠ! ત્યારે એમણે જવાબ આપ્યો, આત્મા રોગને જાણે કે પોતે પોતાને જાણે? શું કહો છો તમે? ઉભા રહો. મરતાં હોં મરવાની તૈયારીએ. જોરદાર... લાલુભાઈએ કહ્યું... ઓલો તો દાંત કાઢવા મંડ્યો

ડોક્ટર. 'લાલુભાઈને બોલાવો.' લાલચંદભાઈ. લાલચંદભાઈએ કહ્યું, ભાઈ! એ જડનો સ્વભાવ જીવમાં જણાય છે. રોગ છે એ જીવ જાણે છે. 'એ રોગને જાણે? રોગ તો પરવસ્તુ છે. કે પોતાને જાણે?' ગૃહસ્થ હતા. હવે પૈસાવાળા ઘણા થઈ ગયા. પણ એ વખતે તો કોણ હતું ૭૬માં. ૧૬ લાખ..... ૭૬ની સાલ. ૫૧ વર્ષ પહેલા. બહુ આબરૂ હતી એની. આપણે ત્યાં ઉતર્યા હતા. ભાઈ તો પ્રમુખ હતા. .......મરતા આમ બોલ્યા. આહાહા! ભીખાભાઈ! જુવાન છોકરો મરી ગયો હતો હોં, પરણીને. મોટા ઘણા લાખોપતિમાં પરણેલો. પણ મરવા ટાણે કે આ જાય છે. જાય છે તો એમાં સ્થિતિ પૂરી કરીને જાય છે. એ તો જવાને ટાણે જાય છે એને તું જાણને. તારું સ્વરૂપ જ્ઞાનાનંદ છે એને જાણને હવે. આ જાય ને તે જાય. શું છે પણ હવે? શેની માંડી મોકાણ બધી? આહાહા! દીવાળી કરને ઘરે. આહાહા!

તું ચૈતન્યમૂર્તિ, કહે છે કે પુદ્‌ગલના ગુણોથી ભગવાન તો જુદો છે. આહાહા! એને મારા માનવા અને એને જાણવું એય અહીંયા નથી, કહે છે. એ તો પોતાને જાણે છે એમાં ઓલું જણાઈ જાય છે. સમજાણું કાંઈ? આવું એનું સ્વરૂપ છે. એને ખરે ટાણે કામ આવેને, સાચું જ્ઞાન હોય તો. તો જ જ્ઞાન કહેવાય. વ્યક્તપણે પણ એ જાતની શ્રદ્ધા ને ખ્યાલ આવવો જોઈએને એને. આહાહા! ભગવાન! હું તો પુદ્‌ગલના ગુણથી નિરાળો છું. આ પુદ્‌ગલની પર્યાય રોગની જડમાં ઉભી થાય એ બધું જડ છે. એ મારામાં છે નહીં. આહાહા! એ આવતી જ નથી. માને છે માળો મફતનો. જો શરદી થાયને તો બહાર નીકળતા નથી ત્રણ-ત્રણ, ચાર-ચાર દિ'. શાંતિભાઈ ગયા? ત્રણ-ચાર દિ' ન નીકળે. શરદી થાયને જરીક, ઘરમાં સલવાઈને રહે. પછી દેખાય ત્યારે ખબર પડે. કેટલા દિ' થી આવ્યા નથી? કોને? ક્યાં હતા? શરીરના રજકણે રજકણની દશા ભગવાન આત્માથી જુદી છે. એની .. ને ધીર આત્મામાં છે ક્યાં? આહાહા! આત્મા તો પુદ્‌ગલના ગુણ અને પર્યાયથી જુદો છે. એ તો ચાલે છે. હીરાભાઈ! આહાહા! અરે! ટાણે તારું કામ ન આવે તો તે કર્યું શું?

કહે છે, विग्रहसौं विरत परिग्रहसौं न्यारौ सदा.. શરીરથી જુદો અને પરિગ્રહથી જુદો. આહાહા! ઉસકા લક્ષણ શરીરસે ભિન્ન, પરિગ્રહસે રહિત. આ ધૂળધાણી લાખો અને કરોડો અને અબજો પૈસા એ તો અજીવતત્ત્વ માટી—ધૂળતત્ત્વ છે. એનાથી ભગવાન અરૂપી ચૈતન્યઘન જુદો છે. એ જુદાને—જુદી ચીજને પોતાની માનવી એ મોટી ભ્રમણા ને દુઃખના પંથે દોરી જવો છે જીવને. આહાહા! કાંઈ આપતા નથી, એ તો વ્યવહારની વાતો છે. વાતો. એ તો આવે છે ને. એ તો એ વખતે મુનિને ભાવ આવેને ત્યારે... અરે! મન ક્યાં છો તમે? સદાય જાગૃત રહો એમ કહે. પણ તેં નથી જાગૃતિ રાખી? ના, ના, એ તો આહીં વિકલ્પ આવે, પોતાને એ જાતનો રાગ છેને. છતાં એ વિકલ્પથી થયું માટે તૈયાર થાય છે? અંદરની ભૂમિકામાં અંદર તેજમાં પડ્યો છે. આહીં જરી આવ્યું તો જોયું ને નીકળી ગયું. જાણનાર-દેખનાર છું. મારા સ્વરૂપમાં

કોઈ નબળાઈ અને રાગાદિ છે નહિ. આહાહા! એનું નામ ધર્મદ્રષ્ટિ અને સમ્યગ્દ્રષ્ટિ કહેવાય છે. સમજાણું કાંઈ? આમ પૌષધ ને પડિક્કમણા ને ઉપવાસ કર્યા ને થઈ ગયા ધર્મી. બાપુ! ધર્મી થવું એ તો જન્મ-મરણનું ટળવું છે ધર્મીનું તો. આહાહા! જેમાં મોક્ષના કિનારા નજરે પડે, સંસારનો અંત આવે એને ધર્મ કહીએ. ધર્મ તે કાંઈ સાવ મામુલી ચીજ છે? આહાહા! મન-વચન-કાયકે યોગોસે... લ્યો.

परिग्रहसौं न्यारौ सदा.. ભગવાન આત્મા, એ પૈસાના રજકણ એનાથી ત્રિકાળ ન્યારો છે. રજકણ જડ, ભગવાન ચૈતન્ય. રજકણ રૂપી, પ્રભુ અરૂપી. રજકણ મેલનું પૂતળું અને આત્મા નિર્મળ આનંદનો કુમાર. અરે! બે ચીજો જુદી, એની એને ખબર ન મળે. અને આ બધા ભણી ભણીને મોટા પૂંછડા વળગાડે. એ નિરંજન! દસ હજારનો પગાર.. શું પણ દશ હજાર? બચે કેટલા? હજાર-બે હજાર બચે. એટલો ત્યાં ખર્ચ હોય. નહીંતર ઘણો ખર્ચ હોય. ત્યાં તો દશ શું પંદર-પંદર હજારના પગાર હોય અમેરિકામાં. મહિનાના પંદર-પંદર હજાર, વીસ-વીસ હજાર મહિને. ખર્ચમાં બધું ડુબી જાય એટલા ખર્ચા. પણ બચે તોય શું અને રહે તોય શું? એ બધો અજ્ઞાનની જ્વાળા છે. આહાહા! અગ્નિની જ્વાળા અંદરમાં આવે અને અમને બસ એ...ય શીતળતા થાય છે. કોઈ રોકે, એ આ અગ્નિની જ્વાળાથી તો બંધ થા. બાકી કષાયની અગ્નિથી બળી રહ્યો છે. ભાઈ! શીતળનાથ ભગવાન આત્મા છે અંદર. સમજાણું કાંઈ? શીતળનાથ, અનંતનાથ એવો ભગવાન આત્મા મન-વચન અને કાયાકે યોગોંસે નિરાલા હૈ.

जामै जोग निग्रह चिहन पाइयतु है.. જેમાં મન-વચન-કાયનો નિગ્રહ એટલે રહિતપણું એવું ચિહ્ન છે. આહાહા! એક-એક પદ ને એક-એક શ્લોકમાં કેટલું ભર્યું છે જુઓને! આ ભગવાન આત્મા એને કહીએ કે જેમાં જોગરહિતપણું જેનું ચિહ્ન છે. મન-વચન-કાયાનું કંપન, એ એનું સ્વરૂપ નથી. આહાહા! सो है ग्यान परवांन चेतन निधान ताहि.. એવો ભગવાન આત્મા જ્ઞાનપ્રમાણ વસ્તુ છે. જેનું જ્ઞાનપિંડ પ્રભુ ચૈતન્યનું દળ છે એ તો. चेतन निधान ताहि, अविनासी ईस जानि सीस नाइयतु है.. એ અવિનાશી પરમેશ્વર હું છું એમ જાણીને હું ત્યાં ઢળી જાઉં છું. શીશ નમાઈતુ હૈ એ શરીરની વાત નથી ત્યાં. મારી પર્યાય એમાં ભળી જાય છે. આહાહા! સમજાણું કાંઈ? આનું નામ ધર્મ. ભારે ધર્મ! દેરાસરમાં ટોકરા વગાડે ને ધર્મ કરીને ગાઈએ છીએ, સાંભળો. ક્યાં પણ ધર્મ હતો? ધર્મ કાંઈ આત્મામાં છે કે બાહ્યમાં ત્યાં દેરાસરમાં છે? ઓલો મોટો ટોકરો છેને આપણો. પણ એને એમ થાય કે અમે ધર્મ કરીને ગાઈએ છીએ. એનો ટોકરો.... ધર્મ કોને કહેવો એનું ભાન ન મળે. એ હીરાભાઈ!

ઓલાને ટોકરો મોટો છે ત્યાં. મુંબઈ ને? બુદ્ધનો. મુંબઈ કે કાશી? કાશીમાં.

કાશીમાં મોટી દેરી છેને બુદ્ધની. સારગયા. ત્યાં ગયા હતા ને બધું જોયું હોયનેઅમે. ત્યાં ટોકરો મોટો. ઘંટ-ઘંટ. ટોકરો ન જાણે. ઘંટ મોટો. જબરદસ્ત આવડો મોટો .... આહીં કહે છે કે ઘંટ વગાડ અંદરમાં. હું તો આનંદનો નાથ ચૈતન્યમૂર્તિ છું. એની ઝણઝણાટ કર, એ તારી ચીજ છે. રાગ અને આ ને (એ નહીં.) પાછી ખૂબી શું કરી છે. એ અવિનાશી ઈશ્વર હું છું. પર્યાય બદલે, રાગ બદલે એ હું નહીં. આહાહા! अविनासी इस जानि सीस नाइयतु है.. હું એમાં ઢળી જાઉં છું. આહાહા! મારો સ્વભાવ આવો એમાં મારી દશા વળેલી છે. એને નમન કહેવામાં આવે છે. અનાદિથી રાગને નમન હતું. પુણ્ય-પાપમાં નમન, મારા માન્યા એ નમન. વિકારને પગે લાગતો. સમજાણું કાંઈ? આવો ભગવાન આત્મા અંતરમાં જ્ઞાન અને ભાન કરીને અંતર પર્યાયને વાળવી એનું નામ આત્માનું જ્ઞાન અને આત્મદર્શન ને ધર્મ કહેવાય છે. એ ૧૦૭ થઈ. ૧૦૮. ૪૨ કળશ નીચે.

अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता-
मादानोज्झनशून्यमेतदमलं ज्ञानं तथावस्थितम् ।
मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः
शुद्धज्ञानघनो यथाऽस्य महिमा नित्योदितस्तिष्ठति॥४२॥

---

**સમયસાર કળશ અર્થ** :—''एतत् ज्ञानं तथा अवस्थितं यथा अस्य महिमा नित्योदितः तिष्ठति'' (एतत् ज्ञानम्) શુદ્ધ જ્ઞાન (तथा अवस्थितम्) તે પ્રકારે પ્રગટ થયું કે (यथा अस्य महिमा) જે પ્રકારે શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ (नित्योदितः तिष्ठति) આગામી અનંત કાળ પર્યન્ત અવિનશ્વર જેવો છે તેવો જ રહેશે. કેવું છે જ્ઞાન? ''अमलं'' જ્ઞાનાવરણકર્મમળથી રહિત છે. વળી કેવું છે જ્ઞાન? ''आदानोज्झन-शून्यम्'' (आदान) પરદ્રવ્યનું ગ્રહણ, (उज्झन) સ્વસ્વરૂપનો ત્યાગ, તેમનાથી (शून्यम्) રહિત છે. વળી કેવું છે જ્ઞાન? ''पृथक् वस्तुताम् बिभ्रत्'' સકળ પરદ્રવ્યથી ભિન્ન સત્તારૂપ છે. વળી કેવું છે? ''अन्येभ्यः व्यतिरिक्तम्'' કર્મના ઉદયથી છે જેટલા ભાવ, તેમનાથી ભિન્ન છે. વળી કેવું છે? ''आत्मनियतं'' પોતાના સ્વરૂપથી અમિટ (-અટળ) છે. કેવો છે જ્ઞાનનો મહિમા? ''मध्याद्यन्तविभागमुक्त-सहजस्फारप्रभाभासुरः'' (मध्य) વર્તમાન, (आदि) પહેલો, (अन्त) આગામી—એવા (विभाग) વિભાગથી અર્થાત્ ભેદથી (मुक्त) રહિત (सहज) સ્વભાવરૂપ (स्फारप्रभा) અનંત જ્ઞાનશક્તિથી (भासुरः) સાક્ષાત્ પ્રકાશમાન છે. વળી કેવો છે? ''शुद्धज्ञानघनः'' ચેતનાનો સમૂહ છે. ૪૨.

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! ભગવાન આત્માના સ્વભાવની શું મહિમા! અનંત જેની મહિમા, પણ વસ્તુની ખબર ન મળે. એક રાગ પુણ્યનો કરે ત્યાં આહાહા... અમે જાણે શું કર્યું. ભૂંકે.

લાખ-બે લાખ આપ્યા હોય કાંઈ દાનમાં, નામ નાખજો અમારૂ. એ વખતે છાપું વંચાવે બીજાને. એ ખૂણે લખ્યું જુઓ, ૧ લાખ ને ૧૧ હજારને ૧૧૧ આપ્યા એ. ઢળી ગયાં બધા તારા, સાંભળને! પૈસા ક્યાં તારા હતા? પૈસા મેં આપ્યા ને મારા હતા એ માન્યતા જ ભ્રમ ને મિથ્યાત્વનું પાપ છે. આહાહા! એ મુળચંદભાઈ! આપવાનો વિકલ્પ એ તો રાગની મંદતા, પોતાના પુરૂષાર્થની (કચાશ). છતાં એ મંદતા પણ આત્માની વસ્તુ નથી. શાંતિભાઈ! આહાહા! शुद्ध आत्मद्रव्य अर्थात् परमात्माका स्वरूप, લ્યો. એ તો પરમાત્મ સ્વરૂપ છે. એ વિકલ્પ-ફિકલ્પ એનામાં ક્યાં? એની ચીજ ક્યાં?

શુદ્ધ આત્મદ્રવ્ય અર્થાત્ પરમાત્માનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

जैसौ निरभेदरूप निहचै अतीत हुतौ,
तेसौ निरभेद अब भेद कौन कहैगौ।
दीसै कर्म रहित सहित सुख समाधान,
पायौ निजस्थान फिर बाहरि न बहैगौ।।
कबहुं कदाचि अपनौ सुभाव त्यागि करि,
राग रस राचिकैं न पर वस्तु गहैगौ।
अमलान ग्यान विद्यमान परगट भयौ,
याही भांति आगम अनंत काल रहैगौ।।१०८।।

**શબ્દાર્થ :—**નિરભેદ=ભેદરહિત. અતીત=પહેલાં. રાચિકૈં=લીન થઈને, અમલાન=મળ રહિત. આગમ=આગામી.

**અર્થ :—**પૂર્વે અર્થાત્ સંસારી દશામાં નિશ્ચયનયથી આત્મા જેવો અભેદરૂપ હતો, તેવો પ્રગટ થઈ ગયો. તે પરમાત્માને હવે ભેદરૂપ કોણ કહેશે ? અર્થાત્ કોઈ નહિ. જે કર્મ રહિત અને સુખશાંતિ સહિત દેખાય છે તથા જેણે નિજસ્થાન અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરી છે તે બહાર અર્થાત્ જન્મ-મરણરૂપ સંસારમાં નહિ આવે. તે કદી પણ પોતાનો નિજસ્વભાવ છોડીને, રાગ-દ્વેષમાં લાગીને પરપદાર્થ અર્થાત્ શરીર આદિનું ગ્રહણ નહિ કરે, કારણ કે વર્તમાનકાળમાં જે નિર્મળ પૂર્ણ જ્ઞાન પ્રગટ થયું છે, તે તો આગામી અનંતકાળ સુધી એવું જ રહેશે. ૧૦૮.

अर्थ :—पूर्वमें अर्थात् संसारी दशामें निश्चयनयसे आत्मा जैसा अभेदरूप था, वैसा प्रगट हो गया, उस परमात्माको अब भेदरूप कौन कहेगा ? अर्थात् कोई नहीं। जो कर्मरहित और सुख-शान्ति सहित दिखता है, तथा जिसने निजस्थान अर्थात् मोक्षकी प्राप्ति की है, वह बाहर अर्थात् जन्म-मरणरूप संसारमें न आवेगा। वह कभी भी अपना निज-स्वभाव छोड़कर राग-द्वेषमें

लगकर परपदार्थ अर्थात् शरीर आदिको ग्रहण नहीं करेगा, क्योंकि वर्तमानकालमें जो निर्मल पूर्णज्ञान हुआ है, वह तो आगामी अनंतकाल तक ऐसा ही रहेगा॥१०८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जैसौ निरभेदरूप निहचै अतीत हुतौ, तैसौ निरभेद अब भेद कौन कहैगौ. पूर्वमें अर्थात् संसारी दशामें निश्चयनयसे आत्मा जैसा अभेदरूप था, वैसा प्रगट हो गया. અનાદિ ભગવાન નિર્મળ આનંદ પ્રભુ, સચ્ચિદાનંદ અભેદ એકરૂપ છે. એનું ભાન થઈને પર્યાયમાં અભેદતા પ્રગટ (થઈ.) જેવો અભેદ હતો, એવી દશા અભેદ પ્રગટ થઈ. નિશ્ચયથી તો સંસારદશામાં એવો અભેદ જ હતો. ત્રણેય કાળે હું દ્રવ્યસ્વરૂપ એકરૂપ અભેદરૂપ—ભેદરહિત સ્વરૂપ એનું હતું. એની અભેદની દ્રષ્ટિ કરી, અભેદમાં સ્થિરતા કરીને અભેદપણું પર્યાયમાં પ્રગટ્યું, હવે ભેદ રહ્યો નહીં જરીયે. સમજાણું કાંઈ? આહાહા! तैसौ निरभेद अब भेद कौन कहैगौ. પૂર્ણ પર્યાય પ્રગટ થઈ, એમ કહેવું છે આહીં તો. ભગવાન આત્મા એકરૂપ અભેદ એનો આશ્રય લઈને પર્યાયમાં એકરૂપ અભેદ દશા થઈ. કોણ કહે હવે ભેદ છે? વસ્તુમાં નથી એમ પર્યાયમાં પણ ભેદ રહ્યો નથી. આહાહા! (શ્રોતા : એમાં હેય ઉપાદેય કોણ?) એ ઉપાદેય આત્મા ત્રિકાળી. હેય રાગાદિ કરવો નથી, થઈ જાય છે. વાત એમ કરી છે ત્યાં. કોને કરવા હેય? એ તો છૂટી જાય છે માટે હેય કહ્યું અને ગ્રહણ થાય માટે ઉપાદેય કહ્યું. પછીમાં આવશે. ગ્રહણ કરવાનું હતું એ કર્યું અને છોડવાનું હતું છૂટી ગયું. એ તરત જ આવશે. આ તો શ્લોક જ એનો છે. સમજાણું કાંઈ?

दीसै कर्म रहित सहित सुख समाधान.. ભગવાન આત્મા તો અભેદ ચૈતન્યમૂર્તિ રાગ અને શરીરથી રહિત છે એવું જ્યાં ભાન થયું, એની દશામાં પણ એકતા અને અભેદતા પ્રગટી, હવે કર્મરહિત થઈ ગયું. રાગ અને શરીર રહિત જ દશા જેની છે. सहित सुख समाधान. સહિત શું થયું? जो कर्मरहित और सुख-शांतिसे दिखता है. આહાહા! અજ્ઞાનમાં રાગ ને દ્વેષ ઉઠતા હતા, એ હું પુણ્ય-પાપ છું. એ ભાનમાં આવ્યો ત્યારે સુખ અને સમાધાન દેખાય છે. આહાહા! શાંતિ સમાધાન. આનંદ અને અકષાયની શાંતિ, એમ. આરે, એ સમજવું કઠણ. આવો આત્મા તમે કહો, પણ ગયો ક્યાં? ભગવાનદાસ કહેતા, આવો આત્મા ધોયેલા મૂળા જેવો ગયો ક્યાં? વકીલ હતા. કાંઈ ભાન ન મળે. બધા વકીલ-ફકીલને પૂંછડા મોટા. એય નટુભાઈ! ૯૯ની સાલ. વ્યાખ્યાનમાં આવતા. આવો આત્મા મહારાજ બતાડે છે, પણ ગયો ક્યાં ધોયેલ મૂળા જેવો? આ વકીલ. પણ છે ક્યાં? તેં જોયો નથી, ક્યાં જાય? રાગમાં ગયો છે એને તેં માન્યો છે કે આ હું.

એ રામજીભાઈના ભાઈબંધ હતા. વકીલ હતાને. પૈસા થયા હશે પુણ્યને લઈને.

પોપટભાઈ ! પ્રશ્ન આવો હતો લ્યો. વખાણ કર્યાંને આત્માના. એ ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? આહાહા ! એ છો તે છો અને છે ત્યાં છે. પણ તારી નજર ત્યાં ગઈ નથી. આહાહા! અરે નજરમાં નિધાન લીધાં નથી તેં. તેથી તને ગયો ક્યાં એમ લાગે છે. મહા શાશ્વત વસ્તુ છે. સુખ સમાધાન. આહાહા ! पायौ निजरस्थान फिर बाहरि न बहैगौ.. આહાહા ! નિજ સ્થાન મોક્ષની પ્રાપ્તિ છે. પોતાનું સ્થાન નિર્મળ એવી દશા પ્રાપ્ત કરી હવે બહાર ક્યાં જશે ? હવે એને અવતાર ક્યાં? જેની દશા આવા આત્માના સ્વભાવનો અનુભવ થઈ, સ્થિરતા થઈને જેણે આ અધિક દશા પ્રગટ કરી પોતાના સ્થાનમાં આવી ગયો, એને બાહ્ય સ્થાનમાં જવું રહેતું નથી.

पायौ निजरस्थान फिर बाहरि न बहैगौ. कबहूं कदाचि अपनौ सुभाव त्यागि करि.. આહાહા ! નિર્મળ પ્રભુ આત્મા એની દશામાં નિર્મળ સ્વરૂપની એકાગ્રતા કરતાં નિર્મળ દશા થઈ. कबहु कदाचि अपनौ सुभाव त्यागि करि, राग रस राचिकै न पर वस्तु गहैगौ. वह कभी भी अपना निजस्वभाव छोड़कर रागद्वेषमें लगकर परपदार्थ अर्थात् शरीर आदिको ग्रहण नहीं करेगा. હવે એને, રાગ મારો છે એમ થશે નહિ. શરીર અને એ તો એની રહિત દશા. જેવી હતી એવી પ્રગટ થઈ, એમ કહે છે. સમજાણું કાંઈ ? ભારે વાત ભાઈ ! જૂઠાને જૂઠા ઠરાવ્યું.

अमलान ग्यान विद्यमान परगट भयौ, દેખો. અમલાન જ્ઞાન. આહાહા ! वर्तमानकालमें जो निर्मलज्ञान प्रगट हुआ है. એ ચંદ્ર જેમ બીજ ઊગી ને પૂર્ણ થાય, પૂનમપણે થાય, એમ ભગવાન આત્મા અખંડ આનંદ પૂર્ણ અભેદ છું એવો અનુભવ દ્રષ્ટિ થઈને પૂર્ણ જ્ઞાનને પ્રાપ્ત કર્યું. સમજાણું કાંઈ ? માળે, ભારે જુદું ભાઈ આ તો. આવો ધર્મ કેવો આ તે ? ઓલામાં તો એમ કહેવાય, એ પૈસા દેવા, દુખિયાના દુઃખ ટાળવા, વિધવાના.... મકાન-બકાન દેવા, કપડા દેવા, ... સેવા કરવી. ... શેનો ઉજવવો ? ... ધૂળ તો એની એ રહી છે. .....નેતાઓ બધા પોતાના પૈસા ખુરશી રાખવાની ક્રિયા છે. પ્રજાનું શું થાય એની દરકાર... ઘણું લખ્યું બહુ લખ્યું જૈન ગેઝેટમાં. આહીં કહે છે, अमलान ग्यान विद्यमान परगट भयौ. હતો તે થયો. પૂર્ણાનંદનો નાથ જ્યાં એ અનુભવ કરીને પ્રગટ કર્યો. याही भांति आगम अनंत काल रहैगौ. જે પ્રગટ છે એ અનંત કાળ રહેશે. મુક્તદશા થઈ, એ એમ ને એમ રહેશે.. એને ફરીને સંસારમાં અવતાર હોઈ શકે નહીં. એવો આત્મા એને જાણીને અનુભવવો જોઈએ, એનું નામ ધર્મ કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરૂદેવ)

## પ્રવચન નં. ૧૪૩, ભાદરવા સુદ ૨, સોમવાર, તા. ૨૩-૮-૧૯૭૧
## સર્વવિશુદ્ધિદ્વાર પદ ૧૦૮ થી ૧૧૦ ઉપર પ્રવચન

૧૦૮મું પદ છે. शुद्ध आत्मद्रव्य अर्थात् परमात्माका स्वरूप. ૨૯૫ પાનું. પહેલેથી લીધું છે.

શુદ્ધ આત્મદ્રવ્ય અર્થાત્ પરમાત્માનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

जैसौ निरभेदरूप निहचै अतीत हुतौ,
　　तेसौ निरभेद अब भेद कौन कहैगौ।
दीसै कर्म रहित सहित सुख समाधान,
　　पायौ निजस्थान फिर बाहरि न बहैगौ।।
कबहुं कदाचि अपनौ सुभाव त्यागि करि,
　　राग रस राचिकैं न पर वस्तु गहैगौ।
अमलान ग्यान विद्यमान परगट भयौ,
　　याही भांति आगम अनंत काल रहैगौ।।१०८।।

**શબ્દાર્થ :—**નિરભેદ=ભેદરહિત. અતીત=પહેલાં. રાચિકૈં=લીન થઈને, અમલાન=મળ રહિત. આગમ=આગામી.

**અર્થ :—**પૂર્વે અર્થાત્ સંસારી દશામાં નિશ્ચયનયથી આત્મા જેવો અભેદરૂપ હતો, તેવો પ્રગટ થઈ ગયો. તે પરમાત્માને હવે ભેદરૂપ કોણ કહેશે ? અર્થાત્ કોઈ નહિ. જે કર્મ રહિત અને સુખશાંતિ સહિત દેખાય છે તથા જેણે નિજસ્થાન અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરી છે તે બહાર અર્થાત્ જન્મ-મરણરૂપ સંસારમાં નહિ આવે. તે કદી પણ પોતાનો નિજસ્વભાવ છોડીને, રાગ-દ્વેષમાં લાગીને પરપદાર્થ અર્થાત્ શરીર આદિનું ગ્રહણ નહિ કરે, કારણ કે વર્તમાનકાળમાં જે નિર્મળ પૂર્ણ જ્ઞાન પ્રગટ થયું છે, તે તો આગામી અનંતકાળ સુધી એવું જ રહેશે. ૧૦૮.

अर्थ :—पूर्वमें अर्थात् संसारी दशामें निश्चयनयसे आत्मा जैसा अभेदरूप था, वैसा प्रगट हो गया, उस परमात्माको अब भेदरूप कौन कहेगा ? अर्थात् कोई नहीं। जो कर्मरहित और सुख-शान्ति सहित दिखता है, तथा जिसने निजस्थान अर्थात् मोक्षकी प्राप्ति की है, वह बाहर अर्थात् जन्म-मरणरूप संसारमें न आवेगा। वह कभी भी अपना निज-स्वभाव छोड़कर राग-द्वेषमें लगकर परपदार्थ अर्थात् शरीर आदिको ग्रहण नहीं करेगा, क्योंकि वर्तमानकालमें जो निर्मल

पूर्णज्ञान प्रगट हुआ है, वह तो आगामी अनंतकाल तक ऐसा ही रहेगा॥१०८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહે છે કે ભગવાન આત્મા નિર્ભેદરૂપ અનાદિ અનંત છે. વસ્તુ છે એ આત્મા તો નિર્ભેદ અભેદ છે. એ કોઈ નિમિત્તમાં આવતી નથી, રાગમાં આવતી નથી, એક સમયની પર્યાયમાં પણ વસ્તુ ધ્રુવ નિત્ય એ કંઈ આવતી નથી. નિર્ભેદ છે. निरभेदरुप निहचै अतीत हुतौ.. અનંત કાળમાં એ અભેદરૂપ જ વસ્તુ દ્રવ્ય તરીકે તો અભેદ જ હતી. तैसौ निरभेद अब भेद कौन कहैगौ.. ઐસી નિર્ભેદ વસ્તુ અખંડ અભેદ ઉસકી દૃષ્ટિ કરકે—એની દૃષ્ટિ કરીને, એમાં લીન થઈને પર્યાયમાં નિર્ભેદ દશા પ્રગટ થઈ, હવે ભેદ ક્યાંથી થશે? એમ કહે છે. આહા! સમજાણું કાંઈ ? છેલ્લા અધિકાર છે ને. ગાથાઓ એટલે પૂર્ણ કરશે. આહા!

આત્મા એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણે એવી તો એની તાકાત છે અને એવી અનંતી-અનંતી તાકાતનું આખું તત્ત્વ અભેદ છે. એવો નિશ્ચય અતીત કાળમાં હતો એવો નિર્ભેદ થઈ ગયો, અભેદ થઈ ગયો. પર્યાયમાં-અવસ્થામાં આનંદની એકતા—અભેદતા પ્રગટ થઈ, અંતરના આશ્રય ને અવલંબનને લઈને अब भेद कौन कहैगो ? એને હવે ભેદ ક્યાં રહ્યો ? પૂર્ણ આનંદનું સ્વરૂપ હતું એવું વર્તમાનદશામાં પ્રગટ કર્યું. હવે ભેદ ક્યાં છે એમાં? એમ કહે છે. આનું નામ મુક્તિ અને એનું નામ કેવળજ્ઞાન, એમ કહે છે. સમજાણું કાંઈ ?

दीसै कर्म रहित.. ભગવાન કર્મરહિત હતો અનાદિથી, પણ નિમિત્ત-નૈમિત્તિક.. વિકારી પર્યાય સાથે કર્મનો નિમિત્ત એટલો સંબંધ હતો, એ છૂટી ગયો, કર્મરહિત થઈ ગયો. આહા! दीसै कर्म रहित सहित सुख समाधान.. સુખ અને સમાધાન સહિત પ્રગટ્યો. અનંત આનંદનું ધામ હતું એ અનંત આનંદ પર્યાયમાં પ્રગટ થયો. સુખ-શાંતિ સહિત દિખતા હૈ. સમાધાનનો અર્થ એ કર્યો. આનંદ અને વીતરાગતા જે શક્તિરૂપે હતી એ અંતરની એકાગ્રતા દ્વારા પર્યાયમાં શાંતિ અને સુખ પ્રગટ થઈ ગયું. એનું નામ મુક્તિ, એનું નામ સુખી જીવન, અનંત અનંત સુખનું જીવન.

આ સંસારમાં તો રાગ અને દ્વેષ, વિકાર એ દુઃખમય જીવન છે, આકુળતાનું જીવન. આ ભગવાન આત્મા અનાકુળનું જીવન નામ જીવતો જીવ હતો. આહાહા! એવો અંદરમાં આશ્રય લઈ, અંતર અવલંબન લઈ, અંતર એકાગ્ર થઈ નિર્મળ પૂર્ણ જ્ઞાન ને આનંદ જ્યાં પ્રગટ થયો, હવે કહે છે, શાંતિ ને સમાધાન સહિત છે. અશાંતિ રહી નહીં, દુઃખ રહ્યું નહિ. पायौ निजस्थान.. પોતાનું અસંખ્ય પ્રદેશ સ્થાન તેને નિર્મળ પ્રાપ્ત કર્યું. फिर बाहरि न

बहैगौ.. બહાર હવે આવશે નહિ. બહાર વિકલ્પ એને થશે નહિ. ફરીને એને અવતાર નથી. ત્યાં સુધી કાલ આવ્યું હતું.

कबहूं कदाचि अपनौ सुभाव त्यागि करि.. પૂર્ણ શુદ્ધ આનંદસ્વરૂપનો સ્વભાવ જ્યાં પ્રગટ થયો, એને હવે એ સ્વભાવને છોડી દઈને राग रस राचिकैं न पर वस्तु गहैगौ.. રાગ અને દ્વેષનો રસ છોડી ન पर वस्तु गहैगौ.. હવે પરવસ્તુ પકડશે નહિ. આહા! કેટલાક કહે છેને, મુક્તિ થયા પછી પણ પાછા અવતાર (છે). એની માટે વાત છે. સમજાણું કાંઈ? कबहूं कदाचि अपनौ सुभाव त्यागि करि, राग रस राचिकैं.. રાગમાં એકાગ્ર થઈને, રાચીને पर वस्तु न गहैगौ.. પરવસ્તુ ગ્રહશે–પકડશે નહિ. આનું નામ આનંદનું જીવન અને મુક્તિ.

अमलान ग्यान विद्यमान परगट भयौ.. એ તો ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ છે. એમાં અંતર એકાગ્ર થઈને अमलान ग्यान–નિર્મળ જ્ઞાન विद्यमान परगट भयौ.. વર્તમાન પર્યાયમાં પ્રગટ થયો. याही भांति आगम अनंत काल रहैगौ.. એ પ્રકારે અનંત કાળ આ પ્રમાણે રહેશે. ત્યારે માણસને પ્રશ્ન થાય છે ને. આમાં એક પ્રશ્ન આવ્યો છે. ઓલા છેને કો'ક દોલતરામ, ઈંદોરનો મિત્ર. એક પ્રશ્ન કર્યો એક ભાઈને. બધાને પ્રશ્ન કરે એમાં આ એક પ્રશ્ન કર્યો મનોહરલાલજીને. કે, સર્વજ્ઞ ભવિષ્યજ્ઞ હોય તો પુરુષાર્થ કરવાનું કાંઈ રહેતું નથી. આહાહા! જુઓને ક્યાં વાત ઊભી? ભવિષ્યનું જ્ઞાન સર્વજ્ઞને હોય, સર્વજ્ઞ જો ભવિષ્યજ્ઞ હોય તો કાંઈ કરવાનું રહેતું નથી આત્માને. ત્યારે ઉત્તર એવો આપ્યો સાધારણ. પણ એવી શ્રદ્ધા રહેશે ક્યાં? એમ વળી એવો જવાબ આપ્યો. આહાહા! द्य

મૂળમાં આખા વાંધા આવ્યા ક્રમબદ્ધની વ્યાખ્યામાં. પણ વાત એ છે કે જેને, જ્યાં જ્યાં થશે ત્યાં થશે એવો જેણે નિર્ણય કર્યો અને એણે નિર્ણય કર્યો એમાં સર્વજ્ઞપર્યાય ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવો જેણે નિર્ણય કર્યો, એવો નિર્ણય સ્વદ્રવ્યના સન્મુખ વિના થતો નથી. સમજાણું કાંઈ? આમાં હશે ક્યાંક. શું કહ્યું? જૈન સિદ્ધાંત, જૈનસંદેશ શેમાં હશે ક્યાંક. ઓલું ગુરૂવારના ૧૮ ઓગસ્ટ.... ક્યાંક છે ખરું. આહા! .....થઈ ગયું આ. આમાં કંઈ.... આમાં હશે ક્યાંક તો લ્યો. એ દોલતરામના મિત્ર સોનપરા. પ્રશ્ન આવ્યો એને. પ્રશ્ન કર્યો.

ઈંદોરમેં વર્ણી મનોહરલાલજીકી સભા થી. મૈં પચાસોં બાર શાસ્ત્રસભામેં ગયા પર આગે બૈઠકર કભી ઉન્હેં મિલા નહિ. સિર્ફ એક દિન ઉસકી વિદાયકે દિન મિલા. મૈંને પૂછા, 'યદિ સર્વજ્ઞ ભવિષ્યજ્ઞ હૈં તો પ્રયત્ન નિરર્થક હૈ'. ભારે વાત ભાઈ! સર્વજ્ઞ ભવિષ્યજ્ઞ હૈં... સર્વજ્ઞ પરમેશ્વર ભવિષ્યનું બધું જાણે તો પ્રયત્ન નિરર્થક જાય છે. સર્વજ્ઞકે જ્ઞાનમેં જો હોના હૈ સો હો હી જાયેગા. તો વે બોલે. 'અરે ભાઈ, ઐસે દૃઢ શ્રદ્ધાની હૈ

કિતને?' એવો જવાબ આપ્યો. (શ્રોતા : કિતને હૈ ઐસે જાનનેસે કૈસે જાને?) આવા એમ કે શ્રદ્ધાની કેટલા હશે? અરે! પણ વાત એ છે કે સર્વજ્ઞ ત્રણ કાળ ત્રણ લોકને જાણે... એવો જીવનો સ્વભાવ છે. આહાહા! જીવ પોતે આત્મા સર્વજ્ઞસ્વરૂપી જ છે. એવું જે જ્ઞાન જેને પ્રગટ્યું એ ત્રણ કાળ ત્રણ લોકને જાણે. આ ઉત્તર આવો આપ્યો સાધારણ. વે બોલે, મેરે ભાઈ, ઐસે દૃઢ શ્રદ્ધાની કિતને? આહાહા! પણ એનો અર્થ શું?

સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે. ૮૦ ગાથામાં એ છે. 'जो जाणदि अर्हंतम्' આહા! અર્હંતના દ્રવ્યને-વસ્તુને, એના ગુણને અને એની દશાને કેવલજ્ઞાન જે ત્રણ કાળ ભવિષ્યનું પુરું બધું જાણે, એવી જેને જ્ઞાનની પર્યાય અંતરમાં બેસે એને તો અંતર્મુખ થઈને અકર્તાપણું જાગે ત્યારે જ એ બેસે. સમજાણું કાંઈ? એ પુરુષાર્થ છે. બાકી તો જે સમયે જ્યાં જે પર્યાય પરિણમવાની—થવાની તે થવાની, થવાની ને થવાની. એના પરિણમનને ઈન્દ્ર... કેવળી પણ પોતાના પરિણમનને બદલી શકે નહિ. આહાહા! પણ એનો નિર્ણય કોને હોય? સમજાય છે કાંઈ? જેને, સર્વજ્ઞ પર્યાયમાં ત્રણ કાળ જણાય એવો આત્મા છે એવો આત્મા એને પોતાને અંદર બેસે કે હું ત્રણ કાળ ત્રણ લોકને જાણવાના સ્વભાવવાળો છું. રાગ આદિ કોઈનું કરવું એ મારા સ્વભાવમાં (નથી). એમાં જ પુરુષાર્થ આવ્યો. આહા! અમરચંદભાઈ !

આ ક્રમબદ્ધમાં ભારે ગોટો ઊઠ્યો. ક્રમબદ્ધ બહાર વાત આવી. જે સમયે જ્યાં જે દ્રવ્યની પર્યાય જડની—ચૈતન્યની થવાની તે સમયે તે જ પર્યાય થાય. આઘીપાછી ત્રણ કાળમાં જડ અને ચૈતન્યની ન થાય. ભીખાભાઈ! અરે! પણ એ વાત બેસે કોને? અને બેઠી કોને કહેવાય ? સમજાણું કાંઈ? ત્યાંય પ્રશ્ન ઊઠ્યો હતોને જયપુર, નહિ? એક ભાઈએ પ્રશ્ન કર્યો હતો. ક્રમબદ્ધનો ખુલાસો કરો. બધાને વાંધા ઊઠે એ. એ તો બિચારા સમાધાન માટે.. ભાઈ ઓળખે છે. હા. એ માણસ..... પણ પૂછે તો સમાધાન. (શ્રોતા : સમજનેકી ભાવનાસે) સમજનેકી ભાવનાસે. થોડા દિવસ રહી જાય છે. આ ક્રમબદ્ધનું રહી જાય છે, એનો ખુલાસો કરો.

અરે ભાઈ! ક્રમબદ્ધમાં તો આત્માનો જ્ઞ-સ્વભાવ જાણકસ્વભાવ છે એ સાબિત થાય છે ત્યાં. સમજાણું કાંઈ? કોઈનું કરવું ને પોતાની પર્યાયનું ફરવું પણ જેમાં નથી. આહાહા! ભારે વાત છે. એવો જે આત્મસ્વભાવ જેને પ્રગટ થઈને પરિણમ્યો છે પરમાત્માને, એ ભવિષ્યનું—જ્યાં જે પર્યાય જે જીવની થાય એ બધું જાણે ભગવાન. પણ એ ભગવાનનાં કેવલજ્ઞાનની એક સમયની પૂર્ણ સામર્થ્ય દશા, એના અંતરમાં ભરોસે ક્યારે આવે? સમજાણું કાંઈ? કે એ પર્યાયદૃષ્ટિ છૂટી, નિમિત્તદૃષ્ટિ છૂટી, રાગદૃષ્ટિ છૂટી, વસ્તુ તો એની એ છે. આહા! અને જ્ઞાયક ત્રિકાળી જ્ઞાયકભાવ એની દૃષ્ટિ થાય ત્યારે એ ક્રમબદ્ધનો

પર્યાયનો કર્તા ન થતાં જાણનાર રહે. ત્યારે તેને જ્ઞાતા-દૃષ્ટા (કહેવાય). જેમ સર્વજ્ઞ જ્ઞાતા-દૃષ્ટા થઈને રહે છે, આ પણ જ્ઞાતા-દૃષ્ટા થઈને રહે ત્યારે એને ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય કહેવામાં આવે છે. આહા! કહો, સમજાણું કાંઈ?

એક સમ્યગ્દર્શનનો વિષય આત્મા, એમાં એ કહે છે... આહા! ભારે! અરે ક્રમબદ્ધ નહિ. અક્રમ ને ક્રમ હોય. કોઈ વખતે થવાનું હોય એ થાય અને કોઈ વખતે ફેરફાર પણ થાય. અરે ભગવાન! જ્ઞાનમાં જણાણું એમાં ફેરફાર હોય શું? આહાહા! નહોતું થવાનું એ થાય? મૂલચંદભાઈ! એ વીતરાગમાર્ગ બહુ અલૌકિક બાપા! એનો અર્થ જ એ છે કે તારો સ્વભાવ જ્ઞાનસ્વભાવ છે એવું જેણે અનુભવમાં નિર્ણય કર્યો, બસ, એને બેસી ગઈ બધી વાત કે ક્રમે થાય છે એને જાણનારો છું. સર્વજ્ઞ જેમ ત્રણ કાળ ત્રણ લોકને જાણનાર છે પૂર્ણ રીતે. આને એની શક્તિ પ્રમાણે જે થાય તેને જાણનાર-દેખનાર (છે). એવા જીવને, ક્રમબદ્ધ અને ભગવાને સર્વજ્ઞપણામાં ભવિતવ્ય જાણ્યું એમ એને પ્રતીતમાં ત્યારે આવે. જેઠાભાઈ! આહાહા! એ તો વાત લાગે ને ન્યાં ને ન્યાં મૂકી એ અમલ કર્યું વાત, તો થાય.

ભાઈ! તું તો સર્વજ્ઞસ્વરૂપી છો પ્રભુ! આહાહા! એ સર્વજ્ઞ થયા એ સર્વજ્ઞસ્વભાવી હતા એ થયા. સ્વભાવ બહારથી આવે છે? એમ જેને, આત્મા એક સમયમાં હું સર્વજ્ઞ સ્વભાવી ત્રણ કાળ ત્રણ લોકને છે તેમ જાણવું એવો મારો સ્વભાવ એવી દૃષ્ટિ ક્યારે થાય? કે એની દૃષ્ટિ નિમિત્તથી ઊઠી જાય, રાગથી ઊઠી જાય, એક સમયની પર્યાયથી ઊઠી જાય. પાટનીજી! આ વાત બાપા! વીતરાગનો માર્ગ કંઈ.... વીતરાગની વસ્તુનું સ્વરૂપ આવું છે. આહા! દૃષ્ટિમાં સર્વજ્ઞસ્વભાવ જેને પર્યાયે પ્રગટ્યો, એનો પ્રગટેલો પર્યાય જેને નિર્ણયમાં આવે એને તો દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય ત્યારે નિર્ણયમાં આવે. આ સર્વજ્ઞસ્વરૂપે છે. જાણવાનો... જાણનાર.. જાણનાર.. જાણનાર આ હું. એવું અનુભવમાં આવે એને સમકિત થાય અને એ જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય. આહાહા! પ્રેમચંદભાઈ! ભારે આકરી વાત! કો'ક ક્યાંક અટક્યા, કો'ક ક્યાંક અટક્યા અને ભટક્યાભટક ચારેય ગતિમાં. આહાહા!

ભાઈ! આહીં તો કહે છેને. એ વિજ્ઞાન અમલાન જેને પ્રગટ થયો તે आगम अनंत काल रहैगौ.. એ સર્વજ્ઞદશામાં તો ત્રણ કાળ ત્રણ લોક જણાણા એક જીવને. અનંતા કેવળીની પર્યાય કે જે કેવળજ્ઞાનમાં ભવિષ્યમાં થવાનું ક્યાં? કેમ? એ બધું કેવળમાં જણાઈ ગયું. એવા અનંતા કેવળીઓને પોતે કેવળજ્ઞાન પોતાની શ્રદ્ધામાં લે છે. કેવળજ્ઞાનમાં આવી જાય છે સર્વજ્ઞ. એવા સર્વજ્ઞ જેમાં અનંત સર્વજ્ઞની પ્રતીત થઈ ગઈ, અનુભવ થઈ ગયો અને પ્રગટ થઈ ગયું, એવી જેની પ્રતીત થાય, આહા! એને સમ્યગ્દર્શન થાય અને એ રાગનો કર્તા મટી જાય. અને આમ હું પરિણમું એવી બુદ્ધિ પણ મટી જાય. અમરચંદભાઈ! આવો

માર્ગ.. આહાહા! પણ એ બહાર હતો જ નહિ ને બહાર આવ્યો એટલે લોકોમાં ખળભળાટ.. ખળભળાટ.. હા, આ તો નિયત થઈ ગયું. હવે સાંભળને, નિયત જ છે. પણ નિયતની સાથે સ્વભાવ અને પુરુષાર્થની જાગૃતિ છે. એકલો નિયત નથી. સમજાણું કાંઈ?

એ આજે આવ્યું છે. એમાં આવ્યું છે, ભાઈએ નાખ્યું છે. મુન્નાલાલે નાખ્યું છે. મુન્નાલાલે મોટો લેખ લખ્યો છે ક્રમબદ્ધનો. મુન્નાલાલને તો આમ વાત બેઠી છેને. મુન્નાલાલ આવ્યા છે ત્યાં? જયપુર આવ્યા છેને? આવ્યા છે. .... અને એ આહીંથી બહાર પડી શકેને બહારમાં. બોલકા બહુ વધારે હોયને એવી વાતો કરે. કોઈને ખબર ન પડે. (શ્રોતા : એ તો પુણ્યનો પ્રતાપ). એ તો આવશે હમણાં. આહાહા! રિદ્ધિ-સિદ્ધિ આગમમાં એમાં કાંઈ જ્ઞાન નથી, એમ કહે છે. આહાહા! બોલવાની શક્તિ હોય ને બીજાને પુણ્યથી આમ પ્રભાવ પાડી શકે, એથી એ જ્ઞાન નહીં કાંઈ, એ જ્ઞાન નહિ. કહેશે હમણાં. અષ્ટ મહા રિદ્ધિ અષ્ટ સિદ્ધિ, એ કોઈ જ્ઞાન નહિ. ૧૧૧માં, ૧૧૧ પદ આવે છેને.

दरबलिंग न्यारौ प्रगट, कला वचन विग्यान।
अष्ट महारिधि अष्ट सिधि, एऊ होहिं न ग्यान॥

જ્ઞાનને આત્મા સાથે સંબંધ છે એમ જ્યાં ભાન થયું, ખલાસ થઈ ગયું. સમજાણું કાંઈ? આહાહા! સર્વજ્ઞોને એ કહેવું છે, ગુરુએ એ સાધ્યું છે, શાસ્ત્રમાં એ કહેણ આવ્યા છે. આવા કહેણ જે હોય તે આગમના કહેણ છે. આઘાપાછા કાંઈ કરવા માંગે એ આગમના વચન નહિ. સમજાણું કાંઈ? ભાઈ! તારે દૃષ્ટિ ફેરવવાની છે. સર્વજ્ઞને માનવા અને ક્રમબદ્ધ થાય તેને જાણવું, એમાં તારી દૃષ્ટિનું..... ફેરફાર કરવાપણું પડ્યું છે. એને માનતા દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય, ખલાસ થઈ ગયું. રાગ અને ચાલતી પર્યાયનું પણ પરિણમવું કે કર્તા એ રહેતો નથી. આહાહા! સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન ને એનું નામ સમ્યગ્જ્ઞાન. અરે, આ મોટી વાત લાગે માણસને. આહીં કહે છે. (પદ) ૧૦૯.

उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत्तथात्तमादेयमशेषतस्तत्।
यदात्मनः संहृतसर्वशक्तेः पूर्णस्य सन्धारणमात्मनीह॥४३॥

---

**સમયસાર કળશ અર્થ :—**''यत् आत्मनः इह आत्मनि सन्धारणम्'' (यत्) જે (आत्मनः) પોતાના જીવનું (इह आत्मनि) પોતાના સ્વરૂપમાં (सन्धारणम्) સ્થિર થવું છે ''तत्'' તે જ માત્ર, ''उन्मोच्यम् उन्मुक्तम्'' જેટલું હેયપણે છોડવાનું હતું તે બધું છૂટ્યું, ''अशेषतः'' કાંઈ છોડવાને માટે બાકી રહ્યું નહિ; ''तथा तत् आदेयम् अशेषतः आत्तम्'' (तथा) તે જ પ્રકારે (तत् आदेयम्) જે કાંઈ ગ્રહવાનું હતું (अशेषतः आत्तम्) તે સમસ્ત ગ્રહ્યું. ભાવાર્થ આમ છે કે

શુદ્ધ સ્વરૂપનો અનુભવ સર્વ કાર્યસિદ્ધિ. કેવો છે આત્મા? ''संहृतसर्वशक्तेः'' (संहृत) વિભાવરૂપ પરિણમ્યા હતા તે જ થયા છે સ્વભાવરૂપ—એવા છે (सर्वशक्तेः) અનંત ગુણ જેના, એવો છે. વળી કેવો છે? ''पूर्णस्य'' જેવો હતો તેવો પ્રગટ થયો. ૪૩.

વળી– (સવૈયા એકત્રીસા)

जबहीतैं चेतन विभावसौं उलटि आपु,
समै पाइ अपनौ सुभाउ गहि लीनौ है।
तबहीतैं जो जो लेने जोग सो सो सब लीनौ,
जो जो त्यागजोग सो सो सब छांडि दीनौ है।।
लैबेकौं न रही ठौर, त्यागिवेकौं नांहि और,
बाकी कहा उबरयौ जु कारजु नवीनौ है।
संग त्यागि अंग त्यागि वचन तरंग त्यागि,
मन त्यागि बुद्धि त्यागि आपा सुद्ध कीनौ है।।१०९।।

**શબ્દાર્થ :**—ઉલટિ=વિમુખ થઈને. સમૈ(સમય)=અવસર. ઉબરયૌ=બાકી રહ્યું. કારજુ(કાર્ય)=કામ. સંગ=પરિગ્રહ. અંગ=શરીર. તરંગ=લહેર. બુદ્ધિ=ઇન્દ્રિયજનિત જ્ઞાન. આપા=નિજ આત્મા.

**અર્થ :**—અવસર મળતાં જ્યારથી આત્માએ વિભાવ પરિણતિ છોડીને નિજસ્વભાવનું ગ્રહણ કર્યું છે, ત્યારથી જે જે વાતો ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવાયોગ્ય હતી તે તે બધીનું ગ્રહણ કર્યું છે અને જે જે વાતો હેય અર્થાત્ ત્યાગવા યોગ્ય હતી તે તે બધી છોડી દીધી છે. હવે ગ્રહણ કરવાયોગ્ય અને છોડવાયોગ્ય કાંઈ રહી ગયું નથી અને નવું કામ કરવાનું બાકી હોય એવું પણ કાંઈ બાકી રહ્યું નથી. પરિગ્રહ છોડી દીધો, શરીર છોડી દીધું, વચનની ક્રિયાથી રહિત થયો, મનના વિકલ્પો છોડી દીધા, ઇન્દ્રિયજનિત જ્ઞાન છોડ્યું અને આત્માને શુદ્ધ કર્યો. ૧૦૯.

अर्थ :—अवसर मिलने पर जबसे आत्माने विभावपरिणति छोड़कर निज स्वभाव ग्रहण किया है, तबसे जो जो बातें उपादेय अर्थात् ग्रहण करने योग्य थीं, वे वे सब ग्रहण कीं, और जो जो बातें हेय अर्थात् त्यागने योग्य थीं, वे वे सब छोड़ दीं। अब ग्रहण करने योग्य और त्यागने योग्य कुछ नहीं रह गया और न कुछ शेष रह गया जो नया काम करनेको बाकी हो। परिग्रह छोड़ दिया, शरीर छोड़ दिया, वचनकी क्रियासे रहित हुआ, मनके विकल्प त्याग दिये, इन्द्रियजनित ज्ञान छोड़ा और आत्माको शुद्ध किया।।१०९।।

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जबहीतैं चेतन विभावसौं उलटि आपु.. જ્યારે સમય મળવાથી (એટલે) એ પર્યાયમાં પરિણમનનો સ્વકાળ છે ત્યારે, આહાહા! સમજાણું કાંઈ? जबहीतैं चेतन विभावसौं.. વિકાર–વિકલ્પ એનાથી विभावसौं उलटि—ગુલાંટ ખાકર. પર્યાયબુદ્ધિ છે એ દ્રવ્યબુદ્ધિ કરે એમ કહે છે. આહાહા! છે ને? अवसर मिलने पर, એમાં લખ્યું છે. जबसे आत्माने विभाव परिणति छोड़कर निजस्वभाव ग्रहण किया है. અરે, હું તો સર્વજ્ઞસ્વભાવી પૂર્ણ આનંદ એમ જ્યાં ઉપાદેયપણે દૃષ્ટિએ ગ્રહણ કર્યું. विभावसौं उलटि–ગુલાંટ ખાધી. આહા! સમજાણું કાંઈ? નિમિત્ત તો એકકોર રહ્યું, પણ જે વિકલ્પ છે પુણ્યનો વિકલ્પ વ્યવહારનો એને, કહે છે, चेतन विभावसौं उलटि आपु.. એનાથી દશા ઊલટી જેણે કરી. આહા! કહે છે, जबहीतैं चेतन विभाव નામ પુણ્ય અને પાપ વ્યવહાર વિકલ્પ એનાથી उलटि आपु–ગુલાંટ ખાઈને દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ પડી, આહાહા! तो समै पाइ अपनौ सुभाऊ गहि लीनौ.. જ્ઞાનાનંદસ્વભાવ પોતાનો એને પકડ્યો.

तबहीतैं जो जो लेने जोग सो सो सब लीनौ.. અંદર આનંદ પૂર્ણ પ્રભુ આત્મા એવી અંતરમાં દૃષ્ટિ થતાં લેવા યોગ્ય લેવાઈ ગયો આત્મા આખો. આહા! અરેરે! વસ્તુનું સ્વરૂપ શું છે એની ખબર નહિ ને ચાલો આ ધર્મ કરો ને આમ થાશે ને આમ થાશે ને આમ થાશે. આહા! કાં ગુરુની કૃપાથી મળી જશે, કાં સર્વજ્ઞે દીઠું તે દિ' થાશે. પણ એ દીઠું તે દિ' થાશે એનો નિર્ણય તને ક્યાં છે? સમજાણું કાંઈ? એનો નિર્ણય તો વિભાવથી ઉલટી ગુલાંટ મારી, ભગવાન પોતાનો સ્વભાવ ગ્રહી લીનો. શુદ્ધ ઉપાદાન ગ્રહણ કર્યું એણે. દૃષ્ટિમાં, જ્ઞાનની પર્યાયમાં આખો દ્રવ્ય ગ્રહણ કર્યો અને રાગને જેણે દૃષ્ટિમાંથી છોડી દીધો, એનું નામ ત્યાગ. અરે! એણે ક્યાં ઉલટું કર્યું છે અને એને કેમ સૂલટું થાય, એની ખબરું નહિ ને આ સંસાર ચાલ્યો જાય. આહાહા! ક્યાંય શાંતિ નથી ભાઈ! શાંતિનો સાગર તો પ્રભુ તું છો. એને વિકલ્પથી છૂટો પાડીને, આહાહા! પરમાત્માના જ્યાં ભેટા થાય ત્યાં રાગથી ગુલાંટ ખાઈ જાય. રાગ, વિકલ્પ, વ્યવહાર એ હું નહિ. આહા! આ તો ધર્મના કામ છે બાપા! ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે. જેના ફળ કેવળજ્ઞાન અને અનંત આનંદ, એ ધર્મ કેવો હોય! સમજાણું કાંઈ?

આ પરલક્ષી દયા ને દાન ને વ્રત ને પૂજા ને ભક્તિ એ તો બધા રાગ છે. એ જ્ઞાનસ્વરૂપ નહિ. એમાં જ્ઞાનની ગંધ નહિ, એ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! આ તો શાંતિનો માર્ગ છે. ધીરાનો માર્ગ છે આ તો. સમજાણું કાંઈ? લાખ વાત કરી હોય, કહે છેને, આવ્યુંને એમાં 'છ ઢાળા' માં. 'લાખ બાતકી બાત નિશ્ચય ઉર આનો, છોડી સકલ દ્વંદ ફંદ નિજ આતમ ધ્યાઓ.' આ લાખ વાતની, અનંતી વાતની વાત આ છે. (શ્રોતા : વ્યવહાર ઉડાણો કેમ ન કહ્યું?) એ વ્યવહાર ઉડી ગયો ને આમાં ઉડી ગયો આમ. લાખ

વાતની વાત, નિશ્ચય જ્ઞાયકમૂર્તિ છો એને દૃષ્ટિમાં લે, બસ એટલી વાત. વ્યવહારનું લક્ષ છૂટી જશે, વ્યવહારનો આદર છૂટી જશે, ત્રિકાળી જ્ઞાયકભાવનો આદર થતાં તને આનંદ અને શાંતિ થશે. આ માર્ગ છે. સમજાણું કાંઈ ? ડાહ્યાભાઈ! આહાહા !

तबहीतैं जो जो लेने जोग सो सो सब लीनौ.. આહાહા ! વ્યવહાર લીનો કે વ્યવહાર છોડ્યો? લેવાયોગ્ય તો પ્રભુ ચૈતન્યમૂર્તિ આનંદનો ધામ છે. એ છે ત્યાં દૃષ્ટિ પડતાં એને લીધો. એ લેવાયોગ્ય તે લઈ લીધો. ચુનીભાઈ ! બધું સમજવું પડશે હોં આ. ધૂળમાં કાંઈ નથી, માળા મારી નાખ્યું. ઓલા પૈસાવાળા કહી કહીને નવરા ન થાય. ધંધો.. ધંધો.. ધંધો પાપનો આખો દિ'. (શ્રોતા : કમાવાનો) પાપનો. કમાવાનું શું ? કમાવવાનું પાપ કમાય. એ શેઠ! આ બધા શેઠિયા બેઠા છે. ધૂળમાંય નથી કાંઈ, સાંભળને ! જ્યાં છે ત્યાં નજર જાતી નથી અને નથી ત્યાં તારી નજરું કામ કરે. એ નજર જ આંધળી છે. આહાહા !

ભગવાન અનંત.. અનંત.. આનંદ અને અનંત.. અનંત.. એવી શક્તિનો સમુદાય છે આત્મા. અને એક-એક શક્તિમાં અનંતતા ! સ્વભાવ છેને. શક્તિ એ સ્વભાવ છેને. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, કર્તા વિગેરે એક-એક શક્તિ સ્વભાવ છે અને સ્વભાવ છે તે અનંત જ હોય, અપરિમિત હોય. મર્યાદાવાળો હોઈ શકે નહિ. એવો જેનો સ્વભાવ અનંત અનંત શક્તિનો પિંડ છે, એમ જેણે રાગની રુચિ છોડીને, વિભાવથી ગુલાંટ ખાતા દ્રવ્યને જેણે પકડ્યો એણે બધું લેવાનું લઈ લીધું. આખો આત્મા પકડ્યો. આહાહા ! જેમાંથી કેવળજ્ઞાનની ધારા પ્રગટશે એવો આખો આત્મા પકડ્યો દૃષ્ટિમાં એણે. આ વસ્તુ છે. અરે! ધર્મને ક્યાં ગોતવો, ક્યાં માનવો એની ખબરું ન મળે. સમજાણું કાંઈ ?

કહે છે, जो जो त्यागजोग सो सो सब छांड़ि दीनौ.. એ પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિ છૂટી ગઈ. એ છોડવાયોગ્ય હતું એ છૂટી ગયું. સમજાણું કાંઈ ? આખો ચૈતન્ય પ્રભુ સમાધિથી શાંતિથી ભરેલો, એને જ્યાં દૃષ્ટિમાં જ્ઞેય કરીને પકડ્યો, લેવાયોગ્ય લઈ લીધું, છોડવાયોગ્ય છૂટી ગયું. રાગ ને કર્મ ને શરીર, એક સમયની પર્યાયની રુચિ—એ બધી છૂટી ગઈ. ભારે માર્ગ ! લોકો એને સમજે નહિ પછી એ.. સોનગઢવાળા એકાંત કહે છે, નિયતિ કહે છે, ક્રમબદ્ધ કહે છે. અરે ભગવાન ! તને ખબર નથી, બાપુ ! તારા ઘરમાં એ છે. સમજાણું કાંઈ? બધાને જાણવું એવું તારા ઘરમાં છે. કોઈનું કરવું એવું તારા ઘરમાં નથી. તને તારા ઘરની ખબર નથી. આહાહા ! રાગને કરવો ને પરનું કરવું એ વસ્તુમાં ક્યાં છે ? પરનું કરવું તો ન હોય કેમકે પ્રત્યેક પદાર્થ એના કાળે—એના પરિણમનના સ્વકાળે પરિણમે છે. પણ રાગનું કરવું એને ક્યાં છે ? કારણ કે એ તો જ્ઞાયક ચૈતન્યજ્યોત છે. રાગરૂપે છું એ એનો સ્વભાવ ક્યાં છે ? આહાહા! રાગરૂપે થયો છું એ તો એક માન્યતા ભ્રમ મિથ્યાત્વની છે. એ

ભગવાનની ભક્તિનો રાગ પણ મારો એ માન્યતા મિથ્યાત્વ છે. આહાહા! ગજબ વાત!

(શ્રોતા : ક્યા ભગવાનની?) ત્રણ લોકના નાથ. આ ભગવાન આવો છે એવો જે વિકલ્પ એ પણ રાગ છે. ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઊઠવો એ પણ રાગ છે. એનાથી લાભ માને તે મિથ્યાત્વ છે. અભેદને ભેદથી લાભ માનનારા, સ્વભાવમાં રાગથી લાભ માનનારા આખા સ્વભાવનો અનાદર કરે છે. જાણનાર–દેખનાર ચૈતન્ય પ્રભુ એવો તું અનાદિનો.. આવી ગયુંને એ ? અતીતકાળ એવો જ રહ્યો છો. એ 'પ્રવચનસાર'માં આવ્યું છેને એ. જ્ઞાયક જ રહ્યો છે અનાદિથી. માન્યતામાં એણે ફેર કર્યો છે. વસ્તુ તો જ્ઞાયક ચૈતન્ય વસ્તુ છેને, તો એનો સ્વભાવ શું ? જાણવું–જ્ઞાયક. એવા જ્ઞાયકરસપણે જ અનાદિથી રહ્યો છે. પણ માન્યું એણે કે હું રાગવાળો અને આ પરના કરવાવાળો. એ તો અનેરા અધ્યવસાયથી એ રીતે તેં માન્યું છે. એ માન્યતા ભ્રમ છે. આહાહા! સમજાણું કાંઈ ?

तबहीतैं जो जो लेने जोग सो सो सब लीनौ है.. જે લેવાયોગ્ય તો બધું લઈ લીધું. આહાહા! આખો ભગવાન આત્મા પ્રતીત અને અનુભવમાં લઈ લીધો, શું બાકી રહ્યું હવે ? આહાહા! સમજાણું કાંઈ ? લેવાનું લીધું અને છોડવાનું છૂટ્યું. આ કહે છે, जो जो त्याग जोग सो सो सब छांड़ि दीनौ है. लेबेकौं न रही ठौर.. કાંઈ બાકી હવે રહ્યું નહિ. ભગવાન આખો જ્યાં અનુભવમાં, શ્રદ્ધામાં, જ્ઞાનમાં આવ્યો તો... કભી દેખા નહિ ક્યોં માનતે હૈં ? કભી દેખા નહિ ઐસે નજરસે કિસીને. પણ યે હૈ ન? કે યે હૈ તો પીછે હૈ. અરીસામેં યહ ચીજ દિખતી નહિ. વહ તો પ્રતિબિંબ ઉસકા હૈ. અરીસાકી પર્યાય હૈ.

(શ્રોતા : ન્યાયસે ... હૈ) ન્યાયસે સમજના ચાહિયે ન. ન્યાયસે, न्यावयम् ભગવાન કહતે હૈં કિ હમારા માર્ગ ન્યાયસે સિદ્ધ હૈ. લોજીકસે, યુક્તિસે, જ્ઞાનસે, યુક્તિસે સિદ્ધ હૈ. આહાહા! 'પ્રવચનસાર'માં કારણ આવ્યું છે. 'પ્રવચનસાર'–ચરણાનુયોગ. ગાથા હૈ કિ ભગવાનને કહા વહ સબ શ્રુતજ્ઞાની યુક્તિસે સિદ્ધ કર સકતે હૈં. 'પ્રવચનસાર'મેં હૈ. સમજમેં આયા ? મુનિ કહતે હૈં કિ જો ભગવાનને કહા વહ ચીજ શ્રુતજ્ઞાનસે, યુક્તિસે અનુભવમેં આતી હૈ. યુક્તિસે, લોજીકસે સિદ્ધ હોતા હૈ. ઐસે (ઉપરસે) માનના ઐસે નહિ. કઈ ગાથા છે ? ૨૩૭ હશે. યહ પ્રવચનસાર હૈ ન, જુઓ. હા, ૨૩૭.

'આગમજનિત જ્ઞાનસે જો શ્રદ્ધાશૂન્ય હો તો સિદ્ધિ હોતી નહિ ઔર ઉસકે આગમજ્ઞાન બિના ભી હોતા નહિ ઐસા શ્રદ્ધાનસે, સંયમશૂન્ય હો તો સિદ્ધિ હોતી નહીં.' આગમબળે.... દેખો સંસ્કૃત ટીકા હૈ. 'आगमबलेन सकलपदार्थान् विस्पष्टं तर्कयन्नपि, यदि सकलपदार्थज्ञेयाकारकरम्बितविशदैकज्ञानाकारमात्मानं न तथा प्रत्येति.' આહા! શાસ્ત્રે પણ કેવી વાત કરી છે. ભાઈ! તારો સ્વભાવ.. વિકારથી ઊલટી ગુલાંટ ખાઈને જ્યાં દ્રવ્યસ્વભાવને

પકડ્યો. આહા! હવે કહે છે કે એ પ્રકારના કોઈ વિકલ્પો વ્રતના, દોષના આદિ હો, આહાહા! હવે ... લે છે, જુઓ. એ પણ એક વિકલ્પ છે એનો એ જાણનાર છે. જાણનારને પકડતા શું બાકી રહી ગયું હવે? કહે છે. એ છૂટવાયોગ્ય બધું દ્રષ્ટિમાંથી જ્ઞાનમાંથી છૂટી ગયું. આવો માર્ગ. બાપા ! આહા! દુનિયા સાથે મીંઢવણી નહિ મળે. આવ્યું હતુંને સવારે ? કમલ.. કમલ.. એક પાનું આવ્યું છે કે નહિ તમને ? હે ન ? કમલ.. કમલ. જયપુરમાં મળ્યું. તમારા ભાઈને ત્યાં. થોડાક પડ્યા છે પાના. પડ્યા છે તે વાંચો તો ખરા. આહાહા!

लैबेकौं न रही ठौर નામ કોઈ સ્થાન રહ્યું નહિ લ્યો આની જોડે. કોઈ ભાવ (આશ્રય) લેવાયોગ્ય ન રહ્યો. આખો ભગવાન આત્મા... દૃષ્ટિએ ગુલાંટ મારી. જે દૃષ્ટિ રાગની રુચિવાળી હતી, એક સમયના અંશની રુચિવાળી હતી, અંશરુચિ કહો કે પર્યાયરુચિ કહો. આહા! એણે ગ્રહવાયોગ્ય ગ્રહ્યું અને છોડવાયોગ્ય છોડ્યું. लैबेकौं न रही ठौर.. કોઈ ભાવ નહિ, કોઈ સ્થાન આ લેવાયોગ્ય રહ્યું નહિ. त्यागिवेकौ नांहि और.. છોડવાયોગ્ય કાંઈ રહ્યું નહિ. આ બહારની વાતું લોકોને એવી સારી લાગે કે ભઈ, આ સ્વરાજ્ય આમ મળ્યું. એમાં અત્યારે સ્વરાજ્યનું ચાલતું નથી. બધાં સરખા ભેગા થાઓ તો સ્વરાજ્ય સરખું થાય. સમાધાન કરો. નહિ તો હવે... એમાં શું સરખા થાય? સાંભળને ભાઈ ! હેરાન.. હેરાન થવાના રસ્તા છે બધા. આમ ભેગા થઈને આમ કરવું, સ્વરાજને આમ કરવું. શું કરે ? સ્વરાજ્ય તો તારું અહીં અંદર પડ્યું છે. આહાહા !

बाकी कहा उबरयौ.. અંદર ભગવાન અખંડાનંદ.. ત્યારે કહે, એ અમારે બની શકે નહિ. પણ હવે બની શકે નહિ એમ કેમ કહે તું ? આખો સિદ્ધપદ લેવાને લાયક છે એને ઠેકાણે આવું ન બની શકે એ વચન શોભે નહિ એને. સમજાણું કાંઈ ? આહાહા ! અરે! જનમ-જરાના દુઃખ, જનમના દુઃખ આકુળતાના, મરણના દુઃખ આકુળતાનાં અને જીવનના દુઃખ આકુળતાના, આહાહા ! એ તે કંઈ જીવન કહેવાય ? કહે છે. રાગ અને દ્વેષથી જીવવું અને રાગ અને દ્વેષથી જન્મવું અને મરવું એ કંઈ જીવન જીવ્યું કહેવાય ? આહાહા ! એ જીવનું જીવન તો... જીવતરશક્તિ આવે છેને. હમણાં કહે છેને કે જીવો અને જીવવા દ્યો. મહાવીરનો (સંદેશ). અરે! મહાવીરનો સંદેશ નથી. ભાઈ તને ખબર નથી. રામજીભાઈ કહે, એ તો અંગ્રેજોની વાત છે. તમે ક્યાંથી લઈને બેઠા ? એય ! જીવો અને જીવવા દ્યો એ નહિ. આહાહા !

પરને જીવાડી શકે નહિ, પોતે પણ આયુષ્ય પ્રમાણે રહે, એમાં જીવવું અને જીવવાનું રહ્યું ક્યાં ? બોલે છેને લોકો. મહાવીરનો સંદેશ. કોણ જીવે ? બાપુ ! તારા આયુષ્યને લઈને જીવવું અને બીજાને જીવાડવું, એમ છે ? એ તત્ત્વ છે ? એ તો અંગ્રેજ લોકોના ગોળા માર્યા

હોય અને આ લોકો ચાલી નીકળ્યા. કાંઈ ભાન ન મળે. (શ્રોતા : પણ લોકોને ગમે છે ને.) દુનિયા ગાંડી પાગલ છે તે ગમેને એને, પાગલ હોય તો. આહા! સમજાણું?

પાગલ થાયને પછી એને જૂનું ઘી આપે. જૂનું ઘી બહુ મેલું. ઘણા વરસનું જૂનું હોયને બહુ ઘણા વરસનું. ઘી આપે પણ ઘણાં વરસનું જૂનું સડેલું. વૈદ આપે એ પાગલને ....... જૂનું ઘી આવે બહુ. જૂનામાં જૂનું ઘી લાવેને એને દવામાં નાખે. (શ્રોતા : બહોત પુરાના). બહોત પુરાના. એવું સાંભળ્યું હતું. બહોત પુરાના સડેલા. ઈયળો પડી હોય જીવાત. આહા! પછી એને પાય. રોગ મટી ગયો. પાગલને હોય એ, કહે છે. આ દુનિયાની ક્રિયાઓ કરીને આપણે સુધારા કરવા. આપણે પછી બધાને સરખા થવા. એક જણો બહુ પરિગ્રહ રાખે ને એક જણો થોડો રાખે. એથી ઘણાંને મળતું નથી માટે થોડો પરિગ્રહ ઘટાડી દ્યો. શું ઘટાડે? સાંભળ તો ખરો. રાગ તે પરિગ્રહ છે ખરો તો. ઓલો રાખી કોણ શકે, છોડી કોણ શકે? આહાહા! બાપુ! રાગને પકડ્યો એણે આખી દુનિયા—લોકાલોકને પકડી છે, એમ કહે છે. હવે એની તો તને ખબર નથી. માર્ગ તો આવો છે ભાઈ! આહાહા!

વસ્તુની મર્યાદા અને સ્થિતિ હશે એમ રહેશે. કોઈ એને ફેરફાર કરી દેશે? વસ્તુ બદલી દેશે? અને ઘણાં માનનારા નીકળે લાખો ને કરોડો અને આ ન માનનારા નીકળે એટલે કંઈ વસ્તુ ફરી જાય? કીડીના નગરાં ઘણાં હોય. કીડી.. કીડીયું. લોટ નાંખે છેને લોટ. ચીંટીયાં બહોત હોતી હૈ એટલે કાંઈ માણસ હો જાતા હૈ? એમ એવા ઘણાં ઉંધાના માનનારા હોય એટલે કંઈ સત્ થઈ જાય? સમજાણું કાંઈ? આહા! જેણે રાગને છોડ્યો ને સ્વભાવને ગ્રહણ કર્યો, શું બાકી છે? એમ કહે છે. આહાહા! દૃષ્ટિમાંથી રાગનો વિકલ્પ, ત્રણ લોકના નાથ પરમાત્માની ભક્તિનો રાગ છોડ. દૃષ્ટિમાંથી છોડ તો સ્વભાવનું ગ્રહણ થશે. ભારે વાત! કહે, આ ન થઈ શકે. ન થઈ શકે તો ધર્મ ન થઈ શકે. એનો અર્થ શું? પાપ ને અધર્મ થઈ શકે અને ધર્મ ન થઈ શકે, એનો અર્થ શું આ? એય પાટનીજી! (શ્રોતા : માનતા હૈ) માન્યતામાં હલવાઈ ગયો છે. મોંઘું કહી અને આ ન થઈ શકે મારે. માટે એ ન થાય ત્યાં સુધી બીજું કરવું કે નહિ? આહાહા!

અરે ભાઈ! પણ એ તો બીજું કરે છો તે અનાદિથી કરે છો. એ મિથ્યાત્વભાવ છે. રાગને કરું અને આ કરું એ તો મિથ્યાત્વભાવ છે. હવે સવળું કરવું છે કે નહિ? આહાહા! પ્રેમચંદભાઈ! આ જુદી જાતની દવા છે આ. એ ભગવાન થવાની એવી દવા છે આ તો. ઓલો દવા આપે ને નિરોગ થાય કે ન થાય એ તો વળી પાછી એને આધીન હોય, પરમાણુને આધીન. એ કંઈ દવા આપે માટે મટી જાય રોગ? આ તો દવાથી પરમાત્મા થાય, થાય ને થાય જ. એકવાર કેવળજ્ઞાની થઈને એ પણ ઊભો રહેશે આત્મા. એવી આ

ચીજ છે. આહા! સમજાણું કાંઈ?

આહીં તો કહે છે કે लैबेकौं न रही ठौर. એ તો ભાષા ગોઠવી છે. ઓલો ઠૌર અને ઔર જોઈએ છેને એટલે. लैबेकौं न रही ठौर. ઠૌર એટલે સ્થાન નહીં, પણ બધો ભાવ. કોઈ પણ ભાવ હવે લેવાયોગ્ય બાકી રહ્યો નથી. ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ શક્તિ સત્ત્વ એણે જ્યાં પકડ્યું, બધું આવી ગયું. त्यागिवेकौं नांहि और.. હવે કોઈ ત્યાગવાયોગ્ય બાકી રહ્યું નહિ. પર્યાયબુદ્ધિ છૂટી ગઈ, રાગબુદ્ધિ છૂટી ગઈ, રુચિ છૂટી ગઈ સબ-બધી. આહાહા! बाकी कहा उबरयौ.. હવે શું બાકી રહ્યું, એમ કહે છે. શેષ શું રહ્યું? કે कारजु नवीनौ. નવીન કાર્ય કરવાનું શું રહ્યું હવે? એમ કહે છે. આહાહા! 'બનારસીદાસે' પણ.... આહા!

संग त्यागि अंग त्यागि.. શરીર હું નહિ એમ શરીરનો ત્યાગ થયો દૃષ્ટિમાંથી. પરિગ્રહ છોડ દિયા, શરીર છોડ દિયા. સંગ એટલે પરિગ્રહ. રાગ આદિનો પરિગ્રહ, પર છોડ દિયા, શરીર છોડ દિયા. संग त्यागि अंग त्यागि वचन तरंग त्यागि.. વચનની બોલવાની ક્રિયા પણ છોડી દીધી છે. દૃષ્ટિમાં એ ક્રિયા મારી નથી. આહાહા! સમજાણું કાંઈ? संग त्यागि अंग त्यागि वचन तरंग त्यागि, એમ. વચનના જે તરંગો છોડી દીધા. વાણી મારી છે ને હું બોલું છું અને આમ બોલવું જોઈએ, આમ બોલવું જોઈએ—એ બધું છોડી દીધું છે. બોલવાની ક્રિયાને કાળે બોલવાની થશે, મારામાં એ કાંઈ છે નહિ. આહાહા!

मन त्यागि, લ્યો. મનકે વિકલ્પ ત્યાં લીધા. મનનો ત્યાગ-છોડી દીધો. આહાહા! એકલો ભગવાન જ્યાં પકડ્યો ત્યાં મનનો ત્યાગ થઈ ગયો. દૃષ્ટિમાં સમ્યગ્દર્શનમાં મનનો ત્યાગ. અરે, ઇન્દ્રિયબુદ્ધિ ત્યાગી. ઇન્દ્રિયનું જ્ઞાન ત્યાગ્યું. આહાહા! પાંચ ઇન્દ્રિયનાં નિમિત્તથી જે જાણપણું થાય એ નહિ. આ બધા તમારા જજના જાણપણા ને આ વકીલના જાણપણા છોડી દીધા એમ કહે છે. એય નિરંજન! આ શું બધું ભણ્યું ન્યાં ભણીને? નિરંજન ભણવા ગયો હતો પોતે. કહો, સમજાણું કાંઈ? मन त्यागि बुद्धि त्यागि, લે. બુદ્ધિનો ત્યાગ કર્યો. ઇન્દ્રિયના નિમિત્તે થતું જ્ઞાન એ હું નહિ. આહા! વસ્તુની સ્થિતિ જ આવી છે. આ કંઈ ઘડતર કરી છે કે આમ કર્યું, એમ છે કાંઈ? આહાહા!

કેટલાક કહેને, ભગવાને તો, બધાના મતો અનેક અનેક હતા (એને) ભેગા કરીને અનેકાંત કર્યું. અરે માળા! મૂર્ખાઈનું પ્રદર્શન છે કરે છે. એણે તો અંદર સ્વભાવ જેવો હતો એવો જ્યાં જાણ્યો, એ જાતની પ્રરૂપણા આવી. બધાના મતો આમ કરવું ને એકાંત માને છે. એટલે એને લઈ લીધું. વેદાંત નિત્ય માને છે એમ લીધું. બૌદ્ધ ક્ષણિક માને છે એમ લીધું.

અરે? એ ક્યાં લીધું, આહીં તો આ લીધું. સમજાણું કાંઈ? આહાહા! ભાષણમાં એવો ભૂંકે. શેઠ! (શ્રોતા : સબ છુડવા દિયા બુદ્ધિસે...) બુદ્ધિ છૂટી જાય. એમાં ક્યાં હતો બુદ્ધો? અજ્ઞાન છે એ તો બધું, અચેતન છે. આહાહા! ઈન્દ્રિયજ્ઞાન એ અચેતન. ચેતનની જાત હોય એ કોઈ દિ' નાશ થાય? પાંચ ઈન્દ્રિયજનિત એ નાશ(વાન) જ્ઞાન છે. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : .......) ભાવમન એ બધું.. બધું.. બધું ભાવમનનું સંકલ્પ-વિકલ્પ. त्यागि आपा सुद्ध कीनौ है. ભગવાન આત્મા... આનો ત્યાગ ને આનું ગ્રહણ. શુદ્ધ થયો. દૃષ્ટિમાં શુદ્ધ થયો અને સ્થિરતામાં શુદ્ધ થઈને કેવળજ્ઞાન થઈ ગયું એમ કહે છે. સમજાણું કાંઈ? આહા ! ૪૪મો છે. કળશ છેને ૪૪.

**व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम्।**
**कथामाहारकं तत्स्याद्येन देहोऽस्य शङ्क्यते।।४४।।**
**एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते।**
**ततो देहमयं ज्ञातुर्न लिङ्गं मोक्षकारणम्।।४५।।**

---

**સમયસાર કળશ અર્થ :—**''एवं'' આમ (પૂર્વોક્ત રીતે) ''ज्ञानम् परद्रव्यात् व्यतिरिक्तं अवस्थितम्'' જ્ઞાન પરદ્રવ્યથી જુદું અવસ્થિત (—નિશ્ચળ રહેલું) છે; ''तत्'' તે (જ્ઞાન) ''आहारकं'' આહારક (અર્થાત્ કર્મ-નોકર્મરૂપ આહાર કરનારું) ''कथम् स्यात्'' કેમ હોય ''येन'' કે જેથી ''अस्य देहः शङ्कयते'' તેને દેહની શંકા કરાય? (જ્ઞાનને દેહ હોઈ શકે જ નહિ, કારણ કે તેને કર્મ-નોકર્મરૂપ આહાર જ નથી.) ૪૪.

---

**સમયસાર કળશ અર્થ :—**''ततः देहमयं लिङ्गं ज्ञातुः मोक्षकारणम् न'' (ततः) તે કારણથી (देहमयं लिङ्गं) દ્રવ્યક્રિયારૂપ યતિપણું અથવા ગૃહસ્થપણું (ज्ञातुः) જીવને (**मोक्षकारणम् न**) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષનું કારણ તો નથી. શા કારણથી? કારણ કે ''एवं शुद्धस्य ज्ञानस्य'' પૂર્વોક્ત પ્રકારે સાધ્યો છે જે શુદ્ધસ્વરૂપ જીવ તેને ''देहः एव न विद्यते'' શરીર જ નથી અર્થાત્ શરીર છે તે પણ જીવનું સ્વરૂપ નથી. ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ દ્રવ્યક્રિયાને મોક્ષનું કારણ માને છે તેને સમજાવ્યો છે. ૪૫.

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

मुक्तिका मूल कारण द्रव्यलिंग नहीं है. આ નગ્નપણું અને ૨૮ મૂળગુણ વિકલ્પ સાધુના, એ મુક્તિનું કારણ નહિ. નગ્નપણું એ મુક્તિનું કારણ નહિ. ત્યારે ઓલા કહે, પણ બહાર દેખાય એમાંથી પરખાય અભ્યંતર. બહારમાં ન હોય એનો અભ્યંતર કેમ પરખાય? માટે બહાર જ સાધન છે એમ કહે છે. આજે લખાણ છે. (શ્રોતા : ......) ધૂળેય નહિ. એ તો નિમિત્ત છે, નૈમિત્તિકને પ્રસિદ્ધ કરે છે. પણ નૈમિત્તિક હોય તો આને નિમિત્ત કહેવાયને?

(શ્રોતા : હોય તો પ્રસિદ્ધ કરે કે ન હોય તો?) તો પ્રસિદ્ધ કરે. મફતનું પ્રસિદ્ધ કરે? એવા દ્રવ્યલિંગ તો અનંતવાર ધારણ કર્યાં. પાંચ મહાવ્રતના પરિણામ, ૨૮ મૂળગુણનો રાગ, ક્રિયા, નગ્નદશા અનંત અનંતવાર થયું. એ વસ્તુ ક્યાં હતી? એ સમકિતનુંય કારણ ક્યાં છે? સમજાણું કાંઈ? આહાહા!

મુક્તિનું મૂળકારણ દ્રવ્યલિંગ નથી (દોહરા)

सुद्ध ग्यानकै देह नहि, मुद्रा भेष न कोइ।
तातै कारन मोखकौ, दरबलिंग नहि होइ॥११०॥

**શબ્દાર્થ :—**મુદ્રા=આકૃતિ. ભેસ(વેશ)=બનાવટ. દરબલિંગ=બાહ્ય વેશ. પ્રગટ=સ્પષ્ટ. એઊ=આ.

**અર્થ :—**આત્મા શુદ્ધ જ્ઞાનમય છે અને શુદ્ધ જ્ઞાનને શરીર નથી અને ન આકાર-વેશ આદિ છે, તેથી દ્રવ્યલિંગ મોક્ષનું કારણ નથી. ૧૧૦.

अर्थ :—आत्मा शुद्धज्ञानमय है, और शुद्धज्ञानके शरीर नहीं है, न आकृति-वेष आदि हैं, इसलिये द्रव्यलिंग मोक्षका कारण नहीं है॥११०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

એય શેઠ! હવે નગ્ન થાય તો માને કે જય મહારાજ. (શ્રોતા : .....) શું... ? શ્રદ્ધા ખોટી મટી જશે. તમારી પાસે પૈસા ઘણાં છે. વેચાઈ ગયા તો શું છે? (શ્રોતા : જલ્દી છપાવો એમ કહે છે). એ તો કહે છે ને કે દિ'ના. सुद्ध ग्यानकै देह नहि, અરે! ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મામાં રાગ નહિ, ત્યાં દેહ ક્યાં આવ્યો ? કહે છે. રાગ વિભાવ ત્યાં નથી, ત્યાં દેહ તો જડ છે, એ આત્મામાં છે નહિ. એટલે દેહ નગ્નપણાનું લિંગ એ આત્માનું નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? सुद्ध ग्यानकै.. આત્મા શુદ્ધ જ્ઞાનમય હૈ. ચૈતન્યના સૂર્યનો સ્વભાવ એકલો ભર્યો છે. ચૈતન્યનો સૂર્ય છે એ તો. આંધળા જડ પરમાણુ એમાં ક્યાં હતા? આ તો માટી ધૂળ છે. આ દેહ છે અને શરીર છે એવું જાણનાર કોણ? એ તો ચૈતન્ય છે. દેહને ક્યાં ખબર હતી કે હું આ જગતનો કોણ તત્ત્વ છું? આહાહા! જેણે જાહેર કર્યું જ્ઞાને કે આ દેહ છે, આ દેહ છે. એ મારામાં નથી. આહાહા! સમજાણું કાંઈ? मुद्रा भेष न कोइ, લ્યો. આકૃતિ અને વેષ આદિ એ દ્રવ્યલિંગ મોક્ષકા કારણ નહિ. तातै कारन मौखकौ, दरबलिंग नहि होइ.. એ નગ્નપણું અને બાહ્ય સાધુની ક્રિયા ૨૮ મૂળગુણની, એ મુક્તિનું કારણ નહિ. એ દ્રવ્યલિંગ આત્મામાં છે નહિ. આહાહા! સમજાણું કાંઈ?

એથી પાછા કેટલાક એમ કહે, દ્રવ્યલિંગ એમાં નથી, પછી લિંગ બહારનું ગમે એ હોય. એમ પણ નથી. આહા! યે તો બહોત આતા હૈ ન. આ પેલો નટ કોણ? એલાચી

નટ.. નટ. એલચીકુમાર. એને નાચતાં નાચતાં કેવળજ્ઞાન હો ગયા દોરડાં ઉપર. ......... સસ્તા સોદા હૈ. પંડિતજી કહે છે, બરાબર છે. બાપા માર્ગ કેવળજ્ઞાન... અરે! સમ્યગ્દર્શનકા માર્ગ કોઈ અપૂર્વ હૈ. યે સાધારણ ચીજ હૈ નહિ અને ચારિત્ર તો એનાથી અનંતગુણા પુરુષાર્થ છે અને કેવળજ્ઞાન તો અનંત અનંતગુના પુરુષાર્થસે હોતા હૈ. એ કંઈ સાદા સૌદા (નહિ), પંડિતજી કહે છે ને. સાદા સૌદા હો ગયા. બાત સચ્ચી હૈ. સમજમેં આયા? આહાહા! આજ તો એક દેખા. આહીં તો કહતે હૈં, ऐसी महिमा ज्ञानकी निहचै है घटमांहि, मूरख मिथ्यादृष्टिसौं सहज विलोकै नांहि.. અપના સ્વભાવ જ્ઞાતા આનંદકંદ પ્રભુ... મિથ્યાદષ્ટિ એ તરફની નજરથી દેખતો નથી.

( પ્રમાણ વચન ગુરુદેવ )

અરે, સંસારની ધન ને સંપત્તિ, એમાં ક્યાં ભૂલો રહ્યો? એ ચીજ જ તારી નથી. શરીર તારું નથી, આ તો માટી–ધૂળ છે. એમ પૈસા, આબરૂ, કીર્તિ, હજીરા, મકાન બધાં તો પર, જડ-માટી-ધૂળ છે. એની રુચિ છે ત્યાં આત્માની રુચિ નહીં થાય, એમ કહે છે. એક મ્યાનમાં બે તલવાર નહીં રહી શકે. ધન સંપત્તિનો પ્રેમ હોય અને તને આત્માનો પ્રેમ થાય, એમ બને નહીં. એમાંથી ખુશી થાય, અમે સુખી છીએ. દુઃખી છો. સુખી કોણ તને કહે? કરોડો–અબજો રૂપિયા હોય માટે અમે સુખી છીએ. મૂઢ છો. પૈસામાં સુખ કેવું? એ તો ધૂળ છે. એને દેખીને રાજી થા છો. રાજી થા છો; સાધક નથી તું, એમ કહે છે.

(નાટક સમયસાર પ્રવચન નં. ૧૬૩ નો અંશ, પાના નં. ૪૬૫)

## પ્રવચન નં. ૧૪૪, ભાદરવા સુદ ૩, મંગળવાર, તા. ૨૪-૮-૧૯૭૧
## સર્વવિશુદ્ધિ દ્વાર પદ ૧૧૧ થી ૧૧૩ ઉપર પ્રવચન

સમયસાર નાટક, સર્વવિશુદ્ધિ દ્વાર. ૧૧૧ પદનો અર્થ બાકી છે.

મુક્તિનું મૂળકારણ દ્રવ્યલિંગ નથી (દોહરા)

दरबलिंग न्यारौ प्रगट कला वचन विग्यान।
अष्ट महारिधि अष्ट सिधि, एऊ होहि न ग्यान॥१११॥

**શબ્દાર્થ :**—દરબલિંગ=બાહ્ય વેશ. પ્રગટ=સ્પષ્ટ. એઊ=આ.

**અર્થ :**—બાહ્યવેશ જુદા છે, કળા–કૌશલ જુદા છે, વચન ચાતુરી જુદી છે, આઠ મહા ઋદ્ધિઓ જુદી છે, સિદ્ધિઓ જુદી છે અને આ કોઈ જ્ઞાન નથી. ૧૧૧.

अर्थ :–बाह्य वेष जुदा है, कला-कौशल जुदा है, वचन-चातुरी जुदा है, अष्ट महाऋद्धियाँ जुदी हैं, सिद्धियाँ जुदी हैं और ये कोई ज्ञान नहीं हैं॥१११॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

શું કહે છે? બાહ્ય ભેખ જુદા છે. શરીરનો ભેખ મુનિનો કે શ્રાવકનો કે ક્ષુલ્લક આદિનો, એ ભેખ તો જુદી ચીજ છે, એ કાંઈ આત્મા નથી અને એમાં જ્ઞાનેય નથી. કળા–કૌશલ જુદા છે. સંસારનું ડહાપણ કળા, એની ચતુરાઈ પણ જુદી છે. એ કંઈ આત્મજ્ઞાન નથી. ૬૪ કળા આવે છેને શાસ્ત્રમાં. ૭૨ કળા ને... એ બધું કંઈ આત્મા નથી, એ કંઈ જ્ઞાન નથી. એ તો બધો ઉપાધિનો ભાવ છે. આહાહા! વચન ચાતુરી જુદી છે. वचन विग्यान.. વાણીને બોલવાની રીત આવડતી હોય, વ્યાખ્યાન કરતાં આવડતું હોય, બોલતાં હોય, એ વસ્તુ જુદી છે. એ કંઈ આત્મા ને જ્ઞાન નથી. મહા અષ્ટ ઋદ્ધિ એ જુદી છે. કોઈ ઋદ્ધિ પ્રગટ થાય... નીચે નામ છે આઠ.

अणिमा—કોઈ ઋદ્ધિ પ્રગટે ને શરીરને નાનું બનાવી દે એ જુદી ચીજ છે. એ કંઈ આત્મા ને જ્ઞાન નથી. લોકોને જેમાં ચમત્કાર લાગે કે આવું શરીર નાનું બનાવી દે, મોટું બનાવી દે, આમ બનાવી દે. એ કંઈ આત્મા નહિ ને એ કંઈ જ્ઞાન નહિ. એનું નામ જ્ઞાન નહિ એમ કહે છે. જ્ઞાન તો ભગવાન આત્મામાં છે, ત્યાં દૃષ્ટિ કરે ને જ્ઞાન થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કે જે જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ સાથે જ્ઞાન થાય એને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? अणिमा.

महिमा–મોટું રૂપ ધારણ કરે. એનું આવ્યું હતુંને આપણે વિષ્ણુકુમારનું. મોટું રૂપ ધારણ કર્યું. એ કંઈ જ્ઞાન નથી, એ કંઈ આત્મા નથી, એ કંઈ ધર્મ નથી. આરે! લાખ યોજનનું મોટું બનાવે શરીર, લોકોને એમ થાય કે આહાહા! ભારે ધર્મી ! એ ધર્મ નથી, કહે છે. સમજાણું કાંઈ? गरमिता–મોટું ભારે બનાવે શરીર. હોય આમ નાનું, પણ ભારે બનાવે. વજન જોરદાર.. એ કંઈ આત્મા ને એ કંઈ ધર્મ નથી. એ તો બહારની ઋદ્ધિ પુણ્યની સ્થિતિ છે. આહા!

लघिमा–એવું કાંઈ છે. ભાઈએ કાઢ્યું હતુંને. લખ્યું છે? લઘિમા ક્યા? (શ્રોતા : लघि એટલે છોટા). એ છોટા તો અણિમામાં આવી ગયું. અણિમામાં છોટા શરીર... પણ આ લઘિમામાં નાનું શરીર કરીને કોઈ એવા પર્વતમાં પેસવું હોય તો પેસી શકે. એ કંઈ વસ્તુ નથી. એ તો અનંતવાર અભવિને પણ હોય છે. प्राप्ति.. એનું કાંઈક વાંચ્યું હતુંને. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં. મોટો. પ્રાપ્તિનો અર્થ 'મોટો' કર્યો છે કાંઈ, નહિ? મોટું.. આહાર આદિ બને, આહાર ઓસડની પેઠે કામ કરે. એ કંઈ આત્મા નહિ, એ કંઈ ધર્મ નથી. એ તો બહારની પુણ્યની સામગ્રી છે. આહા! काम–ઇચ્છે તે પ્રમાણે થાય પુણ્યને કારણે, એવી એક લબ્ધિ હોય. એ કંઈ વસ્તુ નથી.

वशीकरण.. નથી આ વશીકરણ કરતા ? વશ કરે, તાબે કરે ફલાણું. એ શું ચીજ? એ કંઈ આત્મા ને જ્ઞાન નથી. વશીકરણ. તાબે કરેને તમારે જુઓને. ધુણાવે છે ને ઓલું કરે. ચાલે છેને આ. પીળા લૂગડાં પહેરે. રજનીશ. રજનીશ, નહિ ? એ કંઈ જ્ઞાન ને આત્મા નથી એ કાંઈ. એ તો બહારનો ભેખ છે. આહાહા! એમાંય આવ્યું છે સાધુનું આજે જગવાણીમાં. હું એવા વિશ્વને જોવા માગું છું કે જેમાં યુદ્ધ ન હોય. આ યુદ્ધ છે ત્યારે ... યુદ્ધ, યુદ્ધ. એ વિશ્વ જેમાં નાના ઉપર આમ કરે ને ફલાણા આમ કરે. અરે, ભઈ બાપા! આહીં છે આત્મા. એને બહારમાં જોવું છે. બહુ દેશ દેશપણામાં પોતાથી રહે અને કોઈ ઉપર આક્રમણ ન કરે એવું વિશ્વ હું જોવા માગું છું. આહાહા! અરે ભગવાન! ત્યાં એવી તો અનંતવાર ચીજ કરી. એ કંઈ આત્મા છે ને એ આત્માનું જ્ઞાન છે અને એ કલ્યાણનું કારણ છે એમ છે નહિ આહા!

ईशता–ઈશ્વરતા. મોટી પ્રભુતા હોય, મોટો દેવ થાય, મોટો રાજા થાય, એ કંઈ જ્ઞાન નથી. अष्ट रिद्धिके नाम छे. ... લો બધા. વિસ્તાર આવે છે આમાં. કાલ પછી જોયું હતું. શેમાં ? 'રાજવાર્તિક'માં. અષ્ટ રિદ્ધિ એ કંઈ જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? એ આત્મા નહિ, એ ધર્મ નહિ અને ધર્મ માટે આવું એને થાય, એમ નહિ. એ તો બધી પુણ્યની ઋદ્ધિ ઓલી સામગ્રી છે, રખડવામાં નિમિત્ત છે. આહા! એકના મોટા લાખ રૂપ કરે, લાખને

વળી સંકેલીને કંથવા જેવો થઈ જાય, એ બહારની ચીજ છે. એ કંઈ આત્મા નથી, એ કંઈ જ્ઞાન નથી.

આઠ સિદ્ધિ. છેને ? आचार—એવો આચાર હોય, બહારનું આચરણ. એ કંઈ બહારનું આચરણ એ કંઈ આત્મા નથી, જ્ઞાન નથી. આહાહા! અપવાસ કરે મહિના—મહિનાના, છ-છ મહિનાનાં અપવાસ, આચરણની ક્રિયા એવી કરે. સિદ્ધિ જેનાથી સિદ્ધિ દેખાય. પ્રાપ્તિ થાય. વચન આપે ત્યાં દીકરો થાય, ફલાણું થાય. હવે એ શું ચીજ છે? આહાહા! श्रुत.. એ શ્રુત જાણ્યું હોય શાસ્ત્ર. એક પદમાંથી ઘણા પદને જાણવાની કલ્પદૃષ્ટિ થાય, એવી એક લબ્ધિ છે. એ શું ચીજ છે? આહાહા! સમજાય છે કાંઈ? शरीर.. શરીરની કાંતિ અને શરીરની સમૃદ્ધિ મળે સુંદર, એક-એક અવયવો અનુકૂળ હોય જે દુનિયા દેખીને રાજી થાય. એ કંઈ ચીજ છે? એ કંઈ આત્મા છે અને એનું નામ કાંઈ જ્ઞાન છે? અને એનું નામ કાંઈ ધર્મ છે? આહાહા!

वचन.. એવો વક્તા હોય, લાખો માણસોને આમ રંજન કરી દે. કરોડો માણસને રંજન કરે, પણ એ કંઈ આત્મા છે? એ કંઈ જ્ઞાન છે? આહાહા! ભારે વાત ભાઈ! बुद्धि.. આ બહારની બુદ્ધિઓ આ વકીલાતની ને આ ડોક્ટરની, આ જજની. તમારે શું? ઓડીટરની. દુઃખી થવાની છે બુદ્ધિ, કહે છે. એ પુનમભાઈ! આ તમારી બુદ્ધિ આ બારી—બારીમાં ને આ મકાન કરવા ને ઢીંકણું કરવું. પણ એ કહેને, આમ હોય તો થાય, આમ હોય તો થાય. હવે પૂછીને બેઠા હોયને થોડું. એ બુદ્ધિ નહિ. એ તો રખડવાની બુદ્ધિ છે. મલૂકચંદભાઈ!

उपयोग. આહાહા! ઉપયોગ કામ કરે છે આ શાસ્ત્ર આદિમાં, એ પણ આત્મા નહિ, એ જ્ઞાન નહિ, કહે છે. બહારનો ઉપયોગ છે. એવી ધારણા હોય તો આમ ફટ.. ફટ.. ફટ કામ કરે. આ તો આમ, આના પછી આમ... એ શું કંઈ વસ્તુ છે એ? संग्रह संलीनता.. કોઈ ચીજને સંગ્રહ કરવાની બુદ્ધિ એવી લબ્ધિ હોય કે સંગ્રહ કરી જાણે. ભેગું કરી જાણે. આ નહોતો ઓલો મહમ્મદ છેલ ? ભાઈ મહમ્મદ છેલ જોયો હતો. (શ્રોતા : ........) આ અફીણના ગોટા... ઊમરાળામાં આવ્યો હતો. દુકાને અફીણના ગોટાને હાથ અડાડ્યો. ઉડાડીને બહાર ફેંક્યા, વયા ગયા. મુસલમાન હતો. અરે, આ અફીણના ગોટા ક્યાં ગયા? ઉપડી ગયા. એવી એક લબ્ધિ છે. મુસલમાન હતો. મહમ્મદ છેલ. રેલમાં બેઠો હોય તો એ જરી એક માસ્તર પાસે જઈને હાથ અડાડે ટીકીટને. આમ બહાર નીકળે તો બધી ટીકીટ વિનાનો હોય. ત્યાં મળ્યો હતો બોટાદમાં. ૮૦ની સાલમાં ચોમાસું... જોડે ઉતારો હતો. પોતે આમ બેઠો હતો. એ પીંજારો હતો મૂળ તો, પણ એવું ક્યાંક આવી ગયું હાથ. એમાં

શું વસ્તુ શું? સમજાણું કાંઈ? એ કંઈ જ્ઞાન છે? એ કંઈ આત્મા છે? એ કંઈ આત્માને શાંતિનું ધર્મનું કારણ છે? આહાહા!

હમણાં કીધુંને કે આવ્યા હતા. જાદુગર નથી કે. લાલ? કે. લાલ ત્યાં હતો. ભાઈ ગયા હતા જોવા. જરીક દસ રૂપિયાની ટીકીટ. કહો, સમજાણું કાંઈ? ના, ના, કો'ક વાતું કરે તો સાંભળ્યું હોય કે નહિ ? આ સાચી વાત છે. ન્યાં ગયા હતા. શેઠિયા કહેવાયને આમ. જાદુગર, જાદુગર એક મોટો છે આપણે. (શ્રોતા : કે. લાલ) કે. લાલ એટલે કાંતિલાલ. નાની ઉંમરનો રૂપાળો જુઓ તો. બગસરામાં આપણા અહીં જગજીવનભાઈ બાબુચંદ નહિ ? ગુણચંદભાઈનો સાળો. કાકાનો–કાકાજીનો (શ્રોતા : કાકાજીનો દીકરો) હા. એ આવ્યો. લાખો પેદા કરે. જાપાનમાં એક વાર ત્રણ કલાકમાં... શું કહેવાય એ? આમ બતાવે. (શ્રોતા : ટેલિવિઝન). ટેલિવિઝન પર બતાવ્યું. સરકારે પાંચ લાખ આપ્યા. ત્રણ કલાકના પાંચ લાખ. પણ માણસ જોનારા બાર કરોડ હોં આમ બહારથી.

એક દિ' આવ્યો. હમણાં જ્યારે જૂનાગઢ ગયા હતાને. ..... એક એક રાતની પાંચ છ-છ હજારની પેદાશ. આપણો જૈન છે. આવ્યો બેઠો. કહે, 'મહારાજ! આ મારું બધું ધતિંગ છે. (શ્રોતા : આપની પાસે તો ધતિંગ જ કહેવાયને). મારી પાસે શું કહે? લાખો રૂપિયા... આમ આંખ્યું ઓલામાં અને મોટા મોટા કાર્યવાહકો એની પાસે આવે અને ફીદા થઈ જાય. એ જાદુગરીનું જોર છેને. એક તો કહે, મોટો માણસ આવ્યો મળવા અને મેં હાથ આમ કર્યો હાથ. ધ્રૂજવા મંડ્યો. બધું ધતિંગ હોં. આહાહા! એ તો ત્યાં સુધી કહેતો હતો. મેં કહ્યું, ભાઈ! આ તારા પુણ્ય ખવાઈ જાય છે. પ્રેમચંદભાઈ! આ તો પુણ્ય કોઈ એવા છે એ ખવાઈ જાય છે. કારણ કે આ બધું જાદુનું છે. અમારું જાદુ છે અને આ રજનીશનું જાદુ છે. પણ અમને બાયડી–છોકરાવાળા છીએ, અમારું જાદુગર.... વચન..... એ શું કહેવાય? નજરબંધી. અમને નજરબંધીવાળા કહે અને ઓલા જરી ત્યાગી બહારના ખરાને (એટલે) એની શક્તિ હશે એમ કહે. બાકી છે બધું જાદુગર, કહે.

એ રજનીશ એની પાસે જાદુ બે વર્ષથી શીખ્યા છે અને ઓલોય જાદુવાળો છેને સાંઈબાબો. બહુ માને છેને જૈનો-બૈનો કાંઈ... મુસલમાન છે. બહુ ચાલે છે એ. દુનિયા ગાંડી પાગલ છે. ભાન ન મળે કાંઈ. આહીં કહે છે કે એ બધી ચીજો પૂર્વના પુણ્યનાં કારણે બહાર દેખાય, એ કાંઈ ધર્મ ને જ્ઞાનસ્વરૂપ છે એમ નથી. આમ કરીને હાથ કરે ને આમ બતાવે આ સાંકળી. આ લીંબુ લ્યો. એ ચીજું.. પણ એ કંઈ ધર્મ છે? સમજાણું કાંઈ? આમ હાથ કરી કંઈ ઓલો આમ બતાવે. જુઓ, આ સોનાની સાંકળી. આની જેમ સોનાની કડી બનાવીને રાખતો હોય તો તારે ઘરે ? એય ! એકાદ રાખી હોય અને એવું બાહ્ય એવી રીતે

બનાવે લોકોને. આહાહા! ભારે ચમત્કાર. કહે છે, એ જ્ઞાન નહિ, એ ધર્મ નહિ. એ આત્માનો આશ્રય એમાં નથી. આહાહા!

કહે છે, એ કોઈ જ્ઞાન નહિ. એમ છે ને? एऊ होहि न ग्यान.. આ જ્ઞાન એટલે આત્મા જેને સમજણ કહીએ, એ ચીજ નહિ. આહાહા! શાસ્ત્રના જ્ઞાન એ કાંઈ જ્ઞાન નહિ, એમ કહે છે આહીં તો. ભણતર ભણે અગિયાર અંગ ને નવ પૂર્વ, એ કંઈ જ્ઞાન નહિ. આહાહા! જ્ઞાન તો એને કહીએ કે જે ચૈતન્ય ભગવાન જ્ઞાનની મૂર્તિ એમાં અંદર સ્પર્શીને જે જ્ઞાનદશા આનંદ સહિત આવે એને જ્ઞાન કહીએ. ભીખાભાઈ! આહાહા! (શ્રોતા : આ વાત મુદ્દાની છે.) મુદ્દાની વાત એ છે. (શ્રોતા : ગુરુ વિના કોણ કહે?) એ બોલે તો ખરા. આહા! एऊ होहि न ग्यान.. એ ૧૧૧.

૧૧૨. आत्माके सिवा अन्यत्र ज्ञान नहीं है. એ સમજણનો પિંડ પ્રભુ ચૈતન્ય એમાં નજર કરતાં, એનો આશ્રય કરતાં જે જ્ઞાન પ્રગટ થાય, આનંદસહિત પ્રગટ થાય તેને જ્ઞાન કહીએ. સમજાણું કાંઈ? આહાહા! બોલતાં આવડે ને હજારોને આમ રંજન કરતાં આવડેને, માટે એ જ્ઞાન.—એ જ્ઞાન નહિ. આહાહા! સમજાણું કાંઈ?

આત્મા સિવાય બીજે જ્ઞાન નથી. (સવૈયા એકત્રીસા)

**भेषमैं न ग्यान नहि ग्यान गुरु वर्तनमैं,**
**मंत्र जंत्र तंत्रमैं न ग्यानकी कहानी है।**
**ग्रंथमैं न ग्यान नहि ग्यान कवि चातुरीमैं,**
**बातनिमैं ग्यान नहि ग्यान कहा बानी है॥**
**तातैं भेष गुरुता कवित्त ग्रंथ मंत्र वात,**
**इनतैं अतीत ग्यान चेतना निसानी है।**
**ग्यानहीमैं ग्यान नहि ग्यान और ठौर कहूं,**
**जाकै घट ग्यान सोई ग्यानका निदानी है॥११२॥**

**શબ્દાર્થ :—**મંત્ર=ઝાપટવું, ફૂંકવું. જંત્ર=તાવીજ. તંત્ર=ટોટકા. કહાની=વાત. ગ્રંથ=શાસ્ત્ર. નિસાની=ચિહ્ન. બાની=વચન. ઠૌર=સ્થાન. નિદાની=કારણ.

**અર્થ :—**વેશમાં જ્ઞાન નથી, મહંતજી બનીને ફરવામાં જ્ઞાન નથી, મંત્ર, તંત્ર, જંત્રમાં જ્ઞાનની વાત નથી, શાસ્ત્રમાં જ્ઞાન નથી, કવિતા-કૌશલ્યમાં જ્ઞાન નથી, વ્યાખ્યાનમાં જ્ઞાન નથી, કારણ કે વચન જડ છે તેથી વેશ, ગુરુપણું, કવિતા, શાસ્ત્ર, મંત્ર-તંત્ર, વ્યાખ્યાન, એનાથી ચૈતન્યલક્ષણનું ધારક જ્ઞાન જુદું છે. જ્ઞાન જ્ઞાનમાં જ છે, બીજે નથી. જેમના

હૃદયમાં જ્ઞાન ઉત્પન્ન થયું છે તે જ જ્ઞાનનું મૂળકારણ અર્થાત્ આત્મા છે. ૧૧૨.

अर्थ :–वेषमें ज्ञान नहीं है, महंतजी बने फिरनेमें ज्ञान नहीं है, मंत्र, जंत्र, तंत्रमें ज्ञानकी बात नहीं है, शास्त्रमें ज्ञान नहीं है, कविता-कौशलमें ज्ञान नहीं है, व्याख्यानमें ज्ञान नहीं है, क्योंकि वचन जड़ है, इससे वेष, गुरुता, कविताई, शास्त्र, मंत्र-तंत्र, व्याख्यान इनसे चैतन्यलक्षणका धारक ज्ञान निराला है। ज्ञान ज्ञानहीमें है, अन्यत्र नहीं है। जिसके घटमें ज्ञान उपजा है, वही ज्ञानका मूल कारण अर्थात् आत्मा है॥११२॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

भेषमैं न ग्यान.. બાવા, જોગી, નગ્નપણાં ધારણ કર્યાં, એ કંઈ જ્ઞાન નથી. અને એને લોકો ત્યાગી દેખીને એ બોલે એનું જ્ઞાન. એમ કે એ પસંદ પડે લોકોને. સમજાણું કાંઈ? એ જ્ઞાન.... લોકોને એમ લાગે કે આ ત્યાગી છે એટલે એનું સાચું હશે. અને 'શ્રીમદ્' જેવા ગૃહસ્થાશ્રમમાં પાઘડી પહેરીને બેઠા હોય, પણ એ બોલે એ સાચું જ્ઞાન છે અંદર એને. આ બધા ત્યાગી ને મોટા ફૂંકારા દઈને બેઠા હોય નાગા થઈને, એથી એ બોલે માટે જ્ઞાન છે.—એ જ્ઞાન નહિ. આહાહા! સમજાણું કાંઈ? જ્ઞાન તો ભગવાન આત્મા જ્ઞાનનો પિંડ પ્રભુ છે. એમાંથી ધારાવાહી પરિણતિ પ્રગટ થાય એને મોક્ષના કારણરૂપ જ્ઞાન કહેવામાં આવે છે. તે એનું જ્ઞાન એને હિતકર છે. આ બધા સંસારના જ્ઞાન ને જાણપણા અહિતકર છે. આહાહા! (શ્રોતા : ધારાવાહી જ્ઞાન ક્યા?) ધારાવાહી જ્ઞાન, ધ્રુવ છે એમાંથી પ્રગટ થાય એ અંદર એકાકાર જ્ઞાન ધારાવાહી. ઠીક કહ્યું. ધ્રુવ ચૈતન્યનો કંદ જે છે પ્રભુ એમાં દૃષ્ટિ આપતાં જે સ્વનું જ્ઞાન પ્રગટે, એ જ્ઞાન. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત ભાઈ! આ ચોપડા વાંચે ને પુસ્તક વાંચે ને શાસ્ત્ર વાંચે માટે એ જ્ઞાન છે. એમ નથી, ભાઈ! આહા! સમજાણું કાંઈ?

भेषमैं न ग्यान नहि ग्यान गुरु वर्तनमैं. महंतजी बने फिरनेमें ज्ञान नहीं है.. ગુરુ મોટા મહંત થઈ જાય, મોટા ટીલા તાણે ને આ થાય, એ કંઈ ધર્મ નથી. એ તો બહારના જડના ભેખ. આહાહા! મહંતજી બને ફિરનેમેં... અમે તો મહાત્મા છીએ. શેના મહાત્મા? આત્મા જે જ્ઞાનાનંદ છે એનો આશ્રય લઈને જે જ્ઞાન પ્રગટ્યું હોય એ મહંત છે. અમે આવી પરીક્ષા આપી છે. ઘણી ઘણી આવે છેને પરીક્ષા શાસ્ત્રની. મંત્રમેં જ્ઞાન નહિ. લ્યો. ઝાડનાર, ફૂંકના, આ મંત્રો બધા. આ વીંછીને ઊતારવા, સર્પને ઊતારવા, ભૂત વળગ્યો હોય એને, એ મંત્ર-ફંત્ર એ જ્ઞાન નહિ, એ ધર્મ નહિ. એ તો જગતના ઝાંવા મફતના છે. સમજાણું કાંઈ? મંત્ર-જંત્ર ગંદા તાવીજ કરે છેને? નથી બાંધતા? એને કરીને તાવીજ બાંધેને. હવે એમાં જ્ઞાન ક્યાં? એ તો ભ્રમણા છે જગતની. આહાહા! એને બહુ

આવડે છે હોં. ... ફલાણું ને ઢીકણું, બહુ જ્ઞાની છે. મંત્ર.. મંત્ર.

એ હમણાં જયપુરમાં હતાને ઓલા મોહનલાલ બડજાત્યા છેને એક. એનો દીકરો ન્યાં રહે છે ઓલેપણે. અરવિંદ. અરવિંદ ઘોષ એની પાસે. એક તો તમારો જમાઈ. તારાચંદ ને નામ શું ? તારાચંદ. હા, એના ભાઈનો જમાઈ. બે-ત્રણ કરોડ રૂપિયા છે. આ વાત રૂચે નહીં. સાંભળવા આવ્યો તો ખરો. એના બાપેય આવેલા એમના ઘરે ન્યાં. પણ જ્યાં વાત કાઢી. સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન છે એ કહે તે સાચું. ત્યાં ઊઠી ગયા. એના બાપને કાંઈક ઠીક હશે. ત્યાં જયપુર લઈને આવ્યા મોટો થોકડો મંત્રનો. એય ! તમને તો ખબર હશે એ ? નથી ખબર? મોહનલાલ. મંત્ર.. મંત્ર.. મંત્ર. હવે થોથા મંત્ર શું છે આ ? ફલાણો મંત્ર ને આનો મંત્ર ને ઓલીનો મંત્ર ને. આ ભગવાન 'ણમો અરિહંતાણં' મંત્ર એ મંત્ર યથાર્થ નહિ, એમ કહે છે. એ તો વિકલ્પ છે. આહાહા ! તો આ બીજા મંત્ર-ફંત્રની તો વાત (શું કરવી ?) આહાહા !

લોકોને બહારની એવી.... કાંઈ મંત્ર આવડે છે ? ફલાણું આવડે છે ? તંત્ર આવડે છે ? એની વ્યાખ્યા કરે છે હોં તંત્ર-ટોટકા. ટોટકા એટલે શું ? ટોટકા છેને ? શું કરે એમાં? હશે કાંઈ. હિંદી ભાષા છે. મંત્ર, જંત્ર. (શ્રોતા : મંત્ર તંત્ર...) હા, પણ એ તંત્રનો અર્થ ટોટકા કર્યો છે. ટોટકા એટલે શું ? તમારી હિન્દી ભાષામાં આવે છે કાંઈ ? (શ્રોતા : નજર ઊતારનેમેં......) હા. એ બધી નજર ઊતારવા.... આ બધું કરે છે ને આંખમાં નથી આ બહુ.... એવું હોય તો આમ કરે, આમ લોહી ઝરે ને ફલાણું થાય. આંખમાં બહુ લાલી હોય ને બધી. આમ કરે, ઝાડુ ફેરે. હવે થોથાં છે, એમાં છે શું માળા? સમજાણું કાંઈ ? મંત્ર-જંત્ર-તંત્રમેં જ્ઞાનકી બાત નહિ. એ સાચું જ્ઞાન ધર્મનું નહિ. આહા !

ग्रंथमैं न ग्यान.. આ સમયસાર પુસ્તક, આમાં જ્ઞાન ક્યાં ? આ તો જડ છે, માટી છે. (શ્રોતા : આ બધાં સિદ્ધાંતશાસ્ત્ર ન્યાય શું છે એ ?) સિદ્ધાંતશાસ્ત્ર બધાં જડ. ન્યાં ક્યાં જ્ઞાન હતું ? જ્ઞાન તો આત્મામાં છે. (શ્રોતા : મહારાજ ફિર પઢના, સુનના કિ નહિ ?) પઢને, સુનનેકા વિકલ્પ હોતા હૈ, પર ગ્રંથ હૈ વહ જડ હૈ. ગ્રંથમેં જ્ઞાન નહિ. કેટલાક કહે છેને ? જિનવાણી... પ્રતિમામાં તો કાંઈ જ્ઞાન નથી અને જિનવાણીમાં તો ભગવાનનું ભરેલું જ્ઞાન છે. કેવળીની વાણી છે. તદ્દન જૂઠી વાત છે. હવે ગ્રંથમાં જ્ઞાન કેવું ? એ તો જડ માટી છે, ધૂળ છે. જિનવાણી, એ વાણી તો જડ છે, અજીવ છે. એમાં જ્ઞાન કેવું ? એય !

ભાઈએ લખેલું છે બહુ. ભગવાનદાસ નામ પંડિતો... તારાચંદ ને પંડિત છે ને તમારે ઓલા હિંમતલાલ ને ચંપકલાલ.. (શ્રોતા : ચંપાલાલ) હા, ચંપાલાલ ને. શબ્દોમાં જ્ઞાન છે જિનવાણીમાં. પ્રતિમામાં ક્યાં જ્ઞાન છે માટે એ નહિ. પણ વાણી અને પ્રતિમા બેય

એકસરખા જડ છે. વાણીમાંય જ્ઞાન નથી ને પ્રતિમામાંય જ્ઞાન નથી. (શ્રોતા : તો શુભભાવ ક્યોં કહા હૈ?) શુભભાવ એટલે રાગ. જ્યારે સ્વરૂપમાં ઠરી શક્યો ન હોય ત્યારે અશુભથી બચવા એ કાળે એ જાતનો ભાવ હોય છે એટલું, પણ છે હેય. વીતરાગ ન થાય ત્યાં સુધી એ પૂજ્યવાણીને પણ માને પૂજ્ય. (શ્રોતા : થાય છે તો પછી કરવો શું કરવા?) કરે કોણ? એ આવે છે અંદર. વીતરાગતા ન હોય ત્યાં આવો શુભરાગ આવ્યા વિના રહે નહિ. (શ્રોતા : કરવી કે ન કરવી?) કરે કોણ? આવે એને જાણવું, એમ કહે છે. એવી વાત છે ભાઈ. આહાહા!

ग्रंथमैं न ग्यान नहि.. વાણીમાં જ્ઞાન નથી એમ કહે છે. માટે ચૈત્ય એ છે વાણી, એ માટે પૂજનીય છે, એમ નથી. એ તો એમાં નિમિત્તપણું છે ને વાણીમાં સ્વ-પરવાર્તા કહેવાની શક્તિ છે. જ્ઞાન એમાં નથી. આહાહા! સમજાણું કાંઈ? એથી એ વ્યવહારે પૂજ્ય કહેવામાં આવે છે. નિશ્ચયથી એ પૂજ્ય છે જ નહિ. આહાહા! નિશ્ચયથી તો જ્ઞાનાનંદ ભગવાન એ પૂજ્ય છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ ભાઈ! જ્યાં બિરાજે છે પ્રભુ ચૈતન્યમૂર્તિ, ત્યાં જ્ઞાન છે અને એમાં નજર નાખે જ્ઞાન થાય છે. કાંઈ જ્ઞાન બહારથી આવે છે? આહાહા! ભણી-ગણીને વિચારીને જ્ઞાન થયું એ જ્ઞાન નહિ, એમ કહે છે. આહા! એ ભણ્યો ને વાંચ્યું ને ધાર્યું એ જ્ઞાન નહિ, એમ કહે છે. પાટનીજી! આહાહા! જે જ્ઞાનના આશ્રયમાં આત્મા ન આવે અને જે જ્ઞાનમાં આનંદ અતીન્દ્રિય સાથે ન હોય તે જ્ઞાન નહિ. આહાહા! અરે! એને સત્યસ્વરૂપ શું છે એની ખબર નથી. એમને એમ ભટક્યા ભટક, બહારથી આહીંથી થાશે ને આહીંથી થાશે ને આહીંથી... વાણી સરસ્વતી વીતરાગની વાણી, કહે છે કે એ ગ્રંથ—આગમ એમાં જ્ઞાન નથી. શેઠી! આ તો એવું અજર પ્યાલા છે.

ग्रंथमैं न ग्यान नहि ग्यान कवि चातुरीमैं.. આમ શીઘ્ર કવિ બોલે અને કવિતા બનાવે. એવી બનાવે પણ આબેહૂબ. એ કંઈ જ્ઞાન નથી કવિપણું. આહાહા! સમજાણું કાંઈ? कविता-कौशलमें ज्ञान नहीं है. આહાહા! હોંશિયાર કવિ એવો હોય. શીઘ્ર કવિ. આપણો છેને પ્રેમચંદભાઈનો પૌત્ર? કમલ.. કમલ.. રમેશ બનાવે છેને ગાયન કવિતા. એક ફેરી દીક્ષા લઈને ગયા હતા સિત્તેરમાં જૂનાગઢ. એ દિશાએ બહાર ગયેલા, મોટા પત્થરો પડ્યા હતા. ત્યાં એક માણસ એવો મળ્યો કે .....પાધરો જોડી દીધો. મુળચંદભાઈ કહે, શીઘ્રકવિ લાગે છે. સિત્તેરની વાત છે પોષ મહિનો. શીઘ્ર કવિ શું કે આ સાધુ નીકળેને એની મશ્કરી કરવા એ ગાયન બનાવે. ગાયન આમ ભાષા એવી લખી જાણે, એમાં શું છે? આ તો શીઘ્રકવિ એવા હોય કે જેના ... જુઓને શુદ્ધેશ્વરી ને બહુ સારા. આહીં નહોતા આવ્યા ?.... શુદ્ધેશ્વરી આહીં

આવ્યા હતા. બહુ નરમ માણસ હતો હોં. બિચારા મરી ગયા. આહીં આવ્યા હતાને ભાઈ ? આવ્યા હતા. પુસ્તક આપ—લે થઈ. પણ એ કંઈ જ્ઞાન નહિ. કવિતા બનાવવાની તાકાત માટે એ જ્ઞાન (એમ નથી). આહાહા !

જ્ઞાન તો એને કહીએ કે જે ચૈતન્યપ્રભુ એકલો જ્ઞાનમાં ચૈતન્યમાં સમજણનો પિંડ છે. એને સ્પર્શીને, એનો આશ્રય લઈને જે જ્ઞાન પ્રગટ થાય, તે જ્ઞાન મોક્ષનું કારણ છે. આહાહા ! અભિમાન આવી જાય ઘણાને તો જાણપણા જરી હોય વધારે હોય, આપણને જ્ઞાન. બાપા! એ તો મરી જવાના રસ્તા છે. સમજાય છે કાંઈ ? આહાહા ! શાસ્ત્રના ભણતર હોય અને ભણતરના એને અભિમાન આવી જાય. આપણને આવડે છે હોં. આને આવડતું નથી, લ્યો. બોલતાંય આવડતું નથી અને અમે તો ફટ ફટ જવાબ દઈએ. ભાઈ ! એ કાંઈ જ્ઞાનનો સંબંધ નથી બાપુ ! પુસ્તક બનાવી જાણે, એ કંઈ જ્ઞાન નથી. એય જેઠાભાઈ ! દેવીલાલજી ! આહા! ભગવાન જ્ઞાનનો ચૈતન્ય પૂંજ-પિંડ એમાંથી પ્રગટ થાય દશા, એનું નામ જ્ઞાન છે. ભલે બીજી આવડત ઓછી હોય, બોલતાં ન આવડતું હોય, સમજાવતાં ન આવડતું હોય. આહાહા ! પણ પોતાનું કામ કરતાં આવડતું હોય એ જ્ઞાન. આહાહા ! સમજાણું કાંઈ ?

ग्रंथमैं न ग्यान नहि ग्यान कवि चातुरीमैं. કવિતાના કૌશલ્યમાં જ્ઞાન નહિ. बातनिमैं ग्यान नहि.. વ્યાખ્યાનમાં. વ્યાખ્યાનમાં કાંઈ જ્ઞાન નથી. નીચે ખુલાસો કર્યો છે. એ જ્ઞાનનું કારણ છે. કારણ એટલે નિમિત્ત છે. નિમિત્ત-નૈમિત્તિક. એ ... ક્યાં કારણ છે? કારણ તો આત્મા ચિદાનંદ. સમજાણું કાંઈ ? અરે, નિરાશ્રય ભગવાન, એમાં પરના આશ્રય વિનાનું તત્ત્વ.... અશરણ આવ્યું હતુંને. જેને પરનું કાંઈ શરણ નથી એવો સ્વતંત્ર શરણભૂત સ્વરૂપ. જેને ત્રણ લોકના નાથનો પણ આધાર નથી એવો ભગવાન આત્મા છે. આવો આત્મા છે એ રીતે જ્યાં સુધી ન બેસે ત્યાં સુધી એને આત્મા બરાબર બેઠો નથી. મિથ્યાત્વમાં છે એ. પાટનીજી! આવી વાત છે. આહા !

बातनिमैं ग्यान नहि ग्यान कहा बानी है.. વાણીમાં જ્ઞાન છે કાંઈ ? એમ કહે છે. चैतन्य लक्षणका धारक ज्ञान निराला है, લ્યો. કવિતા શાસ્ત્ર. આવ્યું. છેને, એ મૂક્યું છે. જ્ઞાન નહિ, વાણી છે વાણી. વાણી કહો, બોલવું ભાષા કહો કે શાસ્ત્ર લખેલાં કહો, એમાં કાંઈ જ્ઞાન નથી. અરૂપી પ્રભુ જ્ઞાન એ કંઈ રૂપીમાં આવી જતું હશે ? ઘણા લોકો કહે, જુઓ આ બોલાય છે એમાં જ્ઞાન આવે છે કે નહિ ? ધૂળેય નથી આવતું, સાંભળને ! એ વાણી તો જડ છે. અને એ વાણી છે ત્યારે ત્યાં જ્ઞાન થાય છે કે નહિ ? નહિ ? ત્યારે સાંભળવું શું કરવા ? અરે ભાઈ ! એ જ્યારે સાંભળવાનો વિકલ્પ હોય ત્યારે આવે, પણ જ્ઞાન એનાથી થાય છે એમ છે નહિ. આવો વીતરાગનો માર્ગ છે. આહાહા ! અરે! એની શ્રદ્ધામાં, હજી

બાહ્યલક્ષી જ્ઞાનમાં પણ યથાર્થમાં ન બેસે... બાહ્યલક્ષી, આ તો પરલક્ષી જ્ઞાન છે બધાનું, એમાં યથાર્થ જ્ઞાન ન બેસે, એને યથાર્થ તત્ત્વ દૃષ્ટિમાં આવે ક્યાંથી? આહા! હવે એ અનંત કાળથી એમને એમ રખડે છે બિચારો. ભિખારી રાંક થઈ ઓશિયાળો. કો'ક મને આપે ને આશીર્વાદ મળી જાયને કો'કના તો મને આત્માનું જ્ઞાન મળી જાય.

चैतन्य लक्षणका धारक ज्ञान निराला है, લ્યો. વાણીમાં જ્ઞાન નહિ. વાણી એટલે શાસ્ત્ર કહો કે વાણી—બોલવું કહો, એમાં કાંઈ જ્ઞાન છે નહિ. तातैं भेष गुरुता कवित्त ग्रंथ मंत्र बात, इनतैं अतीत ग्यान चेतना निसानी है.. આહા! ચૈતન્ય ભગવાનમાં જ્ઞાન છે, ચેતના જેનું લક્ષણ છે, એમાંથી જે જ્ઞાન આવે તેને જ્ઞાન કહેવામાં આવે છે. એને સમ્યગ્જ્ઞાનનો અંશ કહેવામાં આવે છે. આહાહા! ग्यानहीमैं ग्यान नहि ग्यान और ठौर कहूं.. જેના ઘટમાં જ્ઞાન ઉપજ્યું, અંતર જ્ઞાનમાંથી જ્ઞાન ઉપજ્યું તે જ્ઞાન. वही ज्ञानका मूल कारण अर्थात् आत्मा है. એ જ્ઞાનનું કારણ તો આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા! અંતે વાળીને ન્યાં લાવ્યો. જ્યાં જા તું છો ત્યાં જા. ત્યાં આગળ જ્ઞાન થાશે. બાકી બહારમાં બહુ વિચાર ને બહુ સંકલ્પ-વિકલ્પ કરે ને બહુ વાંચે ને બહુ ધારે, માટે જ્ઞાન થઈ જાય (એમ નથી). આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : જ્ઞાનમેંસે જ્ઞાન આતા હૈ). એ જ કહે છે અને તે જ્ઞાનનું મૂળ કારણ આત્મા, એમ. છે ને ?

घट ग्यान सोई ग्यानका निदानी है.. એ જ્ઞાનનો નિદાન આધાર તો આત્મા છે કહે છે. બહારથી કાંઈ જ્ઞાન આવતું નથી. આહાહા! (શ્રોતા : બંને શાસ્ત્ર ને વાણી જ્ઞાન નથી). વાણીમાં જ્ઞાન નથી, શાસ્ત્રમાંય જ્ઞાન નથી. (શ્રોતા : જ્ઞાનનું કારણ છેને?) કારણેય નથી. જડ કારણ હોય જ્ઞાનનું? મૂળચંદભાઈ! આ તો અગમ્ય વાતો છે. (શ્રોતા : આ કારણ લખ્યું છેને?) કારણ લખ્યું છે એ બધું સમજાવવા. બધા બહુ ભડકી ન જાય એટલે. કારણ-ફારણ કેવા? નિમિત્તકારણ, કારણ જ નથી. વાત આવી છે ભાઈ! એ સમ્યગ્જ્ઞાનના અંશનું કારણ પ્રભુ આત્મા, એના આશ્રય વિના જ્ઞાન સાચું ત્રણ કાળમાં હોઈ શકે નહિ. આહાહા! ભગવાનની વાણીમાં જ્ઞાન... એ 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે કે વાણીથી ન જ્ઞાન થાય, શાસ્ત્રથી ન જ્ઞાન થાય. ત્રણ લોકના નાથની દિવ્યધ્વનિ છૂટી ને સાંભળી સમવસરણમાં, એનાથી જ્ઞાન ન થાય. (શ્રોતા : એક ઠેકાણે એનાથી જ્ઞાન થાય એમ લખ્યું છેને ?) એ લખ્યું એ નિમિત્તનું કથન છે. વ્યવહાર વચમાં આવે એ જાણવામાં એ વ્યવહાર કહ્યો. આહાહા!

સમવસરણમાં એ અનંતવાર ગયો છે. ભગવાનની વાણી સાંભળી છે અનંતવાર. પૂજા કરી છે અનંતવાર સમવસરણમાં. મણિરતનના દીવા, કલ્પવૃક્ષના ફૂલ, સાક્ષાત્ ભગવાન સામે બેઠા હોય. જય પ્રભુ ! એ બધો વિકલ્પ ને રાગ છે, કહે છે. એ

ભગવાનદાસજી ! આવો માર્ગ છે. આહાહા! સાધારણ માણસને બિચારાને તો હાય.. હાય! આ બધું જે કરવાયોગ્ય છે એ તો બધું ઉથાપી નાખે છે. વાત તમે કહો છો એ બરાબર છે, પણ પછી એનું સાધન ? ભગવાનની ભક્તિ કરવી, શાસ્ત્ર વાંચવા, પૂજા કરવી. અરે ભગવાન ! એ તો વાતું બધી છે. શું કહીએ! આહાહા! આખો સાધન નામનો ગુણ તારામાં પડ્યો છે. એ કારણ થઈને કાર્ય જ્ઞાનમાં આવે એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા !

ज्ञानके बिना वेषधारी विषयके भिखारी हैं. જુઓ હવે જરીક (શ્રોતા : કઠણ વાત આવે છે). જરી કઠણ વાત છે, પણ હવે છે તો... આહા! ૪૬ કળશ છેને નીચે. પ્રશ્ન તો આનો લીધો છે. એનું જ છે. પછી આવશે એનું. ज्ञानके बिना वेषधारी विषयके भिखारी हैं. આહાહા! શું કહે છે ?

જ્ઞાન વિના વેશધારી વિષયના ભિખારી છે (સવૈયા એકત્રીસા)

भेष धरि लोकनिकौं बंचै सौ धरम ठग,
　　गुरु सो कहावै गुरुवाई जाहि चहिये।
मंत्र तंत्र साधक कहावै गुनी जादूगर,
　　पंडित कहावै पंडिताई जामैं लहिये।।
कवित्तकी कलामैं प्रवीन सो कहावै कवि,
　　बात कहि जानै सो पवारगीर कहिये।
एतौ सब विषैके भिखारी मायाधारी जीव,
　　इन्हकौं विलोकिकै दयालरूप रहिये।।११३।।

**શબ્દાર્થ :—**બંચૈ=ઠગે. પ્રવીન=ચતુર. પવારગીર=વાતચિતમાં હોશિયાર–સભાચતુર. વિલૌકિકૈ= જોઈને.

**અર્થ :—**જે વેષ બનાવીને લોકોને ઠગે છે, તે ધર્મ–ઠગ કહેવાય છે, જેમાં લૌકિક મોટાઈ હોય છે તે મોટો કહેવાય છે, જેનામાં મંત્ર–તંત્ર સાધવાનો ગુણ છે તે જાદુગર કહેવાય છે, જે કવિતામાં હોશિયાર છે તે કવિ કહેવાય છે, જે વાતચિતમાં ચતુર છે તે વ્યાખ્યાતા કહેવાય છે. આ બધા કપટી જીવ વિષયના ભિખારી છે. વિષયોની પૂર્તિ માટે યાચના કરતા ફરે છે, એમનામાં સ્વાર્થત્યાગનો અંશ પણ નથી. એમને જોઈને દયા આવવી જોઈએ. ૧૧૩.

अर्थ :–जो वेष बनाकर लोगोंको ठगता है, वह धर्म-ठग कहलाता है, जिसमें लौकिक बड़प्पन होता है, वह बड़ा कहलाता है, जिससे मंत्र-तंत्र साधनेका गुण है, वह जादूगर कहलाता है, जो कविताईमें होश्यार है, वह कवि कहलाता है, जो बात-चितमें चटपटा है, वह व्याख्याता

कहलाता है। सो ये सब कपटी जीव विषयके भिक्षुक हैं, विषयोंकी पूर्तिके लिये याचना करते फिरते हैं, इनमें स्वार्थ-त्यागका अंश भी नहीं है। इन्हें देखकर दया आनी चाहिये॥११३॥

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

भेष धरी लोकनिकौं बंचै सौ धरम ठग.. પંડિતોનો વેષ રાખે, સાધુનો વેષ રાખે એ भेष धरी लोकनिकौं बंचै.. એ ધર્મઠગ છે. આહાહા! અરે! અંતરમાં આત્માના આનંદનો આશ્રય લીધા વિના જ્ઞાન નથી અને બહારના ભેખથી બીજાને અધિકપણે મનાવવું છે. અમે કાંઈક બીજા કરતાં અધિક છીએ એમ મનાવવું છે, એ ઠગ છે, કહે છે. આહાહા! ગજબ વાત છે! (શ્રોતા : સત્ય બાત હૈ.) સત્ય બાત એ છે. અમારા હીરાભાઈ ખુશ છે. કહો, સમજાય છે કાંઈ? આહા! जो वेष बनाकर लोगोंको ठगता है. ગૃહસ્થનો વેષ હોય તો ઠગાય નહિ માણસ માળા. એ તો કહે, છે તો આપણી જેવા. વેષ જ્યાં ફેર પડ્યો ત્યાં બીજાને પણ અધિકપણે મનાવવાનો ભાવ અને ઓલા અધિકપણે માને. આહાહા!

गुरु सो कहावै गुरुवाई जाहि चहिये. जिसमें लौकिक बड़प्पन होता है वह बड़ा कहलाता है. મોટા પ્રમુખ.. સંઘવી.. સંઘી શું કહેવાય? સંઘપતિ. મોટા મોટા પૂંછડાઓ આવે આવા. અરે ભાઈ! એ શું બાપુ! એ કંઈ મોટપની ચીજ છે ? સમજાણું કાંઈ? गुरु सो कहावै गुरुवाई जाहि चहिये.. એને મોટપ જોઈએ છે ક્યાંક, કહે છે. આહાહા! આત્માની મોટપ નથી જોઈતી. દુનિયામાં ક્યાંક મોટપ, ગણવાયોગ્ય ગણે મને, કાંઈક કાંઈક હું છું, આમાં છું, જાણપણામાં મોટો છું. સમજાય છે? ફલાણામાં મોટો છું, વક્તા વાચાળ બીજા કરતાં હું જબરો છું, મારા જેવી વચનકળા બીજા પાસે નથી. અરે! એ મોટપ તો જગતની છે રખડવાની. આહાહા! સમજાણું કાંઈ?

मंत्र तंत्र साधक कहावै गुनी जादूगर, લ્યો. જુઓ, જાદૂગર આવ્યો. મંત્ર આવડે, તંત્ર આવડે. આવ્યું હતુંને ઓલામાં તંત્ર–ટોટકા ને. સાધનેકા ગુણ... હા, સાધી શકે મંત્ર ને વિદ્યા ને, આહા ! દેવી હાજર થાય, દેવ હાજર થાય. ધૂળ, શું એ કંઈ આત્મા છે? આહાહા! जिसमें मंत्र साधनेका गुण है वह जादुगर कहलाता है. એ તો જાદુગર છે કહે છે. આમ જાદુની ..... આમ તો ધતિંગ કરે છે એકલું. પણ નજરબંધી અમને લોકો કહે. અમારી નજર બાંધી એમ લોકો કહે. ઓલા એ તો દાઢી મોટી હોય, આ હોય આમ કંઈક આમ.... આહા! જરા શક્તિ લાગે છે. ધૂળેય શક્તિ નથી, જાદુગર છે. શેઠ!

ભારે આ ઉઘાડું કર્યુ. .... આ શું કહેવાય તમારે ? હિપ્નોટીસ કંઈક કહેવાય છેને...ઓલા એ પછી આ બોલાવે એમ બોલે. સો જાઓ.. આમ કરો. પણ એ તો ધૂળધાણી

છે, સાંભળને હવે! આહા! જાદુગરી છે એ. જાદુગર છે એ ધર્મી નહિ. આહા! એવો ગુણ ધરાવીને જાદુગર કહેવડાવે. એ આવડત હોયને એટલે જાણે એમ એમ જાણપણાવાળા છીએ. જાદુગર છો કહે છે. આહાહા! ઠગ છો ઠગ.

એ તો બિચારો કહેતો હતો, અમારૂં ધતિંગ છે. પહેલું આવી ગયું છે બધું હોં. મહારાજ! અમારૂં બધું ધતિંગ છે હોં. ભાઈ ! આ જિંદગી જાય છે હોં. પુણ્ય બળી જાય છે બાપા! પુસ્તક આપ્યા એક–બે. પુસ્તક આપ્યા, કાંઈક વાંચો.. વાંચો.. વિચારો, શું ચીજ છે. આ બધી જિંદગી ચાલી જાય છે. અને આમ ..... પહેરીને આવેને ઓલા જાદુગરમાં. એ આપે ભાષણ આહા ! અને જુવાન માણસ હોય, આહા! ઓલા અંજાઈ જાયને કાંઈ. હાથની ચાતુરી વાપરે. કટકા કરે બે અને બતાવે અને વળી, એય.. આહીં આવે. શેઠ! કંઈ કર્યું હશે કે નહિ તે દિ'? એ જોવા ગયા હતા ત્યાં. રાતનું પતી ગયું ચર્ચા થઈ ગયા પછી. આહીંનું પુરૂં થઇ ગયા પછી .... વાત આમ કરતા હતા. આહા!

પછી કહે છે, पंडित कहावै पंडिताई जामैं लहिये, લ્યો. जो कविताईमें होशियार है वह कवि कहलाता है. પંડિત.. પંડિત.. पंडित कहावै पंडिताई जामैं लहिये. ધારણા, વાતું, પંડિત મોટા. પંડિતાઈ ... એવા. આહા! કહે છે, એ બધા વિષયના ભિખારી છે. પોતાનું જાણપણું બતાવીને બીજાની પાસે મોટપ લેવી છે. આહાહા! સાધુય કાંઈક કેટલાક એવા હોય છેને. પૂજા કરાવે નવ અંગની–આખા શરીરની. પોતે બેઠા હોય... (શ્રોતા : નવ અંગી) નવ અંગી. નવ અંગ એટલે શું? આહાહા! કહે છે કે બધા ભિખારા દુનિયા પાસે મોટપ લેવા માગે છે. पंडित कहावै पंडिताई जामैं लहिये. આહાહા!

कवित्तकी कलामैं प्रवीन सो कहावै कवि.. બાતચીતમેં... કવિ હોંશિયાર હોય કવિતામાં. એમાં શું એ ? કવિતા બતાવીને પણ બીજા પાસે પોતાની મોટપ જાહેર કરવી છે. ભિખારી છે કહે છે. અમને અભિનંદન આપો, અમને લખી દ્યો. પોતે લખે પોતાનું નામ મોટું મોટું. સમજ્યાને ! બધા ભિખારીઓ છે કહે છે. આહાહા! પોતાનું નામ લખે, અમે આવા છીએ, આવા છીએ. અરે પ્રભુ ! શું કરે છે તું આ? પરવિષયના ભિખારી છે એ તો બધા. આહાહા! बात कहि जानै सो पवारगीर कहिये.. વાતમાં વ્યાખ્યાતા હોય.. બાતચીતમેં ચટપટા હૈ. એ તો બોલે ને ઉત્તર ફડાક. પણ એમાં શું થયું હવે એ? અગિયાર અંગ અને નવ પૂર્વના ભણતર બધા અજ્ઞાન છે. આહા!

જ્યાં ભગવાન આત્માનું પડખું હાથ આવ્યું નથી, એ વિનાની બહારની અધિકાઈ મનાવવી છે, એ વિષયના ભિખારીઓ છે કહે છે. આકરું કામ છે ભાઈ ! પરમ સત્ય, પરમ સત્ય આ છે પ્રભુ ! આહાહા! તારી પ્રભુતા અંદરમાંથી આવી નથી અને આ

બહારની પ્રભુતા ને એનો દેખાડ ને અધિકાઈ મનાવવી છે, ભિખારી છો કહે છે. પ્રેમચંદભાઈ ! આહાહા ! ડોક્ટર હોયને મોટા, પહેલા ઓનરરી કામ કરે. પછી હેતુ તો એ હોય કે બહાર પડીએ પછી આપણું દવાખાનું સારું ચાલે. ભિખારી છે કહે છે. આહાહા! સમજાય છે ? આહાહા ! દુનિયા પાસે આહીં જઈએ ને આહીં જાવું ને આહીં જાવું, ન્યાંથી કાંઈક મળશે, મોટા લખાણ લખાવે પોતાના નામના, જલસો કરાવે પોતાના નામનો. આહાહા ! અમે બીજા કરતાં હોંશિયાર છીએ એમ બહાર પાડો. ભાઈબંધોને કહીને ઊભા કરે. આહાહા ! વ્યાખ્યાતા કહેવાય.

सो ये सब कपटी जीव विषयके भिक्षुक है. एतौ सब विषैके भिखारी मायाधारी जीव.. વાહ પ્રભુ વાહ ! કહે છે. સમજાણું કાંઈ ? બહારમાં પોતાની કંઈ અધિકતા પ્રગટી હોય, એ દ્વારા પરમાં અધિકતાની ઇચ્છા રાખવી, ભિખારી છે વિષયના. મારા વખાણ કરે, મને કંઈક ગણતરીમાં ગણે, લેખામાં લે. જેને ભગવાન આત્મા જોવે છે એને આ વાતમાં રસ હોય શેનો પણ? કહે છે. સમજાણું કાંઈ ? એક પ્રશ્ન સારો પૂછતાં આવડે ત્યાં એને એમ થઈ જાય કે આહા.. મને બહુ આવડી ગયું હોં. એમ કહે, પ્રશ્નકાર હોંશિયાર છું એવું તમે મને ગણો. ભિખારી છો, કહે છે, વિષયના રાંકા. એય !

અને કાંઈક ઉત્તર દેતા આવડ્યો હોય એને અંદરમાંથી એમ થાય, આ મને આવડે છે, જુઓ મને જ આવડે લ્યો આનો ઉત્તર. અને એ તમે મને ગણો કે મને આવડે છે, એમ. આહાહા ! ભારે કામ ભાઈ ! જેને ચૈતન્યપ્રભુ આનંદની ખાણ, શાંતિનો સાગર, એની શ્રદ્ધાનું ભાન થયું અને એ જ્ઞાન થયું, એની ભાવના તો આત્મામાં એકાગ્ર થવાની હોય. બહારમાં પડવાની હોય કે એને અંદરમાંથી મોટપ પ્રગટ કરવાની હોય એને ? આહાહા !

एतौं सब विषैके भिखारी.. એ વિષયના જ ભિખારી છે. ઇન્દ્રિયના જ્ઞાન દ્વારા અધિકાઈ જેને બહારમાં મનાવવી છે... આહાહા ! વાત ભારે ભાઈ ! ભીખાભાઈ! બહુ વાત આવી આ તો. આહાહા ! विषयोंकी पूर्तिके लिये याचना करते फिरते हैं. આહા ! જ્યાં ત્યાં જાય, ચોપાનિયામાં લખાવે, મારું નામ લખજો, આનો કર્તા હું છું, આ મેં બનાવ્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ? વિષયકે ભિક્ષુક હૈં. એ શબ્દ-રૂપ-રસ-આબરુ માગે છે. આહા! એને ભગવાન આત્માની માંગણી અંદર અંતરમાં નથી. આહા ! 'બનારસીદાસે' પણ વાતનું સ્પષ્ટીકરણ કર્યું! એ વિષયોંકી પૂર્તિ કે લિયે યાચના કરતે હૈં.

विषैके भिखारी मायाधारी.. એ કપટી છે. આહાહા ! જેમ બહારની કવિતા આવડે, આ જાણપણા હો, ધારણા હો, એ કરીને મને કોઈ મોટો કહે, કહે છે કે એ તો કપટી માયાવી ભિખારી છે. આહાહા ! સમજાણું કાંઈ ? આ તો વીતરાગના માર્ગે જાવું, બાપા!

આહાહા! એને આવા ભિખારીપણા હોય નહિ. દુનિયા માને, ન માને... દાખલો આપ્યો હતોને એક. વનમાં ફૂલો ઊંચા ઊગ્યા હોય, એની સુગંધ કોઈ સૂંઘવા ન આવે અને ખબર ન પડે તો કંઈ સુગંધ વઈ જાય એવી છે? પ્રશ્ન હતો ભાઈ સોગાનીનો. છે ને. વાત તો સાચી છે. અને સિદ્ધ અનંતા થયા. એ કેટલાક સિદ્ધને તો જાણતાય નથી કે ક્યા સિદ્ધ થયા. એમની ખબરેય નથી. આ ન જાણે અને એના વખાણ ન કરે તો સિદ્ધપણું વયું જાય ન્યાંથી? દુનિયા જાણે, માને તો એનો ગુણ રહે, એમ હશે? આહાહા!

એ બધા વિષયના પૂર્તિને લઈને યાચના કરતે ફિરતે હૈં. ભિખારી છે. ચોપાનિયામાં અમારું નામ રાખજો. કોઈ પુસ્તક બન્યું એમાં નામ નાખે. કો'કે બનાવ્યું અને પોતાનું નામ નાખે. આ કવિતાના ચોર નથી થાતા. કવિતા કો'કની હોય અને પોતાને નામે ચડાવી દે. અલ્યા, ભિખારી છે આ બધા. મિથ્યાત્વના માંગણો છે બધા. સમજાણું કાંઈ? इन्हकौं विलोकिकै दयालरुप रहिये, આમ કહે છે. આહાહા! આવા ભિખારીઓને જોઈને દયા રાખજે. (શ્રોતા : દયનીય પ્રાણી હૈ). પ્રાણી છે. આહાહા! દયા આની ચાહિયે, કહે છે. અરેરે! આવા ભિખારીઓ મિથ્યાત્વમાં પડેલા અને બહારમાં અધિકાઈ મનાવે છે, એના ફળ તો એને આકરા આવશે. એટલે એની દયા ખાવી જોઈએ, એમ કહે છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે.

( પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૪૫, ભાદરવા સુદ ૫, ગુરુવાર, તા. ૨૬-૮-૧૯૭૧
## સર્વવિશુદ્ધિદ્વાર પદ ૧૧૪ થી ૧૧૮ ઉપર પ્રવચન (હિન્દી)

દશલક્ષણીપર્વ હૈ. ક્યોંકિ ચારિત્રકા ભેદ હૈ ઔર ચારિત્ર સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ. કહો, શેઠ ! દસ પ્રકારકે જો ધર્મ હૈં ઉત્તમ ક્ષમાદિ વે ચારિત્રક—વીતરાગ પરિણતિકે ભેદ હૈં ઔર જો ચારિત્ર હૈ વહ મુક્તિકા કારણ હૈ. ચારિત્રકા દસ પ્રકારકા આરાધન વહ તો સદા હો સકે. પર મુખ્ય તો યહ તીન ...મેં કહા હૈ. મહા, ચૈત્ર અને ભાદરવો. તીન પર્યુષણ હૈં. પર્યુષણમાં ત્રણ છે. મહા મહિનેમેં હૈ, મહા સુદ પાંચમસે. ચૈત્રમેં હૈ ઔર યહ ભાદ્રપદમેં. એમાં આ નિવૃત્તિ હોય વધારે લોકોને એટલે ..... મુનિકે ધર્મ દસ પ્રકારકે. અહીં તો આચાર્ય કહે છે. પહેલી ગાથા છેને પહેલી. દસ પ્રકારકે ધર્મકા વર્ણન. ......... પરમ ભક્તિથી દશ પ્રકારનો ધર્મ સાંભળો—સુનના. દશ પ્રકારકા ધર્મ હૈ યે હમ કહેંગે, પરમ ભક્તિસે સુનના. આચાર્ય 'પદ્મનંદિ આચાર્ય'. 'કાર્તિકેયસ્વામી'. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા.' પુરાના. ૨૨૦૦ વર્ષ પહલે હો ગયે બડે (મુની). વે કહતે હૈં, મૈં કહૂંગા. ૨૨૦૦ વર્ષ પહલે. ..........મૈં કહૂંગા દશ પ્રકારકે ધર્મ વહ બહુમાનસે ભક્તિસે સુનના. ઐસી બાત કહી હૈ.

ઉત્તમ ક્ષમા. ....... જિસકો આત્મજ્ઞાન હુઆ હૈ ઉસકો યહ ઉત્તમ ક્ષમા હોતી હૈ. ઉત્તમ શબ્દ હૈ ન? સાધારણ અજ્ઞાનભાવસે ક્ષમા કરતે હૈં વહ તો પુણ્યબંધકા, મિથ્યાત્વસહિત પુણ્યબંધકા કારણ હૈ. પર યહ તો આત્મા સચ્ચિદાનંદ પરમાત્મા આનંદકંદ મૈં હૂં, મૈં તો શુદ્ધ વીતરાગમૂર્તિ હૂં. ઐસી અંતરમેં દૃષ્ટિ પ્રગટ હોકર સ્વરૂપમેં સ્થિરતાકા ચારિત્રભાવ (હોના), ઉસકા એક પેટા ભેદ ઉત્તમ ક્ષમા કહનેમેં આતા હૈ. જો મુનિ દેવ, મનુષ્ય અને તિર્યંચ આદિસે રૌદ્ર ભયાનક ઉપસર્ગ કરને પર ભી... કરોડ ભયાનક ઉપસર્ગ હોને પર ભી 'कोहेन न तपधि'—ક્રોધસે તપ્તાયમાન નહિ હોતા. મૈં તો જ્ઞાનાનંદ હૂં, ઉસમેં ક્રોધ હોના વહ મેરા સ્વભાવ નહીં. મુજે તો આનંદ હો, ક્ષમામેં આનંદ હી, અતીન્દ્રિય આનંદ મેરી સ્થિતિ હૈ ઔર મેરા સ્વભાવ વહ હૈ. ઐસે અતીન્દ્રિય આનંદમેં રહકર ક્રોધકા ઉત્પન્ન નહીં હોના ઉન મુનિકે નિર્મલ ક્ષમા હોતી હૈ. ઉસમેં .... કદાચિત, કહતે હૈં, કોઈ મેરે દોષ કહતે હૈં જો મેરેમેં વિદ્યમાન હૈં તો ક્યા મિથ્યા કહતે હૈં ? ઐસા ધાર કર સમતા રખના. સમજમેં આયા ?

ઔર (ઐસા) વિચાર કરકે ક્ષમા કરના કિ યદિ મેરેમેં દોષ નહિ હૈ તો યહ બિના જાને કહતા હૈ, તો ઈસ અજ્ઞાનીકો કૈસા દોષ? ખબર નહિ (ઔર) કહતા હૈ ઉસકા ક્યા

દોષ? ઐસા વિચાર (કરકે) ક્ષમા કરના. અજ્ઞાનીકે બાલસ્વભાવકા ચિંતવન કરના કિ બાલક તો પ્રત્યક્ષ ભી કહતા હૈ, યહ તો પરોક્ષ કહતા હૈ. અપની નિંદા આદિ પરોક્ષ કહતા હૈ. બાલક તો પ્રત્યક્ષ ભી કહે. ઐસા વિચારકર ક્ષમા કરના. જ્ઞાતા-દૃષ્ટાપને રહના ઉસકા નામ ક્ષમા. આહાહા! પ્રત્યક્ષ ભી કુવચન કહે તો યે વિચાર કરના કિ બાલક તો તાડન ભી કરતા હૈ, મારે. યહ તો કુવચન હી કહતા હૈ, મારતા તો નહિ. ઐસે સમજકર ક્ષમા કરના. તાડન કરે તો યહ વિચાર કરના કિ બાલક અજ્ઞાની તો પ્રાણઘાત ભી કરતા હૈ. પ્રાણઘાત તો કરતા નહીં ઐસા ધારકર ક્ષમા કરના. સમજમેં આયા? યદિ પ્રાણઘાત કરે તો યહ વિચાર કરે કિ અજ્ઞાની તો ધર્મકા ભી વિધ્વંસ કરતા હૈ. યહ પ્રાણઘાત હી કરતા હૈ. ધર્મકા વિધ્વંસ તો નહિ કરતા? ઐસા વિચાર કરકે પરકા સમાધાન કરના ઔર શાંતિમેં રહના. ઉસકા નામ સમ્યગ્દર્શન સહિત ચારિત્રકા પેટાભેદ ઉત્તમ ક્ષમાધર્મ મુક્તિકા કારણ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? જુઓ, આ તો ધર્મ શરૂઆત કરીને. અહીંયા આપણે સમયસાર નાટક. ૧૧૪ અને ૧૧૫ બોલ. હૈ? નીચે શ્લોક હૈ ૪૬.

दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।
एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा॥४६॥

---

**સમયસાર કળશ અર્થ** :—''मुमुक्षुणा एकः एव मोक्षमार्गः सदा सेव्यः'' (मुमुक्षुणा) મોક્ષને ઉપાદેય અનુભવે છે એવો જે પુરુષ, તેણે (एकः एव) શુદ્ધસ્વરૂપનો અનુભવ (मोक्षमार्गः) મોક્ષમાર્ગ છે અર્થાત્ સકળ કર્મોના વિનાશનું કારણ છે એમ જાણીને (सदा सेव्यः) નિરંતર અનુભવ કરવા યોગ્ય છે. તે મોક્ષમાર્ગ શું છે? ''आत्मनः तत्त्वम्'' આત્માનું તત્ત્વ અર્થાત્ શુદ્ધ જીવનું સ્વરૂપ છે. વળી કેવું છે આત્મતત્ત્વ? ''दर्शनज्ञानचारित्रत्रयात्मा'' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, તે ત્રણ સ્વરૂપની એક સત્તા છે આત્મા (-સર્વસ્વ) જેનો, એવું છે. ૪૬.

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ક્યા કહતે હૈં?

जो दयालता भाव सो, प्रगट ग्यानकौ अंग।
पै तथापि अनुभौ दसा, वरतै विगत तरंग॥११४॥

**શબ્દાર્થ** :—પ્રગટ=સાક્ષાત્. તથાપિ=તોપણ. વિગત=રહિત. તરંગ=વિકલ્પ.

**અર્થ** :—જો કે કરુણાભાવ જ્ઞાનનું સાક્ષાત્ અંગ છે, તોપણ અનુભવની પરિણતિ નિર્વિકલ્પ રહે છે. ૧૧૪.

अर्थ :—यद्यपि करुणाभाव ज्ञानका साक्षात् अंग है, पर तौ भी अनुभवकी परिणति निर्विकल्प रहती है॥११४॥

यद्यपि करुणाभाव ज्ञानका साक्षात् अंग है. અનુકંપા આતી હૈ તો યે જ્ઞાનકા અંગ હૈ. तथापि अनुभौ दसा.. અપના આત્મા આનંદસ્વરૂપ ઉસકી દૃષ્ટિ ઔર આનંદકા વેદન જ્ઞાન ઔર ઉસમેં લીનતાકા અનુભવ યે મોક્ષકા માર્ગ હૈ. સમજમેં આયા? અહિંસા આદિકા વિકલ્પ ઉઠે, ભક્તિકા વિકલ્પ ઉઠે, સબ પુણ્યબંધકા કારણ હૈ, મોક્ષકા કારણ નહિ. સમજમેં આયા? અહિંસા પરમોધર્મ જો કહતે હૈં યે દૂસરી ચીજ હૈ. અપને આત્મામેં આનંદમેં રહકર રાગકી ઉત્પત્તિ ન હોના ઔર અંતરકે આશ્રયસે વીતરાગ આનંદ સહિતકી ઉત્પત્તિ હોના, ઉસકા નામ અહિંસા પરમોધર્મ કહનેમેં આતા હૈ.

(શ્રોતા : અપની દયા.....) અપની દયા. દૂસરે કિસકી કરતા હૈ? કર સકતા હૈ કૌન? આહાહા! (શ્રોતા : અપની દયા કિસ પ્રકારસે?) યહ રાગકી ઉત્પત્તિ કરના યે અપની હિંસા હૈ. ચાહે તો દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાકા જો વિકલ્પ હૈ યે રાગ હૈ. યે અપની શાંતિકી હિંસા હૈ. આહા! પ્રસન્નજી ! ઔર યે રાગકી ઉત્પત્તિ નહીં હોના ઔર ત્રિકાલ જ્ઞાયકભાવકે આશ્રયસે આનંદ ઔર વીતરાગકી ઉત્પત્તિ હોના, ઉસે અહિંસા પરમધર્મ કહનેમેં આતા હૈ. આહા! સમજમેં આયા ? अनुभौ दसा.. વિકલ્પ નામ રાગ રહિત અપને ચૈતન્ય આનંદ સ્વભાવકા અનુભવ કરના, ઉસકે અનુસાર હોકર વીતરાગીભાવ પ્રગટ કરના, યે એક હી वरतै विगत तरंग.. વિકલ્પકે—રાગકે તરંગસે રહિત નિર્વિકલ્પ અનુભવદશા યે એક હી મોક્ષમાર્ગ હૈ. સમજમેં આયા?

આ આવ્યું છેને. ઓલું આવ્યું છે એ. બે પુસ્તક આવ્યા છેને? શાસ્ત્ર બે આવ્યા છે. પહેલા? એમાં કાંઈક પ્રસ્તાવનામાં..... થોડી પ્રસ્તાવના વાંચી. વળી એનું શું કહ્યું છે? છે નિમિત્તનો પ્રશ્ન. હા, કરે, કરે નિમિત્તનો......(શ્રોતા : એનાથી જ કામ થાય). ભાઈ! કામ તો આત્માની પર્યાયથી થાય છે. નિમિત્ત શું? આહીં તો વિકલ્પ છે નિમિત્ત તરફનો લક્ષ, એ રાગ છે. ચાહે તો તીન લોકકે નાથ સમવસરણમેં બિરાજતે હો સર્વજ્ઞ પરમાત્મા, ઉનકી ભક્તિકા ભાવ ભી રાગ હૈ. રાગ યે મોક્ષકા કારણ બિલ્કુલ નહીં, સંવર-નિર્જરા બિલ્કુલ નહીં. (શ્રોતા : ત્યારે શું?) આસ્રવ, અધર્મ હૈ. એ પંડિતજી! ઐસી બાત હૈ. આસ્રવ હૈ. નિશ્ચય થતા સંવર...... યે વીતરાગકા માર્ગ સૂક્ષ્મ હૈ. વીતરાગકે માર્ગમેં વીતરાગભાવ હો યે ધર્મ હૈ કિ રાગ યે ધર્મ હૈ? મહાવ્રતકા પાલન... મહાવ્રત વહ ભી રાગ હૈ, વિકલ્પ હૈ. યે આસ્રવ હૈ, બંધકા કારણ હૈ ઔર આત્માકે સ્વરૂપકી ઈતની હિંસા હૈ. જેઠાભાઈ ! ભારે કામ ભાઈ !

ભાઈ! તું ચૈતન્ય સ્વરૂપ આનંદનો નાથ અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા છે. અતીન્દ્રિય આનંદકા અવલંબન લેકર અતીન્દ્રિય આનંદકી દશા પ્રગટ કરના વહી વીતરાગી

પરિણતિ મુક્તિકા કારણ હૈ. જિતના પરદ્રવ્ય આશ્રિત વિકલ્પ ઊઠતે હૈં, સબ રાગ હૈ. મૂલચંદભાઈ ! બંધનું કારણ છે. ઓલા નવા સાંભળવા આવે ને આમ આવે તેને તો આમ એવું લાગે, હાય! ભાઈ ! તું તો... તારી ચીજેય વીતરાગમૂર્તિ છે. સમજમેં આયા? ઔર વીતરાગતામેંસે તો વીતરાગતા હી પ્રગટ હોતી હૈ. રાગ પ્રગટ હોતા હૈ તો પરકે લક્ષસે ઉત્પન્ન હોતા હૈ. આહાહા! સમવસરણમેં ભગવાનકે સમીપમેં—તીન લોકકે નાથકી સમીપમેં અનંત બાર સમવસરણમેં ગયા, દિવ્યધ્વનિ સુની ઔર મણિરતનકે... શું કહેવાય? મણિરતનકે દીપક ઔર કલ્પવૃક્ષકે ફૂલ.. એય શેઠ! કહતે હૈં કિ ઉસકા ભાવ શુભ હૈ, પુણ્ય હૈ, ધર્મ નહિ. (શ્રોતા : પુણ્ય તો ત્યાં સુધી ઠીક, ધર્મ નહિ). પુણ્ય કહો કિ ધર્મ નહિ કહો કિ અધર્મ કહો—સબ એક હી બાત હૈ. અમરચંદભાઈ! આહાહા!

લીધું હતું એ, નહિ? 'દીપચંદજી'. અધર્મ છે એમ લીધું ચોખ્ખું. હા, ધર્માધર્મ. શ્રાવક કો જિતની વીતરાગી પરિણતિ હૈ ઉતના ધર્મ હૈ અને જિતની રાગદશા વહ અધર્મ હૈ. 'દીપચંદજી'ને 'આત્મ અવલોકન'મેં લિયા હૈ. માર્ગ બાપા એવો છે પ્રભુ ! આહાહા! રાગ હો, આતા હૈ. જબ લગ વીતરાગતા પૂર્ણ પ્રગટ ન હો તો બીચમેં સમ્યગ્દર્શન-જ્ઞાનકી શાંતિપૂર્વક રાગ આતા હૈ, પર હૈ બંધકા કારણ. સમજમેં આયા? આ દાનના પૈસા દેવા બે-પાંચ લાખ, એટલા તો ન દે પણ આ દસ-વીસ હજાર દ્યે લ્યોને કદાચ એટલા. પર વહ રાગ મંદ કરે તો ભી પુણ્ય હૈ, ધર્મ નહિ. દાન કરનેમેં ધર્મ નહિ. (શ્રોતા : દાન તો થોડા કરે). કરે કૌન? યે તો રાગ આયે બિના રહે નહિ. એય પોપટભાઈ! કહો, શેઠ! આ બધા તમે દાની કહેવાઓ છોને. તમે બે ભાઈઓ, એમ કહે છે લોકો લ્યો, દાની છે એ. હવે દાનમાં રાગ મંદ હો, પુણ્ય છે. રાગ છે, ધર્મ નહિ. દાન તો અપને સ્વરૂપકી શાંતિકો પ્રગટ કરકે અપનેમેં દેના, વીતરાગ પરિણતિ પ્રગટ કરકે અપનેકો દેકર અપનેમેં રખના, ઉસકા નામ યથાર્થ ધર્મદાન હૈ. આહા! तथापि अनुभौ दसा वरतै विगत तरंग.. હવે એનો ખુલાસો કરે છે.

**दरसन ग्यान चरन दसा, करै एक जो कोइ।**
**थिर ह्वै साधै मोख-मग, सुधी अनुभवी सोइ॥११५॥**

**શબ્દાર્થ :—** સુધી=ભેદવિજ્ઞાની.

**અર્થ :**જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતાપૂર્વક આત્મસ્વરૂપમાં સ્થિર થઈને મોક્ષમાર્ગને સાધે છે, તે જ ભેદવિજ્ઞાની અનુભવી છે. ૧૧૫.

अर्थ :–जो सम्यग्दर्शन-ज्ञान-चारित्रकी एकतापूर्वक आत्मस्वरूपमें स्थिर होकर मोक्षमार्गको

साधता है, वही भेदविज्ञानी अनुभवी है।।११५।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જો કોઈ પ્રાણી અપના ભગવાન આત્માકા દર્શન, ઉસમેં હૈ પીછે, સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન વહ નહિ કિ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા કરના, નવ તત્ત્વકી શ્રદ્ધા કરના. વહ સમ્યગ્દર્શન નહિ, વહ તો વિકલ્પ હૈ. નિશ્ચયમાં આવ્યા વિના વ્યવહાર હોય છે ને બધું રાખ્યું છે થોડું થોડું. હોય છે એ જુદી વાત છે અને માર્ગ તો એક જ છે. આહા! ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનકા સાગર ઉસકી ઓરકે ઝૂકાવસે જો અંતરકી દૃષ્ટિ પ્રગટ હુઈ, અંતર આત્માકી પ્રતીતિ અંદર હુઈ, (વહ) નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ઔર અપને જ્ઞાનસ્વરૂપમેં જ્ઞાન શુદ્ધજ્ઞાનકી કણિકા શાંતિકે સાથ ઉત્પન્ન હુઈ વહ સમ્યગ્જ્ઞાન ઔર સ્વરૂપમેં લીનતા ઔર શાંતિ વીતરાગતા વહ ચારિત્ર. આહા! હૈ? एकतापूर्वक आत्मस्वरूपमें स्थिर होकर.. તીનોં ભેદ ભી લક્ષમેંસે છોડ દેના. આહાહા! વ્યવહારકા વિકલ્પ તો મોક્ષમાર્ગ નહિ. આહા! વીતરાગમાર્ગ અપૂર્વ હૈ. સમજમેં આયા? સાધારણ કહે, અમારે સાધારણ પ્રાણીને પણ? પ્રાણી આત્મા સાધારણ નથી. એ તો મહા અસાધારણ પરમાત્માનું રૂપ છે. આહાહા! પર્યાયકા લક્ષ છોડકર દેખો તો દ્રવ્ય તો પરમાત્માસ્વરૂપ હી હૈ. સમજમેં આયા? આહા!

(શ્રોતા : એવું બતાવે છે એ જ ભગવાન) તું પરમેશ્વર હૈ. પૂરા પરમેશ્વર. 'अप्पा सो परम अप्पा.' શેઠ! આતા હૈ કિ નહિ? તારણસ્વામીમેં બહોત આતા હૈ. 'अप्पा सो परम अप्पा.' આત્મા હી પરમાત્મા હૈ. દૂસરા પરમાત્મા ઉસકા હૈ. યહાં ક્યા આયા? સમજમેં આયા? તું હી પરમેશ્વર હૈ. તું હી અપનેકો ભગવાન સ્થાપ. ઐસા આતા હૈ ભાઈ! 'અનુભવપ્રકાશ'માં આવે છેને, ભાઈ! આ શબ્દ આવે છે. તું તુજે પરમેશ્વર સ્થાપ. એય! (શ્રોતા : કબૂલ કર) પરમેશ્વર સ્થાપ, ઐસા લિયા હૈ 'અનુભવપ્રકાશ'મેં. તું અપનેકો પરમેશ્વર સ્થાપ. મૈં પરમ ઈશ્વરકા સ્વામી હૂં. મૈં અલ્પજ્ઞ નહિ, રાગ નહિ, નિમિત્ત તો મૈં હૂં હી નહીં. સમજમેં આયા? ઐસે સ્વરૂપકી દૃષ્ટિ અંતર નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ઔર આત્માકા જ્ઞાન... શાસ્ત્રકા જ્ઞાન યે જ્ઞાન નહિ. શાસ્ત્રમેં તો જ્ઞાન નહિ, પર શાસ્ત્રકે જ્ઞાનવાલેકો જ્ઞાન નહિ. આહાહા! સમજમેં આતા હૈ?

શાસ્ત્ર તો જડ હૈ, અજીવ હૈ. સમયસાર હો કિ ભગવાનકી સાક્ષાત્ વાણી હો, પુદ્ગલકી પર્યાય હૈ. ઉસમેં જ્ઞાન હૈ? ઉસમેં તો જ્ઞાન નહિ, પર ઉસકે જાનનેવાલેકો ભી જ્ઞાન નહિ. સમજમેં આયા? પરદ્રવ્ય પર તેરા લક્ષ હૈ વહ જ્ઞાન નહિ. આહાહા! ભગવાન! તેરી ચીજ તો પૂર્ણાનંદ પ્રભુકા લક્ષ કરકે, દૃષ્ટિ કરકે, આશ્રય કરકે, અવલંબન લેકર જો અંતરમેં પરકી અપેક્ષા બિના નિરપેક્ષ જ્ઞાન—સ્વકી અપેક્ષા સહિત ઔર પરકી અપેક્ષા

રહિત, આહાહા! ઉસકા નામ સમ્યગ્જ્ઞાન. યે જ્ઞાનીમેં જ્ઞાન હોતા હક, જડમેં હોતા નહિ. ઔર ચારિત્ર–સ્વરૂપમેં ચરના, રમના, આહા! અતીન્દ્રિય આનંદકા ભોજન કરના. શેઠ! આ લડ્ડુ–બડ્ડુ આપે છેને બધા. ધૂલમેં ભી હૈ નહિ, વિષ્ટા હૈ યે તો. લડ્ડુ તો આત્મામેં અતીન્દ્રિય આનંદ, યહ અતીન્દ્રિય આનંદકા અનુભવ ઔર ભોજન કરના, જમના, રમના ઉસકા નામ ચારિત્ર હૈ. લુગડાં–બુગડા ફેરવ્યા અને નાગા થઈ ગયા, ચારિત્ર હો ગયા. ધૂલમેં ભી નહિ. સમજમેં આયા?

કહતે હૈં, સ્થિરપૂર્વક... थिर ह्वै साधै मोख–मग. करै एक जो कोइ.. સમ્યક્ ચૈતન્યમૂર્તિ પ્રભુ ઉસકી શ્રદ્ધા, ઉસકા જ્ઞાન અને ઉસકી લીનતા— યે તીનોં એક કરે, ભેદ ન રહે. આત્મામેં તીનો એક કરે. थिर ह्वै साधै मोख–मग.. સ્વરૂપકી રમણતા કરકે જો મોક્ષકા માર્ગ સાધતે હૈં... सुधी—बुद्धिवंत. સુધી–બુદ્ધિવંત. સુધી–સમ્યગ્જ્ઞાનવાલા વહ प्राणी अनुभव सोइ.. ઉસે અનુભવ કહતે હૈં. સમજમેં આયા? 'અનુભવ રત્નચિંતામણી, અનુભવ હૈ રસકૂપ, અનુભવ મારગ મોક્ષકો, અનુભવ મોક્ષ સ્વરૂપ.' આહાહા! રાગ હો. હૈ તો ક્યા હૈ? બંધકા કારણ હૈ. શુદ્ધ ઉપયોગસે છૂટતા હૈ. નિમિત્ત બસ એટલું બતાવ્યું. આમ થાય ને આમ થાય ને આમ થાય. હોતા હૈ. આહા! અરે! ...માં ઘણો ફેર. થોડું થોડું જોયું હોય. ઐસે જીવકો યહાં ભેદવિજ્ઞાની કહનેમેં આતા હૈ. ભેદ કિસસે કરના? રાગસે. અભેદ કિસમેં હોના? સ્વભાવમેં. આહા! आत्म-अनुभवका परिणाम. ૧૧૬. ઈસ ઓર હૈ ન. ૩૮૦ પાનું.

આત્મ-અનુભવનું પરિણામ. (સવૈયા એકત્રીસા)

जोई द्रिग ग्यान चरनातममैं बैठि ठौर,
भयौ निरदौर पर वस्तुकौं न परसै।
सुद्धता विचारै ध्यावै सुद्धतामैं केलि करै,
सुद्धतामैं थिर ह्वै अमृत-धारा बरसै।।
त्यागि तन कष्ट ह्वै सपष्ट अष्ट करमकौ,
करि थान भ्रष्ट नष्ट करै और करसै।
सो तौ विकलप विजई अलप काल मांहि,
त्यागि भौ विधान निरवान पद परसै।।११६।।

**શબ્દાર્થ :**—નિરદૌર=પરિણામોની ચંચળતા રહિત. થાન(સ્થાન)=ક્ષેત્ર. પરસૈ(સ્પર્શે)= અડે. કેલિ=મોજ. સપષ્ટ(સ્પષ્ટ)=ખુલાસો. કરસૈ(કૃશ કરે)=જીર્ણ કરે. વિકલપ વિજઈ=વિકલ્પોની જાળને જીતનાર. અલપ=(અલ્પ) થોડું. ભૌ વિધાન=જન્મ-મરણના ફેરા. નિરવાન(નિર્વાણ)=મોક્ષ.

**અર્થ :—**જે કોઈ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ આત્મામાં અત્યંત દૃઢ સ્થિર થઈને વિકલ્પ–જાળને દૂર કરે છે અને તેના પરિણામે પર–પદાર્થોને અડતા પણ નથી, જે આત્મશુદ્ધિની ભાવના અને ધ્યાન કરે છે અથવા શુદ્ધ આત્મામાં મોજ કરે છે અથવા એમ કહો કે શુદ્ધ આત્મામાં સ્થિર થઈને આત્મીય આનંદની અમૃતધારા વરસાવે છે, તે શારીરિક કષ્ટોને ગણતા નથી અને સ્પષ્ટપણે આઠે કર્મોની સત્તાને શિથિલ અને વિચલિત કરી નાંખે છે, તથા તેમની નિર્જરા અને નાશ કરે છે. તે નિર્વિકલ્પ જ્ઞાની થોડા જ સમયમાં જન્મ–મરણરૂપ સંસાર છોડીને પરમધામ અર્થાત્ મોક્ષ પામે છે. ૧૧૬

अर्थ :–जो कोई सम्यग्दर्शन-ज्ञान-चारित्ररूप आत्मामें अत्यन्त दृढ़ स्थिर होकर विकल्प-जालको दूर करता है, और उसके परिणाम पर-पदार्थोंको छू तक नहीं पाते। जो आत्मशुद्धिकी भावना व ध्यान करता है, वा शुद्ध आत्मामें मौज करता है, अथवा यों कहो कि शुद्ध आत्मामें स्थिर होकर आत्मीय आनंदकी अमृतधारा बरसाता है, वह शारीरिक कष्टोंको नहीं गिनता, और स्पष्टतया आठों कर्मोंकी सत्ताको शिथिल और विचलित कर देता है, तथा उनकी निर्जरा और नाश करता है, वह निर्विकल्प ज्ञानी थोड़े ही समयमें जन्म-मरणरूप संसारको छोड़कर परमधाम अर्थात् मोक्ष पाता है॥११६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જો કોઈ સમ્યગ્દર્શન-જ્ઞાન चरनातममैं बैठि ठौर.. અનાદિસે રાગ ઔર પુણ્યમેં બૈઠા થા. ઉસમેં અપના(પન) માન રખા થા. ઉસે છોડકર ભગવાન અપના અંતર્મુખ ચૈતન્યપ્રભુ ઉસમેં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરકે बैठि ठौर, લ્યો. आत्मामें अत्यन्त दृढ़ स्थिर होकर... भयौ निरदौर.. વિકલ્પ જાલકો દૂર કરતા હૈ. પરિણામોંકી ચંચળતા રહિત... છેને. શબ્દ છે. निरदौर — પરિણામોંકી ચંચળતા રહિત. આ તો હરખ જમણ છે. હરખ જમણ સમજતે હો? હરખ જમણ સમજતે હો ? હરખ—હર્ષ જમણ.

હમારે યહાં વિવાહ હોતા હૈ ન લગન. પીછે ઉસકા હરખ જમણ કરતે હૈં. પહલે તો નૌ ટંક(દિન) ખિલાતે થે. સાત દિન પછી આઠમે દિ' હરખ જમણ કરે. હરખ જમણ એટલે ખુશીકા જિમન. દુધપાક, પુરી, પતરવેલીયા ભજીયાં. કેળાવડા ન હોય. આ તો પહેલા કરતાં હરખ જમણ. એ પોપટભાઈ! ખબર છે કે નહીં? કાં ઓલો સામાવાળો વળોંઠી કરે. તો એને વળોંઠીમાં તો પછી જેટલા માણસ તમારા (હોય) લાવો. જમાડો. એ વખતે હરખ જમણ કહે. હરખનું જમણ એટલે ઊંચામાં ઊંચા બદામના મૈસુબ. બદામના મૈસુબ, પિસ્તાના પાપડ અને મરીના અથાણા. અથાણા.. સમજે ? અચાર. મરી હોતા હૈ ન તીખા. મીર્ચી, કાલી મીર્ચી. કાલી મિર્ચીકા અચાર ... હોતા હૈ. (શ્રોતા : .......) હા, એ આ વાત

અત્યારે.... વહ બાહરકી ધૂલકી બાત નહિ યે. સમજમેં આયા? ભગવાન આનંદકંદની એકાગ્રતા એ બદામનો મૈસુબ છે. અંદરની મીંજીની મિઠાશ છે. આહા!

કહે છે, भयौ निरदौर पर वस्तुकौं न परसै.. આહા! ભગવાન આત્મા અપના જ્ઞાનાનંદ નિર્વિકલ્પ વીતરાગસ્વભાવ ઉસમેં સ્થિર હોકર भयौ निरदौर.. વિકલ્પકે પરિણામરહિત હો. पर वस्तुकौं न परसै.. રાગકો છૂતા હી નહીં. પર દેવ-ગુરુ-શાસ્ત્રકો ભી છૂતા હી નહિ. દેવ-ગુરુ અપના આત્મા ત્રિલોકનાથ પરમાત્મા, આહા! ઉસે અંતર અનુભવમેં સ્પર્શતે હૈં. सुद्धता विचारै ध्यावै.. પરમ પવિત્રતાકા ધામ મૈં હૂં ઐસા વિચારે—ધ્યાવે—ધ્યાન કરે ઔર सुद्धतामैं केलि करै. આહાહા! યે શુદ્ધ પવિત્ર પ્રભુ સમાધિ, આનંદકા ધામ (ઉસમેં) કેલિ કરે, રમત માંડે. આનંદની કેલિ, દેખો. जो आत्मशुद्धिकी भावना और ध्यान करता है व आत्मामें मोज करता है. કેલિનો અર્થ મોજ. सुद्धतामैं थिर ह्वै.. રાગ ઔર પુણ્યમેં સ્થિર થા તબ ઝેર બહતા થા. આહાહા! દેખો! પણ ભગવાન અપને નિજ આનંદસ્વરૂપમેં સ્થિર હૈ. अमृत—धारा बरसै.. સમજમેં આયા? અમૃતકા સાગર પ્રભુ અતીન્દ્રિય આનંદકી મૌજ જિસમેં હૈ ઉસમેં સ્થિર હોકર અમૃતધારા બરસે. લો, યહ ધર્મ. આરે ભારે ધર્મ! પ્રસન્નકુમારજી! બહાર વ્યવહારવાળાને એવું લાગેને. હો વ્યવહાર સાથે, કોણ ના પાડે છે? પણ એ ધર્મ નહિ. (શ્રોતા : ધર્મ નહિ, લાભ સાથે ગેરલાભ...) ગેરલાભ, લાખ વાર ગેરલાભ છે. કહે છે, આનંદકી અમૃતધારા બરસાતા હૈ. આહાહા!

જૈસે ગન્નેકા રસ ઘૂંટ લેતે પીતે હૈં ન? ગન્ના,ગન્ના. શેરડી. હમારે શેરડી કહતે હૈં ન? (શ્રોતા : બરફનો કટકો નાખે તો વળી ઓર ઠંડો લાગે). આઈસ્ક્રીમ નાખે તો બહોત ઓલી લાગે અંદરથી. ધૂલ જૈસા હૈ સબ. અરે ભગવાન! તેરેમેં તો આનંદસાગર પડા હૈ. આહાહા! અતીન્દ્રિય આનંદકા સાગર તું હૈ. અરે! વહાં નજર કર તુજે આનંદ આયેગા. બહારમેં નજર કરનેસે તો ઝેર-રાગ ઉત્પન્ન હોગા. આહા! ભારે આકરું! મૂળ ચીજ જ પડી રહી આખી. અપની ચીજ જો અનાદિ અનંત આનંદકા ધામ પ્રભુ ઉસકો છોડકર બાત સબ. દયા પાળો ને વ્રત પાળો ને ભક્તિ કરો ને પૂજા કરો ને ઐસા કરો ને ફૈસા કરો. યે રાગ કરના વહ તો મરના હૈ. એય! આહાહા!

'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે,' શ્રીમદ્‌માં આવે છેને, 'કાં અહો રાચી રહો'. ભગવાન અંદર જ્ઞાન ઔર આનંદકકા ધામ ઉસમેં સ્થિર ન રહકર, રાગ ઔર પુણ્યમેં સ્થિર રહતા હૈ, ઝેરકા અનુભવ હૈ. સંસારકી ઉત્પત્તિકા વહ કારણ હૈ. યહાં सुद्धतामैं थिर ह्वै.. શુદ્ધસ્વરૂપ ચૈતન્ય આનંદ ઉસમેં સ્થિર રહે, અમૃતધારા બરસે. અહીં પાંચ-પચીસ લાખ પૈસા મળ્યા એમાં હરખ થઈ જાય. ધૂલમેં હરખ નહિ, જહર હૈ. એ પોપટભાઈ! એક દિ'માં પાંચ લાખ પેદા કર્યા—કમાવ્યા. ધૂળેય કમાવ્યા નહિ, સાંભળને! રાગ ને ઝેરને

કમાવ્યો. એય ભીખાભાઈ! શેઠ ! કાનપુર જઈને કેટલા રૂપિયા લઈ આવે શોભાલાલજી. (શ્રોતા : એ માલ એ તો એના ઘરનો હતો પછી લાવેલા) ક્યાં એનો માલ હતો એનો? જડનો હતો. પૈસાય એના ક્યાં હતા? દલાલી ઝેરની, એમ કહે છે. કોયલેકી દલાલી હૈ વહ. યહ તો અમૃતધારાકી દલાલી હૈ. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવને તીન કાલ તીન લોક દેખે, ઐસા હી યહ આત્મા હૈ. ઈસ આત્મા ઔર ઉસ આત્મામેં કોઈ ફેર નહિ. આહાહા! સમજમેં આયા? અરે! ઉસકી સમજણમેં તો યથાર્થતા લે. હજી સમજણના ઠેકાણા નહિ. શ્રદ્ધા ભ્રષ્ટ. તત્ત્વકી શ્રદ્ધા નહિ કિ ક્યા તત્ત્વ હૈ, તો વિચારમેં લીનતા કહાંસે આયેગી? સમજમેં આયા?

त्यागि तन कष्ट ह्वै, લો. શારીરિક કષ્ટોંકો નહિ ગિનતા. જડકી અવસ્થામેં કોઈ રોગ આદિ આયા વહ તો જડકી દશા હૈ. ઔર છૂરા ભી કિસીને માર દિયા વહ જડકી અવસ્થા હૈ. મેરેમેં હુઈ નહિ. મૈં તો ઉસકો છૂતા હી નહીં. આહાહા! 'બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ.' આવે છેને અપૂર્વ અવસરમાં. 'બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ, વંદે ચક્રી તથાપિ ન મળે માન જો, દેહ જાય પણ માયા થાય ન રોમમાં, લોભ નહિ સો પ્રબળ સિદ્ધિ નિદાન જો.' સિદ્ધિ પ્રગટી હોય કેટલી તો પણ એનો લોભ હોય નહિ. આત્માની સિદ્ધદશા પ્રગટે એ ઉપર એની જ્ઞાનીની ભાવના હોય. આહા! કહો, મૂલચંદભાઈ! ભારે વાત!

त्यागि तन कष्ट ह्वै सपष्ट अष्ट करमकौ.. स्पष्टतया आठों कर्मोंकी सत्ताको शिथिल कर डाले. છેને ? करि थान भ्रष्ट नष्ट करै और करसै.. કૃસિ નાખે, એમ. કર્મને કૃસિ નાખે. પાતળા પાડી દે, મૂળમાં નાશ કરી દે. આહા! નિમિત્તનું કથન છે. करि थान भ्रष्ट.. વિચલિત કર દેતા હૈ. સત્તાકો શિથિલ કર દેતા હૈ, જડકી સત્તાકો શિથિલ કર દેતા હૈ. અપની સત્તાકો સમર્થ કરતા હૈ. (જડ સત્તા) વિચલિત કર દેતા હૈ, ઉનકી નિર્જરા ઔર નાશ કરતા હૈ. આહા! सो तो विकलप विजई.. અપને સ્વરૂપમેં નિર્વિકલ્પ સ્થિરતા કરના વહ વિકલ્પકા વિજય હૈ. વિકલ્પકા જિતનેવાલા હૈ. अलप काल मांहि.. ઐસે જીવકો અલ્પકાલમેં त्यागि भौ विधान.. સંસારકો છોડકર, જનમ-મરણરૂપ સંસારકો છોડકર विधान निरवान पद परसै.. અપની આનંદસ્વરૂપ મુક્તિકો હી અનુભવે. યે અનાદિ સંસાર રાગકા-ઝેરકા અનુભવ હૈ. સમજમેં આયા? વહ છોડ દે. અપના આનંદકા સ્પર્શ મુક્તિકા કરે. ઉસે મોક્ષમાર્ગકા ફલ આયા કહનેમેં આતા હૈ. આહા! હવે ૧૧૭.

આત્મ-અનુભવ કરવાનો ઉપદેશ (ચોપાઈ)

**गुन परजैमैं द्रिष्टि न दीजै।**

निरविकलप अनुभौ-रस पीजै।।
आप समाइ आपमैं लीजै।
तनुपौ मेटि अपनुपौ कीजै।।११७।।

**શબ્દાર્થ :**—द्रिष्टि=નજર. रस=અમૃત. तनुपौ=શરીરમાં અહંકાર. अपनुपौ=આત્માને પોતાનો માનવહ.

**અર્થ :**—આત્માના અનેક ગુણ-પર્યાયોના વિકલ્પમાં ન પડતાં નિર્વિકલ્પ આત્મ-અનુભવનું અમૃત પીઓ. તમે પોતાના સ્વરૂપમાં લીન થઈ જાવ, અને શરીરમાં અહંબુદ્ધિ છોડીને નિજ આત્માને અપનાવો. ૧૧૭.

अर्थ :—आत्माके अनेक गुण-पर्यायोंके विकल्पमें न पड़कर निर्विकल्प आत्म-अनुभवका अमृत पियो। आप अपने स्वरूपमें लीन हो जाओ, और शरीरमें अहंबुद्धि छोड़कर निजआत्माको अपनाओ।।११७।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

गुन परजैमै द्रिष्टि न दीजै निरविकलप अनुभौ—रस पीजै.. गुन परजैमें द्रिष्टि न दीजै.. આહા! દેવ-ગુરુ-શાસ્ત્ર અને સ્ત્રી-કુટુંબ ઉપર તો દૃષ્ટિ છોડ દે. યહ તો અપને ગુણ-પર્યાય ભેદ (ઉસકી) દૃષ્ટિ છોડ દે. ભગવાન અભેદ ચૈતન્યમૂર્તિ ઐસી દૃષ્ટિ કરના વહ સમ્યગ્દર્શન હૈ. યહ ધર્મકી પહલી શુરૂઆત હૈ. આહાહા! સમજમેં આયા? निरविकलप अनुभौ—रस पीजै, आप समाइ आपमैं लीजै, तनुपौ मेटि अपनुपौ कीजै.. બહોત પુરાના. આહા! કહે છે કે गुन परजैमै द्रिष्टि न दीजै.. आत्माके अनेक गुण-पर्यायोंके विकल्पमें न पड़कर (અર્થાત્) ભેદમેં લક્ષ ન રખકર... આહાહા! ગુણ-પર્યાયના ભેદ એમાં લક્ષ કરતા પણ વિકલ્પ ઊઠે છે. निर्विकल्प आत्म-अनुभवका अमृत पियो. ભગવાન રાગરહિત. વ્યવહારના વિકલ્પની લાગણી રહિત સ્વરૂપના આનંદનો અમૃત અનુભવ કરો, યે મોક્ષકા માર્ગ હૈ. આહા! ગુણ-પર્યાયમાં દૃષ્ટિ ન દીજે. ભગવાન ઉપર આમ દૃષ્ટિ આપીને, હે ભગવાન! તારજો મને. ભગવાન કહે કે તારજે તને તું. સમજાણું કાંઈ?

निरविकल्प अनुभौ रस पीजै.. રાગની-પુણ્યની ક્રિયાથી પાર પ્રભુ ચૈતન્યમૂર્તિનો આનંદરસ પીઓ. એ આનંદનો અનુભવ, એ મોક્ષ છે અથવા મોક્ષનો માર્ગ છે. આ કરવું એને ... કે જો કાંઈ કરવું હોય તો આ. કાંઈક વ્યવહાર કરીએ તો પછી નિશ્ચય થાય. લસણ ખાઈએ તો કસ્તૂરીના ઓડકાર આવે. એય શેઠ! ન આવે? લસૂન.. લસૂન. ઢોકળા કરતે હૈં ન. ઢોકળા અમારે કાઠિયાવાડમાં કહે. ઢોકળા બનાવેને ચોખાના. ઢોકળાકો ક્યા કહતે હૈં તુમ્હારે? (શ્રોતા : ઢોકલા હી કહતે હૈં). ઢોકલા કહતે હૈં. ઢોકલા બનાકર લસણકા મસાલા

ડાલકર ઘીમેં તેલમેં ડૂબોકર ખાયે. ખાઈ ખાઈને દવાઓ પણ ખાય. ત્યાં ઓ... કસ્તૂરીનો ઓડકાર આવે એમાં? (શ્રોતા : એ ગરીબની કસ્તૂરી કહેવાય) ......એ બિચારા પ્રાણીને ઓછું મળતું હોયને. પણ કાંઈ લસણ ખાઈને કસ્તૂરીના ઓડકાર–ડકાર આવે ? એ તો લસણના આવે. એમ પુણ્યની ક્રિયા કરતા કરતા ધર્મના ઓડકાર આવે ? ત્રણ કાળમાં ન આવે. આહાહા! સમજાય છે કાંઈ ?

आप समाइ.. आप अपने स्वरूपमें लीन हो जाओ. આહાહા! ભગવાન! તમારી સામું તો થોડું જોવા દ્યો. વીતરાગદશા....... ક્યા હૈ? એ વીતરાગદશા. તેરા લક્ષ પર ઉપર જાયે તો ભી વિકલ્પ ઉઠતા હૈ, વહ રાગ હૈ. આહીં તો आप समाइ आपमैं लीजै.. અપને સ્વરૂપમેં લીન હો જાઓ. आप समाइ–આપમાં સમાઈને आपमैं लीजै.. તારો આત્મા રાગમાં છે એને સ્વભાવમાં લે. આહા! આ તો અધ્યાત્મની વાત છે એટલે સૂક્ષ્મ છે. આ કંઈ વાર્તા–કથા નથી. આહા! ભગવાનકી કથા હૈ. ભાગવત્ શાસ્ત્ર હૈ યે. સમજમેં આયા? અહો ! तनुपौ मेटि अपनुपौ कीजै.. शरीरमें अहंबुद्धि छोड़कर निज आत्माको अपनाओ. આહા! तनुपौ मेटि–શરીરકી બુદ્ધિ છોડકર अपनुपौ कीजै—અપને આત્માકે આનંદ ઉપર દૃષ્ટિ દે. આનંદ પર દૃષ્ટિ દેનેસે તુજે આત્માકી પ્રાપ્તિ હોગી. રાગ ઔર વિકલ્પસે તુજે આત્માકી પ્રાપ્તિ હોગી નહીં. ભારે કામ! યહ 'બનારસીદાસ'ને ઐસા બનાયા હૈ, દેખો. હવે ૧૧૮.

વળી– (દોહરા)

तजि विभाउ हूजै मगन, सुद्धातम पद मांहि।
एक मोख-मारग यहै, और दूसरौ नांहि॥११८॥

**अर्थ** :—રાગ–દ્વેષ આદિ વિભાવપરિણતિ દૂર કરીને શુદ્ધ આત્મપદમાં લીન થાવ, એ જ એક મોક્ષનો રસ્તો છે, બીજો માર્ગ કોઈ નથી. ૧૧૮.

अर्थ :–राग-द्वेष आदि विभावपरिणतिको हटाकर शुद्ध आत्मपदमें लीन होओ, यही एक मोक्षका रास्ता है, दूसरा मार्ग कोई नहीं है॥११८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

એ ૪૭ની વાત છે. નીચે ૪૭ કળશ છેને ૪૭. ક્યા કહતે હૈં ? સુડતાલીસ. સૈંતાલીસ તુમ્હારે.

एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक–
स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति।

तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्
सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति।।४७।।

**સમયસાર કળશ અર્થ :—**''सः नित्योदयं समयस्य सारम् अचिरात् अवश्यं विन्दति'' (सः) એવો છે જે સમ્યગ્દૃષ્ટિ જીવ તે, (नित्योदयं) નિત્ય ઉદયરૂપ (समयस्य सारम्) સમયના સારને અર્થાત્ સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થયું છે જે શુદ્ધ ચૈતન્યમાત્ર તેને (अचिरात्) ઘણા જ થોડા કાળમાં (अवश्यं विन्दति) સર્વથા આસ્વાદે છે. ભાવાર્થ આમ છે કે નિર્વાણપદને પ્રાપ્ત થાય છે. કેવો છે? ''यः तत्र एव स्थितिम् एति'' (यः) જે સમ્યગ્દૃષ્ટિ જીવ (तत्र) શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં (एव) એકાગ્ર થઈને (स्थितिम् एति) સ્થિરતા કરે છે, ''च तं अनिशं ध्यायेत्'' (च) તથા (तं) શુદ્ધ ચિદ્રૂપને (अनिशं ध्यायेत्) નિરંતર અનુભવે છે, ''च तं चेतति'' (तं चेतति) વારંવાર તે શુદ્ધસ્વરૂપનું સ્મરણ કરે છે (च) અને ''तस्मिन् एव निरन्तरं विहरति'' (तस्मिन्) શુદ્ધ ચિદ્રૂપમાં (एव) એકાગ્ર થઈને (निरन्तरं विहरति) અખંડધારાપ્રવાહરૂપ પ્રવર્તે છે. કેવો હોતો થકો? ''द्रव्यान्तराणि अस्पृशन्'' જેટલી કર્મના ઉદયથી નાના પ્રકારની અશુદ્ધ પરિણતિ તેને સર્વથા છોડતો થકો. તે ચિદ્રૂપ કોણ છે? ''यः एषः दृग्ज्ञप्तिवृत्तात्मकः'' (यः एषः) જે આ જ્ઞાનને પ્રત્યક્ષ છે, (दृग्) દર્શન-(ज्ञप्ति) જ્ઞાન-(वृत्त) ચારિત્ર તે જ છે (आत्मकः) સર્વસ્વ જેનું, એવો છે. વળી (તે ચિદ્રૂપ) કેવો છે? ''मोक्षपथः'' જેને શુદ્ધસ્વરૂપ પરિણમતાં સકળ કર્મોનો ક્ષય થાય છે. વળી કેવો છે? ''एकः'' સમસ્ત વિકલ્પથી રહિત છે. વળી કેવો છે? ''नियतः'' દ્રવ્યાર્થિકદૃષ્ટિથી જોતાં જેવો છે તેવો જ છે, તેનાથી હીનરૂપ નથી, અધિક નથી. ૪૭.

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

तजि विभाउ हूजै मगन.. ભાઈ! આહીં તો જરી સ્ત્રીનો પતિ મરી જાય, વિધવા થાય. તો કહે, અરે! દુઃખી થઈ ગઈ. શેની દુઃખી પણ? કોણ કહે દુઃખી ? સમજમેં આયા ? અરે! વિધવા હુઈ દુઃખી. કૌન કહે દુઃખી? પરવસ્તુકા વિયોગ હુઆ ઉસમેં દુઃખ ક્યા હુઆ ? (શ્રોતા : આખી દુનિયા કહે છે). આ દુનિયા ગાંડી પાગલ. આ શેઠિયા આગળ પાછા એમ કહે, આહાહા! બહુ દુઃખ આવી પડ્યું. આમ થયું. પણ પરવસ્તુ ગઈ એમાં દુઃખ શું આવ્યું ? ક્યા આયા ? એ તો પરચીજ હતી. સમજાય છે ? અમારે કાઠિયાવાડમાં રોયે બાયડી, જ્યારે મરેને ધણી. નાની ઉંમરનો હોય. આ તો ઘણાં વરસ પહેલાની વાત છે. અરે! કૂવામાં ઉતારીને એ દોરડા કાપ્યાં. કાળ જેવું રોવે. દોરડા સમજતે હૈં ન ? રસ્સી. આ બધું સાંભળ્યું હતું ૫૭માં. અમારે મોટાભાઈ હતાને ગુજરી ગયા. ૫૭માં ગુજરી ગયા. આઠ વર્ષનું લગન. એક જ છોકરો બે વરસનો. પછી એની વહુ રોતા. તે વખતે અગિયાર વરસની ઉંમર. ૧૧ વરસની. છોકરાઓને કહે કે જાઓ હવે. મામા પાસે જાઓ, મામાને ઘેરે. મામા મોટા ... શું છે આ બધું !

ભાઈની મરવાની સ્થિતિ. ૨૮ વર્ષની ઉંમર. પાણી લાગેલું મુંબઈનું. એની વહુ રોતી. નાની ઉંમર. ૫૭. કેટલા વરસ થયા? એ આમ રોતી હતી. સિત્તેર, સિત્તેર. આઠ વર્ષનું લગન હતું. એક છોકરો થયેલો એને. સમજ્યાને ? ૫૭. ૪૮માં લગન. ૪૮માં. ૪૬માં જનમ આ દેહનો. ૪૮ની ખબર છે એના લગન ટાઈમે. ૫૭માં ગુજરી ગયા. પછી આમ રોતી. કીધું, આ શું? છોકરાઓ ઊભા ન રહો, જાઓ મામાને ઘેરે વયા જાઓ. કારણ તમે આ રોવું સાંભળી નહીં શકો. એવા રોવે પછી તો આહા! શેના રોવો છો? 'રોનારા નથી રે રહેનાર રે.' તું ક્યાં રહેનાર છે તે રોવા માંડી આ? અમે દુઃખી થયા. હવે કોણ દુઃખી કહેવાય? દુઃખી તો રાગ અને દ્વેષ કરે તે દુઃખી છે. પરનો સંયોગ ગયો માટે દુઃખી છે, તો સિદ્ધને તો બધો સંયોગ ગયો છે. ભગવાન સિદ્ધ થયા એને તો એક રાગનો રજકણ પણ રહ્યો નહિ અને મહા સુખી છે. પરના જવાથી દુઃખ હોય તો તેમને દુઃખ થવું જોઈએ. આહાહા! સમજાય છે કાંઈ?

આહીં તો કહે છે, तजि विभाउ हूजै मगन.. એ વિભાવ ને વિકારને છોડ. એ તો છૂટેલી પડી ... છે આહાહા! तजि विभाउ हूजे मगन, सुद्धातम पद मांहि.. શુદ્ધ ચૈતન્યપદ અનાકુલ આનંદકા નિત્ય ધ્રુવપદ ઉસમેં લીન હો. एक मोख–मारग यहै.. ઉસકા નામ એક હી મોક્ષમાર્ગ હૈ. મોક્ષમાર્ગ દો નહીં હૈં. નહિ આવ્યું હતુંને ? और दूसरों नांहि.. મોક્ષમાર્ગ દો નહીં. કથન દો પ્રકારકા આતા હૈ નિશ્ચય ઔર વ્યવહાર. મોક્ષમાર્ગ દો નહીં, એક હી હૈ. એણે ગોટો વાળ્યો એમાં. હા, મોક્ષમાર્ગ બે ઠેકાણે કહ્યો, ફલાણો કહ્યો. ભાઈ! એ તો કથન છે, કથન હૈ. યહાં તો એક सुद्धातम पद.. રાગ છોડકર શુદ્ધાત્મામેં લીન હોના વહી એક મોક્ષમાર્ગ હૈ. તીન કાલ તીન લોકમેં ઐસા મોક્ષકા પંથ એક હી હૈ. પંચમ કાલ હો, ચૌથા કાલ હો, મહાવિદેહ હો કિ ભરતક્ષેત્ર હો. આહા! યે કિસકો કહતે હૈં? ચોથા આરાના માટે આ કહે છે ? કહે, પંચમ આરામાં આમ ન હોય અને ચોથા આરામાં આમ હોય. આહાહા!

एक मोख–मारग यहै और दूसरौ नाहि.. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતકા રાગ, શાસ્ત્રકા પઢના વહ મોક્ષમાર્ગ નહિ. અને આ દસલક્ષણી પર્વ. દસ અપવાસ કરે, પાણી-બાણી ન લે. ઓહોહો! કિતના ધર્મ કિયા! કિતની તપસ્યા નિર્જરા ! વરઘોડો નીકળે ને તમારે ઓલા શેઠ જેવા સાથે ફરે. ચાલો. કહો, સમજાણું કાંઈ? આહા! એક. પાઠ છેને? 'एको मोक्षपथो'. ૪૭ કળશ હૈ નીચે 'અમૃતચંદ્ર આચાર્ય'કા લિખા. 'एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक.' નિશ્ચયસે સ્વરૂપમેં દૃષ્ટિ, જ્ઞાન ઔર લીનતા, એક હી મોક્ષમાર્ગ હૈ. સમજમેં આયા? એ વ્રત ને તપ ને ભગવાનની ભક્તિ ને— એ બધો વિકલ્પ રાગ છે. એ મોક્ષમાર્ગ નહિ. આહા! સમજાણું કાંઈ? और दूसरौ नाहि. હવે ૪૮ કળશ.

ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना
लिङ्गे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः।
नित्योद्योतमखण्डमेकमतुलालोकं स्वभावप्रभा-
प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यन्ति ते।।४८।।

---

**સમયસાર કળશ અર્થ :—**''ते समयस्य सारम् अद्यापि न पश्यन्ति'' (ते) આવો છે મિથ્યાદૃષ્ટિ જીવરાશિ તે (समयस्य सारम्) સમયસારને અર્થાત્ સકળ કર્મથી વિમુક્ત છે જે પરમાત્મા તેને, (अद्यापि) દ્રવ્યવ્રત ધારણ કર્યાં છે, ઘણાંય શાસ્ત્રો ભણ્યો છે તોપણ, (न पश्यन्ति) પામતો નથી. ભાવાર્થ આમ છે કે નિર્વાણપદને પામતો નથી. કેવો છે સમયસાર? ''नित्योद्योतम्'' સર્વ કાળ પ્રકાશમાન છે. વળી કેવો છે? ''अखण्डम्'' જેવો હતો તેવો છે. વળી કેવો છે? ''एकम्'' નિર્વિકલ્પ સત્તારૂપ છે. વળી કેવો છે? ''अतुलालोकं'' જેની ઉપમાનું દૃષ્ટાન્ત ત્રણ લોકમાં કોઈ નથી. વળી કેવો છે? ''स्वभावप्रभाप्राग्भारं'' (स्वभाव) ચેતનાસ્વરૂપ, તેના (प्रभा) પ્રકાશનો (प्राग्भारं) એક પુંજ છે. વળી કેવો છે? ''अमलं'' કર્મમળથી રહિત છે. કેવો છે તે મિથ્યાદૃષ્ટિ જીવરાશિ? ''ये लिङ्गे ममतां वहन्ति'' (ये) જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવરાશિ (लिङ्गे) લિંગમાં અર્થાત્ દ્રવ્યક્રિયામાત્ર છે જે યતિપણું તેમાં (ममतां वहन्ति) 'હું યતિ છું, મારી ક્રિયા મોક્ષમાર્ગ છે' એવી પ્રતીતિ કરે છે. કેવું છે લિંગ? ''द्रव्यमये'' શરીરસંબંધી છે—બાહ્ય ક્રિયામાત્રનું અવલંબન કરે છે. કેવા છે તે જીવ? ''तत्त्वावबोधच्युताः'' (तत्त्व) જીવનું શુદ્ધ સ્વરૂપ, તેનો (अवबोध) પ્રત્યક્ષપણે અનુભવ, તેનાથી (च्युताः) અનાદિ કાળથી ભ્રષ્ટ છે. દ્રવ્યક્રિયા કરતા થકા પોતાને કેવા માને છે? ''संवृतिपथप्रस्थापितेन आत्मना'' (संवृतिपथ) મોક્ષમાર્ગમાં (प्रस्थापितेन आत्मना) પોતાને સ્થાપિત કર્યો છે અર્થાત્ 'હું મોક્ષમાર્ગમાં ચડ્યો છું' એવું માને છે, એવો અભિપ્રાય રાખીને ક્રિયા કરે છે. શું કરીને? ''एनं परिहृत्य'' શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ છોડીને. ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિ કરતા નથી. ૪૮.

---

आत्म-अनुभवके बिना बाह्य चारित्र होने पर भी जीव अव्रती है. એ અંતર્દૃષ્ટિ અનુભવકે બિના બહારકે પંચ મહાવ્રત આદિ પાલે, નગ્ન રહે, વહ અવ્રતી હૈ. આહીં તો ઠેકાણા વિનાના વ્રત હોય તો કહે, થઈ ગયા ચારિત્ર. થઈ ગયા આચાર્ય ભગવાન. આહાહા! કાળા કેરના પણ ફળ આવશે, આકરું પડશે ભાઈ! તને. દુનિયા તો ગાંડી છે કીધા કરે. પાગલ બિચારા... રાગ ઘટાડવા ... મોટા કરવા. આહાહા! એના કરતાં મહારાજ કેટલું છોડીને બેઠા. બાયડી ને છોકરા ને.... શું છોડ્યું? મિથ્યાત્વ છોડ્યા વિના છોડયું શું? જિસને મિથ્યાત્વભાવ છોડા નહિ, ઉસને કભી કુછ છોડા નહિ. આહાહા! ક્યા કહતે હૈં, દેખો ન. आत्म-अनुभवके बिना... ભગવાન, પુણ્ય-પાપકે રાગસે રહિત ઐસી અંતર ચીજકી અનુભવ દૃષ્ટિ બિના बाह्य चारित्र होने पर भी... બાહ્ય વ્રત પાલે, નગ્નપને

શરીરસે બ્રહ્મચર્ય પાલે, જાવ્વજીવ બાળ બ્રહ્મચારી હો, પર ભગવાન આત્માકે અનુભવ બિના યે અવ્રતી હૈ. આહા! બહુ આકરું કામ. સમજમેં આયા? ભગવાન ચૈતન્ય આનંદકા જિસે સ્પર્શ નહિ, જિસે અનુભવ નહિ, જિસે વેદન નહિ, વહ જીવ મહિને-મહિને કે અપવાસ કરે, સબ અવ્રતી હૈ. આહાહા!

આત્મ-અનુભવ વિના બાહ્ય ચારિત્ર હોવા છતાં પણ જીવ અવ્રતી છે. (સવૈયા એકત્રીસા)

केई मिथ्याद्रिष्टी जीव धरै जिनमुद्रा भेष,
क्रियामैं मगन रहैं कहैं हम जती हैं।
अतुल अखंड मल रहित सदा उदोत,
ऐसे ग्यान भावसौं विमुख मूढ़मती हैं।।
आगम संभालै दोस टालैं विवहार भालैं,
पालैं व्रत जदपि तथापि अविरती हैं।
आपुकौं कहावैं मोख मारगके अधिकारी,
मोखसौं सदीव रुष्ट दुष्ट दुरमती हैं।।११९।।

**શબ્દાર્થ :**—ક્રિયા=બાહ્ય ચારિત્ર જતી (યતિ)=સાધુ. અતુલ=ઉપમા સહિત. અખંડ=નિત્ય. સદા ઉદોત=હમેશાં પ્રકાશિત રહેનાર. વિમુખ=પરાન્મુખ. મૂઢમતી=અજ્ઞાની. આગમ=શાસ્ત્ર. ભાલૈ=દેખે. અવિરતી(અવ્રતી)=વ્રત રહિત. રુષ્ટ=નારાજ. દુરમતી=ખોટી બુદ્ધિવાળા.

**અર્થ :**—કેટલાક મિથ્યાદૃષ્ટિ જીવ જિનલિંગ ધારણ કરીને શુભાચારમાં લાગ્યા રહે છે અને કહે છે કે અમે સાધુ છીએ. તે મૂર્ખ અનુપમ, અખંડ, અમલ અવિનાશી અને સદા પ્રકાશવાન એવા જ્ઞાનભાવથી સદા પરાન્મુખ છે. જો કે તેઓ સિદ્ધાંતનું અધ્યયન કરે છે, નિર્દોષ આહાર-વિહાર કરે છે અને વ્રતોનું પાલન કરે છે, તોપણ અવ્રતી છે. તેઓ પોતાને મોક્ષમાર્ગના અધિકારી કહે છે, પરંતુ તે દુષ્ટો મોક્ષમાર્ગથી વિમુખ છે અને દુર્મતિ છે. ૧૧૯.

अर्थ :—कई मिथ्यादृष्टि जीव, जिनलिंग धारण करके शुभाचारमें लगे रहते हैं, और कहते हैं कि हम साधु हैं, वे मूर्ख अनुपम, अखंड, अमल, अविनाशी और सदा प्रकाशवान ऐसे ज्ञानभावसे सदा पराङ्मुख हैं। यद्यपि वे सिद्धांतका अध्ययन करते, निर्दोष आहार-विहार करते और व्रतोंका पालन करते हैं, तो भी अव्रती हैं। वे अपनेको मोक्षमार्गका अधिकारी कहते हैं, परंतु वे दुष्ट मोक्षमार्गसे विमुख हैं, और दुर्मति हैं।।११९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

केई मिथ्याद्रिष्टी जीव धरै जिनमुद्रा भेष, क्रियामैं मगन रहैं कहैं हम जती हैं.

केई मिथ्याद्रिष्टी जीव धरै जिनमुद्रा भेष.. જિનમુદ્રા કૌનસી ? નગ્ન હોં. વસ્ત્રવાલી જિનમુદ્રા, યે તો વ્યવહારસે ભી જિનમુદ્રા નહિ. આહાહા! જિનમુદ્રા આમ વીતરાગી કેવળ, આહાહા! લ્યો, પ્રકાશ થયો જુઓ. જિનમુદ્રા.. આહા ! નગ્નપના, પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ ઐસે પાલે, ફિર ભી क्रियामैं मगन.. યે રાગકી ક્રિયા હૈ. कहैं हम जती हैं.. અમે સાધુ છીએ. મૂઢ છો. હવે આકરું લાગે. પણ કાંઈક તો કરે છે કે નહિ બીજા કરતાં ? રાગકી ક્રિયા કરતે હૈં દયા-દાન-વ્રત આદિ, દૃષ્ટિ તો મિથ્યાત્વ હૈ. રાગસે રહિત ભગવાન આત્માકા તો અનુભવ (હૈ નહિ). જિસે દૃષ્ટિમેં લેના (હૈ) વહ તો લિયા નહિ અને રાગકી ક્રિયા મંદ કરકે કરતે હૈં ઔર અવ્રતી હૈં. કહતે હૈં કિ હમ તો જતી હૈં. જતી એટલે સાધુ હોં. ઓલા બાવા જતિ એ નહિ.

अतुल अखंड मल रहित सदा उदोत.. એ આવ્યુંને. कई मिथ्यादृष्टि जीव जिनलिंग धारण करके शुभाचारमें लगे रहते हैं. અર્થમેં હૈ. શુભાચારમેં લગે રહતે હૈં. આહા! સામાયિક કરના, ઐસા કરના, મિચ્છામિ દુક્કડં, ખમાસમણા. ૨૪ ઘંટે શુભક્રિયામેં મગન રહે. अतुल अखंड मल रहित सदा उदोत.. ભગવાન આત્મા.. ऐसे ग्यान भावसौं विमुख मूढ़मती हैं.. આહા! શું વાતો પ્રભુ આ તારા ઘરની! નગ્નમુદ્રાધારીની વાત કરે છે હોં. આહાહા! દિગંબરલિંગ ધારણ કિયા ઔર શુભાચારમેં મગન રહે.

ભગવાન જ્ઞાનભાનુ યે ग्यान भावसौं विमुख—ઉસસે વિમુખ હૈ, મૂઢમતિ હૈ. દો વિશેષણ લિયે. પહેલું કીધું મિથ્યાદૃષ્ટિ, બીજું કહ્યું મૂઢમતિ. ભારે આકરું પણ ભાઈ! બિચારા એટલું પાળે છેને, કહે છે લ્યો. શું પાળે? ધૂળ પાળે. ભગવાન આનંદસ્વરૂપ નિષ્ક્રિય રાગરહિત ઉસકી તો દૃષ્ટિ હૈ નહિ. ઓલું પાળે એ માળો. પાળે શું? કાળો કેર પાડે. સમજે? ऐसे ग्यान भावसौं विमुख मूढमती है.. આહાહા! કષાયેલા શબ્દો ન કહેવા. સાંભળવું .... અહીં તો ચોખ્ખી વાત કરે છે, લ્યો. 'लिङ्गे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः' તત્ત્વબોધસે ચ્યુત—ભ્રષ્ટ હૈ. અખંડ આનંદકા તો બોધ હૈ નહિ અને રાગકી ક્રિયામેં મગન હૈ, યે મૂઢમતિ હૈ. એ સિવાય વિગેરે વિગેરે વાત છે થોડી.

( પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૪૬, ભાદરવા સુદ ૬, શુક્રવાર, તા. ૨૭-૮-૧૯૭૧
## સર્વવિશુદ્ધ દ્વાર પદ ૧૧૯ થી ૧૨૪ ઉપર પ્રવચન (હિન્દી)

આ બાજુ. 'ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना' એમ કહ્યું. संवृति पथ. કલ્પના ..., આમ કહ્યું ભાઈએ. (શ્રોતા : અધ્યાત્મ તરંગિણી) વ્યવહાર રાગ છે એ કલ્પના છે, કથનમાત્ર છે. વસ્તુનું સ્વરૂપ નથી. સમયસાર નાટક, સર્વવિશુદ્ધિ અધિકાર. ૪૮ કળશ હૈ ન. યે તો ચલા થા. ફિરસે.

આત્મ-અનુભવ વિના બાહ્ય ચારિત્ર હોવા છતાં પણ જીવ અવ્રતી છે. (સવૈયા એકત્રીસા)

केई मिथ्याद्रिष्टी जीव धरै जिनमुद्रा भेष,
क्रियामैं मगन रहैं कहैं हम जती हैं।
अतुल अखंड मल रहित सदा उदोत,
ऐसे ग्यान भावसौं विमुख मूढ़मती हैं।।
आगम संभालै दोस टालैं विवहार भालैं,
पालैं व्रत जदपि तथापि अविरती हैं।
आपुकौं कहावैं मोख मारगके अधिकारी,
मोखसौं सदीव रुष्ट दुष्ट दुरमती हैं।।११९।।

**શબ્દાર્થ :–**ક્રિયા=બાહ્ય ચારિત્ર જતી (યતિ)=સાધુ. અતુલ=ઉપમા સહિત. અખંડ=નિત્ય. સદા ઉદોત=હમેશાં પ્રકાશિત રહેનાર. વિમુખ=પરાન્મુખ. મૂઢમતી=અજ્ઞાની. આગમ=શાસ્ત્ર. ભાલૈ=દેખે. અવિરતી(અવ્રતી)=વ્રત રહિત. રુષ્ટ=નારાજ. દુરમતી=ખોટી બુદ્ધિવાળા.

**અર્થ :–**કેટલાક મિથ્યાદૃષ્ટિ જીવ જિનલિંગ ધારણ કરીને શુભાચારમાં લાગ્યા રહે છે અને કહે છે કે અમે સાધુ છીએ. તે મૂર્ખ, અનુપમ, અખંડ, અમલ અવિનાશી અને સદા પ્રકાશવાન એવા જ્ઞાનભાવનથી સદા પરાન્મુખ છે. જો કે તેઓ સિદ્ધાંતનું અધ્યયન કરે છે, નિર્દોષ આહાર–વિહાર કરે છે અને વ્રતોનું પાલન કરે છે, તોપણ અવ્રતી છે. તેઓ પોતાને મોક્ષમાર્ગના અધિકારી કહે છે, પરંતુ તે દુષ્ટો મોક્ષમાર્ગથી વિમુખ છે અને દુર્મતિ છે. ૧૧૯.

अर्थ :–कई मिथ्यादृष्टि जीव, जिनलिंग धारण करके शुभाचारमें लगे रहते हैं, और कहते हैं कि हम साधु हैं, वे मूर्ख, अनुपम, अखंड, अमल, अविनाशी और सदा प्रकाशवान ऐसे ज्ञानभावसे सदा पराङ्मुख हैं। यद्यपि वे सिद्धांतका अध्ययन करते, निर्दोष आहार-विहार करते और

व्रतोंका पालन करते, तो भी अव्रती हैं। वे अपनेको मोक्षमार्गका अधिकारी कहते हैं, परंतु वे दुष्ट मोक्षमार्गसे विमुख हैं, और दुर्मति हैं॥११९॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

तृतीय पक्षका स्पष्टीकरण और खंडन. कोऊ पसु ग्यानकी अनंत विचित्राई देखै, એકરૂપ જ્ઞાન નહીં માનતા ઔર જ્ઞાનકો અનેકરૂપ હી માનતા હૈ, યહ બાત હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા અપને સ્વભાવસે તો એકરૂપ હી હૈ. પણ જ્ઞાન અપની પર્યાયમેં અનેક પ્રકારકા જ્ઞેયકા વિચિત્ર જ્ઞાન કરતા હૈ. અનેકપના જો હૈ વહી જ્ઞાન હૈ ઐસા માનતા હૈ અજ્ઞાની. એકરૂપ મેરા જ્ઞાનસ્વભાવ હૈ ઐસા માનતા નહીં. એકાંત અનેક હૈં ઐસા માનતા હૈ. આહા! આવી વાત છે.

તૃતીય પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ पसु ग्यानकी अनंत विचित्राई देखै,
ज्ञेयकै अकार नानारूप विसतरयौ है।
ताहीको विचारि कहै ग्यानकी अनेक सत्ता,
गहिकै एकंत पच्छ लोकनिसौं लरयौ है॥
ताकौ भ्रम भंजिवेकौ ग्यानवंत कहै ग्यान,
अगम अगाध निराबाध रस भरयौ है।
ज्ञायक सुभाइ परजायसौं अनेक भयौ,
जद्यपि तथापि एकतासौं नहि टरयौ है॥१५॥

**શબ્દાર્થ** :—પસુ=મૂર્ખ. વિસતરયૌ=ફેલાયો. લરયૌ=ઝગડે છે ભંજિવેકૌ=નષ્ટ કરવાને માટે.

**અર્થ** :—અનંત જ્ઞેયના આકારરૂપ પરિણમન કરવાથી જ્ઞાનમાં અનેક વિચિત્રતાઓ દેખાય છે, તેનો વિચાર કરીને કોઈ કોઈ પશુવત્ અજ્ઞાની કહે છે કે જ્ઞાન અનેક છે અને એનો એકાંત પક્ષ ગ્રહણ કરીને લોકો સાથે ઝગડે છે. તેમનું અજ્ઞાન દૂર કરવા માટે સ્યાદ્વાદી કહે છે કે જ્ઞાન અગમ્ય, ગંભીર અને નિરાબાધ રસથી પરિપૂર્ણ છે. તેનો જ્ઞાયકસ્વભાવ છે, તે જોકે પર્યાયદૃષ્ટિથી અનેક છે, તોપણ દ્રવ્યદૃષ્ટિથી એક જ છે. ૧૫.

अर्थ :—अनन्त ज्ञेयके आकाररूप परिणमन करनेसे ज्ञानमें अनेक विचित्रताएँ दिखती हैं,

उन्हें विचारकर कोई कोई पशुवत् अज्ञानी कहते हैं कि ज्ञान अनेक हैं, और इसका एकान्त पक्ष ग्रहण करके लोगोंसे झगड़ते हैं। उनके अज्ञान हटानेके लिये स्याद्वादी ज्ञानी कहते हैं कि ज्ञान अगम्य, गंभीर और निराबाध रससे परिपूर्ण है। उसका ज्ञायकस्वभाव है, सो वह यद्यपि पर्यायदृष्टिसे अनेक है, तो भी द्रव्यदृष्टिसे एक ही है।।१५।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

कोऊ पसु.. યહાં તો પશુ જૈસા માના હૈ (ક્યોંકિ) ભાન નહીં હૈ ઉસે. અજ્ઞાની પશુમેં જાતે હૈં મરકર. પશુ નામ નિગોદ. તત્ત્વકી જૈસી ચીજ હૈ ઐસા યથાર્થ ભાન બિના વિરુદ્ધ શ્રદ્ધા ઔર જ્ઞાનસે નિગોદકા આરાધન હૈ. સમજમેં આયા? कोऊ पसु ग्यानकौ.. ग्यान નામ અપને જ્ઞાનસ્વભાવકો. अनंत विचित्राई देखै—ભિન્ન ભિન્ન પરિણમનમેં જ્ઞાનમેં અનેકતા દેખી. ज्ञेयके आकार नानारुप विसतरयो है.. જ્ઞેયકે પ્રમાણમેં અપને જ્ઞાનકી અનેકતારૂપ પરિણમન હૈ. ताहीको विचारि कहै ग्यानकी अनेक सत्ता.. જ્ઞાન એકરૂપ સત્તા નહીં, યહ તો અનેક સત્તા હૈ. યહ તો પર્યાયસે અનેક હૈ, દ્રવ્યસે તો એક હી હૈ. આહા! સમજમેં આયા? ભગવાન જ્ઞાન... આયા ન. જ્ઞેયકો ભિન્ન-ભિન્ન દેખકર જ્ઞાનકા ખંડ ખંડ હો ગયા હૈ ઐસા ભાસતા હૈ, વહ વિકલ્પ અનંતાનુબંધીકા હૈ. ઔર જ્ઞેયકો અપના માનના વહ મિથ્યાત્વભાવ હૈ. જ્ઞેયકે ભેદસે જ્ઞાનમેં ભેદ હો ગયા, ઉસ કારણસે જ્ઞાનમેં ભેદ હો ગયા ઐસા માનના વહ મિથ્યાત્વભાવ—અનંતાનુબંધીકા વિશેષ હૈ. આહા!

ताहीको विचारि कहै ग्यानकी अनेक सत्ता.. એકાંત અનેક હી હૈ જ્ઞાન, ઐસા માનતા હૈ. પર જ્ઞાનરૂપ સ્વભાવ એકાકાર રહતા હૈ, અનેક પર્યાયમેં પરિણમન હોનેપર ભી જ્ઞાનગુણ ઔર દ્રવ્યસ્વભાવ એક હૈ, ઐસા માનતા નહીં. સૂક્ષ્મ આ ગયા હૈ સબ. આહાહા! गहिकै एकंत पच्छ.. કોઈ એમ કહે કે જ્ઞાન એકરૂપ છે. કહે, નહીં. અનેકરૂપ હી હૈ. ઐસા જાનકર લોગ લડતે હૈં, ઝઘડા કરતે હૈં. સમજમેં આયા? અનેક કહા હૈ તો પર્યાયસે અનેક હોતા હૈ, પણ વસ્તુસે તો એક (હૈ). એક છોડકર અનેક હોતા હૈ, ઐસા નહીં હૈં. આહાહા! 'સમયસાર નાટક'મેં 'બનારસીદાસ'ને શ્લોક બનાયે. તત્ત્વજ્ઞાનકા વિષય ... સૂક્ષ્મ હૈ. પરમેશ્વર ગણધરોંને સુના ઔર ગણધરોંને કહા. શાસ્ત્ર ગૃહસ્થ ભી રચતે હૈં, દેખો. ઉસકા તો યહાં પદ રચા, કહો. આહાહા!

ताकौ भ्रम भंजिवेकौ ग्यानवंत कहै ग्यान.. અજ્ઞાની જ્ઞાનકી અનેક અવસ્થા દેખકર, જ્ઞાનકી સત્તા હી અનેક હૈ ઐસા માનનેવાલે મિથ્યાદૃષ્ટિકો, ग्यानवंत कहै, ग्यान अगम अगाध.. ભાઈ! ઉસકા સ્વભાવ એકરૂપ અગમ્ય હૈ, અગાધ હૈ, નિરાબાધ હૈ, રસસે ભરા હૈ. એકરૂપ જ્ઞાન અગાધ ભરા હૈ. એકાંતસે અનેક હી હૈ ઐસા હૈ નહીં. ભારે ભાઈ આવું

આકરું! ज्ञायक सुभाइ परजायसौं अनेक भयौ, દેખો. વસ્તુ તો એકરૂપ અગમ્ય અગાધ નિરાબાધ રસભરા હૈ આત્મા. પર જ્ઞાયકસ્વભાવ ત્રિકાલી ભગવાન વર્તમાન પર્યાયમેં–અવસ્થામેં–હાલતમેં અનેકરૂપ દિખતા હૈ. પર્યાયસે તો અનેક હૈ, પર (સર્વથા) અનેક હી હૈ ઐસા નહીં. દ્રવ્ય સ્વભાવસે એક હૈ. યે લોજીકસે બાત ચલતી હૈ. ...... આ તો વીતરાગના માર્ગ છે.

जद्यपि.. ક્યા કહતે હૈં? ભગવાન જ્ઞાનપર્યાયમેં અનેકરૂપ હોને પર ભી जद्यपि तथापि एकतासौं नहि टरयौ है.. જ્ઞાનસત્તા એકરૂપ હૈ તો અનેક સત્તા હો ગઈ, ઐસા હૈ નહીં. આહા! આ વાત બેસે .... કહો, હીરાભાઈ! આહાહા! મહાપ્રભુકા સ્વભાવ કૈસા હૈ યહ સિદ્ધ કરતે હૈં. પર્યાયમેં... પરરૂપકી તો બાત યહાં હૈ નહીં. અપની જ્ઞાનપર્યાય અનેકરૂપ પરિણમતી હૈ ઐસા હોને પર ભી અપના જ્ઞાનસ્વભાવ એકરૂપસે તો કભી નાશ હુઆ નહીં. एकतासौं नहि टरयौ है.. એક સત્તા રખકર પર્યાયરૂપ અનેકરૂપ પરિણમન હુઆ હૈ. સમજમેં આયા? અપની એકસત્તા છોડકર અનેકરૂપ સત્તા હુઆ હૈ (ઐસા નહીં). આહા! આવું ભારે!

દ્રવ્યસે તો એકરૂપ હી હૈ. એકકા બોલ હૈ ન યહાં? તત્-અતત્ આ ગયા. એક-અનેક–દો બોલકી બાત ચલતી હૈ. વસ્તુસે એક હૈ. સ્વભાવ જ્ઞાનકા એક સત્તા હૈ. એક હોને પર ભી, દૃષ્ટિમેં એકરૂપ જ્ઞાનકા લક્ષ ઔર ધ્યેય હોને પર ભી, દૃષ્ટિમેં ઐસા આયા તો પરિણમનમેં અનેક પ્રકારકા જ્ઞાનકા પરિણમન હુઆ. ઐસે અનેકતાસોં પરિણમન હુઆ પર એકરૂપસે નાશ હુઆ નહીં. એકસે નાશ નહીં હુઆ. આહાહા! દો સત્તા હો જાય? ..... અનેક પર્યાયરૂપ તો પર્યાય અનેકરૂપ હુઈ, પર સત્તા દો હો જાય? (શ્રોતા : નહીં). એક પર્યાય એક જ્ઞાનકી સત્તા, દૂસરી પર્યાય દૂસરે જ્ઞાનકી સત્તા–ઐસી અનંત સત્તા હૈ નહીં. સૂક્ષ્મ બાત! ભીખાભાઈ! આહા! ...... અનેકપણાનું પરિણમન જ્ઞાનને હો, એનો સ્વભાવ છે. પર અનેકરૂપ હુઆ તો જ્ઞાનગુણ અનેક અનંત સત્તા હો ગઈ, ઐસા નહીં.

ભગવાન આત્મા જ્ઞાનસત્તા તો એક હૈ. એકસે કભી છૂટા નહીં. ભાવો પણ ભારે ભાઈ! આ તો વ્રત પાળવા ને દયા પાળવી, અપવાસ કરવા, લ્યો, એ શેઠ! રસ નહીં ખાના, દૂધ નહીં પીના, દહી નહીં ખાના. ધર્મ હો ગયા. યે તો સબ બાહ્યકી બાત હૈ, સુન ન. તત્ત્વકી જબ તક ખબર નહીં વહાં અજ્ઞાનીકી યહ ક્રિયા ખોખલા હૈ સબ. આહા! તત્ત્વકી મર્યાદા ક્યા હૈ? દ્રવ્યરૂપ મર્યાદા ક્યા ઔર પર્યાયરૂપ મર્યાદા ક્યા? દો કી મર્યાદાકા ખ્યાલ બિના, સમજ બિના, શ્રદ્ધા બિના, અકેલી ક્રિયાકાંડ કરે ઉસમેં તો ચાર ગતિ હૈ. સમજમેં આયા? સમજવાનું કામ તમારું એ. ...... અર્થ છેને અર્થ. अनंत ज्ञेयके

आकाररूप परिणमन करनेसे ज्ञानमें अनेक विचित्रताएँ दिखती हैं, उन्हें विचारकर कोई कोई पशुवत् अज्ञानी कहते हैं कि ज्ञान अनेक है. સમજમેં આયા? જ્ઞાનકી સત્તા અનેકરૂપ હી હૈ ઐસા માનતે હૈં.

और उसका एकांत पक्ष ग्रहण करके लोगोंसे झगड़ते हैं, उनके अज्ञान हठानेके लिये स्याद्वादी ज्ञानी कहते हैं. ભૈયા! તુમ અપેક્ષાસે સમજો. પર્યાયમેં અનેક હોને પર ભી, ગુણ સત્તા તો એક હી હૈ. ગુણ ઔર પર્યાય દો માન. એકરૂપ રહને પર ભી પર્યાય અનેક હોતી હૈ ઔર અનેક હોને પર ભી જ્ઞાનસત્તા તો એક હી હૈ. આહાહા! ભારે વાત! મૂલચંદભાઈ! આવું સાંભળ્યું હતું ન્યાં? લો. આ તો એક-એક શબ્દે ન્યાય છે. એક ભી ન્યાય તૂટા તો કુછ હાથ નહીં આયેગા. આહાહા!

જ્ઞાની કહતે હૈં, જ્ઞાન અગમ્ય હૈ. મહા ગંભીર જ્ઞાનસત્તા અનાદિ-અનંત ... જિસમેં અનંતી અનંતી કેવલજ્ઞાન પર્યાય પડી હૈં ઐસા ગંભીર જ્ઞાન હૈ. વહાં દૃષ્ટિ દેનેસે હી સમ્યગ્દર્શન હોતા હૈ. પર્યાયકી અનેકતા પર દૃષ્ટિ દેનેસે સમ્યગ્દર્શન હોતા નહીં. ગંભીર હૈ. જ્ઞાનકા સ્વભાવ ગંભીર હૈ. ગહરી ગહરી ઉસકી સત્તા અનંત, અનંતપનેકી શક્તિરૂપ પડા હૈ. અપનેમેં જ્ઞાનસત્તા મહાગંભીર હૈ ઔર निराबाध रससे परिपूर्ण है. ભગવાન પરિપૂર્ણમ્ ઈદમ્ આત્મા જ્ઞાનસ્વભાવ રસસે ભરા હૈ. સમજમેં આયા? ઉસકા જ્ઞાયક સ્વભાવ હૈ. દ્રવ્યદૃષ્ટિસે તો જાનના.. જાનના.. એકરૂપ ત્રિકાલ ઉસકા સ્વભાવ હૈ. सो वह यद्यपि पर्यायदृष्टिसे अनेक है, तो भी द्रव्यदृष्टिसे एक ही है. દ્રવ્યદૃષ્ટિસે એકકા અર્થ સત્તારૂપ એક હૈ. (સત્તારૂપ એક ઔર) પર્યાયમેં અનેક—દોનોં કો બરાબર જાનના ઉસકા નામ સ્યાદ્વાદ હૈ. ઉસકા નામ અનેકાંત સમ્યક્દૃષ્ટિકા ધર્મ હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૫૪, ભાદરવા વદ ૨, સોમવાર તા. ૬-૯-૧૯૭૧
## સ્યાદ્વાદ દ્વાર પદ ૧૬, ૧૭, ૧૮ ઉપર પ્રવચન

સ્યાદ્વાદ અધિકાર. ચોથો પક્ષ છે. ચોથો પક્ષ છેને? પાંચમો નીચે કળશ છે. અનેક. ચોથા પક્ષમાં અનેકપણું સિદ્ધ કરવું છે. પર્યાયમાં આત્માનો સ્વભાવ, પર્યાયમાં અનેકપણે જણાય એવું એનું સ્વરૂપ છે. અજ્ઞાની અનેકને માનતા નથી.

ज्ञेयाकारकलङ्कमेचकचिति प्रक्षालनं कल्पय–
न्नेकाकारचिकीर्षया स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति।
वैचित्र्येऽप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतः क्षालितं
पर्यायैस्तदनेकतां परिमृशन्पश्यत्यनेकान्तवित्।।५।।

---

**સમયસાર કળશ અર્થ :—**ભાવાર્થ આમ છે કે, કોઈ મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી એવો છે કે વસ્તુને દ્રવ્યરૂપ માત્ર માને છે, પર્યાયરૂપ માનતો નથી; તેથી જ્ઞાનને નિર્વિકલ્પ વસ્તુમાત્ર માને છે, જ્ઞેયાકાર પરિણતિરૂપ જ્ઞાનનો પર્યાય માનતો નથી; તેથી જ્ઞેયવસ્તુને જાણતાં જ્ઞાનનું અશુદ્ધપણું માને છે. તેના પ્રતિ સ્યાદ્વાદી જ્ઞાનનો દ્રવ્યરૂપે 'એક' અને પર્યાયરૂપે 'અનેક' એવો સ્વભાવ સાધે છે.— એમ કહે છે : ''पशुः ज्ञानं न इच्छति'' (पशुः) એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ (ज्ञानं) જ્ઞાનને અર્થાત્ જ્ઞાનમાત્ર જીવવસ્તુને (न इच्छति) સાધી શકતો નથી—અનુભવગોચર કરી શકતો નથી. કેવું છે જ્ઞાન? ''स्फुटम् अपि'' પ્રકાશરૂપે જોકે પ્રગટ છે. કેવો છે એકાન્તવાદી? ''प्रक्षालनं कल्पयन्'' કલંક ધોઈ નાખવાનો અભિપ્રાય કરે છે. શેમાં? ''ज्ञेयाकारकलङ्कमेचकचिति'' (ज्ञेय) જેટલી જ્ઞેયવસ્તુ છે, તે (आकार) જ્ઞેયને જાણતાં થયું છે તેની આકૃતિરૂપ જ્ઞાન, એવું જે (कलङ्क) કલંક, તેના કારણે (मेचक) અશુદ્ધ થઈ છે—એવી છે (चिति) જીવવસ્તુ, તેમાં. ભાવાર્થ આમ છે કે—જ્ઞેયને જાણે છે જ્ઞાન, તેને એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ સ્વભાવ માનતો નથી, અશુદ્ધપણારૂપે માને છે. એકાન્તવાદીનો અભિપ્રાય આવો કેમ છે? ''एकाकारचिकीर्षया'' કેમકે (एकाकार) સમસ્ત જ્ઞેયના જાણપણાથી રહિત થતો થકો નિર્વિકલ્પરૂપ જ્ઞાનનો પરિણામ (चिकीर्षया) જ્યારે થાય ત્યારે જ્ઞાન શુદ્ધ છે, એવો છે અભિપ્રાય એકાન્તવાદીનો. તેના પ્રતિ 'એક-અનેકરૂપ' જ્ઞાનનો સ્વભાવ સાધે છે સ્યાદ્વાદી સમ્યગ્દૃષ્ટિ જીવ—''अनेकान्तविद् ज्ञानं पश्यति'' (अनेकान्तविद्) સ્યાદ્વાદી જીવ (ज्ञानं) જ્ઞાન અર્થાત્ જ્ઞાનમાત્ર જીવવસ્તુને (पश्यति) સાધી શકે છે—અનુભવ કરી શકે છે. કેવું છે જ્ઞાન? ''स्वतः क्षालितं'' સહજ જ શુદ્ધસ્વરૂપ છે. સ્યાદ્વાદી જ્ઞાનને કેવું જાણીને અનુભવે છે? ''तत् वैचित्र्ये अपि अविचित्रताम् पर्यायैः अनेकतां उपगतं परिमृशन्'' (तत्) જ્ઞાનમાત્ર જીવવસ્તુ (वैचित्र्ये अपि अविचित्रताम्) અનેક જ્ઞેયાકારની અપેક્ષાએ પર્યાયરૂપે અનેક છે તોપણ દ્રવ્યરૂપે એક છે, (पर्यायैः अनेकतां उपगतं) જોકે દ્રવ્યરૂપે એક છે તોપણ અનેક જ્ઞેયાકારરૂપ પર્યાયની અપેક્ષાએ

અનેકપણાને પામે છે;—આવા સ્વરૂપને અનેકાન્તવાદી સાધી શકે છે—અનુભવ-ગોચર કરી શકે છે; (परिमृशन्) આવી દ્રવ્યરૂપ પર્યાયરૂપ વસ્તુને અનુભવતો થકો 'સ્યાદ્વાદી' એવું નામ પામે છે. ૫.

ચતુર્થ પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ कुधी कहै ग्यान मांहि ज्ञेयकौ अकार,
प्रतिभासि रह्यौ है कलंक ताहि धोइयै।
जब ध्यान जलसौं पखारिकै धवल कीजै,
तब निराकार सुद्ध ग्यानमय होइयै।।
तासौं स्यादवादी कहै ग्यानकौ सुभाउ यहै,
ज्ञेयकौ अकार वस्तु मांहि कहां खोइयै।
जैसे नानारूप प्रतिबिंबकी झलक दीखै,
जद्यपि तथापि आरसी विमल जोइयै।।१६।।

**શબ્દાર્થ :**—કુધી=મૂર્ખ. પ્રતિભાસ=ઝળકવું. કલંક=દોષ. પખારિકે=ધોઈને. ધવલ= ઉજ્જ્વલ. આરસી=દર્પણ જોઈયૈ=દેખીએ.

**અર્થ :**—કોઈ અજ્ઞાની કહે છે કે જ્ઞાનમાં જ્ઞેયનો આકાર ઝળકે છે, એ જ્ઞાનનો દોષ છે, જ્યારે ધ્યાનરૂપ જળથી જ્ઞાનનો આ દોષ ધોઈને સાફ કરવામાં આવે ત્યારે શુદ્ધ જ્ઞાન નિરાકાર થાય છે. તેને સ્યાદ્વાદી જ્ઞાની કહે છે કે જ્ઞાનનો એવો જ સ્વભાવ છે, જ્ઞેયનો આકાર જે જ્ઞાનમાં ઝળકે છે, તે ક્યાંથી કાઢી મુકાય ? જેવી રીતે દર્પણમાં જો કે અનેક પદાર્થો પ્રતિબિમ્બિત થાય છે; તોપણ દર્પણ જેમનું તેમ સ્વચ્છ જ બની રહે છે, તેમાં કાંઈ પણ વિકાર થતો નથી. ૧૬.

कोई अज्ञानी कहते हैं कि ज्ञानमें ज्ञेयका आकार झलकता है, यह ज्ञानका दोष है, जब ध्यानरूप जलसे ज्ञानका यह दोष धोकर साफ किया जावे तब शुद्ध ज्ञान निराकार होता है। उससे स्याद्वादी ज्ञानी कहते हैं कि ज्ञानका ऐसा ही स्वभाव है, ज्ञेयका आकार जो ज्ञानमें झलकता है, वह कहाँ भगा दिया जावे ? जिस प्रकार दर्पणमें यद्यपि अनेक पदार्थ प्रतिबिम्बित होते हैं, तो भी दर्पण ज्योंका त्यों स्वच्छ ही बना रहता है, उसमें कुछ भी विकार नहीं होता।।१६।।

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

પહેલો તત્-અતત્નો ભંગ આવી ગયો. બીજો 'એક'નો આવ્યો. આ 'અનેક'નો છે. આ સ્યાદ્વાદ અધિકાર ઝીણો સૂક્ષ્મ છે. कोऊ कुधी.. કુબુદ્ધિ એમ કહે કે ग्यान मांहि ज्ञेयको अकार.. આ જ્ઞાનની પર્યાયમાં અનેક જ્ઞેયો જણાય, તો અનેકપણું છે એ દોષ છે એમ કહે

છે. સમજાય છે કાંઈ? प्रतिभासि रह्यौ है कलंक ताहि धोइयै.. આ શું? જ્ઞાન તો એકરૂપ હોવું જોઈ. એમાં આ જ્ઞાનની પર્યાયમાં અનેકપણે ચીજો ભાસે છે એ પર્યાયમાં અનેકપણું ભાસન એ કલંક છે, એમ અજ્ઞાની માને છે. સર્વથા એક જ માનનારા એને અનેકપણું માનવું એ વિપરીત લાગે (છે). સમજાણું કાંઈ? પરને લઈને અનેક એમ નહીં. પણ પોતામાં અનેકપણું ભાસે છે, એ દોષ એને લાગે છે. જ્ઞાનપર્યાયનો તો સ્વભાવ છે કે અનેકને જાણે. જાણતા છતાં કાંઈ જ્ઞાનસ્વભાવ એકરૂપ છે એ ખંડ-ખંડ નથી થઈ ગયો. એ તો જ્ઞાન પર્યાયનો સ્વભાવ છે, જાણવું. અનેકને જાણે, અનેકપણે જાણવાપણે પરિણમે. એ ચીજનો પર્યાયસ્વભાવ ધર્મ છે. એ કંઈ કલંક અને દોષ (નથી). જીવનો પર્યાયસ્વભાવ ધર્મ છે. ઝીણી વાત લીધી છેને સ્યાદ્વાદથી.

जब ध्यान जलसौं पखारिकै धवल कीजै.. અજ્ઞાની કહે છે. આ જ્ઞાનમાં અનેકપણું ભાસે છે એ અનેકપણું ધ્યાન કરીને ધોઈ નાખીએ. અનેકપણું ચાલ્યું જાય તો જ આત્મા શુદ્ધ થાય. तब निराकार सुद्ध ग्यानमय होइयै.. અનેકપણાનો ભાગ નાશ થાય તો જ્ઞાન શુદ્ધ થાય, એમ અજ્ઞાની કહે છે. નિરાકાર શુદ્ધ જ્ઞાન. એકલો નિર્વિકલ્પ એકલી ચીજ એકરૂપ ભાસે ત્યારે એ જ્ઞાનની શુદ્ધતા કહેવામાં આવે. સમજાય છે કાંઈ પ્રશ્ન? અજ્ઞાનીના પ્રશ્નનું રૂપ કે આ ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ છે એ સર્વથા એક જ છે એમ માનનારને પર્યાયમાં, પરને લઈને અનેક એમ નહીં, પણ પર્યાયમાં અનેકપણું ભાસે છે એ એને કલંક લાગે છે. (શ્રોતા : દોષ લાગે છે). દોષ લાગે છે. પર્યાયનો તો સ્વભાવ છે. અનેકને જાણતાં છતાં એ પર્યાય પોતાના સ્વભાવપણે છે. એ કાંઈ વિભાવપણે પરપણે નથી. આરે!

तासौं स्यादवादी कहै.. ભગવાન જ્ઞાનસ્વરૂપ તારું છે એ વસ્તુએ એક છે. ग्यानकौ सुभाव यहै, ज्ञेयकौ अकार वस्तु मांहि कहां खोइयै.. કહે છે કે ભાઈ! તારા જ્ઞાનનો પર્યાયસ્વભાવ—અવસ્થાનો સ્વભાવ અનેકને જાણવો એ તો સ્વભાવ છે. એને કેમ ખોઈ નખાય? એનો કેમ અભાવ થાય? આહાહા! ज्ञेयकौ अगर वस्तु मांहि कहां खोइयै.. પર્યાયમાં જ્ઞાનની દશા તો અનેકને જાણે, લોકાલોકને જાણે. અનેકને જાણતાં અનેકપણું ખોઈ બેસે એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આરે, આવી વાત! હવે આમાં ધર્મ કરનારને કરવું શું? (શ્રોતા : જ્ઞાન કરવું). પણ ધર્મ કરનાર જ્ઞાનસ્વભાવે એક છે અને પર્યાયસ્વભાવે અનેક છે. અનુભવમાં અનેક ગુણના પરિણમનનો અનુભવ હોય છે. અનુભવમાં એક દ્રવ્યનો જ અનુભવ હોય છે એમ નહીં, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? પર્યાયમાં જ્ઞાન, આનંદ, શાંતિ, સત્તા, પ્રભુતા વગેરેનું પરિણમન અનેકપણે છે એ તો એનો સ્વભાવ છે. અનુભૂતિની પર્યાયનો જ એવો સ્વભાવ છે. એ મેલ નથી. એ પરને કારણે અનેકપણું થયું છે એમ નથી.

ज्ञेयकौ अकार वस्तु मांहि कहां खोइयै जैसे नानारूप प्रतिबिंबकी झलक दीखै. દૃષ્ટાંત દે છે અરીસાનો. અરીસામાં અનેકપણાની ચીજનું પ્રતિબિંબ જણાય છે. એ પ્રતિબિંબ जद्यपि तथापि आरसी विमल जोइयै.. એ આરસી તો વિમળ જ છે. લાલ-કાળા રંગરૂપે દેખાય એથી ત્યાં મેલ છે, એમ નથી. એ તો અરીસાની નિર્મળ સ્વચ્છ અવસ્થા છે. જો એ અવસ્થાનો નિષેધ કર તો આખો અરીસાનો નાશ થઈ જશે. સમજાણું કાંઈ? અનેક માનનારને અનેક ચીજ છે એનું અહીં જ્ઞાન થાય, એ અનેકરૂપે થાય છે અને અનેકરૂપ જ્ઞાનનું થવું, એ તો પર્યાયનો સ્વભાવ છે. એ સ્વભાવ કાં ખોઈએ? એમ કહે છે. એ સ્વભાવને ક્યાં નાશ કરીએ? એ કહે કે, આ અનેકપણું જણાય એ દોષ છે. એટલે ધ્યાન કરીને અનેકપણું કાઢી નાખો, એકલો હું રહું તો એ જ્ઞાનની શુદ્ધતા કહેવાય. આરે, આવી વાતો! સમજાણું કાંઈ?

આ રાગ આદિ થાય છેને? દયા-દાન-વ્રત-ભક્તિ આદિનો રાગ. કહે છે કે વિચિત્ર રાગનું જ્ઞાન તો જ્ઞાનમાં થાય. રાગ આદિ, દ્વેષ આદિ, વાસનાનું જ્ઞાન થાય તો જ્ઞાનપણે પર્યાયનું અનેકપણું થવું એ એનો સ્વભાવ છે. રાગપણે થવું એનો સ્વભાવ નથી. આહાહા! વિચિત્ર પ્રકારના રાગો થાય, એને જ્ઞાનની પર્યાય અનેકપણે—વિચિત્રપણે જાણે. સમજાય છે? 'वैचित्र्येऽप्यविचित्रतामुपगतं' એમ છેને. ત્રીજા પદમાં છે. 'वैचित्र्येपि अविचित्रता उपगतं'. જ્ઞાનની પર્યાયમાં રાગ આદિ, મેલ આદિ, પુણ્ય આદિ જણાય એવું વિચિત્રપણું હોવા છતાં વસ્તુ તો એકરૂપ છે. કાંઈ જ્ઞાન પલટીને જડ થઈ ગયું છે? પર્યાયમાં હોં. અને જ્ઞાનનું પરિણમન અનેકપણે થયું એ પરપણે થયું છે, એમ નથી. આરે, આવી વાતુ કરવી. શેઠ! આ બધું સમજવું પડશે. આહાહા! અજ્ઞાનીની દલીલ છે એની સામે આ ઉત્તર છે. અજ્ઞાનીની દલીલ છે કે આ ભગવાન.... (શ્રોતા : कोऊ कुधी कहै એમ અજ્ઞાની કહે).

कोऊ कुधी कहै.. આ ભગવાન જ્ઞાનસ્વરૂપ, એનું તો એકરૂપ, એકરૂપ હોવું જોઈએ. આ અનેકપણું જણાય—રાગ જણાય, કંઈક જણાય, કુટુંબ જણાય, આ બધા કસાઈના ઘર જણાય, બોકડા કાપે એવું જ્ઞાનનું પર્યાયમાં જણાય... સમજાય છે? જ્યાં ઊભો હોય ત્યાં આમ જણાય. જ્ઞાનની પર્યાય પરિણમે કે આ બોકડા કાપે છે આ ..... એવું જ્ઞાનમાં એના પ્રકારનું પોતામાં પોતાને કારણે અનેકપણે પરિણમવું એવું વિચિત્રપણું હોવા છતાં એ જ્ઞાન કંઈ પરરૂપે થયું નથી. અવિચિત્ર રહ્યું છે. પાટનીજી! આવો સ્વભાવ ને ધર્મ છે ભાઈ! આહાહા! (શ્રોતા : ખાટા-મીઠાનો સ્વાદ નહીં આવે?) ખાટા-મીઠાનો સ્વાદ આવતો જ નથી એને. ખાટા-મીઠાનું જ્ઞાન પોતાનું પોતાને કારણે પરિણમે છે કે આ ખાટું છે, આ મીઠું છે. એ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે કે અનેકપણે જે વસ્તુ છે તેને અનેકપણે જાણવારૂપે પરિણમવું. એ અનેકપણે જાણવારૂપે પરિણમવા છતાં ખાટું થયું છે એ? જ્ઞાન ખાટું થયું

છે? એ આહીં તો કહે છે.

કહો, આ ઢોકળા ખાટા થાય. આ લીંબુ, લીંબુ કહતે હૈં ન? ચૂસતે હૈં ન લીંબુ. ખાટું થાયને જ્ઞાન? ખાટાનું જ્ઞાન થાતું નથી અનેકપણાનું ? (શ્રોતા : ખાટાનું જ્ઞાન થાય એમ ક્યાં ના પાડી.) એ જ્ઞાનમાં ખાટાનું જ્ઞાન, ગળ્યાનું જ્ઞાન, તીખાનું જ્ઞાન, ચો-ખુણાનું જ્ઞાન, ત્રિ-ખુણાનું જ્ઞાન, જે ચીજ હોય છે એવું અહીં જ્ઞાન થાય. પણ એ તો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. એ કાંઈ દોષ છે, એમ નથી. જ્ઞાનની પર્યાયમાં વિચિત્રપણાનું પરિણમન હોવા છતાં અવિચિત્ર નામ રહી છે જ્ઞાનની પર્યાયરૂપે. એ કંઈ પરની પર્યાયરૂપે થઈ ગયું છે, (એમ નથી.) આહાહા! સમજાણું કાંઈ? એવો જ એનો સ્વભાવ આત્માનો છે, એમ કહે છે.

ભગવાન આત્મા વસ્તુ તરીકે તો એકરૂપ હોવા છતાં તેની પર્યાયમાં અનેકપણે જાણવારૂપે પરિણમવું એ એનો સ્વભાવ છે. અનેકપણે પરમાં થવું એવો સ્વભાવ નથી. અનેક ચીજોપણે થવું એવો સ્વભાવ નથી. પણ અનેક ચીજને જાણતાં જ્ઞાનમાં અનેકપણાનું જ્ઞાન પરિણમે, એ તો એનો સ્વભાવ છે. આહાહા! સંકેલીને બુદ્ધિ અંતરમાં લાવી, ત્યારે જ્ઞાનમાં અનેકપણું જણાણું, એ તો એનો ધર્મ છે કહે છે. સમજાય છે કાંઈ? यद्यपि અરીસો અનેકપણાના રંગ આદિથી દેખાય છે. ઝલક અગ્નિની, બરફની અરીસામાં દેખાય. અરીસો મોટો હોય અહીંયા સામે. બોકડાને કાપતો હોય કસાઈ. આમ જણાય છે એ તો અરીસાની અવસ્થા છે. એ અરીસાની અવસ્થા બોકડો કાપે એ રૂપે થઈ નથી. એ તો અરીસો પોતાની અવસ્થારૂપે થયો છે. આહાહા! સમજાણું કાંઈ? એક અને અનેકપણું તારી ચીજમાં જ છે. વસ્તુ તરીકે એક, પર્યાય તરીકે અનેક, તારી સત્તાના એ બે અંશો છે. એમાં તું દ્રવ્ય આવી જાય છે. પરને લઈને એ અનેકપણે પરિણમતો નથી. માળે ભાષે ભાષા. સમજાણું?

तथापि आरसी विमल जोइयै, લો. ज्ञेयका आकार जो ज्ञानमें झलकता है, वह कहाँ भगा दिया जावे? અરીસામાંથી કેમ કાઢી નખાય? હવે આ અગ્નિ સામે છે. એમાં અરીસામાં દેખાય ઝળહળ.. ઝળહળ.. આ હવે કાઢી નાખો તો અરીસો સ્વચ્છ રહે. ક્યાંથી કાઢી નાખીશ? એ તો એની પર્યાયનો ધર્મ છે. પર્યાય કાઢી નાખતા દ્રવ્ય પણ રહેશે નહીં. આહાહા! ભારે વાત ભાઈ! जिस प्रकार दर्पणमें यद्यपि अनेक पदार्थ प्रतिबिम्बित होते हैं, तो भी दर्पण ज्योंका त्यों स्वच्छ ही बना रहता है. વિચિત્ર હોવા છતાં તે દર્પણની અવસ્થારૂપે જ અવિચિત્રપણે રહેલ છે. આહાહા! (શ્રોતા : તો પછી ભગવાનને કાળા-પીળા કેમ કહ્યાં?) કોઈએ કીધું નથી? એ તો શરીરને લઈને કહ્યું છે. ભગવાન કાળા-પીળા છે જ ક્યાં? એથી કહેવાયને કે શરીરની સ્તુતિ એ ભગવાનની સ્તુતિ નથી. ભગવાન કાળા-

પીળા છે ? ભગવાન મરુદેવીના દીકરા છે ? નાભિરાજાના પુત્ર છે ઋષભદેવ ? કોણ કોના પિતા ને કોણ કોના પુત્ર ? દ્રવ્ય સ્વતંત્ર પરિણમે છે ત્યાં. જ્ઞાનમાં જાણવામાં આવ્યું કે આ એક પિતા તરીકે શરીરના નિમિત્તમાં હતા, શરીરના. મારે તો કાંઈ છે જ નહીં જ્ઞાનમાં. આહાહા ! જ્ઞાન તો શરીરને જાણે અને નિમિત્ત પિતાને જાણે એવું અનેકપણે જ્ઞાન પરિણમે. આહાહા !

એવું આવે છે આ શ્વેતાંબરમાં. ઓલા દેવાનંદાને કૂખે જન્મ્યા હતાને. પાછલી રાત્રે થયા હતાને. એવું છેને એનામાં? વાત ખોટી છે. દેવાનંદા બ્રાહ્મણી, એને કૂખે મહાવીર પહેલા રહ્યા હતા. પછી પાછલી રાત્રે દેવને ખબર પડી કે અરે ! બ્રાહ્મણને કુળે તીર્થંકર ન હોય. આ તો કલ્પિત જોડ્યું છે. પણ એ જાણવું જોઈએને એને. એનાથી ઈન્દ્રે ફેરવી નાખ્યું ત્રિશલાની કૂખે. જન્મ આહીં થયો ત્રિશલાને ત્યાં. હવે જ્યારે ભગવાનને કેવળજ્ઞાન થયું ત્યારે દેવાનંદા દર્શન કરવા આવ્યા, પૂર્વની માતા. ઓલા પાછેરા થઈ જાય એ. એ આમ જોતાં જોતાં એના સ્તનમાંથી દૂધ નીકળ્યું. કારણ કે.... (શ્રોતા : મારો દીકરો). આહા ! પછી ભગવાન કહે છે, હે ગૌતમ ! એ મારી અમ્મા, એ મારી માતા હતાં. એય ! ભારે વાત આવી.. ભગવાનને બે પિતા ને બે માતા કહેવા એ તો કલંક છે. શેઠ ! (શ્રોતા : કિસમેં લિખા હૈ શ્વેતાંબરમેં ?) શ્વેતાંબરમેં લિખા હૈ. શ્વેતાંબરમેં બડા પાઠ, બડા પુસ્તક હૈ. ભગવાનકી વાણી હૈ, ઐસા લિખા હૈ. (શ્રોતા : કલ્પનાકી વાણી..) કલ્પનાકી વાણી હૈ. પણ કૈસા .... લઈ ગયા ? કેવળી એમ બોલ્યા કે 'યે મારી અમ્મા હૈ', એમ. ક્યાં સુધી ? એય ચેતનજી ! આવે છે કે નહીં તમારે કલ્પસૂત્રમાં ને ? આચારાંગ ભગવતીમાં આવે છે. કોની મા ને કોના બાપા ?

આત્મા જ્ઞાનની પર્યાયમાં દ્રવ્યદૃષ્ટિથી જ્ઞાન જ્યાં પરિણમવા માંડ્યું, એ જ્ઞાન દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ અનેક પર્યાયે પરિણમે. અને જ્ઞાનની પર્યાયમાં પણ અનેક પ્રકારનાં જ્ઞેયપણે પોતાને જાણવાના સ્વભાવપણે પરિણમે. જ્ઞાન પોતે જ્ઞેયના જાણવાપણે પરિણમ્યું માટે જ્ઞેયરૂપે થયું અને જ્ઞાનની અવસ્થાની અનેકતા તે ચાલી ગઈ, એમ નથી. સમજાય છે કાંઈ ? આવો સર્વજ્ઞનો માર્ગ, આવું જ વસ્તુનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? એ પાંચમો કળશ થયો. છઠ્ઠો. આ બાજુ છેને. એ દ્રવ્યનો આવ્યો હવે. પરદ્રવ્યપણે હું છું, પણ સ્વદ્રવ્યપણે નથી, એનો આ બોલ છે અજ્ઞાનીનો. ઈન્દ્રિયથી જણાતા પરદ્રવ્ય પ્રગટ છે તે હું છું. આ તો અપ્રગટ છે આખું ચૈતન્યતત્ત્વ એટલે એને ન ભાસતાં, આ બધું ભાસે છે.. 'ઘટ-પટ આદિ જાણતો જેથી તેને માન.' આવે છેને. 'પણ જાણનારને માન નહીં...' આ ઈન્દ્રિયથી પ્રત્યક્ષ દેખાય, એ ચીજની હયાતીથી મારી હયાતી છે એમ માનનારા પરદ્રવ્યથી મારું અસ્તિત્વ છે એમ માને છે. એ અજ્ઞાનીની આહીં દલીલ છે. સમજાણું કાંઈ ? આ તત્-અતત્, એક-અનેક ચાર

બોલ ગયા. હવે સ્વદ્રવ્યપણે, સ્વક્ષેત્રપણે, સ્વકાળપણે અને સ્વભાવપણે છે. એમાં સ્વદ્રવ્યપણે છે એ આ પહેલો બોલ છે.

प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः
स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति।
स्वद्रव्यास्तितया निरुप्य निपुणं सद्यः समुन्मज्ञता
स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति॥६॥

---

**સમયસાર કળશ અર્થ :**—ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ એવો છે કે જે પર્યાયમાત્રને વસ્તુરૂપ માને છે, તેથી જ્ઞેયને જાણતાં જ્ઞેયાકાર પરિણમ્યો છે જે જ્ઞાનનો પર્યાય, તેનું જ્ઞેયના અસ્તિત્વપણાથી અસ્તિત્વપણું માને છે, જ્ઞેયથી ભિન્ન નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુને માનતો નથી. આથી એવો ભાવ પ્રાપ્ત થાય છે કે પરદ્રવ્યના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ છે, જ્ઞાનના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ નથી. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાનવસ્તુનું પોતાના અસ્તિત્વથી અસ્તિત્વ છે. તેના ભેદ ચાર છે : જ્ઞાનમાત્ર જીવવસ્તુ સ્વદ્રવ્યપણે અસ્તિ, સ્વક્ષેત્રપણે અસ્તિ, સ્વકાળપણે અસ્તિ, સ્વભાવપણે અસ્તિ; પરદ્રવ્યપણે નાસ્તિ, પરક્ષેત્રપણે નાસ્તિ, પરકાળપણે નાસ્તિ, પરભાવપણે નાસ્તિ. તેમનું લક્ષણ : સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ, સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ, સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા, સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ; પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના, પરક્ષેત્ર એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પનાથી પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે, પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા તે જ અવસ્થાન્તર-ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય છે, પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદકલ્પના, તેને પરભાવ કહેવાય છે. ''पशुः नश्यति'' એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ જીવસ્વરૂપને સાધી શકતો નથી. કેવો છે? ''परितः शून्यः'' સર્વ પ્રકારે તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે. શા કારણથી? ''स्वद्रव्यानवलोकनेन'' (स्वद्रव्य) નિર્વિકલ્પ વસ્તુમાત્રની (अनवलोकनेन) પ્રતીતિ કરતો નથી તે કારણથી. વળી કેવો છે? ''प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः'' (प्रत्यक्ष) અસહાયરૂપે (आलिखित) લખાયેલાની માફક (स्फुट) જેવો ને તેવો (स्थिर) અમિટ (-અટળ) જે (परद्रव्य) જ્ઞેયાકાર જ્ઞાનનો પરિણામ તેનાથી માનેલું જે (अस्तिता) અસ્તિત્વ, તેનાથી (वञ्चितः) ઠગાયો છે—એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ. ''तु स्याद्वादी पूर्णो भवन् जीवति'' (तु) એકાન્તવાદી કહે છે તે પ્રમાણે નથી. (स्याद्वादी) સમ્યગ્દૃષ્ટિ જીવ (पूर्णो भवन) પૂર્ણ હોતો થકો (जीवति) જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સાધી શકે છે—અનુભવ કરી શકે છે. શાના વડે? ''स्वद्रव्यास्तितया'' (स्वद्रव्य) નિર્વિકલ્પ જ્ઞાનશક્તિમાત્ર વસ્તુ, તેના (अस्तितया) અસ્તિત્વપણા વડે. શું કરીને? ''निपुणं निरूप्य'' જ્ઞાનમાત્ર જીવવસ્તુનો પોતાના અસ્તિત્વથી કર્યો છે અનુભવ જેણે એવો થઈને. શાના વડે? ''विशुद्धबोधमहसा'' (विशुद्ध) નિર્મળ જે (बोध) ભેદજ્ઞાન તેના (महसा) પ્રતાપ વડે. કેવો છે (ભેદજ્ઞાનનો પ્રતાપ)? ''सद्यः समुन्मज्ञता'' તે જ કાળે પ્રગટ થાય છે. ૬.

આ એકલા ન્યાયના ભાવ છે બોલ આ તો બધા. पंचम पक्षका स्पष्टीकरण और खंडन. સમજાણું કાંઈ? કારણ કે પંચમ પક્ષ શું કહે છે એનું કથન અને એનું ખંડન. બેય એક શ્લોકમાં આમાં અંદર છે. ઓલામાંય એમ હતુંને જુઓને. ચતુર્થ પક્ષનું સ્પષ્ટીકરણ. ચોથા પક્ષવાળો એકાંતી શું કહે છે એનું સ્પષ્ટીકરણ અને એનું ખંડન. ઓલામાં कोऊ कुधी હતું. આ कोऊ अज्ञ..

પંચમ પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ अज्ञ कहै ज्ञेयाकार ग्यान परिनाम,
　　जौलौं विद्यमान तौलौं ग्यान परगट है।
ज्ञेयके विनास होत ग्यानकौ विनास होइ,
　　ऐसी वाकै हिरदै मिथ्यातकी अलट है॥
तासौं समकितवंत कहै अनुभौ कहानि,
　　पर्जय प्रवांन ग्यान नानाकार नट है।
निरविकलप अविनस्वर दरबरूप,
　　ग्यान ज्ञेय वस्तुसौं अव्यापक अघट है॥१७॥

**શબ્દાર્થ :—**अज्ञ=અજ્ઞાની. विद्यमान=મોજૂદ. कहानि=કથા. पर्जय प्रवांन=પર્યાય જેવડું. नानाकार=અનેક આકૃતિ. अव्यापक=એકમેક નહિ થનાર. अघट=ઘટતી નથી અર્થાત્ બેસતી નથી.

**અર્થ :—**કોઈ કોઈ અજ્ઞાની કહે છે કે જ્ઞાનનું પરિણમન જ્ઞેયના આકારે થાય છે, જ્યાં સુધી જ્ઞેય વિદ્યમાન રહે છે ત્યાંસુધી જ્ઞાન પ્રગટ રહે છે અને જ્ઞેયનો વિનાશ થતાં જ જ્ઞાન નષ્ટ થઈ જાય છે, આ રીતે તેના હૃદયમાં મિથ્યાત્વનો દુરાગ્રહ છે. તેથી ભેદવિજ્ઞાની અનુભવની વાત કહે છે કે જેવી રીતે એક જ નટ અનેક સ્વાંગ બનાવે છે, તેવી જ રીતે એક જ જ્ઞાન પર્યાયો-અનુસાર અનેકરૂપ ધારણ કરે છે. વાસ્તવમાં જ્ઞાન નિર્વિકલ્પ અને નિત્ય પદાર્થ છે, તે જ્ઞેયમાં પ્રવેશ નથી કરતું, તેથી જ્ઞાન અને જ્ઞેયની એકતા ઘટતી નથી. ૧૭.

अर्थ :—कोई कोई अज्ञानी कहते हैं कि ज्ञानका परिणमन ज्ञेयके आकार होता है, सो जब तक ज्ञेय विद्यमान रहता है तब तक ज्ञान प्रगट रहता है, और ज्ञेयके विनाश होते ही ज्ञान नष्ट हो जाता है, इस प्रकार उसके हृदयमें मिथ्यात्वका दुराग्रह है। उससे भेदविज्ञानी अनुभवकी बात करते कि जिस प्रकार एक ही नट अनेक स्वांग बनाता है, उसीप्रकार एक ही ज्ञान पर्यायोंके अनुसार अनेक रूप धारण करता है। वास्तवमें ज्ञान निर्विकल्प और नित्य पदार्थ है वह ज्ञेयमें प्रवेश नहीं करता, इसलिये ज्ञान और ज्ञेयकी एकता नहीं घटती॥१७॥

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

નહીં ઘટતી, નહીં બઢતી (એમ) અઘટનો અર્થ કર્યો છેને. कोऊ अज्ञ कहै.. અજ્ઞાની એમ કહે છે કે ज्ञेयाकार ग्यान परिनाम.. પરદ્રવ્યને આશ્રયે પરિણામ જે થાય છે એ जौलौं विद्यमान.. જ્યાં સુધી પરદ્રવ્ય વિદ્યમાન, ત્યાં સુધી આહીં જ્ઞાનાકાર વિદ્યમાન છે. तौलौं ग्यान परगट.. સમજાય છે કાંઈ ? આ તો ન્યાયનો એકલો વિષય છેને. પ્રગટ આ ચીજ છે, ત્યાં સુધી આહીં જ્ઞાન દેખાય છે. એ ચીજ નથી તો જ્ઞાન દેખાતું (નથી). માટે આત્મા પરદ્રવ્યરૂપ જ છે. કહો, સમજાણું કાંઈ ? જ્ઞાનમાં મહેલ, હાથી, હવેલી, આબરુ, કીર્તિ, પૈસા, દીકરા આમ દેખાય અને એ જ્યાં જાય ત્યાં જ્ઞાનનું બદલવું થઈ જાય. એટલે મારું જ્ઞાન જ પરરૂપે હતું, એ બદલી ગયું આખું. સમજાણું કાંઈ ? પરદ્રવ્યરૂપે 'હું' છું એમ સિદ્ધ કરવું છે.

ज्ञेयके विनास होत ग्यानकौ विनास होइ.. એ દ્રવ્યનો નાશ થાય તો એ જાણવાનું જ્ઞાન પણ ન્યાં રહેતું (નથી). માટે પરને લઈને જ્ઞાન હતું તે નાશ થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ ? આ બધા સૂક્ષ્મ શલ્ય હોય છે એની વાત છે. ऐसी वाकै हिरदै मिथ्यातकी अलट है, લ્યો. અલટનો અર્થ કર્યો નથી કાંઈ. मिथ्यातकी अलट है. (શ્રોતા : દુરાગ્રહ). દુરાગ્રહ હૈ. અંદર છે. આહા ! મિથ્યાત્વકા દુરાગ્રહ હૈ, લો. અંદર છે. कोई कोई अज्ञानी कहते हैं कि ज्ञानका परिणमन ज्ञेयके आकार होता है. જ્યાં સુધી પરદ્રવ્ય દેખાય છે એ પ્રગટ છે, ઈન્દ્રિય પ્રત્યક્ષ છે. અને એ ઈન્દ્રિય પ્રત્યક્ષ દેખાય છે ત્યાં સુધી હું છું. એ જ્યાં પલટાય એટલે હું પણ છું નહીં, એમ કહે છે. ઈન્દ્રિય જ્ઞાનવાળો છેને આ. ઈન્દ્રિયજ્ઞાનવાળો તો પરદ્રવ્યને જાણતા જ (માને કે) જાણે પરદ્રવ્ય જણાય છે તો પરદ્રવ્યને લઈને. એ પરદ્રવ્ય... અર્થ છેને. सो जब तक ज्ञेय विद्यमान रहता है तब तक ज्ञान प्रगट रहता है. જ્ઞેયકે બિના સત્‌પણું... વસ્તુમાં એમ છે? ऐसी वाकै हिरदै मिथ्यातकी अलट है.

અહીં તો એને 'प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः' પહેલું પદ છે. લાંબો છે એનો અર્થ. બહુ આવ્યો નથી એમાં. ખરેખર તો ઈન્દ્રિયપ્રત્યક્ષ જે પદાર્થ દેખાય ઘટ, પટ, બાયડી, છોકરા વિગેરે, આલિખિત—જ્ઞાનમાં જણાય. સ્ફૂટ છે કારણ કે આમ બહાર પ્રગટ છે. સ્થિર (એટલે) કાયમ રહેનારા છે આમ. એ જ રહેનારા છે એમ દેખાય. આ રહેનારો એને દેખાતો નથી. પરદ્રવ્ય અસ્તિત્વાત્. પરદ્રવ્યની હયાતિથી ઠગાઈ ગયો છે અજ્ઞાની. સમજાણું કાંઈ ? આહાહા ! બાયડી-છોકરાને કહેને કે ભાઈ, આ તમે છો ત્યાં સુધી અમે છીએ. બાકી થઈ રહ્યું અમારું તો. બાયડીને મરતા કે જીવતા કહે, આ તું છો ત્યાં સુધી આ સરખું છે મને. બાકી તો પછી કાંઈ મારું કોઈ પૂછશે નહીં. આરે ! સમજાણું કાંઈ ? મૂઢ છો,

કહે છે. આ તું છો ત્યાં સુધી આ મારી સંભાળ રાખશે અને ત્યાં સુધી હું ટકીશ હોં. નહીંતર તો મરી જઈશ પછી. આહાહા!

'શ્રીમદ્'માં આવે છે કે જેનો વિરહ એક ક્ષણ પણ ન સહન થાય એવા સ્ત્રી આદિના વિરહ અનંત કાળ થયા પણ કંઈ આત્માનો નાશ થયો (નથી). સમજાણું કાંઈ? એવો એક લેખ આવે છે પત્રમાં હોં. કે જેનો વિરહ એક ક્ષણ પણ સહન નહીં કરી શકું, વ્યય-વિરહ-અભાવ. એનો અભાવ થયે અનંતકાળ ગયો, પણ કાંઈ આત્માનો અભાવ થયો (નથી). છોકરો સારો થયો હોય તો એને કહે, હે બેટા! આ તું છોને તો હું છું હોં. તું ન હોય તો મારું કોઈ પૂછે નહીં હોં. તારી આબરુએ મારી આબરુ અને તારા હયાતીએ મારી હયાતી. આ સ્નાન કરવા મોકલેને. ત્યાં એમ કહે... સ્નાન સમજાણું? કોઈક મરી ગયો હોયને. બેટા! તું જા. તું છો એ હું છું ને. કોઈ મર ગયા હો ન મર ગયા. ઉસકા સ્નાન કરનેકો જાતે હૈં ન. સ્મશાનમેં જાતે હો અથવા કાગળ આવ્યો કે ભઈ મરી ગયાને બધા જાયને. નહીં તુમ્હારે જાતે હૈં? (શ્રોતા : જાતે હૈં. બહારસે આકે સ્નાન કરતે હૈં) હા, સ્નાન કરતે હૈં વો. ક્યા કહતે હૈં? (શ્રોતા : મરઘટ જાને કે બાદ આકર નહાયે). હા, એ. આહીં તો વાત માંડે એટલી કે મરી જાય એનો ..... તો એ વખતે પછી ઓ.. ઓ.. કરી જાય બહાર નહાવા. હવે પોતે નવરો ન હોય તો છોકરાને કહે, તું જા. તું છો તે હું છું. જાને તું. મૂલચંદભાઈ! એમ છે કે નહીં? એમ કહે છે. અમે તો દુનિયા બધી જોઈ છેને.

અરે! તું છો તો હું છું એ ક્યાંથી આવ્યું? મૂઢ! હું છું તો હું છું. તારે લઈને હું છું એમ છે નહીં. આહાહા! લોકો અમથું નથી કહેતા કે સમય બદલાય છે ત્યારે, બધું બદલાય છે ત્યારે. આવે છેને એ. આ ગાયન આવે છે. 'સમય બદલાય છે ત્યારે બધું પલટાય છે ત્યારે.' દીકરા મરી જાય, દીકરી જાય, પૈસા જાય, દીકરી રાંડ. દીકરી રાંડે હોં. એ મરી જાય તો તો વાંધો નહીં. દીકરી રાંડે, દીકરો મરે. શરીરમાં ક્ષય થાય, દુકાન ભાંગે, વીમાવાળો તૂટે તે દિ'. દુકાન બળતી હોય ને બળી જાય. પાંચ લાખ અને તે દિ' વીમાવાળો તૂટી જાય. વીમાવાળો કંપની. કંપની ત્યાં નાશ થઈ ગઈ. હવે ચારેકોરની સળગી. આ બધું હતુંને ત્યારે અમે આ જીવતા હોં. નહીંતર હવે તો મરી જ ગયા. હાય, હાય! મૂઢ છો માળા! એને લઈને તું છો? આહાહા! એમ ઘણા કહે છે હોં આ બધા. આહાહા! કહે છે, सो जब तक ज्ञेय विद्यमान रहता है तब तक ज्ञान प्रगट रहता है, और ज्ञेयके विनाश होते ही ज्ञान नष्ट हो जाता है इस प्रकार इसके हृदयमें मिथ्यात्वका दुराग्रह है. અલટ—દુરાગ્રહ.

तासौं समकितवंत कहै अनुभौ कहानि.. આહાહા! ધર્મી જીવ અનુભવની કથા કહે.

पर्जय प्रवांन ग्यान नानाकार नट है.. સાંભળને ભાઈ! એ તો પર્યાયમાં જ્ઞાનનો સ્વભાવ છે કે અનેક પ્રકારે પરિણમવું. એથી પરિણમતા એ પરરૂપે થઈ ગયો છે અને પર છે તો આ પરિણમે છે, એમ છે નહીં. આરે! पर्जय प्रवांन ग्यान नानाकार नट है.. પણ સિદ્ધ તો આ કરવું છે હોં હવે. એમ પર્યાયમાં અનેકપણે પરિણમન હોવા છતાં, નિર્વિકલ્પ અને નિત્ય પદાર્થ.... સિદ્ધ આ કરવું છે. પણ મારું દ્રવ્ય તો મારે કારણે મારામાં અસ્તિત્વ છે. આહાહા! પરદ્રવ્યને કારણે (નથી). આહા! આવે છેને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. ઘડીકમાં માળો ગાંડો એમ બોલે કે શરીર મરી જશે તો હુંય મરી જઈશ. ઘડીકમાં એમ કહે, શરીર જાશે. વળી એમેય બોલે. આવે છે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ક્યાંક. શરીર પડશે કાં તો હું પડીશ ભેગો. મરી જઈશ એમ કહે. ઘડીકમાં (કહે) શરીર મરશે અને ઘડીકમાં કહે, હું મરીશ. પાગલ છે, કહે છે. એને કહે છે કે ભાઈ! પર્યાયમાં જાણવા ભલે (જ્ઞાન) અનેકરૂપે પરિણમ્યું છતાં વસ્તુ તરીકે તો એક નિર્વિકલ્પ એકરૂપ છે. અનેક જ છે એમ છે નહીં. આહાહા! પરદ્રવ્યને લઈને છે એમ નથી. આહાહા!

निरविकलप अविनस्वर दरबरूप.. ભગવાન! આહા! સવારે આવ્યું હતુંને ભાઈ ઓલું. 'સતત સુલભ.' એનો એક વિચાર એવો આવ્યો. 'સતત સુલભ'. વસ્તુ એક છે એનો જ્યાં સ્વીકાર થયો એટલે 'છે' એનો સ્વીકાર તો સુલભ જ છે, એમ કહે છે. 'છે' એનો અસ્વીકાર એ દુર્લભ છે. સમજાણું કાંઈ? 'સતત સુલભમ્' સવારે આવ્યું હતું. નિરંતર સુલભ અર્થાત્ 'છે' એવો ભગવાન પૂર્ણ સ્વદ્રવ્યપણે છે એવો ભગવાન. 'છે' એનો જ્યાં સ્વીકાર આવ્યો એટલે એ સુલભ જ થઈ છે. 'है' એનો સ્વીકાર હતોને? સમજાણું કાંઈ? આખી ચીજ એમ ને એમ છે પૂર્ણ પ્રભુ પરમાત્મા. એ સુલભ છે નિરંતર, એનો અર્થ કે એટલો ને આવડો છે એમ જ્યાં સ્વીકાર થયો, સુલભ છે. એમ હતો ત્યાં એને જણાઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા! વસ્તુ છે, વસ્તુ સુલભ છે. સુલભનો અર્થ 'છે' એનો સ્વીકાર કરવો છે. નથી એનો સ્વીકાર કરવો નથી આહીં. અમરચંદભાઈ! આહાહા!

આહીં ઓલો તો કહે છે કે આમ ઇન્દ્રિયપ્રત્યક્ષ આ દેખાય છેને. આ બધું દેખાય છેને આ બધું અને સ્થિર દેખાય છે આમ. ટકતું દેખાય છે. શરીર ટકતું દેખાય, આ બધા બાયડી, છોકરા, કુટુંબ, મકાન, મહેલ, પૈસા ઘરમાં હોય, હજીરા—મકાન ટકતા દેખાય એટલે એને લઈને ટકતો 'હું' છું, એમ. અરે સાંભળને ભાઈ! ઇન્દ્રિયનાં વિષયમાં ટકતા દેખાય તો એને કારણે ટકતા છે. એને કારણે તું ટકતો છો એમ ક્યાં આવ્યું? ટકતો સમજતે હૈં? નિત્ય રહના. निरविकलप अविनस्वर दरबरूप.. એ તો અવિનાશી, અભેદ દ્રવ્યરૂપ વસ્તુ છે. ग्यान ज्ञेय वस्तुसौं अव्यापक.. છતાં એ દ્રવ્યસ્વરૂપ જ્ઞેયસે અવ્યાપક હૈ. જ્ઞેયથી વ્યાપક નથી. જ્ઞેયરૂપે પરિણમી નથી અને જ્ઞાન, જ્ઞાનમાં અઘટ છે—ઘટ-બઢ કાંઈ છે નહીં.

આહાહા ! આરે ભારે ! સમજાણું કાંઈ ?

એણે નિજસ્વભાવની ત્રિકાળ હયાતી અને પર્યાયમાં અનેકપણું –એ વાસ્તવિક શું છે એને અંદર જોવા નજર કરી જ નથી. આ પરને જોવા, આ છે ને તે છે ને. આહા ! આ બધી ચીજ હતી ત્યાં સુધી મને મજા હતી. આ ચીજ ગઈ એટલે મારી મજા ઉડી ગઈ. આહાહા ! આ બધું હતું ત્યારે અમારી હૂંફ જુદી હતી એ વખતે. અમને અમારી હયાતી બહારમાં એટલી સ્પષ્ટ અને વ્યક્ત હતી કે અમારો જગત સ્વીકાર કરે. અને આ બધું જાતાં, આહાહા ! અમે જાણે નથી. પણ તું ક્યાં નથી ? એ હતું તોય તું તારાથી છો અને ન હોય તો, ગયું તોય તું તારાથી છો. કાંઈક ફેર પડતો હશે કે નહીં ? ચંદુભાઈ ! પણ છોકરા સારા હોય, પૈસા સારા હોય. બાપુજી! આપ કહો એમ મારે ખરચવાનો ભાવ છે હોં. આપની છેલ્લી સ્થિતિ છે. અને આમ એવું લાગે, મજા આવી જાય. હું પાંચ લાખ પેદા કરીને આવ્યો છું. આપ કહો તે પ્રમાણે... હવે આપની છેલ્લી સ્થિતિ છે. આહાહા ! કાળની મજા આવે લ્યો. એય મલુકચંદભાઈ ! ભારે આ તો.

એ આમ મજા આવી, તે પરને લઈને હતી ? એ તો તેં હરખમાં માન્યું અને એનું આહીં જ્ઞાન થયું. એ જ્ઞાન હરખને લઈને થયું નથી. એ તો જ્ઞાન, જ્ઞાનને લઈને થયું છે. એ જ્ઞાનનું થવું આવું હોવા છતાં એનું એકપણું ટળ્યું નથી, એમ સિદ્ધ કરવું છે આહીં. સ્વદ્રવ્યપણું ટળ્યું નથી. આહાહા ! ભારે જવાબદારી, કહે છે. જવાબદારીનો અર્થ, તારી ચીજ જ એવી છે કે તું પરરૂપે થયો નથી અને પરનું જ્ઞાન થયું એ તો તારી પર્યાયનો ધર્મ છે. એ અનેકપણે થયા છતાં એકપણું ટળ્યું નથી. સ્વદ્રવ્યપણાનો નાશ કદી થયો નથી. સમજાણું કાંઈ ? આહાહા ! निर्विकल्प और नित्य पदार्थ है वह ज्ञेयमें प्रवेश नहीं करता, (એમ) વ્યાપકનો અર્થ કર્યો. इसलिए ज्ञान और ज्ञेयकी एकता नहीं घटती. ભગવાન આત્મા અનંત સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ અને શરીર, વાણી, મન બધા જ્ઞેયો—એ બેની એકતા કોઈ દિ' ઘટતી નથી. બેયની એકતા ઘટતી નથી અને પોતામાં ઘટ-વધ થતી નથી. સમજાણું કાંઈ ? આહાહા ! (શ્રોતા : ગુરુ સિવાય જ્ઞાન કેવી રીતે આવી જાય ?) પણ ઓલો જ્ઞાનસ્વભાવ ન હોય તો બેસે શી રીતે ? એમ કહે છે. આહાહા !

ग्यान ज्ञेय वस्तुसौं.. એટલે સ્વદ્રવ્ય, જ્ઞાન શબ્દે. જ્ઞાન શબ્દે સ્વદ્રવ્ય, જ્ઞાયકવસ્તુ. ज्ञेय वस्तुसौं अव्यापक.. જ્ઞેયમાં પ્રવેશ કરી નથી અને જ્ઞેયને લઈને એ છે નહીં. અઘટ છે. એ તો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી એટલે દ્રવ્ય... જ્ઞાન શબ્દે આત્મા લેવો છે. એ તો આત્મા દ્રવ્ય છે એ છે. એમાં ક્યાંય ઘટ-વધ થઈ નથી. આહા ! પ્રગટ છે. છઠ્ઠો થયો કળશ. સાતમો. હવે આ છે એ પરદ્રવ્યથી નાસ્તિનો ભંગ છે. છઠ્ઠો હતો એ પરદ્રવ્યથી છું એમ

માનનારા (અજ્ઞાનીનો) એવો અસ્તિનો ભંગ હતો. સ્વદ્રવ્યથી છું એવો (જ્ઞાનીનો) અસ્તિનો ભંગ હતો એ. આહીં હવે પરદ્રવ્યથી નથી એવો નાસ્તિનો ભંગ છે. छट्ठे पक्षका स्पष्टीकरण और खंडन. છઠ્ઠા પક્ષકારને શું કહેવું છે એનું સ્પષ્ટીકરણ અને પછી એનું ખંડન. સાતમો શ્લોક છે નીચે.

सर्वद्रव्यमयं प्रपद्य पुरुषं दुर्वासनावासितः
सर्वद्रव्यभ्रमतः पशुः किल परद्रव्येषु विश्राम्यति।
स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां
जान्निर्मलशुद्धबोधमहिमा स्वद्रव्यमेवाश्रयेत्।।७।।

**સમયસાર કળશ અર્થ :** —ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ નથી માનતો, તેથી સમસ્ત જ્ઞેયવસ્તુ જ્ઞાનમાં ગર્ભિત માને છે. તે એવું કહે છે—ઉષ્ણને જાણતું જ્ઞાન ઉષ્ણ છે, શીતળને જાણતું જ્ઞાન શીતળ છે. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાન જ્ઞેયનું જ્ઞાયકમાત્ર તો છે, પરંતુ જ્ઞેયનો ગુણ જ્ઞેયમાં છે, જ્ઞાનમાં જ્ઞેયનો ગુણ નથી. તે જ કહે છે—''किल पशुः विश्राम्यति'' (किल) અવશ્ય (पशुः) એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ (विश्राम्यति) વસ્તુસ્વરૂપને સાધવાને અસમર્થ હોતો થકો અત્યંત ખેદખિન્ન થાય છે. શા કારણથી? ''परद्रव्येषु स्वद्रव्यभ्रमतः'' (परद्रव्येषु) જ્ઞેયને જાણતાં જ્ઞેયની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન—એવો જે જ્ઞાનનો પર્યાય, તેમાં (स्वद्रव्य) નિર્વિકલ્પ સત્તામાત્ર જ્ઞાનવસ્તુ હોવાની (भ्रमतः) થાય છે ભ્રાન્તિ, તે કારણથી. ભાવાર્થ આમ છે કે જેમ ઉષ્ણને જાણતાં ઉષ્ણની આકૃતિરૂપે જ્ઞાન પરિણમે છે એમ દેખીને જ્ઞાનને ઉષ્ણસ્વભાવ માને છે મિથ્યાદૃષ્ટિ જીવ તેમ. કેવો થતો થકો? ''दुर्वासनावासितः'' (दुर्वासना) અનાદિના મિથ્યાત્વ સંસ્કાર તે વડે (वासितः) થયો છે સ્વભાવથી ભ્રષ્ટ એવો. એવો કેમ છે? ''सर्वद्रव्यमयं पुरुषं प्रपद्य'' (सर्वद्रव्य) જેટલાં સમસ્ત દ્રવ્ય છે તેમનું જે દ્રવ્યપણું (मयं) તે-મય જીવ છે અર્થાત્ તેટલા સમસ્ત સ્વભાવ જીવમાં છે એવી (पुरुषं) જીવવસ્તુને (प्रपद्य) પ્રતીતિરૂપ માનીને.—આમ મિથ્યાદૃષ્ટિ જીવ માને છે. ''तु स्याद्वादी स्वद्रव्यम् आश्रयेत् एव'' (तु) એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે. તે આ પ્રમાણેઃ (स्याद्वादी) સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તવાદી (स्वद्रव्यम् आश्रयेत्) જ્ઞાનમાત્ર જીવવસ્તુ એમ સાધી શકે છે—અનુભવ કરી શકે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ (एव) એવો જ છે. કેવો છે સ્યાદ્વાદી? ''समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां जानन्'' (समस्तवस्तुषु) જ્ઞાનમાં પ્રતિબિંબિત થયું છે સમસ્ત જ્ઞેયનું સ્વરૂપ, તેમાં (परद्रव्यात्मना) અનુભવે છે જ્ઞાનવસ્તુથી ભિન્નપણું, તેના કારણે (नास्तितां जानन्) નાસ્તિપણું અનુભવતો થકો. ભાવાર્થ આમ છે કે સમસ્ત જ્ઞેય જ્ઞાનમાં ઉદ્દીપિત થાય છે પરંતુ જ્ઞેયરૂપ છે, જ્ઞાનરૂપ થયું નથી. કેવો છે સ્યાદ્વાદી? ''निर्मलशुद्धबोधमहिमा'' (निर्मल) મિથ્યાદોષથી રહિત તથા (शुद्ध) રાગાદિ અશુદ્ધ પરિણતિથી રહિત એવું જે (बोध) અનુભવજ્ઞાન તેનાથી છે (महिमा) પ્રતાપ જેનો, એવો છે. ૭.

ભારે ભઈ ધર્મકથા આવી. હવે તો ટાઢી મોસમ થઈ છેને એટલે ઝાઝું (માણસ)

નથી રહ્યું. હવે ઓલા ઝાઝા હોય ત્યાં વળી આવું શું માંડ્યું? કહે. છટ્ઠો ભંગ.

છટ્ઠા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ मंद कहै धर्म अधर्म आकास काल,
पुद्गल जीव सब मेरो रूप जगमैं।
जानै न मरम निज मानै आपा पर वस्तु,
बांधै द्रिढ़ करम धरम खोवै डगमैं॥
समकिती जीव सुद्ध अनुभौ अभ्यासै तातैं,
परकौ ममत्व त्याग करै पग पगमैं।
अपने सुभावमैं मगन रहै आठौं जाम,
धारावाही पंथक कहावै मोख मगमैं॥१८॥

**શબ્દાર્થ :—**દ્રિઢ=પાકા. ધરમ=પદાર્થનો નિજસ્વભાવ. ડગ=કદમ. જામ=પ્રહર. આઠૌં જામ=હમેશાં. પંથક=મુસાફર.

**અર્થ :—**કોઈ બ્રહ્મ અદ્વૈતવાદી મૂર્ખ કહે છે કે ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્‌ગલ અને જીવ આ સર્વે જગત જ મારું સ્વરૂપ છે, અર્થાત્ સર્વ દ્રવ્યમય બ્રહ્મ છે, તેઓ પોતાનું નિજ સ્વરૂપ જાણતા નથી અને પર-પદાર્થોને નિજ-આત્મા માને છે, તેથી તેઓ સમયે સમયે કર્મોનો દૃઢ બંધન કરીને પોતાનું સ્વરૂપ મલિન કરે છે. પણ સમ્યગ્જ્ઞાની જીવ શુદ્ધ આત્મ-અનુભવ કરે છે, તેથી ક્ષણે-ક્ષણે પર પદાર્થોમાંથી મમત્વ દૂર કરે છે અને મોક્ષમાર્ગના ધારાપ્રવાહી પથિક કહેવાય છે. ૧૮.

अर्थ :—कोई ब्रह्म अद्वैतवादी मूर्ख कहते हैं कि धर्म-अधर्म-आकाश-काल-पुद्गल और जीव यह सर्व जगत ही मेरा स्वरूप है, अर्थात् सब द्रव्यमय ब्रह्म है, वे अपना निजस्वरूप नहीं जानते और पर-पदार्थोंको निज आत्मा मानते हैं, इससे वे समय समय पर कर्मोंका दृढ़ बन्ध करके अपने स्वरूपको मलिन करते हैं। पर सम्यग्ज्ञानी जीव शुद्ध आत्म-अनुभव करते हैं, इससे क्षण-क्षणमें पदार्थोंसे ममत्वभाव हटाते हैं, और मोक्षमार्गके धाराप्रवाही पथिक कहाते हैं॥१८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

कोऊ मंद कहै धर्म अधर्म आकास काल, पुदगल जीव सब मेरो रुप जगमैं. આ બધા દ્રવ્યો છે એ હું છું. વેદાંત માને છેને એ બધું. બધું થઈને હું છું. એક છું.. એક છું.. એક છું.. ભગત કહેતા હતા. અરે ભગવાન! સાંભળ. એક છું એવો તેં નિર્ણય કર્યો એનો અર્થ જ થયો કે નિર્ણય અને નિર્ણયવાળી વસ્તુ બે થઈ ગઈ. એક છું એવો નિર્ણય કર્યો. એક છું એવો નિર્ણય (પહેલા) નહોતો. એક છું એવો નિર્ણય થયો તો પર્યાય અને

દ્રવ્ય બે થઈ ગયા. બરાબર છે? આહાહા! નિર્ણય કરનારી પર્યાય બીજી અને નિર્ણય કરવું છે જે લક્ષમાં એ ચીજ બીજી. એ નિર્ણયની પર્યાયમાં એ ચીજ આવી નથી અને નિર્ણયની પર્યાય દ્રવ્યમાં પ્રવેશ કરી નથી. દ્વૈત થઈ ગયું. સમજાય છે કાંઈ?

कोऊ मंद कहै धर्म अधर्म आकास काल पुदगल जीव.. આ બધા બીજા જીવો – સિદ્ધ અને નિગોદ ને બધા અનેક છે. (અજ્ઞાની માને છે), એક જ છે. सब मेरो रुप जगमैं.. સબ એક હૈં, સબ એક હૈં. સમન્વય કરતે હૈં ન અભી. સર્વ ધર્મ સમન્વય. સર્વ ધર્મ સરખા છે. સર્વને એક માને છે. મૂઢ હૈ, એમ કહતે હૈં. (શ્રોતા : માનવધર્મ) માનવધર્મ. માનવનો ધર્મ ક્યાંથી આવ્યો? માનવ માણસ તો આ જડ માટી છે. આતમધર્મ. આહાહા! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એનો ધર્મ જાણવું, દેખવું ને આનંદ ને વીર્ય એવો એનો સ્વભાવ છે. એવો સ્વભાવ પ્રગટ થાય પર્યાયમાં એનું નામ ધર્મ. આહા! 'वस्तुसहावोधम्मो'. ભગવાન આત્મા વસ્તુ, એમાં બેહદ અપરિમિત અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત દર્શન–એવું જે સ્વરૂપ એનું, એ સ્વરૂપ (તે) 'હું', બીજા સ્વરૂપે હું (નહીં) એવો અંદર નિર્ણય થઈને પર્યાયમાં જાગૃતિ થાય એનું નામ ધર્મ. જ્યાં આવી ચીજનું ભાન થાય એની પર્યાયમાં એનું નામ ધર્મ. એ પર્યાય કાંઈ પરને લઈને થઈ છે એમ છે (નહીં). આહાહા!

सब मेरो रुप जगमैं.. બધા આત્મા અમે છીએ. આ તો ધર્મ-અધર્મ ક્યાં ....... ? પર્યાયનો સ્વભાવ છે કે છ દ્રવ્યને જાણે. જાણતા એને એમ થઈ જાય કે આ બધું અમે છીએ. અમે ન હોઈએ તો આ જ્ઞાન કેમ એનું થાય? માટે બધી ચીજ જ જ્ઞાનસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ તો સ્યાદ્વાદ અધિકાર છે. जानै न मरम निज मानै आपा पर वस्तु, દેખો. जानै न मरम.. કે પરદ્રવ્ય ભિન્ન છે ને તારું દ્રવ્ય (ભિન્ન છે.) પરદ્રવ્યથી નાસ્તિ છે. પરને લઈને તારી અસ્તિ છે એમ નથી. આ દ્રવ્યની વ્યાખ્યા છેને. जानै न मरम निज मानै आपा पर वस्तु.. પોતાને પરવસ્તુ માને, દ્રવ્ય તરીકે. પરદ્રવ્ય તરીકે પોતાને માને.

बांधै द्रिढ़ करम.. આકરા કર્મ બાંધે મિથ્યાત્વના, કહે છે. આહાહા! બીજી રીતે કહીએ તો પરદ્રવ્યની સહાય મળે તો મને કાંઈ થાય, એ પરદ્રવ્યને જ માને છે પોતાનું સ્વરૂપ, એમ કહે છે. પરદ્રવ્યની મદદ મળે તો કાંઈ મારા આત્માનો આશ્રય થાય અને ધર્મ થાય. કહે છે, નથી મર્મ જાણતો. निज मानै आपा पर वस्तु.. પરવસ્તુથી પોતાપણે માને છે. આહાહા! આ જોતાં, વ્યવહાર છે એ પણ પરદ્રવ્ય છે નિશ્ચયથી. આહાહા! પરદ્રવ્યથી મારું સ્વરૂપ સ્વનો આશ્રય ટકે છે અને થાય છે, એ પરદ્રવ્યના અસ્તિત્વથી હું છું એમ માનનારા, પરદ્રવ્યની નાસ્તિથી હું છું એમ એ માનતા નથી. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત ન લે બિચારા, જોડી દીધા વ્રત કરો ને અપવાસ કરો ને કાયક્લેશ.

શુભ ઉપયોગની મિથ્યા દૃષ્ટિ. ભાઈમાં આવે છે એમાં.

હમણાં મને શુભ ઉપયોગી મિથ્યાદૃષ્ટિનો પરિચય છે. ભાઈમાં–'નિહાલભાઈ'માં છે. ત્યાં ઓલા બે-ચાર ભેગા થઈને બેઠા હોયને ચર્ચા કરવા. એવું આવે છે. એક ઠેકાણે છે. 'કોઈ કોઈ વાર તત્ત્વની વાત નીકળે છે' એમ કહેતા. 'એમ છે પણ લાંબું ચાલતું નથી પાછું.' એવું એક ઠેકાણે ક્યાંક છે. હરિભાઈ! છે એમાં? એમાં છે. 'જ્યાં બેસીએ છીએ ત્યાં શુભ ઉપયોગી મિથ્યાદૃષ્ટિનો સંસર્ગ છે' એમ કહે. કષાય મંદની વાતું કરે. આમ અપવાસ ને આમ વ્રત ને આમ તપ ને આ કરું.... અરે! તું કોણ છો ? એને લઈને તને લાભ છે એ વસ્તુમાં છે નહીં. આહાહા! હીરાલાલજી! ભારે આકરું ભાઈ! અને આગળ જતાં તો ત્યાંય લીધુંને કે પર્યાય છે એ પરદ્રવ્ય છે. પર્યાય છે તો મારું સ્વદ્રવ્ય છે એમ (માન્યું તો) એણે પર્યાયથી નાસ્તિ છું તો હું છું, એમ ન માન્યું. આહાહા! હીરાભાઈ! આ તો જૈનદર્શન છે. આહાહા! મહા ગંભીર અને સંતોની વાણી ઘણી ઊંડી!

કહે છે, जानै न मरम.. પર્યાયને લઈને અને રાગને લઈને 'હું', પરદ્રવ્યને લઈને 'હું' એમ માનનારા जानै न मरम.. આ દ્રવ્યની અપેક્ષાએ વાત કરી છે. કાળમાં એમ આવે. निज मानै आपा पर वस्तु, बांधै द्रिढ़ करम धरम खोवै डगमैं.. પર્યાયે પર્યાયે ધર્મને ખોવે છે એમ કહે છે. આહાહા! પોતાની ત્રિકાળી હયાતીનું સત્ત્વ, એનો અનુભવ અને સ્વીકાર નથી, એથી મારું હોવાપણું પરને લઈને છે એમ એણે માન્યું (છે). તે धरम खोवै डगमैं.. ડગે-ડગે, પર્યાયે-પર્યાયે ધર્મને ખોવે છે એમ કહે છે. આહાહા! છેને એમાં. (શ્રોતા : કદમ કદમ પર). હા. बन्ध करके अपने स्वरूपको मलिन करते हैं. એટલું લીધું. खोवै डगमैं.. કદમ લખ્યું છે અર્થમાં. ડગ એટલે કદમ. પગલે-પગલે છેતરાય છે એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ ? પરદ્રવ્યનું હોવાપણું એને લઈને હું છું, રાગનું હોવાપણું એને લઈને હું છું એમ માનનારા ડગલે-ડગલે ધર્મને ખોવે છે. પગલે-પગલે છેતરાય છે. આહાહા! ગજબ વાત છે. सब द्रव्यमय ब्रह्म है, એમ છેને. સર્વ જગત મેરા સ્વરૂપ. સબ દ્રવ્યમય બ્રહ્મ. બધું થઈને બ્રહ્મ છીએ. એ તને ભ્રમ છે. બધું થઈને બ્રહ્મ છીએ એ તને ભ્રમ છે. સમજાણું કાંઈ ? खोवै डगमैं.

समकिती जीव सुद्ध अनुभौ अभ्यासै तातैं, લ્યો. सम्यग्ज्ञानी जीव शुद्ध आत्म-अनुभव करते हैं. એટલે કે પરથી નાસ્તિરૂપ થઈને, મારાપણે રહીને, પરપણે નહીં થઈને હું અનુભવ કરું છું. આહાહા! પરનું લક્ષ છોડી અને આ સ્વને લક્ષે જે અનુભવ થાય, એ પરથી 'હું' નથી એમ એમાં છે. સમજાણું કાંઈ? પરને લક્ષે કાંઈ મારામાં થાય તો પરને લઈને હું છું એમ માને છે. પરનું લક્ષ છોડી, ભગવાન અખંડાનંદ પ્રભુ એના લક્ષે 'सुद्ध

अनुभौ अभ्यासै. परकौ ममत्व त्याग करै पग पगमैं, લ્યો. ઓલા ડગમેં આવ્યું હતું ને. આ બાજુ આવ્યું હતું. પર્યાયે-પર્યાયે. આહાહા! પર નહીં એવું નાસ્તિરૂપ પરિણમન પર્યાયે પર્યાયે થાય. સમય-સમયની પર્યાયમાં રાગપણે નથી એવું પરિણમન થાય. આહાહા! અરે! મૂળ ચીજ હાથ આવી નહીં એટલે પછી ગોટા વાળ્યા ધર્મને નામે. છેતરાણા બિચારા મિથ્યાત્વમાં. આહાહા!

કહે છેને, પગે પગે. આહાહા! इससे क्षण-क्षणमें पर पदार्थोंसे ममत्वभाव हटाते हैं. પરપણે નથી એવી પરપણાથી નાસ્તિરૂપ માનતા, ક્ષણે ક્ષણે પોતાના અસ્તિત્વના ધર્મનું પરિણમન પરિણમન થાય (છે). પરપણે નથી એટલે સ્વપણાનું પરિણમન થાય છે. આહાહા! अपने सुभावमैं मगन रहै आठौं जाम.. પરપણે નથી એટલે પોતાનો જ્ઞાનાનંદસ્વભાવ એની અનુભવ દૃષ્ટિ, એમાં मगन रहै आठौं जाम.. આઠે પહોર. આહાહા! નિરંતર કહેતા आठौं जाम લીધું અહીંયા. દિવસના ચાર પહોર ને રાતના ચાર. આઠે પહોર નિરંતર ભગવાન આત્મા રાગથી નાસ્તિરૂપ છે, પરથી નાસ્તિરૂપ છે, શરીર ને વાણી, મન આદિથી નાસ્તિરૂપ છે. એમ માનતાં ક્ષણે ક્ષણે ધર્મની પર્યાયપણે પરિણમતાં આઠે પહોર એ આત્માના સ્વભાવમાં જ છે. કોઈ ક્ષણે પણ એ રાગમાં ને પરમાં નથી.

अपने सुभावमैं मगन रहै आठौं जाम, धारावाही पंथक कहावै मोख मगमैं.. मोक्षमार्गके धाराप्रवाही पथिक कहाते हैं. પરપણાના નાસ્તિપણાના પરિણમનમાં, સ્વપણાના અસ્તિનું જે પરિણમન ધારાવાહી ચાલે છે, એ ધારાવાહી મોક્ષમાર્ગનો પથિક છે. પંથમાં ચાલનારો છે. પરથી નાસ્તિરૂપ થઈને ચાલનારો છે, એમ. પરને નાસ્તિરૂપ થઈને ચાલનારો છે. આહાહા! સમજાણું કાંઈ? આવી તો એક આ 'બનારસીદાસે' નાખેલી છે. धारावाही पंथक कहावै मोख मगमैं.. પોતાના ધ્રુવસ્વરૂપના અસ્તિત્વથી, પરના નાસ્તિત્વથી, પરદ્રવ્યપણે નહીં પરિણમવાના નાસ્તિત્વથી, ક્ષણે-ક્ષણે શાંતિના પંથમાં પરિણમતો મોક્ષમાર્ગમાં ધારાવાહી પથિક કહેવામાં આવે છે. એને ધર્મ હોય (છે). પરથી હું છું (એમ માનનાર) એને ધર્મ હોતો નથી.

( પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૫૫, ભાદરવા વદ ૩, મંગળવાર, તા. ૭-૯-૧૯૭૧
## સ્યાદ્વાદ પદ—૧૯ થી ૨૧ ઉપર પ્રવચન

સ્યાદ્વાદ અધિકાર. सप्तम पक्षका स्पष्टीकरण और खंडन. આ શું અધિકાર છે? છ બોલ તો થઈ ગયા. આત્મા તત્સ્વરૂપે છે અને અતત્—પરસ્વરૂપે નથી. એમાં જ્ઞાન અને જ્ઞેય લેવું. આત્મા આખો ન લેવો. પહેલામાં એમ કહ્યું કે.... ક્યાં ગયા તમારા? વાર કેમ લાગી? આવે છે? જ્ઞાનસ્વરૂપ આત્મા એ પોતાથી છે અને જ્ઞેય જે રાગાદિ, શરીરાદિ વસ્તુ છે એ જ્ઞેય છે. એ જ્ઞેય, જ્ઞેયસ્વભાવે અસ્તિ છે, પણ જ્ઞેયસ્વભાવના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ નથી. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યસ્વભાવ, પોતાના જ્ઞાનમાં જ્ઞેયનું જ્ઞાન (થાય) એ પોતાનું જ્ઞાન છે. એ પોતાના જ્ઞાનથી પોતે અસ્તિ છે. અસ્તિ એટલે 'છે', પણ પરથી છે નહિ. એ તત્ છે અને અતત્થી નથી, એમ બે ભંગ થઈ ગયા.

આત્મા જ્ઞાનસ્વભાવે પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન હોવા છતાં વસ્તુ તરીકે એક છે. જ્ઞાનમાં રાગાદિ અને શરીરાદિ અનેકપણું જણાવા છતાં, અનેકપણે જાણતાં છતાં વસ્તુ તરીકે એક છે. આ જૈનદર્શનનું સ્યાદ્વાદ. વસ્તુનું સ્વરૂપ આ છે. અને એક હોવા છતાં પર્યાયપણે અનેક છે. એ ચોથો ભંગ છે. સમજાય છે કાંઈ? એ ચાર થયા. પાંચમામાં સ્વદ્રવ્યે અસ્તિ છે. ઓલામાં જ્ઞાન અને જ્ઞેયના અસ્તિ-નાસ્તિની વાત હતી. આ તો ચીજ ભગવાન આત્મા દ્રવ્યસ્વરૂપે પોતાથી અસ્તિ છે અને પરદ્રવ્યથી તે નાસ્તિ છે. આત્માનું હોવાપણું પરદ્રવ્યને લઈને હોવાપણું છે એમ નથી. સમજાણું કાંઈ? એ સ્વદ્રવ્યથી છે અને પરદ્રવ્યથી નથી. એમ છ બોલ થયા. હવે સાતમો. આત્મા અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્ર... ભારે ઝીણું. ભાઈ! પોતાના અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રથી છે, પણ પરક્ષેત્રથી નથી. અસ્તિનો આમ તો પહેલો ભંગ છે. सप्तम पक्षका स्पष्टीकरण और खंडन.

સાતમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન
(સવૈયા એકત્રીસા)

कोऊ सठ कहै जेतौ ज्ञेयरूप परवांन,
तेतौ ग्यान तातैं कहूं अधिक न और है।
तिहूं काल परक्षेत्रव्यापी परनयौ मानै,
आपा न पिछानै ऐसी मिथ्यादृग दौर है।।
जैनमती कहै जीव सत्ता परवांन ग्यान,

ज्ञेयसौं अव्यापक जगत सिरमौर है।
ग्यानकी प्रभामैं प्रतिबिंबित विविध ज्ञेय,
जदपि तथापि थिति न्यारी न्यारी ठौर है॥१९॥

**શબ્દાર્થ :–**દૌર=ભટકવું. સિરમૌર=પ્રધાન. થિતિ=સ્થિતિ.

**અર્થ :–**કોઈ મૂર્ખ કહે છે કે જેટલું નાનું અથવા મોટું જ્ઞેયનું સ્વરૂપ હોય છે, તેટલું જ જ્ઞાન હોય છે, તેનાથી વધતું–ઓછું નથી હોતું. આ રીતે તેઓ સદૈવ જ્ઞાનને પરક્ષેત્ર વ્યાપી અને જ્ઞેય સાથે તન્મય માને છે, તેથી કહેવું જોઈએ કે તેઓ આત્માનું સ્વરૂપ સમજી શક્યા નથી, મિથ્યાત્વની એવી જ ગતિ છે. તેમને સ્યાદ્વાદી જૈની કહે છે કે જ્ઞાન આત્મસત્તા બરાબર છે, તે ઘટ–પટાદિ જ્ઞેય સાથે તન્મય થતું નથી, જ્ઞાન જગતનો ચૂડામણિ છે, તેની પ્રભામાં જોકે અનેક જ્ઞેય પ્રતિબિમ્બિત થાય છે તોપણ બન્નેની સત્તાભૂમિ જુદી જુદી છે. ૧૯.

अर्थ :–कोई मूर्ख कहता है कि जितना छोटा या बड़ा ज्ञेयका स्वरूप होता है, उतना ही ज्ञान होता है, उससे अधिक–कम नहीं होता, इस प्रकार वे सदैव ज्ञानको परक्षेत्रव्यापी और ज्ञेयसे तन्मय मानते हैं, इससे कहना याहिये कि वे आत्माका स्वरूप नहीं समझ सके, सो मिथ्यात्वकी ऐसी ही गति है। उनसे स्याद्वादी जैनी कहते हैं कि ज्ञान आत्म-सत्ताके बराबर है, वह घट-पटादि ज्ञेयसे तन्मय नहीं होता, ज्ञान जगतका चूडामणि है, उसकी प्रभामें यद्यपि अनेक ज्ञेय प्रतिबिम्बित होते हैं तो भी दोनोंकी सत्ताभूमि जुदी-जुदी है॥१९॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

શું કહે છે? કોઊ સઠ.. મૂર્ખ એમ કહે છે કે જેટલો શરીરનો આકાર, મકાનનો આકાર, પરવસ્તુનો જે આકાર (છે) એ જ પ્રમાણે આત્માનું જ્ઞાન છે. પરને આકારે, પરના ક્ષેત્રથી જ્ઞાનનું ક્ષેત્ર છે. સમજાણું કાંઈ? પરક્ષેત્ર, એનું જ્ઞાન પરક્ષેત્રને જાણે. જાણતાં અજ્ઞાનીને એમ થઈ જાય છે કે પરક્ષેત્રનું જ્ઞાન છે તેથી હું છું. મારા સ્વક્ષેત્રમાં–જ્ઞાનમાં હું છું એમ એની શ્રદ્ધાનું ભાન નથી. મકાન-બકાન સારા થાય ને, એ ક્ષેત્ર આકારે જ્ઞાન થાય તો થાય કે, આહાહા! આપણે આપણા મા-બાપના, કુટુંબના જે ક્ષેત્ર મકાન છે તો અમારે ઠીક છે તો એને લઈને અમે નભીએ છીએ. સમજાણું કાંઈ? આપણું આવું દસ પેઢીનું બાપ-દાદાનું મકાન, એ આપણે જાય (તો) આપણું જીવન સારું ન કહેવાય.

એ દાખલો અમારે ઉમરાળાનો છે. ઉમરાળાનો દાખલો છે. સાધારણ બ્રાહ્મણ થઈ ગયેલા. મકાન વેંચાઈ ગયું. મકાન સમજ્યા? વેંચાઈ ગયું. પછી થઈ ગયા પૈસાવાળા. તો એની મા કહે, અરે બેટા! આ આપણું સાત પેઢીનું મકાન ...... એ મકાન જ્યાં સુધી પાછું

ન લે ત્યાં સુધી મારા જીવને ક્યાંય ઠીક પડતું નથી. ક્યાં એ તારું ક્ષેત્ર (છે)? એ તો પરક્ષેત્ર છે અને જ્ઞાનમાં જણાણું... એક વાત ત્યાં છે. એ પરક્ષેત્ર જ્ઞાનમાં જણાયને? એટલો જે પર્યાય, તે સ્વક્ષેત્રથી ભિન્ન છે અથવા પરક્ષેત્રની પર્યાય, તેનાથી સ્વક્ષેત્ર ભિન્ન છે. આમાં છે ક્યાંક. 'કળશટીકા'માં છે. સમજાણું કાંઈ? ક્ષેત્ર છે ને? શું એ છે? ક્ષેત્ર ને? કેટલામું છે એ? જુઓ ૨૫૩ છે. એમાં છે. સ્વદ્રવ્યમયી.

'परद्रव्येषु'.. 'જ્ઞેયને જાણતાં જ્ઞેયની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન—એવો જે જ્ઞાનનો પર્યાય, તેમાં નિર્વિકલ્પ સત્તામાત્ર જ્ઞાનવસ્તુ હોવાની થાય છે ભ્રાંતિ..' સમજાણું? પરદ્રવ્યમાં હોવાની અજ્ઞાનીને ભ્રાંતિ થાય છે. બધી શૈલી એવી લીધી છે. આ તો થઈ ગયું છે. .... એ ઝીણી વાત છે. જે આ જ્ઞાન છેને, એ પરક્ષેત્રને જાણવાનો જે પર્યાય છે તેટલો હું છું, એટલે પર્યાય જેટલો હું છું. અસંખ્ય પ્રદેશી વસ્તુ.. ભગવાન અસંખ્ય પ્રદેશ આત્મા છે. અસંખ્ય પ્રદેશમાં જ્ઞાન આખું વ્યાપક છે. હવે એમાં એક સમયની અવસ્થામાં આ જે પરક્ષેત્ર આકારવાળું છે, એનું પર્યાયમાં જાણવું થાય છે. એટલે એ પરક્ષેત્રનું જ્ઞાન માનીને એને કાઢવા માગે છે, સ્વક્ષેત્રમાં રહેવા માટે. એથી એ પરક્ષેત્રની પર્યાય, જ્ઞાનની પર્યાય, એની ખરેખર તો (ત્રિકાળ) સ્વક્ષેત્રમાં નાસ્તિ છે. વજુભાઈ!

એક સમયનો જે જ્ઞાનનો પર્યાય, એમાં પરક્ષેત્રનું જ્ઞાન થાય એ તો પોતાનું જ્ઞાન છે. છતાં એ પરક્ષેત્રનું જ્ઞાન પર્યાયમાં થાય એને એ અશુદ્ધ માનીને, પરક્ષેત્રથી ભિન્ન મારું સ્વક્ષેત્ર છે એમ કરીને એ પરક્ષેત્રનો પર્યાય અજ્ઞાની નાશ કરવા માગે છે. સમજાય છે કાંઈ? અને પરથી ભિન્ન એકલું સ્વક્ષેત્ર, એને એ માનતો નથી. સ્વક્ષેત્રમાં રહેવા માટે, સ્વક્ષેત્રમાં રહેવા માટે પર્યાયમાં જે પરક્ષેત્રનો ખ્યાલ છે એનો અભાવ કરું તો સ્વક્ષેત્રમાં રહું. એમ નથી. પર્યાયમાં પરક્ષેત્રનું જ્ઞાન એક અંશમાં હોવા છતાં, એ રૂપે ત્રિકાળ ક્ષેત્ર નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણું. પરક્ષેત્ર તો આત્મામાં છે જ નહિ. આ મોટા બગીચા ને બાગ હોય છેને એટલે ન્યાં એને નજર ઠરી હોય છે. મોટા મોટા બાગ-બગીચા નથી હોતા? ઓલો સુંદર ટોળિયાનો હતોને? એ હમણાં આ લોકોએ લઈ લીધું છેને. ત્યાં બે વાર ગયા હતાને? પહેલા ગયા હતા ત્યાં.... ત્યાં મોટા મોટા ઝાડ લાંબા, નથી? ...બગીચા. એમાંથી નીકળવું એને ઠીક પડતું નથી. કારણ કે પરક્ષેત્રાકાર વૃત્તિ થઈ ગઈ છે ને. ક્ષેત્રાકાર વૃત્તિ છે. પણ એ તો પરક્ષેત્રાકારવૃત્તિ એટલો આત્મા છે જ નહિ. એ પરક્ષેત્રરૂપે તો નથી, પણ પરક્ષેત્રનું એક સમયની પર્યાયમાં જ્ઞાન થાય એટલો આત્મા નથી. આહાહા!

અહીં અજ્ઞાની કહે છે, कोऊ सठ कहै जेतौ ज्ञेयरूप परवांन.. જેટલું પરજ્ઞેય છે અથવા પરક્ષેત્રનું અહીં જ્ઞાન થાય છે તેટલા પ્રમાણે तेतौ ग्यान तातैं कहूं अधिक न और है.. એટલા પ્રમાણે આત્મા છે. એથી અધિક અને ઓછો છે નહિ. જૈનદર્શનનો ઝીણો વિષય

છે. तिहूं काल परक्षेत्रव्यापी परनयौ मानै.. અજ્ઞાની પોતાના જ્ઞાનમાં પરક્ષેત્ર સંબંધી પોતાનું જ્ઞાન (થાય છે, તો) પરક્ષેત્રમાં જ પોતે ગયો હોય એમ માને છે અથવા એક સમયની પર્યાયમાં આખો ગયો છું (એમ માને છે). तिहूं काल परक्षेत्रव्यापी परनयौ मानै.

आपा न पिछानै ऐसी मिथ्यादृग दौर है. પણ ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશ, અનંત ગુણનો ફાલ જેમાં ભર્યો છે, એવો અસંખ્ય પ્રદેશી એ સ્વક્ષેત્ર છે. ભારે ધર્મ! આવી વાત! એ કરતાં તો વ્રત પાળવા ને અપવાસ કરવા ને ભક્તિ કરવી, જાત્રા કરવી, થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી, સાંભળને હવે! એ તો બધા વિકલ્પો છે. એ તો બધો રાગ છે. આહાહા! એ રાગનું ક્ષેત્ર ખરેખર ભિન્ન છે. એ તો.... ઉપયોગ અધિકાર. સંવર (અધિકારમાં) આવે છે ભાઈ! રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ એ વિકલ્પ છે એનું ક્ષેત્ર જુદું છે. શેઠ! આકરું કામ ભારે! આ તમારા બંગલાનું ક્ષેત્ર તો જુદું, પણ આ બંગલો મારો એવો રાગ, એ રાગનું ક્ષેત્ર જુદું. આહાહા! એક સમયનો પર્યાયબુદ્ધિ છે. પરજ્ઞેયબુદ્ધિ થતાં એક સમયની પર્યાયબુદ્ધિ એની થઈ. એને आपा न पिछानै.. પોતે ભગવાન અસંખ્ય પ્રદેશી અનંત ગુણસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ એવા સ્વક્ષેત્ર ઉપર નજર એની જાતી નથી. કારણ કે એ બધું ક્ષેત્ર અવ્યક્ત છે અને એક સમયની પર્યાયમાં જ્ઞેયની આકૃતિનું જ્ઞાન તે વ્યક્ત પ્રગટ છે. એટલે પ્રગટ પર્યાયને એ માને છે. સમજાણું કાંઈ? આવું ઝીણું છે. એય નિરંજન! ન્યાં અમેરિકામાં હેરાન થયા, પાંચ વર્ષ હેરાન થયા.

રામજીભાઈએ સુમનભાઈને એમ કહ્યું હતું હોં. એ અમેરિકા ગયો હતોને. હેરાન થવા જાય છે. શું કહેવાય બીજું? કૂચે મરવા.. કૂચે મરવા જાય છે. આહાહા! ભગવાનનું સ્વક્ષેત્ર તો પોતામાં છે. એ અમેરિકાના ક્ષેત્રનો જ્ઞાનમાં–પર્યાયમાં ખ્યાલ આવ્યો, એટલો પર્યાય જેટલો આત્મા નથી. પર જેટલો તો નથી, પરક્ષેત્ર તો એનામાં નથી, પણ એ સંબંધીનો જ્ઞાનનો એક સમયનો પર્યાય આકૃતિરૂપે પરિણમ્યો એટલો પણ આત્મા નથી, આહાહા! કહો, હીરાભાઈ! આવી વાત છે. आपा न पिछानै.. ક્યાંક આવ્યું હતુંને? ભજનમાં આવ્યું હતું, આપા. શિખરચંદજી. શિખરચંદજી ભજન કરતાને? આપા ન પિછાનૈ. પેલા શિખરચંદજી જાડા નથી આવતા? (શ્રોતા : આપા નહિ જાના તૂને, કૈસા જ્ઞાનધારી હૈ.) એ. આપા ન પિછાના તૂને.. કૈસા જ્ઞાનધારી.

ભગવાન! તારું ક્ષેત્ર.. દ્રવ્યનું તો આવી ગયું. તારું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી. વીતરાગ સિવાય (આ વાત) બીજે ક્યાંય હોય નહિ. અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર, એમાં જે દ્રવ્યરૂપ ભાવ એ સ્વક્ષેત્ર અને પર્યાયરૂપનું ક્ષેત્ર એ પરક્ષેત્ર. आपा न पिछानै ऐसी मिथ्यादृग दौर है.. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જૈનમાં જન્મ્યા છતાં, જૈન સંપ્રદાયમાં રહ્યા છતાં, એને ભાન નથી કે વ્યવહારના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો રાગ–એનું ક્ષેત્ર જ ભિન્ન છે. એમાં સ્વ

અસંખ્ય પ્રદેશી નિર્મળ ક્ષેત્ર એમાં આવતું નથી. આહાહા! સમજાણું કાંઈ? मिथ्यादृग दौर है.. મિથ્યાદૃષ્ટિ છે, કહે છે. આમાં છેને? इस प्रकार वे सदैव ज्ञानको परक्षेत्रव्यापी और ज्ञेयसे तन्मय मानते हैं, इससे कहना चाहिये कि ये आत्माका स्वरूप नहीं समझ सके. आपा न पिछानै. सो मिथ्यात्वकी ऐसी ही गति है. વાસ્તવિક તો અહીંયા એ સિદ્ધ કરવું છે. વસ્તુ—દ્રવ્યનું ક્ષેત્ર—પોતાનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશી એકરૂપ, એની દૃષ્ટિ નથી અને એકલી પર્યાયમાં દૃષ્ટિ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! સમજાય છે?

પર્યાય, પર્યાય તરીકે એક ક્ષેત્રમાં જાણે, એવો પણ મારો સ્વભાવ છે એમ જાણે. પણ એથી હું પરરૂપ થઈ ગયો છું, એમ નથી. આકારવાળી ચીજ હોય છેને? જુઓને. ત્રિકોણી, ચૌકોણી, ગોળ, લંબગોળ એવા અનેક પ્રકાર દેખીને, એ આકાર તો પર છે, પણ એ આકારનું અહીં જ્ઞાન થાય છે પોતાથી. છતાં એટલા જ પર્યાયરૂપે હું જ્ઞેયરૂપે છું, પરક્ષેત્રરૂપે છું અને પરક્ષેત્રથી પોતાની પર્યાયમાં થતું પોતાથી જ્ઞાન એક સમયની પર્યાય એટલો જ છું, (એમ માનનારો) મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

जैनमती कहै जीव सत्ता परवांन ग्यान.. જીવ તો જ્ઞાનની સત્તા પ્રમાણે જ છે. પરની સત્તા પ્રમાણે નથી. આહાહા! जैनमती कहै जीव सत्ता परवांन ग्यान.. જીવની સત્તા પ્રમાણે જ્ઞાન છે. ज्ञेयसौं अव्यापक.. ખરેખર પરક્ષેત્રથી તે અવ્યાપક છે. એમાં પરક્ષેત્રમાં એણે પ્રવેશ કર્યો નથી. એ તો ઠીક, પણ એની જે એક સમયની પર્યાય છે પરક્ષેત્રને જાણવાની સ્વતઃ, એમાં પણ દ્રવ્યે પ્રવેશ કર્યો નથી. દેવીલાલજી! લ્યો, આ તમારા છ લાખના મકાનમાં પ્રવેશ કર્યો નથી, એમ કહે છે. શેઠ! અને એ ક્ષેત્રનું અહીંયા જ્ઞાન થાય, એ જ્ઞાનની પર્યાય પણ પરક્ષેત્રને લઈને (નથી) અને પરક્ષેત્રમાં ગઈ નથી અને પરક્ષેત્રની જે જ્ઞાનપર્યાય થઈ એટલામાં આખું સ્વક્ષેત્ર આવતું નથી. આહાહા!

આત્મા સ્વક્ષેત્રપણે હોવાપણે છે. એમાં બે પ્રકાર. એક તો પર્યાયમાં પરક્ષેત્રનું જ્ઞાન હોવા છતાં પરક્ષેત્રપણે થયો નથી, સ્વક્ષેત્રપણે રહ્યો છે. અને પર્યાયમાં સ્વક્ષેત્રનું જે જ્ઞાન પોતાથી થયું એને પણ પરક્ષેત્ર ગણીને એમાં સ્વક્ષેત્ર આવતું નથી. આહાહા! ज्ञेयसौं अव्यापक जगत सिरमौर है. આહાહા! घटपटादि ज्ञेयसे तन्मय नहीं होता, ज्ञान आत्मसत्ताके बराबर है, ज्ञान जगतका चूड़ामणि है. ભગવાન આત્મા ચૂડામણિ મુગટ છે. ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થના ક્ષેત્રને પર્યાયમાં જાણવા છતાં પરરૂપે થયો નથી અને પરના ક્ષેત્રનું જ્ઞાન એક સમયમાં આવ્યું તે રૂપે પણ દ્રવ્ય થયું નથી. उसकी प्रभामें यद्यपि अनेक ज्ञेय प्रतिबिम्बित होते हैं. જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયાકાર ક્ષેત્ર જે છે એનું પ્રતિબિંબ એટલે એની પર્યાયમાં તે સંબંધીનું જ્ઞાન હોય છે. સમજાય છે કાંઈ?

जदपि तथापि थिति न्यारी न्यारी ठौर है.. પરક્ષેત્ર ભિન્ન અને ભગવાન આત્માની પર્યાયનું ક્ષેત્ર ભિન્ન અને દ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન. આહાહા! જુઓ, આ સ્યાદ્વાદ. વસ્તુનું સ્વરૂપ એવું છે. એ સાતમો ભંગ થયો.

આઠમો. अष्टम पक्षका स्पष्टीकरण और खंडन. આમાં સ્વક્ષેત્રથી છે એટલું સિદ્ધ કર્યું. હવે આમાં પરક્ષેત્રથી નથી એ ભંગ સિદ્ધ કરે છે. એ સામેવાળાએ પરક્ષેત્રથી છે એમ સિદ્ધ કર્યું એનું ખંડન કર્યું એટલે સ્વક્ષેત્રમાં છે એમ સિદ્ધ કર્યું. હવે આમાં અજ્ઞાની કહે છે કે પરક્ષેત્રથી છે. ત્યારે જ્ઞાની કહે છે, પરક્ષેત્રથી નથી. એ નાસ્તિભંગ સિદ્ધ કરવો છે, પણ સામાની દલીલ લઈને. આવી ધર્મની વાતું. હવે આમાં ક્યાં.... એ મૂળચંદભાઈ! મગજને અંદર કેળવવું પડે. ચૈતન્યસત્તાની હોવાપણાની સ્થિતિ કેટલા ક્ષેત્રમાં છે? એ પરક્ષેત્રમાં નથી અને પરક્ષેત્રથી નથી.

આઠમાં પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ सुंनवादी कहै ज्ञेयके विनास होत,
　　ग्यानकौ विनास होइ कहौ कैसे जीजिये।
तातैं जीवतव्यताकी थिरता निमित्त सब,
　　ज्ञेयाकार परिनामनिकौ नास कीजिये।।
सत्यवादी कहै भैया हूजे नांहि खेदखिन्न,
　　ज्ञेयसौ विरचि ग्यान भिन्न मानि लीजिये।
ग्यानकी सकति साधि अनुभौ दसा अराधि,
　　करमकौं त्यागिकै परम रस पीजिये।।२०।।

**શબ્દાર્થ :—**જીજિયે=જીવવું. ખેદખિન્ન=દુઃખી. વિરચિ=વિરક્તિ થઈને. અરાધિ= આરાધના કરીને. સત્યવાદી=પદાર્થના યથાર્થ સ્વરૂપનું કથન કરનાર.

**અર્થ :—**કોઈ કોઈ શૂન્યવાદી અર્થાત્ નાસ્તિક કહે છે, જ્ઞેયનો નાશ થવાથી જ્ઞાનનો નાશ સંભવ છે અને જ્ઞાન જીવનું સ્વરૂપ છે, તેથી જ્ઞાનનો નાશ થવાથી જીવનો નાશ થાય છે તે સ્પષ્ટ છે, તો પછી એવી દશામાં કેવી રીતે જીવન રહી શકે ? માટે જીવની નિત્યતા માટે જ્ઞાનમાં જ્ઞેયાકાર પરિણમનનો અભાવ માનવો જોઈએ. ત્યાં સત્યવાદી જ્ઞાની કહે છે કે ભાઈ! તમે વ્યાકુળ ન થાવ, જ્ઞેયથી ઉદાસીન થઈને જ્ઞાનને તેનાથી ભિન્ન માનો, તથા જ્ઞાનની જ્ઞાયકશક્તિ સિદ્ધ કરીને અનુભવનો અભ્યાસ કરો અને કર્મબંધનથી મુક્ત થઈને પરમાનંદમય અમૃતરસનું પાન કરો. ૨૦.

अर्थ :—कोई शून्यवादी अर्थात् नास्तिक कहते हैं, ज्ञेयका नाश होनेसे ज्ञानका नाश होना

सम्भव है, और ज्ञान जीवका स्वरूप है, इसलिये ज्ञानका नाश होनेसे जीवका नाश होना स्पष्ट है, तो फिर ऐसी दशामें क्योंकर जीवन रह सकता है? अतः जीवकी नित्यताके लिये ज्ञानमें ज्ञेयाकार परिणमनका अभाव मानना चाहिये। इस पर सत्यवादी ज्ञानी कहते हैं कि हे भाई ! तुम व्याकुल मत होओ, ज्ञेयसे उदासीन होकर ज्ञानको उससे पृथक् मानो, तथा ज्ञानकी ज्ञायक शक्ति सिद्ध करके अनुभवका अभ्यास करो और कर्मबन्धसे मुक्त होकर परमानंदमय अमृतरसका पान करो॥२०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

कोऊ सुंनवादी कहै ज्ञेयके विनास होत.. કહે છે કે જે આકાર ક્ષેત્ર છેને? એ ક્ષેત્રના બદલવાથી એ ક્ષેત્ર સંબંધીનું જે આ જ્ઞાન છે એ પણ નાશ થઈ જાય છે. માટે પરક્ષેત્રને લઈને અહીં જ્ઞેયાકારનું જ્ઞાન હતું. જાડી બુદ્ધિ હોય.... આવો ધર્મ વીતરાગે (કહ્યો હશે)? એ જુગરાજજી! કેવો માર્ગ છે આ? કાંઈ સાંભળ્યું ન હોય, એને તો એમ લાગે છે કે આ શું કહે છે? આહાહા! કોઈ શૂન્યવાદી કહે છે. પરક્ષેત્રથી હું છું એમ માનનારો શૂન્યવાદી છે. સમજાણું કાંઈ? कोऊ सुंनवादी कहै ज्ञेयके विनास होत.. આકારો જ્ઞાનમાં દેખાય છે એ આકારો જ્યાં પલટે છે, એ આકારો સંબંધીનું પોતાનું જ્ઞાન પણ એ વખતે પલટી જાય છે. એટલે જ્ઞેય—પરક્ષેત્રને આકારે થયેલું જ્ઞાન પરક્ષેત્રને લઈને હતું, એમ એ કહે છે. (પણ) એમ નથી. પેલા કહે, સાર.. સાર.. દયા પાળવી એ ધર્મ છેને? અરે સાંભળને હવે! તારી દયા કોને કહેવી એની ખબર ન મળે. પરની દયા પાળવાનો ભાવ તો શુભરાગ છે. સમજાણું કાંઈ? એ કાંઈ ધર્મ-બર્મ નથી. આહાહા!

અહીં તો ભગવાન આત્મા અખંડાનંદ કંદ જે સ્વક્ષેત્રમાં છે, એની દયા પાળવી એટલે છે એવો માનવો. સમજાણું કાંઈ? પણ છે એવો ન માનતાં, પરક્ષેત્રને લઈને છું એમ માનનાર પોતાના સ્વક્ષેત્રની અસ્તિનો નાશ કરે છે, એ હિંસા કરે છે. અમરચંદભાઈ! જે પોતે ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશના સ્વક્ષેત્રમાં છે એમ ન માનતાં, પરક્ષેત્રને લઈને હું છું (એમ માને એ) શૂન્યવાદી છે કહે છે, નાસ્તિક છે. આહાહા! સમજાણું કાંઈ? ग्यानको विनास होइ कहौ कैसे जीजिये.. જે પરક્ષેત્ર છે એ આકારે જ્ઞાન પોતાની પર્યાયમાં પરિણમે છે. જ્યાં એ ક્ષેત્ર બદલ્યું તો આ પણ બદલી જાય છે. એટલે આમાં મારું જીવતર રહેવું શી રીતે? પરને લઈને જીવતર છે, મારે લઈને છે નહિ. કહો, આમાં પરને જીવાડી શકે છે? જીવો અને જીવવા દ્યો. આવે છે ને? મહાવીરનો સંદેશ—જીવો અને જીવવા દ્યો. ભગવાનનો સંદેશ એ છે જ નહિ. ઊંધા મારે જ્યાંના ત્યાંના. ઝાઝા માણસ ભેગા થઈને બોલે, મહાવીરનો સંદેશ—જીવો અને જીવવા દ્યો. જીવો એટલે આત્માને શરીરના

આયુષ્યથી જીવાડી શકાય છે? આ જીવાડી શકાય છે.

પરક્ષેત્રથી નથી અને સ્વક્ષેત્રે છું, એવું જે સ્વક્ષેત્રનું જીવન એનાથી જીવી શકે છે. આ 'जीजिये' કહ્યુંને? 'कैसे जीजिये'. કેમ જીવતર રાખવું, એમ છેને? 'जीजिये' છેને અર્થમાં? છે. 'जीजिये'નો અર્થ એ કર્યો છે ને? जीना होगा. કેવી રીતે જીવવું? ऐसी दशामें क्योंकर जीवन रह सकता है? બહુ ઝીણી વાત છે. કહે છે, ભગવાન આત્માનું હોવાપણું અસંખ્ય પ્રદેશની સ્વસત્તામાં છે અને એમ ન માનતાં પરક્ષેત્રની હયાતીને લઈને મારી હયાતી છે, તો પરક્ષેત્ર જ્યાં બદલાય ત્યાં હું બદલી જાઉં, હવે મારે જીવવું શી રીતે? આહાહા! માટે પરક્ષેત્રથી ભિન્ન પડી, પર્યાયથી જુદો પડી પર્યાયનું ક્ષેત્ર કાઢી નાંખું. પર્યાયનું ક્ષેત્ર કાઢી નાખતા પર્યાય વઈ જશે. સમજાણું કાંઈ?

આવા બોલ માણસને બેસે નહિ અને બાઈયું, આદમી બિચારા હાંકે રાખે ગાડા. સામાયિક કરો ને પોષા કરો ને. પછી આ બધું ચડાવી દે પોષા ને પડિકમણા ને... એક ફેરી કહેતો, પેલો ચૂડાનો હતોને? ભાઈ! કોણ? પંડિત કોણ? બીજો એક કોઈક નહોતો? હોંશિયાર હતો. ચૂડાવાળો નહિ બીજો એક? જાણપણાવાળો છે. રતિલાલ માસ્તર. (સંવત) ૧૯૯૯માં સાંભળ્યું. કહે, મહારાજનું સાંભળીને માનીએ તો અપાસરા બંધ કરવા પડે. તે દિ' પહેલા ૧૯૯૯માં આવતા. આપણે ત્યાં દરબારગઢમાં ઉતર્યા હતાને? તે દિ' આવતા. આ વાત ક્યાં બિચારાએ સાંભળી ન હોય જિંદગીમાં. વીતરાગ પરમાત્માએ શું કહ્યું છે અને કેવી હોવાપણે એની જીવની સત્તા છે? એવી સત્તાનું જેણે સાંભળ્યું નથી. આહાહા! આ તો પરની દયા પાળી શકું એટલે પરક્ષેત્રમાં જઈ શકું, પરદ્રવ્યમાં જઈ શકું. મૂઢ છો? મૂળચંદભાઈ! ભારે આકરું આવું.

(શ્રોતા : અહીંસા પરમો ધર્મ છેને.) અહીંસા પરમો ધર્મ, એ તો હિંસાધર્મ છે. પરને બચાવી શકું અને પરને બચાવવાનો ભાવ રાગ, એ (રાગ) મારો એ તો આત્માની હિંસા છે. એનું જીવન જ્ઞાનજ્યોતિપણે છે, એને ઠેકાણે રાગને લઈને જીવ બચશે, મારો કે એનો (એ માન્યતા મૂઢતા છે). સમજાણું કાંઈ? માર્ગ તો એવો આકરો છે કે અત્યારે બધાને માખણ ચોપડીને ઊભા રહેવું એવો માર્ગ નથી આ. બધાને ખુશી રાખવા. જેની પાસે જાય એને જય નારાયણ. ચોખા મૂકીને (કહે), તમે પણ સારા ને તમે પણ સારા, જાઓ. (શ્રોતા : આપણે દુનિયામાં કોઈને ખરાબ શું કામ કહેવા?) ખરાબ તો વસ્તુમાં ખરાબ નથી, પણ પર્યાયમાં ખરાબ ન હોય તો આ દુઃખ ને સંસાર કોનો? સમજાય છે કાંઈ? સંસાર કોઈ પરનો નથી. એની માન્યતામાં પડ્યો છે એ સંસાર છે. આહાહા! બહુ કામ ઝીણું. વીતરાગ પરમેશ્વરે કહેલું તત્ત્વ અત્યારે આખું બધું જાણે આમ ડૂબાઈ ગયું લાગે. દેવીલાલજી!

અહીં તો કહે છે, तातैं जीवतव्यताकी थिरता निमित्त सब, ज्ञेयाकार परिनामनिकौ नास कीजिये.. જ્ઞાનમાં પરક્ષેત્રનો જે ખ્યાલ આવે છે એનો અભાવ કરીએ. અભાવ કરીએ તો અમે સ્વક્ષેત્રમાં રહીએ. એ તો પર્યાય છે. આહાહા! સમજાણું? અરીસામાં પરક્ષેત્ર જણાય એ પરક્ષેત્ર નથી. ખરેખર પોતાની પર્યાયમાં પરક્ષેત્રનું જ્ઞાન છે. હવે એમ કહે છે કે અરર! આ તો પરક્ષેત્રનું જ્ઞાન થયું. પણ એ તારી પર્યાયનો ભાવ છે. હવે અમારે જીવવું શી રીતે? પર્યાયમાં પરક્ષેત્રનું જ્ઞાન કાઢી નાખીએ તો અમે જીવીએ. મરી જઈશ, જીવશે ક્યાંથી? સમજાણું કાંઈ? तातैं जीवतव्यताकी थिरता निमित्त सब.. જો પોતાને પોતાના ક્ષેત્રથી જીવવું હોય તો ज्ञेयाकार परिनामनिकौ नास कीजिये. પરજ્ઞેયાકારે જે જ્ઞાન પરિણમે એને કાઢી નાખીએ. શું કાઢી નાખે? એ તો જ્ઞાનનો પર્યાય છે. પર્યાયને કાઢી નાખીએ તો દ્રવ્ય પણ રહેશે નહિ. કહો, સમજાણું? ઝીણી વાત છેને. સ્યાદ્વાદનો અધિકાર.

सत्यवादी कहै भैया हूजे नांहि खेद खिन्न.. ધર્મી સમકિતી જૈન એમ કહે છે કે હે ભૈયા! हूजे नांहि खेद खिन्न, ज्ञेयसौं विरचि ग्यान भिन्न मानि लीजिये. આહા! એ જ્ઞેય આકારે જ્ઞાન થાય તો જ્ઞેયથી પણ ભિન્ન છે અને ખરેખર તો જ્ઞેયાકારે જ્ઞાન થયું એનાથી પણ ત્રિકાળી જ્ઞાન ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા! કહો, વજુભાઈ! આવું ઝીણું છે આ. ભારે આકરૂં. નવા માણસને તો એમ લાગે, આવો જૈનધર્મ હશે? જૈનધર્મ તો વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા જાવી સમેદશિખરની, શેત્રુંજયની. અરે ભાઈ! એ તો બધી વિકલ્પની વૃત્તિઓ હો, પણ એ કંઈ વસ્તુ નથી. આહાહા! સમજાણું કાંઈ? ઘણા એમ કહેને, એવા ક્ષેત્રમાં જઈએ તો વાતાવરણ એવું દેખાય, શાંતિ ઊપજી જાય. ધૂળેય નથી, સાંભળને! અહીં ક્ષેત્રથી થાય છે? 'સોનગઢ'નું ક્ષેત્ર જુદું, આત્માનું ક્ષેત્ર જુદું. અરે! સોનગઢનું ક્ષેત્ર તો ઠીક, પણ એ સંબંધી જ્ઞાનમાં આવ્યું કે સોનગઢ આવું છે ને પ્રતિમા આવી છે અને 'સીમંધર' ભગવાન આવા છે. એવું જે જ્ઞાનરૂપે પરિણમન થયું એ પણ એક સમયનું ક્ષેત્ર છે, એ ત્રિકાળી ક્ષેત્ર નથી. એ પર્યાયનું ક્ષેત્ર એ કાંઈ વસ્તુ છે? આહાહા! સમજાણું કાંઈ?

सत्यवादी कहै भैया हूजे नांहि खेद खिन्न.. તારી પર્યાયમાં પરક્ષેત્ર સંબંધી જ્ઞાન થાય છે, ખેદ ન કર.. ખેદ ન કર. એ તો જ્ઞાનસ્વભાવમાં રહેલો આત્મા છે એમાં એ ક્ષેત્રનું જ્ઞાન થાય છે. આહાહા! ज्ञेयसौं विरचि ग्यान भिन्न मांनि लीजिये.. એ જ્ઞેય આકારને જુદા પાડી, 'विरचि' એટલે છૂટા પાડી, ग्यान भिन्न मांनि लीजिये.. ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ તો એ ક્ષેત્રથી ભિન્ન છે. આહા! આમણે તો બહુ લીધું છે, પર્યાયનું ક્ષેત્ર જ ભિન્ન છે. સમજાણું કાંઈ? એ પર્યાયનું ક્ષેત્ર એ જ પરક્ષેત્ર છે. સમજાણું કાંઈ? આહાહા! જ્ઞેયાકાર પોતાની પર્યાયમાં થતો આકાર અને જ્ઞાન, એટલું એ ક્યાં તત્ત્વ છે? એ તો

પર્યાયબુદ્ધિવાળો માને છે, મિથ્યાદૃષ્ટિ છે. એકાંત માને તો હોં. ત્રિકાળી દ્રવ્ય સહિત પર્યાયને માને તો પર્યાયમાં છે એ બરાબર છે. એ તો એનું જ્ઞાન છે. ज्ञेयसौं विरचि ग्यान भिन्न मानी लीजिये. तुम व्याकुल मत होओ, ज्ञेयसे उदासीन होकर ज्ञानको उससे पृथक् मानो...

ग्यानकी सकति साधि अनुभौ दसा अराधि.. ભાઈ! જુઓ, અહીં શું કહે છે? જ્ઞાનની શક્તિ જે પરક્ષેત્રથી ભિન્ન છે, સ્વક્ષેત્રની શક્તિ છે તેનું આરાધન કર. આહાહા! સમજાણું કાંઈ? જ્ઞાનનું સ્વક્ષેત્ર જે છે, એને ग्यानकी सकती साधि अनुभौ दसा अराधि.. ભગવાન આત્મા જ્ઞાનસત્તામાં પૂર્ણ છે એવી દૃષ્ટિ કરીને એને અનુસરીને અનુભવ કર. આનંદનો અનુભવ કરવો એ ધર્મ છે. આહાહા! વળી કહે કે અનુભૂતિથી ભિન્ન. દેવીલાલજી! તમે પ્રશ્ન કર્યો હતોને. અનુભૂતિથી ભિન્ન? અનુભૂતિથી ભિન્ન, સાંભળને! એ તો પર્યાય છે. ત્રિકાળ સત્‌નો આખો પોટલો, એકલો ત્રિકાળ એકરૂપ સત્... સત્.. સત્.. સત્... સત્.. સત્. એ વસ્તુ તો પરિણમનની પર્યાયથી ભિન્ન છે. આહાહા! એક સમયની પર્યાયની સત્તાથી ત્રિકાળની સત્તા છે? આ તો ભઈ જેને આત્માનું આરાધન કરવું હોય એની વાત છે. આ તો વીતરાગમાર્ગ એવો છે.

ભગવાન આત્મા જ્ઞાનભાવ... અહીં ક્ષેત્રની વાત છે. ग्यानकी सकति साधि.. પોતાની શક્તિ ક્ષેત્રમાં છે તેટલી, अनुभौ दसा अराधि. વસ્તુ ક્ષેત્રમાં—અસંખ્ય પ્રદેશમાં આત્મા એકરૂપ છે, એની દૃષ્ટિ કરતાં જ્ઞાનનો અને શાંતિનો અનુભવ થાય, એનું નામ અનુભવદશા આરાધી એમ કહેવામાં આવે છે. करमकौ त्यागिकै.. એ પરજ્ઞેયાકાર ભાવને છોડીને અથવા પરક્ષેત્રના કાર્યને છોડીને... कर्मबंधनसे मुक्त होकर परमानंदमें अमृतरसका पान करो. परम रस पीजिये. આહાહા! આત્મા નિર્વિકલ્પરસથી સ્વક્ષેત્રથી ભરેલો છે. એના સ્વક્ષેત્રમાં તો આનંદનો પાક છે. સમજાણું કાંઈ? આહાહા! એના અસંખ્ય પ્રદેશમાં સ્વક્ષેત્રમાં અસ્તિપણાનો સ્વીકાર થતાં એને આનંદના અનુભવનો રસ આવે. પરક્ષેત્ર તો કાઢી નાંખ, પણ પરક્ષેત્ર સંબંધી પોતાની પર્યાય, એ દૃષ્ટિ છોડી દે, એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. સમજાણું કાંઈ?

એવો ભગવાન આત્મા પોતાના સ્વ-અવગાહનમાં વ્યાપેલું તત્ત્વ, પરને અવગાહતું નથી. પરમાં ક્ષેત્રથી પ્રવેશ કરતું નથી. દ્રવ્યથી કરતું નથી, આ ક્ષેત્રથી કરતું નથી. એમ દૃષ્ટિ કરીને પોતાના સ્વક્ષેત્રની ત્રિકાળ શક્તિનું આરાધન કર, તો અનુભવનું આરાધન (થશે.) આહાહા! ત્યારે એને સમ્યગ્દર્શન થતાં આનંદનો સ્વાદ આવે. ત્યારે એને સમ્યગ્દર્શન થાય. આહાહા! પર્યાય ભિન્ન છેને એટલે કહ્યુંને કે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. અલિંગગ્રહણનો

વીસમો બોલ. પર્યાયનો અનુભવ એ દ્રવ્યને સ્પર્શે તો દ્રવ્ય અને પર્યાય એક થઈ જાય છે. આહાહા! સમજાણું કાંઈ? પ્રત્યભિજ્ઞાનનું કારણ એવો જે અર્થાવબોધ સામાન્ય તેને નહિ સ્પર્શતો એવો જે આત્મપર્યાય તે આત્મા છે. એમ છે વીસમો બોલ. અલિંગગ્રહણ. વીતરાગમાર્ગ અલૌકિક અચિંત્ય છે. આહાહા! એના જ્ઞાનમાં પણ આ ચીજ કેમ છે એમ ન આવે તો અંદર રુચિ ક્યાંથી થાય? અને રુચિ વિના સ્થિરતા તો થાય જ નહિ. આહા! **करमकौं त्यागिकैं परम रस पीजिये** અર્થાત્ એ પરક્ષેત્રરૂપી કાર્ય, તેને છોડી સ્વક્ષેત્રના અંદરમાં અનુભવમાં આવી જા. કર્મ છૂટીને તને આનંદ થશે, એમ કહે છે.

બે ભંગ થયા. **नववें पक्षकास्पष्टीकरण और खण्डन.** હવે આ ત્રીજો બોલ શું છે? આત્મા સ્વકાળે પોતાથી છે. પરના કાળથી નથી. અહીં તો સ્વકાળ એક સમયની પર્યાય છેને અને પરની પર્યાય એક સમયની છે, રાગની કે શરીરની, એ પરકાળ છે. અને આત્માની સમ્યગ્જ્ઞાન આદિની વર્તમાન અવસ્થા એ સ્વકાળ છે. તો સ્વકાળે આત્મા અસ્તિ છે અને પરકાળે નાસ્તિ છે. સમજાણું કાંઈ? એથી આગળ જતાં સ્વકાળની એક સમયની પર્યાયથી જીવ નાસ્તિ છે અને ત્રિકાળની અસ્તિપણે સ્વકાળે અસ્તિ છે. યાદ રહેવું કઠણ પડે એમાં હવે આવો ધર્મ. ધર્મ તો એવો છે. અપૂર્વ કોને કહે? એક સમય પણ કોઈ દિ' અનંત કાળમાં.. પંચમહાવ્રત પાળ્યા, દિગંબર મુનિ થયો, પણ એક સમય પણ ધર્મ એણે કર્યો નથી. આહાહા! એક સમય પણ ધર્મ થાય (તો) સંસારનો નાશ થયા વિના રહે નહિ. એ ધર્મ કેવો હોય? ભાઈ! એ કંઈ દયા, દાનના વિકલ્પ એ ધર્મ? એક સમયની પર્યાયમાં, એક સમયનો પર્યાય એને માનવો એ ધર્મ ? આહાહા! એ નિશ્ચયથી અનાત્મા છે. એક સમયનો પર્યાય છે એ વ્યવહાર આત્મા છે અને વ્યવહાર આત્મા એટલે નિશ્ચયથી અનાત્મા છે. ગજબની વાતું છે આ. આ તો પરમેશ્વરને પહોંચવાની વાતું છે. **नववें पक्षका स्पष्टीकरण और खण्डन.** નવમો કળશ બોલાઈ ગયો હતો? નથી બોલાણો.

**स्वक्षेत्रस्थितये पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात्**
**तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान् सहार्थैर्वमन्॥**
**स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां**
**त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परान्॥९॥**

---

**સમયસાર કળશ અર્થ :—**ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ નથી માનતો, તેથી જ્ઞેયવસ્તુના પ્રદેશોને જાણતાં જ્ઞાનને અશુદ્ધપણું માને છે; 'જ્ઞાનનો એવો જ સ્વભાવ છે, તે જ્ઞાનનો પર્યાય છે'—એમ માનતો નથી. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાનવસ્તુ પોતાના પ્રદેશોમાં છે, જ્ઞેયના પ્રદેશોને જાણે છે એવો

સ્વભાવ છે, અશુદ્ધપણું નથી;—એવું માને છે સ્યાદ્વાદી. એ જ કહે છે—''पशुः प्रणश्यति'' (पशुः) એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ (प्रणश्यति) વસ્તુમાત્ર સાધવાથી ભ્રષ્ટ છે—અનુભવ કરવાને ભ્રષ્ટ છે. કેવો થઈને ભ્રષ્ટ છે? ''तुच्छीभूय'' તત્ત્વજ્ઞાનથી શૂન્ય થઈને. વળી કેવો છે? ''अर्थैः सह चिदाकारान् वमन्'' (अर्थैः सह) જ્ઞાનગોચર છે જે જ્ઞેયના પ્રદેશો તેમની સાથે (चिदाकारान्) જ્ઞાનની શક્તિનું અથવા જ્ઞાનના પ્રદેશોનું (वमन्) મૂળથી વમન કર્યું છે અર્થાત્ તેમનું નાસ્તિપણું જાણ્યું છે જેણે, એવો છે. વળી કેવો છે? ''पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात्'' (पृथग्विध) પર્યાયરૂપ જે (परक्षेत्र) જ્ઞેયવસ્તુના પ્રદેશોને જાણતાં થાય છે તેમની આકૃતિરૂપે જ્ઞાનની પરિણતિ, તે-રૂપ (स्थित) પરિણમતી જે (अर्थ) જ્ઞાનવસ્તુ તેને, (उज्झनात्) 'આવું જ્ઞાન અશુદ્ધ છે' એવી બુદ્ધિ વડે ત્યાગ કરતો થકો; એવો છે એકાન્તવાદી. શા માટે જ્ઞેયપરિણત જ્ઞાનને હેય કરે છે? ''स्वक्षेत्रस्थितये'' (स्वक्षेत्र) જ્ઞાનના ચૈતન્યપ્રદેશની (स्थितये) સ્થિરતા માટે. ભાવાર્થ આમ છે કે જ્ઞાનવસ્તુ જ્ઞેયના પ્રદેશોના જાણપણાથી રહિત થાય તો શુદ્ધ થાય, એમ માને છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ. તેના પ્રતિ સ્યાદ્વાદી કહે છે—''तु स्याद्वादी तुच्छतां न अनुभवति'' (तु) એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે. (स्याद्वादी) સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તદૃષ્ટિ જીવ (तुच्छताम्) જ્ઞાનવસ્તુ જ્ઞેયના ક્ષેત્રને જાણે છે, પોતાના પ્રદેશોથી સર્વથા શૂન્ય છે એવું (न अनुभवति) માનતો નથી; જ્ઞાનવસ્તુ જ્ઞેયના ક્ષેત્રને જાણે છે, જ્ઞેયક્ષેત્રરૂપ નથી એમ માને છે. કેવો છે સ્યાદ્વાદી? ''त्यक्तार्थः अपि'' જ્ઞેયક્ષેત્રની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન, એમ માને છે તોપણ જ્ઞાન પોતાના ક્ષેત્રરૂપ છે—એમ માને છે. વળી કેવો છે સ્યાદ્વાદી? ''स्वधामनि वसन्'' જ્ઞાનવસ્તુ પોતાના પ્રદેશોમાં છે એમ અનુભવે છે. વળી કેવો છે? ''परक्षेत्रे नास्तितां विदन्'' (परक्षेत्रे) જ્ઞેયપ્રદેશની આકૃતિરૂપે પરિણમ્યું છે જ્ઞાન, તેમાં (नास्तितां विदन्) નાસ્તિપણું માને છે અર્થાત્ જાણે છે તો જાણો તોપણ એતાવન્માત્ર (એટલું માત્ર) જ્ઞાનનું ક્ષેત્ર નથી—એમ માને છે સ્યાદ્વાદી. વળી કેવો છે? ''परात् आकारकर्षी'' પરક્ષેત્રની આકૃતિરૂપે પરિણમ્યો છે જ્ઞાનનો પર્યાય, તેનાથી ભિન્નપણે જ્ઞાનવસ્તુના પ્રદેશોનો અનુભવ કરવાને સમર્થ છે. તેથી સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક, એકાન્તપણું વસ્તુસ્વરૂપનું ઘાતક; તેથી સ્યાદ્વાદ ઉપાદેય છે. ૯.

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

પરના આકાર છોડતો છતાં જ્ઞાનની પર્યાયમાં જે આકાર છે એને એ છોડતો નથી. સમજાણું કાંઈ? આ દસમો.

पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्
सीदत्येव न किञ्चनापि कलयन्नत्यन्ततुच्छः पशुः।
अस्तित्वं निजकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुनः
पूर्णस्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्वपि॥१०॥

**સમયસાર કળશ અર્થ** :—ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો; તેથી જ્ઞેયવસ્તુના અતીત-અનાગત-વર્તમાનકાળ સંબંધી અનેક અવસ્થાભેદ છે, તેમને જાણતાં જ્ઞાનના પર્યાયરૂપ અનેક અવસ્થાભેદ થાય છે, તેમાં જ્ઞેયસંબંધી પહેલો અવસ્થાભેદ વિનશે છે, તે અવસ્થાભેદ વિનશતાં તેની આકૃતિરૂપે પરિણમેલા જ્ઞાનપર્યાયનો અવસ્થાભેદ પણ વિનશે છે, તેનો—અવસ્થાભેદનો—વિનાશ થતાં એકાન્તવાદી મૂળથી જ્ઞાન-વસ્તુનો વિનાશ માને છે. તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાનવસ્તુ અવસ્થાભેદથી વિનશે છે, દ્રવ્યરૂપે વિચારતાં પોતાની જાણપણારૂપ અવસ્થાથી શાશ્વત છે, ન ઊપજે છે, ન વિનશે છે—આવું સમાધાન સ્યાદ્વાદી કરે છે. એ જ કહે છે—''पशुः सीदति एव'' (पशुः) એકાન્તવાદી (सीदति) વસ્તુના સ્વરૂપને સાધવાને ભ્રષ્ટ છે, (एव) અવશ્ય એમ છે. કેવો છે એકાન્તવાદી? ''अत्यन्ततुच्छः'' વસ્તુના અસ્તિત્વના જ્ઞાનથી અત્યંત શૂન્ય છે. વળી કેવો છે? ''न किञ्चन अपि कलयन्'' (न किञ्चन) જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન છે, તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી, (अपि) અંશમાત્ર પણ નથી—(कलयन्) એવી અનુભવરૂપ પ્રતીતિ કરે છે. વળી કેવો છે? ''पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्'' (पूर्व) કોઈ પહેલા અવસરમાં (आलम्बित) જાણીને તેની આકૃતિરૂપ થયેલા જે (बोध्य) જ્ઞેયાકાર જ્ઞાનપર્યાય, તેના (नाशसमये) વિનાશસંબંધી કોઈ અન્ય અવસરમાં (ज्ञानस्य) જ્ઞાનમાત્ર જીવવસ્તુનો (नाशं विदन्) નાશ માને છે,—એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ. તેને સ્યાદ્વાદી સંબોધે છે—''पुनः स्याद्वादवेदी पूर्णः तिष्ठति'' (पुनः) એકાન્તદૃષ્ટિ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી જે પ્રમાણે માને છે તે પ્રમાણે છે. (स्याद्वादवेदी) અનેકાન્ત-અનુભવશીલ જીવ (पूर्णः तिष्ठति) 'ત્રિકાળગોચર જ્ઞાનમાત્ર જીવવસ્તુ' એવો અનુભવ કરતો થકો તેના પર દૃઢ છે. કેવો દૃઢ છે? ''बाह्यवस्तुषु मुहुः भूत्वा विनश्यत्सु अपि'' (बाह्यवस्तुषु) સમસ્ત જ્ઞેય અથવા જ્ઞેયાકાર પરિણમેલા જ્ઞાનપર્યાયના અનેક ભેદ, તેઓ (मुहुः भूत्वा) અનેક પર્યાયરૂપ થાય છે, (विनश्यत्सु अपि) અનેક વાર વિનશે છે, તોપણ દૃઢ રહે છે. વળી કેવો છે? ''अस्य निजकालतः अस्तित्वं कलयन्'' (अस्य) જ્ઞાનમાત્ર જીવવસ્તુનું (निजकालतः) ત્રિકાળ શાશ્વત જ્ઞાનમાત્ર અવસ્થાથી (अस्तित्वं कलयन्) વસ્તુપણું અથવા અસ્તિપણું અનુભવે છે સ્યાદ્વાદી જીવ. ૧૦.

નાશ થવા છતાં સ્વકાળને પરવસ્તુનું અવલંબન કહ્યું છે, પરવસ્તુનું. પરવસ્તુનો સ્વકાળ છેને? એનું અહીં અવલંબન જ્ઞાનમાં જાણ્યું. છતાં એ પરવસ્તુ નાશ થતાં પણ મારી પર્યાય મારાથી છે એમ માનનાર નાશ થતો નથી. પરનો કાળ બદલાતાં હું પણ ભેગો એને લઈને બદલાઈ ગયો (એમ નથી). આહાહા! સમય બદલાય છે ત્યારે બધું બદલાય છે ત્યારે, એવું આવે છેને? બધું બદલાય છે ત્યારે. બધું બદલાઈ જાય. એ માણસ નહિ. પૈસા જાય, આબરૂ જાય, શરીરમાં રોગ થાય, બાયડી મરી જાય, દીકરી રાંડે, દીકરો મરે, મકાન બળે, વિમાવાળો ભાંગે. (શ્રોતા : એવું ગોઠવ્યું છે.) ગોઠવ્યું અનાદિથી. દીકરાની વહુ મરે ત્યાં સુધી વાંધો નહિ, એ તો બીજી લાવે. પણ દીકરો મરે અને દીકરી રાંડે. દીકરી મરે તો

વાંધો નહિ, આ તો રાંડે, એને રોકવી. આહાહા! ક્યાંય નથી ઉંધો. સાંભળને હવે! પરથી એમાં તારે શું છે? એ પરના અવલંબન કાળમાં સુખી માનતો અને એ જ્યાં ગયું ત્યાં હાય.. હાય.. અમે બદલાઈ ગયા, દુઃખી થઈ ગયા. મૂઢ છો. આહાહા! તારા સ્વકાળની પર્યાયમાં જે જાણવાની અવસ્થા હતી, પરના કાળને જાણી. એ બદલતાં તારી અવસ્થા બદલી એ તો તારા પોતાના પરિણમવાના કારણે બદલી છે. એ જ્ઞેય બદલ્યા માટે તારી અવસ્થા બદલી ગઈ છે (એમ નથી.) આહાહા!

નવમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન
(સવૈયા એકત્રીસા)

**कोऊ क्रूर कहै काया जीव दोऊ एक पिंड,**
**जब देह नसैगी तबही जीव मरैगौ।**
**छायाकौसौ छल किधौं मायाकौसौ परपंच,**
**कायामैं समाइ फिरि कायाकौ न धरैगौ।।**
**सुधी कहै देहसौं अव्यापक सदीव जीव,**
**समै पाइ परकौ ममत्व परिहरैगौ।**
**अपने सुभाई आइ धारना धरामैं धाइ,**
**आपमैं मगन ह्वैकै आप सुद्ध करैगौ।।२१।।**

**શબ્દાર્થ :—**ક્રૂર=મૂર્ખ. પરપંચ=ઠગાઈ. સુધી=સમ્યગ્જ્ઞાની. પરિહરૈગૌ=છોડશે. ધરા=ધરતી.

**અર્થ :—**કોઈ કોઈ મૂર્ખ ચાર્વાક કહે છે કે શરીર અને જીવ બન્નેનો એક પિંડ છે, એટલે જ્યારે શરીર નાશ પામશે ત્યારે જીવ પણ નાશ પામી જશે; જેવી રીતે વૃક્ષનો નાશ થવાથી છાયાનો નાશ થઈ જાય છે, તેવી જ રીતે શરીરનો નાશ થવાથી જીવનો પણ નાશ થઈ જશે. આ ઇન્દ્રિયજાળિયાની માયા સમાન કૌતુક થઈ રહ્યું છે, જીવાત્મા દીપકની જ્યોતના પ્રકાશ સમાન શરીરમાં સમાઈ જશે, પછી શરીર ધારણ નહીં કરે. આ બાબતમાં સમ્યગ્જ્ઞાની કહે છે કે જીવ પદાર્થ શરીરથી સદૈવ ભિન્ન છે, તે કાળલબ્ધિ પામીને પરપદાર્થો પ્રત્યે મમત્વ છોડશે અને પોતાના સ્વરૂપને પ્રાપ્ત થઈને નિજાત્મભૂમિમાં વિશ્રામ કરીને તેમાં જ લીન થઈને પોતાને પોતે જ શુદ્ધ કરશે. ૨૧.

अर्थ : कोई कोई मूर्ख चार्वाक कहते हैं कि शरीर और जीव दोनोंका एक पिण्ड है, सो जब शरीर नष्ट होगा तब जीव भी नष्ट हो जायगा; जिस प्रकार वृक्षके नष्ट होनेसे छाया नष्ट हो जाती है, उसी प्रकार शरीरके नाश होनेसे जीव भी नाश हो जायगा। यह इन्द्रजालियाकी

मायाके समान कौतुक बन रहा है, सो जीवात्मा दीपककी लौ (ज्योत)के प्रकाशके समान शरीरमें समा जायगा, फिर शरीर धारण नहीं करेगा। इस पर सम्यग्ज्ञानी कहते हैं कि जीव पदार्थ शरीरसे सदैव भिन्न है, सो काललब्धि पाकर परपदार्थोंसे ममत्व छोड़ेगा, और अपने स्वरूपको प्राप्त होकर निजात्मभूमिमें विश्राम करके उसीमें लीन होकर अपनेको आप ही शुद्ध करेगा।।२१।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

कोऊ क्रूर कहै काया जीव दोऊ एक पिंड. મૂળ આ કાળમાં લીધું છે. વસ્તુ તો ચૌદેયમાં સિદ્ધ કરી છે. છેને એ આવી ગયા. ક્ષેત્રમાં આવી ગયું. આ પરાલંબન કાળે.. એમાં અંદર આવી ગયું.

कोऊ क्रूर कहै काया जीव दोऊ एक पिंड,
जब देह नसैगी तबही जीव मरैगौ।
छायाकौसौ छल किधौं मायाकौसौ परपंच,
कायामैं समाइ फिरि कायाकौ न धरैगौ।।

આ વૃક્ષ હોય ત્યાં સુધી છાયા. વૃક્ષ જાય એટલે છાયા (જતી રહે). એમ દેહ હોય ત્યાં સુધી આત્મા. દેહનો કાળ હોય ત્યાં સુધી આત્મા, એમ. એનો અર્થ જ એ થયો કાળનો. धरामैं धाइ, आपमैं मगन ह्वैकै आप सुद्ध करैगौ.. મૂળ તો એ જ વસ્તુ છે. कोऊ क्रूर कहै काया जीव दोऊ एक पिंड.. શરીરની અવસ્થા તે જ જીવની અવસ્થા. અરે! હું ઘરડો થઈ ગયો, હું જુવાન થઈ ગયો, હું બાળક છું. એ તો શરીરની અવસ્થા છે, એ તારી અવસ્થા ક્યાં આવી? હું રોગ અવસ્થાવાળો છું, નિરોગ અવસ્થાવાળો છું. એ બધી અવસ્થાના કાળને સૂચવે છે. પરકાળને લઈને હું છું. શરીર મજબૂત કાળે હોય ત્યારે મારે પુરુષાર્થની ઉગ્રતા હોય. શરીર નબળું પડે તો થઈ રહ્યું.

એ દાખલો આવ્યો હતો. .... પરદેશી રાજાનો દાખલો આવ્યો છે. મહારાજ! શરીર અને આત્મા એક છે. કેમ? કે શરીર જીર્ણ થાય તો આત્મા કાંઈ કામ કરી શકતો નથી. (શ્રોતા : ...) થઈ રહ્યું ત્યારે. શરીર હતું તો આત્માનું કામ ચાલતું. શરીર તે જ આત્મા છે. એમ પ્રશ્ન ચાલ્યો છે. પરદેશી રાજા. ત્યાં ચાલ્યું હતુંને? (સંવત) ૧૯૮૯. એનો ઉત્તર આપ્યો છે. ભાઈ! શરીર વીસ વર્ષનું નિરોગી હોય. પણ કાવડ જો કાચી હોય, કાવડ. કાવડ, સમજ્યા? ઉપાડવાની. આ પાણી .... વાંસડો. વાંસમાં બે બાજુ પાણીના દેગડા મૂકે અને ઉપાડીને ચાલે. કાવડ. શ્રવણ એના મા-બાપને જાત્રા કરાવી હતીને. આંધળા હતા. એકમાં અહીં બેસાડ્યા.... કાવડ કાચી હોય તો એનું કાવડથી કામ ન થાય. એથી કરીને

આત્મા અંદર કાચો છે એમ છે નહિ. જીર્ણ થઈ ગયું શરીર. હાથમાં આમ પકડી શકે નહિ ને આમ થઈ જાય.

ઓલો એક મોટો અલમસ્ત નહોતો? શું કહેવાય? ઝેંડો. બે મોટર આમ ચાલતી હોય તો હાથ રાખીને ઊભી રાખે. હાથ તૂટે નહિ અને મોટર ઊભી રહે. ગામો.. ગામો. આવ્યું છે, છાપામાં આવ્યું છે. છેવટે એવો રોગ થયો... આમ બેઠો છે. આમ માખી (બેઠી હોય), ઉડાડી ન શકે. આહાહા! એ તો જડની અવસ્થા છે. એથી આત્માની અવસ્થાને શું વાંધો આવ્યો? સમજાય છે? પણ અજ્ઞાની એમ માને, આહાહા! શરીરની અવસ્થા બદલી માટે હું પણ બદલાઈ ગયો. આ એમ માને છે, શરીર સારું હોય તો ધર્મ સારો થાય. એમ માનનારા શરીરને જ આત્મા માને છે. (શ્રોતા : કાન સરખા ન હોય તો ન સંભળાય.) ન સંભળાય એમાં શું થયું? એને એના ધર્મમાં કોણ રોકે છે?

'શરીરં આદ્યમ્ ખલુ ધર્મ સાધનમ્.' આવે છે 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં. ધર્મનું સાધન છે. ધૂળેય નથી, સાંભળને! શરીર વૃદ્ધ હોય કે યુવાન હોય કે બાળક હોય, એની સાથે આત્માને શું સંબંધ છે? પણ એનામાં જોર હોય તો મને જોર રહે, એમ માનનારા શરીરને જ આત્મા માને છે. સારી ઈન્દ્રિયો હોય તો દયા પળે, આંખ સારી હોય તો દયા પળે. જોવાય આ જીવ છે કે નહિ. નાક સારું હોય તો ગંધ મારે છે કે નહિ એમ જોવાય. સડી ગયું છે કે નહિ. રસના સ્વાદમાં ફેર પડ્યો કે નહિ, એ જીભે ચખાય. પાંચ ઈન્દ્રિયો સરખી ન હોય તો આત્મા શી રીતે દયા પાળી શકે? એ હમણાં જ આવ્યું છે હોં. કોઠારીએ નાખ્યું છે. દરબારીલાલ કોઠીયા. શરીર સારું હોય તો એની સાથે ધર્મનો સંબંધ છે. આજે જ હમણાં આવ્યું છે જૈનસંદેશમાં. પહેલું ઠીક હતું. વળી આમાં ગર્યો. દરબારીલાલ કોઠીયા. ... કર્મનું રમકડું જીવ છે, એમ કહેતા હતા. પછી અહીં આવ્યા. કર્મનું રમકડું છે? કર્મ તો જડ છે. જડ આત્માને વિકાર કરાવે? એમ શરીર સારું હોય તો શરીર સાથે ધર્મનો સંબંધ છે. ધૂળેય નથી, સાંભળને! સંબંધ માનનારા શરીરને જ આત્મા માને છે. આહાહા! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૫૬, ભાદરવા વદ ૫, બુધવાર તા. ૮-૯-૧૯૭૧
## સ્યાદ્વાદ દ્વાર પદ ૨૧, ૨૨, ૨૩ ઉપર પ્રવચન (હિન્દી)

સમયસાર નાટક. આજ તો હિન્દી હૈ ન? હિન્દી સુનો આજ અભી. થોડા ઓલા ભાઈઓ આવ્યા છેને. નવવેં પક્ષકા સ્પષ્ટીકરણ. ક્યા કહતે હૈં? કિ યે જો આત્મા હૈ આત્મા, દેહસે ભિન્ન. દેહકી ક્રિયા સમય-સમયમેં જડસે.. જડસે હોતી હૈ. ઉસકા અવલંબન પાકર અજ્ઞાની માનતે હૈં કિ દેહકી ક્રિયાસે હી મૈં ટિકતા હૂં. યે દેહ હૈ તો મૈં હૂં. સમજમેં આયા? ઔર દેહકી ક્રિયાસે જો કુછ ધર્મ આદિ દેખનેમેં આતા હૈ, દયાકા પાલન કિયા, વહ ક્રિયા મેરી હૈ. યે દેહકી ક્રિયા મેરી હૈ ઐસા માનતે હૈં. સમજમેં આયા? ઔર ઉસસે મુજે ધર્મ હોતા હૈ. મૈં આત્મા, તો દેહ હી મૈં હૂં. દેહકી ક્રિયા... વહ પ્રશ્ન હૈ ન પહલા તુમ્હારા? આહા! એ જીવ શરીર છે.

પંડિતજી! તુમ્હારે ગામમેં વહ પ્રશ્ન થા ન પંડિતકા, નહીં? (શ્રોતા : ખાનિયા ચર્ચા). ખાનિયા ચર્ચા. જીવિત શરીરકી ક્રિયાસે ધર્મ હોતા હૈ કિ નહીં? ઐસા પ્રશ્ન થા. જયપુરમેં પંડિત લોગકી ઓરસે. આહાહા! એ રાજમલજી! રાજમલજી અફસોસ કરતે થે કિ યે ક્યા? યે દેહ તો જડ હૈ, પર ઐસે પર્યાય હો વહ તો જડકી હૈ. આત્માકી નહીં ઔર ઉસસે આત્માકો કુછ લાભ-નુકશાન હૈ હી નહીં. આહાહા! સમજમેં આયા? દેહકી ક્રિયાસે મુજે લાભ હોગા ઐસા માનનેવાલા દેહકો હી આત્મા માનતા હૈ. ઔર દેહકી ક્રિયાસે હિંસા આદિ હોતી હૈ તો મુજે પાપ લગતા હૈ ઐસા માનનેવાલા દેહકો હી આત્મા માનતા હૈ. ઐસી બાત હૈ પંડિતજી! આહાહા! कोऊ क्रूर कहै काया जीव दोऊ एक पिंड.. હૈ? પંડિતજી! હૈ ઉસમેં? યે હિન્દી તુમ્હારે અનજાન હૈ ન. યે ભી પંડિત હૈં. નરમ હૈં નરમ. સુને તો સહી ક્યા હૈ.

નવમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

**कोऊ क्रूर कहै काया जीव दोऊ एक पिंड,**
**जब देह नसैगी तबही जीव मरैगौ।**
**छायाकौसौ छल किधौं मायाकौसौ परपंच,**
**कायामैं समाइ फिरि कायाकौ न धरेगौ॥**
**सुधी कहै देहसौं अव्यापक सदीव जीव,**
**समै पाइ परकौ ममत्व परिहरैगौ।**

अपने सुभाई आइ धारना धरामैं धाइ,
आपमैं मगन ह्वैके आप सुद्ध करैगौ॥२१॥

**શબ્દાર્થ :**—ક્રૂર=મૂર્ખ. પરપંચ=ઠગાઈ. સુધી=સમ્યગ્જ્ઞાની. પરિહરૈગૌ=છોડશે. ધરા=ધરતી.

**અર્થ :**—કોઈ કોઈ મૂર્ખ ચાર્વાક કહે છે કે શરીર અને જીવ બન્નેનો એક પિંડ છે, એટલે જ્યારે શરીર નાશ પામશે ત્યારે જીવ પણ નાશ પામી જશે; જેવી રીતે વૃક્ષનો નાશ થવાથી છાયાનો નાશ થઈ જાય છે, તેવી જ રીતે શરીરનો નાશ થવાથી જીવનો પણ નાશ થઈ જશે. આ ઇન્દ્રિયજાળિયાની માયા સમાન કૌતુક થઈ રહ્યું છે, જીવાત્મા દીપકની જ્યોતના પ્રકાશ સમાન શરીરમાં સમાઈ જશે, પછી શરીર ધારણ નહીં કરે. આ બાબતમાં સમ્યગ્જ્ઞાની કહે છે કે જીવ પદાર્થ શરીરથી સદૈવ ભિન્ન છે, તે કાળલબ્ધિ પામીને પરપદાર્થો પ્રત્યે મમત્વ છોડશે અને પોતાના સ્વરૂપને પ્રાપ્ત થઈને નિજાત્મભૂમિમાં વિશ્રામ કરીને તેમાં જ લીન થઈને પોતાને પોતે જ શુદ્ધ કરશે. ૨૧.

**अर्थ :**–कोई कोई मूर्ख चार्वाक कहते हैं कि शरीर और जीव दोनोंका एक पिण्ड है, सो जब शरीर नष्ट होगा तब जीव भी नष्ट हो जायगा; जिस प्रकार वृक्षके नष्ट होनेसे छाया नष्ट हो जाती है, उसी प्रकार शरीरके नाश होनेसे जीव भी नाश हो जायेगा। यह इन्द्रजालियाकी मायाके समान कौतुक बन रहा है, सो जीवात्मा दीपककी लौ (ज्योत)के प्रकाशके समान शरीरमें समा जायगा, फिर शरीर धारण नहीं करेगा। इस पर सम्यग्ज्ञानी कहते हैं कि जीव पदार्थ शरीरसे सदैव भिन्न है, सो काललब्धि पाकर परपदार्थोंसे ममत्व छोड़ेगा, और अपने स्वरूपको प्राप्त होकर निजात्मानुभूतिमें विश्राम करके उसीमें लीन होकर अपनेको आप ही शुद्ध करेगा॥२१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહતે હૈં, कोऊ क्रूर कहै.. क्रूर નામ મૂરખ. ઐસે કહે કિ काया जीव दोऊ एक पिंड.. આત્મા ઔર શરીર દોનોં એક હૈં, એક પિંડ હૈં. કિ જૈસી શરીરકી ક્રિયા હોતી હૈ ઐસા આત્માકે પ્રદેશમેં ભી કંપન હોતા હૈ ઔર આત્માકે પ્રદેશમેં કંપન હોતા હૈ ઐસી શરીરકી ક્રિયા હોતી હૈ તો યે દોનોં એક હૈં. ઐસે મૂઢ અજ્ઞાની દેહકી ક્રિયાકો અથવા દેહકે કાલકી—સમયકી જો પર્યાય, દેહકી—શરીરકી વર્તમાન અવસ્થા—પર્યાય વહી મૈં હૂં. દેહસે મુજે ધર્મ હોતા હૈ, મુજસે અહીંસા પલતી હૈ, દેહસે મૈં સચ બોલતા હૂં, દેહ હો તો મૈં બ્રહ્મચર્ય પાલ સકતા હૂં. આહાહા! ભગવાન! એવા મૂરખ, જીવ અને કાયા બેયને એક માને. આમ એમ નહીં, અંદરમાં અભિપ્રાયમાં. શરીરની ક્રિયાથી નિમિત્તપણું છે. તો અપનેમેં ધર્મ જો શાંતિ આદિ હો વહ તો અપને આશ્રયસે હોતા હૈ. ધર્મ તો અપને દ્રવ્યકે આશ્રયસે હોતા હૈ. ધર્મમેં શરીરકી ક્રિયા નિમિત્ત હૈ કિ નહીં? તો નિમિત્ત હૈ તો ઉસસે

ભી મુજે કોઈ લાભ હુઆ હૈ. આહાહા! શરીર નિમિત્ત હૈ કિ નહીં? તો નિમિત્તસે કુછ હોતા હૈ કિ નહીં આત્મામેં? યે માન્યતા અજ્ઞાનીકી જૂઠી હૈ. દેહકી ક્રિયાકા પરિણમન સ્વકાલકા ભિન્ન હૈ ઔર અપના આત્મા ઉસસે બિલકુલ ભિન્ન હૈ. આહાહા!

जब देह नसैगी तबही जीव मरैगौ.. દેહકી સ્થિતિ પૂરી હોગી તો મેરા ભી નાશ હો જાયેગા. સમજમેં આયા? જૈસે દીપક હૈ ન દીપક. ક્યા કહતે હૈં? (શ્રોતા : દીયા) તો દીયેમેંસે જો કાલી ઝાંય નિકલતી હૈ ન ધુમાડા–ધૂઆં. ધૂએંકા નાશ હોગા તો દીયેકા ભી નાશ હોગા. વૃક્ષ ઔર છાયા. તો વૃક્ષ હૈ તો છાયા હૈ. વૃક્ષકા નાશ હોગા તો છાયા ભી નાશ હો જાયેગી. ઐસે દેહ હૈ તો હમારા આત્મા હૈ. હમારી પર્યાયમેં શાંતિ, ધર્મ, અહીંસા (જો) કુછ હોતા હૈ, યે દેહ હૈ તો હોતા હૈ. દેહ બિના હોતા નહીં. અભી ભી આયા હૈ. વહ દરબારીલાલ કોઠીયાને ડાલા હૈ. દેહકે સાથ સંબંધ હૈ કુછ. ક્યા સંબંધ હૈ? વહ તો ભિન્ન ચીજ હૈ. દેહકા એક એક પરમાણુકા વર્તમાન પરિણમન સ્વકાલકા ઉસમેં–પરમાણુમેં હોતા હૈ. ઉસકે સ્વકાલકે પરિણમનમેં અપના પરિણમનકા અધિકાર બિલ્કુલ નહીં. સમજમેં આયા? યૂં તો કહતે હૈં કિ શરીર (ભિન્ન હૈ), પણ અંદરમેં અભિપ્રાયમેં શરીરકી ક્રિયા અનુકૂલ હૈ તો કુછ મુજે લાભ હોતા હૈ. શરીરસે જીવ બચા, મરા નહીં તો મુજે કુછ લાભ હુઆ. યે દેહ ઔર આત્મા એક (હૈં ઐસી) માન્યતાકી ચીજ હૈ. સમજમેં આયા?

ઔર દેહકે કોઈ અપવાસ આદિસે શરીર કમજોર જીર્ણ હો તો મુજે લાભ હોગા, શરીર કૃશ હો તો મુજે લાભ હોગા—યે માન્યતા શરીર ઔર આત્મા એક માનનેવાલેકી હૈ. સમજમેં આયા? જીવ ભગવાન આત્મા બિલકુલ ભિન્ન હૈ. શરીરકી કોઈ ભી અવસ્થા હોતી હૈ ઉસસે તો આત્મા બિલકુલ ભિન્ન હૈ. અરે, અંદર દયા-દાન-રાગ આદિ વિકલ્પ હોતે હૈં ઉસસે ભી ભગવાન આત્મા તો ભિન્ન હૈ, પૃથક્ હૈ. ઉસે પૃથક્ ન માનકર, રાગસે ઔર દેહકી ક્રિયાસે હમેં ધર્મ હોગા, યે માનનેવાલા શરીર ઔર આત્મા એક માનતા હૈ. યે જડ મૂરખ હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? जब देह नसैगी तबही जीव मरैगौ.. દેહકા નાશ (હોગા તો) જીવ ભી મરેગા સાથમેં, એમ અજ્ઞાની કહે છે.

छायाकौसौ छल किधौं मायाकौसौ परपंच, લ્યો છેને? जिस प्रकार वृक्षके नष्ट होनेसे छाया नष्ट हो जाती है. વૃક્ષ હૈ, નાશ હો જાયે તો છાયા ભી નાશ હો ગઈ. ઐસે શરીર વૃક્ષ હૈ વહ નાશ હો જાય તો આત્મા છાયા હૈ વહ નાશ હો જાયેગી. આહાહા! ધર્મકે નામ પર ઐસી પ્રતીતિ ચલતી હૈ. સમજમેં આયા? मायाकौसौ परपंच, લ્યો. એમ કહે છે. છે ને? ઇન્દ્રજાળિયા જેવી માયાના સમાન કૌતુક બન્યું છે આ તો, અજ્ઞાની કહે છે. આહાહા! શરીરકી અનુકૂલતાસે આત્મામેં અનુકૂલતા રહતી હૈ. શરીરમેં રોગ હો તો આત્મામેં પ્રતિકૂલતા હો જાતી હૈ ઔર નિરોગતા હો તો આત્મામેં ઠીક હોતા

હૈ. યે બાત હી જૂઠી હૈ. આહા! શરીરકી અવસ્થામેં સરોગ-નિરોગ અવસ્થા, વહ તો જડકી અવસ્થા હૈ. યે તો પરમાણુકી પર્યાય હૈ. ઉસસે આત્મામેં કુછ લાભ હૈ ઐસી બાત હૈ નહીં. માનનેવાલા ઐસા (માનતા હૈ કિ) શરીરકી અચ્છી ક્રિયા (હુઈ), શરીરકા સદઉપયોગ કિયા. સમજમેં આયા? આહાહા! અપવાસ કિયે, લક્ષ્મી દેનેકી (ક્રિયા કી, તો) શરીરકા હમને સદ્‌ઉપયોગ કિયા. ઐસા માનનેવાલા શરીર ઔર આત્મા એક માનતા હૈ.

કહતે હૈં, **मायाकौसौ परपंच**.. યે તો માયા પ્રપંચ ઈન્દ્રજાલ હૈ. અજ્ઞાની કહતે હૈં હોં. જુઓ, ઈન્દ્રજાળ છે. શરીર ઐસે નાશ હો તો આત્માકા નાશ હોતા હૈ. **कायामैं समाइ फिरि कायाकौ न धरैगौ**.. યહ શરીર નાશ હોતા હૈ, આત્મા ભી નાશ હો જાયેગા. ફિરસે શરીર ધારણ કરેગા નહીં. ઐસી અજ્ઞાનીકી દલીલ હૈ. આહાહા! **सुधी कहै**.. હવે જવાબ આપે છે જ્ઞાની. સમ્યક્‌જ્ઞાની ધર્મી ઉસે જવાબ દેતે હૈં. આહાહા! **सुधी कहै देहसौं अव्यापक**.. ભાઈ! શરીરકે અનંત રજકણ યે માટી જડ હૈ, ઉસમેં આત્મા તો અવ્યાપક હૈ. આત્માને શરીરકે રજકણમેં પ્રવેશ કભી કિયા નહીં. સમજમેં આયા? પાનીકે તરંગમેં જૈસે જલ વ્યાપક હૈ પાની, (પર) લકડી નજદીક હો તો ઉસમેં વહ વ્યાપક નહીં. ઐસે ભગવાન આત્મા શરીરરરૂપી લકડીમેં વ્યાપક નહીં. શરીરરૂપી પર્યાયમેં ઉસકા પ્રવેશ નહીં. આહાહા! સમજમેં આયા? **सुधी कहै**.. બુદ્ધિવંત સમ્યગ્જ્ઞાની ધર્માત્મા, ઐસી માન્યતાવાલેકો જવાબ દેતે હૈં. **देहसौं अव्यापक**.. ભગવાન! તેરી ચીજ તો આનંદસ્વરૂપ જ્ઞાનકી મૂર્તિ અરૂપી હૈ, યે શરીરકે રજકણકી પર્યાયમેં કૈસે વ્યાપે? કૈસે પ્રવેશ કરે? કૈસે ઉસકી પર્યાયમેં (ઇસકી) પર્યાય એક હો જાયે? આહા! સ્વકાલ હૈ ન. સમજમેં આયા?

**देहसौं अव्यापक सदीव जीव**.. તીનોં કાલ ભગવાન આત્મા તો દેહકે રજકણસે ભિન્ન હૈ. જૈસે જલ લોટામેં ભરા હૈ તો લોટા ઔર જલ દોનોં ચીજ હી ભિન્ન હૈં. સમજમેં આયા? વહ દૃષ્ટાંત આયા ન સર્વવિશુદ્ધ (અધિકાર)મેં. ઘટ હોતા હૈ ન ઘટ. આ નોરતા આવેને નોરતા. (શ્રોતા : ગરબા). ગરબા. ગરબો હોતા હૈ ન. ગરબા સમજતે હૈં ? છેદ ઔર અંદર એક બત્તી રખતે હૈં. ઉસે હમારે યહાં ગરબા કહતે હૈં. ક્યા કહતે હૈં તુમ્હારે? (શ્રોતા : હમારે યહાં નોરતા બોલતે હૈં) પર માટીકો ક્યા બોલતે હૈં? માટીકા વહ ઘડા હોતા હૈ ન? (શ્રોતા : ઘટ) ઘટ. કાણાં.. કાણાં.. છેદ કરતે હૈં. છેદવાલા ઔર અંદર દીયા. તો ઘટ ફૂટનેસે ક્યા દીયેકા નાશ હોતા હૈ? દીયા ભિન્ન હૈ ઔર ઘટ ભિન્ન હૈ. (શ્રોતા : દીવો ઠરી જાય તો?) દીવો ઠરી જાય તો કંઇ ઘટનો નાશ થાય છે? દીવો ઠરી જાય તો કંઇ ઘડાનો નાશ થાય? બેય ચીજ જુદી જુદી છે.

આહીં તો એટલો સિદ્ધાંત, ઓલા ઘડાની સાથે સિદ્ધાંત કરવો છે અત્યારે. ઘટ ફૂટ્યો, કોઈએ ફોડ્યો ઘટ, તો અંદર જે દીવો છે એ ઓલવાઈ જાય કંઇ એનાથી? એમ

દેહ ફૂટતાં, દેહનો નાશ હોતાં, ચૈતન્યદીવો આનંદકંદ પ્રભુ આનંદ અને જ્ઞાનનો દરિયો ભગવાન આત્મા છે ઉસકા બુજના કભી હોતા નહીં. આહાહા! શરીર ઔર આત્મા એકદૂસરે(કો સાથ) નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હૈ. (શરીર) ઘટ હૈ ન. વિકલ્પ આયા ઔર શરીર ચલે તો ઉસે લગે કિ દેખો, યે શરીર હમસે ચલા. વિકલ્પ આયા ઔર ચલા તો હમસે ચલા. પર યે તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હૈ. તુજસે ચલા નહીં. શરીરકી ક્રિયા ઉસસે હુઈ હૈ. શરીરસે શરીરકી પર્યાય હુઈ હૈ, તેરેસે બિલ્કુલ નહીં. આહાહા! નીચે ચીંટી હૈ ઔર અપના પૈર (ઉસે બચાનેકે લિયે) ઊંચા કરતે હૈં. તો કહે, મૈંને ઊંચા કિયા. વહ શરીર ઔર આત્મા એક માનનેવાલા હૈ. પંડિતજી! આવું છે. શરીરકી પર્યાય—પૈર ઐસા ઉપર હુઆ તો શરીરકે કારણસે હુઆ હૈ, આત્માકે કારણસે નહીં. આત્મા ભિન્ન ઔર વહ ચીજ ભિન્ન હૈ. આહાહા! ભીખાભાઈ! પણ કાન-બાન સારા હોય તો સાંભળવાનું મળે, તો એટલો તો શરીરને કારણે લાભ થાય કે નહીં?

યહાં તો શરીરસે તો ઠીક, પર સુનનેસે ભી આત્મામેં જ્ઞાનકા લાભ હોતા હૈ, ઐસી બાત હૈ હી નહીં. એય! ક્યોંકિ ભગવાન આત્મા જ્ઞાનસે પરિપૂર્ણ ભરા હૈ. યે અપને સ્વરૂપકી ઓરકા આશ્રય કરતા હૈ તો જ્ઞાનકી પર્યાય અંતરમેંસે આતી હૈ. કોઈ વાણીસે ઔર સુનનેસે આતી હૈ, ઐસા હૈ નહીં. આહાહા! શરીરની કોઈપણ પર્યાયથી મને લાભ થાય એમ માનનારા શરીર અને આત્મા એક માને, એ બતાવવું છે અહીયા. આહાહા! પૂર્વ આલંબિત બોધ નાશ સમયે, એમ છેને. જ્ઞેયના નાશ સમયે.. જ્ઞેય આ શરીર એના નાશ સમયે.. જ્ઞાનમાં આ બોધ—જણાવાલાયક ચીજ, એના નાશ સમયે. બોધ એટલે જ્ઞેય. એના નાશ સમયે મારો પણ નાશ થઈ ગયો. આ તો અરૂપી ભગવાન વિજ્ઞાનઘન છે. તું અવિનાશી છે. અવિનાશીકા કભી નાશ હોતા નહીં, પર દૃષ્ટિકી ખબર નહીં. શરીર નાશ હુઆ તો મેરા નાશ હો ગયા. મેરા દીકરા મર ગયા તો (મૈં) મર ગયા. ક્યા મરે? કૌન મરે? સુન તો સહી. લડકા મર ગયા, ઓહોહો! કૌન મરે? દેહ મરે? આત્મા મરે? દેહકી પર્યાય બદલ ગઈ. આત્માકી પર્યાય બદલ ગઈ. આત્મા ઔર પરમાણુ તો કાયમ રહતે હૈં. પણ વસ્તુકી ખબર હી નહીં અજ્ઞાનીકો. ક્યા મૈં હૂં ઔર ક્યા દેહ હૈ ઔર ભિન્નતા દોનોંમેં કૈસી હૈ? પરમાત્મા ક્યા કહતે હૈં ઉસકી ખબર નહીં.

सुधी कहै देहसौं अव्यापक सदीव जीव, समै पाइ परकौ ममत्व परिहरैगौ.. ઉસે શરીરસે મમત્વ હૈ, ફિર ભી શરીર ઉસકા હૈ ઐસા નહીં. આહાહા! કહે છે કિ समै पाइ.. કાલલબ્ધિ પાકર (અર્થાત્) અપની પર્યાયમેં સ્વસન્મુખ હોકર.. જો પરસન્મુખમેં શરીર મેરા હૈ ઐસી મમત્વબુદ્ધિ હૈ, ઉસે સ્વ-સ્વભાવ આનંદકંદ પરમાત્મા અપના નિજસ્વરૂપ ઉસ ઓરકા આશ્રય કરકે પરકી મમતાકા નાશ કરેગા ઔર અપને મુક્તતત્ત્વકો મુક્ત કરેગા.

સમજમેં આયા? ક્યાં લોકોને હજી કુછ ધર્મની ખબર ન મળે. જીવ-અજીવ બે ભિન્ન ચીજ. દો તત્ત્વ ભિન્ન. જીવતત્ત્વ ભિન્ન, અજીવતત્ત્વ ભિન્ન. અજીવતત્ત્વકી ક્રિયા મેરેસે હોતી હૈ ઔર વહ અજીવકી ક્રિયાસે મેરેમેં લાભ-નુકશાન હોતા હૈ. વેં અજીવકો હી જીવ માનતે હૈં. સમજમેં આયા? આહા!

समै पाइ परकौ ममत्व परिहरैगौ.. અપના પુરુષાર્થસે... મૈં તો ચિદાનંદ આત્મા હૂં. અનાદિ-અનંત અવિનાશી હૂં. આહાહા! શાંતાબેન ગયા લાગે છે, નહીં? પ્રભુદાસભાઈને ઘરેથી. શાંતાબેને કહ્યું ભાઈ છેલ્લું પ્રભુદાસભાઈને. દેહનું છૂટવાનું ટાણું આવ્યુંને. ઘીયા પ્રભુદાસભાઈ કરોડપતિ માણસ છે. હવે એ છ દિ' સુધી અસાધ્ય રહ્યા. પ્રભુદાસભાઈ. રતિભાઈના મોટાભાઈ. છ દિવસ. શેઠ હતા? હતા. હં, હં. સાથે આવ્યા હતા. આપણે ગયા હતા સવારમાં ત્યાં સાથે ... છ દિવસ સુધી. તમે હતા ત્યાં ભાઈ? એમ? પછી દેહ છૂટવાનો પ્રસંગ આવ્યો છ દિવસ પછી. એમને ઘરેથી બૈરાં (કહે), જા સિદ્ધ. મોહ છૂટ જા તેરા. આત્માકા નાશ નહીં હૈ, નિત્ય હૈ. ઐસા બોલી થી. અંતિમ સમયમેં ઉનકી પત્નિ ઐસે બોલી. રતિભાઈના દીકરાનો દીકરો એક મૂંગો બહેરો મરી ગયો. છ દિવસ સુધી. પિતાજી બેઠા છે, ભાઈ છે. પૈસા કરોડો, બડી દુકાન. શું કરે પૈસાનું ત્યાં?

દેહકી સ્થિતિ જહાં પૂરી હોનેકી હુઈ, તો પત્નિ કહતી હૈ, ચાલ્યો જા અહીંથી. દેહથી તું ભિન્ન છો. ચાલ્યો જા. તું કહાં નાશ હોતા હૈ? તું તો નિત્ય હૈ. અમરચંદભાઈ! એ શાંતાબેન કાલે ગયા. પ્રભુદાસભાઈની વહુ છેને. ન્યાં ગયા. લોકોને .......ઘણા છે રતિભાઈના ને. આહાહા! આમ થઈ જાય, ફૂ.. કોણ ફૂ થાય ? યે તો પવન નિકલ ગયા. આત્મા નાશ હોતા હૈ? આત્મા તો અવિનાશી અનાદિ-અનંત હૈ. દેહ ખલાસ હો ગયા ઈસલિયે આત્મા સાથમેં ખલાસ હો ગયા? આહાહા! ભાન ન મળે લોકોને. મૈં આત્મા અખંડાનંદ સચ્ચિદાનંદમૂર્તિ, મૈં અનાદિ-અનંત—ઐસી મેરી ચીજમેં કોઈ ખંડ-ફંડ હોતા નહીં. નાશ તો ક્યા હો પર ખંડ નહીં હોતા. આહાહા!

काल पाइ परकौ ममत्व परिहरैगौ अपने सुभाई आइ.. દેખો ભાષા. અપને સ્વરૂપકો પ્રાપ્ત હોકર... અરે, મૈં તો જ્ઞાનાનંદ સ્વરૂપ હૂં, ચૈતન્ય ભાવના ધરનેવાલા મૈં હૂં. મૈં શરીર નહીં, મૈં પુણ્ય-પાપકી ક્રિયાકા રાગ ભી મૈં ધરનેવાલા નહીં. આહા! સમ્યક્‌દષ્ટિકો ઐસી પ્રતીત અનુભવમેં આતી હૈ. તબ ધર્મી કહનેમેં આતા હૈ. ઉસકે બિના ધર્મ હૈ નહીં. સમજમેં આયા? समै पाइ अपने सुभाई आइ.. આહા! अपने स्वरूपको प्राप्त होकर निजात्मभूमिमें विश्राम करके, એમ છેને? धारना धरामैं धाइ.. ધરા એટલે જમીન. નિજભૂમિકા ભગવાન આત્મા, અસંખ્ય પ્રદેશી આનંદકંદ આહાહા! ઉસમેં દૃષ્ટિ કરકે વહાં

વિશ્રામ લે. દેહમેં જો વિશ્રામ લેતા હૈ કિ મુજે ઠીક હૈ, યે વિશ્રામ ગુલાંટ ખાયેગા. મૈં તો આત્મા હૂં, શુદ્ધ ચૈતન્યઘન હૂં. મૈં પુણ્ય-પાપકા રાગ ભી નહીં તો શરીર તો મૈં હૂં હી નહીં.. નહીં.. ઐસા અપના સ્વરૂપ નિજ ભૂમિકા અપના ક્ષેત્ર આનંદકંદ પ્રભુ ઉસમેં અપને સ્વરૂપકો એકાકાર કરકે, વિશ્રામ કરકે, સ્વકાલમેં અપને સ્વરૂપમેં એકાગ્ર હોના વહી ધર્મ હૈ. આહાહા! સમજમેં આયા?

અપને સ્વરૂપમેં પ્રાપ્ત કરકે, ધારના धरामैं.. અંતરમેં સ્વરૂપકી ધારણા કરકે, વિશ્રામ કરકે, અપની धरामैं धाइ.. સ્થિર હોતા હૈ. ઉસીમેં લીન હોકર, आपमैं मगन ह्वैकै आप सुद्ध करैगौ.. આહાહા! દેખો. કર્મકે કારણસે શુદ્ધ હોગા ઔર પહલે યે હોગા, ઐસા કુછ હૈ નહીં. आपमैं मगन ह्वैकै.. ઓહો! મૈં તો સચ્ચિદાનંદ નિર્મલ સિદ્ધ સમાન સ્વરૂપ મેરા હૈ. ઐસા અંતરમેં ભાન કરકે आप सुद्ध करैगौ—અપની ચીજકો નિર્મલ કરેગા પર્યાયમેં. ઐસી આત્માકી ચીજ હૈ. દો બાત લી. અપને સ્વભાવમેં આકર અપનેમેં વિશ્રામ કરતા હૈ. आपमैं मगन.. શરીર, વાણી, મન પર હૈં વહ હો કિ ન હો, વહ ઉસકે કારણસે હૈ. પુણ્ય-પાપકા વિકલ્પ હોતા હૈ વહ ભી વિકાર ઔર આસ્રવ હૈ. યે મૈં નહીં.

ધર્મીકી—પ્રથમ દરજ્જાકી સમ્યક્દૃષ્ટિકી દશામેં ઉસકો ઐસી દશા અંતરમેં હોતી હૈ. आपमैं मगन.. અનાદિસે શરીર ઔર રાગમેં મગન થા. સમજમેં આયા? આહાહા! आप सुद्ध करैगौ—અપનેકો પર્યાયમેં શુદ્ધ કરેગા. જો પર મેરા હૈ (ઐસી) મમતા થી ઉસકો નાશ કરકે, અપની ચીજકી સંભાલ લેકર અપની વર્તમાન પર્યાય—દશામેં અપનેકો પવિત્ર કરેગા. ઐસા ઉસકા સ્વભાવ હૈ. આહા! સમજમેં આયા? લ્યો. ૨૧મો થયો. લ્યો આ ૨૨.

વળી—(દોહરા)

ज्यौं तन कंचुक त्यागसौं, विनसै नांहि भुजंग।
त्यौं सरीरके नासतैं, अलख अखंडित अंग॥२२॥

**શબ્દાર્થ** :—કંચુક=કાંચળી. ભુજંગ=સાપ. અખંડિત=અવિનાશી.

**અર્થ** :—જેવી રીતે કાંચળીનો ત્યાગ કરવાથી સાપ નાશ પામતો નથી, તેવી જ રીતે શરીરનો નાશ થવાથી જીવ પદાર્થ નાશ પામતો નથી. ૨૨.

**अर्थ** :—जिस प्रकार काँचलीके छोड़नेसे सर्प नष्ट नहीं हो जाता, उसी प्रकार शरीरका नाश होनेसे जीव पदार्थ नष्ट नहीं होता॥२२॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ज्यौं तन कंचुक त्यागसौं, विनसै नांहि भुजंग.. કાંચલીકે ત્યાગસે સાંપકા નાશ હોતા

નહીં. દૃષ્ટાંત ભી.... કાંચલી હોતી હૈ ન? કાંચલી છોડે ઔર સર્પ તો ચલા જાતા હૈ. जिस प्रकार काँचलीके छोड़नेसे सर्प नष्ट नहीं हो जाता.. ઐસે શરીરકે નાશસે અલખ, ભગવાન અલખ જો રાગસે ઔર ઇન્દ્રિયોંસે ન જાનનેમેં આયે ઐસા.. સમજમેં આયા? યે ઇન્દ્રિયાં તો જડ હૈં, માટી હૈં. રાગ-દ્વેષ તો વિકાર હૈ. આત્મા વિકાર રહિત નિર્મલાનંદ હૈ. તો વિકાર પુણ્ય વિકલ્પસે દયા-દાનકે વિકલ્પસે ભી જાનનેમેં નહીં આતા ઐસા અલખ હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? આહાહા! કહો, જુગરાજજી! આ તમારા ગામ માટે આ બધું થયું થોડું. ગામવાળા સાંભળેને હિન્દી. આ અમારે એક માસ્તર આવ્યા હતા. થોડું થોડું સમજે આ હિન્દી. આહાહા!

અરે ભગવાન! તું તો અલખ! 'અલખ નામ ધુનિ લગી ગગનમેં મગન ભયા મન મેરા, આસન મારી સુદૃઢ ધારી, દિયા અગમ ઘર દેરા.' મૈં ભગવાન આત્મા અગમ્ય આનંદકંદ, રાગ ઔર મનસે જાન ન સકૂં ઐસી મેરી ચીજ હૈ. સમજમેં આયા? અલખ કહકર, વ્યવહારાસે ભી મૈં જાન ન સકૂં ઐસી ચીજ હૈ, એમ કહતે હૈં. આહાહા! દેહદેવળ માટીકા પિંડ હૈ યહ તો. ધૂળ.. ધૂળ.. ધૂલી. ઉસમેં ભગવાન આત્મા અલખ ભિન્ન હૈ. સમ્યક્ દૃષ્ટિમેં ઐસે હોતા હૈ કિ વિકલ્પસે ભી મૈં જાનનેમેં ન આઉં. વ્યવહાર રત્નત્રયકા રાગ હૈ ઉસસે ભી મૈં જાનનેમેં ન આઉં ઐસી મૈં ચીજ હૂં. આહાહા! વ્યવહારસે જાનનેમેં આઉં તો ઇસકા અર્થ હુઆ કિ શરીર હી આત્મા હૈ, ઐસા હુઆ. રાગ હી આત્મા, એમ કહતે હૈં. ભાઈ! આમાં દર્શન આદિમાં કહે છેને. આહાહા! શરીરકી ક્રિયાસે ઔર રાગસે મૈં જાનનેમેં આઉં તો તો દોનોં એક હો ગયે. સમજમેં આયા?

મૈં તો મેરા જ્ઞાનસ્વભાવ, જાનનસ્વભાવ, આનંદસ્વભાવ ઉસસે મૈં જાનનેમેં આતા હૂં. ધર્મી સમકિતી ઐસે માનતે હૈં ઔર ઐસા હોતા હૈ. અજ્ઞાનીકો ખબર નહીં કુછ. કૈસે આત્મા પ્રાપ્ત હો? ઔર આત્માકા ક્યા સ્વભાવ હૈ? अलख अखंडित.. આહાહા! उसी प्रकार शरीरका नाश होनेसे जीव पदार्थ नष्ट नहीं होता. ખંડિત નહીં હોતા, એમ. કાંચલીકે ત્યાગસે સર્પકા (નાશ) હોતા હૈ? ઐસે શરીરકે નાશસે ભગવાન આત્માકા નાશ હોતા હૈ? યે તો સચ્ચિદાનંદ પ્રભુ—સત્ નામ શાશ્વત, જ્ઞાન ઔર આનંદકા ભંડાર, યે અપને જ્ઞાનસે હી જાનનેમેં આતા હૈ. આહા! કહો, શેઠ! દયા-દાનકે ભાવસે જાનનેમેં નહીં આતા હૈ, એમ કહતે હૈં. આહાહા! ભાઈ! તેરી ચીજ, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઐસે ફરમાતે હૈં કિ વ્યવહારકે વિકલ્પસે ભી જાનનેમેં ન આયે ઐસી તેરી ચીજ હૈ. આહાહા! સમજમેં આયા? જો વ્યવહારસે જાનનેમેં આ જાયે, તો વ્યવહાર ઔર સ્વભાવ દોનોં એક હો જાય. આહાહા! સમજમેં આયા?

શરીર માટે ન્યાય મૂક્યો જરી. એ તો કાંચળી છે. રાગ અને શરીર તો કાંચળી, પર

છે. ભગવાન તો અંદર ભિન્ન છે. ઓલો સર્પ ઝેરવાળો, આ અમૃતવાળો છે. અમૃતકા પ્રભુ હૈ. આહાહા! અતીન્દ્રિય સ્વાદકા રસિયા હૈ. રાગકા રસિયા આત્મા નહીં. આહાહા! જિસે રાગકા રસ હૈ યે અણાત્મા મિથ્યાદૃષ્ટિ હૈ, જીવકો માનતા નહીં. એમ કહે છે. આહાહા! સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરકા યહ ફરમાન હૈ. આહા! કિ શરીરકી ક્રિયાસે આત્મા જાનનેમેં (આતા હૈ) ઔર ધર્મ લાભ હોતા હૈ ઐસે માનનેવાલા મૂઢ હૈ. શરીર ઔર આત્મા એક માનનેવાલા હૈ. ઔર રાગ જો વિકલ્પ હૈ શુભ, ઉસસે આત્માકો લાભ હોતા હૈ ઐસા માનનેવાલા રાગ ઔર આત્માકો એક માનતા હૈ. આસ્રવ ઔર આત્માકો એક માનતા હૈ, અજીવ ઔર આત્મા એક માનતા હૈ. અલખ–લખ્યો ન જાય. આહાહા! સમજમેં આયા?

ભગવાન આત્મા... દેહના પરમાણુ, પરમાણુ એ તો માટી છે. સ્મશાનની રાખ છે એ તો. સમજમેં આયા? સ્મશાનકી રાખ હો જાયેગી યે મિટ્ટી. યે તો ધૂળ હૈ. યે આત્મા હૈ? અજીવકો હી અપના માનતે હૈં વે તો મૂઢ હૈં, એમ કહતે હૈં. આહા! ઔર શરીરકી ક્રિયાસે મુજે લાભ હોતા હૈ (ઐસા) માનનેવાલા ભી મૂઢ અજ્ઞાની હૈ. લો, આ તો તમારો પ્રશ્ન પહેલો આવ્યો. તમે હતા ત્યાં હાજર? હાજર હતા. હા. એ મહેનત કરે. અઠાઈ કરી. ઠીક લ્યો. લ્યો, અમારા પંડિતજી, મહેનત એણે કરી હતી ફૂલચંદજીને સહાયક તરીકે, નહીં? આહા! પ્રશ્ન : જીવિત શરીરસે કુછ આત્માકો ધર્મ હોતા હૈ કિ નહીં? અરે, ભગવાન! ક્યા કહતે હો તુમ! જીવતું શરીર એટલે એની પર્યાયમાં આત્મા છે અહીંયા, ત્યાં સુધી જીવતું શરીર કહે. ઉસસે આત્મામેં ધર્મ હોતા હૈ કિ નહીં? શેઠ! ઐસા પ્રશ્ન હુઆ હૈ. પહલા પ્રશ્ન થા. તુમકો તો ખબર ભી નહીં. પઢા હૈ કભી? હા. શેઠ કહતે હૈં કિ પહલા પ્રશ્ન થા ઇતની ખબર હૈ તુમકો? યે નહીં, ભાઈને તો યે કહા કિ યે પહલા પ્રશ્ન હૈ ઉસમેં. બીજો પ્રશ્ન એમાં છેને. બીજો પ્રશ્ન છે. આહાહા!

યહાં તો કહતે હૈં કિ યે જીવિત શરીર યે તો મુર્દા હૈ. મુર્દા હૈ મુર્દા. યે તો રજકણ હૈ ઉસમેં આત્મા કહાં આયા? સમજમેં આયા? અરે, મુર્દા હૈ. સમયસારમેં આયા હૈ. ૯૬ ગાથા. ૯૬ ગાથામેં ભગવાન 'કુંદકુંદાચાર્ય'. ઉનકે બાદમેં 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ ૯૦૦ વર્ષ પહલે હુએ, ઉન્હોંને ઉસમેં કહા. 'સમયસાર'મેં હૈ. ૯૬ ગાથામેં હૈ. છિયાનવે.. છિયાનવે. છિયાનવે કહતે હૈં ન? 'મૃતક કલેવર વડે પરમ અમૃતરૂપી જ્ઞાનઘન...' ઐસા પાઠ હૈ. મૃતક કલેવર વડે... યે મૃતક કલેવર હૈ. આહાહા! મુર્દા હૈ, યે અચેતન હૈ. ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ અરૂપી જ્ઞાનઘન હૈ. આહાહા! યે જ્ઞાનઘન ભગવાન આત્મા, કહતે હૈં કિ અમૃતરૂપ, પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન હૈ યે તો. આહાહા! પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન ભગવાન આત્મા અપના હૈ. આહાહા! ઐસા ભગવાન આત્મા, મૃતક કલેવરકે

દ્વારા પરમ અમૃત વિજ્ઞાનઘન મૂર્છિત હુઆ. આહાહા! મુર્દા. જીવિત મુર્દા કહા. યે તો માટી—જડ હૈ, લકડી હૈ. ઉસકી સબ પર્યાય હોતી હૈ વહ જડસે હોતી હૈ. આત્માસે નહીં, આત્મા ભિન્ન હૈ. મૃતક ક્લેવરકે દ્વારા પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન ભગવાન મૂર્છિત હુઆ હોનેસે ઉસ પ્રકારકા કર્તા પ્રતિભાસિત હોતા હૈ. અજ્ઞાનીકો રાગકા કર્તા ઔર શરીરકા કર્તા ભાસિત હોતા હૈ. આહાહા!

શરીરકી પર્યાય મેરેસે હોતી હૈ, મૈં શરીરકો હિલાતા હૂં, મૈં બોલ સકતા હૂં—ઐસી માન્યતાવાલા અજ્ઞાની પરમેં મૂર્છિત હોકર પરમેં એકત્વ માનકર રાગ ઔર શરીરકી ક્રિયાકા કર્તા મિથ્યાદૃષ્ટિ હોતા હૈ. (શ્રોતા : આમ તો બોલે છે?) કોણ બોલે? બોલે એ બીજો, આત્મા નહીં. આહાહા! અરે! બોલે એ આત્મા તો નહીં, પણ બોલે એ શરીર નહીં. વાણીકા અવાજ યે દૂસરી શબ્દવર્ગણા હૈ ઔર યે શરીર આહારવર્ગણા હૈ માટી. તો ઈસ આહારવર્ગણાસે ભી ભાષા નહીં હોતી. આહાહા! યહ શરીર તો આહારવર્ગણા હૈ. ભાષાવર્ગણા ભિન્ન હૈ. અવાજ ઉઠતા હૈ યે તો ભાષાવર્ગણામેંસે અવાજ ઉઠતા હૈ. યે ઈસમેંસે ઉઠતા હૈ? આહાહા! ખબર નહીં, જીવ-અજીવ ક્યા હૈ? ભિન્ન ચીજ ક્યા હૈ? ભાન નહીં ઔર હમેં હો ગયા (ધર્મ), હમ કરતે હૈં ધર્મ. ધૂળમેં ભી ધર્મ નહીં. સમજમેં આયા? આહા! જુઓ મૃતક ક્લેવર, પાઠમાં છે હોં. પંડિતજી! પાઠમેં દેખો.

**સમયસાર કળશ અર્થ :**—"इह तत् चिद् वस्तु द्रव्यपर्ययमयं अस्ति" (इह) વિદ્યમાન (तत्) પૂર્વોક્ત (चिद् वस्तु) જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય (द्रव्यपर्ययमयं अस्ति) દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ છે. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્યનું દ્રવ્યપણું કહ્યું. કેવું છે જીવદ્રવ્ય? "एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं" (एवं) પૂર્વોક્ત પ્રકારે (क्रम) પહેલો વિનશે તો આગળનો ઊપજે અને (अक्रम) વિશેષણરૂપ છે પરન્તુ ન ઊપજે, ન વિનશે,—એ રૂપે છે (विवर्ति) અંશરૂપ ભેદપદ્ધતિ તેનાથી (विवर्त) પ્રવર્તી રહ્યો છે (चित्रं) પરમ અચંબો જેમાં, એવું છે. ભાવાર્થ આમ છે કે ક્રમવર્તી પર્યાય, અક્રમવર્તી ગુણ;—એ રીતે ગુણ-પર્યાયમય છે જીવવસ્તુ. વળી કેવું છે તે અર્થાત્ કેવી છે જીવવસ્તુ? "यः भावः इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरः अपि ज्ञानमात्रमयतां न जहाति" (यः भावः) જ્ઞાનમાત્ર જીવવસ્તુ (इत्यादि) દ્રવ્ય-ગુણ-પર્યાય ઇત્યાદિથી માંડીને (अनेकनिजशक्ति) અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, સૂક્ષ્મત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, સપ્રદેશત્વ, અમૂર્તત્વ—એવું છે અનંત ગણનારૂપ દ્રવ્યનું સામર્થ્ય તેના વડે (सुनिर्भरः) સર્વ કાળ ભરિતાવસ્થ છે; (अपि) એવી છે તોપણ (ज्ञानमात्रमयतां न जहाति) જ્ઞાનમાત્ર ભાવને ત્યાગતી નથી. ભાવાર્થ આમ છે કે જે ગુણ છે અથવા પર્યાય છે તે સર્વ ચેતનારૂપ છે, તેથી ચેતનામાત્ર જીવવસ્તુ છે, પ્રમાણ છે. ભાવાર્થ આમ છે કે પૂર્વે હૂંડી લખી હતી કે ઉપાય તથા ઉપેય કહીશું; ઉપાય એટલે જીવવસ્તુની પ્રાપ્તિનું સાધન, ઉપેય એટલે સાધ્યવસ્તુ; તેમાં પ્રથમ જ સાધ્યરૂપ વસ્તુનું સ્વરૂપ કહ્યું, સાધન કહે છે. ૧-૨૬૪.

દેખો. દ્રવ્ય ઔર પર્યાય દોનોં (મિલકર પ્રમાણ) ગિનનેમેં આયા હૈ. આ શેઠિયા જેવાને ઓલા પર્યાયની ખબર નહીં હોય જે જૈનદર્શનનું મૂળ, એકડાનું આ મીંડું. પણ એ દરકાર જ કરી નથી. મુકુંદભાઈ! ક્યા કહતે હૈં? એય! સુનાનેવાલા ન મિલા ઈસલિયે, એમ કહતે હૈં. એ વસ્તુની સ્થિતિની દરકાર કરી નથી. આહાહા! દેખો.

કહતે હૈં, 'इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरो.' ભગવાન આત્મા... આહાહા! અંતર બિરાજમાન તત્ત્વ સત્ત્વ જીવ, અનેક શક્તિસે ભરા सुनिर्भरो.. ભરપૂર ભરમાર ભગવાન આત્મા બિરાજતા હૈ અંદર. સમજમેં આયા? 'ज्ञानमात्रमयतां न जहाति.' ઐસા હોને પર ભી જ્ઞાનભાવ છોડતા નહીં. અનંત શક્તિયાં હૈં તો ભી જ્ઞાનમાત્ર હી સબ આત્મા હૈ. પહલે જ્ઞાનમાત્ર કહા થા ન. જ્ઞાન એ આત્મા. ચૈતન્યપૂંજ એ આત્મા. આહાહા! તો કહતે હૈં કિ અનંત શક્તિ સંખ્યાસે અનંત ગુણ હોને પર ભી જ્ઞાનમાત્ર નહીં છોડતા. જ્ઞાનમેં અવિનાભાવી અનંત શક્તિયાં સાથમેં રહતી હૈં.

'एवं क्रम अक्रम विवर्ति' દેખો. અક્રમસે રહે હુએ શક્તિ-ગુણ, ક્રમસે વિવર્તિત-પ્રવર્તન-પરિણમન विवर्तचित्रं विचित्रं.. વિવિધ પ્રકારકી પર્યાય ઉત્પન્ન હોતી હૈં. નિર્મલ. મલિનકી યહાં બાત હૈ નહીં. મલિન પર્યાય પરદ્રવ્યમેં જાતી હૈ. સમજમેં આયા? અપને અસ્તિત્વમેં હૈ હી નહીં. યહાં તો યહ સિદ્ધ કરના હૈ. આહાહા!

'तद्द्रव्यपर्ययमयं' હૈ? દ્રવ્ય અર્થાત વસ્તુ ઔર 'पर्यायमयं'—અવસ્થા સહિત, અવસ્થા—પર્યાય સહિત. આહાહા! આ કરવાની ચીજ છે આ, બાકી થોથે થોથાં. લક્ષ્મી હો, યે હો, યે હો. એય ભીખાભાઈ! (શ્રોતા : શું કરે લક્ષ્મીને અને.....) પણ એમ હોય? ત્યાં મજા પડે અંદર. (શ્રોતા : શેની મજા?) આ હીરાભાઈ જેવો છોકરો કોઈને અભાવ ન કરે અને પૈસા પેદા થાય સારી રીતે. બંગડી. ઘરે મકાન થાય. મહેલ-મકાન હતા તમારે? ૩૦ રૂ.ના પગારમાં કે દિ' હતા ઘરેય? આહાહા! અરે! કિસકા બંગલા ઔર કિસકા સ્વજન? એક આયા થા ન કલ, નહીં? ધન સંપત્તિ આદિ ઈસસે અપના નાતા કુછ હૈ નહીં. આયા થા? નાતા. આમાં આવ્યું હતું? આમાં આવ્યુંને? આમાં હતુંને? જુઓને.

और न धन, संतान, कुटुंब आदिसे उसका नाता है. ૩૩૩ પાને. આહાહા! કુછ નાતા નહીં. સંબંધ ક્યા? વહ ચીજ ભિન્ન, યહ ચીજ ભિન્ન. ક્યા સંબંધ? કિસકા લડકા? કિસકા બાપ? કિસકા પતિ ઔર કિસકી પત્ની? અરે! સુન તો. કિસીકા કિસીકે સાથ કોઈ સંબંધ ભી નહીં. સબ ભિન્ન ભિન્ન કામ કરતે હૈં. આહાહા! જો ઉસકી ચીજ નહીં ઔર ચીજમેં નહીં. ખરેખર તો ઉસકી ચીજમેં વિકાર ભી નહીં. તો ઉસમેં નહીં ઉસે અપના (માનના), મેરા હૈ, મેરા હૈ. દુઃખી પ્રાણી હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા! ઔર જિસે અપનેમેં અનંત ગુણ ઔર નિર્મલ પર્યાય ઐસા અંતરમેં સ્વીકાર હોકર સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન આદિ પરિણમન હુઆ, વહ જીવ સુખી હૈ. ચાહે તો નિર્ધન હો કિ ચાહે કોઈ નારકી હો. આહાહા!

ધર્મના ગજ જ જુદી જાતના છે. ઓલાને ખમ્મા.. ખમ્મા.. ૫૦-૫૦ લાખ, કરોડ-

બે કરોડ, પાંચ કરોડ પૈસા. નવરો ન હોય પાપ આડે. આખો દિ' ધંધો.. ધંધા પાપના. એને દુનિયા સુખી કહે. શેઠ! આ તમને સુખી કહે. બે ભાઈઓ મોટા બાદશાહ છે, કહે લ્યો. (શ્રોતા : દુનિયા તો પાગલ હૈ). દુનિયા પાગલ હૈ? એય શેઠ! આ કહે, ગવર્મેન્ટ બધું સરખું કરી નાખે છે. આ એમ કહે છે. એ બધા વાણિયા એવા હોય, સરખું થવા ન દે. આહાહા! એ તો કંઈકને નામે ચડાવીને કંઈક કરશે એ તો કાળાબજાર. સમજાય છે ને? ઊંટ પર જ્યારે સરખું બેસવાનું ન હોયને માથે ઊંટ ઉપર, તો પછી કાઠલું નાખે, પણ બેસવાનું સાધન કરી લીધું. બૈઠનેકા ઐસા કિયા. ઊંટ હોતા હૈ ન ઊંટિયા. તો ઉસમેં લકડેકા ... ઐસા કિયા.

વાણિયા, જ્યાં દુનિયા—સરકાર બીજું કરે તો આ બીજું કાંઈ કરશે અંદરથી. કો'કને નામે કંઈકના નામે જશ ચડાવી દેશે. લેશે શું ઓલો? એક લાખમાં લાવો ૬૩ હજાર. આપતા હશે? લાખમાં ઓછા રહેને. કેટલાય નામે ચડાવી દેશે. નાના છોકરા ને મોટા છોકરા... (શ્રોતા : ખર્ચ કાઢવો પડેને.) હા, એમ છે. ખર્ચો કાઢવો પડેને. વાણિયા ખરાને. આહાહા! આહીં પછી કાઢે. પછી જવાન લડકા હોતા હૈ જવાન, તો ઉસકા ...? અમારા નામના છે પાંચ લાખ. (શ્રોતા : અમારા-તમારા... નામ ઉપર હોય?) જુદા કરો, જુદા કરી દો. મારે કોઈની દરકાર નહીં, લ્યો. એમ બન્યું છે અત્યારે. બને છે. હુઆ હૈ. હમકો ખબર હૈ ન. સમજમેં આયા? હમારા પૈસા હૈ. હમારે નામકા હૈ અને હમારા હી હૈ. તુમ્હારા ઉસમેં હક નહીં. જાઓ છૂટા થઈ જાઓ. ભાઈઓ જુદા પડી જાય બધાય. આહાહા! ભિન્ન હી હૈ. કોને પાડે જુદા માળા?

યહાં તો કહતે હૈં કિ 'तद्द्रव्यपर्ययमयं चिद् इह अस्ति.' આહાહા! તેરે અસ્તિત્વમેં તો દ્રવ્ય, ગુણ ઔર નિર્મલ પર્યાય તેરેમેં હૈં. દૂસરા કોઈ હૈ નહીં. આહાહા! હૈ ન. 'चिद् इह अस्ति वस्तु.' તેરી ચીજ જો હૈ, તુમ જો હો ઉસમેં તો દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ શક્તિ ઔર પર્યાય નામ નિર્મલદશા. 'चिद् इह अस्ति वस्तु.' એ વસ્તુ અસ્તિ છે. પર્યાય ઉસકી નિર્મલ જો હૈ નિર્મલ પર્યાય વહ ઉસમેં અસ્તિ હૈ. વિકારકી અસ્તિ-ફસ્તિ નહીં. વિકારકા જ્ઞાન હુઆ યહ જ્ઞાનકી પર્યાયકી અસ્તિ હૈ તેરેમેં. આહાહા! ઔર જ્ઞાનગુણકી અસ્તિ હૈ ત્રિકાલ. 'द्रव्यपर्यायमयं' લીધું છે એ. દ્રવ્ય હૈ વસ્તુ, ઉસમેં અનંતગુણ હૈં. ગુણ અનંત સાથ મિલાકર દ્રવ્ય લિયા. ઔર ઉસકી દૃષ્ટિ હુઈ, ઐસા દ્રવ્યકા સ્વીકાર હુઆ... 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આનો' આતા હૈ કિ નહીં? 'છોડી જગત દ્વંદ ફંદ આતમ ઉર આનો'. ઐસા જો ભગવાન આત્મા દ્રવ્ય ઔર પર્યાયમય... દેખો! અપની પર્યાય—અવસ્થા યહ અપની પ્રજા, ભગવાન ત્રિકાલી દ્રવ્ય ઉસકા પિતા, યહ તેરા અસ્તિત્વ હૈ. કુછ સમજમેં

આયા? ઓહોહો! તેરે અસ્તિત્વમેં દો ચીજ હૈ – સામાન્ય ત્રિકાલી દ્રવ્ય–ગુણકા પિંડ એક ચીજ ઔર ઉસકા પરિણમન હુઆ નિર્મલ, બસ વહ તેરી ચીજમેં હૈ.

'तद्‌द्रव्यपर्ययमयं अभेद चिद् इह अस्ति.' જ્ઞાનસ્વરૂપ હૈ વસ્તુ, એમ. જ્ઞાન સાથે અવિનાભાવ અનંત ગુણ અને પર્યાય આવી ગયા. આહાહા! ભારે વાત કરી છે ને! સમજમેં આયા? તેરી ચીજમેં.. જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધતા હૈ, વહ ભાવ તેરી પર્યાયમેં નહીં. આહાહા! દ્રવ્ય નામ ત્રિકાલી શક્તિકા પિંડ ઉસમેં તો હૈ નહીં, પર તેરી અવસ્થા–વર્તમાન દશા–પર્યાય ઉસમેં વહ ભાવ હૈ હી નહીં. આહાહા! ઉસ ભાવ સંબંધી અપના જ્ઞાન સ્વ-પરપ્રકાશક પર્યાય યે અપની પર્યાયમેં હૈ. આહાહા! ઐસા દ્રવ્યકા સ્વીકાર હોતે હી પર્યાયમેં નિર્મલતા આતી હૈ. યહ પ્રમાણ પૂરા જ્ઞાનકા અખંડ વિષય હૈ. આહાહા! સમજમેં આયા? ઉસે આત્મા કહતે હૈં. રાગાદિ આત્મા નહીં, શરીર આદિ નહીં, વહ અપનેમેં હૈ હી નહીં. તો દીકરા-દીકરી, મકાન, હજીરા ને આ પૈસા ધૂળમાંય નથી તારા. તેરે હો તો તેરેસે ભિન્ન રહે નહીં ઔર ભિન્ન રહે વહ તેરી ચીજ હી નહીં. આહાહા!

तद्–તે. 'द्रव्यपर्ययमयं चिद् इह अस्ति' જ્ઞાનરૂપ વસ્તુ યહ વસ્તુ હૈ. આહાહા! ત્રિકાલી જ્ઞાન ઔર જ્ઞાનકી પર્યાય નિર્મલ ઔર જ્ઞાનકે સાથ અવિનાભાવી અનંત શક્તિયાં, ઉસકી નિર્મલ પર્યાય—યહ અસ્તિ વસ્તુ. ઈતની તેરી ચીજ હૈ. દૃષ્ટિકા વિષય ક્યા હૈ વહ અભી નહીં બતાના હૈ. યહાં તો તેરી ચીજ પૂર્ણ પરસે ભિન્ન કૈસી હૈ યહ બતાના હૈ. સમજમેં આયા? ગુણ જો હૈં જ્ઞાન-દર્શન આનંદ આદિ, તો ગુણકા તો પરિણમન નિર્મલ હી હોતા હૈ. સમજમેં આયા? તો ગુણ ઉસને માને, સ્વીકારમેં આયે. ગુણ સ્વીકારમેં તબ આતે હૈં કિ ગુણકે પરિણમનમેં (શુદ્ધ) પર્યાય હુઈ તો ગુણકા સ્વીકાર હુઆ. સમજમેં આયા? શુદ્ધતા દ્વારા અશુદ્ધ હૈ યહ સ્વીકારમેં આયા. આહાહા! ભારે. જે વાત છઠ્ઠી (ગાથા)માં કીધી છે એ વાત લીધી. એ વાત બીજી રીતે લીધી. આહાહા!

વસ્તુ પરમાત્મા નિજસ્વરૂપ ત્રિકાલ શુદ્ધ પવિત્રકા ધામકા સ્વીકાર જહાં હુઆ, તો દ્રવ્ય પર દૃષ્ટિ પડે તો સ્વીકાર હોતા હૈ. ક્યોંકિ દૃષ્ટિને સ્વીકાર તબ કિયા, જબ હૈ ઐસા (માના). તબ પર્યાયમેં ભી પવિત્રતાકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ યહ પર્યાયમેં તેરી દશા હૈ. તેરી દશા ઔર તું વહાં હૈ. દ્રવ્યમેં, ગુણમેં અને તેરી નિર્મલ પર્યાયમેં તુમ–વસ્તુ તેરી હૈ. ઉસસે આગે જાકર, રાગમેં ઔર પરમેં તેરી ચીજ હૈ નહીં. આહાહા! ગજબ વાત! દિગંબર સંતોના કથન! અનુભવ તો ઠીક, પણ એની કથનીની શૈલી બહુ ટૂંકું કરીને (સમજાવ્યું છે). સમજાય છે કાંઈ? એનો સવૈયા કહે છે.

(સવૈયા એકત્રીસા)

जोई जीव वस्तु अस्ति प्रमेय अगुरुलघु,
अभोगी अमूरतीक परदेशवंत है।
उतपतिरूप नासरूप अविचलरूप,
रतनत्रयादि गुनभेदसौं अनंत है।।
सोई जीव दरब प्रमान सदा एकरूप,
ऐसौ सुद्ध निहचै सुभाऊ निरतंत है।
स्यादवाद मांहि साध्य पद अधिकार कह्यौ,
अब आगै कहिवेकौं साधक सिद्धंत है।।२।।

**શબ્દાર્થ** :—અસ્તિ=હતું, છે અને રહેશે. પ્રમેય=પ્રમાણમાં આવવા યોગ્ય. અગુરુલઘુ=ન ભારે ન હલકું, ઉતપતિ=નવી પર્યાયનું પ્રગટ થવું. નાસ=પૂર્વ પર્યાયનો અભાવ. અવિચલ=ધ્રૌવ્ય

**અર્થ** :—આ જીવ પદાર્થ અસ્તિત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, અભોક્તૃત્વ, અમૂર્તિકત્વ, પ્રદેશત્વ સહિત છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અથવા દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ગુણોથી અનંતરૂપ છે. નિશ્ચયનયમાં તે જીવ પદાર્થનો સ્વાભાવિક ધર્મ સદા સત્ય અને એકરૂપ છે. તેને સ્યાદ્વાદ અધિકારમાં સાધ્ય-સ્વરૂપ કહ્યો, હવે આગળ તેને સાધકરૂપ કહે છે. ૨.

अर्थ :—यह जीव पदार्थ अस्तित्व, प्रमेयत्व, अगुरुलघुत्व, अभोक्तृत्व, अमूर्तिकत्व, प्रदेशत्व सहित है। उत्पाद-व्यय-ध्रौव्य वा दर्शन-ज्ञान-चारित्र आदि गुणोंसे अनंतरूप है। निश्चयनयमें उस जीव पदार्थका स्वाभाविक धर्म सदा सत्य और एकरूप है। उसे स्याद्वाद अधिकारमें साध्यस्वरूप कहा, अब आगे उसे साधकरूप कहते हैं।।२।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ક્યા કહતે હૈં? ભગવાન આત્મા જીવ યહ વસ્તુ. કૈસી હૈ વસ્તુ? ઉસમેં અસ્તિ નામકા ગુણ હૈ. અસ્તિ 'હૈ'. 'હૈ', સત્ હૈ તો અપનેસે હૈ ત્રિકાલ. સમજમેં આયા? કોઈ ઉસકા કર્તા હૈ કિ ઈશ્વર (કર્તા) હૈ, ઐસી ચીજ હૈ નહીં. 'હૈ' ઉસકા કર્તા કૌન? અને ન હો ઉસે બનાયે કૌન? સમજમેં આયા? પહલે અસ્તિ ગુણ લિયા. સત્ પદ પ્રરૂપણા. જોઈ જીવ.. અસ્તિરૂપ, પ્રમેયરૂપ. ઈસ જગતમેં જબસે જીવ હૈ તબસે ઉસે પ્રમેય કરનેવાલા જ્ઞાતાજીવ ભી (જગત)મેં હૈ. ઉસમેં પ્રમેય હોતા હૈ આત્મા. પરકે જ્ઞાનમેં જ્ઞેય હોતા હૈ. આહાહા! દો બાત સિદ્ધ કી. દોનોં સિદ્ધ કર દિયા. પ્રમેયકાલમેં પ્રમેય હૈ વહ આત્મા. જ્ઞાનકા વિષય હોનેલાયક ઉસમેં શક્તિ હૈ. તો જ્ઞાનરૂપ સર્વજ્ઞ પરમાત્માકી ભી ઉસ

સમયમેં હયાતિ હૈ. આહાહા! સમજમેં આયા?

જૈસે આત્મા અસ્તિ હૈ ત્રિકાલ, ઐસે પ્રમેયગુણ ઉસમેં ત્રિકાલ હૈ. ગુણ હૈ ન? તો પ્રમેયકા અર્થ– કિસીકે જ્ઞાનમેં પ્રમાણરૂપ હોના–જ્ઞેયરૂપ હોના. પ્રમેયગુણ અપનેમેં હૈ તો કોઈ સર્વજ્ઞ પરમેશ્વર હૈં. જબસે વસ્તુ હૈ તબસે સર્વજ્ઞ–યહ જ્ઞેયકો પ્રમેય કરનેલાયક જીવ હૈં, ઉનકો જ્ઞાનમેં પ્રમેય આયા હૈ. અમરચંદભાઈ! આહાહા! અરે! ઐસી આસ્થા તો લાયે કિ (ઐસી) સર્વજ્ઞતા..

जोई जीव वस्तु अस्ति प्रमेय.. પ્ર+મેય – વિશેષરૂપ માપમેં આનેલાયક. તો માપ કરનેવાલે દૂસરે સર્વજ્ઞ ભી ઉસ સમયમેં હૈં. હૈ ન? કૌનસે સમયમેં સર્વજ્ઞ ઈસ જગતમેં ન હો? (શ્રોતા : સબ સમય). સબ સમય? અનંત કાલમેં? અનંત કાલ પહલે સર્વજ્ઞ થે? (શ્રોતા : સર્વજ્ઞમાં ફેર નહીં હોય?) એને ફેરની ક્યાં ભાન છે? ફેર કૈસા? યહાં પ્રમેયત્વ નામકા ગુણ અપનેમેં હૈ તો ઉસે જાનનેલાયક–પ્રમાણ કરનેલાયક કેવલી ભી સાથમેં હી હૈં. પહેલા–પછી શું ? વહ તો સબ અનાદિ ઐસા હૈ. પ્રમેયગુણ અનાદિકા હૈ. બરાબર હૈ પંડિતજી? આહાહા! તો પ્રમેયગુણકો જાનનેવાલા જ્ઞાનપ્રમાણરૂપ જીવ વહ ભી અનાદિકા હૈ. તો સર્વજ્ઞ ભી અનાદિકે હૈં. સર્વજ્ઞ હૈં તો પ્રમેયકો પ્રમેય જાનતે હૈં. આહાહા! સમજમેં આયા?

આ તો વાત ભાઈ એવી છે વાત. મુંબઈમાં હળાહળ થઈ ગયું, એટલું લખ્યું છે. આ એક કોર રજનીશ જાગ્યો, એક કોર આ થયો, એક કોર આ. લોકો કંઈકના કંઈક ચઢી ગયા છે બિચારા ઊંધે રસ્તે, એમ કરીને... આહાહા! અરે ભગવાન! તેરા એક-એક ગુણ ભગવાનસ્વરૂપ હૈ. પ્રમેયગુણ ભગવાનકો સિદ્ધ કરતા હૈ કિ તુમ ભી પ્રમેય પૂર્ણ હો ઔર તેરે પ્રમેયકો જાનનેલાયક દૂસરા આત્મા ભી પૂર્ણ હૈ સામને. સમજમેં આયા? પ્રમેયગુણ ત્રિકાલી હૈ. ત્રિકાલી હૈ કિ નહીં? (શ્રોતા : ગુણ તો ત્રિકાલી હૈ). તો ખલાસ હો ગયા. પ્રમેયકો જાનનેવાલે–ત્રિકાલકો જાનનેવાલે પરમાત્મા ભી (ત્રિકાલ) હૈં. આહાહા!

अगुरुलघु.. તેરા ગુણ અગુરુલઘુ હૈ. ઘટ ન હો–બઢે નહી ઐસા દ્રવ્ય-ગુણ-પર્યાયમેં તેરા સ્વભાવ હૈ, એમ કહે છે. સમજમેં આયા? અપની પર્યાયમેં ષટ્ગુણ વૃદ્ધિ-હાનિ હો ફિર ભી ઘટતી બઢતી નહીં, ઐસી ચીજ તેરી હૈ. આહાહા! અગુરુલઘુ, અસ્તિ, પ્રમેયત્વ એક સાથ તીનોં હૈં. પ્રમેયકો જાનનેવાલે ભગવાન હૈં તો સાથમેં અગુરુલઘુ આદિ સબ ગુણકો પ્રમેય કરકે જાનતે હૈં.

अभोगी.. ભગવાન (આત્મા) તો રાગ ઔર પરકા ભોક્તા હૈ હી નહીં. આહાહા! સમજમેં આયા? આહાર, પાણી, મકાન, પૈસાકા તો ભોક્તા આત્મા હૈ હી નહીં, વહ તો

પરચીજ હૈ. પરકો ક્યા ભોગે? પણ જો રાગ ઔર વિકલ્પમેં ભોગકા અનુભવ હોતા હૈ યહ વસ્તુકા ભોગ નહીં. આત્મા તો અભોગી હૈ. આહાહા! કહો, રાગકા ભોક્તા આત્મા નહીં. રાગકા ભોક્તા યહ આત્મા નહીં. આ શક્તિના વર્ણનની સાથે ન્યાય લીધો છે. સમજાણું કાંઈ? એનું વર્ણન કર્યું. આ થોડા નામ બીજા લીધા. આહાહા!

કહતે હૈં કિ તેરી ચીજ ભગવાન આત્મા ઔર ઉસકી શક્તિ—ગુણ ઔર ઉસકા પરિણમન નિર્મલ. રાગકા ભોક્તા ભી આત્મા નહીં ઐસા અભોક્તા નામકા ગુણ હૈ. આહાહા! સમજમેં આયા? રાગ તો વિકાર હૈ. ઉસે અનુભવે તો અજીવકા અનુભવ હુઆ, ઉસે આસ્રવકા અનુભવ હુઆ. અજીવકા અનુભવ જીવકો? આહાહા! સૂક્ષ્મ બાત હૈ. ગજબ વાત! ટૂંકામાં પણ બહુ આ વાત! આત્મા ઈસે કહેં ઔર ઐસા હૈ કિ વહ રાગકા વિકલ્પ દયા-દાન-ભોગકા વિકલ્પ ઉસે ભોગતા નહીં. ઉસે આત્મા કહેં. સમજમેં આયા? આહાહા! સમ્યક્‌દૃષ્ટિ જીવ, જબ વસ્તુ અભોક્તા હૈ તો સમ્યક્‌દૃષ્ટિ ધર્મી જીવ ભી રાગકા ભોક્તા નહીં. સમજમેં આયા? આહાહા! વસ્તુ જબ રાગકી ભોક્તા નહીં ઐસી ચીજ (હૈ) તો ઐસી ચીજકી દૃષ્ટિ કરનેવાલા ભી રાગકો ભોગતા નહીં. વ્યવહારકા કર્તા નહીં ઔર વ્યવહારકા ભોક્તા નહીં. આહાહા! કઈ રીતે? સમજમેં આયા? ભારે ઝીણું ભાઈ આવું. આવું ધર્મનું રૂપ ઝીણું હશે?

अभोगी.. ભગવાન આત્માકા સ્વભાવ, રાગકો ભોગે ઐસા સ્વભાવ હૈ હી નહીં. સમજમેં આયા? આહાહા! રાગકો ભોગતા હૂં ઐસે માને, મૈં બડા ભોગી હૂં. ધર્મીકો તો યહાં ઠીક હૈ ઐસા નહીં લગતા. મુજે રાગ નહીં, સંયોગ નહીં. ઉસે (અધર્મીકો) રાગ (હૈ) ઔર સંયોગકા ભોક્તા હૈ. ધર્માત્મા જો (સ્વયંકો સ્વયંકા) ભોક્તા માનતે હૈં, તો વહ મેરેસે અધિક સામગ્રીવાલા હૈ ઐસે નહીં માનતે. સમજમેં આયા? આહાહા! જિસે આત્માકા સ્વીકાર હૈ, આત્માકી શ્રદ્ધા હૈ.. જિસે આત્માકી શ્રદ્ધા હૈ વહ શ્રદ્ધાવાન અપનેમેં વ્યવહાર રાગ, પુણ્ય-પાપકા વિકલ્પકા ભોક્તા અપનેકો માનતા નહીં ઔર દૂસરા કોઈ વિકલ્પકો ભોગતા હૈ તો ઉસે યહ આત્મા માનતા નહીં.

યહ બડા રાજા હૈ, બડી સંપત્તિવાલા હૈ ઐસા જ્ઞાની પરકો ભી માનતા નહીં. આહાહા! સમજમેં આયા? મોટી પદવી હોય, લ્યો. દસ-દસ હજારનો પગાર, આઠ-આઠ હજારનો પગાર. રામજીભાઈ તે દિ' હજાર-હજાર રૂપિયાનો તે દિ' હોં. અત્યારે તો વીસ ગુણા થાય. તે દિ' તે દિવસે મહિનાના હજાર રૂપિયા લાવતા. અત્યારે વીસ હજાર કહેવાય. એના છોકરાને વીસ હજાર ક્યાં છે? આઠ હજાર છે. એય! આહાહા! ભારે વાત પણ હોં. શું ઓલા ઠંડી.. ઠંડી.. (શ્રોતા : એરકન્ડીશન્ડ કાર ગાડી). હા, ગાડી. યહાં તો કહતે હૈં કિ

ઉસકા ભોક્તા આત્મા હૈ નહીં. ઉસકી પર્યાયમેં ઉસકી અસ્તિ હૈ નહીં. પર્યાયમેં ઉસકી અસ્તિ માનના વહ મૂઢ મિથ્યાદૃષ્ટિ અણાત્મા હૈ. આહાહા! એય ભીખાભાઈ! આહાહા!

એક ગાવમેં ઐસા હુઆ થા. શેઠ થા નગરશેઠ. તો ઉસકા છોટા લડકા ગુજર ગયા. બડા લડકા થા. (ઉસકી) સ્ત્રી ભી થી ઔર લડકા ભી થા. સ્ત્રી વિધવા હુઈ તો ઐસે પ્રસંગમેં રોયે બહોત. અરે, મુજે નહીં.. મુજે નહીં. ઐસે કહે. સમજમેં આયા? શેઠના નાના છોકરાની વહુ હતી વિધવા. કાંઈ નહોતું દીકરા ને. અને એના જેઠને દીકરા-દીકરી હતા. પતિ-પત્ની હતા. નાની ઉંમરના હતા. અને પછી દીકરા થાય અને દીકરાના લગન થાય. એ વખતે રોવે. મારે કાંઈ નહીં ને આને. પણ એને ક્યાં હતું? સાંભળને હવે. આહાહા! નગરશેઠ. હવે ... નીકળ્યા. નાની ઉંમરના વહુ પછી જેઠને ઘેર જેઠાણીને દીકરો થાય ને દીકરાના લગન થાય, તે વખતે બહુ રોવે.. રોવે. એમ કે અરેરે! આ મારે નહીં, આ મારા નહીં. ધણી નહીં ને આ. પણ ધણી હતો કે દિ' તારે? સાંભળને. અને એનેય કે દિ' હતો? સાંભળને. એ રાગનો ભોક્તા માને છે એ આત્મા નથી, એ તો મૂઢ છે. તારે શું કરવું છે? સમજમેં આયા? બરાબર હૈ શેઠ?

નાનો ભાઈ હોય, બહુ પૈસા વધી જાય. બહોત પૈસા. બડે ભાઈકો પૈસા થોડા હો તો ઉસને કહા, અરે! એક હી માતાકી કૂખસે જન્મે. એકકો ઐસા ઔર એકકો ઐસા? કૌન માને ઐસા? મિથ્યાદૃષ્ટિ મૂઢ માનતા હૈ ઐસા. સમજમેં આયા? ક્યોંકિ આત્મામેં તો ઐસી શક્તિ-ગુણ હૈ ઔર ગુણકા ગુણ ઐસા હૈ કિ વિકારકો ન ભોગે ઐસા ગુણકા ગુણ હૈ. સમજમેં આયા? આહાહા! કહો, પંડિતજી! સમજમેં આયા કિ નહીં? હવે એક કોર દીકરા હોય આઠ-આઠ મોટા અને એકને પચાસ વરસે પુત્ર પણ ન હોય. ધર્મી હોય એને આવા ઓરતા હોતા નથી. ક્યોંકિ મેરે આત્મામેં રાગ ભી નહીં ઔર ઉસકે આત્મામેં ભી રાગ નહીં. તો પુત્ર કહાંસે આયા? આહાહા! ભારે! (શ્રોતા : આવું ભેદજ્ઞાન થતું નથી). કરતો નથી. એને દરકાર (નથી). સાંભળ્યું નથીને ભાઈ! પહેલું સાંભળ્યું નથી. એક તો સૂવામાં જાય, થોડો વખત જાય ત્યાં ઓલા કુગુરુ લૂંટી લે એનો કાળ. લૂંટવાયોગ્ય હોય. આમ કરો, તેમ કરો, આ કરો. પણ શું કરે બાપુ?

તું તો જ્ઞાનસ્વરૂપી છો પ્રભુ! આહીં જ્ઞાનમય કીધું. 'चिद्‌मह अस्ति वस्तु.' જ્ઞાનમય વસ્તુ. એની સાથે અનંત ગુણ ભલે હો. પૂરા આત્મા જ્ઞાન(મય હૈ) ક્યોંકિ જ્ઞાન હરેક ગુણકો જાનતા હૈ તો એક જ્ઞાનમેં સબ ગુણકા જ્ઞાન આ ગયા. સબ ગુણકા જ્ઞાન ઐસી પૂરી ચીજ હી એક આત્મા હો ગઈ. ઔર જો જ્ઞાનકા પરિણમન નિર્મલ હૈ વહી ઉસકી પર્યાય હૈ. ઉસકે અસ્તિત્વમેં ઇતના હી હૈ. રાગકા પરિણમન ભોગના કિ રાગકા કરના વહ ઉસકે

ગુણમેં નહીં તો પર્યાયમેં ભી નહીં. સમજમેં આયા? આહાહા! ગજબ વાત પણ હોં! આચાર્યની કથનની પદ્ધતિ જુઓને કેટલી છે એ. આ માણિકલાલ બહુ વધી જાય ને શું કંઈ ... નથી એમ કહે છે. માણિક ક્યાં નથી હમણાં? (શ્રોતા : મુંબઈ ગયા). મુંબઈ, ઠીક. કહો, સમજાય છે કાંઈ? એમને ઓલા છોકરા અમેરીકામાં ગયા છે બે જણા. તો ઓલાને એમ થાય, મારા છોકરા અમેરીકા જાય એવા ન થયા હોં. એય!

(શ્રોતા : અમેરીકામાં શું છે?) આ અમેરીકામાં જઈને આવ્યા અમારા જુઓ ભાઈ રસીકભાઈના દીકરા. પહેલી જાત્રામાં સાથે હતા. શું તેરની સાલ ને? તેરની સાલ. ૧૪ વર્ષ હુએ. તે દિ' સોળ વર્ષનો હતો. બધે આમ સાથે ને સાથે ફરતા ત્યાં જાત્રામાં. પછી અમેરીકા ગયા. ન્યાંની ઓલી મજા માણી આવે એને હવે આહીં ઠીક ન પડે, એમ કહે. એય! પણ આનો છોકરો જઈ આવ્યો હમણાં. પાંચ વરસ રહી આવ્યો અમેરીકા. હવે કહે, હવે આપણે જાવું નથી હવે ન્યાં. આપણે આહીં.. (શ્રોતા : ઠીક છે તેથી ત્યાં જાવું નથી.) ખબર નથી. અમેરીકામેં ઠીક હૈ કિ આત્મામેં ઠીક હૈ? આત્મામેં ઠીક હૈ ઐસા ગુણ હૈ. સમજમેં આયા? જહાં જહાં આત્મા હૈ વહાં વહાં ઉસકા ગુણ હૈ ઔર વહાં વહાં ઉસકી પરિણતિ હૈ. ઉસકી પરિણતીમેં ઠીક હૈ, સુખ હૈ, યૂં કહતે હૈં. ઠીક એટલે સુખ. સમજમેં આયા? કંઈ પરક્ષેત્રથી અને પરમાંથી સુખ છે? આહાહા!

ઓલાએ લખ્યું હતું સાંઈબાબાની લાઈનમાં. સાંઈબાબા એવો... બહુ આબરુ વધી ગઈ છે એની. બહારમાં એવો કંઈ જાદુ હશે. એનું મકાન કર્યું છે ને માળ સૂવાનું ઘર ત્યાં સુધી મોટર જાય એવું મકાન બનાવ્યું છે. આમાં લખ્યું છે આ જૈનપ્રકાશમાં. આજ આવ્યું હતુંને. એ શેમાં? (શ્રોતા : .....) હા. એમ? હોય કો'ક. (શ્રોતા : ત્યાં ઉભી રહે જ્યાં એની ખુરશી છે ને એ..) આ તો મોટર સૂવાનું જ્યાં મકાન હોયને બીજે કે ત્રીજે માળે ત્યાં સુધી જાય, માળ ઉપર. એને આમ ચાલવુંય ન પડે. માળા. એ તો ચાલી શકતા નહોતા. દરબાર ચાલી શકતા નહોતા એટલે ઓલામાં બેસાડી રાખતા હતા. (શ્રોતા : એ તો એના દીકરા...) એમ હશે કાંઈક. પણ એવું શોખ જાણે, આહાહા! કંઈ નીચેથી ઉપર ચડવાની મહેનત જ નહીને. કેટલા સુખી? ધૂળેય નથી, સુન ને માળા! તું એને સુખી માન તો તું આત્માને માનતો નથી. જાદવજીભાઈ! બરાબર હશે આ? કેમ? કે જે રાગને અનુભવનારા અને ભોગવનારા છે ભગવાન એને આત્મા કહેતા નથી. હવે તું એને સારો કહે તો આત્મા તુંય નહીં ને એય નહીં. (શ્રોતા : અનુમોદનમાં ખોટું.) અનુમોદનમાં આવ્યુંને ખોટું જૂઠું. એય શેઠ! અભોક્તામેં ઐસી ચીજ પડી હૈ.

ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વભાવી પ્રભુ ઉસકા ગુણ અભોક્તા હૈ. ગુણ અભોક્તા

હૈ તો ગુણકા ગુણ—પર્યાય, ગુણકા કાર્ય—પર્યાય, તો પર્યાય અભોક્તા હૈ. રાગ ઔર વિકારકી ઔર પરચીજકી અભોક્તા ચીજ હૈ ઉસે આત્મા કહતે હૈં. આહાહા! એય! જુઓ, ઓલા તમારાવાળાને ત્યાં ગયા હતાને. બહુ સુખી. બહુ સુખી લ્યો. ન્યાલચંદ. એના દીકરાને ત્યાં ગયા હતા. આ ધોતિયા પહેરીને ન જવાય ન્યાં. પાટલૂન પહેર્યું હતું ત્યાં. (શ્રોતા : પણ ન્યાલ કંઈ ના ન પાડે.) ના ન પાડે, પણ આને એમ કે સારું લગાડું બધાને સરખું પાટલૂન પહેરીને. આ દેશમાં પાટલૂન કે દિ' હતું? ઓલો બે કરોડ રૂપિયાનો આસામી. દીકરો. બે કરોડ. બંગલા. રાગ.. રાગ. રાજવૈભવ એને ઘરે છે હોં છોકરાને ન્યાં. રાજવૈભવ મોટો. રાજાને હોય એવો વૈભવ. એને પૂછ્યું. પણ અમારે એ પ્રમાણે ત્યાં રહેવું પડે. એ રૈયતનો સ્વભાવ જ એવો જાણે. ધૂળેય નથી હવે. આહાહા! ગજબ વાત છે.

(શ્રોતા : એને વૈભવ ન કહેવાય. એની જરૂરિયાત છે). બસ, બસ, એમ. એ રૈયતની, ત્યાંની રૈયતની એ જરૂરિયાતની ચીજ એટલી હોય, એ તો સાધારણ વાત થઈ. એને એટલું જરીક હોય. કારણકે છોડી એક હતી. દીકરો એકેય છે નહીં. બે કરોડ રૂપિયા. બસો લાખ. દુઃખી.. દુઃખી.. દુઃખી.. એને કોઈ સુખી માને એ આત્માને માનતો નથી, મૂળ તો એમ કહ્યું. (શ્રોતા : મૂળ સિદ્ધાંત એ). સિદ્ધાંત હો ગયા ઉસમેં. એ ચીમનભાઈ! તમારે લાગુ પડે કે નહીં? છોકરો અમેરીકામાં જઈ આવ્યો છે, દીકરાનો દીકરો. આહાહા!

ભાઈ! જેને આત્મા કહીએ, ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરે જેને આત્મા કહ્યો, એવા આત્માનો જેને અંદર શ્રદ્ધા અને સ્વીકાર થાય, એને તો એની પર્યાયમાં (આનંદ આવે). એ આનંદનો ભોક્તા એ જીવ છે, રાગનો ભોક્તા નહીં. આહાહા! એનું જીવન સુખી છે. સમજાણું કાંઈ? અને રાગના ભોગવવાવાળા જીવો દુઃખી.. દુઃખી.. દુઃખમાં શેકાઈ રહ્યા છે. એ આત્મા નહીં, એને આત્મા કહેતા નથી પરમાત્મા. આહાહા! (શ્રોતા : દુઃખનું કારણ?) દુઃખનું કારણ.. એ પોતે જ દુઃખ છે. આકુળતામાં સળગી રહ્યા છે. આહાહા!

એવો એનો ગુણ છે? એવો ગુણ હોય તો કોઈ દિ' ગુણની પર્યાય નિર્મળ પ્રગટ થાય જ નહીં. સમજાય છે કે નહીં ભાઈ? હવે લોજીકથી તો આ ચાલે છે, ન્યાયથી. ત્યાં અમેરીકામાં ક્યાં હતું ત્યાં આવું? ત્યાં તો ગપેગપ હોય બધાય. આહાહા! ભગવાન! એકવાર વાત તો સાંભળ, કહે છે, તારી મોટપની. આહાહા! કહે છે કે રાગથી અધિક થઈને આત્મા રહેલો છે. જુદો થઈને રહેલો એને આત્મા કહીએ, એમ કહે છે. આહાહા! અધિક આવે છે ને. 'णाणसहावं' અધિકનો અર્થ જુદો થાય. ૩૧મી ગાથા (સમયસાર). 'णाणसहावाधियं मुणदि आदं.' અધિક નામ જુદો. અધિકનો અર્થ જ, આ નહીં, આ નહીં. હેઠે રહી ગયું, આમ રહી ગયું. આહાહા! રાગ આદિ વિકલ્પ જે છે એ હેઠે રહી ગયા

બાહ્ય, એનાથી ભિન્ન પડેલો આત્મા એને આત્મા કહીએ. આહાહા! આવી શૈલી! અને તે એમાં સમાડ્યું કેટલું!

મૂલચંદભાઈ! છોકરાઓ લખે કે બાપા ઉતાવળ કરશો નહીં આવવાની. પણ આ માળાને સુખ ન આવે અહીંયા. લખ્યું છેને. એ આમ જ વાત છે. એ કો'ક કહેતું હતું. કો'ક કહેતું હતું તમારી વાત. તમારો અહીં રિપોર્ટ બહુ આવે. કોણ કહેતું હતું આહીં? છોકરાનું આ લખાણ આવ્યું છે. કોણ કહેતું હતું નહીં આહીં આપણને? (શ્રોતા : વૈદરાજ.) વૈદ.. વૈદ. હા, વૈદ કહેતા હતા. એ સાચી વાત. એ કહે, હું મૂલચંદભાઈને મળ્યો. એણે કીધું લ્યો અંદર. છોકરાનું આવ્યું છે લખાણ. બાપા ઉતાવળ કરશો નહીં આહીં આવવાની. એય! (શ્રોતા : બાધા પહોંચાતે હોગેં ઉનકો?) બાધા કોણ પહોંચાડે? આત્મામેં દૂસરેકો બાધા પહોંચાયે ઐસી શક્તિ નહીં. આત્મા પરકો બાધા પહોંચાયે ઐસી આત્મામેં શક્તિ નહીં. આત્મામેં ઐસી પર્યાય નહીં કિ દૂસરેકો દુઃખ ઉપજાયે. આહાહા! ચંદુભાઈ! આખો સંસાર ઊડી ગયો આખો.

યહાં તો કહતે હૈં, જેને ભગવાન આત્મા વસ્તુ અનંત ગુણના પિંડનો સ્વીકાર થયો ત્યાં પરિણમન નિર્મળ રહ્યું એને. ભલે ચોથે ગુણસ્થાને હો. ક્યા શેઠ હૈ કિ નહીં? એ જુગરાજજી! દેખો યે બાત. હવે આ શેઠિયાઓની આગળ... પણ ન્યાયસે સમજના પડેગા કિ નહીં ઉસકો? ન્યાયથી નથી સમજતો? આહાહા! આવો ભગવાન આત્મા શુદ્ધ છે. આત્માનો સ્વીકાર, આહાહા! ત્રણ લોકનો નાથ એનો સ્વીકાર, એને અભોગગુણનો સ્વીકાર છે, એને રાગનો ભોગવટો આત્મામાં ક્યાંથી હોય? આહાહા! ગજબ બાત હૈ! વ્યવહાર રત્નત્રયકો કરે ઔર વ્યવહાર રત્નત્રયસે નિશ્ચય હો ઐસા ઉસમેં ગુણ નહીં, એમ કહતે હૈં. ભારે! બરાબર છે? આહાહા!

કહે છે, અભોક્તા. ઓહોહો! ભગવાન તેરી ચીજમેં ઐસી શક્તિ હૈ, ગુણ હૈ કિ યહ ગુણકા ગુણ, રાગકો ભોગે ઐસા ગુણકા ગુણ નહીં. ગુણકા ગુણ તો આનંદકો ભોગે ઐસા ગુણકા ગુણ હૈ. ઐસા ગુણકા કાર્ય... આહાહા! યહ ગુણકા કાર્ય કહનેમેં આતા હૈ. આહાહા! રાગકા કરના, ભોગના યે ગુણકા કાર્ય? જ્ઞાન તે આત્મા. આમ વ્યવહારથી નીચે ઉતાર્યો. પ્રભુ! તને ખબર નથી ભાઈ! આત્મામેં ઐસા કોઈ ગુણ નહીં કિ રાગસે આત્મામેં લાભ હો ઔર રાગકા ભોક્તા હો. યહ આત્મા હી નહીં. આહાહા! સમજમેં આયા?

વસ્તુ અનંત-અનંત ગુણસંપન્ન પ્રભુ.. ગુણસંપન્ન પ્રભુકા જહાં સ્વીકાર હુઆ, સમ્યગ્દર્શનમેં ઉસકા અનુભવ હુઆ ઔર દૃષ્ટિને પૂરે દ્રવ્યમેં પ્રસાર કિયા તો પરિણતિ

નિર્મલ હુઈ. નિર્મલપર્યાય રાગકો ભોગે ઐસી કોઈ પર્યાયમેં શક્તિ નહીં. ગુણમેં નહીં તો પર્યાયમેં નહીં. ક્યોંકિ વહ અભોક્તા નામકા ગુણ દ્રવ્યમેં—ગુણમેં તો વ્યાપક થા, યહ પર્યાયમેં વ્યાપક હો ગયા. આહાહા! સમજમેં આયા? આ તો જુદી જાતની કથા છે આ. આહાહા! જુઓ, આ આત્મા સર્વજ્ઞ સિવાય, ત્રણ કાળ ત્રણ લોકમાં આત્મા આત્માની વાતું કરે પણ હોઈ શકે નહીં ક્યાંય. આવી વાત છે. રાગની પર્યાયને ભોગવે નહીં, ત્યારે એનો અર્થ જ કે નિર્મળ પર્યાયને જ ભોગવે. આ નકારથી વાત લીધી છે. એના અનુભવમાં આનંદનું વેદન હોય એને આત્મા કહે છે. કહો, સમજાય છે કે નહીં? કહો, આ ન્યાયથી સમજાય છે કે નહીં? એ જુવાનો! એ જવાહરલાલજી! આહાહા!

કહે છે, આ સ્યાદ્વાદ. દ્રવ્ય હૈ, ઉસમેં ગુણ પૂરે હૈં. ઉસમેં એક ગુણમેં પૂરા દ્રવ્ય નહીં. દ્રવ્યમેં એક ગુણ નહીં. ક્યોંકિ દ્રવ્યમેં તો અનંત ગુણ હૈં. ઔર એક ગુણમેં એક સમયકી પર્યાય નહીં ઔર એક સમયકી પર્યાયમેં ગુણ નહીં ઔર એક સમયકી પર્યાયમેં વિકાર નહીં. આહાહા! ગજબ વાત! આ અનેકાંત. સમજમેં આયા? આત્મા આત્મા કહે, પણ આત્મા કેવો—કૈસા હૈ? એ કીધું હતુંને, આત્મા કૈસા હૈ? 'પ્રવચનસાર.' આહાહા! આત્મા ઐસા હૈ. ત્યાં તો હજી અશુદ્ધતા લીધી છે. આહીં તો આખી દૃષ્ટિની પ્રધાનતામાં દ્રવ્યની વાતમાં અશુદ્ધતા નહીં. 'પ્રવચનસાર'માં તો અશુદ્ધતા લીધી (કેમકે) એ જ્ઞાનપ્રધાન કથન છેને. એ જાણવાની વાત લીધી છે. દૃષ્ટિપ્રધાનના કથનમાં એકલો દ્રવ્ય જ જ્યાં તરવરે છે, આહાહા! એની તો પર્યાય પણ (વીતરાગી). વીતરાગી પર્યાયનો ભોક્તા આત્મા છે એને આત્મા કહીએ. રાગને ભોગવે તે આત્મા નહીં, તે અણાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૬૨ ભાદરવા વદ ૧૨ બુધવાર તા. ૧૫-૯-૧૯૭૧
## સાધ્ય સાધક દ્વાર પદ ૨, ૩, ૪, ઉપર પ્રવચન

સાધ્ય-સાધક દ્વાર, સમયસાર નાટક. સવૈયા એકત્રીસા ચાલે છેને. જીવ.. જીવ.. આ આત્મા છે એ કેવો છે, એમ ચાલે છે. આ આત્મા વસ્તુ છે એમાં શું શું ગુણ છે અને એની કઈ કઈ પર્યાય છે એનું વર્ણન છે. जोई जीव वस्तु अस्ति प्रमेय अगुरुलघु, अभोगी अमूरतीक परदेसवंत है. શું કહે છે? જેને ધર્મ કરવો છે આત્માને. તો આત્મા છે કોણ? કેવડો છે કે એ ધર્મ કરે? શેમાં કરે? સમજાય છે કાંઈ? આત્માને ધર્મ કરવો છેને? કંઈક ઠીક કરવું છેને ઠીક? ઠીક કહો, હિત કહો, ધર્મ કહો, શ્રેય કહો, સુખને પંથે જાવું એમ કહો. એ પંથ તો પર્યાય છે, પણ વસ્તુ કેવી છે એ? સમજાય છે કાંઈ? તો કહે છે કે એ વસ્તુ અસ્તિ છે. સત્તાવાળી પોતાથી અસ્તિ છે. પરથી અસ્તિ નથી. કોઈ એનો ઈશ્વર કર્તા નથી. સ્વતંત્ર એ અસ્તિ, પદાર્થમાં એવો એનો ગુણ છે. પ્રમેય છે. એમાં, કોઈપણ જ્ઞાનમાં વિષય થાય–જણાય એવો એનામાં સ્વભાવ છે. કોઈપણ જ્ઞાનીના જ્ઞાનમાં પોતે પ્રમેય થાય, પોતાના જ્ઞાનમાં પણ પ્રમેય થાય એવો એનો સ્વભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાનું જ્ઞાન પણ પ્રમેય કરે પોતાને જાણે એવો એનામાં ગુણ છે. સમજાય છે?

प्रमेय अगुरुलघु.. એમાં એક સ્વભાવ છે અનાદિ-અનંત, અગુરુલઘુગુણ જેની વર્તમાન દશા હીણી-અધિક ષટ્‌ગુણીપણે પરિણમે, છતાં વસ્તુ વસ્તુપણે રહે, એની પર્યાય પરમાં ન જાય, ગુણ બદલીને બીજો ગુણ ન થાય, દ્રવ્ય બદલીને બીજું દ્રવ્ય ન થાય—એવો એનો સ્વભાવ છે. अभोगी–રાગ અને વિકારને ન ભોગવે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? વસ્તુ લેવી છેને અહીંયા? તત્ત્વ.. તત્ત્વ.. દ્રવ્યસ્વભાવ. આહાહા! જે ચીજ છે એની સામું કોઈ દિ' જોયું નથી. પરની ઉપર મીટ માંડી રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ વિકલ્પો કરે ભ્રમણાથી, ભમે ચાર ગતિમાં. ભગવાન એમાં એક અભોગી નામની શક્તિ છે-ગુણ છે કે જે સંસારને ભોગવે નહીં, સંસારને કરે નહીં એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ?

अमूरतीक છે. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. ઇન્દ્રિયોથી જણાય એવો એ નથી. આ તો માટી જડ છે. અમૂર્તિક છે. પ્રદેશ પછી લેશે. અસંખ્ય પ્રદેશી રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની એ ચીજ છે. અમૂર્તિક એટલે અરૂપી છે, એમ. અરૂપી, અરૂપીથી જણાય. પોતાનો સ્વભાવ અરૂપી છે તો અરૂપી સ્વભાવથી જણાય એવી ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ? એમાં પુણ્ય-પાપના વિકલ્પેય નથી એવી ચીજ આહીં વર્ણવી છે. વસ્તુનું

વર્ણન છેને. परदेसवंत છે. જુઓ એક આ. એ પ્રદેશ અસંખ્યપ્રદેશી આત્મા છે. આખા શરીર પ્રમાણે વ્યાપક છે તો જેનો એક ભાગ આહીં છે એ આહીં નથી. આહીં છે એ આહીં નથી. એમ અસંખ્યપ્રદેશી આખા શરીરમાં વ્યાપક ભિન્ન તત્ત્વ છે. આ શરીર અનંત પરમાણુનો પિંડ છે. પણ એ તો દ્રવ્ય જુદાં જુદાં છે અને ભેગા થઈને ગણાય અનંત. આત્મા અસંખ્યપ્રદેશીમાં જુદા જુદા પ્રદેશ હતા અને ભેગા થયા છે એમ નથી. સમજાણું?

સોનાની સાંકળી હોયને સાંકળી. આ શું કહેવાય તમારે ચેન કે શું કહે? (શ્રોતા : ગુજરાતીમેં નહીં સમજતે). ગુજરાતી ચલેગા. અત્યારે ગુજરાતી ચલેગા. ઓલા વયા ગયાને બધા. ગયા બંગડીવાળા ગયા. એક જ છે. એક જ છે. ખબર છે. ઝાઝા ગયા એટલે ગુજરાતી હો ગયા. ભૈયા! ગુજરાતીનો અભ્યાસ કરવો પડશે અહીં તમારે. (શ્રોતા : હવે નવી નવી...) નવા નવાએ અહીંયા વધારે આવવું. વારંવાર આવવું. અહીં સદાય હિન્દી હોય તો સદા હિન્દી જ ચાલે, પછી કોઈ દિ' ગુજરાતી ચાલે નહીં. હિન્દી તો હોય જ તે, કોઈ બે-ચાર-પાંચ હોય જ છે સદાય. હવે હિન્દી જ્યારે ચાલતું હોય ત્યારે ધ્યાન રાખવું. એમ છે. આ તો બધા ધંધા-બંધા થઈ રહે પછી નિવૃત્તિ હોય એટલે છોકરા-બૈરા લઈને આવે પછી... આહાહા!

परदेसवंत છે. એમાં 'है' શબ્દને ઠેકાણે 'છે'. એમાં શું છે? અસંખ્યપ્રદેશી વસ્તુ છે. પ્રદેશ નામ અંશ છે. જેમ સોનાની સાંકળી હોયને? ચેન કહે છે, શું કહે છે? એ જેમ આખી સાંકળી એમ આત્મા. અને એમાં એ મકોડો... મકોડો કહેને, ક્યા કહતે હૈં? (શ્રોતા : કડી) એ કડી એ પ્રદેશ અને સોનું એ એનો ગુણ. સોનું પીળાશ, ચિકાશ એ એનો ગુણ. એમ આત્મા અસંખ્ય પ્રદેશી આખી સાંકળી છે પૂરી. એક એક કડી-મકોડો એ પ્રદેશ છે અને પ્રદેશમાં જ્ઞાન-દર્શન-આનંદ આદિ ગુણ છે. તમાકુની બહુ કિંમત કરે. તમાકુ આવી હોય ને ફલાણું હોય ને ઢીંકણું હોય ને. અને પીવા વખતે સારામાં સારી તમાકુ પીવે. ઘરમાં હવે સાધારણ પીવે નહીં બીડીઓ જેવી. પીને આવે ત્યારે ખબર પડેને ગંધાય બીડી કેટલી. સમજાણું કાંઈ? એ તમાકુય જુદી જાતની ગંધ મારે આહીં. આહીં તો તરત ગંધ મારે દેખાય. એ ન્યાં કિંમત કરે, પણ કિંમત તો આમાં સારી છે ને આ છે ને તે છે. પણ તું કેવડો છો? ક્યાં છો? અને કેટલો પહોળો છો? પહોળા સમજતે હૈં ન. (શ્રોતા : ચૌડા) ચૌડા. परदेसवंत છે. ભાષા જુઓને. કેટલું છે! એ પ્રદેશ એક જ પ્રદેશ નથી. પરમાણુ છે આ પોઈન્ટ એ તો એકપ્રદેશી છે આ ટૂકડો છેલ્લો. એમ આત્મા એકપ્રદેશી નથી, અસંખ્યપ્રદેશી પિંડ છે. ચૈતન્યઘન છે એ. સમજાણું કાંઈ?

उतपतिरुप છે. સમયે સમયે નવી અવસ્થા ઉત્પન્ન થાય છે. આહીં બધું નિર્મળ ઉત્પન્ન થાય એ લેવું છે હોં. મલિનતા નથી લેવું અહીંયા. સમજાણું કાંઈ? ભગવાન આત્મા

અસંખ્યપ્રદેશી અનંત ગુણનો પુંજ ધ્રુવ, એનું પરિણમન પણ નિર્મળ જ છે. એને આત્મા કહીએ, એમ કહે છે અહીંયા. આહાહા! એવો ઉત્પત્તિ—પર્યાયમાં નવી નવી દશા ઉત્પન્ન થાય, પુરાની અવસ્થા વ્યય થાય, अविचलरूप—ગુણની શક્તિરૂપે ધ્રુવ રહે. આહાહા! એક સમયમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવી એવી શક્તિવાળો આત્મા છે. એના ગુણની ઉત્પત્તિ માટે બીજી ચીજની જરૂર નથી એમ કહે છે. એ પોતે જ ઉત્પાદ સ્વભાવવાળો છે. આહાહા! સમજાણું કાંઈ?

ઉત્પાદ એટલે શું હશે? આ ઉત્પાત્ કરે માણસો બહુ આકુળતા, એવું હશે? આ ઉત્પાતિયો માણસ છે. અમારા કાઠિયાવાડમાં બહુ કહેવાય. (શ્રોતા : એવો નહીં.) એવો નહીં. ઉત્પાતિયો સમજે? બહુ આમ... (શ્રોતા : ઝઘડા કરે). ઉત્પાતિયો એટલે ઝઘડો કરે એવો નહીં. એ અમારી કાઠિયાવાડી ભાષા પ્રમાણે ભાષા જુદી છે. ઉત્પાતિયો એટલે કે એમ ને એમ આકુળતા કે આમ કરું, આમ કરું, આમ કરું કર્યા જ કરે. (શ્રોતા : સખણો ન બેસે. તીવ્ર આકુળતાવાળો) તીવ્ર આકુળતાવાળો એને ઉત્પાતિયો કહે છે અમારે કાઠિયાવાડમાં. એવો આ ઉત્પાતિયો નહીં. આ તો ગુણ જે અનંત છે એની સમયે સમયે ક્રમે ક્રમે પર્યાય ઉત્પન્ન થાય એવો જ એનો સ્વભાવ છે. આહાહા! અને ક્રમે ક્રમે એ ઉત્પન્ન થયેલી અવસ્થા બીજી ક્ષણે વ્યય પામે. સમજાય છે? અને ઉત્પન્ન કાળે પૂર્વની પર્યાયનો વ્યય થાય અને ધ્રુવ ગુણપણે અવિચલપણે અવિચલ એમને એમ રહે.

रतनत्रयादि गुनभेदसौं अनंत है.. એમ અંતરમાં જ્ઞાન-દર્શન-આનંદ આદિ ગુણ અને એની વર્તમાન પર્યાય—એવા અનંતા ગુણો અને અનંતી પર્યાયવાળો એ તત્ત્વ છે. સમજાણું કાંઈ? रतनत्रयादि गुनभेदसौं अनंत है.. ગુણેય અનંત અને એ ગુણની પર્યાય પણ અનંત છે. આહાહા! કારણ કે ઉત્પત્તિ-વિનાશ નાખ્યું છેને અંદર? પર્યાય તો નાખી છે. આ ક્રમ-અક્રમવાળું આખું તત્ત્વ એને લેવું છે, કહેવું છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ વર્તમાન પર્યાય અને ગુણમાં પણ શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગતા એ એનો ત્રિકાળી ગુણ. એવા ગુણભેદથી અનંત છે એ. ગુણ અનંત છે એમ કહે છે.

सोई जीव दरब प्रमान सदा एकरूप, લ્યો. એ જીવ દ્રવ્યથી જોઈએ તો સદા એકરૂપ છે. ઓલા ગુણભેદ ઉત્પાદ્ આદિથી અનંતરૂપ કહ્યું. ऐसौ सुद्ध निहचै सुभाउ निरतंत है.. આહા! છે ને? निरतंत.. સત્ય એમ કહ્યું છે નહીં અર્થમાં? સત્ય કહ્યું. નિરતંત—સત્ય. ऐसौ जीव दरब प्रमान सदा एकरूप, ऐसो सुद्ध निहचै सुभाउ निरतंत.. સત્ય છે. આહાહા! स्यादवाद मांहि साध्य पद अधिकार कह्यौ.. અપેક્ષાએ કહેવાના કથનમાં આત્માના અનંત ગુણરૂપ વસ્તુ, એ અધિકાર કહ્યો. अब आगे कहिवैकौं साधक

सिद्धंत है. એને સાધ્ય કહી દીધું હોય એમ કહે છે. પણ એ સાધ્ય તો વસ્તુ છે. હવે એ કહે છે અવસ્થાનું કહે છે. अब आगे कहिवैकौं साधक सिद्धंत है.. સાધકપણું કહીશ, એમ. જુઓ હવે ત્રીજું (૫૬).

जीवकी साध्य-साधक अवस्थाओंका वर्णन. હવે આવ્યું. આ તો હવે અવસ્થા છે આ બેય. એ તો ગુણ, દ્રવ્ય અને પર્યાયની વ્યાખ્યા થઈને વસ્તુની વાત કરી. હવે એકલી અવસ્થાની વાત ચાલે છે. શું કહ્યું ? ભગવાન આત્મા આ રજકણ નહીં. અંદર રાગ નહીં, કર્મ નહીં, શરીર નહીં. ભગવાન અનાદિ-અનંત દ્રવ્ય, એ દ્રવ્યદૃષ્ટિ થઈ એની પરિણતી નિર્મળ જ હોય. એવી અનંત ગુણની શક્તિવાળું તત્ત્વ, એને જ્યાં અંતરદૃષ્ટિએ પકડ્યું એટલે એની પરિણતી નામ અવસ્થા—જીવની અવસ્થા સ્વભાવિક શુદ્ધ હોય. એવા જીવને અહીં જીવ લીધો છે. આહાહા! મારા ઘરને જાણવા માટેની માથાકૂટ. ઓલા કહે છેને, ‘ઘરના છોકરા ઘંટી ચાટે, પાડોશીને આટો.’ યે સુના હૈ ? સુની નહીં કહેવત ? ક્યા હૈ ? (શ્રોતા : .....) ભલે દૂસરે દિન, પર ભાષા નહીં હૈ ? ઘરના છોકરા ઘંટી ચાટે એટલે ઘરના છોકરા હોય, લોટ-બોટ ઘરમેં આટા નહીં, ઘંટી ચાટે ખાલી. પાડોશીને આટો એટલે જોડે પાડોશી રહે એને આટો દે લોટ. એને આટા દે અને ઘરમાં ન મળે, એમ કહે છે. કોઈ કહેવત હોગી તુમ્હારેમેં ભી.

(શ્રોતા : ઘરકા છોરા ભૂખા મરે ઔર પાડોશીકો જલેબી). એ. એ તો હોય. બધે ચૂલામાં રાખ હોય, એમ કહેવત બધામાં સરખી જ હોય. ઘરના છોકરા ભૂખ્યા રહે ને પાડોશીને જલેબી, એમ કહે છે. ત્યાં એમ આ કહ્યું. યે આતા હૈ ? એની ખબર નહીં હોય. ક્યાં ધંધા આડે નવરા. ક્યા ? તુમ્હારે હિન્દુસ્તાનમેં શીખા. કે અપને ઘરકા લડકા ભૂખા રહે અને પાડોશીકો જલેબી મિલે—આપે. એમ અહીંયા કાઠિયાવાડમાં ઘરના છોકરા ઘંટી ચાટે એટલે કે ઘંટી-ચક્કી. ચક્કી ચાટે, લોટ-બોટ ન મળે. ચક્કી ચાટે અને પાડોશીને આટા દે. (શ્રોતા : પાડોશી ઉપર પ્રેમ હોય, છોકરા ઉપર નહીં હોય). એમ અહીં એમ કહે છે. એને આત્મા પ્રત્યે પ્રેમ નથી અને વિકાર પ્રત્યે પ્રેમ છે. એટલે આત્મા કેવો છે એને જાણતો નથી. આહાહા !

અરે ! એ નરકના દુઃખ, એ પરાધીનતાના આકુળતાના દુઃખ એણે વેઠ્યા છે એની એને ખબર નથી. ભૂલી ગયો માળો. માતાના પેટમાં સવા નવ મહિના સુધી ઊંધે માથે લટકે, આહાહા ! અને જેનું શરીર વિષ્ટા અને ચારેકોર સળેખમ ઓલા કફથી લેપાયેલું શરીર. એવા અવતાર. બહાર જ્યાં આવ્યો ત્યાં પછી ભૂલી ગયો એ. ભાઈ ! તું એવો નથી. શરીર જેવું તારું નથીને સ્વરૂપ. રાગ અને દ્વેષના વિકારભાવ, ભગવાન ! એ તારું સ્વરૂપ નથી. એ તો

કુરૂપ છે. કુરૂપ એ કંઈ તારી ચીજ કહેવાય? આહા! ભાઈ! તારા સ્વરૂપમાં તો અતીન્દ્રિય આનંદ, પ્રદેશે પ્રદેશે અનંત આનંદ પડ્યો છે. અસંખ્ય પ્રદેશે આનંદ પથરાયેલો છે આમ. સમજાય છે?

વિસ્તાર. અસંખ્ય પ્રદેશમાં એક-એક પ્રદેશમાં અનંતગુણ છે. એવા એક ગુણની અસંખ્યપ્રદેશી પહોળાઈ છે. આહાહા! એક ગુણની એકપ્રદેશી પહોળાઈ નથી. પ્રદેશની એક પ્રદેશ જેટલી પહોળાઈ છે, પણ અંદર જે ગુણ છે એની એક પ્રદેશ જેટલી પહોળાઈ નથી. અસંખ્ય પ્રદેશ જેટલી પહોળાઈ છે. આહાહા! અને તે પહોળાઈમાં અનંત આનંદ અને અનંત જ્ઞાન અને અનંત સ્વચ્છતા, વીતરાગતા પડી છે. એનું પરિણમન થવું એ પર્યાય, એ તારી પર્યાય છે. રાગાદિ તારી પર્યાય નહીં. શરીર, વાણી તો ક્યાંય રહ્યા અને બાયડી-છોકરા તો ક્યાં રહી ગયા, હવે એ તો એને ઘેરે. તારા હતા કે દિ'? માળો વળગ્યો પણ વચ્ચે-વચ્ચેથી. આહાહા! સમજાણું? થોડા વરસ જ્યાં એને ઘેરે આવ્યો, વળગ્યો કે આ મારા છે. હવે મારે એને માટે કરવું સરખાઈનું. છોકરાઓ પાંચ હોય-છ હોય, એને માટે બધાને સરખાઈનું દુકાન-બુકાનમાં થાય. આહાહા! અરે! ક્યાંનો ક્યાં તું ક્યાં રોકાણો? કોનું કરવા? શેઠ! બરાબર હે?

કહે છે કે ભાઈ! તું કોઈનો નથી, એ તારા નથી. પણ તું છો એ તો નિર્મળ પર્યાય અને નિર્મળ ગુણનો તું છો. તું અવગુણનો ને કર્મનો અને શરીરનો ને બાયડી-છોકરાનો કોઈનો નથી તું. આહાહા! સમજાય છે કાંઈ? એવી ચીજ તારી ચીજ છે. એ ચીજ ઉપર તેં દૃષ્ટિ અનંત કાળમાં દીધી નથી. એથી વિકાર ને આ મારા.. મારા.. મારા કરીને, આહાહા! એ કહે છે, સાધ્ય વસ્તુ દ્રવ્ય કીધું. વસ્તુ વાસ્તવિક તત્ત્વ. હવે સાધ્ય-સાધકદશાનું વર્ણન છે, અવસ્થા. સાધ્ય મુક્તિ. એ મુક્તિ પણ અવસ્થા છે. મોક્ષ પણ એક અવસ્થા છે. મોક્ષ એ કંઈ આત્માનો ગુણ નથી. સમજાણું કાંઈ? આહાહા! જેમ આ બાળ, યુવાન અને વૃદ્ધ એ દેહની અવસ્થા છે. સમજાણું? આ કંઈ પરમાણુ નથી આખી ચીજ. આ તો અવસ્થા છે એની. બાળપણ, યુવાનપણું, વૃદ્ધપણું. એમ મુક્તિ-સિદ્ધ દશા આત્માની એક અવસ્થા છે. એ ત્રિકાળી દ્રવ્ય-ગુણ નથી. આરે, આરે! કેવળજ્ઞાન એનો પર્યાયધર્મ છે એમ કહે છે. પર્યાયસ્વભાવ છે એનો. એ જીવનું સાધ્ય છે. એ જીવને પ્રગટ કરવાલાયક સાધ્ય છે. આહાહા! સમજાણું કાંઈ? जीवकी साध्य-साधक अवस्थाका वर्णन

साध्य सुद्ध केवल दशा, अथवा सिद्ध महंत।
साधक अविरत आदि बुध, छीन मोह परजंत॥३॥

**શબ્દાર્થ** :—સુદ્ધ કેવલ દશા=તેરમા અને ચૌદમા ગુણસ્થાનવર્તી અરિહંત, સિદ્ધ મહંત=જીવની

આઠ કર્મ રહિત શુદ્ધ અવસ્થા. અવિરત બુધ=ચોથા ગુણસ્થાનવર્તી અવ્રત સમ્યગ્દૃષ્ટિ. ખીનમોહ (ક્ષીણમોહ)=બારમા ગુણસ્થાનવર્તી સર્વથા નિર્મોહી.

**અર્થ** :—કેવળજ્ઞાની અરિહંત અથવા સિદ્ધ પરમાત્મપદ સાધ્ય છે અને અવ્રત સમ્યગ્દૃષ્ટિ અર્થાત્ ચોથા ગુણસ્થાનથી માંડીને ક્ષીણમોહ અર્થાત્ બારમા ગુણસ્થાન સુધી નવ ગુણસ્થાનોમાંથી કોઈ પણ ગુણસ્થાનના ધારક જ્ઞાની જીવ સાધક છે. ૩.

अर्थ :—केवलज्ञानी अरहंत वा सिद्ध परमात्मपद साध्य है और अव्रत सम्यग्दृष्टि अर्थात् चतुर्थ गुणस्थानसे लगाकर क्षीणमोह अर्थात् बारहवें गुणस्थानपर्यंत नव गुणस्थानोंमेंसे किसी भी गुणस्थानका धारक ज्ञानी जीव साधक है॥३॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

साध्य सुद्ध केवल दशा.. ત્રીજું પદ છે. યે તો હિન્દીમેં હૈ અંદર. એના અર્થેય ક્યાં વાંચ્યા છે પણ કોઈ દિ'. ક્યા કહા? દેખો. હૈ ત્રીજું. 'સમયસાર નાટક' તો બહુ દિવસ પહેલા લઈ ગયા છે અહીંથી. નવા છપાવો, નવા છપાવો એમ કહેતા આવ્યા હતા આ બે જણા. કીધું, આપણે કંઈ જાણીએ નહીં. હિન્દી બહુ થોડા હશે. હવે તમે છે એટલા તો વાંચો. પણ આ બધા ઉદાર બહુને એટલે બધાયને વાંચવાને મળે તો ઠીક, એમ. આ ઘરે એક છે એને કે દિ' વાંચ્યું છે? પડ્યું છે એને વાંચ્યું છે ઘરે? साध्य सुद्ध केवल दशा.. આહાહા! આત્માને સાધનથી સિદ્ધ કરવાલાયક હોય તો એ સાધ્ય. આહાહા! કોઈ સાધન વડે સિદ્ધ કરવાલાયક હોય તો સિદ્ધપદ. બીજું કોઈ સાધનથી સિદ્ધ કરવાલાયક આત્માને છે નહીં. આહાહા! साध्य सुद्ध केवल दशा.. જુઓ, શુદ્ધ કહેવું છે, મુક્તિ.

अथवा सिद्ध महंत.. એની એક દશા. મુક્તિ પર્યાયથી લીધું. सिद्ध महंत, એ પર્યાયવાળો દ્રવ્ય આખું લીધું, એમ. सिद्ध महंत.. शुद्ध केवलदशा—तेरहवें और चौदहवें गुणस्थानवर्ती अरहंत.., એમ. अथवा सिद्ध महंत એમ બે લીધા. જીવકી અષ્ટ કર્મરહિત શુદ્ધ અવસ્થા એ સાધ્ય છે. સાધ્ય નામ પ્રગટ કરવાલાયક મોક્ષની દશા કાં અરિહંતની દશા. साधक अविरत आदि बुध, લ્યો. સાધક એ સાધ્યને સિદ્ધ કરનાર—સાબિત કરનાર—પ્રગટ કરનાર—પ્રાપ્તિ મેળવનાર કોણ? अविरत आदि बुध.. સમ્યક્જ્ઞાની ચોથે ગુણસ્થાનસે. અવિરત.. ભલે અંદર વિરતિ રાગની નથી, અસ્થિરતાની અપેક્ષાએ (છે, પણ) સમ્યગ્દર્શનની અપેક્ષાએ રાગથી વિરક્ત છે. આહાહા! સમ્યક્દૃષ્ટિ જીવ ચોથે ગુણસ્થાન, અવિરતિ સમ્યક્દૃષ્ટિ એ સાધક, સિદ્ધને પ્રગટ કરવાનું સાધન. આહાહા! અહીં પર્યાયને સાધન કહેવું છે. ત્રિકાળી સાધક ગુણ છે એ સાધે છે ત્યારે એને પર્યાયનું સાધકપણું આ રીતનું પ્રગટ થાય છે, એમ. साधक अविरत आदि बुध.. ચોથે અવ્રત સમ્યક્દૃષ્ટિ.. બુધ—

અવિરત જ્ઞાની, એમ. અવિરતિ સમકિતદૃષ્ટિ એમ લેવું. साधक अविरत आदि बुध–ज्ञानी ચોથે ગુણસ્થાનથી આદિ માંડીને સાધક તો જ્ઞાની છે. સમજાણું કાંઈ? આરે!

છીન मोह परजंत.. ત્યાંથી સાધકથી લઈ અને બારમા ગુણસ્થાન સુધી સાધક છે. તેરમે-ચૌદમે એ સાધ્ય હો ગયા અને સિદ્ધ પણ સાધ્ય. આહાહા! સમજાણું કાંઈ? બારમે ગુણસ્થાન સર્વથા નિર્મોહી, લ્યો. नव गुणस्थानोंमेंसे किसी भी गुणस्थानका धारक ज्ञानी जीव साधक है. નવ. નીચે ત્રણ નહીં, ઉપર બે નહીં. વચલા નવ અંતરાત્મા સાધક. એનું સાધ્ય તેર ને ચૌદમું ગુણસ્થાન. મિથ્યાત્વ, સાસ્વાદન અને મિશ્ર એ નહીં. ચોથે ગુણસ્થાનથી. આહાહા! સ્વરૂપ અખંડ આનંદમૂર્તિ ઐસી જહાં દૃષ્ટિ અંદરમાં થઈ, ત્યારથી સાધક. (શ્રોતા : .....) બારમા, બારમા સુધી. એ ખબરેય નહીં હોય શેઠને. ગુણસ્થાન કેટલા છે? એ પણ ખબર નહીં. પૂછો સોભાગભાઈને. (શ્રોતા : ૧૪ ) એ તમે ક્યાં કીધું? એને ક્યાં આવડે છે ચૌદ. સુના નહીં, બસ. ગુણસ્થાન કેટલા છે સંખ્યાએ? (શ્રોતા : ચૌદહ). ચૌદહ. ચૌદ ગુણસ્થાન. જેમ માળ ઉપર ચડવું હોય, મેડી. ક્યા કહતે હૈં? મેડી.. મેડી. મેડી ઉપર ચડવું હોય તો એને સીઢી (જોઈએ). ઐસે સિદ્ધપદમેં જાના હો તો ચૌદહ ગુણસ્થાનકી સીઢી હે ઉસમેં. એમાં ચોથેથી સિદ્ધપદ જાનેકી સીઢી. તીન તો સાધારણ હૈં. આહાહા! ચોથેથી ઠેઠ ચૌદ અથવા બાર. અહીંયા સાધકના ગણવા છેને સાધકના. અને અરિહંત અને સિદ્ધ તો સાધ્ય કહનેમેં આયા. ઉસે તો પ્રાપ્ત કરનેલાયક કહા.

'શ્રીમદે' કહ્યું, તેરમા સુધી કહ્યું. 'ઇચ્છે છે જે યોગીજન, સયોગી નિજસ્વરૂપ.' તેરમે લીધું ત્યાં. સયોગી છેને ? 'ઇચ્છે છે જે યોગીજન સયોગી નિજસ્વરૂપ.' છેલ્લે. છેલ્લામાં છેલ્લી કડી. જ્યારે દેહ છૂટવાનો હતો ત્યારે. ચૈત્ર સુદ નોમની છે આ. ચૈત્ર વદ પાંચમે દેહ છૂટી ગયો. 'શ્રીમદ્'. ૧૯૫૭. ચૈત્ર વદી પાંચમ એટલે તમારી વૈશાખ વદ પાંચમે દેહ છૂટી ગયો. ચૈત્ર સુદ નોમકા આખિરકા અંતિમ સંદેશ. 'ઇચ્છે છે જે યોગીજન અનંત સુખસ્વરૂપ, મૂળ શુદ્ધ તે આત્મપદ સયોગી જિનસ્વરૂપ.' ઇચ્છે છે જે યોગીજન મૂળશુદ્ધ સ્વરૂપ. મૂળશુદ્ધ છેને ? શું શબ્દ છે બીજું પદ ? બીજું પદ. અનંતસુખ સ્વરૂપ. 'ઇચ્છે છે જે યોગીજન અનંત સુખસ્વરૂપ.' એ સયોગી જિનસ્વરૂપ. એ આમ શબ્દ સયોગી જિનસ્વરૂપ, સાથે એમ કીધું ત્યાં. સમજાણું ?

એ અહીંયા સાધ્ય તરીકે કહ્યું અને ચોથે ગુણસ્થાનથી સાધક છે. આહા! જુઓને, ત્યાં શુદ્ધ પરિણતી તે સાધક છે. તો ચોથે ગુણસ્થાનથી શુદ્ધ પરિણતી શરૂ થાય છે. ઓલા કહે છે કે શુભભાવ હોય હજી ચોથે. શુભભાવમાં સમકિત આદિ હોય. કહો! તમારા રતનચંદજી પંડિત હે ન. ઐસે કહતે હૈં. આહીં કહે છે કે સાધક–શુદ્ધ પરિણતી જબ પ્રગટ

હુઈ, મિથ્યાત્વ ઔર અનંતાનુબંધીકા નાશ કરકે તબસે વહ સાધક હૈ. આહાહા! (શ્રોતા : આઠવેંસે સાધક હૈ?) ચોથેથી થયા વિના સાધક આગળ વધ્યો ક્યાંથી? એ તો ચારિત્રના ભેદની આખી વ્યાખ્યા છે. પણ સમ્યગ્દર્શન થયા વિના સાધક થયો ક્યાંથી? આહાહા! (શ્રોતા : એ તો વધારે આઠમેથી). એ તો વધારે આઠમેથી. થઈ રહ્યું. અત્યારે આઠમું છે નહીં માટે શુદ્ધ ઉપયોગ નથી, એમ. આરે! કાળા કેર કરી નાખ્યા છે ને. આત્માનો જ નકાર કર્યો છે. શુદ્ધ પરિણતિવાળો આત્મા તેને જ આત્મા કહ્યો છે આહીં તો. રાગવાળો અને પુણ્યને આત્મા કહ્યો જ નથી. ત્યારે અહીં શુદ્ધ પરિણતીવાળો આત્મા ચોથેથી છે એને જ આત્મા કહ્યો છે. આહાહા સમજાણું કાંઈ? એ ત્રીજું થયું. साधक अवस्थाका स्वरूप.

जाकै अधो अपूरब अनिवृति करनकौ,
भयौ लाभ भई गुरुवचनकी बोहनी।
जाकै अनंतानुबंधी क्रोध मान माया लोभ,
अनादि मिथ्यात मिश्र समकित मोहनी।।
सातौं परकिति खर्पी किंवा उपसमी जाके,
जगी उर मांहि समकित कला सोहनी।
सोई मोख साधक कहायौ ताकै सरवंग,
प्रगटी सकति गुन थानक अरोहनी।।४।।

**શબ્દાર્થ :—**અધઃકરણ=જે કરણમાં (પરિણામ-સમૂહમાં) ઉપરિતનસમયવર્તી તથા અધસ્તન-સમયવર્તી જીવોના પરિણામ સદશ તથા વિસદશ હોય. અપૂર્વકરણ=જે કરણમાં ઉત્તરોત્તર અપૂર્વ અપૂર્વ પરિણામ થતા જાય, આ કરણમાં ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ સદા વિસદશ જ રહે છે અને એક સમયવર્તી જીવોના પરિણામ સદશ પણ રહે છે અને વિસદશ પણ રહે છે. અનિવૃત્તિકરણ=જે કરણમાં ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ વિસદશ જ હોય અને એક સમયવર્તી જીવોના પરિણામ સદશ જ હોય. બોહની(બોધની)=ઉપદેશ. ખપીં=સમૂળ નાશ પામી. કિંવા=અથવા. સોહની=શોભાયમાન. અરોહની= ચડવાની

**અર્થ :—**જે જીવને અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણરૂપ કરણલબ્ધિની પ્રાપ્તિ થઈ છે અને શ્રીગુરુનો સત્ય ઉપદેશ મળ્યો છે, જેની અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા મિથ્યાત્વ, મિશ્ર, સમ્યક્ત્વ-મોહનીય—એવી સાત પ્રકૃતિઓનો સર્વથા ક્ષય અથવા ઉપશમ થયો છે અને અંતરંગમાં સમ્યગ્દર્શનના સુંદર કિરણો જાગૃત થયા છે તે જ જીવ સમ્યગ્દૃષ્ટિ-મોક્ષનો સાધક કહેવાય છે તેના અંતર અને બાહ્ય, સર્વ અંગમાં ગુણસ્થાન ચઢવાની શક્તિ પ્રગટ થાય છે. ૪.

अर्थ :—जिस जीवको अधः, अपूर्व, अनिवृत्तिरूप करणलब्धिकी प्राप्ति हुई है और

श्रीगुरुका सत्य उपदेश मिला है, जिसकी अनंतानुबंधी क्रोध, मान, माया, लोभ तथा मिथ्यात्व, मिश्र, सम्यक्त्व, मोहनीय ऐसी सात प्रकृतियाँ सर्वथा क्षय वा उपशम हुई है, वा अंतरंगमें सम्यग्दर्शनकी सुन्दर किरण जागृत हुई है वही जीव सम्यग्दृष्टि मुक्तिका साधक कहलाता है। उसके अंतरंग और बाह्य सर्व अंगमें गुणस्थान चढ़नेकी शक्ति प्रगट होती है।।४।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

શું કહે છે? अधो अपूरब अनिवृति.. એ કરણ—પરિણામ છે. ત્રણ પ્રકારના પરિણામ છે. આત્મા શુદ્ધ ધ્રુવ એ ઉપર લક્ષ જતા આ પરિણામ ઉત્પન્ન થાય છે. એ अधो अपूरब अनिवृत्तिની વ્યાખ્યા છે થોડી. અંદર છે. એમ કે જાણવાની વાત છે. भयौ लाभ भई गुरुवचनकी बोहनी.. આહાહા! बोहनी—ઉપદેશ. એમ કે ઉપદેશ લાભ મળ્યો, એમ. બોહની—ઉપદેશનો બોધ મળ્યો, એમ. ગુરુવચનનો બોધ મળ્યો. ગુરુએ કહ્યું કે તેરા આત્મા શુદ્ધ આનંદકંદ હૈ. એ ઉપદેશ. આહાહા! પ્રભુ! તું પરમાત્મા છો. વસ્તુએ પરમાત્મા છો એમ ગુરુએ ઉપદેશ કર્યો. આહાહા! ઉપદેશ તો ઐસા દે રહે હૈં, એમ કહે છે. આ કરો ને ફલાણું કરો ને આ કરો એવો ઉપદેશ વીતરાગમાર્ગનો નહીં એમ કહતે હૈં. આહાહા! એ ઉપદેશ મિલા અને અહીંયા સ્વરૂપના લક્ષે દૃષ્ટિ થઈ એટલે ઓલા પરિણામ થયા. હજી પૂર્ણ થયું નહીં એની પહેલાની વાત છે.

जाकै अनंतानुबंधी क्रोध मान माया लोभ.. અનંત સંસારનું કારણ એવો ક્રોધ, માન, માયા, લોભ નાશ થયો. સ્વરૂપના લક્ષે અભેદદૃષ્ટિ થતા, જ્ઞેયભેદે જ્ઞાનમાં ભેદ માલૂમ પડતા હતા એ નાશ થઈ ગયા. સંકલ્પ-વિકલ્પની વ્યાખ્યા કરી છેને. દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મ— એ ત્રણને પોતાના માનવા એનું નામ મિથ્યાત્વરૂપી સંકલ્પ અર્થાત્ એકલા ભેદને જ માનવો. ભેદ નામ એકલી પર્યાય રાગ આદિ બધું ભેદને માનવું એ મિથ્યાત્વ. અભેદદૃષ્ટિ થતા ભેદની માન્યતા નાશ થઈ જાય છે. અને જાણવાની ચીજો જ્ઞેયો એના ભેદે જ્ઞાનમાં ભિન્ન-ભિન્ન, એના ભેદે ભિન્ન-ભિન્ન ભાસતું એ નાશ થઈ જાય છે. કારણકે જ્ઞેયભેદે પણ જ્ઞાનની એકતા જ અંદરમાં પ્રગટ થાય છે. શું કહ્યું? ચાર (અનંતાનુબંધી કષાય) ગયા, કહે છે. ગયા ત્યારે થયું શું? અભેદદૃષ્ટિ થઈ અને જ્ઞાનમાં, જ્ઞેયભેદે જ્ઞાનમાં આમ બેની એકતાનો ભાસ હતો એ ભાસ છૂટી ગયો. એ અંતરજ્ઞાનની એકતા દૃષ્ટિ અભેદ ઉપર અને પર્યાયમાં જ્ઞાનની એકતા થાય છે. જ્ઞાનની એકતા વધે છે. ભેદ થતો નથી. આહાહા! સમજાણું કાંઈ? અનંતાનુબંધીની વ્યાખ્યા પૂછતા હતા ભાઈ સવારના. આહીં આવી ગઈ. આ વ્યાખ્યા છે ખરી. જ્ઞેયભેદે જ્ઞાનકા ભેદ માલૂમ પડના ઉસકા નામ અનંતાનુબંધીકા વિકલ્પ. મૂળ ચીજ. અભેદ ઉપર દૃષ્ટિ થતા જ્ઞાનમાં પણ ભેદપણું જે

ભાસતું જ્ઞેયને લઈને, એ ગયું ને જ્ઞાનમાં એકતા ભાસે. સમજાણું કાંઈ? આરે, ભારે વ્યાખ્યા આકરી.

સાધારણ વ્યાખ્યા એમ છે કે દેવ-ગુરુ-શાસ્ત્રના પ્રેમ કરતા કુટુંબનો પ્રેમ વધી જાય તો અનંતાનુબંધી. એમ ભાષા સાધારણ શ્રીમદ્‌ની વ્યાખ્યા હતી. એ ભાઈએ સવારમાં પ્રશ્ન કર્યો. .... એવી ઘણી વ્યાખ્યાઓ આવે. યહાં તો આત્મા અખંડ આનંદમૂર્તિ એનો જેને પ્રેમ નથી અને જેને રાગનો પ્રેમ છે એને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે. સમજાણું કાંઈ? એની પર્યાયમાં ત્રિકાળી ભગવાન આનંદનો જેને પ્રેમ નથી, રુચિ નથી, વિશ્વાસ નથી, અભેદની મહત્તા નથી અને રાગના-પુણ્યના વિકલ્પમાં જેને મહત્તા-અધિકતા-પ્રેમ અને વિશેષતા ભાસે છે એ અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ છે. સમજાણું કાંઈ? जाकै अनंतानुबंधी.. અનંત સંસારનું કારણ મિથ્યાત્વ એને સંબંધ કરાવનારી પ્રકૃતિ, એ લીધું. अनादि मिथ्यात मिश्र समकित मोहनी.. અને મિથ્યાત્વના ત્રણ પ્રકાર—એક મિથ્યાત્વ, એક મિશ્ર અને સમકિત મોહનીય. सातौं परकिति खपीं.. સ્વરૂપના દૃષ્ટિના જોર દ્વારા સાતે પ્રકૃતિનો નાશ થઈ ગયો કાં ઉપશમ થયો. ઉપશમસમકિત.

जगी उर मांहि.. ક્ષયોપશમ એમાં આવી ગયું સાધારણ રીતે. સમકિત મોહનીયનો ઉદય હોય અને છ ખપે, એનું નામ ક્ષયોપશમ. सातौं परकिति खपीं किंवा उपसमी जाके.. એ તો એમ કહ્યું પ્રકૃતિ ખપી એને આમ લાભ થાય. પણ પહેલા એ કીધું હતું કે જેને जाकौ अधो अपूरब अनिवृति करनकौ, भयौ लाभ भई गुरुवचनकी बोहनी.. ગુરુનો ઉપદેશ મળ્યો અને સ્વસન્મુખ થઈને આવા પરિણામ જેણે કર્યા છે એને પ્રકૃતિનો નાશ થાય છે. એ પછી લીધું. સમજાણું કાંઈ? આહાહા ! जगी उर मांहि, લ્યો. सात प्रकृतियाँ सर्वथा क्षय वा उपशम हुई है. બે જ વાત લીધી છે.

अंतरंगमें सम्यग्दर्शनकी सुंदर किरणें जागृत हुई हैं. સૂરજનો જેમ કિરણ ધોળું—સફેદ એમ ભગવાન આત્મા શુદ્ધ અભેદ અખંડ એની અંતરમાં દૃષ્ટિને અભેદમાં લઈ જતાં સમ્યગ્દર્શનની કિરણ પ્રગટ થઈ, અજવાળું પ્રગટ્યું. રાગમાં એકતાબુદ્ધિ હતી એ અંધારું હતું. આહાહા! અંધારામાં અટવાતો હતો. 'અટવાતો હતો' સમજાય છે? અંધારામાં રખડતો હતો. આહાહા ! એમાં ને એમાં આ હું રાગ ને, આહાહા! રાગના રંગે રંગાઈ ગયો એ અંધારામાં હતો. ભગવાનના રંગે રંગાણો નિર્મળાનંદને રંગે, એને સમકિતનું કિરણ ઉગ્યું. એ સૂરજ ખીલ્યો. આ પ્રથમમાં પ્રથમ કર્તવ્ય હોય તો આ છે. સમજાણું કાંઈ?

અંતરના વેદનમાં શાંતિ ને આનંદનું વેદન સમકિતના કિરણ સાથે થવું એને સાધકદશા કહે છે. સમજાણું કાંઈ? ત્યાં પહેલી દશામાં આટલા વ્રત પાળે અને આટલા

અપવાસ કરે તો સાધક, એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? જે આ રાગ, પુણ્યભાવ એને સાધતો હતો, એમાં એકત્વબુદ્ધિ હતી, એ બુદ્ધિનો પલટો ખાધો. જ્ઞાન આનંદ સ્વભાવ ભગવાન એના તરફ પર્યાય ઝૂકી અને એ પર્યાય અભેદ થઈ. રાગમાં ભંગ પડતી, અહીં અભેદ થઈ. એને આહીં સમકિતનું કિરણ કહેવામાં આવે છે. આહાહા! જુઓ, આ તો મુદ્દાની રકમની વાત છે આ. દેવ-ગુરુ-ધર્મને માને તો સમકિત ને નવ તત્ત્વ શ્રદ્ધે તો સમકિત, એ આહીં નથી. એ સમકિતની વ્યાખ્યા જ નથી. સમજાણું કાંઈ?

દેવનો દેવ, ગુરુનો ગુરુ આત્મા એવો અખંડ પૂર્ણાનંદ પ્રભુ, એનો જ્યાં સ્વીકાર દૃષ્ટિએ, જ્ઞાનની પર્યાયે થયો. જ્ઞાનકિરણ જાગ્યું એને સમકિત થયું. તેની શુદ્ધ દશારૂપી પરિણમન થયું. શુદ્ધદશાનું પરિણમન થયું. અનાદિથી પુણ્ય ને પાપનું વિકારી પરિણમન હતું એ એકાંત મિથ્યા વિકારી પરિણમન હતું. એનું પરિણમનનું વ્યય થઈ અને શુદ્ધ પરિણમન દશા થઈ, આહાહા! ત્યારથી એ સાધક કહેવામાં આવે છે. એ સિદ્ધપદને સાધનારો જીવ એને કહેવામાં આવે છે. કહો, પંડિતજી! આવી વાત તો સીધી છે. માણસે એવા ગોટા વાળ્યા છેને. આહાહા! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પોતે સત્ શાશ્વત. એ તો પહેલા વાત લઈ ગયા છે. અનંત ગુણનો અને અનંત ગુણની પર્યાયનું રૂપ એ આત્મા, એમ તો પહેલા કહી ગયા છે. સમજાણું કાંઈ? अंतरंगमें सम्यग्दर्शनकी सुन्दर किरण जागृत हुई है वही जीव सम्यग्दृष्टि मुक्तिका साधक कहलाता है, લ્યો. છે?

समकित कला सोहनी—સુંદર, सोई मोख साधक कहायौ. એને સર્વાંગ, उसके अंतरंग और बाह्य सर्व अंगमें गुणस्थान चढ़नेकी शक्ति प्रगट होती है, લ્યો. આવા જીવને પાંચમે, છઠ્ઠે, સાતમે, આઠમે, તેરમે જવાની શક્તિ છે. અજ્ઞાનીની ગુણમાં આગળ વધવાની શક્તિ નથી, એમ કહે છે. આહાહા! પણ પહેલું ચોથાના ઠેકાણા ન મળે અને પાધરા મુનિપણા કરે એમ નહીં, કહે છે. જેને આવું સમ્યગ્દર્શન પ્રગટ્યું એ હવે ઊંચા ગુણસ્થાનમાં ચઢવાને લાયક છે. સમજાણું કાંઈ? આહાહા! આ તો હિતની વાત છે, પણ માણસોને બેસે (નહીં).

આ તો એમ માને, અરે! મુનિપણું ઉડાવી દીધું. અમે મુનિ નહીં. ભાઈ! સાંભળ બાપા! મુનિપણાની દશાને આરોહણ કરવાની શક્તિ કોને હોય? સમજાય છે કાંઈ? હજી ચોથે પગથીયે પગ મૂક્યું નહીં ત્યાં છઠ્ઠે પગ મૂકવાની શક્તિ વધી ગઈ. આહાહા! ધર્મનું પહેલું પગથિયું ચોથું ગુણસ્થાન છે. પણ મૂળ મૂકી દીધું મૂળ. 'શ્રીમદે' તો કહ્યું એક ઠેકાણે કે તપમાં જ્ઞાન બતાવે ને જ્ઞાનને ઠેકાણે તપ બતાવે. છેને એક ઠેકાણે. આ અનશન ઉણોદરી તપમાં સમકિત બતાવે અને સમકિત ને જ્ઞાનને બદલે તપ બતાવે. એવું આવ્યું છે. આહાહા! એય ભીખાભાઈ! આહા! ભાઈ! તારો સ્વભાવ ક્યાં છે? કેવો છે? એમાં ગયા

વિના આગળ વધવાની શક્તિની વ્યક્તતા શી રીતે થશે તને? સમજાણું કાંઈ? આહાહા!

સ્વદ્રવ્ય—વસ્તુ એને પકડીને પ્રગટેલી પર્યાય નિર્મળ એને સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રના અંશનો કિરણ કહેવામાં આવે છે. સ્વરૂપ આચરણ પણ ચોથેથી પ્રગટ થઈ ગયું અથવા ત્રિકાળી ભગવાનમાં જેટલા અનંત ગુણ છે એ બધા ગુણનો ધરનાર દ્રવ્ય વસ્તુ અખંડ અભેદ, એનો આશ્રય લેતા એને ધ્યેય બનાવીને જે પર્યાય પ્રગટ થાય એ અનંતા ગુણની વ્યક્ત પ્રગટ દશા છે. સમકિતમાં અનંતાગુણની પ્રગટ દશા છે. આહાહા! શ્રદ્ધા, જ્ઞાન, આનંદ, શાંતિ, શાંતિ એટલે ચારિત્રનો અંશ, એમ. આનંદનો અંશ, વીર્યનો અંશ, સ્વચ્છતાનો, પ્રભુતાનો, પરમેશ્વરતાનો અંશ ચોથે પ્રગટ થઈ ગયો. આહાહા! સમજાણું કાંઈ?

सोई मोख साधक कहायौ ताकै सरवंग.. આહાહા! એટલે અર્થમાં તો એમ લીધું सरवंग એટલે બાહ્ય ને અંતરંગ. અભ્યંતર પણ સ્વરૂપની શુદ્ધ શ્રદ્ધા જ્ઞાનનાં કિરણ પ્રગટ થયાં ત્યારે આગળ વધવાની શક્તિ અને નિમિત્તમાં પણ ફેરફાર થવાની ત્યારે લાયકાત એનામાં છે—અંતર-બાહ્ય. ચોથું ગુણસ્થાન પ્રગટ્યું એને અંતરમાં આગળ વધવાની શક્તિ પાંચમાની અને નિમિત્તમાં ફેરફાર થઈ ગયો. અવ્રતી હતો, એને વ્રતના વિકલ્પ હોય એના પ્રમાણમાં અવ્રતનો ત્યાગ થઈ ગયો એટલે તીવ્ર રાગનો ત્યાગ થયો. સંયોગમાં પણ એને દેવ-ગુરુ-શાસ્ત્રનું જ નિમિત્તપણું હોય. કુગુરુ ને એનું નિમિત્તપણું હોય નહીં. અને આગળ વધતાં સમ્યગ્દર્શનના કિરણવાળો, આગળ વધવાની શક્તિવાળો આગળ જઈને સાતમું પ્રગટ થયું ત્યારે એને બાહ્યમાં પણ નગ્નદશા—વસ્ત્રરહિત દશા આદિ સંયોગો એવા બની જાય. એ બેનું આગળ વધવું આને હોય છે. સમજાણું કાંઈ? આહાહા! મૂળની ખબર ન મળે, આ નાગા થઈને લૂગડા છોડીને બેઠા. કહે, એ ખોટ બધી. એય શેઠ! શેઠે શું ન્યાંય કર્યું છે બધું ઘણું. જય નારાયણ. આહાર-પાણી વહોરાવ્યા હશેને? બે ભાઈઓ છેને. શું થાય ત્યારે? આહારદાન.. આહારદાન.. શેઠ! (શ્રોતા : ભાન વિના બધું કર્યું હોય). ઝીણી વાત છે.

જુઓને, એક શૈલી કેવી લીધી. कहायौ ताकै सरवंग. प्रगटी सकति गुन थानक अरोहनी.. આગળ વધવાની. ભાવમાં અને નિમિત્તોના અભાવ. સંયોગનો—નિમિત્તનો અંશે અભાવ તો .... અને આહીં ભાવ થયો. એની શક્તિ હવે આગળ વધવાની થઈ. સમજાણું કાંઈ? प्रगटी सकति गुन थानक अरोहनी, લો. अरोहनी—चढ़नेकी. છેને અંદર? શબ્દાર્થ છે. છેલ્લો શબ્દ. अरोहनी એટલે ચઢનેકી. અર્થમાંય છે. ચઢનેકી શક્તિ પ્રગટ હુઈ. આહાહા! अरोहनी છે. अरोहनी એટલે મૂળ તો આરોહણ. શબ્દના મેળ માટે अरोहनी. દાદરે ચડવું હોય, દાદર સમજે? સીઢી. સીઢી ચઢના હો તો ચોથે જહાં આયા ચોથે, તો એને આગળ

વધવાની શક્તિની યોગ્યતા છે પાંચમે, સાતમે, આઠમે, દસમે. સમજાણું કાંઈ? અને એ ઊંચો જેટલો ભાવથી ચડ્યો એટલા દ્રવ્યનો સંયોગ પણ એટલો ઘટવા માંડ્યો.

ચોથા ગુણસ્થાનમાં અવિરતિ સમ્યક્દૃષ્ટિ અર્થાત્ રાગ ત્રણ કષાયનો ભાવ પડ્યો છે. એનાથી અસ્થિરતા ટાળીને સ્થિરતા થઈ નથી, પણ દૃષ્ટિમાં એ કષાયથી વિરક્ત છે. પણ વિરતિ નથી એટલે અવિરતિ છે. દૃષ્ટિની અપેક્ષાએ તો સમ્યક્દૃષ્ટિ રાગના વિકલ્પના વ્યવહારથી મુક્ત છે. વિરક્ત છે. પણ અસ્થિરતાની અપેક્ષાએ હજી વિરતિ નથી, એ આગળ અસ્થિરતાને ટાળવાને લાયકાતવાળો થઈ ગયો, કહે છે. આહાહા! સમજાણું? ત્યારે કેટલાક તો કહે, પણ એ મુનિપણું લે, દ્રવ્યલિંગ આવું હોય, એને પછી નિશ્ચય સમકિત આવે. અરે ભગવાન! ક્યાંનું ક્યાં કરે છે ભાઈ તું? શું કરે છે? તારો ભગવાન મળ્યા વિના... એમ કે જ્યારે દ્રવ્યલિંગ ધારણ કરે ને નગ્ન થાય ત્યારે એને નિશ્ચય સમકિત થાય. આવી વ્યાખ્યા હવે!

એ પણ કહેતો હતો. ..... નેમિસાગર પાસે છેને ચંદ્રસાગર. મુંબઈ. એક સાધુ છેને એની પાસે. એ પણ કહેતો હતો. અમે ગયા હતા. હું તો કાંઈ બોલ્યો નહીં. મેં કીધું, ભાઈ! એમ નથી. તે વળી મહેન્દ્રભાઈ બેઠા હતા. એ વળી એનાથી એમ બોલાણું, તમને ખબર નથી. એ.. કજીયા ઉઠ્યા. આપણે કીધું, ઊઠો ભાઈ. આપણું કામ નહીં. હા-ના માં આપણી સામા થયા. મહેન્દ્રભાઈ હતા. આ બે સાલ પહેલા. ઓલા પ્રતિમા ઉભા કરેલાને એટલે જોવા ગયેલા. પહેલા વીસમાં ઉભા નહોતા. વીસમાં આડા હતા. પચ્ચીસમાં ઉભા કરેલા બે. ઘણા હજારનો ખર્ચો. ...એ અહીં આવ્યા હતા. ..... ઓલાએ પ્રશ્ન ચાલ્યો સમકિતનો. નિર્વિકલ્પ નિશ્ચય સમકિત તો સાધુપદ હોય ત્યારે હોય. અને આ મહેન્દ્રભાઈ વળી બોલ્યા, તમને ખબર નથી. એય ખબર નથી. આ ખબર નથી એમ કહે છે તો સ્વામીજી પણ ના પાડતા નથી. હવે શું પણ એમાં તકરાર કરવાની મારે? અરેરે! શું થાય?

કહે છે કે ભગવાન હાથ આવ્યો નહીં જ્યાં સુધી ત્યાં સુધી આગળ વધવાની દશાની આરોહણની એમાં તાકાત ક્યાંથી આવે? માણસ એમ કહે છેને, ધન રળે તો ઢગલા થાય. પણ પહેલું ધન જોઈએને. એય શેઠ! એ બધું તમારા શેઠિયા માટે આમ કહે છે લોકો. ધન રળે તો ઢગલા થાય. પહેલું ધન થોડું હોય ને પછી ઝાઝું ધન થવા માટે લક્ષ્મી મળી બે-પાંચ-પચાસ લાખ તો ધનને ધન ઢગલા બનાવે, એમ કહે. લોકમાં એમ છે. કહેવત છે અમારે કાઠિયાવાડમાં. તમારે હશે? (શ્રોતા : ધનસે ધન બઢતા હૈ) હા, એ. ધનસે ધન બઢતા હૈ. અમારે એ કહે, ધન રળે તો ઢગલા થાય. પંડ રળે તો પેટ ભરાય. હા, પોતે રળે તો માંડ પેટ ભરાય. પણ લક્ષ્મી થાય પાંચ-પચાસ લાખ-કરોડ, રળાત. લડવા માંડે પછી.

એય મલૂકચંદભાઈ !

કહેવત છે આ. પંડ રળે તો પેટ ભરાય. પંડ સમજ્યા? શરીર. શરીરથી મજૂરી કરે તો કેટલું થાય? રોટલા મળે. ૨૦૦-૫૦૦ મળે. પણ પૈસા થયા હોય જ્યારે, પૈસો પૈસાને વધારે. કહ્યુંને ભાઈએ. (શ્રોતા : પૈસેસે પૈસા બઢતા હૈ). બઢતા હૈ. એય શેઠ! માને છે. ધૂળમાં ક્યાંથી? માને છે મૂઢ છે તે. બાકી ત્યાં એનાથી થાય છે? એ તો પુણ્યનો યોગ હોય ને પૈસા થાય. હોય ને વયા જાય. કેટલાય કરોડપતિઓ ભાંગી ગયા, તૂટી ગયા. નથી સાંભળ્યા? કરોડપતિ તૂટી ગયા ને હેઠે ઊતરી ગયા. આહાહા!

જેઠાલાલ સંઘવી કહેતા. જેઠાલાલ સંઘવી હતાને મુંબઈ, નહીં? સોનાના વેપારી આપણા બોટાદવાળા. એ કહેતા કે એક જણો હતો. મોટો ગૃહસ્થ હતો એના (દીકરાના) લગનમાં એની ન્યાતમાં બેડા વહેંચ્યા. બેડા. બેડા સમજે? પાટિયા નહીં બેડા. બેડા સમજે? આ પાણી ભરવાનાં હાંડા. ક્યા કહતે હૈં? હાંડો હોયને માથે ઘડો એને બેડું કહે. બે થઈને. બેડું એટલે બે થયાને માટે બેડું. આ બે. એક ઈતના બડા હો ને બીજા છોટા હો. બે હોય ને બે. તમારે શું કહે છે? અમારે બેડું કહે છે. તમારે શું કહે છે? (શ્રોતા : ઘડાકા કળશ બોલતે હૈં) હાં. ઘડાકા કળશ. પહેલી ચીજ હૈ ઉપર કળશ. એને બેડું કહે. બેડું એટલે બે. ન્યાતમાં બેડાં વહેંચ્યા હતા ઓલા છોકરાનાં લગનમાં. એટલો ખર્ચ. એ એની વહુને જ્યારે સુવાવડનો પ્રસંગ આવ્યો. જેઠાલાલ સંઘવી કહે, મારી પાસે આવ્યો હતો. કહે, ભાઈ કંઈ પૈસા આપો તો હોસ્પિટલમાં.... પુણ્ય ખલાસ થઈ ગયા, કહે.

લગનમાં જુઓ તો એના બાપે આમ આખી ન્યાતમાં એક એક બેડું. બેડાંનો કેવો ખર્ચો... મોટો હાંડો નહીં, એક ઘડા. ઘડા.. ઘડા. નાનો ઘડો અને મોટા હાંડા. એ નામ તો હવે તમારે હશે. પણ સમજતા નથી. એ બેડાં ભરીને આવે. પાણી ભરવા જાતા હશે ગરીબ માણસો. એ બેડાં વહેંચ્યાં ન્યાતમાં. શેઠ! એ છોકરાની વહુને સુવાવડનો પ્રસંગ આવ્યો, જનમનો. છોકરાની વહુ. છોકરાના લગનમેં ઐસા કિયા ન્યાતમેં. પછી જ્યાં પ્રસંગ આવ્યો ત્યાં પૈસા-બૈસા ખલાસ. એ જેઠાલાલ કહેતા હતા, મારી પાસે આવ્યા હતા. અરે ભાઈ! બાઈને આ પ્રસવનો પ્રસંગ છે. હોસ્પિટલમાં મૂકવી છે. થોડા પૈસા આપો. આ પ્રસંગ જાળવી લો. ચડતી-પડતી છાયા છે. આહીં કહે છે કે આત્મા પોતાના સાધકની લક્ષ્મીએ ચડ્યો, એને તો સાધકપણે ચડવાની જ શક્તિ છે. સમજાણું કાંઈ? એ પડે નહીં. પોતાની લક્ષ્મીના જોરે આગળ વધી જાય. સમ્યગ્દર્શન સાથે હોય.

( પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૬૩ ભાદરવા વદ ૧૨ ગુરૂવાર તા. ૧૬-૯-૭૧
## સાધ્ય સાધક દ્વાર પદ ૫ થી ૯ ઉપર પ્રવચન

સોરઠા. આ પાંચમું (પદ) છેને? સાધકપણું કોને પ્રગટે એની વાત ચાલે છે. એના શ્લોક પોતે પોતાથી ઘણા લેશે. સાધક. મોક્ષનો સાધક. આત્મા શુદ્ધ પરિપૂર્ણ અખંડ આનંદ એનો અનુભવ થઈને સમ્યગ્દર્શનનું પ્રગટપણું એને સાધક કહે છે. એ ધર્મનો—મોક્ષનો સાધક. સમજાણું કાંઈ?

(સોરઠા)

जाके मुकति समीप, भई भवस्थिति घट गई।
ताकी मनसा सीप, सुगुरु मेघ मुकता वचन॥५॥

**શબ્દાર્થ** :—ભવસ્થિતિ=ભવ-ભ્રમણનો કાળ. મુક્તા=મોતી.

**અર્થ** :—જેની ભવસ્થિતિ ઘટી જવાથી અર્થાત્ કિંચિત્ ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્તનકાળ માત્ર શેષ રહેવાથી મોક્ષ અવસ્થા સમીપ આવી ગઈ છે, તેના મનરૂપ છીપમાં સદ્ગુરુ મેઘરૂપ અને તેમના વચન મોતીરૂપ પરિણમન કરે છે. ભાવ એ છે કે આવા જીવોને જ શ્રીગુરુના વચનો રુચિકર થાય છે. ૫.

अर्थ :—जिसकी भवस्थिति घट जानेसे अर्थात् किंचित् न्यून अर्धपुद्गलपरावर्तन कालमात्र शेष रहनेसे मुक्ति-अवस्था समीप आ गई है, उसके मनरूप सीपमें सद्गुरु मेघरूप और उनके वचन मोतीरूप परिणमन करते हैं। भाव यह है कि ऐसे जीवोंको ही श्रीगुरुके वचन रुचिकर होते हैं॥५॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

'બનારસીદાસ' સાધકનું સ્વરૂપ (સમજાવે છે). जाके मुकति समीप.. જેને ભવ્ય પરિપાકને કારણે.. ભવ્યજીવને હોયને આ? ભવ્યના પરિપાકને કારણે અને ભવસ્થિતિ ઘટ જાનેસે. जिसकी भवस्थिति घट जानेसे अर्थात् किंचित् न्यून अर्धपुद्गल परावर्तन कालमात्र शेष रहनेसे मुक्ति अवस्था समीप आ गई है. સમજાય છે કાંઈ? જેને અલ્પકાળમાં મુક્તિ થવાની છે. આ તો ઉત્કૃષ્ટ કાળ લીધો છે અર્ધ પુદ્ગલપરાવર્તન. એને ભવસ્થિતિ ઘટી ગઈ છે. ताकी मनसा सीप.. મનરૂપી માછલી એનું સીપ.. સીપ.. એ મોતી પાકે છેને સીપમાં? सुगुरु मेघ मुक्ता वचन.. ગુરુના વરસાદનો મેઘ એમાં મુક્તાફળ પાકે

એને. એને મુક્તાફળ પાકે... એવો એ જીવ એમ કહે છે. (શ્રોતા : લાયકાત...) હા, લાયકાત બતાવવી છે. આ શેઠ કહે છે કે ઓલા ગુરુના વચનને લઈને આ થયું એમ બતાવે છે. પણ એ નિમિત્તનો સંબંધ છે એટલો.

એની ભવસ્થિતિ અલ્પ રહી, અલ્પકાળમાં મુક્તિની તૈયારી થઈ. ભવ્યજીવનો ભવ્યપણાનો પરિપાક છે. એને વાણી એવી મળે ત્યારે એને મુક્તાફળ–મોતી પાકે અંદર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના મુક્તાફળ પાકે એમ કહે છે. સમજાણું કાંઈ? પણ પાકે એને નિમિત્ત કહેવાયને? એમ કહે છે આહીં. એ જીવ એવો છે, એમ કહે છે. પાટનીજી! (શ્રોતા : ગુરુ કેવા છે?) એણે વચન કહ્યા છે એટલું. પણ ઓલો જીવ એવો છે કે એને લઈને મુક્તાફળ ત્યાં પાકે, એમ કહે છે. (શ્રોતા : .....) પણ એને હોય જ એ વાણી. એ પ્રશ્ન જ નથી. વાણી તો પડે ઘણાને, પણ માછલી જોઈએને એ મોતી પાકે એવી. સમજાણું કાંઈ? એમ કહે છે એ.

ताकी मनसा सीप.. એનું મનરૂપી સીપ. उनके मनरूप सीपमें सद्गुरु मेघरूप और उनके वचन मोतीरूप परिणमन करते हैं. એને આત્મા(ને) વાણી પડી અને લાયકાત તો હતી, એને એકદમ અંદર સ્વરૂપનો આશ્રય થઈને સમ્યગ્દર્શનની સાધકદશા પ્રગટ થાય છે, એમ કહેવા માંગે છે. સમજાણું કાંઈ? એ સાધકની વ્યાખ્યા છે. ऐसे जीवोंको ही श्रीगुरुके वचन रुचिकर होते हैं, એમ લખ્યુંને. પણ રુચિકર જ ન થાય. વીતરાગભાવ... સર્વજ્ઞ ગુરુ અને તીર્થંકર વગેરે ગુરુ એમના વચનમાં તો વીતરાગતા બતાવતા હોય. પરની ઉપેક્ષા, વીતરાગનો અર્થ એ. પર્યાય, વિકલ્પ અને નિમિત્તની ઉપેક્ષા–ઉદાસીનતા અને સ્વ-ત્રિકાળી આત્માની અપેક્ષા—એ વાત વીતરાગના મુખમાં આવે. કહો, ભીખાભાઈ! એવી વાણી એની હોય. એની વાણીમાં જ વીતરાગતાનું (પોષણ હોય) અને ઓલો પાત્ર છે. એને ત્યાં આગળ સમ્યગ્દર્શનરૂપી વીતરાગી પર્યાય મોતી–મુક્તાફળ પાકે, એ બતાવવું છે. (શ્રોતા : અપેક્ષા તો ગુરુની..) એ તો આહીં કરે ત્યારે એને કહેવાયને? સ્થિતિએ કહ્યુંને. પાકે એવો એ જીવ છે.

આહીં તો કીધુંને, जाके भवस्थिति मुकति समीप.. જેને અલ્પકાળમાં મુક્તિ (થાય) એવો એ જીવ છે. (શ્રોતા : ઉપાદાનની પ્રધાનતાથી) હા. भई भवस्थिति घट गई.. ભવની સ્થિતિ જ ઘટી ગઈ છે. ભવ હોય તો એકાદ-બે-ચાર હોય. વિશેષ હોતા નથી. બહુ તો પંદર થાય. સમજાય છે કાંઈ? ताके मनसा सीप.. એનું મન જ સીપ છે. માછલી છેને માછલી. .... એને વાણી પડતાં વીતરાગતાનો ભાવ એને પ્રગટ થાય. સ્વભાવ પરિપૂર્ણ પ્રભુ પરમાત્મા પોતાનું સ્વરૂપ એની દૃષ્ટિ અંદરમાં... કારણ કે કહ્યું છે તે. ગુરુએ કહ્યું હતું તે. કે તું તારા

દ્રવ્યસ્વભાવમાં જા, પર્યાય–નિમિત્ત આદિની ઉપેક્ષા કર, તો તને મોતી પાકશે સમ્યગ્દર્શનનું. આહાહા! સમજાય છે કાંઈ? આવી વાત છે. હવે એની વિશેષ કહે છે.

સદ્‌ગુરુને મેઘની ઉપમા (દોહરા)

ज्यौं वरषै वरषा समै, मेध अखंडित धार।
त्यौं सदगुरु वानी खिरै, जगत जीव हितकार॥६॥

**શબ્દાર્થ :–**અખંડિત ધાર=સતત. વાની(વાણી)=વચનો.

**અર્થ :–**જેવી રીતે ચોમાસામાં વરસાદની ધારાપ્રવાહ વૃષ્ટિ થાય છે, તેવી જ રીતે શ્રીગુરુનો ઉપદેશ સંસારી જીવોને હિતકારી થાય છે.

ભાવાર્થ :—જેવી રીતે જળવૃષ્ટિ જગતને હિતકારી છે તેવી જ રીતે સદ્‌ગુરુની વાણી સર્વ જીવોને હિતકારી છે. ૬.

अर्थ :–जिस प्रकार बरसातमें मेघकी धाराप्रवाह वृष्टि होती है, उसी प्रकार श्रीगुरुका उपदेश संसारी जीवोंके लिये हितकारी होता है।

भावार्थ :–जिस प्रकार जलवृष्टि जगतको हितकारी है उसी प्रकार सद्गुरुकी वाणी सब जीवोंको हितकारी है॥६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ज्यौं वरषै वरषा समै.. વરસાદ વખતે ધારા વરસાદની પડે. मेघकी धाराप्रवाह वृष्टि होती है, उसी प्रकार गुरुका उपदेश संसारी जीवोंके लिये हितकारी होता है. એનું હિત થાય. હિતનો અર્થ મોક્ષમાર્ગ થાય. મોક્ષમાર્ગ જ એક હિતકારી છે. સમજાણું કાંઈ? जगत जीव हितकार.. જગતના પ્રાણી જેને હિતકર વાણી છે. એમાં હિતકરની વાણીની વ્યાખ્યામાં આવી ગયું કે તારું હિત કેમ થાય. સમજાણું કાંઈ? આત્મા આનંદ અને જ્ઞાનનો અથવા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એવા સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એ સ્વભાવરૂપ ધ્રુવતા તો ભરી જ છે એમાં. એની સમીપ જતાં... એ સમીપમાં જવું અને પરની ઉપેક્ષા કરવી એવું જ વીતરાગનું વચન હોય છે. મુનિઓના, વીતરાગના, સાધક જીવોના વચનો આવા હોય છે. क्या कहते हैं? હોય એવા હોય, પણ ઓલાને પરિણમે ત્યારે આવા વચનને નિમિત્ત કહેવામાં આવે. આહીં તો એ વાત જ લીધી છે એવી. હવે વાણી સાંભળે (અને) એક કોર કહેવું કે વાણીથી જ્ઞાન થાય નહીં. એય! ત્રિલોકનાથની દિવ્યધ્વનિ હો, તો પણ આત્માનું જ્ઞાન એનાથી ન થાય. એનો અર્થ એ કે એ વાણીમાં જે આવ્યું એવો ભાવ જેણે અંતરમાં પ્રગટ કર્યો, એને આ જિન વીતરાગની વાણી, ગુરુની વાણી નિમિત્ત કહેવામાં આવે છે. એમ વાત છે.

આહા! સમજાણું કાંઈ?

હવે સાધકજીવને તૈયારી માટે પરનો નાતો તોડાવે છે. धन संपत्तिसे मोह हटानेका उपाय. જુઓ, આ પહેલું લક્ષ્મીનું આવ્યું બધું આ. બહારની ધૂળ-ધમાલ, પૈસા, આબરૂ, કીર્તિ, મકાન, બાયડી-છોકરા—એમાં જે રુચિવાળો થયો એને આત્માની રુચિ થાય નહીં, એમ કહે છે. છે જ નહીં એની સાથે સંબંધ, એમ કહે છે. પરની સાથે સંબંધ જ કાંઈ નથી. સ્વતંત્ર તું છો. એ કહે છે જુઓ. धन संपत्तिसे मोह हटानेका उपाय. સાધકપણું સિદ્ધ કરવું છેને?

ધન-સંપત્તિથી મોહ દૂર કરવાનો ઉપાય (સવૈયા એકત્રીસા)

चेतनजी तुम जागि विलोकहु,
लागि रहे कहा मायाके तांई।
आए कहींसौ कहीं तुम जाहुगे,
माया रमेगी जहांकी तहांई॥
माया तुम्हारी न जाति न पांति न,
वंसकी वेलि न अंसकी झांई।
दासी कियै विनु लातनि मारत,
ऐसी अनीति न कीजै गुसांई॥७॥

**શબ્દાર્થ :—**વિલોકહુ=જુઓ. માયા=ધન-સંપત્તિ. ઝાંઈ=પડછાયો-પ્રતિબિંબ. દાસી= નોકરડી. ગુંસાઈ=મહંત.

**અર્થ :—**હે આત્મન્! તમે મોહનિદ્રા છોડીને સાવધાન થાવ, અને જુઓ, તમે ધન-સંપત્તિરૂપ માયામાં કેમ ભૂલી રહ્યા છો? તમે ક્યાંથી આવ્યા છો અને ક્યાં ચાલ્યા જશો અને દોલત જ્યાંની ત્યાં પડી રહેશે. લક્ષ્મી તમારી નાત-જાતની નથી, વંશ-પરંપરાની નથી, બીજું તો શું? તમારા એક પ્રદેશનું પણ પ્રતિરૂપ નથી. જો એને તમે નોકરડી બનાવીને ન રાખી તો તમને લાત મારશે, માટે મહાન થઈને તમારે આવો અન્યાય કરવો યોગ્ય નથી. ૭.

अर्थ :—हे आत्मन्! तुम मोहनिद्राको छोड़कर सावधान होओ और देखो, तुम धन-सम्पत्तिरूप मायामें क्यों भूल रहे हो? तुम कहाँसे आयो हो और कहाँ चले जाओगे और दौलत जहाँकी तहाँ पड़ी रहेगी। लक्ष्मी न तुम्हारी जातिकी है, न पाँतिकी है, न वंश-परंपराकी है, और तो क्या तुम्हारे एक प्रदेशका भी प्रतिरूप नहीं है। यदि इसे तुमने नौकरानी बनाकर न रखा तो यह तुम्हें लातें मारेगी, सो बड़े होकर तुम्हें ऐसा अन्याय करना उचित नहीं है॥७॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ગુંસાઈ શબ્દ વાપર્યો. ઓલા વૈષ્ણવમાં હોય છેને ગુંસાઈ. ધર્મગુરુ, મહંત. હે મહંત આત્મા! એમ કહે છે. ગુંસાઈ! ભગવાન! તું તો મહંત છો. પરમાત્માના સ્વભાવથી ભરેલો તું છો ભાઈ! તારી મહંતતા તારામાં ભરી છે બધી. હે મહંત! चेतनजी तुम जागि विलोकहु.. हे आत्मन्! तुम मोहनिद्रा छोड़कर सावधान होओ. विलोकहु.. ભગવાન! તું વિલોક, જો, જાણ. लागी रहे कहा मायाके तांई.. માયા એની પાછળ કેમ પડ્યો છો? तुम धनसंपत्तिरूप मायामें क्यों भूल रहे हो? આ મુખ્ય વસ્તુ બતાવી છે આ. સમજાણું કાંઈ? સાધક હોય એને ધનની, સંપદાની રુચિ ન હોય. જો એની રુચિ હોય તો આત્માની રુચિ થઈ શકે નહીં. આહાહા! સમજાણું કાંઈ? શેઠ! પરવસ્તુ—લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ પરિવાર બધું લેશે. પછી લેશે બીજા ભાગમાં. સમજાણું કાંઈ? આહા! સાધકપણું પ્રગટ કરવાની રીત કહે છે. આ સાધ્ય-સાધક દ્વાર છેને? 'બનારસીદાસ' પોતે વર્ણવે છે.

लागी रहे कहा मायाके तांई.. અરે! સંસારની ધન ને સંપત્તિ એમાં ક્યાં ભૂલો રહ્યો? એ ચીજ જ તારી નથી. શરીર તારું નથી, આ તો માટી—ધૂળ છે. એમ પૈસા, આબરૂ, કીર્તિ, હજીરા—મકાન બધી તો પર જડ, માટી—ધૂળ છે. लागी रहे कहा मायाके तांई.. ત્યાં ને ત્યાં .... છો કેમ? એમ કહે છે. સમજાણું કાંઈ? શેઠ! એ બીડીના ધંધા અને બીડી આમ મોકલવી, મોટરું મોકલવી અને આવીને સાંભળવું કે કેમ થયું. શું થયું તને આ? એમ કહે છે. (શ્રોતા : પાગલપન). પાગલ. એની રુચિ છે ત્યાં આત્માની રુચિ નહીં થાય એમ કહે છે. એક મ્યાનમાં બે તલવાર નહીં રહી શકે. ધનસંપત્તિનો પ્રેમ (હોય) અને તને આત્માનો પ્રેમ થાય, બને નહીં. સમજાણું કાંઈ? આહાહા! આ પૈસા, આબરુ, ઘર આમ ધૂમ ચાલતી હોય, આહાહા! ખુશી.. ખુશી થતો હોય. શું છે પણ? શું છે તને આ? આ તો મહામિથ્યાત્વનો દોષ છે. એ ચીજ મારી, એ માન્યતા મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

એમાંથી ખુશી થાય, અમે સુખી છીએ. દુઃખી છો. સુખી કોણ તને કહે? કરોડો, અબજો રૂપિયા હોય માટે અમે સુખી છીએ. મૂઢ છો. પૈસામાં સુખ કેવું? એ તો ધૂળ છે. એને દેખીને રાજી થા છો. રાજી થા છો; સાધક નથી તું, એમ કહે છે. શેઠ! આહાહા! સાધ્ય-સાધકમાં આ નાખ્યું પહેલું. તારો આત્મા સાધવો છે કે આ લક્ષ્મી સાધવી છે તારે? આહાહા! સ્વલક્ષ્મી આનંદકંદ પ્રભુ એનું સાધન કરવું છે કે આ ધૂળને મેળવવાનું સાધન? શું કરવું છે? તું શું કરે છે આ? આહાહા! પેલું ઉપાડ્યું. आए कहींसौं कहीं तुम जाहुगे.. ભાઈ! તું ક્યાંથી આવ્યો? 'હું કોણ છું? ક્યાંથી થયો?..' આવે છેને 'શ્રીમદ્'માં. 'શું સ્વરૂપ છે મારું ખરું? કોના સંબંધે વળગણા છે? રાખું કે પરિહરું?' એક રજકણ ને રાગનો

કણ પણ તારો નથી. આહાહા! અને ત્યાં તને પ્રેમ છે, ત્યાં તને રાજીપો થાય છે, એ ભાવમાં એ દેખીને તને ખુશી આવે છે. સાધક(દશા) નહીં પ્રગટ થઈ શકે, એમ કહે છે. પાટનીજી! આહાહા! ભારે વાત કરી 'બનારસીદાસે.' સમજાણું ? આ પૈસા બંગડીના દેખીને, હીરાભાઈને દેખીને ખુશી થાય, એ સાધક(દશા) નહીં પ્રગટે એમ કહે છે. શેઠ!

लागी रहे कहा मायाके तांई आए कहींसौं.. કયાંથી તું આવ્યો? ભાઈ! તું અનાદિનો આત્મા કોઈક ગતિમાંથી આવ્યો છો. સમજાય છે કાંઈ? कहां तुम जाहुगे.. અહીંથી ક્યાં જાવું છે તારે? અહીંથી નીકળીને ક્યાં ઉતારા કરવા તારે? આહાહા! શરીરમાં તો ૫-૨૫-૫૦-૬૦-૧૦૦ વરસ. પછી? ઉતારો ક્યાં કરવો તારે? આ બધા વિંખાઈ જશે. તારા બાયડી—છોકરા ને લક્ષ્મી ને. એને એમ કે આમ રહે છે ને. રહે ત્યાં સુધી... રહ્યા જ નથી. સાંભળને! એને કારણે રહ્યા છે. એ તારે કારણે આવ્યા નથી. તારી પર્યાયમાં એ આવી ચીજ? દ્રવ્ય-ગુણમાં તો આવી નથી, પણ એ લક્ષ્મી તારી પર્યાયમાં આવી છે? તો શેનો માને છે તારી? એમ કહે છે. આહાહા! ભારે 'બનારસીદાસે' આ બનાવ્યું.

आए कहींसौं कहीं तुम जाहुगे, माया रमेगी जहांकी तहांई.. એ બધા પૈસા ને બધા હજીરા—મકાનો બધા બનાવ્યા એ ન્યાં ને ન્યાં રહેશે. તારી સાથે એક ડગલું નહીં આવે. શેઠ! છ લાખનો આ બંગલો કર્યો છે અને કેટલાય મકાનો કરાવે છે. ઓલે ૪૦ લાખનો કરાવ્યો છે ગોવામાં. શાંતિલાલ ખુશાલ. ૪૦ લાખ. ધૂળેય નહીં રહે. કોના લાખના? એ તો જડના છે. તારી સાથે આવવાના છે? તારા છે? જુઓ! ન્યાંથી ઉપાડી છે વાત પહેલી. લક્ષ્મી જડ છે એનો જેને પ્રેમ છે એ સાધક થઈ શકશે નહીં. જાદવજીભાઈ! આહાહા! વજુભાઈ! જુઓ! આવી વાત છે આ. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે કે તું જે આત્મા છો એમાં એ ચીજ લક્ષ્મી આદિ નથી. એમાં નથી અને તને એના પ્રત્યે પ્રેમ વર્તે છે, તને આત્માનો પ્રેમ નહીં થાય. આહાહા! જે રાગ વિનાની ચીજ, લક્ષ્મી-શરીર વિનાની ચીજ છે એ ચીજ ઉપર તને રુચિ નહીં આવે. આહીં રુચિ તારી ઢળી ગઈ છે, એમ કહે છે. આહાહા! પહેલે ધડાકે વાત લીધી છે આ. સમજાણું કાંઈ?

माया तुम्हारी न जाति न पांति न. माया रमेगी जहांकी तहांई.. આહાહા! ઓલા સિકંદરે બહુ પાપ કરેલાને. સિકંદર બાદશાહ. બહુ અબજો રૂપિયા ભેગા કરેલા. મરતાં.. અરેરે! આ લક્ષ્મીના ઢગલા કરજો મારા મડદા પાસે, જનાજો જ્યારે નીકળે, (શ્રોતા : વૈદ પાસે ઉપડાવજો.....) એ પછી વળી, આ તો પહેલા ઢગલા કરજો, લક્ષ્મીના ઢગલા કરજો. કે આ લક્ષ્મી આટલા આટલા પાપ કરીને મેળવી પણ એ સાથે આવતી નથી. અને મારો

જનાજો એ જ વૈદોને ખંભે ઉપડાવજો. જેને વર્ષાસન મેં આપ્યા લાખો રૂપિયાના, હકીમોને, એ બધાને બોલાવજો (મૃત્યુ) વખતે, મારો જનાજો એ જ વૈદોને ખંભે ઉપડાવજો. લોકોને ખ્યાલ આવે કે આ વૈદો પણ રાખી શક્યા નહીં. લક્ષ્મી સાથે જાતી નથી. આહાહા! આ રુચિની અપેક્ષાએ વાત છે હોં. એની રુચિ છે ત્યાં એને આત્માની રુચિ નહીં થાય, એમ કહેવા માગે છે. આમ બાયડી, છોકરા ને પૈસા છોડીને બાવો થાય, પણ અંદર રુચિ છે પર ઉપર, તો એ (રુચિ) છોડી નથી ત્યાં સુધી કાંઈ છોડ્યું નથી. આહાહા! સમજાણું કાંઈ?

માટે ઓલાને બહાર... લક્ષ્મી છોડો અને થઈ જાઓ સાધુ. પણ એ સાધુ ક્યાંથી આવ્યો તને? સાંભળને હવે! હજી સાધન શરીર અને રાગનો પ્રેમ છે અને આ બધી ચીજનો રાગના નિમિત્તો પ્રત્યેનો તને પ્રેમ છે ત્યાં સુધી સમ્યગ્દર્શન થશે નહીં. આહાહા! ગજબ વાત છે. મૂલચંદભાઈ! આહાહા ! મખમલના કપડા પહેર્યાં હોય શરીરમાં. આ શું કહેવાય? બોસ્કી.. બોસ્કી આવે છેને. હવે ટેરેલીન.. ટેરેલીન કે આપણે કંઈ... બોસ્કી આવતા હતા. એવા કપડા મુલાયમ, ટોપી આમ સરખી બાંધે ને. શું છે પણ આ? આ મૂર્ખાઈ—ઘેલછાઇ શું થઈ ગયું તને? એમ કહે છે. ભગવાન ત્રણ લોકનો નાથ તું એની દૃષ્ટિ કરતો નથી, તેની રુચિ કરતો નથી, સાધક થતો નથી અને આ સાધવા મંડ્યો? એમ કહે છે. એય્ મૂલચંદભાઈ! પણ સાંભળવા આવે ત્યારે સાંભળેને આ. એના બાપે દાંત કાઢ્યા. આહીં આવે તો સાંભળેને. એ વિના સાંભળે ત્યાં? શેઠ સાહેબ.. શેઠ સાહેબ કરે બધા રૂપિયા પૈસાવાળા. આહાહા!

પછી કહે છે, माया रहेगी जहांकी तहांई.. આહાહા! જ્યાં હશે ત્યાં પડી રહેશે. રોતો કકળતો, હાય, હાય રે! મારે છોડવું (પડશે). જાઈશ ક્યાંક. બાપુ! એ ચીજ તારી નથી. જડનો પ્રેમ અંદર પડ્યો છે જ્યાં સુધી, ત્યાં સુઝી એને ભગવાન આત્મા નિર્વિકલ્પ વીતરાગી ચીજનો પ્રેમ નહીં થાય. આહાહા! સમજાણું કાંઈ? माया तुम्हारी न जाति.. ભગવાન! એ માયા તારી જાતની છે? તું ચેતન છો, એ જડ છે. બરાબર છે? વિજાતીય—પરવસ્તુ જ છે. એમાં તારે ને એને લેવાદેવા શું? તું ચેતન, લક્ષ્મી જડ. जाति न पांति न.. તારી પંક્તિમાં બેસનારી ચીજ જ નથી. આત્માની પંક્તિમાં આત્મા બેસે. જડ બેસે તારી પંક્તિમાં? શું થઈ ગયું તને આ? આહાહા ! એય શેઠ! આ કોઈ દિ' વાંચ્યું પણ નહીં હોય સરખું. એ પોકારે છે... પણ તમારી પાસે છે કે નહીં એક અહીંયા? કહો, સમજાણું આમાં? આહા!

અરે પ્રભુ! તારે સાધક થવું છે? તો બાધકની ચીજનો એણે રુચિ અને પ્રેમ છોડવો પડશે. આહાહા! એમ કહે છે. શેઠ! સમ્યગ્દર્શન આત્માનો અનુભવ અને શ્રદ્ધા, એ તારે જો સાધકપણે પ્રગટ કરવી હોય તો આ ચીજની રુચિ અંતરથી ટાળવી પડશે. આહાહા!

સમજાણું કાંઈ? રુચિ હોં. એ બાયડી, છોકરા છોડીને બાવો થાય, તેથી એ રુચિ છૂટી ગઈ છે, એમ નથી. જેને અંદરમાં શુભરાગનો પણ પ્રેમ અને રુચિ છે એને આખી દુનિયાની રુચિ છે. સમજાય છે કાંઈ?

माया तुम्हारी न जाति न पांति न वंसकी वेलि.. આહાહા! તારા વંશનો અંશેય નથી, કહે છે. લક્ષ્મી તારી પરંપરાની છે? એ લક્ષ્મી તારા વંશપરંપરાની છે? તારા બાપ પાસે નહોતી અને તારે આવી. અને આવે તોય એ બીજી ચીજ છે. બરાબર છે શેઠ? ક્યાં તમારા બાપ પાસે હતી આ બધી? એય જુગરાજજી! કહે છે કે તમારા બાપ પાસે હતી આ લક્ષ્મી? આના બાપ પાસે હતી? એ તારા વંશપરંપરાની ચીજ નહીં. આહાહા! એ તો જડની વંશપરંપરાની ચીજ છે. આહાહા! माया तुम्हारी न जाति न पांति न वंसकी वेलि न अंसकी झांई.. આહાહા! એક પ્રદેશ પ્રતિ પણ તે તારી ચીજ નથી. એક અંશ–પ્રદેશ છેને આત્માનો.

और तो क्या तुम्हारे एक प्रदेशका भी प्रतिरूप नहीं है. તારો આત્મા અસંખ્યપ્રદેશી, એક પ્રદેશમાં અનંતા જ્ઞાન આદિ ગુણ ભર્યા. એ એક પ્રદેશની સાથે લક્ષ્મીનો ઢગલો મેળ કરે (-થાય) એક સમય, (એવી) એ ચીજ છે જ નહીં આહાહા! તારા પ્રદેશનું પ્રતિરૂપ નથી, એ તો જડનું રૂપ છે. આહાહા! ભગવાન! તું તો અસંખ્યપ્રદેશી અનંતગુણનો ધણી, હવે એ તારા એક પ્રદેશથી પ્રતિરૂપ–ઉલટું રૂપ છે એનું. તારા પ્રદેશથી એ લક્ષ્મીનું ઉલટું રૂપ છે. આહાહા! આ ચૈતન્યથી ભરેલો આત્મા, ઓલું જડથી ભરેલો પરમાણુ ધૂળ છે. અમે લક્ષ્મીવાળા છીએ. આત્માવાળા નહીં ને? એમ કહ્યું છે. આહાહા! અમે ચક્રવર્તી છીએ, અમે શેઠ છીએ. શેઠ ને? જડનો ને? તને સમકિત નથી. તારે સાધકપણું પ્રગટાવવું નથી, એમ કહે છે.આહાહા! એય મૂલચંદભાઈ!

वंसकी वेलि न अंसकी झांई.. આત્માના એક પ્રદેશનો અંશ એની ઝાંય એમાં નથી, કહે છે. સમજાણું કાંઈ? તારા પ્રદેશમાં તો અનંત.. અનંત.. અનંત.. અનંત ગુણો વ્યાપ્યા છે. ભાઈ! એ પ્રદેશના અંશની ઝાંય લક્ષ્મીમાં નથી. ભાઈ! આહા! સમજાણું કાંઈ? એમ કહીને એને સાધક થવા માટે... પરની, લક્ષ્મીની રુચિ મૂળમાંથી છોડે ત્યારે એને આત્માની અંદર રુચિ થાય, નહીંતર રુચિ થશે નહીં. અનંત અનંત જ્ઞાન ને આનંદનો નાથ પ્રભુ એવી લક્ષ્મીવાળો, આ લક્ષ્મીની જેને રુચિ છે અંદર રાજીપો અને એનાથી ખુશી અને એનાથી કંઈક ઠીક છું એમ જે માન્યું છે, એને આત્મા માન્યતામાં નહીં આવે. પાટનીજી! આહાહા! 'બનારસીદાસે' પણ માળે ભારે મૂળ વાતને.... આહા! લ્યો.

दासी किये विनु लातनि मारत.. यदि इसे तुमने नौकरानी बनाकर न रखा तो

यह तुम्हें लात मारेगी. હાય, હાય રે! એક લેખ આવે છે સુયગડાંગમાં શ્વેતાંબરમાં. મરે ત્યારે લક્ષ્મીના ઢગલા કરજે તારી પાસે અને કહેજે, આ તારે માટે મારી જિંદગી ગઈ, હવે હું મરું છું, કાંઈક તો મદદ કર. લક્ષ્મીના ઢગલા કરજે મરે ત્યારે મોઢા આગળ. બથ.. બથ કરજે મરે ત્યારે. પછી પ્રાર્થના કરજે લક્ષ્મીને. અરે! તારે માટે મેં કાળ ગાળ્યા. ખાવાના ટાણે ખાધા નહીં, પીવા ટાળે પીધા નહીં, સૂવાના ઠેકાણાં નહીં અને તારા માટે મરી ગયો ૨૪-૨૪ કલાક. તો હવે કંઈક તો સાથે આવ થોડી. લક્ષ્મી કહે, પણ અમે કોઈની સાથે ગયા છીએ? મફતનો પાગલ શું કરવા અમારી પાસે પ્રાર્થના કરવા આવ્યો? આહાહા! (શ્રોતા : યહી હો રહા હૈ દુનિયામેં). યહી હો રહા હૈ ઉસકી તો બાત ચલતી હૈ. આહાહા! એ સાધકપણું કેમ નથી પ્રગટતું કે એને આ ચીજો જે છે પર.. પર.. પર તેની રુચિ અંદરમાં છે. એને પોષાય છે એ. આત્મા પોષાતો નથી એમ કહે છે. શેઠ! આ તો ગુજરાતી ભાષા સમજાય એવું છે. સાવ સાદી ભાષા છે.

ભગવાન! તારે સન્મુખ જવું હોય તો તારાથી વિમુખ ચીજની રુચિ અને પ્રેમ છૂટ્યા વિના સન્મુખ જવાશે નહીં. આહાહા! (શ્રોતા : પ્રેમ છોડકર બાહર નિકલ ગયા ઉસકો ભી પ્રાપ્તિ....) ક્યાં છોડ્યો છે? કાંઈ છોડ્યું નથી. એ કહ્યુંને પહેલું. છોડ્યું નથી. આ સાધુ થયાને, એને તમે ગણતા નથી એમ કહે છે. સાધુ થયો જ નથી. એને હજી પુણ્યથી ધર્મ થાય કે મહાવ્રત પાળતા પાળું, રાગને પાળું—એ બધા જડને પાળવાનો ભાવ છે. છોડ્યું નથી જરીયે. ખુલાસો કરાવેને શેઠી તો. આવું છોડીને બેઠા. અમે છોડીને બેઠા.... પણ છોડીને બેઠા એ તો ગણો. છોડ્યું જ નથી.

છોડ્યું ક્યારે કહેવાય? કે જેને આત્માના વિભાવભાવનો પ્રેમ છૂટી ગયો છે. વિભાવભાવનો પ્રેમ છૂટ્યા વિના લક્ષ્મીનો પ્રેમ એને કદી છૂટે નહીં. સમજાણું કાંઈ? આહાહા ! (શ્રોતા : લક્ષ્મીને છોડીને લક્ષ્મી બનાવે). બધું એનું એ છે. કર્યું નહીં કાંઈ. કાંઈ છોડ્યું નથી. આહા! રાગ જેમ પર છે, એમ લક્ષ્મી પર છે. તો રાગનો જેને પ્રેમ છે એના બંધનનો પાક પુણ્ય એનો પ્રેમ છે અને એ બંધનના ફળ તરીકે લક્ષ્મી આવે એનો પણ એને પ્રેમ છે. એના પ્રેમનો હારડો છે એની પાસે આખો. એણે ભગવાન આત્માનો પ્રેમ છોડી દીધો છે. આહાહા! સમજાણું કાંઈ?

दासी कियै विनु लातनि मारत.. દાસી કર કે ન કર, એ તો બીજી ચીજ છે. હું એનો ધણી, હું એનો સ્વામી નહીં. એ તો પરચીજ છે. એમ જો માન્યું નહીં, લાત મારશે. હાય, હાય! અરેરે! લક્ષ્મી સાથે આવી નહીં. મરી ગયા. લાત મારે. આવે છેને. દોલત કહે છેને. આહાહા! દો—લત. લાત મારે બે. આવે ત્યારે મારે અને જાય ત્યારે મારે. હાય,

હાય! અરેરે! અમે નિર્ધન થઈ ગયા. અરે! સધનનો નાથ છો. અનંત આનંદ અને જ્ઞાનનો નાથ તારૂં સ્વરૂપ છે. એ જ્ઞેય તરીકે જાણવાલાયક છે, મારી તરીકે માનવાલાયક એ ચીજ નથી. આહાહા! કહો, ચંદુભાઈ! આરે ભારે! સમ્યગ્દર્શનની જવાબદારી ભારે! આહાહા!

ભગવાન આત્મા.. સાધકની વ્યાખ્યા કરે છે. સાધ્ય-સાધક દ્વાર છેને? જેને લક્ષ્મી જ્યાં ધ્યેયરૂપે—પ્રેમરૂપે પડી છે એનો સાધ્ય તો રખડવાનો છે. આહાહા! સમજાણું કાંઈ? આત્મા મહા આનંદ અને જ્ઞાનની લક્ષ્મીનો ભંડાર પ્રભુ, આહાહા! એની જ્યાં દૃષ્ટિ અને રુચિ થઈ, રાગના વિકલ્પથી માંડી સારી દુનિયાની રુચિ ઉડી ગઈ. અને એ રુચિ ઉડ્યા વિના આત્માની રુચિ થાય નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? પૈસા, દુકાન-બુકાન છોડી માટે મીઠાશ છોડી છે, એમ નથી. છોકરા કરતા હોય અને આપણે જે કરીએ તે હજી કરે છે અને આપણને જે પ્રેમ છે એ ચીજ મેળવે છે. મૂઢ છો કહે છે. આ છોકરાઓ હુશિયાર હોય તો વધારે મેળવે. એ ક્યાં આની પાસે હતું? ભીખાભાઈ પાસે એટલું નહોતું, એ છોકરાએ મેળવ્યું એણે લ્યો. પણ આ બધા પાસે ક્યાં હતું? હવે એના બાપ પાસે ક્યાં..? પણ છોકરાને... કહો, સમજાણું કાંઈ? એય! છોટાભાઈ પાસે ૩૫ હજાર રૂપિયા હતા. બસ એટલું કહેવાતું ભાઈ. નહીં? એને ખબર છે. એ તો લોકો બિચારા સાધારણ માણસ....

અહીં તો કહે છે કે પૈસાના પ્રેમવાળા અને પૈસામાં લાભ મનાવનારા મૂઢ છે. ચીમનભાઈ! ભારે આકરું! સાચી વાત હશે? પણ છોકરા સારા થાય, અમેરીકા જઈ આવ્યા હોય, હજાર-પંદરસે પેદા કરે, બબ્બે હજાર પેદા કરે મહિને. આહીં કાઠિયાવાડમાં તો બહુ કહેવાય. ત્યાં અમેરિકામાં બહુ ઓછું કહેવાય. અમેરિકામાં દસ હજારનો પગાર, સાધારણ માણસને મહિને દસ હજારનો. સાધારણ હોં. ... માણસને મોટો મોટો પગાર ૧૫-૨૦ હજાર. એમાં બચે કેટલું? થોડું. પણ તોય એનો પ્રેમ. આહીં તો કહે છે કે, આહાહા! કાંઈ પેદા કરનારા થયા, વધ્યા. મૂઢ છો, કહે છે, ભાઈ! એય! ઉપરથી આવેને એમ કે જાણે શું ભણીને આવ્યા, એમ. અમેરિકાથી ભણીને આવ્યા એટલે આપણે હવા લઈને આવે, બંગલા ને ઓલા મોટરો ને શું ને શું. અને કાંઈક રૂપાળું શરીર હોય તો ત્યાં માણસો બહુ આદરે બાઈયું છોડીયું એટલે ન્યાં જ રાખવા માંગે એને. આહીં જ રહે તું. ન્યાં જઈને શું કરવું છે? હું જઈ આવું, હાલો જઈ આવું.

કેટલાક એવા અહીં આવ્યા હોય, પરણીને આહીની મૂકી દે, ન્યાંની ન્યાં રાખે છે. હિંમતભાઈ! બધે, બધે છે. બધા અમારે તો ઘણા દાખલા છેને. હિંમતભાઈને ખબર છે. એના કુટુંબમાં છે. આ કુટુંબની દીકરી ત્યાં છે હમડિયા. બધે એમ જ ચાલે. લખુભાઈનો

દીકરો છેને. એ ત્યાં ગ્યો છે. આહીંની પરણ્યો છે, ત્યાં ગયો ત્યાં રહે. હમડિયાના નાગરભાઈ. એ તો દુનિયા, આહાહા! કસાઈના ઘર છે એ બધા. એય! આત્માને રહેંસી નાખે છે. ભગવાન જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ એને, આવી ચીજ મારી એમ માનનારા આત્માને રહેંસી નાખે છે, આત્માની હિંસા કરે છે. રહેંસી નાખે એ ભાષા અમારી કાઠિયાવાડી. સમજાણું કાંઈ? આહાહા!

ऐसी अनीति न कीजै गुसांई.. હે મહંત! આ અનીતિ ન હોઈ શકે. ભાઈ! આ લક્ષ્મી મારી અને હું એનો અને લક્ષ્મીએ વધ્યો એટલે હું વધી ગયો, પ્રભુ! એ અનીતિ તારી છે. આહાહા! ભારે! એય હીરાભાઈ! સૂક્ષ્મ મિથ્યાત્વનું શલ્ય શું છે એ બતાવે છે ભાઈ! સમજાણું કાંઈ? (શ્રોતા : .....) પણ ઊંડામાં રસ છે એ જ બતાવે છે. આહાહા! અને એવા પૈસાવાળા ધર્માત્મા ગુણી નિર્ધન હોય એનેય ગણે નહીં. અમે આવા છીએ, અમને રળતા આવડે છે, અમે આમ પાંચ-પાંચ લાખની પેદાશ એક એક દિવસની.. આવા અમે બધી વ્યવસ્થા કરીએ. આવડે માટે કરીએ છીએ. મરી જઈશ માળા! મરી ગયો છો અત્યારે. જીવતો જીવ જ્ઞાતા-દૃષ્ટા એનો તો પ્રેમ નથી. આહાહા! અને આવી ચીજનો જ્યાં પ્રેમ, એકત્વબુદ્ધિ થઈને પડ્યો છો, મરી ગયો છો. જીવ કોને કહીએ? તને જીવ કહેવાય? કહે છે. એમ કહે છે આહીં. એય! આવું સાંભળ્યું નહીં હોય. મૂલચંદભાઈ! (શ્રોતા : જડનો પ્રેમ. થોડુંઘણું પુણ્ય હોય તો આ સાંભળવા મળે). વાત સાચી. પણ છતાં એ પુણ્યનો પ્રેમ હોય તો, કહે છે કે મિથ્યાત્વ થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? એને સાધકપણું પ્રગટે નહીં એમ કહે છે આહીં. સમજાણું?

ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ અરિહંત પરમેશ્વર.. 'ણમો અરિહંતાણં.' એ અરિહંત ભગવાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે. એ અરિહંત ભગવાન એમ કહે છે એ આ સાધકજીવની વ્યાખ્યા છે. કેમકે જેને આત્માનો પ્રેમ અને સમ્યગ્દર્શન થાય એને રાગનો પ્રેમ છૂટી જાય, લક્ષ્મીનો અને લોકાલોક સ્વર્ગ આદિનો પ્રેમ છૂટી જાય. આહા! અને એ છૂટ્યા વિના સમ્યગ્દર્શન થાય? ત્રણ કાળમાં નહીં એમ કહે છે. આહાહા! એક કોર ભગવાન આતમરામ અને એક કોર વિકલ્પથી (માંડીને) આખું જગત. આહાહા! જુઓ, સાધકની વ્યાખ્યામાં આ 'બનારસીદાસે' નાંખ્યું. એની જરૂરિયાત છે ત્યાં. આહાહા! આ વસ્તુસ્થિતિ એવી છે ભાઈ! તત્ત્વ જે જુદું, તારી જાતનું નહીં, એનો તને રસ? મિથ્યાત્વભાવ છે, ભાઈ! એ (રાગનો) જ્યાં સુધી રસ છે ત્યાં સુધી મિથ્યાત્વ નહીં તોડે. આહાહા!

એ ભગવાન! તારી અનીતિ છે. એ ન શોભે. ऐसी अनीति न कीजै गुसांई.. હે મહંત! પરમાં પોતાનું માનવામાં મહંતતા નથી. તારો આનંદસ્વભાવ એને માનવામાં મહંતા તારી છે, એમ કહે છે. આહાહા! નજરું ફરી ગઈ નજરું. સાધનસંપન્ન કાંઈક હોય

પૈસાવાળા ને ધણી સરખો હોય, મકાન સારા હોય, એનું કુટુંબ સારું હોય. એ કુટુંબનું હવે આમાં. મકાન મોટા હોય દસ-દસ લાખના, હિંડોળે હિંચતો હોય, એ..ય આમ મજા માણતો હોય. કહે છે કે મરી ગયો છે, સાંભળને. શેમાં મજા માને છે? ત્યાં ક્યાં મજા હતી? તારા જીવનો સંહાર થાય છે. હું સુખસ્વરૂપ છું એમ નહીં, એમ થાય છે. મારું જીવસ્વરૂપ સુખરૂપ છે એમ નહીં, એમ તને થાય છે. સુખરૂપ આ છે એમ થાય છે. એણે આત્માને માન્યો નથી. માનતો નથી એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

તારી નજરમાં તો ચૈતન્ય નિધાનની પ્રીતિ ને રુચિ હોવી જોઈએ. એને ઠેકાણે એ નિધાન મૂકીને ધૂળના નિધાનનો પ્રેમ છે તને, (તો) અનીતિ છે ભાઈ તારી. કોકની ચીજ મારી માને, ચોર છો મોટો. આહાહા! ભારે વાત ભાઈ! પણ ઘરની હવેલી તો પોતાની ખરી કે નહીં? હવેલીને ઘરે ભેગી કરી. પણ ભેગી જડ છે, ક્યાં તેં કરી હતી? એ તો જડ, માટી-ધૂળ છે લક્ષ્મી, આ માટી ધૂળ છે. સમજાણું કાંઈ? ભારે વાત કરી છે હોં. ऐसी अनीति न कीजै गुसांई, લ્યો. હવે દાખલો આપે છે.

વળી— (દોહરા)

**माया छाया एक है, घटै बढ़ै छिन मांहि।**
**इन्हकी संगति जे लगैं, तिन्हहिं कहुं सुख नांहि॥८॥**

**અર્થ :—**લક્ષ્મી અને છાયા એકસરખી છે, ક્ષણમાં વધે છે અને ક્ષણમાં ઘટે છે, જે એના સંગમાં જોડાય છે અર્થાત્ સ્નેહ કરે છે, તેમને કદી ચેન પડતું નથી. ૮.

अर्थ :—लक्ष्मी और छाया एक सारखी हैं, क्षणमें बढ़ती और क्षणमें घटती हैं, जो इनके संगमें लगते हैं अर्थात् नेह लगाते हैं, उन्हें कभी चैन नहीं मिलती॥८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

માયા ને છાયા. છાયા આવે ને જાય, એમ ઓલો કહેતો હતો અમારે રામજી મોટરવાળો. જયપુરમાં હતોને ઓલો વાંકાનેરના ઝવેરી. કેવા કીધા? માવજી ત્રિકમ. માવજી ત્રિકમ ઝવેરીની દુકાન હતી જયપુરમાં. પછી એનો દીકરો ભીખ માગતો હતો. અમે ત્યાં ૧૩ની સાલમાં ગયા. એક દીકરો.. ૭૫ વરસની ઉંમર હશે, એંસી વર્ષની. ટાલ પડેલી, જીર્ણ ગરીબના કપડાં, જોડા ફાટી ગયેલા, હાથમાં ભિખારીનું જેવું ઓલું... દુકાને, દુકાને એમ કહે, એય માબાપ, એક પૈસો આપો. મેં એને જોયો, કીધું, આ કોઈ મૂળ ગરીબ નથી. એનું તાળવું જોતાં કોઈ ગૃહસ્થનો દીકરો છે. એટલે અમારે રામજી.. શું એનું નામ

હતું ? રામજીલાલ.

અને અમારા ભાઈ બેઠા હતા સાથે મહેન્દ્રભાઈ. મહેન્દ્રભાઈ હતા. મેં કહ્યું. આ કોઈ માણસ મૂળ ગરીબ લાગતો નથી. આ માણસ કોઈક ગૃહસ્થનું રૂપ દેખાય છે આમ. આ તો તદ્દન ફકીર જેવો ભિખારી. લૂગડા જીર્ણ, હાથમાં પાત્ર પતરાનું, પૈસો આપો, પૈસો આપો. ૭૫ વરસની ઉંમર. શેઠ ! આહાહા ! ત્યારે રામજીલાલ કહે કે મહારાજ ! એ તો અહીં એક વાંકાનેરના માવજી ત્રિકમ ઝવેરીની દુકાન હતી, એનો દીકરો છે આ. એલા આ ! મહેન્દ્રભાઈએ કીધું કે એને ઓળખીએ છીએ. પૈસા ગયા ત્યારે મેં એને ઘણી મદદ કરી હતી. પણ આ ક્યાં સુધી ? આ ગરીબ માણસ, પૈસો માગે. પતરાનું પાત્ર. પતરાનું હોય ને. એ..ય પૈસો આપો. આહાહા !

પછી એણે કીધું હોં રામજીલાલે, ચડતી-ફિરતી છાયા હૈ. કીધું આ. છાયા ચડતી-ફિરતી. છાયા આવે ને જાય. છાયા હોયને છાયા. આવે ને જાય. એમ લક્ષ્મી આવે ને જાય. એ કંઈ તારી નથી ભાઈ ! આહાહા ! લક્ષ્મી નથી માટે તને નિર્ધન કહેવો, એ કલંક છે. અને લક્ષ્મીવાળો છે માટે સધન છે, એ કલંક છે પ્રભુ ! તને કલંક છે ભાઈ ! લક્ષ્મીથી તને ઓળખાવવો કે આ લક્ષ્મીવાળો, આ પૈસાવાળો. એય ! આહાહા ! છોકરાથી બાપને ઓળખાવવો એ પણ કલંક છે, કહે છે. એમ લક્ષ્મીથી ઓળખાવવો કે આ લક્ષ્મીવાળા, આટલી પેદાશ જેને વર્ષમાં ૧૦-૧૦ લાખ ને ૨૦-૨૦ લાખની. અરેરે ! આવા કોલસાના ધણી તરીકે એને ઓળખાવવો ? સમજાણું કાંઈ ? આહાહા ! કુટુંબનું પછી આવશે. આનો દીકરો અને આનો બાપ ને... અરે! પણ દીકરો-બાપ કોને હોય પણ ? શું કહે છે તું આ? આહાહા ! ભાઈ તું અનાદિનો સત્તાવાળો જીવ, તારા હોવાપણાનું તત્ત્વ તારું, એ કોઈના હોવાપણે તું થયો નથી અને કોઈ ચીજ તારા હોવાપણે આવી હોય એવી છે કોઈ ચીજ ? તારા હોવાપણામાં એ ચીજ હોવાવાળી આવી છે કોઈ ? આહાહા !

माया छाया एक है, घटै बढै छिन मांहि. ક્ષણમાં ગરીબ થઈ જાય, ક્ષણમાં પૈસાવાળો થઈ જાય. કોક કહે, લોટરી એક જણને બાર લાખની આવી. એક રૂપિયો નાખ્યો હતો ત્યાં બાર લાખ. ગાંડો થઈ જાય. અને આ તો વળી કહે ... દિવસ. એક બાઈને બાર હજાર આવ્યા હતા જામનગરમાં આસપાસ. બાઈએ એક રૂપિયો નાખ્યો. બાર હજાર. બાર હજાર.. બાર હજાર કરીને ગાંડી થઈ ગઈ. આહાહા ! અરે ભગવાન ! એ લક્ષ્મીના આંકડા તો જડના છે. એ તારા ક્યાંથી થઈ ગયા ? આહાહા ! ભારે વાત ભાઈ.

इन्हकी संगति जे लगैं.. એના રસમાં જે ચડે, तिन्हहिं कहूं सुख नांहि.. ક્યાંય એને સુખ નથી. પૈસાવાળા પૈસાના સંગે જાય એને ક્યાંય સુખ નથી. સુખ તો આત્મામાં છે

એનું એને ભાન નથી. આહાહા! લોકો એમ કહે, અમારા વેવાઈ સુખી છે. અમારા સગા સુખી છે. અમારી દીકરી સુખીમાં આપી છે, બહુ સુખીમાં. જમાઈ બહુ સુખી છે. ૫૦ લાખ છે, અર્ધો કરોડ છે. અને એને પણ કારખાના છે. મૂરખ છો. આરે, આરે, ભારે! ઓલા મૂર્ખ.... મૂરખ ન હોય તો સાધકપણું આવવું જોઈએને, એમ કહે છે. આહાહા! આ તે વાત કરે છે ને. વાત તો સીધી છે. કહે છે, इन्हकी संगति जे लगैं.. સ્નેહ લગાતે હૈં પ્રેમ. એ બધા દુ:ખી છે બિચારા. આહાહા ! એ ગરીબ છે—દીન છે. પરથી મોટપ મનાવે છે તે ભિખારી છે. સમજાણું કાંઈ? कुटुम्बियों आदिसे मोह हटानेका उपदेश. સાધકપણું બતાવવું છેને? ત્યારે સાધક થશે નહીંતર નહીં થાય, એમ કહે છે.

કુટુમ્બી વગેરેનો મોહ દૂર કરવાનો ઉપદેશ (સવૈયા એકત્રીસા)

लोकनिसौं कछु नातौ न तेरौ न,
　　तोसौं कछु इह लोककौ नातौ।
ए तौ रहे रमि स्वारथके रस,
　　तू परमारथके रस मातौ॥
ये तनसौं तनमै तनसे जड़,
　　चेतन तू तिनसौं नित हांतौ।
होहु सुखी अपनौ बल फेरिकै,
　　तोरिकै राग विरोधकौ तांतौ ॥९॥

**શબ્દાર્થ :—**લોકનિસૌં=કુટુમ્બ આદિ માણસોથી. નાતૌ=સંબંધ. રહૈ રમિ=લીન થયા. પરમારથ=આત્મહિત. માતૌ=મસ્ત. તનમૈ(તન્મય)=લીન. હાંતૌ=ભિન્ન. ફેરિકૈ=પ્રગટ કરીને. તોરિકૈ=તોડીને. તાંતૌ(તંતુ)=દોરો.

**અર્થ :—**હે જીવ! કુટુંબી આદિ લોકોનો તારી સાથે કાંઈ સંબંધ નથી, અને ન તારું તેમની સાથે કાંઈ આ લોક સંબંધી પ્રયોજન છે, એ તો પોતાના સ્વાર્થ માટે તારા શરીર ઉપર પ્રેમ રાખે છે અને તું તારા આત્મહિતમાં મગ્ન થા. એ લોકો શરીરમાં તન્મય થઈ રહ્યા છે, તેથી શરીરના જેવા જ જડબુદ્ધિ છે અને તું ચૈતન્ય છો, એમનાથી જુદો છો, તેથી રાગ-દ્વેષનો સંબંધ તોડીને પોતાનું આત્મબળ પ્રગટ કર અને સુખી થા. ૯.

अर्थ :—हे जीव! कुटुम्बी आदि जनोंका तुमसे कुछ सम्बन्ध नहीं है और न तुम्हारा उनसे कुछ इस लोक सम्बन्धी प्रयोजन है, ये तो अपने मतलबके वास्ते तुम्हारे शरीरसे मुहब्बत लगाते

हैं और तुम अपने आत्महितमें मस्त होओ। ये लोग शरीरमें तन्मय हो रहे हैं, इसलिये शरीर हीके समान जड़बुद्धि है, और तुम चैतन्य हो, इनसे अलग हो, इसलिये राग-द्वेषका धागा तोड़कर अपना आत्मबल प्रगट करो और सुखी होओ॥९॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

તાંતૌ–દોરી. આહાહા! लोकनिसौं कछु नातौ न तेरौ.. हे जीव! कुटुम्बी आदि जनोंका तुमसे कुछ सम्बन्ध नहीं है. કાંઈ સંબંધ છે? બે ભાઈઓ વચ્ચે કાંઈ સંબંધ નહીં? ભગવાનદાસ શોભાલાલ શેઠ. માળે ભારે ભાઈ આ. ન્યાલચંદ મલૂકચંદ. નામ આવે કંઈ શાહ... ભિખારી છે, શાહ શેના આવ્યા? એય! (શ્રોતા : બોલાય નહીં, અમારી જરૂર છે.) એની જરૂર છે હમણાં થોડી. ઓલો લાવવો છેને સંચો લાવવો છેને ન્યાંથી. लोकनिसौं कछु नातौ न तेरौ.. ભગવાન! તું કોણ પણ? તારી દશામાં–તારી અવસ્થામાં એ ચીજ છે કુટુંબીઓ? કુટુંબીઓ તો એના નિત્ય અને એની પર્યાયમાં એ છે. તારામાં ક્યાંથી આવ્યા એ? જુઓ! આ સમ્યગ્દર્શન થવામાં પરનો મોહ અને પ્રીતિ તે બાધક છે, એમ કહે છે. (શ્રોતા : પૂરે હી બાધક?)

પણ હવે પતિ-પત્ની બે હોય તો એમાં તો પ્રેમ હોયને પૂરો. છોકરા ન હોય, છોડી ન હોય, કોઈ લડકા-લડકી ન હોય. રાંધી ખવડાવે કોણ? બૈરા હોય એ ખવરાવે, નાગા ભૂખ્યા ઢાંકે. કહો, એમ માણસ વાતું કરે. પરણે ત્યારે ભાઈ. વૃદ્ધાવસ્થા પછી પરણવું હોયને ત્યારે... ભઈ, બૈરા ઘરના નથી. ઊંમર તો ઘણી થઈ ગઈ છે હવે ૫૫. પણ હવે નાગા ભૂખ્યા કોણ રાખે? કોઈ ઘરનું માણસ હોય તો કરે. લ્યો, આવું બોલે માળા. એય! ઘરનું માણસ ક્યાંથી લાવ્યો તું પણ? એ પરનું માણસ તારું ક્યાંથી થઈ ગયું? આ તો અંદર રુચિ ઉપર ઘા મારે છે. સમજાણું કાંઈ? આહાહા! એય ચંદુભાઈ! ભાઈ! તું પરિભ્રમણ કરતો રખડતો રખડતો અનાદિનો આવ્યો, એમાં આ ચીજ સાથે તારે નાતો શું છે? કાંઈ સંબંધ છે? .... પણ કાંઈ સંબંધ છે? આહાહા! અને જેણે સંબંધ મારા છે એમ માન્યું, એને આત્માનો સંબંધ ગુણનો નહીં કરી શકે એ.

ભગવાન આત્મા આનંદકંદપ્રભુ એનો સંબંધ નહીં કરી શકે એ. આહીં સંબંધમાં એ પડ્યો, આ સંબંધ નહીં કરી શકે એ. એ સંબંધ તોડે તો આહીં સંબંધ જોડે. આસક્તિ હોય એ પછી પ્રશ્ન નથી. એ તો આસક્તિને જાણે છે ત્યાં કે આસક્તિ છે. પણ જ્યાં દૃષ્ટિ-જ્યાં રુચિમાં જ આખું કે આ છોકરા ને આ બાયડી મારા. મરી ગયો છો, સાંભળને! આહાહા! ભારે વાત ભાઈ! સમ્યગ્દર્શનમાં આટલી બધી ચીજ બતાવવાની હશે? ભાઈ! તું તો જ્ઞાનાનંદ આદિથી પરિપૂર્ણ તત્ત્વ છો. એની દૃષ્ટિ ને શ્રદ્ધાનો અનુભવ, એને આ પરવસ્તુ

મારી એ દૃષ્ટિમાં રહે શી રીતે? આહાહા! છ ખંડના રાજમાં ચક્રવર્તી પડ્યો હોય. એ છ ખંડમાં નથી. મારું કોઈ નથી. મારું છે એ મારી પાસે છે. આહાહા! कुटुम्बी आदि जनोंका तुमसे कुछ सम्बन्ध नहीं है और न तुम्हारा उनसे कुछ इस लोकसंबंधी प्रयोजन है. સમજ્યા? તારે ન્યાં એની સાથે શું પ્રયોજન છે? એ તો બધા લૂંટારા છે. સમજાણું કાંઈ? સરખું હોય ત્યાં સુધી હા.. હા. ભોગ ફલાણું, ઢીકણું... ને શરીર જીર્ણ થાય ને પાંચ વરસ ચાલે ક્ષય, (તો કહે), પતી જાય તો ઠીક.

એ તારાચંદભાઈ હતાને તમારા. ઓલો છોકરો એનો હતોને. છોકરાનો છોકરો સોમચંદનો મગન. તે દિ' અમે ત્યાં હતા. એને તો ઘણું વખત લાગી ગઈ. વાર બહુ લાગી ગઈ. સોમચંદનો મગન. મરતાં વાર ... જુવાન માણસ. એ તરત પોતે કહેતા લ્યો, કે હવે તો આ દુઃખી થાય છે હોં. ખાટલો ખાલી થાય તો.... અરર! એનો દીકરાનો દીકરો. જુવાન માણસ મગન. મરી ગયો પછી નહીં એની વહુ આહીં બીજે ગઈ ? આહીં હતીને ..... ખબર છેને. ત્યાં વહોરવા ગયા હતા એને ત્યાં.

આહા! નાટક તો જુઓ આ બધા. જુવાન માણસ રૂપાળો, મગન રૂપાળો હતો. પણ આ પાણી લાગ્યું કંઈક, મુંબઈનું પાણી લાગ્યું. ત્યાં ગયા હતાને. આમ અમારે સંબંધ ભાઈ થાયને. સંતોકબા હતાને. આહાહા! ડોસો કહે, અરે! આ છોકરો દુઃખી થાય છે. જેટલા દિ' વધારે એટલો દુઃખી થાય છે. એટલે ઝટ થાય ખુલાસો, એમ. આહાહા! ઉજાગરા કરવા પડે રાતે કારણ કે ક્યારે મર્યો (એમ) ન કહે તો વાંધા કરે ન્યાતવાળા. કે કોઈ હતું નહીં મરવા ટાણે ખ્યાલ (રાખવાવાળુ)? કેટલા વાગે મર્યા? અઢી વાગે? ભાઈ બરાબર અમને ખબર નથી. કોઈ ત્યાં હતું જ નહીં? હાય, હાય! સમજાણું કાંઈ? અરે! તારે એની સાથે શું પ્રયોજન છે? એ તો પરચીજ છે. રુચિ છોડ અને સ્વભાવની રુચિ કર, એમ કહે છે આહીં. વિશેષ કહેશે.

( પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૬૪, ભાદરવા વદ ૧૪, શનિવાર તા. ૧૮-૯-૧૯૭૧
## સાધ્ય સાધક દ્વાર પદ ૯, ૧૦, ૧૧ ઉપર પ્રવચન

આ સમયસાર નાટક, સાધ્ય-સાધક અધિકાર. એમાં સાધક થવા માટે શું કરવું એ વાત ચાલે છે. જેને ધર્મનું સાધનપણું કરવું હોય એણે પરના પ્રીતિ-રુચિ છોડવી પડશે એમ કહે છે. પહેલી તો લક્ષ્મીની વાત આવી. લક્ષ્મી જડ છે અને એની જો રુચિ રહી તો સમ્યક દૃષ્ટિની રુચિ નહીં થાય. ચંદુભાઈ! આહાહા! આ બપોરે ચાલ્યું હતું પરમ દિ' અને રાત્રે નારણભાઈ ગુજરી ગયા, લ્યો. લક્ષ્મી જડ છે. પૈસો, આબરૂ, કીર્તિ, મકાન, કપડાં, ઝવેરાત-દાગીના એ બધું જડ છે. એની જેને રુચિ છે એને આત્માની રુચિ નહીં થાય. એક મ્યાનમાં બે નહિ સમાય. એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. (શ્રોતા : ક્યા કરના?) યે કહતે હૈં ન, રુચિ છોડ દે. એમ કહતે હૈં. (શ્રોતા : પૈસા નહિ છોડના, રુચિ છોડની?) પૈસા તો કહાં હૈ? છોડે કોણ? રુચિ છોડ દે ઐસી બાત હૈ. પૈસાની રુચિ છોડે એટલે પૈસા રાખવા, એમ નથી. પૈસા તો જડ છે, અજીવ છે. જગતની એક ચીજ છે માટી. એના પ્રત્યે રુચિ ને રસ છે ત્યાં સુધી એને આત્માના આનંદનો ને આત્માના સ્વભાવનો રસ નહિ આવે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

દુશ્મનોના તલવારના અણીમાં બેઠો હોય તો એ એમ માને કે આ અણી મારી છે અને મને વાગે તો મને ઠીક છે? એમ માને? તલવારની ધારું આમ ... લઈ બેઠો હોય, વચમાં ઊભો છે લ્યો. એમાં રુચિ હશે તલવારમાં? બહુ સારી ધાર ઠીક છે હોં. એમ લક્ષ્મી, આબરૂ, કીર્તિ, મકાન એ બધી તલવારની ધાર જેવી અજીવ ચીજ છે. એમાં જેને રસ છે એને આત્માનો રસ નથી. શેઠ! આવું આવ્યું છે આ તો. સમ્યગ્દર્શન કેમ થાય? લક્ષ્મીની રુચિ છૂટે તો આત્માની લક્ષ્મીની રુચિ થાય. ભીખાભાઈ! આ એવી વાત છે કટાકટીની. આહાહા! પછી તો ઘણા દાખલા આપ્યા છે એમાં. ક્યાંથી તું આવ્યો? ક્યાં છો તું? એ લક્ષ્મી ક્યાંની? એ તો જડ ચીજ છે. આહાહા! માટી–ધૂળ, પુદ્ગલ-અજીવ. એ અજીવની જેને રુચિ છે એણે અજીવને જીવ માન્યો છે. સમજાણું કાંઈ? એ કહ્યુંને એમાં?

माया तुम्हारी न जाति न पांति न, वंसकी वेलि न अंसकी झांई.. તારા વંશમાં એ વસ્તુ લક્ષ્મી નથી. તારા વંશમાં તો અનંત આનંદ અને શાંતિ પડી છે. એની પરંપરા રહે એ તારો વંશ છે. લક્ષ્મીનો વંશ, દશ પેઢીથી અમે લક્ષ્મીવંત છીએ. લક્ષ્મીવંત હતો કે દિ'?

એ તો જડ છે. જેને આત્મા સિવાય લક્ષ્મીની–જડની અંદર રુચિ–રસ છે, એ મિથ્યાત્વભાવ છે એમ કહે છે. એવી વાત છે. જેને પુણ્ય પરિણામમાં રસ છે એ મિથ્યાત્વ છે. (શ્રોતા : ...આત્મા ત્રિકાળ આવો છે.) પણ ત્રિકાળ આવો છે, ક્યારે એને બેસે? કે આ ચીજ જડ છે એની રુચિ છોડે તો, ત્રિકાળ આવો છે એમ બેસે. પંડિતજી! આહાહા! ભાઈ! આત્મા માનવો એટલે શું? ભગવાન આત્મા આનંદની લક્ષ્મી સંપન્ન ધ્રુવ છે. એની જેને દૃષ્ટિ અને એનો વિશ્વાસ–આ જ હું છું એવો લાવવો હોય એણે જડની લક્ષ્મીનો વિશ્વાસ, રુચિ છોડી દેવી પડશે. સમજાણું કાંઈ? આહાહા!

ऐसी अनीति न कीजै गुंसाई.. આહાહા! જડનો તું દાસ થઈને રહે છો, એમ કહે છે. લક્ષ્મીનો દાસ. આ વાત એવી આવી છે અંદર... જે પુણ્ય પરિણામનો દાસ છે એ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ આત્માની શાંતિ એનો એ ઘાત કરે છે. જેને અજીવના લક્ષ્મી ધૂળ–માટી, આહાહા! એનો જેને અંદર રુચિમાં પ્રેમ (છે કે) આ ઠીક છે, મને મજા પડે છે, આ બધી સગવડતાના સાધનો ઊભા સારા થયા છે—એમ માનનાર જડને જ પોતાને માને છે. સમજાણું કાંઈ? (શ્રોતા : પુણ્યના વખાણ કરતા હોય એમ આવે છે). પુણ્યના વખાણ શું, પુણ્યથી આ હોય છે એટલી વાત જણાવે છે. નામપ્રકૃતિ જણાવે છે, એ પ્રકૃતિ મારી છે એમ માને? એ તો જડ છે.

જે ભાવે તીર્થંકરપદવી બંધાય એ ભાવ જડ-અચેતન છે. એ અચેતનનો રસ જેને હોય એને તો એ પ્રકૃતિ પરિણામ આવે જ નહિ. (શ્રોતા : મહિમા તો બહુ ગાઈ છે?) શેની ગાઈ છે? (શ્રોતા : તીર્થંકર નામ ગોત્રની) એ તો એની વસ્તુનું સ્વરૂપ જણાવ્યું, પણ છે તો જડ. આહાહા! ભાઈ! ચૈતન્યથી વિરુદ્ધ જાતના રસવાળાને એનાથી વિરુદ્ધ જાતનો ભગવાન એને નહિ બેસે. એ માટે આ 'બનારસીદાસે' ખુલાસો કર્યો છે. આપણે પ્રેમ રાખો પૈસાનો અને ધર્મનો પ્રેમ થાય, બે નહિ રહે. આહાહા! સમજાણું કાંઈ? હવે આપણે આહીં તો અત્યારે કુટુંબ સાથે આવ્યું છે. कुटुम्बियों आदिसे मोह हटानेका उपदेश. એ કુટુંબ પરવસ્તુ, એનો જેને પ્રેમ છે એને આત્માનો પ્રેમ નહિ થાય.

लोकनिसौं कछु नातौ न तेरौ न,
तोसौं कछु इह लोककौ नातौ।
ए तौ रहे रमि स्वारथके रस,
तू परमारथके रस मातौ॥
ये तनसौं तनमै तनसे जड़,
चेतन तू तिनसौं नित हांतौ।

होहु सुखी अपनौ बल फेरिकै,
तोरिकै राग विरोधकौ तांतौ॥९॥

**શબ્દાર્થ :—**લોકનિસૌં=કુટુમ્બ આદિ માણસોથી. નાતૌ=સંબંધ. રહે રમિ=લીન થયા. પરમારથ=આત્મહિત. માતૌ=મસ્ત. તનમૈ(તન્મય)=લીન. હાંતૌ=ભિન્ન. ફેરિકૈ=પ્રગટ કરીને. તોરિકૈ=તોડીને. તાંતૌ(તંતુ)=દોરો.

**અર્થ :—**હે જીવ! કુટુંબી આદિ લોકોનો તારી સાથે કાંઈ સંબંધ નથી, અને ન તારું તેમની સાથે કાંઈ આ લોક સંબંધી પ્રયોજન છે, એ તો પોતાના સ્વાર્થ માટે તારા શરીર ઉપર પ્રેમ રાખે છે અને તું તારા આત્મહિતમાં મગ્ન થા. એ લોકો શરીરમાં તન્મય થઈ રહ્યા છે, તેથી શરીરના જેવા જ જડબુદ્ધિ છે અને તું ચૈતન્ય છો, એમનાથી જુદો છો, તેથી રાગ-દ્વેષનો સંબંધ તોડીને પોતાનું આત્મબળ પ્રગટ કર અને સુખી થા. ૯.

अर्थ :—हे जीव! कुटुम्बी आदि जनोंका तुमसे कुछ सम्बन्ध नहीं है और न तुम्हारा उनसे कुछ इस लोक सम्बन्धी प्रयोजन है, ये तो अपने मतलबके वास्ते तुम्हारे शरीरसे मुहब्बत लगाते हैं और तुम अपने आत्महितमें मस्त होओ। ये लोग शरीरमें तन्मय हो रहे हैं, इसलिये शरीर हीके समान जड़बुद्धि है, और तुम चैतन्य हो, इनसे अलग हो, इसलिये राग-द्वेषका धागा तोड़कर अपना आत्मबल प्रगट करो और सुखी होओ॥९॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! लोकनिसौं कछु नातौ न तेरौ.. કુટુંબ, બાયડી છોકરા-પૈસા-દીકરા એ ક્યાં તારા હતા? એ તો પરવસ્તુ છે. સમજાય છે? પત્નીને પતિ મારો અને પતિને પત્ની મારી (એમ લાગે). મૂઢ છે કહે છે. મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. (શ્રોતા : તો તો દુનિયાનો મોટો ભાગ મિથ્યાદૃષ્ટિ છે.) મોટો ભાગ મિથ્યાદૃષ્ટિની જ વાત ચાલે છે આ સાધક થવા માટે. જે ચીજ પર છે—સ્ત્રી, પુત્ર, દીકરીઓ, જમાઈ વગેરે વગેરે.. મા-બાપ એ તો પર છે, એના સાથે નાતો તારો જરીય નથી, એ તો પરચીજ સ્વતંત્ર જગતની ચીજ છે. એને તું રુચિ કરે છે કે આ મારા. મિથ્યાદૃષ્ટિને આત્માની રુચિ નહીં થાય. એ ભીખાભાઈ! આ તો આવ્યું ઘા અંદર હોં. (શ્રોતા : ઠંડું થઈ ગયું છે બધું). ઠંડું થઈ ગયું ને? પૈસા બંગડીના ને હીરાભાઈ—બેય, બેય આવ્યા આમાં. કહો, સમજાણું આમાં? આહાહા! જે ચીજ પર છે—સ્ત્રી, કુટુંબ પરિવાર, પતિ-પત્ની, દીકરા-દીકરી તે બધી પરવસ્તુ છે. જગતની (વસ્તુ) જડ, શરીર એ જડ. એનો આત્મા તો ચૈતન્ય તારાથી પર છે. એની જેને રુચિ છે કે આ મારા.. નાતો નથી ને નાતો માને છે. મૂઢ છો ભલે ત્યાગી થયો હોય સાધુ થઈને. એ

મૂલચંદભાઈ! વાત તો આવી છે.

(શ્રોતા : ચેલા હોય એને તો પોતાનો માનેને?) ચેલા ધૂળેય ચેલો, કોનો ચેલો હોય? ચેલા કોને? ગુરુ કોણ અને ચેલો કોણ? એ વસ્તુ પર છે. આહાહા! સમજાણું કાંઈ? એનાથી મોહ હઠ્યા વિના આત્મામાં સાવધાનીની દૃષ્ટિ નહિ થાય, એમ કહે છે. વાત એમ કહે છે. સાધારણ વાત લાગે છે, પણ એમાં મોટો મિથ્યાત્વ ને સમકિતની વાતનો વિવેક છે. આહાહા! આ શું? આ તો પર છે. પણ પર છે એની જેને આમ રુચિ છે કે આ ઠીક છે. આ ઠીક છે, મને સાધન છે, મારા બધા રખોપિયા એ જાગ્યા છે, મારી સગવડતાના સાધનો બધા છે. મૂઢ છો, કહે છે. એ મૂલચંદભાઈ! એ શેઠ! (શ્રોતા : આ તો બધાને જુદા પાડી દેવાની વાતો છે). વસ્તુ એવી છે ત્યાં. એ ઢીલો પરથી નહિ પડે ત્યાં સુધી આત્માનો ઉગ્ર પુરુષાર્થ નહિ કરી શકે એમ કહ્યું છે. હમણાં એ કહેશે. હમણાં કહેશે.

तोसौं कछु इह लोककौ नातौ.. એની સાથે તારે સંબંધ નથી અને તારી સાથે એને કાંઈ સંબંધ નથી. એ એને કારણે આવ્યાં અને તું તારે કારણે છો ભાઈ! કોઈ કોઈને કાંઈ સંબંધ નથી. આહાહા! સમજાય છે કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિ સ્ત્રી હોય તો આ પતિ મારો એમ અંતરમાં એ માનતી નથી. આહાહા! ગજબ વાત છે. કોણ પતિ? કોણ પત્ની? આત્મા સ્વતંત્ર છે. આ પતિ મારો અને ભરથાર મારો, મારું ભરણપોષણ કરશે. ભગવાન! તું કોણ અને એ ચીજ કોણ? એ ચીજ તો પર છેને. પરનો કાંઈ સંબંધેય નહોતો ચોર્યાશીના અવતારમાં. આહાહા! સમજાણું કાંઈ?

હમણાં નહોતું ભાઈ ત્યાં ? કેંપ (વઢવાણ)માં આપણા ગિરધરભાઈ હતા. ગીરધરભાઈ આવે છેને. એના ભાઈનો દીકરો ૧૪ વરસનો રમતો હતો. ચોકમાં રમતો હતો. એમાં, (શ્રોતા : લોહીની નસ તૂટી ગઈ) નસ તૂટી ગઈ. શું કહે છે એને? (શ્રોતા : હેમરેજ) હેમરેજ થઈ ગયું. લઈ ગયા હોસ્પિટલમાં. કેટલા કલાક રહ્યા પંકજ? (શ્રોતા : આઠ દિવસ હતા). આઠ દિવસ? છ દિવસ કહેતું હતું કો'ક. દિવસ હોં, છ કલાક નહિ. (શ્રોતા : કહીં પર ગિર ગયા થા?) રમતાં રમતાં નસ તૂટી ગઈ. ચૌદ વરસનો જુવાન. રમતો હતો ને નસ તૂટી ગઈ. હવે ન્યાં એને તૂટવાનો સમય હોય ત્યારે તૂટે જ ને. હોસ્પિટલમાં છ દિ' રહ્યો. (શ્રોતા : આયખું પુરું). આ દશા જડની. જડ કયાં તારું છે કે એ રાખી શક એને ? એ કહેશે. આહીં તો હજી કુટુંબની સાથે. પતિને પત્ની મારી અને પત્નીને પતિ મારો. જે દ્રવ્ય એનું નથી અને એ દ્રવ્ય મારું માન્યું એ મિથ્યાત્વનો મોહ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! આ તો ઘરે ભારે આવ્યું, ભાઈ! આટલું બધું? સમ્યગ્દર્શનમાં આટલું બધું વિઘ્ન? (શ્રોતા : યથાર્થ છે). યથાર્થ છે.

ભાઈ ! તું તો આત્મા છોને, પ્રભુ ! અને તે પણ શુદ્ધ ચૈતન્યની મૂર્તિ તે આત્મા. એવા આત્માના પ્રેમ સિવાય એ પુણ્યના-પાપના પરિણામનો પ્રેમ એ પણ મિથ્યાત્વ છે. કારણ કે સ્વભાવથી તે અન્ય જાત છે. તો આ બાયડી, છોકરા, કુટુંબ, મા-બાપ તો ક્યાંય રહી ગયા. આહાહા ! એ મારા અને હું એનો... એ આવે છેને 'સમયસાર.' નોકમ્મે કમ્મે. એ શ્લોક આવા શ્લોક આમાંય આવે છે આ જાતના બધાય. 'ત્રિલોક પણ્ણંતિ.' બધા શ્લોક એમાં આવ્યા હતા બધાય. 'ત્રિલોક પણ્ણંતિ.' નોકર્મ, કર્મ અને પરવસ્તુમાં હું હતો, એ મારાં છે અને મારા થશે, એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એ શ્લોક આમાં છે. સમજાણું ? 'ત્રિલોક પણ્ણંતિમાં' 'સમયસાર'ની ગાથાઓ, 'પ્રવચનસાર'ની, 'પંચાસ્તિકાય'ની ખાસ ગાથાઓ. 'अहं एको खलु शुद्धो'. બધી ગાથાઓ. પહેલા કહ્યું હતું એકવાર. કહ્યું હતું એકવાર. ઘણી ગાથાઓ. મૂળ તો લોકનું વર્ણન કર્યું પણ એની સાથે વસ્તુની સ્થિતિ પણ આવી છે એમ વર્ણવેને સાથે. (શ્રોતા : .....) છે લોકનું આવું સ્વરૂપ છે, પણ છે તારાથી ભિન્ન. સમજાણું કાંઈ ?

**ए तौ रहै रमि स्वारथके रस..** ભાઈ ! તારી પત્ની અને તું પત્નીનો પતિ, એ દીકરા ને દીકરીયું, સાસુ ને સસરા, મા ને બાપ એ તો પોતાના સ્વાર્થમાં રાચી રહ્યા છે. દીકરાનું શરીર ઠીક હોય ત્યાં સુધી ઠીક. જ્યાં આમ સૂકાઈ જાય, બે-ચાર મહિના, છ મહિના-આઠ મહિના-દસ મહિના વરસ-બે વરસ ચાલે, થઈ રહ્યું. હવે છૂટી જાય તો સારું, અમારે ઉજાગરા કરવા પડે છે. આહાહા ! એ ગાંડા.. પહેલા કહેતોને કે મારા છે. એય ! હવે ખાટલો ખાલી થાય તો સારું, એમ કહે. ઉઘાડું કહે. અમે સાંભળેલું છે. ડોક્ટરને કહેલું તારાચંદભાઈ અપાસરે આવીને કહે, અરેરે ! મગન તો હવે બહુ.... રાતે ઉજાગરા કરવા પડે ને હવે તો ખાટલો.... દેહ છૂટી જાય, દુઃખી બહુ છે. એમ કરીને દુઃખી બહુ છે. એય ! એ બધાય એવા હોં. તમને શું કે મારા દીકરા સારા અને આના આવા. બધા સ્વાર્થના પૂતળા છે. ધૂતારાની ટોળીયું છે બધી. આવી ગયું છે પહેલા આપણે.

'નિયમસાર'માં આવી ગયું છે. અરે! તારી ચીજનો તને પ્રેમ ન થાય અને પરચીજનો પ્રેમ જ્યાં સુધી તને રોકે, આત્મા હાથ નહિ આવે. આસક્તિ જુદી ચીજ અને રુચિનો પ્રેમ જુદી ચીજ છે. સમ્યગ્દૃષ્ટિને આસક્તિ એ તો પોતાની નબળાઈનો દોષ છે. અને રુચિ છે એ તો પરવસ્તુ એની નથી ને મારી માની, એનો દોષ છે. આહાહા ! ભારે ભાઈ વીતરાગમાર્ગનું તો સ્વરૂપ ! આહાહા ! હવે છોકરો સારો હોય તો એના વખાણ કરે. અમારો છોકરો પાક્યો છેને. આહાહા ! કુટુંબમાં કાંઈ ઠેકાણું ન હોય છતાં મારો ભાઈ એવો છે કે એ આમ છે અને એની આબરું આવી છે ને. પણ લેવા-દેવા ન મળે તારે, શું

કરવા બેઠો તું? સમજાણું?

ए तौ रहै रमि स्वारथके रस. અરે! જગતના પ્રાણી પત્ની-પતિ, દીકરા-દીકરીયું, સાસુ-સસરા ને મા અને બાપ પોતાના સ્વાર્થને માટે પડ્યા છે બધા. કોઈ મરી જાય તો એમ રોવે કે ક્યાં ગયો હશે? એને પોતાને વાંધો આવ્યો છે. જરા સરખાઈ કાંઈક રળતો હતો તે ગયો, એનું રોવે છે. પોતાના સ્વાર્થને રોવે છે. અરે! ક્યાં ગયો હશે આ મરીને? છે એનો વિચાર? એમ હશે? (શ્રોતા : કોઈ નહિ રોવે) નહીં? (શ્રોતા : એ પણ ઓલા ખરખરો કરવા આવે એને નુકશાન થશે). એ વાતું કરે. અરેરે! એ આવો હતો. આ પાંચ-છ વર્ષ હોત તો નાના છોકરા હતા, આમ છે, તેમ છે. બાલબચ્ચા છોકરા, નાની ઉંમરમાં મરી ગયો, હવે પાછળ કોણ ખવડાવશે? લ્યો, આના ખરખરા ખરખરો સમજાય છે? અમારી સૌરાષ્ટ્રની ભાષા. (શ્રોતા : .....) અહીંયા બેસણે જાતે હૈં. બેસણે જઈને કહેને ખરખરા કર્યા. આહાહા! (શ્રોતા : આશ્વાસન). આશ્વાસન. શેનો આશ્વાસન પણ? એ સ્વાર્થનો આશ્વાસન છે. એને પોતાને ગોઠે છે એ ભાવને... આ પાંચ વરસ-દસ વરસ હોત તો આપણું ઘર પણ તારત ને આમ થાત ને તેમ થાત. આહાહા!

એ तो स्वारथके रस, तू परमारथके रस मातौ.. આહાહા! તું તો પરમ આનંદસ્વરૂપ પ્રભુ તારામાં—એમાં રસ લે. એમાં मातौ था. આહાહા! ત્યારે એને સમ્યગ્દર્શન થાય નહિતર સમ્યગ્દર્શન ન થાય, એમ કહે છે. આહાહા! સમ્યગ્દર્શન એટલે કાંઈ આમ આત્મા છે અને આ છે ને માની લે, એમ નહિ. સમજાણું કાંઈ? વસ્તુનું જેવું સ્વરૂપ છે એનાથી વિપરીત તત્ત્વને માને છે એ. ये तनसौं तनमै तनसे जड़.. એ બધા શરીરમાં તન્મય છે. તારા શરીરને જ માને છે અને એના શરીરમાં એ તન્મય છે. બાયડી, છોકરા કુટુંબ, મા-બાપ એના શરીરમાં તન્મય છે. એથી તારા શરીરમાં એને ફક્ત આ શરીરને માને છે. આહાહા! ये तनसौं तनमै.. એ શરીરમાં તન્મય છે એ લોકો. આહાહા! આ તો દિન-રાત એને સંભાળે, આમ સાચવવું ને આમ ખવરાવવું ને આમ સૂવરાવવું ને આમ કરું. માળા એ તો જડ છે. જડની સાથે સગાઈ કરી અને હવે કરશું લગન મડદા સાથે.

'અનુભવ પ્રકાશ'માં આવે છે. 'અનુભવ પ્રકાશ'. 'દીપચંદજી'. આ જડ સાથે સગાઈ કરી. આહાહા! હવે આ તો જગતના રજકણ જડ માટી-ધૂળ છે. તન્મય એમાં જે છે એને આત્માનું તન્મયપણું નહિ પ્રગટ થાય. સમજાણું કાંઈ? અને ये तनसौं तनमै तनसे जड़.. એ તો શરીરના મોહી જીવોને તનમાં શરીરને લઈને મોહ છે. તારો આત્મા છે એનું કાંઈ છે નહિ. આહાહા! જાદવજીભાઈ! ભારે આ તો હાલ્યું આખું. આહાહા! એ તનસે જડ. એ તો શરીરની જડબુદ્ધિ છે. આહાહા! જુઓ, આ જડબુદ્ધિઓને મારા માનવા, તું જડ છો

કહે છે. આહાહા ! ભારે ! 'બનારસીદાસે' સાધ્ય-સાધક શરૂ કરતા આવી વાત લીધી. મૂળ મુદ્દાની રકમ મૂકી. આહાહા ! પ્રભુ તું કોણ ? ક્યાં અને કેમ ? તું તારામાં તેમ રહેવું તે તું. પરને લઈને તું, તારે લઈને એ, એમ છે નહિ. આહાહા ! આ રીત છે એની.

चेतन तू तिनसौं नित हांतौ.. ત્રિકાળ તું એનાથી ભિન્ન છો. તો વર્તમાનમાં ક્યાંથી તારા થઈ ગયા ને સંબંધ કર્યો તેં ? આહાહા ! આ સમ્યગ્દર્શન પામવામાં આ મિથ્યાત્વભાવ વિઘ્ન કરનાર છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહા ! होहु सुखी अपनौ बल फेरिकै,.. ભગવાન ! તું દુઃખી છો આ રીતે હોં. પરને મારા માનવા અને એ મને માને છે, મને બહુ માન આપે છે માટે મારા છે. દુઃખી છો ભાઈ ! મિથ્યાભ્રમણાથી દુઃખી છો. સમજાણું કાંઈ ? हो हु सुखी अपनौ बल फेरिकै.. સુખી થા હવે. હું તો આત્મા છું. એ શરીરેય મારું નહિ. બાયડી, છોકરાં, કુટુંબ, વેપાર–ધંધા. અમારી દુકાન ધીકતી ચાલે છે. પણ દુકાન ક્યાંથી આવી તારી ? તારા બાપની ક્યાં અને તારી ક્યાંથી આવી ? એય ! કેમ હીરાભાઈના બાપની તો નહોતી, પણ હીરાભાઈની ક્યાંથી આવી અહીંયા ? આહાહા ! (શ્રોતા : આ જાણવા જેવી વાત...)

અમારા કુંવરજીભાઈ કહેતા. આહાહા ! આપણી કુંવરજી જાદવજીની દુકાન ધીકતી પેઢી. ઘણાંની ભાંગી પણ અમારે તો અહીં ચડતી.. ચડતી.. સાતસો રૂપિયા મહિને હતો પહેલો પેદાશ વરસનું. સાતસો. તે દિ' ૬૩ના સાલની વાત છે. પહેલી દુકાન ૬૩માં કરી, માંડ મહિને ૭૦૦-૮૦૦. પણ તે દિ' ખર્ચ એટલો નહોતો. કરતાં, કરતાં, કરતાં બે લાખની પેદાશ વરસની. જુઓ! દુકાન અમારી કેવી ચાલે છે. પણ દુકાન તારી હતી જ કે દિ' ? શેઠ ! દુકાન જડની. આહાહા ! એ વેપાર બધો અજીવતત્ત્વનો અને એ બધી વેપારની પર્યાય અજીવતત્ત્વની અને તું કહે અમારી પેઢી છે. મૂઢ છો ! આરે, આરે ભારે !

होहु सुखी अपनौ बल फेरिकै.. હું તો ચૈતન્ય છું. જાણનાર–દેખનાર આનંદ છું. એમ પોતાનું બળ ફોરવીને હોં. ઓલું છોડી દે, કહે છે, મમતા. રુચિથી છોડી દે. મૂક્યા પછી અસ્થિરતા આવે, એ પરને મારા માનવાની અસ્થિરતા નથી. એ તો પોતામાં સ્થિર થઈ શકતો નથી એટલે જરી અસ્થિરતાનો ભાગ આવે છે. સમજાય છે ? પણ એ અસ્થિરતાય મારી નથી. આહાહા ! સમજાણું કાંઈ ? ભારે વાત ! 'જ્ઞાનીકો ભોગ નિર્જરાકો હેતુ હૈ.' માટે આપણે સ્ત્રી ને ભોગ ભોગવીએ તો નિર્જરાનો હેતુ છે. મરી જઈશ, સાંભળને ! પરપદાર્થમાં રુચિ અને રસ આવે છે એ મિથ્યાત્વનો રસ છે. આહાહા ! સમજાણું કાંઈ ? એકલો રખડતો આવે છે. ન આવ્યું 'નિયમસાર'માં ? એગો મરદિ જીવો એગો, કર્મરહિત થઈને મોક્ષે એકલો જાય. રાતે આવ્યુંને ? ગાથા છે આ તો મૂળ.

'एगो मरदि जीवो एगो य जीवदि सयं...' (નિયમસાર ગાથા ૧૦૧) કોઈ સાથે નહોતું, ભાઈ ! રાગ એ પણ તારી ચીજ નથી તો વળી રજકણ ને બાયડી–છોકરાં ક્યાંથી આવી ગયા તારા? મોટા હજીરા કર્યા પાંચ-દસ લાખના મકાન. માથે નામ .. ફલાણું નામ. એલા! નામેય તારી ચીજ નથી. આહાહા! શું કહે છે બધા? નામ મોટા મોટા લખે સુધરેલા. વાસ, નિવાસ, ફલાણું, ઢીંકણું. (શ્રોતા : સુંદર નિવાસ) સુંદર નિવાસ. એના દીકરાનું નામ સુંદર. સુંદર નિવાસ. છોકરો ખુશી થાય, આહાહા! માથે પણ પોતાનું ... કામ કરાવ્યું અને નામ આપ્યું મારું હોં. આહાહા! મૂર્ખના તો... આવી વાત છે આવી. 'બનારસીદાસ' ખુલ્લું ખુલ્લું કરીને મૂકે છે. જે ગૂઢ અને ગંભીરપણે ભાષા છે એને સ્પષ્ટ કરે છે. આહાહા! होहु सुखी अपनौ बल फेरिकै.. પોતાનું બળ ફોરવીને. હું આનંદમય આત્મા છું. શરીર કુટુંબ તો મારું નહિ, રાગેય મારો નહિ. આહાહા! अपनौ बल फेरिकै, એમ કીધુંને. પોતાના પુરુષાર્થથી. આહાહા!

तोरिकै राग विरोधकौ तांतौ.. આ મારા છે એવો રાગ અને આ મારા નથી એવો દ્વેષ—બેયનો તાંતો છોડી દે. આહાહા! સમજાણું કાંઈ? તું તો જ્ઞાતા-દૃષ્ટા ને એ જ્ઞાનમાં જણાય એવું જ્ઞેય છે. એ જ્ઞેય જણાય એને મારા માન, એ મહામૂર્ખાઈ છે એમ કહે છે. મૂલચંદભાઈ! આવું સાંભળવાનું ક્યાં મળે છે ન્યાં? બધા ચોપડે ... આહાહા! માખણ ચોપડે બધા. એ શેઠ! બાપુ! દૃષ્ટિને ફેરવતાં અનંતો પુરુષાર્થ છે. હા, એ વાત સાધકની કરે છે. અનંતો પુરુષાર્થ છે ભાઈ! જે એના નથી એની રુચિ છોડવી અને જે મારા છે તેની રુચિ કરવી, એમાં અનંત પુરુષાર્થ છે. આહાહા! પુરુષાર્થ કાંઈ બહારમાં કૂદતો નથી. છોકરાની સરખાઈ ન હોય તો પોતે દુઃખી થાય. અરેરે! છોકરાને સરખાઈ નથી. અર! મરણનું ટાણું આવ્યું. અરેરે! છોકરા સરાડે ચડી ગયા હોત ને પછી મોત થાતને તો ચિંતા નહોતી. આહાહા!

હવે પણ આ તે કંઈ વળગી પડ્યો છેને ઉકરડાને. ઉકરડો સમજતે હૈં? કૂડેકા ઢેર. કૂડા.. કૂડા ઢેર. એમ જગતનો કૂડાનો ઢેર એ તારો ક્યાં હતો? સાંભળને હવે. (શ્રોતા : .....) બિલ્કુલ એ વાતેય.. એ તો લૌકિક વાત ચાલે છે. નિર્ધન દુઃખી અને આ પૈસાવાળા સુખી. એ વાત જ બધી વ્યવહારની છે. એ આવે વ્યવહારની વાતું. એને ધૂળ પૈસા રાખ્યા રહે છે? એના છે તે રહે? આહાહા! અરે! પૈસામાં અસક્તિ અને રુચિ થાય એ ચીજ એની નથી. આહાહા! એ તત્ત્વને અતત્ત્વ માને છે. ભગવાન આત્મા જ્ઞાયકતત્ત્વ જાણનાર દેખનાર તત્ત્વ જ્ઞેયતત્ત્વોને પોતાના માને એ તો વિપરીત છે. જ્ઞેયને જ્ઞાયકતત્ત્વ માન્યું. સમજાણું કાંઈ? આહા! એવી વાત છે ભાઈ! આ કંઈ પોપાબાઈનું રાજ નથી. આહાહા! ભારે પણ 'બનારસીદાસે'!

तोरिकै राग विरोधकौ तांतौ.. આ મને ઠીક છે અને આ મને ઠીક નથી. બેય રુચિ તારી જૂઠી છે. સમજાણું કાંઈ? આ દુશ્મન છે અને આ સજ્જન છે.—બેય તારી રાગ-દ્વેષની રુચિ જૂઠી છે. આહાહા! મલૂકચંદભાઈ! કેમ હશે પણ આ? હવે આ ન્યાલભાઈનાં બંગલા દેખીને બેસે ને બાપુજી કહે તો આમ કેટલું થઈ જાય અંદર પોરસ ચડે એમાં. આહાહા! વગર ખાધે પોરસ ચડી જાય અંદર. પણ કાંઈ વધીને બહુ નથી વધ્યું. થોડું ઘણું વધ્યું છે, એમ કો'ક કહેતું હતું. આહાહા! ભારે આ ભારે! (શ્રોતા : એ તો શરીરને. એમાં એને શું છે?) એ શરીર એ હું છું અને એ વધ્યો એટલે વધ્યું. સારા દીકરાની હુંફ હોય ને આમ ખુરશીએ બેઠા હોય, મોટા-મોટા એને માનતા હોય, એને એમ કહે કે મારા બાપુજી છે આ. આહાહા! મારા બાપુજી છે, કહે. હેં! તમે મોટા આવા કરોડપતિઓ અને આવા તમારા વૈભવ ને તમારા બાપ આ?

એવું થયું હતું જરીક. વળામાં. ઉમરાળા પાસે વળા છેને વળા. વળામાં એક સુધરેલ માણસ હતો જુવાન સુધરેલ. મોટો અમલદાર અને એનો બાપ ઊંટે બેસીને નીકળ્યા. ઊંટ.. ઊંટ. ઊંટ સમજતે હૈં? વળા હૈ ન વળા. અહીંયા ઉમરાળા પાસે. વલ્લભીપુર. અમારા ગામથી સાત માઈલ. પહેલા શ્વેતાંબરના શાસ્ત્ર લખાણા ત્યાં. વલ્લભીપુર. ત્યાં એક એનો બાપ અને દીકરો બેય ઊંટ પર બેસીને જાતા હતા ક્યાંક. એમાં આ વળાને ખબર પડી. ઓલો અમલદાર મોટો. ઓલાને ખબર પડી એટલે કહ્યું, બહારેથી નહિ જવાય તમે જમીને જાઓ. સમજ્યાને. મળવા આવ્યો એ. એના બાપને અને ઊંટને જરી બહાર રાખ્યા ને મળવા આવ્યો પોતે. અહીંયા જમ્યા વિના નહીં જવા દઉં. કોઈ બીજું છે કોઈ? હા, એક હું છું અને એક માણસ છે. બાપને માણસ કીધો. સાદો માણસ ને લુગડાં સાદા ને આ અપટુડેટ. એક હું છું અને એક માણસ છે. પણ જમ્યા વિના નહિ જવાય. ઠીક, એવો આગ્રહ કર્યો. જાઓ એના માણસ ને ઊંટને બોલાવો, અહીં આવે.

પેલો માણસ ગયો તેડવા કે હમણાં સાહેબ આવ્યા છે એના તમે માણસ છોને? કહે, હા. એનો બાપ છું, કહે. બાપે ગાળ દીધી એની ભાષામાં. માળો અહીંયા મને માણસ ઠરાવ્યો લાગે છે. એમ નથી કીધું કે મારો બાપ છે. એક હું અને એક માણસ છે. શેઠ! આહાહા! આ આવું બધુ ફાટેલમાં બધું હશે. આ બહાર ઉઘાડું પડ્યું, કો'કને અંદરમાં હોય. આહાહા! પછી જરી ભાઈ ન્યાંની ભાષા બોલ્યો. તમે એમના માણસ છો? કહે, હા હું એની માનો લોઠો છું. આ શું? એની માનો ધણી છું, એમ. ઓલો માણસ સાંભળીને એક આમ.... અને આ તો સાહેબે એમ કીધું, મારો માણસ છે. ઓલાએ હઠ કરી કે જમીને જાવું. એને આમ થઈ ગયું કે મારું એણે અપમાન કર્યું છે આહીં. ત્યાં કહ્યું દરબાર

સાહેબને. ઓલો ભોંઠો પડી ગયો.

એક પગાર કંઈ પાંચ-દસ હજારનો થઈ ગયો ને બધા ઓળખીતા થઈ ગયા. આ મારો માણસ છે એમ તારે ઠરાવવું છે? શેઠ! બાપનું હીણાપણું દેખીને.. લૂગડાં સાદા હોયને, સાદા માણસને. આવા અમલદારના આવા બાપ? એમ. એ તો ઓલા સાદા લૂગડાં જુએ. આ બધો સ્વાર્થનો પીછું આવું છે બધું. નાટક આવા છે. એ કહે, એની માનો ધણી છું. હું કંઈ માણસ નથી. અને જઈને કીધું દરબારને. ઓલો બેઠો હતો. હાય.. હાય! માણસ કહેતો હતો. આહાહા! એમ આખી દુનિયા આ રીતે છે હોં. જ્યાં સરખાઈ દેખે એટલે મારા મારા માને. અને જ્યાં સરખાઈ હોય... સાળાનો સાળો અને એનો સાળો હોય. પણ પૈસાવાળો હોય તો એને કહે, આ મારા સાળાનો સાળો. એ કરીને પણ પૈસા આલો પાસે છે ને મોટી આબરૂવાળો છે, એમ. બે-પાંચ કરોડ, દસ કરોડ છે. એની આબરૂની હૂંફ લેવા માટે એમ કહે. અને સગો સાળો હોય અને જો નિર્ધન હોય તો એનું નામ ન લે કે એ મારો સાળો છે. કોઈ ફલાણા ગામનો છે. આહાહા! આ દુનિયાની રુચિ. આહાહા!

કહે છે, તોડ રાગ અને વિરોધ. રાગ અને દ્વેષ. આ મારા એવો રાગ અને આ મારા દુશ્મન એવો દ્વેષ છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આવો ખુલાસો ભારે ભાઈ આ! (શ્રોતા : બધી પોલ ઉઘાડી દીધી). 'બનારસીદાસે' તો કામ કર્યું છેને પણ ત્યાં. આ સાધકની વાત કરવી ત્યાં આને કીધી. એ તારી રુચિ તને નડે છે. સમ્યક્ થવામાં એ રુચિ કે આ મારા, એ તને નડે છે. આ મારા નહિ થવા દે. આહાહા! લ્યો. દસમો પદ. इन्द्रादि उच्चपदकी चाह अज्ञानता है. ભારે વાત મૂકી છે.

ઈન્દ્રાદિ ઊંચ પદની ઈચ્છા અજ્ઞાન છે (સોરઠા)

जे दुरबुदी जीव, ते उतंग पदवी चहैं।
जे समरसी सदीव, तिनकौं कछू न चाहिये॥१०॥

**અર્થ :—**જે અજ્ઞાની જીવ છે તે ઈન્દ્રાદિ ઊંચ પદની અભિલાષા કરે છે, પરંતુ જે સદા સમતારસના રસિયા છે, તે સંસાર સંબંધી કોઈપણ વસ્તુ ઇચ્છતા નથી. ૧૦.

अर्थ :—जो अज्ञानी जीव हैं वे इन्द्रादि उच्चपदकी अभिलाषा करते हैं, परन्तु जो सदा समतारसके रसिया हैं, वे संसार सम्बन्धी कोई भी वस्तु नहीं चाहते॥१०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવ ઇન્દ્રાદિ ઊંચ પદકી અભિલાષા કરતે હૈં. અમે દેવમાં જાશું ને દેવ થાશું. અરે મૂઢ ! તું ક્યાં છો દેવ? આહાહા! એવી ઉચ્ચ પદવીને ઇચ્છે છે. સમજાણું? પરંતુ સદા સમતારસકે રસિયા સમરસી सदीव.. ધર્મી તો જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ સમતાવાળો છે. એને આ ઇન્દ્રનું પદ મળવું ને અહમિન્દ્ર છું, એવી સમકિતીને ઇચ્છા હોય જ નહિ. એને ઇચ્છા હોય તો મુક્તિની. એ ઇચ્છા પણ હોય ત્યાં સુધી વિરોધ છે. આહાહા! સમજાણું કાંઈ? जे दुरबुदी जीव ते उतंग पदवी चहै.. સંસારની શેઠાઈ મોટી હો કાં ઇન્દ્રના પદ હો, શું કહેવાય મુખિયો ઓલો... સમજાણું? સંઘવી.. સંઘવી. સંઘવીનું પદ મળે. મૂઢ છો, કહે છે, માળા! આહાહા! આહીં તો એમ કહેવા માંગે છે કે કોઈ કદાચિત્ પુણ્યને લઈને એમ ઇચ્છે કે અમને આવી પદવી મળે. મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. નિજપદને પામવાની દૃષ્ટિ એને છે નહિ. આહાહા! સ્વર્ગમાં તો જાશું પછી ભગવાન પાસે જાશું. ધૂળે નહિ જા, સાંભળને! આહાહા! કહે છે, जे समरसी सदीव तिनकौं कछू न चाहिये.. એકેય પદ જોઈએ નહિ. રાગ ન જોઈએ ત્યાં વળી પદ બહારના ક્યાંથી આવ્યા? આહાહા!

ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવને પોતાના નિજપદ સિવાય રાગ ને રાગના ફળની ઇચ્છા હોતી નથી. આહાહા! માળે નાખી છેને વાત. મર્મની વાત ખોલી છે. આમ તો કહે, સમ્યગ્દૃષ્ટિને ૯૬ હજાર સ્ત્રી હોય, આઠ .... હોય, ગામ હોય, ફલાણું હોય, દીકરા હોય. હોય, પણ એને નહિ, સાંભળ તો ખરો! એના નથી, એ મારા માનતો નથી. આહાહા! એ તો જેમ જગતની બીજી ચીજ જ્ઞેય તરીકે જાણે છે, એમ આને જ્ઞેય તરીકે જાણે છે. સમજાણું કાંઈ? પચાસ છોકરા હોય, હવે એના જ્ઞાનમાં તો પચાસેય જ્ઞાનમાં આવે છે આમાં, જુઓ. એમાં આ મારો દીકરો એ ક્યાંથી આવ્યું ? કહે છે. આવ્યું ક્યાંથી? એય! આરે, ભારેભઈ આ! પચાસ ઘરની શેરી હોય, પચાસ ઘરની શેરી. હવે શેરી છે એમ જરીક આમ જોવે છે કે છે. જ્યાં એનું મકાન આવે ત્યાં કહે, આ મારું મકાન. એ આવ્યું ક્યાંથી તારું પણ આ? એ તો પચાસેય જોય, એ તો જ્ઞેય છે. તારા જ્ઞાનમાં જણાય છે કે આ છે. એ જ્ઞેય તરીકે છે ને કહે, આ મારું છે. (શ્રોતા : એ એના ઘરમાં જાય તો કોઈ ના ન પાડે અને બીજાના ઘરમાં જાય તો ડખો કરે.) કોના ઘરમાં જાઈએ ને ક્યાં જાઈએ ને ક્યાં નીકળ્યા ? આહાહા!

આ છેને ઓલો દાખલો આપ્યો છે. 'શ્રીમદે' દાખલો આપ્યો છે. શેરીમાં એમ કે પચાસ ઘર છે. છે ત્યાં એમાં. એ પચાસને તો આમ જોવે છે એ તો. આ છે, બસ એટલું, જ્ઞેય તરીકે. એમાં આ ઘર મારું. એ તો તેં અધિક મિથ્યાદૃષ્ટિપણું કર્યું. સમજાણું કાંઈ? પણ પૈસા ખર્ચીને બનાવ્યું હોય, ઊભા રહીને બનાવ્યું હોય તો એનું ખરું કે નહિ? પોતે

ઊભા રહીને બનાવ્યું હોય, લ્યો. આરસપહાણ અહીં ગોઠવજો, આ ત્યાં ગોઠવજો. ઊગમણી હવા આવે, આથમણી હવા જાય, તડકા સરખા પડે. આખા કિરણો પડે મકાનમાં જેથી હવા ચોખ્ખી રહે, ઉત્તર–દક્ષિણું ભલે બારી ન હોય, પણ ઊગમણી-આથમણી બારી તો રાખવી, જેથી આ કિરણો બેય બાજુ પડે. એવું કરીને બનાવ્યું હોય અને એ કહે તારું નહિ, લે! આહાહા! એ જ કહે છે કે સુવિધા પરની રાખવી એ મૂઢ છે. શેઠ! એ તો સ્વતંત્ર પદાર્થ છે. તારે લઈને છે એ? એને લઈને એ છે, એમ કહે છે. આ તો બધું પોકળ ખુલ્લે એવું છે. એય ચંદુભાઈ! આહાહા!

समरसी सदीव.. ધર્મી તો એને કહીએ કે જેને આત્મરસ પ્રગટ્યો છે. હું આનંદ છું. એને પરચીજ સ્ત્રી, કુટુંબ આદિ બધા જ્ઞેયમાં એને હોય છે. જ્ઞેયના ભાગલા પાડતો નથી. જ્ઞેયના બે ભાગ પાડે કે આ મારા અને આ તારા, આ દુશ્મન અને આ સજ્જન. એમાં લખ્યું છે જ્ઞેયમાં? ક્યાંથી ભાગલા પાડ્યા તેં? એમ કહે છે. આહાહા! માર્ગ બાપુ વીતરાગનો એવો છે. દૃષ્ટિનો વિષય જ આખી ચીજ જુદી છે. દૃષ્ટિનો વિષય છે એ ચીજ? મિથ્યાત્વનો વિષય છે, મારા માને તો. આહાહા! એવો વિષય વસ્તુ જ નથી, એમ કહે છે. એ જ્ઞાનનો વિષય જ નથી, એમ કહ્યુંને બંધ અધિકારમાં. આવે છેને? વાત સાચી છે બધી. સમ્યગ્દર્શનનો વિષય છે વસ્તુ. મિથ્યાદર્શનનો વિષય શું? આહાહા! ખોટી માન્યતાનો વિષય માન્યો એણે આ. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! શું કીધું? જે समरसी सदीव तिनकौं कछू न चाहिये.. આહાહા! હું તો આત્મા છું. આત્મા તે તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. એવું જેને ભાન ધર્મીને છે, એને રાગથી માંડીને બધી ચીજ મારી એ ઇચ્છાનો નાશ થઈ ગયો છે. આહાહા! રાગનો રાગ નહિ, પરનો પ્રેમ નહિ. ત્યારે એને સમ્યગ્દર્શન થાય. વાત આવી છે ભાઈ! સમજાણું કાંઈ?

समताभाव मात्रहीमें सुख है. જ્ઞાતા-દૃષ્ટા હું આત્મા છું. મારો સ્વભાવ આનંદ અને જ્ઞાન છે. અને જગતની ચીજો મારા જ્ઞાનમાં જણાય એમ કહેવું એ પણ વ્યવહાર છે. મારાં માનવા એ તો મિથ્યાત્વ છે. પણ એ જ્ઞેય હું જાણું છું એ પણ વ્યવહાર છે. ખરેખર તો જ્ઞેય સંબંધીનું પોતાનું જ્ઞાન એને એ જાણે છે. સમજાણું કાંઈ? ફરીને. શેઠ આમ કહે છે ફરીને લો. એ બાયડી, છોકરા, કુટુંબ, લક્ષ્મી, મકાન એ મારા છે, એ માન્યતા તો મિથ્યાત્વ છે. પણ એ જાણવા, એને હું જાણું છું એ પણ વ્યવહાર છે. એને યથાર્થપણે માને કે એને જ હું જાણું છું, (તો પણ) મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? અરે! એની પદ્ધતિની રીતની ખબરું ન મળે અને એને ધર્મ થઈ જાય. આહાહા! અપવાસ કર્યા ને પોષા કર્યા ને ચોવિહારા કર્યા ને અઠ્ઠમ કરે એને પાંચ-પાંચ રૂપિયા દ્યો. આ ધર્મ એ કરેને તો આપણે તો કાંઈ અનુમોદીએને દઈને. ધૂળેય નથી, સાંભળને! એ પણ મિથ્યાદૃષ્ટિ ને તુંય મિથ્યાદૃષ્ટિ. એય!

અઠ્ઠમ.. અઠ્ઠમ સમજે? ત્રણ-ત્રણ અપવાસ કરે છેને. પચાસ-સો બાઈયું કરે ને પાંચ-પાંચ રૂપિયા આપશું. બિચારા ગરીબ માણસ. આ લો પાંચ-પાંચ રૂપિયા. એણે ધર્મ કર્યો, આપણે કરી શક્યા નહિ તો આપણે અનુમોદીએ એને.

મિથ્યાત્વનું અનુમોદન છે. એ કરનારો એ પરવસ્તુનો ત્યાગ કરીને અભિમાન કરે છે, એ મિથ્યાત્વ છે ત્યાં. પરવસ્તુ તો જ્ઞેય હતી એને ઠેકાણે મેં ત્યાગ કર્યો અને એવા ત્યાગીને ત્યાગ માન્યો આણે. બેય મિથ્યાદૃષ્ટિ છે. એને જૈન સમ્યગ્દર્શનની ચીજની ખબર નથી. આહાહા! ભારે કામ ભાઈ આવું! ત્યારે કહે, ઠીક. ભઈ, આપણે રાજપાટ હોય, બાયડી છોકરા હોય, બધું હોય તો પણ સમકિતને વાંધો નથી. ભરત ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રીઓ હતી. એકેય નહોતી. રાગ એનો નહોતો પછી વળી ઈસ્ત્રો ક્યાંથી આવ્યો? આહાહા! સમજાણું કાંઈ? સમતામાં તો સમતા જ્ઞાતા. એ પરવસ્તુ પોતાની ન માનવી અને પરના લક્ષે થયેલો રાગ પણ પોતાનો ન માનવો અને અંદર જ્ઞાતા-દૃષ્ટાના સમભાવે રહેવું એનું નામ ધર્મ છે, એનું નામ સમ્યગ્દર્શનનું પરિણમન છે. આહાહા!

માત્ર સમભાવમાં જ સુખ છે (સવૈયા એકત્રીસા)

हांसीमैं विषाद बसै विद्यामैं विवाद बसै,
कायामैं मरन गुरु वर्तनमैं हीनता।
सुचिमैं गिलानी बसै प्रापतिमैं हानि बसै,
जैमैं हारि सुंदर दसामैं छबि छीनता॥
रोग बसै भोगमैं संजोगमैं वियोग बसै,
गुनमैं गरब बसै सेवा मांहि हीनता।
और जग रीति जेती गर्भित असाता सेती,
साताकी सहेली है अकेली उदासीनता॥११॥

**શબ્દાર્થ :—**વિષાદ=રંજ, ખેદ. વિવાદ=ઉત્તર-પ્રત્યુત્તર. છબિ=કાન્તિ. છીનતા=તંગી, ઓછપ. ગરબ=ઘમંડ. સાતા=સુખ. સહેલી=સાથ આપનાર.

**અર્થ :—**જો હાસ્યમાં સુખ માનવામાં આવે તો હાસ્યમાં લડાઈ થવાનો સંભવ છે, જો વિદ્યામાં સુખ માનવામાં આવે તો વિદ્યામાં વિવાદનો નિવાસ છે, જો શરીરમાં સુખ માનવામાં આવે તો જે જન્મે છે તે અવશ્ય મરે છે, જો મોટાઈમાં સુખ માનવામાં આવે તો તેમાં નીચપણાનો વાસ છે, જો પવિત્રતામાં સુખ માનવામાં આવે તો પવિત્રતામાં ગ્લાનિનો વાસ છે, જો લાભમાં સુખ માનવામાં આવે તો જ્યાં નફો છે ત્યાં નુકશાન પણ છે, જો જીતમાં સુખ માનવામાં આવે તો જ્યાં

જીત છે ત્યાં હાર પણ છે, જો સુંદરતામાં સુખ માનવામાં આવે તો તે સદા એકસરખી રહેતી નથી–બગડે પણ છે, જો ભોગોમાં સુખ માનવામાં આવે તો તે રોગના કારણ છે, જો ઇષ્ટ સંયોગમાં સુખ માનવામાં આવે તો જેનો સંયોગ થાય છે તેનો વિયોગ પણ છે, જો ગુણોમાં સુખ માનવામાં આવે તો ગુણોમાં ઘમંડનો નિવાસ છે, જો નોકરી–ચાકરીમાં સુખ માનવામાં આવે તો તે હીનતા (ગુલામી) જ છે. એ સિવાય બીજા પણ જે લૌકિક કાર્યો છે તે બધા અશાતામય છે, તેથી સ્પષ્ટ છે કે શાતાનો સંયોગ મેળવવા માટે ઉદાસીતા સખી સમાન છે. ભાવ એ છે કે માત્ર સમતાભાવ જ જગતમાં સુખદાયક છે. ૧૧.

अर्थ :—यदि हँसीमें सुख माना जावे तो हँसीमें तकरार (लड़ाई) खड़ी होनेके संभावना है, यदि विद्यामें सुख माना जावे तो विद्यामें विवादका निवास है, यदि शरीरमें सुख माना जावे तो जो जन्मता है वह अवश्य मरता है, यदि बड़प्पनमें सुख माना जावे तो उसमें नीचपनेका वास है, यदि पवित्रतामें सुख माना जावे तो पवित्रतामें ग्लानिका वास है, यदि लाभमें सुख माना जावे तो जहाँ नफा है वहाँ नुकसान भी है, यदि जीतमें सुख माना जावे तो जहाँ जय है वहाँ हार भी है, यदि सुन्दरतामें सुख माना जावे तो वह सदा एकसी नहीं रहती—बिगड़ती भी है, यदि भोगोंमें सुख माना जावे तो वे रोगोंके कारण हैं, यदि इष्ट संयोगमें सुख माना जावे तो जिसका संयोग होता है उसका वियोग भी है, यदि गुणोंमें सुख माना जावे तो गुणोंमें घमंडका निवास है, यदि नौकरी-चाकरीमें सुख माना जावे तो वह हीनता (गुलामी) ही है। इनके सिवाय और भी जो लौकिक कार्य हैं वे सब असातामय हैं, इससे स्पष्ट है कि साताका संयोग मिलानेके लिये उदासीनता सखीके समान है, भाव यह है कि समतामात्र भाव ही जगतमें सुखदायक है।।११।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહતે હૈં કિ હાંસીમેં સુખ માને. મશ્કરી કરે ને બધા બેઠા હોય પાંચ-પચાસ માણસ હાંસી કરનેવાલે. એક માણસ હતો. હાંસી બહુ એવી આવે, કોઈ વાત-વાતમાં હાંસી. (શ્રોતા : એ તો એમ માને કે એનાથી આયુષ્ય.....) ના. ખુશી ખુશી રાખવા એમાં નિરોગતા વધે. એક આહીં આવ્યો હતો. હાંસી-મશ્કરી એ તો વાત—વાતમાં એ.... ભાષા બોલે એમાં જ મશ્કરી હોય, આમ. એવા મશ્કરા છે. છેને મોટા મોટા ગામમાં આવે છેને. મોટા હાંસી કરાવવામાં મોટો મશહૂર, લ્યો. સમજાણું કાંઈ ? નહોતું કીધું? હમણાં જ એક મોટો ગુજરી ગયો. વીસ લાખનું મકાન કર્યું હતું, નહીં? સંગીતકાર. (શ્રોતા : જયકિશન) જયકિશન સંગીતકાર. એવો સંગીત.. એવો સંગીત.. વીસ લાખનું તો મકાન કરાવ્યું. પછી શું થયું? (શ્રોતા : બિચારા ગુજરી ગયા). ગુજરી ગયો, કહે છે, આ

સુવિધા વિના. મુંબઈમાં વીસ લાખનું મકાન. સંગીતકાર. એવું ગાય ને બોલે કે અર્ધો કલાકના પચીસ હજાર લે, પચાસ હજાર લે. એવો કંઠ કોઈ લઈને આવ્યો હોય. આ જડ માટી. ઝણઝણાટ, ઝણઝણાટ, ઝણઝણાટ. લોકો તો ખુશી થઈ જાય. લાખ-બે લાખ બેઠા હોય તે, આહાહા!

એક કલાકના પચાસ હજાર લે સંગીતના. આ વીસ લાખનું તો મકાન કર્યું હતું. બીજા પૈસા હશે કે નહિ? મરી ગયો. આ ધૂળેય નથી તારી, સાંભળને. કંઠ એ તો જડનો છે અને હું કંઠકાર અને હું સંગીતકાર. મૂઢ છો. એય! બાઈ ગાતી કો'ક, નહિ? (શ્રોતા : સરોજિની નાયડુ) સરોજિની.. સરોજિની. એ બહુ કંઈક કંઠ એનો. હાં. એક હમણાં એક છોડી હતીને જયપુર. આપણે ગયા હતાને. (શ્રોતા : આદર્શનગર) આદર્શનગરમાં છોડી પંદર-સોળ વરસની છોડી. પણ બાઈ કંઠની... એ ગમે એવું બોલે તો અંદર મીઠું લાગે લોકોને. એવો કંઠ એનો. ૧૫-૧૬ વરસની હતી. ભાષણ કરવા ઊભી થઈ હતી, આ વખાણ કરવા, નહિ? એ તો જડની દશા. એ દશા મેં કરી અને એ જડની અવસ્થા મારી, હું સંગીતકાર. મૂઢ છો. અજીવને જીવ માન્યો તેં. ભારે વાતું ભાઈ આ!

हांसीमैं विषाद बसै.. તકરાર-લડાઈ. હાસ્યમાં તકરાર થાય. હાંસીમાં સુખ માનનારને તકરાર થાય, લડાઈ થાય. આહાહા! विद्यामैं विवाद बसै.. વિદ્યા ભણે તે વિવાદ વસે. આમ હોય ને તેમ હોય, આમ ન હોય ને તેમ ન હોય. સમજ્યો નથી તત્ત્વને અને એકલી વિદ્યામાં ઝઘડા કરવા જગત સાથે. એમાં સાથે તો વિદ્યામાં વિવાદ વસે છે. એમાં શંકા નથી. આહાહા! कायामैं मरन.. સુંદર શરીર, એને માંસ ખવરાવ્યા હોય, માખણ ખવરાવ્યા હોય અને શરીર એક ક્ષણમાં ઊડે ફટ.. આહાહા! જાઓ સ્મશાનમાં શરીર. આત્મા ઉડી જાઓ રખડવા. આહાહા!

कायामैं मरन गुरु वर्तनमैं हीनता, લ્યો. यदि शरीरमें सुख माना जावे तो जो जन्मता है वह अवश्य मरता है. મોટાપણું માને. ગુરુવર્તન. મોટા આચરણ. લ્યોને, મોટા મોટા આચરણ કરે, ભાષણ કરે એ આવડત હોય. કહો, સમજાણું? એમાં દીનતા. એ જો કંઠ મોળો પડી ગયો, શરીર મોળું. હાય, હાય! હવે? આ નાચનારી બાઈયું હોય છેને ઓલામાં ફિલમમાં. પાંચ-પાંચ હજારનો પગાર. દસ-દસ હજારનો પગાર. મોટા ફિલમ. હવે એ કંઠ બગડે. ઓલા રાખ્યા હોય એના વીમાવાળા. ડોક્ટર એના વીમાવાળા જોડે હોય. એનો કંઠ બગડે એટલે વીમો બાંધી આપે. દસ લાખનો-વીસ લાખનો. કંઠ બગડે એનો વીમો. નાચનારી હોય છેને બાઈ ફિલમમાં. એને લઈને પૈસા ઊપજતા હોય બધા નાચના. એમાં કંઠ બગડે, હાય, હાય! ધૂળેય નથી, કહે છે, બહારમાં. સાંભળને! कायामैं

मरन गुरु वर्तनमैं हीनता.

सुचिमैं गिलानि.. શરીરની પવિત્રતા... સુખ માને.. આ બડપ્પનમેં સુખ માને એમ લખ્યું છે. નીચપણાનો વાસ. એ પવિત્રતામાં સુખ માન્યું હોય તો પવિત્રતામેં ગ્લાનિકા વાસ. શરીરનું નાહવું-ધોવું-સાફ કપડાં-બપડાં. આહાહા! અને શું નાંખે? કપડાને ચોપડેને આમ સવારમાં ઊઠીને? (શ્રોતા : સેંટ.. સેંટ) હા, સેંટ-બેંટ શું કંઈ ગંધાય. પડ્યા હોય એટલે ગંધાય. સેંટ-બેંટ ગંધાય. ખબર પડે કે આ નાંખ્યું છે. ગંધાય. એ જ્યારે બગડે કપડાં. એવા બટન બટન કરીને બાંધ્યા હોય સરખા એમાં જો લાગે અગ્નિ. હાય, હાય! બટન ખૂલે નહિ, વાર લાગે ત્યાં તો સળગે કપડા. આહાહા! બાપુ! પરમાં ક્યાંય છે નહિ. આહાહા! પવિત્રતામાં... પવિત્ર સમજ્યાને? લૌકિક પણ નીતિ નહિ, એમ. નાશ હોને પર મલિનતા આ જાતી હૈ. એ લૌકિકની વ્યાખ્યા. આહાહા! प्रापतिमैं हानि बसै.. પ્રાપ્તિ કંઈ મળે પૈસા, છોકરાઓ થયા. એના માન સચવાય. એ છોકરો થાય ને ત્રીજે દિ' એ મરી જાય. ઓલો જન્મ થાય એટલે હરખ.. હરખ.. હરખ. ન્યાતમાં સાકર વહેંચો, શ્રીફળ આપો. એક-એક રૂપાની થાળી ને સવાશેર બરફી. છોકરો થયો સાઠ વરસે. એમાં ત્રીજે દિ' ઊડી જાય. હાય, હાય! ધૂળેય નથી. (શ્રોતા : લાભમેં સુખ માને) હા, ગ્લાનિ. प्रापतिमैं हानि बसै...

जैमैं हारी.. જયમેં હાર. એક જય થયો હોય ત્યાં બીજી વાર હાર થાય. આમ મોઢું પડી જાય. આ તમારા છોકરાઓ નથી (રમતા)? ગેંદી-દડી. શું કહેવાય એને? (શ્રોતા : ક્રિકેટ) ક્રિકેટ. રમે ત્યારે બીજા છોકરાઓ હે.. હે.. કરે. એમાં જો હારે તો... આવા માળા ગાંડા છે. પાગલના બધા કારખાના. दसामैं छबि छीनता, લ્યો. સુંદર દશા શરીરની. ઈયળું પડે. એમાં આ શું કહેવાય? શીતળા. શરીર સુંદર હોય ને શીતળા આવે ત્યારે, ગંદકી. ગોબરા જેવું શરીર થઈ જાય. લૂગડેથી ઢાંકે. ઢાંક્યા રહેતા હશે હવે? સાંભળને! એને બહારમાં ક્યાંય સુખ છે નહિ. સુખ, તારા આત્મામાં ત્યાં દૃષ્ટિ કર તો શાંતિ ને સુખ મળશે. બીજે ક્યાંય બહારમાં છે જ નહિ.

( પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૬૫, ભાદરવા વદ ૧૫, રવિવાર તા. ૧૯-૯-૧૯૭૧
## સાધ્ય સાધક દ્વાર પદ ૧૧, ૧૨, ૧૩ ઉપર પ્રવચન (હિન્દી)

આ સમયસાર નાટક. સાધ્ય-સાધક દ્વાર અધિકાર હૈ. ૧૧મું પદ છે.

માત્ર સમભાવમાં જ સુખ છે (સવૈયા એકત્રીસા)

हांसीमैं विषाद बसै विद्यामैं विवाद बसै,
कायामैं मरन गुरु वर्तनमैं हीनता।
सुचिमैं गिलानी बसै प्रापतिमैं हानि बसै,
जैमैं हारि सुंदर दसामैं छबि छीनता॥
रोग बसै भोगमैं संजोगमैं वियोग बसै,
गुनमैं गरब बसै सेवा मांहि हीनता।
और जग रीति जेती गर्भित असाता सेती,
साताकी सहेली है अकेली उदासीनता॥११॥

**શબ્દાર્થ :—**વિષાદ=રંજ, ખેદ. વિવાદ=ઉત્તર–પ્રત્યુત્તર. છબિ=કાન્તિ. છીનતા=તંગી, ઓછપ. ગરબ=ઘમંડ. સાતા=સુખ. સહેલી=સાથ આપનાર.

**અર્થ :—**જો હાસ્યમાં સુખ માનવામાં આવે તો હાસ્યમાં લડાઈ થવાનો સંભવ છે, જો વિદ્યામાં સુખ માનવામાં આવે તો વિદ્યામાં વિવાદનો નિવાસ છે, જો શરીરમાં સુખ માનવામાં આવે તો જે જન્મે છે તે અવશ્ય મરે છે, જો મોટાઈમાં સુખ માનવામાં આવે તો તેમાં નીચપણાનો વાસ છે, જો [૨]પવિત્રતામાં સુખ માનવામાં આવે તો પવિત્રતામાં ગ્લાનિનો વાસ છે, જો લાભમાં સુખ માનવામાં આવે તો જ્યાં નફો છે ત્યાં નુકશાન પણ છે, જો જીતમાં સુખ માનવામાં આવે તો જ્યાં જીત છે ત્યાં હાર પણ છે, જો સુંદરતામાં સુખ માનવામાં આવે તો તે સદા એકસરખી રહેતી નથી–બગડે પણ છે, જો ભોગોમાં સુખ માનવામાં આવે તો તે રોગના કારણ છે, જો ઇષ્ટ સંયોગમાં સુખ માનવામાં આવે તો જેનો સંયોગ થાય છે તેનો વિયોગ પણ છે, જો ગુણોમાં સુખ માનવામાં આવે તો ગુણોમાં ઘમંડનો નિવાસ છે, જો નોકરી–ચાકરીમાં સુખ માનવામાં આવે તો તે હીનતા (ગુલામી) જ છે. એ સિવાય બીજા પણ જે લૌકિક કાર્યો છે તે બધા અશાતામય છે, તેથી સ્પષ્ટ છે કે શાતાનો સંયોગ મેળવવા માટે ઉદાસીનતા સખી સમાન છે. ભાવ એ છે કે માત્ર સમતાભાવ જ જગતમાં સુખદાયક છે. ૧૧.

अर्थ :—यदि हँसीमें सुख माना जावे तो हँसीमें तकरार (लड़ाई) खड़ी होनेके संभावना है,

यदि विद्यामें सुख माना जावे तो विद्यामें विवादका निवास है, यदि शरीरमें सुख माना जावे तो जो जन्मता है वह अवश्य मरता है, यदि बड़प्पनमें सुख माना जावे तो उसमें नीचपनेका वास है, यदि पवित्रतामें सुख माना जावे तो पवित्रतामें ग्लानिका वास है, यदि लाभमें सुख माना जावे तो जहाँ नफा है वहाँ नुकसान भी है, यदि जीतमें सुख माना जावे तो जहाँ जय है वहाँ हार भी है, यदि सुन्दरतामें सुख माना जावे तो वह सदा एकसी नहीं रहती—बिगड़ती भी है, यदि भोगोंमें सुख माना जावे तो वे रोगोंके कारण हैं, यदि इष्ट संयोगमें सुख माना जावे तो जिसका संयोग होता है उसका वियोग भी है, यदि गुणोंमें सुख माना जावे तो गुणोंमें घमंडका निवास है, यदि नौकरी-चाकरीमें सुख माना जावे तो वह हीनता (गुलामी) ही है। इनके सिवाय और भी जो लौकिक कार्य हैं वे सब असातामय हैं, इससे स्पष्ट है कि साताका संयोग मिलानेके लिये उदासीनता सखीके समान है, भाव यह है कि समतामात्र भाव ही जगतमें सुखदायक है॥११॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

समताभाव मात्रमें सुख है. ક્યા કહતે હૈં? કિ જિસે આત્મજ્ઞાન ઔર સમ્યગ્દર્શન પ્રગટ કરના હો, ધર્મકી પહલી સીઢી. જિસે ધર્મ, સ્વભાવ—ધર્મકી દશા પ્રગટ કરના હો ઉસે સબમેંસે સુખબુદ્ધિ ઉઠાની ચાહિયે. ક્યોંકિ આત્મા સિવા આનંદ કહીં હૈ હી નહીં. પહલે લિયા થા કિ લક્ષ્મીમેં સુખ માને, (વહ) મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હૈ. લક્ષ્મી તો જડ હૈ. લક્ષ્મીમેં કહાં સુખ થા? ઔર (મુજે) મૈં લક્ષ્મીવાલા માનતા હૂં યહ ભી મૂઢ હૈ. વહ ધર્મી નહીં. (શ્રોતા : ધર્મી નહીં તો કાંઈ નહીં, પણ મૂઢ શું કરવા કહે?) મૂઢનો બાપ છે એ તો મોટો. આહાહા! તારી લક્ષ્મી જડવસ્તુ માટી—ધૂળ અજીવતત્ત્વ છે. યહ અજીવતત્ત્વ મેરા હૈ (ઐસા) માનનેવાલા મૂઢ મિથ્યાદૃષ્ટિ હૈ. વહ ધર્મી નહીં, અધર્મી હૈ, ઐસા યહાં સિદ્ધ કરના હૈ. સાધકસ્વભાવ સિદ્ધ કરના હૈ ન? આહાહા! ઐસા પહલે કહા. પીછે કહા કિ પુત્ર, પત્ની, સ્ત્રી કુટુંબ આદિ તો પરવસ્તુ હૈ. યહ મેરે હૈં યહ માન્યતા (જિસે હૈ) વહ ભી મિથ્યાદૃષ્ટિ મૂઢ હૈ. વહ ધર્મી નહીં. આહાહા! ભારે વાત ભાઈ! સમજમેં આયા?

ધર્મી(કે લિયે) લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ આદિ અપને હૈં હી નહીં. રાગ અપના હૈ નહીં અંદર દયા-દાન-વ્રતકા વિકલ્પ ઉઠતે હૈં વહ મેરે નહીં. મેરે તો જ્ઞાન ઔર આનંદ હૈં. સમજમેં આયા? મૈં તો જાનનેવાલા ઔર આનંદમય વહ મૈં હૂં. ઐસી જિસકો દૃષ્ટિ હૈ વહ ધર્મી હૈ, વહ મોક્ષમાર્ગકા સાધક હૈ. હા, સાધકકી બાત ચલતી હૈ ન. આહાહા! પૈસા, પુત્ર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ સબ તો પર હૈં. પર મેરા માના તો પરમેં સુખ હૈ ઐસા માના. અપનેમેં સુખ હૈ યહ તો ભાન નહીં ઉસે. ઔર યહાં તો કહતે હૈં, हांसीमैं विषाद बसै विद्यामैं विवाद बसै,.. મશ્કરીમેં સુખ માનતે હો તો ઉસકે સામને પ્રતિકૂલતા બતાની હૈ. हांसीमैं

विषाद बसै.. સુખ માનતે હૈં ન. ખડખડ ખડખડ કરી દાંત કાઢે, ઓહોહો! એમાં તો વિષાદ, તકરાર, લડાઈ હોય. (શ્રોતા : ......) આહીં તો એની સામે વાત કરી. એ જ કહ્યું પહેલું. બાકી હાંસીમેં સુખ હૈ હી નહીં. હાસ્ય-મશ્કરી.. (શ્રોતા : ડોક્ટર બતાતે હૈં, હંસતે રહો.) ડોક્ટરને ભાન કે દિ' છે? ડોક્ટર.. આ ડોક્ટર બેઠા જોડે, જુઓને. ડોક્ટરને પોતાની દવા કેમ કરવી એની ખબર ન હોય (અને) કો'કની દવા કરવા જાય. આહાહા!

हांसीमैं विषाद बसै.. હાસ્ય મશ્કરી કરું ક્યા... આ તો સામે સામે વાત કરી છે. યહાં બતાના તો યહ હૈ કિ હાંસીમેં સુખ નહીં. સુખ તો અપને આત્મામેં હૈ, યહ બતાના હૈ. સમજમેં આયા? પાંચ માણસ ભેગા થાય છોકરા કાંઈક જુવાન દાંત કાઢે ને ખીખાડા કરે ને, ઓહોહો! મૂઢ હૈ. હાંસીમેં સુખ કહાં આયા? હાંસીમેં તો વિષાદ ભરા હૈ, ઝઘડા ઉત્પન્ન હોગા. વિશેષ કષાય-ક્લેશ હોગા. સમજમેં આયા? અપને ભગવાન આત્મામેં સુખ હૈ યહ સિદ્ધ કરના હૈ. અપનેમેં આનંદ હૈ ઐસી જિસકી દૃષ્ટિ હૈ, યે ધર્મી મોક્ષકા સાધક કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

कायामैं मरन.. શરીરમેં સુખ માને.. દેહ તો છૂટ જાયેગા, હાય, હાય! લ્યો. સમજમેં આયા? यदि विद्यामें सुख माना जावे तो विद्यामें विवादका निवास है. કાયા પડી રહી એમાં. શરીરમેં સુખ માના, પછી નાંખ્યું છે. વિદ્યામેં વિવાદ વસે, આવ્યુંને? यदि विद्यामें सुख माना जावे तो विद्यामें विवादका निवास है. વિદ્યામેં ઝઘડા હો. અરે! મેરી બાત ન રહી, ઉસકી રહી. યે ઝઘડા હૈ. ચર્ચામેં-વાદવિવાદમેં સુખ માને કિ હમ વાદવિવાદ કરેં તો હમેં ઠીક પડે. મૂઢ હૈ. ઉસમેં સુખ કહાં આયા? વાદવિવાદમેં ઝઘડા કરતા હૈ.

કહા ન એક બાર. તેરાપંથી અને સ્થાનકવાસીની છે ને? ચર્ચા હુઈ બડી. મહિનો-એક મહિના. વહ સ્થાનકવાસી તેરાપંથી હૈ ન તુલસી ઔર એક સ્થાનકવાસી હૈ. બેય મૂળ સ્થાનકવાસી બેય. એક મહિનો ચર્ચા થઈ. ક્યા? કિ ભગવાનકો દસ સ્વપ્ન આયે. શ્વેતાંબરમેં ઐસા આયા હૈ દસમે ઠાણે. ભગવાન મહાવીરકો કેવલજ્ઞાન પ્રાપ્ત હુઆ ઉસકે પહલે દસ સપને આયે. ઐસા પાઠ હૈ. દસ સ્વપ્ન આયે. બાત જૂઠી હૈ વહ તો ઉસને બનાયી હૈ. (શ્રોતા : વાદવિવાદ.....) ના. વાદ નહીં. જૂઠકી બાત કહતે હૈં. કિ દસ સ્વપ્ન આયે, ઉસમેં (દોનોંકે બીચમેં) ચર્ચા હુઈ.

એક કહે કિ સ્વપ્ન આયે પીછે કેવલજ્ઞાન હુઆ તો યે સ્વપ્ન ભલે હૈં. દૂસરા કહે કિ સ્વપ્ન હૈ યે દોષ હૈ. દોષસે કેવલજ્ઞાન હોતા હૈ ઐસા હૈ નહીં. સમજમેં આયા? તેરાપંથી હૈ ન તુલસીકા તેરાપંથી. ઉસકી દલીલ યહ થી. આ તો ત્યારે નહોતા. પહેલાના આચાર્યની વાત. કોણે કહ્યું? (શ્રોતા : લીલાધરજીએ). હા. પહેલાંની વાત હતી. પણ એ

વખતે એક મહિનો ચર્ચા. લીલાધરજી કહતે થે. હમારે પાસ રહતે થે ન તીન તીન મહિને. યહાં ફિર આયે. વહ ભી તેરાપંથી સાધુ થા. બાદમેં છોડ દિયા... હમારે પાસ બહોત રહતા થા. ઉસકી ભી આચાર્યપદ મિલે ઐસી શક્તિ થી. ઉસે ઐસા લગા થા કિ ગરબડ હૈ સબ તેરાપંથી. હમારે પાસ યહાં ભી આયા થા, તીન માસ સાથમેં રહા થા.

તો વહ કહતા થા કિ ચર્ચા ઐસી ચલે કિ દસ સ્વપ્ન આયે ઔર સ્વપ્ન પીછે કેવલજ્ઞાન હુઆ. તો યે સ્વપ્ન, તેરાપંથી કહે કિ દોષ હૈં. સ્વપ્ન આયા—આના યે દોષ હૈ. દૂસરા કહે, સ્વપ્ના આયા, પીછે કેવલજ્ઞાન હુઆ ઈસલિયે ગુણ હૈ. ઉસકી તકરાર, કહો. ઐસી ચર્ચા ચલે, લીલાધરજી કહતે થે. જેની દલીલ ઠીક હોય બહારમાં તો ભિક્ષા માટે જઈએ તો ગમે નહીં, રૂચે નહીં કંઈ. આહાહા! આપણે હારી ગયા એમ થઈ જાય. ખેદ.. ખેદ.. ખેદ.. ઔર અપની દલીલ બરાબર લગે શાસ્રસે, આહાહા! વિદ્યામેં તો આશા દુઃખ હૈ. વાદવિવાદમેં કુછ હૈ નહીં. 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા વાદ-વિવાદ કરે સો અંધા.' માણસને ભાન નહીં, ઉસકે સાથ ચર્ચા—વાદવિવાદ ક્યા કરના? યહ કહતે હૈં કિ નહીં દોષ હૈ. યહ કહે કિ ગુણ હૈ ક્યોંકિ કેવલજ્ઞાન હુઆ. બાત તો દોનોંકી જૂઠી થી. કેવલજ્ઞાન પહલે સ્વપ્ન ભગવાનકો આયે હી નહીં. સમજમેં આયા? શ્વેતાંબર ખરાને એટલે વ્યવહાર ચલાવ્યો એમણે કે સ્વપ્ન આયે પીછે ઐસા હુઆ. તો યહાં કહતે હૈં કિ વાદવિવાદમેં તો ખેદ હૈ. આહાહા!

यदि शरीरमें सुख माना जाये तो जो जन्मता है वह अवश्य मरता है. ધૂળમાંય સુખ નહીં. એક ક્ષણમાં ઈયળું પડે, જીવાત પડે અને દેહમાં તો એક... હવે તો આ બધા દરદ, જુઓને. સબ ક્યા હૈ? હાર્ટફેલ. હાર્ટ. આહાહા! નારણભાઈ આ બારસની રાતે ગુજરી ગયા ને? યહાં ભક્તિમેં થે. યહાં બૈઠે થે. ભક્તિ. આ બારસ. આજ અમાસ છે. બારસના ગુજરી ગયાને બારસની રાતે. બૈઠે થે, ભક્તિમેં બૈઠે થે. યહાં બૈઠે થે. ભક્તિમેં આયે. રાતમેં દેઢ બજે અંદર ઉલ્ટી હુઈ. ૬૭-૬૮ વર્ષની ઉંમર ..... અઢી ને પાંચે દેહ છૂટી ગયો. અઢી ને પાંચ (મિનિટ). એક કલાકમાં. કહો, ડોક્ટર આયા, આખિરકા શ્વાસ થા. યહાં બૈઠતે થે સામને. પઘડી બાંધતે થે ન. શરીરમેં ઐસા હૈ. એક ક્ષણમેં ફૂ.. શરીરમેં સુખ નહીં હૈ, એમ કહતે હૈં. મૂઢ માનતે હૈં કિ શરીરમેં સુખ હૈ. મિથ્યાદૃષ્ટિ હૈ, જૈન નહીં વહ. સમજમેં આયા? આહાહા!

'પહેલું સુખ તે જાતે નર્યા'. ઐસા આતા હૈ ન. ઐસે ચાર બોલ આતે હૈં. (શ્રોતા : પહેલું સુખ તે નિરોગી કાયા). એ નિરોગી કાયા, ધૂલમેં હૈ નહીં. પહેલું સુખ તે નિરોગી કાયા, બીજું સુખ તે ઘરમેં માયા. લ્યો, શરીર નિરોગી તો ધૂલ હૈ. યહાં સાધકકો બતાતે હૈં

કિ શરીરમેં સુખ માનનેવાલા મિથ્યાદૃષ્ટિ હૈ, ધર્મી નહીં. આહાહા! સુખ તો અપને આત્મામેં હૈ ઐસી તો ખબર નહીં ઔર જહાં તહાં શરીરમેં, ભોગમેં સુખ માને, વહ તો મિથ્યાદૃષ્ટિ, મૂઢ, સંસારકા સાધક હૈ. આહાહા! મોક્ષકા સાધક નહીં. આહાહા! સૂક્ષ્મ બાત હૈ. ઈસમેં લિખા હૈ.

गुरु वर्तनमें हीनता, લ્યો. यदि बड़प्पनमें सुख माना जावे तो उसमें नीचपनेका बास है. મોટા અમે, પદવી મળી અમને. સંઘવી, પ્રમુખ. સમજમેં આયા? હલકા થઈ જાય તો કોઈ ગણે નહીં. આહાહા! રોગ આ જાય, લ્યો. પદવી છોડ દો. તુમ્હારી પદવી દૂસરા લેગા. હાય.. હાય! હીનતા. પદવી મિલી ઉસમેં સુખ હૈ... શેઠ! તુમ દોનોંકો સમાજભૂષણ સન્માન દિયા હૈ દોનોં ભાઈકો. ધૂલ ભી નહીં સન્માન. સમાજભૂષણમેં હૈ ક્યા? સમાજભૂષણ ક્યા આયા? ઉસમેં ઠીક આયા. આહાહા! હમેં સન્માન મિલા. પરમેં, સમાજભૂષણમેં સુખ માનના તો મૂઢ હૈ, એમ કહતે હૈં. શેઠ! વહ સાધક નહીં ધર્મકા. પરમેં અધિકપના ઔર સુખપના માનના, યે સાધક નહીં. વહ સંસારમેં રખડનેકા સાધક હૈ. આહાહા! સમજમેં આયા? यदि बड़प्पनमें सुख माना जावे तो उसमें नीचपनेका वास है. આ પવિત્રતા લૌકિક હોં. લૌકિક પવિત્રતા નિત્ય નહીં રહતી. શરીર બરાબર સ્વચ્છ રહે, કપડા અચ્છા સુગંધવાલા ઔર ઈત્તર લગાયે શરીર પર. તો કહતે હૈં કિ પવિત્રતામેં સુખ માને તો ઉસમેં ગ્લાનિકા વાસ હૈ. ઈસ શરીરમેં ગ્લાનિ હો જાય. હાથ ભી ઉઠા ન સકે.

કહા થા ન એક કન્યાકા. ઉસે શીતલા હુઈ. શીતલા સમજે? માતા. માતા હુઈ તો દાને દાનેમેં ઈયળ—કીડા પડા, કીડા. યે શરીરકો સુંદર માને. નવા પરણેલા ભોગમાં સુખ માને. ધૂલ ભી નહીં હૈ. સુન ન મૂઢ! કીડા મિથ્યાત્વકા કીડા હૈ, યે કહતે હૈં. આહાહા! પવિત્રતામેં સુખ માને તો ગ્લાનિ વાસ હૈ. ઉસ બાઈકો ઐસા હો ગયા. પૂરે શરીરમેં શીતલા. એક દાને દાનેમેં. વહ હૈ ન ઈયળ.. ઈયળ.. ઐસે ફિરે તો... ઐસે કહે, બા, આવા પાપ મેં આ ભવમાં કર્યા નથી. તળાઈમેં... તળાઈ.. તળાઈ સમજે? ગાદલા.. ગદ્દીમેં સુલાઈ થી. ઈયળું.. ઈયળું.. ઐસા કરે તો યહાંસે કીડા નિકલે ૨૫-૫૦-૧૦૦. આમ કરે તો આહીંથી નીકળે. આમ શરીર કરે તો આહીં દબાઈ જાય ઈયળું આમ. અને પીડા.. પીડા. નાની ઉંમર હતી. રૂપાળી બાઈ હતી. સમજાણું કાંઈ? આહાહા! ધૂળમાંય નથી સુખ, એમ કહે છે. મિથ્યાદૃષ્ટિ ઉસમેં સુખ માનતે હૈં. વહ ધર્મકા સાધક નહીં. આહાહા! વહ તો સંસારકા સાધક હૈ. सुचिमैं ग्लानि—પવિત્રતામેં ગ્લાનિ.

प्रापतिमैं हानि.. લક્ષ્મી મિલે, પદવી બડી મિલે. સમજમેં આયા? લ્યો. ઉસમેં તો હાનિ હો જાય. ઘડીમેં સબ ખલાસ હો જાય. આહાહા! એક એક ભવમેં તીન-તીન-ચાર

બાર હોતા હૈ, નહીં કિતને? કરોડપતિ થા. ફિર ભિખારી હો ગયા. ફિર કરોડપતિ હુઆ ફિર ભિખારી હુઆ. ભિખારીકી તરહ પૂરી જિંદગી રહા. ભિખારી એટલે ભલે રોટી મળે, પણ પૈસાવાળો પહેલા (જેવો ન રહ્યો). ઐસા બહોત દેખા હૈ હમને તો. ધૂલ ભી નહીં ઉસમેં, કહે છે. પ્રાપ્તિ મિલી, લાભ મિલા સંસારકા પૈસા, લ્યો. તો દુઃખી હૈ. આહાહા!

जैमैं हारि.. જય થયો જય. જયકાર. જીત મિલી. હાર મિલી, દીનતા. અરે! હારી જશું તો. સમજમેં આયા? છોકરાઓ લડે છેને શું કરે આ? ગલીમાં ક્રિકેટ. છોકરાઓ જીતે ને હો હો કરે. અને જરીમાં હારે ને, હાય.. હાય! ઐસે ગંજીફા ખેલતે હૈં ન. ગંજીફા સમજતે હૈં કિ નહીં? (શ્રોતા : તાસ) હા. હાથી, ઘોડા. (શ્રોતા : શતરંજ) એમાં જીત થાય, ખુશી થાય. એમાં વળી હાર થઈ જાય તો હાય.. હાય.. ઉસમેં જીત માનનેવાલા, સુખ માનનેવાલા મૂઢ હૈ, એમ કહતે હૈં. વીણી વીણીને મૂક્યું છે. શેઠ! હાથી, ઘોડા હોતા હૈ ન? રાજા, રાણી, ગુલામ, એક્કો. એક્કો પોતાને આવે તો જાણે, આહાહા! આપણે જીત્યા. એ સુખ માને છો, મિથ્યાદૃષ્ટિ છો, કહે છે. ધર્મી નથી તું, એમ કહતે હૈં. (શ્રોતા : ધર્મીય રમે છે.) રમતો જ નથી. રાગ આવે એને જાણે છે. સમજમેં આયા? ધર્મી, એ બાજીમાં રાગ આવે એને જાણે છે. રાગમેં સુખ હૈ ઐસા માનતે નહીં. આહાહા! એટલું ફેર છે. जैमैं हार.. सुंदर दसामैं छबि छीनता.. શરીરની સુંદરતામાં ઈયળું પડે આદિ, લ્યો. રોગ આદિ કારણ હોતા હૈ શરીર બિગડ જાતા હૈ. એકસી (સ્થિતિ) નહીં રહતી.

रोग बसै भोगमैं.. ખુબ દૂધપાક, પૂરી, ભજિયા ખૂબ ખાય, સ્ત્રીકા ભોગ ખૂબ લે. ભોગમેં તો રોગ હોગા, ક્ષય હોગા, શરીર દુર્બલ હો જાયેગા. ઉસમેં સુખ માનતા હૈ વહ મિથ્યાદૃષ્ટિ હૈ, ઐસા કહનેમેં આતા હૈ. ભોગમેં સુખ હૈ, સ્ત્રીકે વિષયમેં સુખ હૈ (ઐસી માન્યતાવાલા) મૂઢ અપને આત્માકે સુખકા અનાદર કરતા હૈ. સમજમેં આયા? આહાહા! એક એક બોલ અલગ કરકે સમજાયા હૈ. ઓઘે ઓઘે પરકો અપના માનના મિથ્યાત્વ હૈ. પર કિસ કિસ પ્રસંગમેં કિસ કિસ ચીજમેં અપનેકો માનતા હૈ, ઉસકા ખુલાસા કિયા હૈ. रोग बसै भोगमैं.. આહાહા! બહુ ભોગ લે તો લોહી નીકળે વીર્યને ઠેકાણે. ક્ષય હો જાય. સમજાય છે કાંઈ? આ.. આ.. એમ કરે. અરે! કહે છે કે આહીં કહેવાનો આશય તો સામે દુઃખ છે એમ બતાવે છે. પર યે સુખ માનતા હૈ, ઈસે ધર્મકી ખબર નહીં. સમજમેં આયા? ભોગમેં સુખ હૈ સ્ત્રીકે વિષયમેં, મૂઢ હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ. જૈન નહીં હૈ વહ. એ જિતાઈ ગયો છે (રાગમાં). આહાહા! ભારે વાત ઝીણી ભાઈ!

रोग बसै भोगमैं संजोगमैं वियोग बसै, લ્યો ઠીક. લડકા હુઆ. દીકરો થયો, પૈસા. એમાં સાઈઠ વરસે દીકરો થાય તો, હાશ! આપણે હવે રહેશે આબરુ ઘરની. એમાં બે-ત્રણ

દિ' થાય ત્યાં મરી જાય છોકરો. દીકરો થાય એ સુખ છે? આ વાંઝિયા મરી જાય છે ને કેટલાક એમ ને એમ દીકરા માટે. અને દીકરા હોય એને માનનારા કહે, મારા દીકરા. મૂઢ છે. પરવસ્તુ તારી ક્યાંથી આવી? સમજમેં આયા? પાટનીજી! એક એક વાતમાં... આહાહા! પરને પોતાનો માનવો. અપને સુખમેં સુખ ન માનકર પરમેં માના, પર કહાં કહાં નહીં માનના સબ બાત કરતે હૈં. આહાહા! જિસકી રુચિ, હમારે લડકે-લડકી હમ સબ સુખી હૈં, ચારોં ઓરસે સુખી હૈં. ધૂલમેં ભી નહીં, સુન ન. સુખ તો આત્મામેં હૈ. ઐસા ન માનકર, પરમેં સુખ માના, વહ જૈન ભી નહીં. વીતરાગકી આજ્ઞા માનનેવાલા ભી નહીં. વીતરાગકી આજ્ઞા હૈ કિ આત્મામેં સુખ હૈ. યહ માનતા હૈ કિ પરમેં સુખ હૈ. આવી વાત કરે છે ભારે! આહાહા!

गुनमैं गरब बसै.. સમજાણું? પ્રીતિમેં અપ્રીતિ. ઐસા પાઠ હૈ. યે પાઠ કહતે હૈં. પ્રીતિ આવે ત્યારે દ્વેષ સામે હોય. પરચીજ પ્રીતિ કરનેયોગ્ય હી કહાં હૈ? પ્રીતિ કરનેયોગ્ય ચીજ તો અપની ચીજ હૈ સચ્ચિદાનંદ પ્રભુ, જિસે ઉસકી અરુચિ હૈ ઉસે રાગ ઔર પરચીજકી રુચિ હૈ. સમજમેં આયા? આહાહા! गुनमैं गरब बसै सेवा मांहि हीनता.. સેવા કરો, આપણે સેવા કરો. પણ એમાં હીનતા... હમેં તો સેવા કરની હૈ. એમ કરીને દીનતા સેવે. સેવા કરે ને સુખી માને. આપણે ઘણાની સેવા કરી. ઘણાના પગ દાબ્યા. ઘણાની દવાઓ લાવી દીધી. હવે શું ધૂળેય કરી નહીં, સાંભળને! એમાં સુખ માને એને સમકિત નથી, એમ કહે છે. એ ધર્મનો સાધક નથી. આહાહા! सेवा मांहि.. ઓલા ઓનરરી કામ કરે ત્યારે ડોક્ટર મોટા દવાખાને જાય મફત. પછી કરે ઘરનું, લ્યો. આ તો સેવાભાવી ડોક્ટર છે સેવાભાવી. એનું પોતાનું ઉઘાડે પછી સેવાભાવી નથી. એ તો પૈસાવાળો. પૈસા લાવ લાવ પહેલા. હાય.. હાય! सेवा मांहि हीनता..

और जग रीति जेती.. લ્યો હવે ખલાસ. લક્ષ્મીની .... માંડી પરમાં સુખ. जग रीति जेती.. જિતને આત્મા સિવા જગતકે પ્રસંગ હૈં ઉસમેં અશાતા ગર્ભિત પડી હૈ. દુઃખ હૈ ઐસા કહના હૈ. સમજમેં આયા? આહાહા! લડકા એક હો, કરોડ મૂડી હો. એય! લોને આ તમારે ઘેર થયું હતુંને. હમણાં છોડીને પરણાવી લગન કર્યા. લો, છ લાખ ખર્ચ્યા છ લાખ. આ ડોસા ગયા હતા ત્યાં. ન્યાલભાઈની દીકરીના લગ્ન થયા ને છ લાખ ખર્ચ્યા એક લગનમાં. દો કરોડ રૂપિયા હૈ ઉસકે પાસ. ઉસકે લડકેકે પાસ દો કરોડ. (શ્રોતા : સુખી છે સુખી) દુઃખી હૈ બડા. અને એ વખતે કેટલો હરખ હોય, લ્યો. ઓલો રાજકુમાર જેવો જમાઈ આવે. આમ.. આમ.. ચાલે. કોઈ કહેતું હતું હોં. કો'ક કહેતું હતું. ... છ લાખ. સામે ઓલો પૈસાવાળો છે. જેને કન્યા આપીને આમણે ન્યાલભાઈએ, જેના દીકરાને, એ પૈસાવાળો છે. મોટો કારખાના છે સોનાનાં. અને રાજકુમાર બનીને આવ્યો હતો, કહે છે.

આપણે સાંભળેલી હોય વાત એ. ક્યાં જોવા ગયા હતા? આમ બરાબર ઠાઠમાઠ કપડાંનો. કોઈ કહેતું હતું, નહીં? તમે તો નજરે જોયું છે. એ જ કહેતા હતા. રાજકુમાર બની ઠનીને... આહાહા!

કોઈએ કહ્યું હતું. (કહેનારા) ઘણા હોય. એમાં સુખ માને. લડકીકી શાદીકે વક્ત દહેજ બરાબર દિયા, કપડા દિયા, સોના દિયા. પાંચ હજારકા તો સોના દિયા. ફલાણું દિયા, ઢીંકણું દિયા. ધૂલમેં ભી સુખ નહીં. માન ને માળા મૂઢ. પરપ્રસંગમેં સુખ માનના વહી મિથ્યા દૃષ્ટિ હૈ. આહાહા! આ બાપ મરી જાય ને પછી ઉસકા બારવા કરે. બારવા સમજે. શું કહેવાય એ? (શ્રોતા : મૃત્યુભોજન) મૃત્યુભોજન. પૈસા ન હોય, પિતાજી મરી જાય તો પીપળે ચડાવ્યો કહેવાય એને. પીપળા ઉપર ચડાવે હમણાં. પછી પૈસા થાય, ૫-૧૦ હજાર ખરચે પિતાજીને, ઓહોહો! પીપળેથી હેઠે ઉતાર્યો. મૂઢ છે માળા! એય હીરાભાઈ!

(શ્રોતા : એ બધી વિધિયું ભૂતકાળમાં..) ના, ના, હમણાં થયું. અમારે આણંદજીને થયુંને. અમારા આણંદજીના બાપ મરી ગયેલા નાગરભાઈ. એ તો સાધારણ હતા. કાંઈ બાર રૂપિયાનો પગાર મહિને. નાગરભાઈ હતાને? આણંદજી, નહીં? આપણે પગે લૂલા હતા. બાર રૂપિયાનો મહિનાનો પગાર. છોડ્યો ત્યારે હોં. પહેલા તો ચાર રૂપિયા ને છ રૂપિયાનો પગાર મહિને. હવે મરી ગયા તો કાંઈ સાધન નહોતું. પછી ક્યાંક આ સાધન થયું. નાત જમાડી. ત્રણ હજાર ખર્ચ્યા. લોકો કહે, આહાહા! બાપને ઉજાળ્યો હોં. આ તો દાખલો. અમારે ઘેરે બન્યું છે. બહારમાં ઘણે ઠેકાણે એવું બને છે, લો. પિતાજીનું બારમું કર્યા ને. ધૂલમેં નહીં હૈ. મૂઢ હૈ. આહાહા! એય ભીખાભાઈ! આ પાછળથી કંઈ નહીં કરે આ હીરાભાઈ તો. (શ્રોતા : ન્યાં ક્યાં જોવા આવવું છે?) આહાહા!

જગ રીતિ જેતી.. શબ્દ લ્યો. આત્મા સ્વરૂપકી દૃષ્ટિ સિવા જિતને પુણ્ય-પાપકે ભાવ ઔર જગતકી રીત સબમેં સુખ માનના, વહ સાધક ધર્મકા નહીં, પર વહ વિઘ્ન કરનેવાલા હૈ. અપના આત્માકો વિઘ્ન ઉત્પન્ન કરતા હૈ. ચાર ગતિમેં રુલનેવાલા હૈ. આહાહા! ભારે વાત ભાઈ! વીણી વીણીને વાત કરી છે. જેતી गर्भित असाता सेती, લ્યો. इनके सिवाय और भी जो लौकिक कार्य हैं वे सब असातामय हैं. દુઃખમય હૈં, બસ યે સિદ્ધ કરના હૈ. આહાહા! આ પઢાઈ આવી, લો ને. બડા લડકા. જ્યોર્જની સાથે, લ્યો. શીવલાલ પાનાચંદ... જ્યોર્જ સાથે પાસ થયો હતો. પહેલો નંબર આનો હતો વિલાયતમાં. એક શિવલાલ પાનાચંદ. .....વિલાયતમાં પાસ. ICS નહીં. એના જ્યોર્જની સાથે પહેલો નંબર આનો. પણ હિન્દુસ્તાનવાળાને પહેલો નંબર આપે નહીં ને. બીજા નંબર આપ્યો–દિયા. પહેલો નંબર જ્યોર્જને આપ્યો. એટલી બુદ્ધિ હતી. આહાહા! જાણે પદવી મળી એટલે, ઓહોહો! મૂઢ હૈ.

ધૂલમેં પદવી નહીં. એ તો આહીં હમણાં કહેશે.

जिहि उतंग चढ़ि फिर पतन, नहि उतंग वह कूप.. ઊંચી પદવી મળી ને પડે તો હેઠે પાછો. એ તો કૂવામાં પડ્યો છે. આહાહા! .... કેવા? એય ચંદુભાઈ! શિવલાલ પાનાચંદ. ત્યાં છેને વઢવાણમાં. મકાન છે આ બાજુ. છેને અમારી પાસે આવ્યા હતા. શિવલાલ પાનાચંદ બુદ્ધિ બહુ ઊંચી હોં. બુદ્ધિ એટલી લૌકિક. આખો કબાટ પુસ્તકનો એકવાર વાંચી જાય. આ પુસ્તકમાં આ છે ને આ પુસ્તકમાં આ છે, એમ કહે. એવી શક્તિ. ધર્મને માટે હરામ કાંઈ... હમારે પાસ આયે થે ૭૭મેં. બોટાદ ચાર્તુમાસ થા હમારા. ઉસકા મોસાળ થા બોટાદમેં. મોસાળ સમજે ન? મોસાળ ક્યા હૈ? (શ્રોતા : મામાકા). મામાકા. વ્યાખ્યાન પૂરા હો ગયા. પીછે આયે. ૭૭કી સાલ. ૫૦ વર્ષ હુએ ૫૦. આયે, બૈઠે. પગે લાગ્યા. જુઓ ભાઈ! આત્મા છે એને માનો? માનો છો કે નહીં? કહે, સાંભળ્યું છે. શાસ્ત્રમેં હૈ, આત્મા હૈ, પર નિર્ણય કિયા નહીં. આ ૫૦ વરસ પહેલાંની વાત. મોટા ભણેલો. આ તો નાની ઉંમરમાં બધી. ત્રણ હજારનો પગાર માસિક તે દિ' હોં.

જયપુરનો દિવાન. તમારા જયપુરના દિવાન થયા તે દિ'. શું કહ્યું? (શ્રોતા : સરકાર તરફથી એડમિનિસ્ટ્રેટર હતા.) હા, મોટો પગાર. ૪૦ વર્ષ પહેલાં. ત્યાં જયપુર મોટો ત્રણ હજારનો તે દિ' એક મહિનાનો પગાર. ૪૮ વરસની ઊંમર થઈ ત્યાં કાંઈ થઈ ગયું આહીં. ફૂ... ધૂળમાંય પદવી મોટી... લોકો તો આમ ખુશી ખુશી થઈ જાય અને મોટા મોટા ગોરાઓ મળવા આવે. બૈરાને કહે કે શીખો અંગ્રેજી. ગામડા જેવું નહીં ચાલે અમારે ઘરે. ઓલી ગામડાની બાઈ બિચારી. અમે તો બધું જોયું હતુંને. અમારે ત્યાં આવતીને. સુંદરવળાના અપાસરે. ૭૬માં. ૭૬-૭૬. બહુ માણસ આવેને. ત્રણેય અપાસરાના હજારો માણસ. એમાં એ બાઈ આવતી. કો'ક કહે, આની વહુ છે. એ તો ગામડાની બાઈ છે. પણ એનો ધણી કહે છે કે નહીં ચાલે, હવે અંગ્રેજી શીખવું પડશે. અમારે ત્યાં મેડમો બહુ આવે. આવા દુઃખિયા છે બિચારા. આહાહા! મૂલચંદભાઈ! આ બધા દુઃખિયા બિચારા. આત્મામેં આનંદ હૈ ઐસી રુચિ જિસે નહીં ઔર ઐસી ચીજમેં સુખ માનતે હૈં, મૂઢ મિથ્યાદૃષ્ટિ નરક ઔર નિગોદકો સાધનેવાલા હૈ. સમજમેં આયા?

साताकी सहेली है.. યહાં ઐસે લેના હૈ. સાતાનો અર્થ સુખ લેવું અહીંયા. અસાતાનો અર્થ દુઃખ. साताकी सहेली है अकेली उदासीनता. 'બનારસીદાસ'. જગતકે જિતને પ્રસંગ ઔર રીત સબ દુઃખદાયક હૈં. સમજમેં આયા? આહાહા! એક ભગવાન આત્મા.. सुखकी सहेली है.. પર—સર્વ વિકલ્પસે લેકર, રાગસે પુણ્યસે લેકર સબ ચીજસે ઉદાસીન ઔર અપની દૃષ્ટિ અપનેમેં અનુભવમેં સુખ હૈ ઐસા માના, યહ એક હી સુખ હૈ.

વહ ધર્મકા સાધક હૈ. આહાહા! સમજમેં આયા? સુખકી સહેલી હૈ, લ્યો. સુખકી સખી.. સખી. એ ઉદાસ... સમકિતી જીવ ધર્મી પુણ્યકે પરિણામ હોતે હૈં ઉસસે ભી ઉદાસ હૈ. દયા-દાન-વ્રત-ભક્તિકે ભાવ હોતે હૈં ઉસસે ભી સમકિતી તો ઉદાસ હૈ. આહાહા! सुखकी सहेली है अकेली उदासीनता.. સબ ઓરસે હઠકર અપના આત્મા આનંદમૂર્તિ હૈ ઐસી દૃષ્ટિકા અનુભવ હૈ વહ સુખી હૈ. એ શેઠ! આ તમને સુખી કહે છેને બધા લોકો. ભગવાનદાસ શોભાલાલ શેઠ, લ્યો. બેય શેઠિયા, કહે છે. આ અમારા રામ ને લક્ષ્મણ. તમારે રામ ને લક્ષ્મણની ઉપાધિ. રામ લક્ષ્મણ થે ન. તો આ રામ ને લક્ષ્મણ થયું. બેય ભાઈ. ક્યા હૈ ધૂલ ઉસમેં? આહાહા! એ પૂરું થયું.

जिस उन्नतिकी फिर अवनति है वह उन्नति नहीं. કહતે હૈં, જિસમેં બહારસે ઉન્નતિ લૌકિક મિલે, સ્વર્ગકી ગતિ મિલે નવમી ગ્રૈવેયકકી, યે ઉન્નતિ નહીં. ક્યોંકિ વહાંસે ગિરનેસે નિગોદમેં જાયેગા. આહાહા! દિગંબર સાધુ નામ ધરકર મિથ્યાદૃષ્ટિ અંદરમેં રાગસે પુણ્યસે ધર્મ માનનેવાલા એક પુણ્યકે પરિણામસે નવમી ગ્રૈવેયક તક ચલે જાયે, પર કહતે હૈં કિ उतंग चढ़ि फिर पतन.. जिस उच्च स्थानपर पहुँचके फिर गिरना पड़ता है, वह उच्च पद नहीं गहरा कुआ ही है. આહાહા! ગહરા કુઆં હૈ. આહાહા! સમજમેં આયા?

જે ઉન્નતિની પછી અવનતિ (આવે) છે તે ઉન્નતિ નથી. (દોહરા)

जिहि उतंग चढ़ि फिर पतन, नहि उतंग वह कूप।
जिहि सुख अंतर भय बसै, सो सुख है दुखरूप॥१२॥

जो विलसै सुख संपदा, गये तहां दुख होइ।
जो धरती बहु तृनवती, जरै अगनिसौं सोइ॥१३॥

**શબ્દાર્થ :—**ઉતંગ=ઊંચે. પતન=પડવું તે. કૂપ=કુવો. વિલસૈ=ભોગવે. તૃનવતી=ઘાસવાળી. જરૈ=બળે છે.

**અર્થ :—**જે ઊંચા સ્થાન ઉપર પહોંચીને પછી પડવું પડે છે, તે ઊંચ પદ નથી, ઊંડો કુવો જ છે. તેવી જ રીતે જે સુખ પ્રાપ્ત થઈને તેના નષ્ટ થવાનો ભય છે તે સુખ નથી, દુઃખરૂપ છે. ૧૨. કારણ કે લૌકિક સુખ–સંપતિનો વિલાસ નષ્ટ થતાં પછી દુઃખ જ પ્રાપ્ત થાય છે, જેવી રીતે કે ગીચ ઘાસવાળી ધરતી જ અગ્નિથી બળી જાય છે. ૧૩.

अर्थ :—जिस उच्च स्थानपर पहुँचके फिर गिरना पड़ता है, वह उच्च पद नहीं गहरा कुआ ही है। उसी प्रकार जिस सुखके प्राप्त होने पर उसके नष्ट होनेका भय है वह सुख नहीं दुःखरूप है॥१२॥ क्योंकि लौकिक सुख—सम्पत्तिका विलास नष्ट होनेपर फिर दुख ही प्राप्त होता है, जिस

प्रकार कि सघन घासवाली ही धरती अग्निसे जल जाती है॥१३॥

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! ક્યા કહતે હૈં દેખો. जिहि उतंग પદવી ગર્વકી, રાજાકી, શેઠાઈકી મિલે ઔર વહાંસે નીચે ગિરે, યે ઊંચી ચીજ નહીં. ગહરા કુઆં હૈ. આહાહા! હમારે ઘર શેઠાઈ થી, હમ નગરશેઠ થે. અભી તો સબ મર ગયે હૈં. રોટીકા ખાના ભી મિલતા નહીં. આહાહા! સમજમેં આયા? ઊંચી ચીજ ઐસી મિલકર નીચે આયે, વહ કૂપ હૈ. આત્મામેં ઉપર ચઢકર નીચે કભી ગિરતે નહીં ઐસી ચીજ આત્મા હૈ. એમ કહતે હૈં. સબકો ઉડા દેતે હૈં. રાજા હુઆ, શેઠ હુઆ, અબજપતિ હુઆ. વહ ક્યા ઉચ્ચ પદ હૈ? વહ તો પતનમેં ઐસે પતન હોગા. ઓહોહો! પહલે દેવલોકકા દેવ, સુધર્મ દેવલોકકા. દો સાગરકી સ્થિતિ. એક સાગરોપમમેં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, અસંખ્ય અબજ વર્ષ. પર જબ અજ્ઞાની વહાં ગયા કોઈ પુણ્યક્રિયાસે, તો કહતે હૈં, યહ ઊંચા પદ નહીં. વહાંસે મરકર વનસ્પતિમેં જાયેગા. સમજમેં આયા? જિસે આત્મા રાગસે, પુણ્યસે, પાપસે ભિન્ન ઐસી અંતરદૃષ્ટિ હુઈ નહીં, ઉસે પુણ્યકે કારણસે બડી પદવી મિલે, વહાંસે (મરકર) નીચે જાયેગા. આહાહા!

દૂસરે સ્વર્ગકા દેવ મિથ્યાદૃષ્ટિ, પુણ્યકી ક્રિયાસે સ્વર્ગ મિલા. જહાં પુણ્ય પૂર્ણ હુઆ, મરકર પૃથ્વીમેં એકેન્દ્રિય, જલમેં. ખારે જલમેં નહીં હોં, સુગંધી જલમેં. પૃથ્વીમેં ભી હીરા માણેકમેં ઉપજે હોં. પર પૃથ્વી હીરામાણેક હૈ કિ નહીં? આહીં આ જીથરીના પથરામાં ન ઊપજે એ. (શ્રોતા : વસુંધરા કહે છે). નહીં, નહીં, એ નહીં. યહાં દૂસરી ચીજ કહતે હૈં. યહાં દુસરે દેવલોકમેં જો પુણ્યકે કારણસે જાતે હૈં તો ઉસે પુણ્યકા પ્રેમ હૈ, રુચિ હૈ. તો મિથ્યાદૃષ્ટિ વહાંસે મરકર પૃથ્વીમેં ઉપજેગા, યૂં કહતે હૈં. ભાષા બીજી હશે. માટીમેં ઉપજતે હૈં. વહ હીરા-માણેકમેં ઉપજતે હૈં. યહાંકે પત્થર હૈં ન. યે સબ લાલ પત્થર આતા હૈ ન જીથરીકા, ઉસમેં ન ઉપજે. હીરા-માણેકમેં ઉપજે. આહાહા! પાનીમેં ઊપજે. સાધારણ પાણી આવામાં ન ઊપજે. એનું સુગંધી પાણી હોય. શું કહેવાય એવાને? ઊના પાણી હોયને નીકળે ઝરા જેમાં નહાવા જાય. ઊંચા સુગંધી પાનીમેં ઊપજે મરકર. હવે ધૂળમાં. આહાહા!

ઔર વનસ્પતિ કે ફૂલમેં ઊપજે. નીમ આદિમેં ન ઊપજે. ફૂલ સુગંધી હો ગુલાબકા. યે દૂસરે દેવલોકકા દેવ મરકર વહાં ઊપજે. આહાહા! પુણ્યસે ધર્મ હોતા હૈ ઐસી માન્યતાવાલા પુણ્યસે તો ઉચ્ચ ગતિ પાયે, પણ વહાંસે મરકર નીચે જાયેગા. સમજમેં આયા? આહાહા! વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. નીચે ક્યા? અરે આઠવા દેવલોક.. લ્યો. અઢાર સાગરકી સ્થિતિ. પણ અપની ચીજ (આનંદ)સ્વરૂપ હૈ, પુણ્ય-પાપસે રહિત હૈ ઐસા અનુભવ ઔર દૃષ્ટિ નહીં યે પુણ્યકી ક્રિયાસે આઠવે સ્વર્ગમેં જાય, ભગવાન ઐસે કહતે હૈં

કિ વહાંસે મરકરે પશુમેં–ભૂંડમેં અવતાર હો, ગધ્ધા, કૂત્તેમેં અવતાર હો. કુત્તેમેં. આહાહા!

આત્મજ્ઞાન ઔર સમ્યગ્દર્શન બિના સાધક નહીં હોતે, ઈસકી બાત ચલતી હૈ યહાં. યે તો સાધકપના, અપના સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ઐસી દૃષ્ટિ ઔર સાધકપના હુઆ નહીં. સાધક સાધના કરકે તો કેવલજ્ઞાન પાયેગા. યહ સાધના બિના અજ્ઞાનીને પુણ્યકી ક્રિયા સાધી ઔર ફલમેં સ્વર્ગ મિલે. આઠવે સ્વર્ગમેં ૧૮ સાગર હોં. ભગવાન કહતે હૈં કિ વહાંસે મરકર હિરનકી કોખમેં અવતરે. મૃગકી કોખમેં જાય (બારહવેં) દેવલોકકા દેવ. આહાહા! સમજમેં આયા?

એક પ્રશ્ન કિયા થા. બહોત વર્ષકી બાત હૈ. ૭૯-૭૯. ૭૯ સાલકી બાત હૈ. મૈંને પ્રશ્ન કિયા થા. એક હતોને ઓલો સાધુ, એક આવ્યો હતો. એ છેને સ્થાનકવાસી. એમાં એક પ્રશ્ન મેં લખ્યો હતો. કીધું, સમકિતી આરાધક થઈને એક સમયમાં અસંખ્યાતા સરખી સ્થિતિએ ઊપજે સ્વર્ગમાં? ઐસા પ્રશ્ન થા. ક્યા કહા યહ પ્રશ્ન સમજના. આત્માકા ભાનવાલા સમકિતી અનુભવી–રાગસે ભિન્નતાવાલા, એક સેકન્ડકે અસંખ્યવે ભાગમેં આરાધક હોકર સ્વર્ગમેં અસંખ્ય એક-સી સ્થિતિમેં ઉપજે? ઐસા પ્રશ્ન થા. વિચાર કરને લગા. ક્યા કહના. ન ઉપજે. કેમકે અસંખ્ય આરાધક છે ને ઊપજે સરખી સ્થિતિએ, પણ ત્યાંથી છૂટીને મનુષ્યપણામાં તો આવવું છે અને મનુષ્ય અસંખ્ય તો છે નહીં. સમજમેં આયા?

એ આવ્યા હતાને ઘાસીલાલજી, ભાઈ નહીં? ૭૯કી બાત હૈ. ૨૧ ને ૨૭. કેટલા વર્ષ થયા? ૪૮. યહ પ્રશ્ન કિયા થા મૈંને. ઐસે તો બહોત પ્રશ્ન કિયે થે. ૭૯કી સાલ. જેઠ મહિનો. ૭૯કા જેઠ. ધર્મી જીવ આત્માકા આરાધન કરકે, શાસ્ત્રમેં પાઠ હૈ કિ, આઠવેં સ્વર્ગમેં એક સમયમેં અસંખ્ય દેવ ઊપજે. ઐસા પાઠ હૈ શાસ્ત્રમેં. કોઈ વખતે. એક સમય નામ સેકન્ડના અસંખ્ય ભાગમાં આઠમા સ્વર્ગમાં એક સમયે અસંખ્ય દેવ ઊપજે. યે પ્રશ્ન કિયા કિ અસંખ્ય દેવ આરાધક હોકર એકસી સ્થિતિમેં ઊપજે? બિલ્કુલ નહીં. મિથ્યાદૃષ્ટિ પુણ્યકે કારણસે એક સમયમેં અસંખ્ય એકસી સ્થિતિએ આઠવેં સ્વર્ગમેં ઉપજે. ક્યા કહા સમજમેં આયા? ભાઈ! જિસે પુણ્યકી રુચિ હૈ, પુણ્યકે ભાવમેં ધર્મ હૈ ઐસી માન્યતાવાલા મિથ્યાદૃષ્ટિ એક સમયમેં તિર્યંચ હોં તિર્યંચ, મનુષ્ય તો હૈં નહીં યહાં ઈતને. પશુ અસંખ્ય તિર્યંચ એક સમયમેં સેકન્ડકે અસંખ્યવે ભાગમેં અઢાર સાગરકી સ્થિતિમેં ઊપજે, ઐસા પાઠ હૈ. ક્યોંકિ મરકર ફિરસે જાના હૈ પશુમેં. મનુષ્ય (ન હો, ક્યોંકિ) આરાધક તો હૈ નહીં. સમજમેં આયા થોડા કિ નહીં? શેઠ! હિન્દીમેં આયા. ક્યા કહતે હૈં?

આત્માકા આરાધન કરનેવાલા એક સેકન્ડકે અસંખ્યવેં ભાગમેં, (શ્વેતાંબર) સિદ્ધાંતમેં ઐસા પાઠ હૈ કિ બારહવેં સહસ્રાર દેવલોકમેં એક સમયમેં અસંખ્ય દેવ એકસી

સ્થિતિમેં ઊપજે. ઐસા પાઠ હૈ. તો મૈંને પ્રશ્ન કિયા કિ અસંખ્ય ઊપજે તો આરાધક થઈને સરખી સ્થિતિએ ઊપજે? અભી પ્રશ્ન નહીં સમજે. સરખી સ્થિતિ સરખી ૧૮ સાગરની સ્થિતિ. આરાધક હોકર આયુષ્ય સમાન હો ઐસા ન ઊપજે. કેમ કે સરખી સ્થિતિએ ઊપજે ન્યાંથી છૂટીને અસંખ્યને એકસાથે અહીં જન્મવું છે. યે (મિથ્યાદ્રષ્ટિ) પશુમેં જાનેવાલા હૈ જીવ. યહ તો સૂક્ષ્મ પ્રશ્ન થા. ૭૯માં. કાંઈ ખબર ન મળે લોકોને. બિચારા એમને એમ ભોટ જેવા પડ્યા રહે. એ મૂલચંદભાઈ! અબ જાનેવાલે હો તુમ, રાત્રીકો તો હો નહીં.

સેકન્ડકા અસંખ્ય ભાગ (યા) એક મિનિટકા અસંખ્યવાં ભાગ. એક સમય. સિદ્ધાંત શાસ્ત્રમેં પાઠ હૈ કિ બારહવાં સહસ્રાર દેવલોકમેં એક સમયમેં એક સાથ એકસી સ્થિતિવાલે સબ ઊપજતે હૈં. તો કીધું, કોણ ઊપજે? (શ્રોતા : સાધક ઉપજે કે બાધક ઉપજે). બસ. અમરચંદભાઈ! સમજમેં આયા? મિથ્યાદૃષ્ટિ ઊપજે. ક્યોંકિ વહાંસે સ્થિતિ પૂરી હોકર નિકલના હૈ તો મનુષ્ય તો સંખ્યાતા હૈં. સમકિતી આરાધક એક સમયે ઊપજે સરખી સ્થિતિએ સંખ્યાતા હોય. યહાં મનુષ્ય સંખ્યાતા હૈં ન. કહાં જાના હૈ. છતાં સંખ્યાત મનુષ્ય એકસાથે લાખો કરોડો સંખ્યા મોટી... અઢી દ્વીપમાં છેને મનુષ્યો, તે ઊપજે. સમજે ન. સરખી સ્થિતિએ સંખ્યાત જીવ ઊપજે. સંખ્યાત સરખી સ્થિતિએ ઊપજે ત્યાંથી છૂટીને મનુષ્યમાં કરોડો લાખો લોકો ત્યાંથી આવે. સમજમેં આયા? આ તો ગણિતનો વિષય છે. હવે આમાં કયાં...? એમાંય લોકોને એવું લાગતું કે આહાહા! આવું શું કાંઈ કાઢ્યું? કાઢ્યું શું? હવે સાંભળને.

ધર્મકે આરાધક જીવ અપની સ્વરૂપદૃષ્ટિ કરકે.. પશુકી સંખ્યા અસંખ્ય હૈ. સમકિતી જ્ઞાની અસંખ્ય હૈં પશુમેં. અઢી દ્વીપ બાહર ધર્મી સમકિતી પંચમ ગુણસ્થાનવાલે. મરકર સ્વર્ગમેં જાયેંગે, દૂસરેમેં નહીં. પણ સરખી સ્થિતિએ સંખ્યાત જાય. સ્થિતિમેં ફેરફારવાલે અસંખ્ય જાયે. સ્થિતિમાં થોડો ફેર હોય. (શ્રોતા : સમાન સ્થિતિવાલે.....) ન જઈ શકે કેમકે ન્યાંથી મરકર અહીં મનુષ્યમેં આવવું છે. આરાધક પશુમેં જાયે નહીં. ઓહોહો! આ તો મૂળ માણસે વિચાર મંથન કર્યો નથી. શું ચીજ છે કાંઈ ખબર નહીં. એમને એમ આ બીડીયું ને તમાકુમાં ચાલ્યા. બાળ બીડીના સ્વામી, લ્યો. શેઠ! આહાહા!

યહાં તો કહતે હૈં કિ બાલક જો પ્રાણી હૈ, અપને ભગવાન આત્માકી અનુભવ દૃષ્ટિ નહીં, યે સબ બાલક હૈં. બાલક પ્રાણી પુણ્યકી ક્રિયા ઉત્કૃષ્ટ કરકે સ્વર્ગમેં ૧૮ સાગરકી સ્થિતિસે તિર્યંચમેંસે અસંખ્ય એક સમયમેં ઊપજે. અઢાર સાગર. સમજમેં આયા? સમજાણું કે નહીં હીરાભાઈ? એમ કેમ કીધું કે અસંખ્યાતા ઊપજે નહીં? મનુષ્યમાં આવવું છે. મનુષ્યમાં આરાધક થયેલો મનુષ્યમાં આવે. અહીં મનુષ્ય સંખ્યાતા છે. આ બે-ત્રણ વાર કહેવાણું તોય સમજવામાં અંદર આ ન સમજાય. અમે ન સમજીએ, એમ કહ્યું. પાટનીજી!

(શ્રોતા : પ્રશ્ન બહોત ગંભીર હૈ). કોઈ ગંભીર-બંભીર નહીં હૈ.

૭૯મેં પ્રશ્ન કિયા થા. કિતને વર્ષ હુએ? ૪૮, પચાસમેં દો કમ. ઉસ વક્ત કિતની ઉમ્ર થી? અભી ૮૨ હૈ. ૩૪. ૩૪ વર્ષકી ઉમ્ર થી. દેહની હોં. તબ પ્રશ્ન નિકાલા થા. બહોત નિકાલે થે. ઐસે ઐસે લગભગ ૮૫ પ્રશ્ન થે. એક ઐસે ૮૫. ઓલો એક આવ્યો હતો સાધુ મોટો. ૮૦ ગાથાકા (અર્થ) જાનતે હૈં. ઠીક હૈ. હમને કહા, ઈસકા ઉત્તર દો. ત્યાં એવું તો કંઈ તો... એ તો બીજી વાત છે. ત્યારે શું કીધું તે દિ'? ઐસા પ્રશ્ન તો હમેં કભી હુઆ નહીં, કહે. આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ. ઉત્પાદ-વ્યય-ધ્રુવકા પ્રશ્ન કિયા થા. નિયત. ૭૯. એક સાધુ આયા થા ઘાંસીલાલજી. ઘાંસીલાલ ને? ના. ના. અમીર સાધુ.

ઐસા પ્રશ્ન કિયા થા હમને કિ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ૩૨ સૂત્રમેં કહાં આતા હૈ? ઉનકા ૩૨ સૂત્ર હૈ ન શ્વેતાંબરકા. ૭૧ હજાર શ્લોક હૈં. મૈંને ઐસા પ્રશ્ન કિયા કિ ૭૧ હજાર શ્લોક હૈં ૩૨ સૂત્રમેં. હમને તો સબ દેખા થા ન. મૈંને ઐસા પ્રશ્ન કિયા કિ ઉત્પાદ વ્યય ધ્રુવ ઐસે તીન શબ્દ ૩૨ સૂત્રકે ૭૧ હજાર શ્લોકમેં કહાં આયે? તો કહે, ઐસા પ્રશ્ન તો હમારે પાસ કભી નહીં આયા. નહીં આયા, પર યહ તો મૂલ પ્રશ્ન હૈ ન. ક્યા કહતે હો? મૈં ઐસા નહીં કહતા, ઉત્પાદ વ્યય ધ્રુવ કિસે કહતે હૈં? મૈં તો ઈતના કહેતા હૂં કિ ૩૨ સૂત્ર ૭૧ હજાર શ્લોક હૈં, ઉસમેં ઉત્પાદ વ્યય ધ્રુવ તીન શબ્દ કહાં આયે? મૈં ઐસા પૂછતા હૂં. એય પાટનીજી! તો ઉસને જવાબ દિયા કિ અરે, હમ તો શિવલાલજીકા.. શિવલાલજી થા મારવાડી નહીં? મારવાડી થા. સબ મિલતે થે બાહર જંગલમેં. .....

પણ યહ જૈનદર્શનકી મૂલ ચીજ હૈ કિ દરેક પદાર્થ એક સમયમેં નયી અવસ્થાસે ઊપજે, પુરાની અવસ્થાસે વ્યય હો ઔર ધ્રુવ રહે, યહ તો મૂલ ચીજ હૈ. ઔર હમ તો પૂછતે હૈં કિ યે શબ્દ કહાં હૈ, ઈતના પૂછતે હૈં. હૈં.. હૈં.. હૈં.. એને એમ થઈ જાય. તો ક્યા હૈ? એય વકીલ! (શ્રોતા : .....) ના. ઐસા હૈ નહીં એક સાથમેં. જુદે જુદે ઠેકાણે લખ્યું છે. એનો મેળ ક્યાં છે? આહાહા! ઐસે તો બહોત પ્રશ્ન કિયે. ૮૫ પ્રશ્ન થે. લોગોંકો, તત્ત્વ ક્યા ચીજ હૈ ઔર તત્ત્વકા આરાધક જીવ કૈસે હોતા હૈ ઔર તત્ત્વકા વિરાધક મિથ્યાદૃષ્ટિકા શલ્ય ક્યા હૈ, (ઉસકી) ખબર નહીં. હમ શ્રાવક હૈં, હમ સાધુ હૈં. ક્યા શ્રાવક-સાધુ? સમજમેં આયા?

યહાં કહતે હૈં, जिहिं उतंग चढ़ि फिर पतन, नहि उतंग वह कूप है. પુણ્યકી ક્રિયા બતાતે હૈં યહાં. ધર્મકા સાધક જીવ નહીં, શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાનકી દૃષ્ટિ અનુભવ નહીં ઔર અકેલી ક્રિયા પુણ્યકી કરતા હૈ, ઉપર ચઢકર પતન હોગા. ગહરે કૂએમેં જાયેગા, યે કહતે હૈં. સમજમેં આયા? યે સાધક જીવકી મહિમા ઔર બાધક જીવકે ફલ ..., યે

બતાતે હૈં. સાધ્ય-સાધક દ્વાર હૈ. સમજમેં આયા?

जिहि सुख अंतर भय बसै, सो सुख है दुखरूप.. જિસ સુખમેં નષ્ટ હોનેકા ભય હૈ યહ સુખ નહીં. લક્ષ્મી-સ્ત્રી-કુટુંબ-રાજ ક્ષણમેં નાશ હો જાયે, આહાહા! કોઈ રાજા હૈ રાજા. એક ઘંટેકી દેઢ લાખકી ઊપજ હૈ. એક ઘંટેકી દેઢ લાખકી. વહ રાજા હૈ. કુઆં. ઈરાક. પેટ્રોલકે કુએં નિકલે હૈં. રાજ છોટા હૈ, પર રાજમેં કુએં ઈતને નિકલે હૈં કિ એક ઘંટેકી દેઢ લાખકી ઊપજ. એક રાજા હૈ. રાજાકો ઉસકે ભતીજેને ઉડા દિયા. રાજ હૈ રાજ યહાં ઈરાક. રાજ છોટા હૈ, પણ ઉસકે કૂપમેં.. (શ્રોતા : કુવૈત). એ આપણને નામ આવડે નહીં. આ તો ભાવ ત્યાં... ઈતની કિંમત—પેદાશ. એક ઘંટેકી દેઢ લાખકી. પેટ્રોલકી ઈતની ઉપજ. બડા રાજા. ઉસકે ભતીજેને ઉડા દિયા. અભી ઉડા દિયા. ભત્રીજો રાજા થઈ ગયો. થોડા વખતની વાત છે.

વહ તો પુણ્યકા ફલ કિતની સ્થિતિકા હૈ, યહ કહતે હૈં. નાશવાન હૈં સબ ચીજ. આહાહા! અવિનાશી ભગવાનકા આરાધન કરકે જો પુણ્ય આયા હૈ યહ દૂસરી ચીજ હૈ. ઉસકા પતન કભી હોતા નહીં. આહાહા! સમજમેં આયા? (શ્રોતા : શાશ્વત સુખ.....) સુખ તો શાશ્વત હૈ, પર ઉસે પુણ્ય બંધતા હૈ ઉસમેં ચક્રવર્તી રાજા, તીર્થંકર આદિ હોતા હૈ તો ઉસકા પુણ્ય ભી દુસરી ચીજ હૈ. અજ્ઞાનીયોંકો તીર્થંકર ગોત્ર કભી નહીં બંધતા. ઐસા બંધ હોતા હી નહીં. ચક્રવર્તી(પદ)કા બંધ ભી અજ્ઞાનીકો નહીં હોતા. સમકિત ચારિત્ર ન હો તો નહીં હોતા. કિંમત, સાધકકી કિંમત બતાતે હૈં. પુણ્યની ક્રિયામેં જો રાચ રહા હૈ વહ સાધક નહીં. શુક્લલેશ્યા લેકર સ્વર્ગમેં જાઓ, વહાંસે ગિરકર ગહરે કુએંમેં જાયેગા. પશુ હોકર નરક, નિગોદમેં જાયેગા, એમ કહતે હૈં. વહ ઉપર ઉઠા નહીં. આહાહા!

આત્માકે ધર્મકી સાધના કરકે ભલે પહલે દેવલોકમેં ગયા સુધર્મમેં, પર વહાંસે નિકલકર મહારાજાકી રાણીકે ચક્રવર્તી, તીર્થંકર આદિ હોગા. યહ ધર્મકે આરાધકકી ભૂમિકામેં બાંધા હુઆ પુણ્યકા ફલ હૈ. આ તો ભાન વિના મિથ્યાદૃષ્ટિ ક્રિયાકાંડ કરે, શુક્લલેશ્યા. સમજમેં આયા? બાર-બાર મહિનાના અપવાસ, જાવજ્જીવ બ્રહ્મચર્ય. જિંદગી (આખી) બ્રહ્મચર્યા્ બાળબ્રહ્મચારી. દૃષ્ટિ મિથ્યાત્વ. વહ ક્રિયા હમારી હૈ, ઈસ ક્રિયાસે હમારી મુક્તિ હોગી. ઐસા મિથ્યાદૃષ્ટિ પુણ્યકે કારણ (સ્વર્ગમેં) જાય, નીચે ગિરેગા. ઉસમેં સુખ માનતા હૈ. સુખ હૈ નહીં, નાશ હૈ. યહ સુખ તો દુઃખરૂપ હૈ. આરે, 'બનારસીદાસ'ને કિતના સ્પષ્ટ કિયા હૈ!

जो विलसै सुख संपदा, गये तहां दुख होइ. लौकिक सुख संपत्तिका विलास नष्ट होने पर फिर दुःख ही प्राप्त होता है. સમજમેં આયા? એક માણસ છે. ૮૧મેં હમારા

ચાતુર્માસ થા ન ગઢડામેં. કામદારકા જંવાઈ થા, ભાવનગરકા થા. નામ શું હતું, ખબર નથી. તો બાત ચલતી થી ઐસી કિ સબ નાશવાન હૈ. અપના અવિનાશીકા ભાન નહીં તો સબ મિથ્યાદૃષ્ટિ મૂઢ હૈં. તો ઉસને કહા, મહારાજ! મૈં ૪૮ વર્ષ પહલે મુંબઈ ગયા થા. ૪૮ વર્ષ પહલે મુંબઈ ગયા. અકેલા ગયા થા. પીછે શાદી હુઈ, લડકા હુઆ, લડકી હુઈ. સોપારીકા વ્યાપાર થા. સોપારી, નહીં? સોપારી નહીં સમજતે? (શ્રોતા : સોપારી ભોજનકે બાદ નહીં લેતે?) સુપારીકા વ્યાપાર. સુપારી નહીં આતી હૈ? હા, સુપારી. સુપારીકા વ્યાપાર. પૈસા હુઆ. ૪૮ વર્ષ બાદ જૈસા ગયા થા ઐસા આયા હૂં. ઉસને કહા. ૧૨ આદમી ઘરમેં થે. અગિયાર ખલાસ હો ગયે. એક મૈં રહા હૂં. પૈસા ગયા, ધંધા ગયા, સબ ગયા. મૈં અકેલા આયા હૂં. આહાહા! શેઠ! પરચીજ કહાં સાથમેં રહતી હૈ?

ભગવાન આત્મા આનંદકંદકા અનુભવ ઔર દર્શન હુઆ, વહ સાથ લેકર જાતા હૈ ઔર આગે વૃદ્ધિ હોગી ઉસકી. આહાહા! યે બતાતે હૈં. સાધકમેં લાભ ક્યા ઔર બાધકમેં નુકશાની ક્યા, યે બતાતે હૈં. આહાહા! સમજમેં આયા? गये तहां दुख होइ. जो धरती बहु तृनवती. આહાહા! દેખો. જે સઘન ઘાસવાળી જે ધરતી. ઐસી ધરતી જમીન પર ઘાસ ઉપજા હો. અગ્નિ લાગે ત્યાં ખલાસ. આહાહા! પૂરા જંગલ ખાક. ઈતની વનસ્પતિ ઊગી હો. લિખા હૈ ન. जिस प्रकार कि सघन घासवाली ही घरती अग्निसे जल जाती है.. धरती बहु तृनवती, जरै अगनिसौं सोई.. આહાહા! લીલાછમ ઝાડ. અગ્નિ લાગી તો રાખ કાળામશ.. આહાહા! કાળામશ થઈ જાય. ઐસે આત્માકે ભાન બિના પુણ્યકી ક્રિયાસે સંયોગ મિલે. ઉસકી મુદત (પૂરી) હોગી, નાશ હો જાયેગા. સમજમેં આયા? પુણ્ય ઔર પુણ્યકે ફલ સબ નાશવાન હૈં. અવિનાશી આત્માકી દૃષ્ટિ ઔર જ્ઞાન, વહ અવિનાશીકો પ્રાપ્ત કરાતે હૈં. પુણ્ય આદિસે અવિનાશીકી પ્રાપ્તિ નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૬૬, આસો સુદ ૧, સોમવાર તા. ૨૦-૯-૧૯૭૧
## સાધ્ય-સાધક દ્વાર પદ ૧૪ થી ૨૨ ઉપર પ્રવચન

સમયસાર નાટક છે. સાધ્ય-સાધક અધિકાર. ૧૪મું (પદ) છે ને. श्रीगुरुके उपदेशमें ज्ञानी रुचि लगाते हैं और मूर्ख समझते ही नहीं. સાધકનો અધિકાર છે ને.

શ્રીગુરુના ઉપદેશમાં જ્ઞાની જીવ રુચિ કરે છે અને મૂર્ખ સમજતા જ નથી. (દોહરા)

सबद मांहि सतगुरु कहै, प्रगट रूप निजधर्म।
सुनत विचच्छन सद्दहै, मूढ़ न जानै मर्म॥१४॥

**અર્થ** :—શ્રીગુરુ આત્મ-પદાર્થના સ્વરૂપનું વર્ણન કરે છે, તે સાંભળીને બુદ્ધિમાન માણસો ધારણ કરે છે અને મૂર્ખાઓ તેનો મર્મ જ સમજતા નથી. ૧૪.

**अर्थ** :—श्रीगुरु आत्म-पदार्थका स्वरूप वर्णन करते हैं, उसे सुनकर बुद्धिमान लोग धारण करते हैं और मूर्ख उसका मर्म ही नहीं समझते॥१४॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

શું કહે છે? सबद मांहि सतगुरु.. જ્ઞાની શબ્દ દ્વારા ધર્મ કહે. प्रगट रूप निज धर्म.. પોતાનો જ્ઞાન સ્વભાવ—ધર્મ, આનંદ સ્વભાવ એ પ્રગટ કહે. કે ભઈ, તારો સ્વભાવ તો આનંદ અને જ્ઞાન છે. એમાં દૃષ્ટિ લગાડ તો તને ધર્મ થશે. સાધકનું સાધ્ય છેને? प्रगट रूप निज धर्म.. આત્માનો, જ્ઞાન અતીન્દ્રિય આનંદ એ એનો સ્વભાવ છે અને એ સ્વભાવમાં દૃષ્ટિ કરકે—દૃષ્ટિ કરીને નિજધર્મ જે જ્ઞાન અને આનંદની દશા પ્રગટ થાય એ આત્માનો નિજધર્મ છે. સમજાય છે કાંઈ? सुनत विचच्छन सद्दहै.. અહીં તો એ જ વાત લીધી છે. આહાહા! પાત્ર જીવ હોય, રૂડો જીવ હોય... સુનત—સાંભળતાં જ જ્ઞાની—વિચિક્ષણ પોતાનું નિજ સ્વરૂપ અનંત કાળે કોઈ દિ' સાંભળ્યું નથી, શ્રવણમાં લીધું નથી, અનુભવમાં લીધું નથી, એને અનુભવ કરે એમ કહે છે અહીં. પંડિતજી!

सुनत विचच्छन सद्दहै.. ભગવાન આત્માનો ધર્મ એટલે સ્વભાવ તો ત્રિકાળ છે એનો. એનો આશ્રય લઈને, એનું અવલંબન લઈને, જે સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ પ્રગટ થાય એ ધર્મ છે. કહો, મૂલચંદભાઈ! આ વ્રત ને તપ ને પૂજા ને ભક્તિ ને વિકલ્પ એ ધર્મ નથી એમ કહે છે. નિજધર્મ છે ને? આહાહા! એ કહેશે દાખલો આપીને.

मूढ़ न जानै मर्म.. ધર્મનો મર્મ અજ્ઞાની ન જાણે. જ્ઞાની એને વારંવાર કહે તો પણ અજ્ઞાનીને એ વાત બેસે નહીં. એને કંઈ પણ આ બહારની ક્રિયા કંઈ વ્યવહાર, વ્રત કરવા, તપ કરવા, ભક્તિ-પૂજા, મંદિર બનાવવા એમાં કાંઈક ધર્મ છે કે નહીં? (શ્રોતા : નહીં. આત્મા આત્માકા હૈ યહાં તો). અહીં તો એ કહે છે અહીં. અજ્ઞાની એમાં ધર્મ માને છે. એને આત્માના આશ્રયે ધર્મ થાય એ માનતો નથી. ભારે વાત. બહુ ટૂંકામાં કહ્યું જુઓ. सबद मांहि सतगुरु कहै, એમ. શબ્દથી વાત કરેને વાત આવે તો, એમ કહે. વળી એકકોર કહે કે શબ્દ આત્મા બોલી શકે નહીં. કોઈ (કહેતા) તીર્થંકરેય બોલી શકતા નથી. વાણીને કોણ બોલે? વાણી તો જડ છે. પણ નિમિત્તનો સંબંધ બતાવવો છે ને. કે જ્ઞાની એને વાણીથી કહે, ભાઈ! તારો ધર્મ તો... તું શુદ્ધ ચૈતન્ય છો. જ્ઞાનાનંદ, એ શરીર વાણીથી તો ભિન્ન, પણ પુણ્ય-પાપના વિકારના વિભાવથી પણ ભિન્ન છે. એવી તારી ચીજ એને તું અનુભવ, એ ધર્મ છે. એનું દૃષ્ટાંત આપે છે. मूर्ख उसका मर्म ही नहीं समझते. उपरके दोहेका दृष्टांत द्वारा समर्थन

ઉપરના દોહરાનું દૃષ્ટાંત દ્વારા સમર્થન (સવૈયા એકત્રીસા)

जैसें काहू नगरके वासी द्वै पुरुष भूले,
तामैं एक नर सुष्ट एक दुष्ट उरकौ।
दोउ फिरैं पुरके समीप परे ऊटवमैं,
काहू और पथिकसौं पूछैं पंथ पुरकौ॥
सो तौ कहै तुमारौ नगर है तुमारे ढिग,
मारग दिखावै समुझावै खोज पुरकौ।
एतेपर सुष्ट पहचानै पै न मानै दुष्ट,
हिरदै प्रवांन तैसे उपदेस गुरुकौ॥१५॥

**શબ્દાર્થ :—**વાસી=રહેનાર, સુષ્ટ=સમજણો. દુષ્ટ=દુર્બુદ્ધિ. ઊટવ=ઉલટો રસ્તો. ઢિગ=પાસે.

**અર્થ :—**જેવી રીતે કોઈ શહેરના રહેવાસી બે પુરષો વસ્તીની સમીપમાં રસ્તો ભૂલી ગયા, તેમાં એક સજ્જન અને બીજો હૃદયનો દુર્જન હતો. રસ્તો ભૂલીને પાછા ફર્યા અને કોઈ ત્રીજા મુસાફરને પોતાના નગરનો રસ્તો પૂછ્યો તથા તે મુસાફરે તેમને રસ્તો સમજાવીને બતાવ્યો અને કહ્યું કે આ તમારું નગર તમારી નજીક જ છે. ત્યાં તે બંને પુરુષોમાં જે સજ્જન છે તે તેની વાત સાચી માને છે અર્થાત્ પોતાનું નગર ઓળખી લે છે અને મૂર્ખ તેને માનતો નથી; એવી જ રીતે જ્ઞાની શ્રીગુરુના ઉપદેશને સત્ય માને છે પણ અજ્ઞાનીઓના

સમજવામાં આવતું નથી. ભાવ એ છે કે ઉપદેશની અસર શ્રોતાઓના પરિણામ-અનુસાર જ થાય છે. ૧૫.

**अर्थ :**–जिस प्रकार किसी शहरके रहनेवाले दो पुरुष बस्तीके समीप रास्ता भूल गये, उसमें एक सज्ञन और दूसरा दुर्जन था। रास्ता भूलकर उलटे फिरें और किसी तीसरे रास्तागीरसे अपने नगरका रास्ता पूछे तथा वह रास्तागीर उन्हें रास्ता समझाकर दिखावे और कहे कि यह तुम्हारा नगर तुम्हारे ही निकट है। सो उन दोनों पुरुषोंमें जो सज्ञन है वह उसकी बातको सच्ची मानता है अर्थात् अपने नगरको पहिचान लेता है और मूर्ख उसे नहीं मानता; इसी प्रकार ज्ञानी लोग श्रीगुरुके उपदेशको सत्य श्रद्धान करते हैं, पर अज्ञानियोंकी समझमें नहीं आता। भाव यह है कि उपदेशका असर श्रोताओंके परिणामोंके अनुसार ही होता है॥१५॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! जैसैं काहू नगरके वासी.. કોઈ નગરના રહેનારા એવા બે આદમી.. દૃષ્ટાંત દીધો. द्वै पुरुष भूले.. પોતાના નગર પાસે જ છે, પણ ભૂલી ગયા. દિશામૂઢ થઈ ગયા. છે તો નગર સમીપમાં જ. ફરે છે નજીક. तामैं एक नर सुष्ट एक दुष्ट उरकौ.. એમાં એક તો ભલો આદમી છે અને એક હૃદયનો કુટિલ-ઉલ્ટો છે. दोउ फिरैं पुरके समीप.. બેય નગરની સમીપે જ ફરે છે, કહે છે. નગરની નજીકમાં જ છે બેય. સમજાય છે કાંઈ? परे ऊटवमैं—ઉલ્ટે રસ્તે જાય છે. काहू और पथिकसौ पूछैं पंथ पुरकौ.. બીજા પથિકને પૂછે છે કે આપણું નગર ક્યાં આવ્યું? અમારો વાસ નગર-ગામ ક્યાં આવ્યું? सो तो कहै तुमारौ नगर है तुमारे ढिग.. આ તમારું નગર આ જ છે આહીં સમીપ. એ છે એમાં ફરો છો તમે. સમજાણું કાંઈ?

પાળિયાદમાં એક બન્યું હતું. ખબર છે? ઓલો દામા મોતી. વિસાશ્રીમાળી હતા ને? પછી પાળિયાદથી જાવું બોટાદ. પાંચ ગાઉ થાય. બેઠા ગાડામાં. અંધારા મોટા અંધારા. એમાં હાલતાં હાલતાં લગભગ પાંચ ગાઉ હાલ્યા એવું લાગ્યું. એટલે કે... આવ્યું પાળિયાદ પાછું. પાળિયાદથી હાલ્યા હતા ને આવ્યું પાળિયાદ પાછું. લીલીયો છે પાળિયાદને કાંઠે એક. વહેણું. બાબરકોટ, લીલીયાની ઉપર બાબરકોટ નાનું ગામ. પાળિયાદની વચ્ચે એક આ વહેણું પાણીનું અને આમ બાબરકોટ. જ્યાં આમ પાંચ ગાઉ હાલ્યા. આહીં પૂછ્યું કે ક્યાં છો? આ બોટાદ? કહે, ના બાબરકોટ. ઓય! ભૂલ્યા, ભાન ન મળે. દામા મોતી હતા વિસાશ્રીમાળી. અરે, એક આ તો આટલું આટલું હાલ્યા ને. હાલી હાલીને પાછા ન્યાં ને ન્યાં આવ્યા. ફરી ફરીને ન્યાં ન્યાં નજીક. આહીં તો એ વાત છે કે પોતાનો આત્મા પાસે છે. ધર્મ કરનારને ક્યાંય બહાર ગોતવા જાવું પડે એવું નથી. આહા! સમજાણુ કાંઈ?

तुमारौ नगर है तुमारे ढिग, मारग दिखावै समुझावै खोज पुरकौ. આ રહ્યું પણ જુઓને. આ અંદર જો તારું ગામ. આ દરવાજો છે. આ દરવાજાથી આહીં અંદર જવાય છે. एतेपर सुष्ट पहचानै.. ભલો માણસ હોય એ તો જાણે કે હા, એલા આ તો નગર આ રહ્યું. અને ન્યાં ન્યાં ય ફરીએ છીએ આ તો. न मानै दुष्ट.. દુષ્ટ માને નહીં. हिरदै प्रवांन तैसे उपदेस गुरुकौ.. જેનું (જેવું) હૃદય યોગ્ય કે અયોગ્ય છે, એવો ઉપદેશ એને લાગુ પડે છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એક શબ્દમાં... નિહાલચંદભાઈ... એક શબ્દ આત્માનો સાધકનો પડે, તરત આત્માનું ભાન થાય એવા પણ પાત્ર જીવ હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પાંચમી ગાથામાં એમ કહ્યું 'સમયસાર'. 'एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण'. હું ભગવાન આત્મા. એનો નિર્મળ સ્વભાવ આત્માથી એકપણે છે, એકત્વ છે અને પુણ્ય-પાપના વિકલ્પો એ એનાથી આત્માનો સ્વભાવ પૃથક છે. એ વાત કરીશ, દેખાડીશ, પ્રમાણ કરજો એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? પ્રમાણ કરજો. આહાહા!

ભગવાન આત્મા.. હું પોતે જેને શોધવા માગું છું એ હું પોતે છું. ધર્મ કરનાર કોણ છે? કે હું પોતે જ એ છું. સમજાય છે કાંઈ? हिरदे प्रवांन, છેને એમાં? तुम्हारा नगर तुम्हारे ही निकट है. अपने नगरको पहिचान लेता है और मूर्ख उसे नहीं मानता. इसी प्रकार ज्ञानी लोग श्रीगुरुके उपदेशको श्रद्धान करते हैं. નહીં, નહીં, એમ ન હોય, આમ ન હોય, આમ ન હોય. અહીં તો સીધી વાત કરે છે કે નિશ્ચય આત્મા તારો સ્વભાવ તારી પાસે છે, તું ત્યાં જા. કોઈ રાગની ક્રિયાથી ને વ્યવહારની ક્રિયાથી આ થાય, એ વાત આમાં છે નહીં. (શ્રોતા : એનું નામ અનેકાંત?) આમાં છે નહીં પણ. આ કીધુંને. નિજધર્મ તારો તારી પાસે છે. રાગ તો ભિન્ન છે. કહો, ભીખાભાઈ! તો આ શું થયું? આ ભીખાભાઈને ચેન પડતું નથી. પણ ચેન અંદર ગોતવા જાય તો ચેન પડે ને.

કહે છે, पर अज्ञानियोंकी समजमें नहीं आता. આહા! અરે, આવું હોય? એને પહેલો વ્યવહાર જોઈએ કે નહીં? અરે, વ્યવહાર કરીએ તો નિશ્ચય થાય. પણ નિશ્ચય સ્વભાવ વ્યવહારથી ભિન્ન છે અને સમીપમાં છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? નિજ આનંદ સ્વભાવ અને જ્ઞાનસ્વભાવ એ તું પોતે છો. એની સન્મુખ જોતાં તને તેની સમીપતા ભાસશે. એ દૂર નથી એમ કહે છે. દૂર ભાસે છે. આહા! કેટલું કરીએ અને શું શું કરીએ તો પ્રાપ્ત થાય? એમને (-વિકલ્પવાળાને) દૂર ભાસે છે. કરવું ક્યાંય નથી. કરવું અંદર ચૈતન્ય ભગવાનને અંતર્મુખ જોવું એટલું કરવાનું છે એને. આહાહા! સમજાણું કાંઈ? આવો ધર્મ છે.

भाव यह है कि उपदेशका असर श्रोताओंके परिणामोंके अनुसार ही होता है. અસરનો અર્થ નિમિત્તપણું, એમ. જે પાત્ર હોય એને સમજાય. પાત્ર ન હોય એને સમજાય નહીં. એ તો એના પર રહ્યું. અસર. ભાષા નાખી છે ત્યાં. અસર શું? ભાષા તો એમ જ

કહેવાયને. ઉપદેશમાં શું આવે? અસર ગરી જાય છે અંદર? આહાહા! હવે એના દૃષ્ટાંતનું વિશેષ કહે છે. એકડો ક્યાં મૂક્યો છે? (શ્રોતા : હોતા હૈ). હા, હોતા હૈ ત્યાં. આ મૂક્યા છે ઓલા ચોપાઈ છેને તુલસી. તુલસીદાસની ચોપાઈ રામાયણની. सगुरु सिखावहिं बारहिं बारा, सूझ परै तऊं मति अनुसारा. પરમાત્મા વારંવાર ગમે (એટલું) કહે. વારંવાર કહે, એમ લખ્યું છે. ગમે એટલું વારંવાર કહે તો સમજાય. પાંચમી ગાથા 'સમયસાર'. આહીં કહે છે, सगुरु सिखावहिं बारहिं बारा, सूझ परै तऊं मति अनुसारा. એની મતિ અનુસાર એને સૂઝ સમજમાં આવે. સમજાય છે કાંઈ?

રાગ અને જ્ઞાન ભિન્ન છે એટલું કહ્યું હતું ભાઈને નિહાલચંદભાઈને. નિહાલચંદભાઈ. રાગ અને જ્ઞાન જુદા છે એટલું કહ્યું. ત્યાં તો ફેંસલો કરી ઊઠી ગયા બહારથી. જ્ઞાન અને રાગ જુદા પાડી દીધા. પોતાની સમીપ વસ્તુ છે. કાંઈક બીજુ કરું તો મળે, એ શલ્ય એને અંદર જવા દેતું નથી. સમજાય છે કાંઈ? આહાહા! પોતે ભગવાન જે ધર્મ કરવા માગે છે એ ધર્મની દશા તો વીતરાગી પર્યાય છે. તો વીતરાગી પર્યાય તો વસ્તુ જે છે એના સમીપમાં જાય તો ત્યાંથી પ્રગટ થાય. સમજાય છે કાંઈ? રાગ અને પુણ્ય ને નિમિત્તમાં જાય, ન્યાં છે આત્મા?

(શ્રોતા : આત્માને બતાવે તો ખરો). બતાવે એનો અર્થ શું થયો? એને કહ્યું કે આ જો અંદર જો, એમ કહ્યું. જોવું તો એને છે કે નહીં? કહો, સમજાણું કાંઈ? લોકમાં એમ નથી કહેવાતું? કે ભાઈ, ગોર એને પરણાવે. કંઈ ઘર હલાવી દે? પરણાવવાનો અર્થ કે પરણો જો આ છે. મંત્ર મંત્ર પઢાવે. પછી કહે કે તમે અમને પરણાવ્યા માટે હવે ઘર ચલાવો તમે. અમારા ઘરનો નિર્વાહ કરી દો તમે. એમ કરી દે? એમ એને કરે ઈશારા. ભાઈ! પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદનો ઢગલો એ તું પોતે જ છો. આહા! સમજાય છે કાંઈ? હવે દૃષ્ટાંતમાં કહે છે. એ પણ એના ઉપરનું દૃષ્ટાંત છે.

जैसैं काहू जंगलमैं पावसकौ समै पाइ,
अपनै सुभाव महामेघ वरषतु है।
आमल कषाय कटु तीखन मधुर खार,
तैसौ रस बाढ़ै जहां जैसौ दरखतु है॥
तैसैं ग्यानवंत नर ग्यानकौ बखान करै,
रसकौ उमाहू है न काहू परखतु है।
वहै धुनि सुनि कोऊ गहै कोऊ रहै सोइ,

काहूकौ विखाद होइ कोऊ हरखतु है॥१६॥

**શબ્દાર્થ :–**પાવસ=વરસાદ. આમલ=ખાટું. કષાય=કષાયેલું. કટું=કડવું. તીખન(તીક્ષ્ણ)=તીખું. મધુર=મિષ્ટ. ખાર(ક્ષાર)=ખારું. દરખતુ(દરખ્ત)=વૃક્ષ. ઉમાહૂ=ઉત્સાહિત. ન પરખતુ હૈ=પરીક્ષા કરતો નથી. ધુનિ(ધ્વનિ)=શબ્દ. વિખાદ(વિષાદ)=ખેદ. હરખતુ=હર્ષિત.

**અર્થ :–**જેવી રીતે કોઈ વનમાં વરસાદના દિવસોમાં પોતાની મેળે પાણી પડે છે તો ખાટું, કષાયેલું, તીખું, મીઠું કે ખારું જે રસનું વૃક્ષ હોય છે તે પાણી પણ તે જ રસરૂપ થઈ જાય છે, તેવી જ રીતે જ્ઞાનીઓ જ્ઞાનના વ્યાખ્યાનમાં પોતાનો અનુભવ પ્રગટ કરે છે, પાત્ર–અપાત્રની પરીક્ષા કરતા નથી તે વાણી સાંભળી કોઈ તો ગ્રહણ કરે છે, કોઈ ઊંઘે છે, કોઈ ખેદ પામે છે અને કોઈ આનંદિત થાય છે.

ભાવાર્થ :—જેવી રીતે વરસાદ પોતાની મેળે વરસે છે અને તે લીમડાના વૃક્ષ ઉપર પડવાથી કડવું, લીંબુના વૃક્ષ ઉપર પડવાથી ખાટું, શેરડી ઉપર પડવાથી મધુર, મરચાના છોડ ઉપર પડવાથી તીખું, ચણાના છોડ ઉપર પડવાથી ખારું અને બાવળના વૃક્ષ ઉપર પડવાથી કષાયેલું થઈ જાય છે. તેવી જ રીતે જ્ઞાનીઓ ખ્યાતિ, લાભાદિની અપેક્ષા રહિત માધ્યસ્થભાવથી તત્ત્વના સ્વરૂપનું કથન કરે છે, તે સાંભળીને કોઈ શ્રોતા પરમાર્થનું ગ્રહણ કરે છે, કોઈ સંસારથી ભયભીત થઈને યમ–નિયમ લે છે, કોઈ ઝઘડા કરે છે, કોઈ ઊંઘે છે, કોઈ કુતર્ક કરે છે, કોઈ નિન્દા–સ્તુતિ કરે છે અને કોઈ વ્યાખ્યાન પૂરું થવાની જ રાહ જોયા કરે છે. ૧૬.

**अर्थ :–**जैसे किसी वनमें बरसातके दिनोंमें अपने आप पानी बरसता है तो खट्टा, कषायला, कडवा, चरपरा, मिष्ट, खारा जिस रसका वृक्ष होता है वह पानी भी उसी रसरूप हो जाता है, उसी प्रकार ज्ञानी लोग ज्ञानके व्याख्यानमें अपना अनुभव प्रगट करते हैं, पात्र-अपात्रकी परीक्षा नहीं करते, उस वाणीको सुनकर कोई तो ग्रहण करते हैं, कोई ऊंघते हैं, कोई विषाद करते हैं और कोई आनंदित होते हैं।

भावार्थ :–जिस प्रकार पानी अपने आप बरसता है और वह नींबके वृक्ष पर पड़नेसे कड़ुवा, नींबूके वृक्ष पर पड़नेसे खट्टा, गन्नेके झाड़ पर पड़नेसे मिष्ट, मिर्चके झाड़ पर पड़नेसे चरपरा, चनेके झाड़ पर पड़नेसे खारा और बबूल पर पड़नेसे कषायला हो जाता है। उसी प्रकार ज्ञानी लोग ख्याति, लाभादिकी अपेक्षा रहित माध्यस्थभावसे तत्त्वका स्वरूप कथन करते हैं, उसे सुनकर कोई श्रोता परमार्थ ग्रहण करते हैं, कोई संसारसे भयभीत होकर यम–नियम लेते हैं, कोई लड़ बैठते हैं, कोई ऊँघते हैं, कोई कुतर्क करते हैं, कोई निन्दा–स्तुति करते हैं और कोई व्याख्यानके पूर्ण होनेकी ही वाट देखते रहते हैं॥१६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जैसै जंगलमैं पावसकौ समै पाइ.. પાવસ—વરસાદનો કાળ. વરસાદનો ટાઈમ હોય ત્યારે समै पाइ—એનો સમય મળે એટલે अपने सुभाव महामेघ बरषतु है. વરસાદ તો પોતાને કારણે વરસે છે. છે ને? अपने सुभाव.. એ મેઘનો સ્વભાવ છે. સ્વભાવ છે કે વરસે. आमल कषाय, લ્યો ઠીક. ખટ્ટા-મીઠા. જેવા ઝાડ હોય, એવું પાણી પરિણમી જાય. લીંબુનું ઝાડ હોય તો ખાટારૂપે પરિણમી જાય. અફીણનું હોય કડવાપણે પરિણમી જાય પાણી. છે ને? आमल कषाय कटु तीखन, લ્યો. કટુ—કડવા. તીક્ષ્ણ—ચરપરા, લ્યો. તીક્ષ્ણ. તમારે મૂળ પાઠમાં तीखन છે. तीखन—તીખા કહે અમારે. તમારે ચરપરા, એમ. मधुर—મીઠા, લ્યો. શેરડી-ગન્ના.. ગન્ના. ત્યાં પાણી જાય તો મીઠું થાય, કારેલામાં પાણી જાય તો કડવું થાય, લીંબુમાં જાય તો ખાટું થાય. પાણી તો જે છે એ છે. જે પ્રકારના ઝાડ એ પ્રકારે પરિણમે એને. સમજાણું કાંઈ? કડવા, તીક્ષ્ણ ચરપરા, મધુર, મીઠા. खार, લ્યો. ખારું થાય. પાણી ઊંચુ પડે અંદરથી જ્યાં આ દરિયામાં, ખારું થાય. ઝાડનું ખારાશ, ચણા. ચણા હોયને. ચણા નહીં? ચણા. ખાર ઓલા ખાર જામે અંદરથી. પાણી તો પાણી છે. પણ જેવા એના ઝાડના મૂળ છે જે જાતના, એ જાતપણે પાણી થાય, લ્યો. तैसौ रस बाढ़े.. જેવા જેના ઝાડની જાત તેવું પાણીનો રસ વધે. जहाँ जैसौ दरखतु है.. જેવું જે દ્રવ્ય હોય, એમ. दरखतु—વૃક્ષ એમ. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. ત્યાં નથી, પુણ્ય-પાપના વિકલ્પ રાગ આદિ કાંઈ આત્મામાં છે નહીં. એ તો જ્ઞાનપ્રધાનથી વાત કરી છે. સમજાય છે?

तैसैं ग्यानवंत नर ग्यानकौ बखान करै.. ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ છે.. જ્ઞાનસ્વરૂપ છે. એમ કે એમાં બીજી કોઈ ચીજ છે નહીં. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા કરવાનો વિકલ્પ પણ એની ચીજમાં નથી. એ તો જ્ઞાનની મૂર્તિ છે. આહાહા! ग्यानवंत नर ग्यानकौ बखान करै.. ज्ञानी लोग ज्ञानके व्याख्यानमें अपना अनुभव प्रगट करे. रसकौ उमाहू है न काहू परखतु है લ્યો. उमाहू—ઉત્સાહી. જેનો જેવો ઉત્સાહ, એમ કહે છે. उसी प्रकार ज्ञानी लोग ख्याति, लाभादिकी अपेक्षारहित.. ઓલો વરસાદ એની મેળે વરસે છે, એમ કહ્યુંને. ઉપદેશકને કાંઈ દુનિયા પાસેથી લાભ લેવો છે (એમ) કંઈ એના માટે ઉપદેશ નથી, એમ કહે છે. ખ્યાતિ માટે નહીં. છે ને? अपेक्षारहित माध्यस्थभावसे तत्त्वका स्वरूपकथन करते हैं. उसे सुनकर कोइ श्रोता परमार्थ ग्रहण करते हैं, લ્યો.

रसकौ उमाहू है न काहू परखतु है.. ઉત્સાહી છે રસનો. આહાહા! સંભળાવનાર સભામાં તો એક વાત કરે બધી. એમ કંઈ આ પાત્ર છે ને અપાત્ર છે એમ (જોઈને) વાત કરે? એમ કહે છે. એવું નથી. વાણીકો સુન, એ આગળ લખ્યું છે. અપેક્ષારહિત.. દેખોને અંદર લખ્યું છે. પાઠમાં લખ્યું છે. ख्याति, लाभादिकी अपेक्षा रहित माध्यस्थभावसे तत्त्वका स्वरूप कथन करते हैं. એ કંઈ પરને ધ્યાન રાખે નહીં, લ્યો. પરતત્ત્વ એ આવ્યું ને?

પરીક્ષા નહીં કરતા. પરીક્ષા નહીં કરતા. પાણી એમ પરીક્ષા કરતું નથી કે મારે લીંબુમાં જાવું, ફલાણામાં જાવું. એ તો પાણીની જેવી યોગ્યતા છે ત્યાં પાણી જાય. એમ જ્ઞાની ઉપદેશ કરે એમાં પાત્ર-અપાત્ર જોતો નથી એ. અહીં તો એવું આવ્યું. (શ્રોતા : પાત્રને અનુસરીને ઉપદેશ આપે એમ ન આવ્યું.) એ તો એક વ્યક્તિગતની અપેક્ષાએ લો. સભામાં તો ઉપદેશ એક જ પ્રકારનો દ્રવ્યાનુયોગનો (હોય).

કહ્યું ને, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. સભામાં મુખ્ય ઉપદેશ દ્રવ્યાનુયોગ અધ્યાત્મનો જ હોય કે જેમાં મોક્ષનો માર્ગ છે, એમ કહ્યું છે ત્યાં. વ્યક્તિગત એ તો જ્યારે એક વ્યક્તિને એની લાયકાત પ્રમાણે કહે. સભામાં તો આનો ઉપદેશ (હોય) મુખ્યપણે, એમાં એમ કહ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. સમજાણું? पात्र-अपात्रकी परिक्षा नहीं करते हैं, જુઓ, એમાં આવ્યું છે કે નહીં? उस वाणीको सुनकर कोइ तो ग्रहण करते हैं, कोइ ऊंघते हैं. ઝોલા-ઝોલા ખાય. હવા ઠંડી હોય, ખાઈને આવ્યો હોય સરખાઈનું. ચૂરમું-બૂરમું ખાધું હોય ને પતરવેલિયાનાં ભજીયા ને એ..ય. આમ પવન આવે તો ઝોલાં ખાય. મોટરમાં એમ હોય છે ને. મોટર હાલે ઠંડી હવા આવે, આ જાણે હાલરડું લાગે મોટર આમ. ઊંઘ આવી જાય એને. એમ કેટલાક તો સાંભળતા સાંભળતા ઝોલા ખાય. દરકાર નથી કે આ શું ચીજ છે.

वहै धुनि सुनि कोऊ गहै कोऊ रहै सोइ,.. સોઈ.. સોઈ—સૂતાં. ઝોલા ખાય આમ.. આમ.. હતા એક નરસીભાઈ. મકનભાઈ નહોતા અહીં? એના કાકા હતા. હોંકારો એ દે. ગમે એ વ્યાખ્યાન હાલતું હોય તો જી.. જી.. મહારાજ. એ વૃદ્ધ માણસ હતાને બિચારા. આ મકનભાઈ નથી? એના કાકા નરસીભાઈ. એ નરસીભાઈ નહીં, આપણા મકનભાઈ એના કાકા ગોવડિયા. નરસીભાઈ ગોવડિયા. એને બહુ ઝોલા આવે. ઘણીવાર કહીએ. કાંઈ કામની ચિંતા બહુ નહીં એને. દેખાય .... આમ બરાબર બેઠા હોય નવરા થઈને. પ્રમાણ વચન, વળી એમ કહે. ઝોલા ખાય ..... (શ્રોતા : અર્ધજાગૃત...) આમ તો તદ્દન નવરા ....થઈ જાય. આહાહા! એ વાત અમારે ચોમાસું હતુંને ત્યારે ૮૧માં.

આહીં તો કહે છે કે આહીં તો સંભળાવનાર શું કરે. એમ કહેવું છે. એની પાત્રતા-અપાત્રતા ઉપર એનો રસ ચડે નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? દેખો, कोई ऊँघते हैं, कोई विषाद करते हैं, લ્યો. काहूकौ विखाद होइ.. આત્મા.. આત્માની માંડો છો આ. આત્મા.. આત્મા.. પણ કોઈ બીજી વાત નહીં. (શ્રોતા : વ્યવહારકી તો..) વાતેય કરતા નથી. પંડિતજી! વ્યવહારના કરના, ભક્તિ કરની, પૂજા કરના તો લાભ હોગા ઐસી તો બાત કરતે હી નહીં કભી. અજ્ઞાની સત્ય વાતને સાંભળીને વિષાદ.. વિષાદ. ખેદ.. ખેદ કરે. और कोइ आनंदित होते हैं. આહાહા! આવો માર્ગ વીતરાગનો અમે તો સાંભળ્યો નથી

ભાઈ. અંદર આત્મા આનંદ.. આનંદસ્વરૂપ ભગવાન પરિપૂર્ણ પ્રભુ.. આહા! અંતરમાં ગતિ કર તો તુજે સમકિત હોગા. બાહ્ય ક્રિયાકાંડસે સમકિત-સમકિત હોગા નહીં. આહાહા! ખુશી થઈ જાય એને, આહાહા! ઐસી વાત.

जिस प्रकार पानी अपने आप बरसता है. જુઓ, અપને આપ બરસતા હૈ. और वह नीमके वृक्ष पर पड़नेसे कडवा, नींबु के वृक्ष पर पडनेसे खट्टा, गन्नेके झाड पर पड़नेसे मिष्ट, मिर्चके झाड पर पडनेसे चरपरा, મરચાં. चनेके झाड पर पडनेसे, ખારા. ચણા.. ચણા આવેને ચણા ખારા. ચણોય ખારો હોય. और बबूल पर पडनेसे कषायला. આ બાવળ-બાવળ. બાવળ હોતા હૈ ન બબૂલ. उसी प्रकार ज्ञानी लोग ख्याति, लाभादिकी अपेक्षा रहित माध्यस्थभावसे तत्त्वका स्वरूप कथन करते हैं. उसे सुनकर कोइ श्रोता परमार्थको ग्रहण करते हैं. ઓહો! ઐસી બાત કભી સુનનેમેં નહીં આયી. ઐસા માર્ગ, ધર્મ! વીતરાગમાર્ગ ઐસા! આહાહા! ભગવાન આત્મા અંતર્મુખકી દૃષ્ટિ કરનેસે ધર્મ હોતા હૈ. અંતર્મુખકા આત્માકા આશ્રય કરે તો ધર્મ હોતા હૈ. બાકી બાહ્યકે આશ્રયસે જિતના વ્યવહાર ઉત્પન્ન હો, સબ અધર્મ નામ બંધકા કારણ હૈ. ઓલા કહે, અધર્મ ન કહો. ત્યારે ભઈ હવે પુણ્ય કહો. લેને ભઈ તારી... આહાહા!

कोई संसारसे भयभीत होकर यम–नियम लेते हैं. આત્માનું ભાન કરી, આત્માના આનંદની રમતમાં ચારિત્ર ગ્રહણ કરે. कोई लड बैठते हैं. માંહોમાંહે અંદર સાંભળતા સાંભળતા, ઓલો કહે એમ, આ નહીં, એમ નહીં. ઓલો કહે, નહીં વ્યવહાર નહીં. વ્યવહારનો નાશ થઈ જાય છે. વ્યવહાર... ઓલો કહે, એમ ન હોય. એ ઝઘડે અંદર. સાંભળતા સાંભળતા પણ.. कोई ऊंघते हैं, कोई कुतर्क करते हैं. આવો ધર્મ? ભગવાનનો માર્ગ તો સ્યાદ્વાદ અનેકાંત છે. વ્યવહારથી પણ ધર્મ થાય, નિશ્ચયથી પણ ધર્મ થાય (એમ) બે હોય. એમ કુતર્ક કરે અંદરથી. સમજાય છે કાંઈ? નિમિત્તથી પણ અંદર કાર્ય થાય ને ઉપાદાનથી પણ કાર્ય થાય એમ કુતર્ક કરે, પણ વાસ્તવિક તત્ત્વ સમજે નહીં. આહાહા!

कोई निंदा–स्तुति करते हैं. કોઈ નિંદા કરે. આવો ધર્મ કહે છે. આ દેરાસરના તાળા બંધ કરવા પડશે. છોટાભાઈના ગામના છે. રતિભાઈ માસ્તર. આ મહારાજ કહે એવો જો ધર્મ બેસે તો સ્થાનકવાસીના અપાસરા બંધ કરવા પડે, કહે. કારણ કે આમાં તો ક્રિયાકાંડમાં ધર્મ કહેતા નથી. એવું બીજું અહીંયા આવે છે. આવું જો કહેવા જાય તો આ જાત્રા નહીં જાય, પૂજા નહીં કરે. અરે, પણ એ ભાવ આવ્યા વિના રહે નહીં. પણ ધર્મી એ ભાવને સમજે કે આ તો પુણ્ય છે, ધર્મ નહીં. સમજાય છે કાંઈ? और कोई व्याख्यानके पूर्ण

होनेकी वाट देखते हैं. કેટલા વાગ્યા? હવે આવ્યા એટલે પૂરું તો કરવું પડશે. હવે બેઠા હોય મોઢા આગળ. સમજ્યાને ઓલો હુશિયાર માણસ હોય તો પાછળ બેસે તો ઊઠીને ઝટ જાવું હોય તો વયું જવાય. બેઠા મોઢા આગળ, હવે શું કરવું? ઉઠાય નહીં. આહાહા!

જેને ઇન્દ્રો સાંભળે છે, જેને ગણધરો સાંભળે છે એવી વીતરાગની વાણી.. આહાહા! ઇન્દ્રો ને ગણધરો ભગવાનની વાણી સાંભળવા (આવે). સ્વર્ગમાંથી ૩૨ લાખ વિમાનનો લાડો છે સૌધર્મેન્દ્ર. કરોડો અપ્સરાઓ. આ નહીં રે નહીં. આ નહીં. આ ભોગ ને સાધન બધાં દુઃખના નિમિત્ત છે અને દુઃખ છે આ. એવું ભાન આનંદનું ભાન સમકિતી એકાવતારી... સૌધર્મ ઇન્દ્ર અને એની રાણી પત્ની બેય એકભવતારી છે. બેય જણા એક ભવે મોક્ષ જનારા છે. આહાહા! અત્યારે સૌધર્મ ઇન્દ્ર છે. એ ભગવાનની વાણી સાંભળવા આવે ત્યાં ‘સીમંધર’ ભગવાન પાસે મહાવિદેહમાં. ૩૨ લાખ વિમાન અને ઓલા ઇશાન ઇન્દ્રને ૨૮ લાખ વિમાન. એક એક વિમાનમાં અસંખ્ય દેવ, એનો સ્વામી.. અરે! આ નહીં રે નહીં. એ મારામાં નહીં. હું તો જ્ઞાનસ્વરૂપ આનંદ છું. એ મારી ચીજ મારી પાસે છે. દૂર છે એ ચીજ મારી નહીં. એવું સાંભળ્યું છે, અનુભવ્યું છે છતાં સાંભળવા આવે છે. આહાહા!

ઓલો સિંહનું વાંચ્યું છેને. સિંહ નહીં? હરીભાઈ આમ મૂકે છેને. ભગવાનનો દસમો ભવ. મહાવીર ભગવાનનો દસમો ભવ. આહાહા! મુનિ કહે છે ..... પશુમાં. આહાહા! આમ હરણ ફાડતો હતો. ઉપરથી ઉતર્યા. ઉપરથી ઉતર્યા બે મુનિઓ. અરે, અમારી સમીપમાં નીકળે એ દૂર જાય. આ ઉપરથી નીચે આવ્યા મુનિ. શું છે આ? સજ્જનતા છેને. એકદમ, આહા! અરે સિંહ! ભગવાનની વાણીમાં આવ્યું છે કે તમે દસમે ભવે ‘મહાવીર’ તીર્થંકર થશો. આહાહા! આ તમે તીર્થંકરના જીવ છો. દસમે ભવે તીર્થંકર થવાના. આ શું તમે..? એમ જ્યાં સાંભળ્યું છે ને આંસુની ધારા. બહારમાં આંસુની ધારા અને અંદરમાં કર્મની નિર્જરા, સ્વભાવ સન્મુખ થઈને. આહાહા! સમજાય છે કાંઈ? મુનિને રાગ હોય છે, પણ એમને રાગની રુચિ હોતી નથી. સમજાણું કાંઈ? આહાહા! દસમો ભવ હતો સિંહનો. છેને આપણે ઓલામાં પ્રવચનમંડપમાં. પછી આમ સિંહને ઊભા રાખ્યો.

એમ કહે છે, મુનિરાજની—ધર્મીની વાણી સાંભળી કેટલાક તો આનંદિત થઈ જાય છે. આહા! આવો માર્ગ! અચિંત્ય માર્ગ! અદ્‌ભૂત માર્ગ! સમજાય છે કાંઈ? અહીંયા અજ્ઞાની કેટલાક તો ઊંઘે, ખેદ કરે. આવી વાત? એક ફેરી આ ૯૫માં હતુંને ચોમાસું રાજકોટ. દસ મહિના દસ દિ’. એક જણો કો’ક ગામમાં કહે, આ તો આત્મા જ કૂટ્યો

દસ મહિનામાં. એક વળી વકીલ હતો. વકીલ ને? ભાઈ શું? શંકર ને? શું નામ? છેલભાઈ. બ્રાહ્મણ હોં. બ્રાહ્મણ ને? (શ્રોતા : નાગર). નાગર. એણે વળી એમ દસમે મહિને દસ મિનીટ સાંભળીને (કહ્યું), જે કોઈ મહારાજનું ૧૦ મહિનાનું ૧૦ દિ'નું સાંભળ્યું હોય, એ ૧૦ લીટીમાં લખે તો એને ૧૦ રૂપિયા આપીશ, એમ લખ્યું હતું. અન્યમતિ હતો નાગર. બાકી બીજા સાંભળવા આવતા. ૧૦ મહિના ને ૧૦ દિવસનું ૧૦ લીટીમાં સાર લખે એને ૧૦ રૂા. આપીશ, એમ લખ્યું હતું. ઓલા ૧૦. એને બિચારાને એ ખુશાલી હતી કે આહાહા! આવો માર્ગ. કેટલાકને અંદર ખેદ થયો હોય ને કેટલાકે સાંભળ્યું હતું. દસે મહિના સુધી આત્મા કૂટ્યો, કહે. હવે આત્મા એટલે શું પણ તને ખબર (નથી). આહાહા! પુણ્ય ને વ્યવહાર કૂટવો છે તારે? આહાહા!

આત્મામાં વ્યવહારનો વિકલ્પ છે નહીં એને આત્મા કહીએ. વિકલ્પ છે એ તો આસ્રવતત્ત્વ છે. આહા! દયા-દાન-વ્રત-પૂજા-ભક્તિ-નામસ્મરણ એ તો રાગ, એ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વનું પોષણ કરવું છે તારે? આહા! આકરું લાગે આકરું. નહીં? એનો કંઈ ક્રમ હશે કે નહીં? વળી એમ બોલે. ક્રમ છે ને, પહેલું સમ્યગ્દર્શન થાય ને પછી ચારિત્ર થાય, એનો ક્રમ છે. પણ સમ્યગ્દર્શનમાં પહેલો વ્યવહાર થાય અને પછી નિશ્ચય થાય, એવો ક્રમ નથી. આવે ખરો વ્યવહાર, હોય ખરો. સમજાય છે કાંઈ? પણ એની રુચિ છોડી અને આત્માના આનંદની રુચિ કરે, એને સમ્યગ્દર્શન થાય. ચારિત્રનો ક્રમ હોય. ચારિત્ર તરત ન હોય. કેટલાકને લાખો કરોડો વર્ષે પણ ચારિત્ર હોય, લ્યો. સમજાણું?

ભરત ચક્રવર્તી, લ્યો. સમ્યગ્દર્શનજ્ઞાન, ત્રણ જ્ઞાન છતાં, લાખો કેટલા.. સમજ્યાને? છ લાખ પૂર્વ સુધી ચક્રવર્તીપદમાં રહ્યા. છ લાખ પૂર્વ. ચારિત્ર ન આવ્યું. ઋષભદેવ ભગવાન એક લાખ પૂર્વ. તીર્થંકર જાતે. મતિ, શ્રુતજ્ઞાન, ત્રણ જ્ઞાન ક્ષાયિક સમકિત છતાં ચારિત્ર ન થયું. ચારિત્ર એ મહા પુરુષાર્થની ચીજ છે. હજારો રાણીમાં રહ્યા. રાગ હતો, જાણતા હતા કે અરેરે! હું તીર્થંકર થઈને આવ્યો છું, છતાં મારે ચારિત્ર જ્યાં સુધી નહીં હોય ત્યાં સુધી મારી મુક્તિ નથી. સ્વરૂપમાં રમણતા, આનંદની રમણતા વિના મુક્તિ નથી મને. એવું ભાન (છે). આવે છે ને 'અષ્ટપાહુડ'માં, નહીં? ધ્રુવ.. ધ્રુવથી થયેલું... આહા! ધ્રુવ સિદ્ધિ તીર્થંકરને છે, તો પણ તે આ ચારિત્ર લેશે. અંદર રમણતા ... મુક્તિ થશે. વસ્ત્ર સહિત... તીર્થંકર હોય તો પણ વસ્ત્ર સહિત મુનિપણું નહીં હોય એને. સાધુપણું નહીં આવે, એમ કહે છે. 'કુંદકુંદાચાર્ય'. ત્યારે વળી કેટલાક કહે છે, અમારે 'સમયસાર' માન્ય. 'અષ્ટપાહુડ' નહીં. કારણ 'અષ્ટપાહુડ' છે એ કોઈનું કરેલુ છે. કારણ કે નડે છે વાડાવાળાને. આહા!

પેલા વિજયમૂર્તી છેને એક. અમર મુનિનો શિષ્ય. કહેતા હતાને આ જુગરાજજી કહેતા. એ સમયસાર વાંચે પણ પોતાની કલ્પનાએ. 'અષ્ટપાહુડ'માં આમ કહ્યું છે ને? આ જુગરાજજી કહે, 'અષ્ટપાહુડ'માં કહ્યું છે કે વસ્ત્રસહિત મુનિપણું હોય નહીં. તો કહે, એ 'કુંદકુંદાચાર્ય'નું કથન નથી. 'પ્રવચનસાર'માં ને બધે ઠેકાણે આવ્યું છે. આહાહા! ભગવાને ૨૮ મૂળગુણ કહ્યા છે, એમાં અચેલપણું એ એનો વ્યવહારિક મૂળ ગુણ છે. અચેલપણું હોય. વસ્ત્રનો ધાગો પણ રાખીને મુનિપણું માને, નિગોદમાં જાય. (શ્રોતા : અચેલનો અર્થ જુદો કરે). એનું કાંઈ નહીં, એ તો કરે. એમ કે ઉણોદરી... આ નથી? કન્યા નાની હોય ને સાધારણ પેટ નાનું? ઉણોદરી હાં. પેટ વિનાની છે. પેટ વિનાની નથી પણ પેટ નાનું છે, એને પેટ વિનાની કહેવી. એમ કપડા થોડા રાખવા એને અચેલ કહેવા, એમ કહે છે એ. પણ તમે નથી સાંભળ્યું નહીં એ? તમારા ઘરમાં ત્રણે છે. (શ્રોતા : સત્યાવીસ ગુણ.....) ના, એ સત્યાવીસ બીજા છે. સત્યાવીસ એક આમાં આવે છે ખરા હોં આમાં. એ બીજા પ્રકારના. કંઈક સત્યાવીસ આવે છે. હા, બે આવે છે. એક સત્યાવીસ સામાયિકનું પડિક્કમણું છે ને આપણું એમાં સત્યાવીસ આવે છે, પણ એ બીજી જાતના. કહે એ આ નહીં. આવે છે. એક સત્યાવીસ આવે છે ઓલા પાઠમાં જોયું હતું.

આહીં તો કહે છે, ભગવાને જે માર્ગ કહ્યો એ માર્ગ સાંભળીને કેટલાકને પ્રમોદ આવે કે, આહાહા! આવો માર્ગ! ધન્ય અવતાર, એમ. સમજાય છે કાંઈ? વસ્ત્રસહિત મુનિપણું ત્રણ કાળમાં જૈનદર્શનમાં ન હોય. સમ્યગ્દર્શન-જ્ઞાન હોય. વસ્ત્ર રાખે ને મુનિપણું હોય (અને) વસ્ત્ર છૂટી ગયા ને મુનિપણું હોય, એવું પણ કાંઈ નથી. અંતરમાં દૃષ્ટિ રાગથી ધર્મ માને અને વસ્ત્રનો ત્યાગ છે માટે હું મુનિ છું, મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? આહાહા! ભગવાન આત્માનો સ્વભાવ ચૈતન્યસ્વભાવ એ આનંદસ્વરૂપનો અનુભવ થઈને આનંદમાં રમણતા, આનંદમાં ઘોલનમાં લીનતા રહેવી એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? મહાવ્રતના પરિણામ ચારિત્ર નહીં, તો નગ્નપણું તો ચારિત્ર નથી. કેટલાક, કીધું ને, व्याख्यानके पूर्ण होनेकी ही वाट देखते रहते हैं, લ્યો. કેટલાક એમ કહે કે આ એક કલાક થઈ ગયો? એ વળી એમેય કહે કેટલાક. આહા! આમાં તો પાંચ મિનિટ જેટલો કલાક થયો, વળી એમેય કહે, જેને રસ પડે એને. ઓલાને એક કલાક જોઈ જોઈને ઘડિયાલ જુએ. આહાહા!

गुरु उपदेश कहा करै, दुराराध्य संसार।
बसै सदा जाकै उदर, जीव पंच परकार॥१७॥

**અર્થ** :—જેમાં પાંચ પ્રકારના જીવ નિવાસ કરે છે તે સંસાર જ ઘણો દુસ્તર છે,

તેમાં શ્રીગુરુનો ઉપદેશ શું કરે ? ૧૭.

**अर्थ :**–जिसमें पांच प्रकारके जीव निवास करते हैं वह संसार ही बहुत दुस्तर है, उसके लिये श्रीगुरुका उपदेश क्या करेगा?॥१७॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

એ પોતે મેળવી લીધું. પોતે બનાવ્યું છે. બીજે ક્યાં આધાર નથી એનો. गुरु उपदेश कहा करै.. જ્ઞાની ઉપદેશ શું કરે જગતને? दुरासाध्य संसार.. સંસારના પ્રાણીઓને, આહાહા! संसार बहुत दुस्तर है. આહા! ચોર્યાશી લાખના અવતારથી છૂટવું એ દુષ્કર છે. એમાં અજ્ઞાનીઓને હાથ લાગે નહીં, માર્ગ એવો છે. ગૃહસ્થાશ્રમમાં સમકિતી હોય, હજારો રાણીઓ હોય, છતાં એ મોક્ષના માર્ગમાં છે એમ કહેવાય. અને ઓલો ૨૮ મૂળગુણ પાળતો હોય અને નગ્ન હોય, છતાં પુણ્યની ક્રિયાને ધર્મ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. આવો બધો આંતરો. દૃષ્ટિની ખબર નથી. दुरासाध्य संसार. संसार बहुत दुस्तर है. उसके लिये गुरुका उपदेश क्या करेगा? ત્રણ લોકના નાથનો ઉપદેશ—વાણી સાંભળી સમવસરણમાં. ભગવાનના સમવસરણમાં વાણી સાંભળી. અનંત વાર સમવસરણમાં ગયો. ધર્મની સભામાં ભગવાન બિરાજતાની વાણી સાંભળી. શું કરે? ક્યા કહે? એવી ને એવી શ્રદ્ધાવાળો ધોયેલો મૂળા જેવો નીકળ્યો પાછો. સમજાણું કાંઈ? એની પોતાની દૃષ્ટિ પ્રમાણે એ પરિણમાવે એને. ભગવાનની વાણી શું કરે ત્યાં? એ પાંચ પ્રકારના જીવની વ્યાખ્યા કરે છે.

પાંચ પ્રકારના જીવ (દોહરા)

डूंघा प्रभु चूंघा चतुर, सूंघा रुंचक सुद्ध।
ऊंघा दुरबुद्धी विकल, घूंघा घोर अबुद्ध॥१८॥

**શબ્દાર્થ :**—રુચક=રુચિવાળા. અબુદ્ધ=અજ્ઞાની.

**અર્થ :**—ડૂંઘા જીવ પ્રભુ છે, ચૂંઘા જીવ ચતુર છે, સૂંઘા જીવ શુદ્ધ રુચિવાળા છે, ઊંઘા જીવ દુર્બુદ્ધિ અને દુઃખી છે અને ઘૂંઘા જીવ મહા અજ્ઞાની છે. ૧૮.

**अर्थ :**–डूंघा जीव प्रभु है, चूंघा चतुर है, सूंघा शुद्ध रुचिवंत है, ऊंघा दुर्बुद्धि और दुःखी है और घूंघा महा अज्ञानी है॥१८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

પાંચ આ ગયા. એ डूंघा जीव प्रभु है સિદ્ધ. ડૂંઘા જીવની વ્યાખ્યા કરી કે ડૂંઘા કોને કહેવા કે સિદ્ધને ડૂંઘા કહેવા. પૂર્ણ થઈ દશા એની. એ આગળ એક આવશે. डूंघा सिद्ध कहै

सब कोऊ.. આ બાજુ છે. આ બાજુ છે ને. ૩૪૫ પાને છે છેલ્લે એ. डूंघा सिद्ध कहै सब कोऊ, सूंघा ऊंघा मूरख दोऊ. સૂંઘા ચતુર પુરુષ છે, ડાહ્યો છે. સમકિતી છે. सूंघा रुंचक सुद्ध.. એ રુચવે ખરા, રુચિ થાય. સમજે નહીં બરાબર. ऊंघा दुरबुद्धि—અવળો હોય એવું હોય. દુર્બુદ્ધિ હોય. ऊंघा विकल—મૂરખ. આહીં દોષી કહ્યો છે. धूंधा घोर अबुद्ध—ઘૂંઘા મહાઅજ્ઞાની, ઘોર અજ્ઞાની. આહાહા!

એને કહે કે સિદ્ધ ભગવાન કોઈનું કરે નહીં. અરે! અમે કંઈકના ભલા કરીએ અને સિદ્ધ કોઈનું કરે નહીં? એ સિદ્ધ અમારે જોતા નથી, કહે છે. સમજાણું? એક જણાએ કહ્યું, એ તમારા સિદ્ધ શું કરે? કીધું, સિદ્ધ આત્માનો અનુભવ કરે. કોઈનું કાંઈ કરે? કીધું, હરામ કોઈનું કરે તો. એવા સિદ્ધ? એવા અમારે સિદ્ધ જોતા નથી. પણ ક્યાં છે વખત? સાંભળને હવે! હજી કો'કનુ કરવું છે ને કો'કને દેવું-લેવું છે ને એમાંથી કાંઈક ભલું કરાવી દેવું કો'કનું. આહાહા! સમજાણું? કો'કનો કાગળ આવ્યો હતો પહેલા ને આજે આવ્યો છે કો'કનો. ફિલમનો નહી? 'છ ઢાળા'ની ફિલમ કરવી છે એને. કાગળ આવ્યો હતો આજે. એમ કે તમે કાંઈક આનું લખો બે અક્ષર. શું લખે? ધૂળ. આહીં કોને લખે? કોઈને લખે છે? આહા! ફિલમમાં નામ આવે એમ કે આહા! મહારાજે, એમ કે મારા વખાણ કર્યા છે. જો આમ હોય તો આમ થાય. મૂળ તો માનને પોષવા માટે જગત ગરી ગયા બધા. અમે કાંઈક બહાર આવીએ, બીજા કરતાં અધિકપણે ગણાઈએ. મરી ગયા બિચારા શું કરે? આ પાંચની વ્યાખ્યા કરી. ડૂંઘા જીવનું લક્ષણ હવે.

ડૂંઘા જીવનું લક્ષણ (દોહરા)

जाकी परम दसा विषै, करम कलंक न होइ।
डूंघा अगम अगाधपद, वचन अगोचर सोइ॥१९॥

**અર્થ :—**જેમને કર્મ–કાલિમા રહિત અગમ્ય, અગાધ અને વચન અગોચર ઉત્કૃષ્ટ પદ છે તે સિદ્ધ ભગવાન ડૂંઘા જીવ છે. ૧૯.

**अर्थ :–**जिनका कर्म-कालिमा रहित अगम्य, अगाध और वचन-अगोचर उत्कृष्ट पद है वे सिद्ध भगवान डूंघा[1] जीव हैं॥१९॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जिनका कर्म कालिमा रहित अगम्य... સિદ્ધ ભગવાન તો અગમ્ય છે. કર્મ કાલિમા રહિત છે. ભગવાનને કર્મ હોતા નથી. કર્મ છે નહીં સિદ્ધ ભગવાનને. એ પણ એક જીવ. પાંચ પ્રકારમાંથી એક એ જીવની જાત, એમ કહે છે. આહાહા! अगाध और वचन

अगोचर उत्कृष्ट पद है. પરમાત્મ સિદ્ધપદ તો વચન અગોચર છે. અને ઉત્કૃષ્ટ પદ. ઉંચામાં ઉંચો જીવ છે. એનાથી ઉંચા કોઈ જગતમાં છે નહીં. वे सिद्ध भगवान डूंघा जीव हैं, લો. એને—સિદ્ધ ભગવાનને ડૂંઘા કહ્યા, સમજ્યાને. પહેલો બોલ થયો. હેઠે ખુલાસો કર્યો છે. આ બાજુ છેને. डूंघा सिद्ध कहै सब कोऊ.. આ બાજુ નીચે ઓલી કોર.. ઓલી કોર નીચે હાથ પાસે. આ બાજુથી આ પાને એ. डूंघा सिद्ध कहै सब कोऊ. પોતે ખુલાસો કર્યો છે. એટલે અહીં પછી ખુલાસો રાખ્યો છે. चूंघा जीवका लक्षण

ચૂંઘા જીવનું લક્ષણ (દોહરા)

जो उदास ह्वै जगतसौं, गहै परम रस प्रेम।
सौ चूंघा गुरुके वचन, चूंघै बालक जेम॥२०॥

**શબ્દાર્થ** :—ઉદાસ=વિરક્ત. પરમ રસ=આત્મ-અનુભવ. ચૂંઘે=ચૂસે.

**અર્થ** :—જે સંસારથી વિરક્ત થઈને આત્મ-અનુભવનો રસ સપ્રેમ ગ્રહણ કરે છે અને શ્રીગુરુના વચન બાળકની જેમ દૂધની પેઠે ચૂસે છે તે ચૂંઘા જીવ છે. ૨૦.

**अर्थ** :—जो संसारसे विरक्त होकर आत्म-अनुभवका रस सप्रेम ग्रहण करता है और श्रीगुरुके वचन बालकके समान दुग्धवत् चूसता है वह चूंघा जीव है॥२०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! ધર્મી જીવ—સમકિતી જગતથી ઉદાસ છે, વિરક્ત છે. આહાહા! સમજાય છે કાંઈ? संसारमें विरक्त होकर आत्म अनुभवका रस सप्रेम ग्रहण करता है, લો. સંસારસે વિરક્ત હૈ અથવા વિકલ્પથી પણ વિરક્ત છે. આહા! गहै परम रस प्रेम.. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના રસનો એ પ્રેમીલો છે. ધર્મી પોતાના અતીન્દ્રિય આનંદના રસનો પ્રેમી છે, એને વિષયના રસનો પ્રેમ નથી. હો ભાવ, પણ પ્રેમ નથી. આહાહા! સમજાણું કાંઈ? जो आत्म-अनुभवका रस सप्रेम ग्रहण करता है. આહા! રાગનો રસ છોડીને આત્માના આનંદના રસનો પ્રેમ ગ્રહણ કરે છે, એને અહીંયા ચૂંઘા જીવ કહેવામાં આવે છે. શું કરવા? કે ચૂસે છે, એમ કહે છે.

श्रीगुरुके वचन बालकके समान दुग्धवत् चूसता है. આહા! ધર્માત્માની વાણી નીકળે એમાંથી સાર સાર ચૂસતા હૈ. 'બનારસીદાસે' પોતે નાંખ્યું છે. દુગ્ધવત દૂધ. જેમ માતાના સ્તનમાંથી બાળક દૂધ પીવે, ચૂસે બાળકની જેમ. એમ ધર્માત્મા, ધર્માત્માની વાણીમાં ભાવ ભર્યા એને ચૂસે. સમજાય છે કાંઈ? પાછું બાળકની વત્, એમ. બાળકનું... આહાહા! અભિમાન ને કાંઈ નહીં એ તો. ઓહો! આ માર્ગ! અતીન્દ્રિય આનંદનો

રસીલો. અતીન્દ્રિય આનંદની વાત આવે તો આત્મામાંથી ચૂસે અતીન્દ્રિય આનંદ. આહાહા! यह चूंघा जीव है, લો.

सूंघा જીવનું લક્ષણ.

સૂંઘા જીવના લક્ષણ (દોહરા)

जो सुवचन रुचिसौं सुनै, हियै दुष्टता नांहि।
परमारथ समुझै नहीं, सो सूंघा जगमांहि॥२१॥

**શબ્દાર્થ :—**રુચિસૌં=પ્રેમથી. પરમારથ=આત્મતત્ત્વ.

**અર્થ :—**જે ગુરુના વચન પ્રેમપૂર્વક સાંભળે છે અને હૃદયમાં દુષ્ટતા નથી–ભદ્ર છે, પણ આત્મસ્વરૂપને ઓળખતા નથી એવા મન્દ કષાયી જીવ સૂંઘા છે. ૨૧.

**अर्थ :–**जो गुरुके वचन प्रेमपूर्वक सुनता है और हृदयमें दुष्टता नहीं है—भद्र है, पर आत्मस्वरूपको नहीं पहिचानता ऐसा मन्द कषायी जीव सूंघा है॥२१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जो गुरुके वचन प्रेमपूर्वक सुनता है और हृदयमें दुष्टता नहीं है. ભદ્ર જીવ છે ભદ્ર. पर आत्मस्वरूपको नहीं पहिचानता. આત્માના અનુભવની ખબર નથી. ત્રીજા નંબરનો (જીવ). આત્માની વાત સાંભળે, હૃદય દુષ્ટ નહીં, ભદ્ર પરિણામી, પણ આત્મા અનુભવ ક્યા ચીજ હૈ ઉસકો જાનતા નહીં. મૂળ ચીજ આત્માકા અનુભવ હૈ એને જાણતો નથી. આહા! (શ્રોતા : અજ્ઞાની હૈ?) અજ્ઞાની છે. અજ્ઞાની, પણ ભદ્ર છે. સાંભળવાની રુચિવાળો છે, દુષ્ટ નથી. પણ અંદર સમજમેં આતા નહીં. સમજમેં નહીં આતા કિ ક્યા કહતે હૈં, આત્મા કૈસા? લ્યો, આત્માનો આનંદનો અનુભવ કરો. શું આ તે કહે છે? સમજમેં આતા નહીં. ધર્મ એ (કે) આત્માના અનુભવ કરો. अनुभव रत्नचिंतामणी, अनुभव है रसकूप। अनुभव मारग मोक्षकौ अनुभव मोक्ष स्वरूप. શું કહે છે આ? દુષ્ટ છે નહીં, એમ. હા ન પાડે. શું કંઈ આ સમજાતું નથી. આહાહા! એને એમાં નાખ્યા. ઊંઘા જીવનું લક્ષણ. મંદકષાયી જીવ છે.

ઊંઘા જીવનું લક્ષણ (દોહરા)

जाकौ विकथा हित लगै, आगम अंग अनिष्ट।
सो ऊंघा विषयी विकल, दुष्ट रुष्ट पापिष्ट॥२२॥

**શબ્દાર્થ :—**વિકથા=ખોટી વાર્તા. અનિષ્ટ=અપ્રિય. દુષ્ટ=દ્વેષી. રુષ્ટ=ક્રોધી. પાપિષ્ટ=અધર્મી.

**અર્થ** :—જેને સત્શાસ્ત્રનો ઉપદેશ તો અપ્રિય લાગે છે અને વિકથાઓ પ્રિય લાગે છે તે વિષયાભિલાષી, દ્વેષી-ક્રોધી અને અધર્મી જીવ ઊંઘા છે. ૨૨.

**अर्थ** :–जिसे सत् शास्त्रका उपदेश तो अप्रिय और विकथाएँ प्रिय लगती हैं वह विषयाभिलाषी, द्वेषी–क्रोधी और अधर्मी जीव ऊंघा है।।२२।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जाकौ विकथा हित लगै.. આત્માની વાત એને ઠીક ન લાગે. વિકથા ગમ્ય લાગે વાર્તા. આ રાજા હતો ને રીસાણો અને રાણી મનાવવા ગઈ. ઢીંકણું એવી વાતો, આ આ ભારે કથા. (શ્રોતા : કહાની). કહાની.. કહાની. કહાની—કથા. जिसे सत् शास्त्रका उपदेश तो अप्रिय.. जाकौ विकथा हित लगै, आगम अंग अनिष्ट. ભગવાનની વાણી જે સિદ્ધાંત નિશ્ચય વાત આવે તો અનિષ્ટ લાગે. આગમની સત્ય વાત સિદ્ધાંતની એ ઠીક ન લાગે. કથા માંડી હોય તો એ કથા દરરોજ સાંભળવા આવે, એને રસ લાગે એને. આગમની વાત અધ્યાત્મની અનિષ્ટ લાગે. લુખ્ખી—લુખ્ખી લાગે.

सो ऊंघा विषयी विकल, લ્યો. विकथाएँ प्रिय लगती हैं, वह विषयाभिलाषी है. सत् શાસ્ત્રકા ઉપદેશ તો અપ્રિય... સત્ શાસ્ત્રકા... એમ આગમ છે ને. आगम अंग अनिष्ट.. આહા! આગમમેં તો વીતરાગતા કહની હૈ. વીતરાગતા તો પરકી ઉપેક્ષા કરકે સ્વભાવની અપેક્ષા કરે તો વીતરાગતા હોતી હૈ. એ વાત છે. સમજાણું કાંઈ? આવા જીવ છે જગતમાં. કોને કહે છે આ? ઉપદેશ લાગુ પડે. જે પાત્ર હોય એને લાગુ પડે. સાધક પાત્ર હોય છે સાધકતા, એમ કહે. આહાહા! सो ऊंघा विषयी विकल दुष्ट रुष्ट पापिष्ट.. दुष्ट નામ ક્રોધી-દ્વેષી આહાહા! दुष्ट रुष्ट.. આહાહા! दुष्ट—દ્વેષી, रुष्ट—ક્રોધી. બે અર્થ કર્યા છે ને. બે પાઠમાં કહ્યા છે. નીચે શબ્દાર્થમાં છે. દુષ્ટ નામ દ્વેષી, રુષ્ટ નામ ક્રોધી. પાપિષ્ટ નામ અધર્મી. આહાહા! એ જીવને—આ ચોથા બોલવાળા અજ્ઞાનીને ધર્મ સમજાય નહીં ને હૃદયમાં દુષ્ટવાળો છે. આ પણ એક જગતમાં જીવની જાત છે. એમાં ગુરુનો ઉપદેશ શું કરે એમ કહે છે. સાધક પણ એની પાત્રતા હોય તો પ્રગટ થાય. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચનના

### છ ભાગના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશી

**રૂા. ૧૦૦૦૦૦=૦૦**

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દિગંબર જૈન દિવાળી યાત્રા ગ્રુપ

**રૂા. ૫૧૦૦૦=૦૦**

શ્રી સ્વ. અંજુબેન માણેકલાલ ડેલીવાળા
હ. અનુજ કૌશિકભાઈ ડેલીવાળા
મુલુંડ–મુંબઈ

ડૉ. લીનાબેન અનિલકુમાર મોદી, પાર્લા

શ્રી ઈવેટ મીલન શાહ, એન્ટવર્પ

શ્રીમતી હીરાબેન શાંતિલાલ દોશી, તથા શ્રીમતી ઈન્દિરાબેન જયંતીલાલ શેઠ (હ. મમતાબેન ભાવીનભાઈ શેઠ) તથા શ્રીમતી કોકિલાબેન અનિલભાઈ ડેલીવાળા

**રૂા. ૧૫૦૦૦=૦૦**

શ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર

**રૂા. ૧૧૦૦૦=૦૦**

શ્રી ધીરજબેન દાદભાવાળા
શ્રી રંજનબેન શાહ
શ્રી મંજુલાબેન ગાલા
ડૉ. હીરાબેન સી. શાહ
શ્રી પ્રસન્નભાઈ બ્રોકર
શ્રી મંજુલાબેન કિશોરભાઈ ગોપાણી
શ્રી વિપુલભાઈ ભરવાડા
શ્રી સરોજબેન
શ્રી કનકબેન અનંતરાય શેઠ પરિવાર
શ્રી ચંદ્રાબેન મધુભાઈ શાહ પરિવાર
શ્રી જયાબેન જયંતીલાલ દોશી પરિવાર
શ્રી મીરા અનીલભાઈ શાહ, મસ્કત
શ્રી છગનલાલ કાલીદાસ વાધર પરિવાર
શ્રી એક મુમુક્ષુબેન
શ્રીમતી પુષ્પાબેન પ્રતાપભાઈ ભાયાણી

**રૂા. ૭૫૦૦=૦૦**

શ્રી નીતાબેન મધુભાઈ દોશી પરિવાર

**રૂા. ૫૦૦૦=૦૦**

શ્રી દક્ષાબેન બાબુલાલ ગાંધી
શ્રી ચંદ્રમણિબેન મણિયાર
શ્રી સંધ્યાબેન શૈલેષભાઈ લોડાયા (ઘાટકોપર)
શ્રી ઉષાબેન કીર્તિભાઈ કોઠારી
શ્રી દેવાંગ
શ્રી મમતાબેન ભાવીન શાહ
શ્રી હસમુખભાઈ વસાણી
શ્રી કસુંબાબેન અમૃતલાલ શેઠ,
હ. સુધાબેન રજનીકાંત શેઠ
શ્રી હીરાબેન મણિલાલ શાહ
શ્રી દિવાળીબેન ભાણજીભાઈ ગડા
શ્રી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ
શ્રી લાભુબેન મનુભાઈ કામદાર, પરિવાર
શ્રી કનકબેન કે. શાહ, કે. કે. શાહ
શ્રી મીતાબેન નીતિનભાઈ ઉદાણી
શ્રી ચંદ્રાબેન
શ્રી ઈન્દુબેન એમ. શાહ
શ્રી રૂપાબેન બ્રોકર
શ્રી નયનાબેન સંઘવી

શ્રી કોકીલાબેન નલીનભાઈ શાહ
શ્રી રજનીભાઈ શાહ
શ્રી ધનલક્ષ્મીબેન પ્રાણલાલ કામદાર પરિવાર
શ્રી લીનાબેન સંઘવી
શ્રી તરુબેન વી. શાહ
શ્રી ઈન્દુબેન જસવંતભાઈ મહેતા
શ્રી કાંતાબેન માસ્તર,
 હ. મધુરીબેન નંદુ, સોનગઢ
શ્રી વસુમતી બાબુલાલ મોદી
શ્રી સેજલબેન મહેતા
શ્રી મીતેશ જે. મહેતા
શ્રી ઈન્દુભાઈ પીપલીયા, હ. મહેન્દ્ર પીપલીયા,
 મનીષ પીપલીયા
શ્રી લક્ષ્મીબેન સાવલા
એક મુમુક્ષુબેન, પાર્લા-સાંતાક્રુઝ
એક મુમુક્ષુબેન, ભાવનગર

**રૂા. ૩૦૦૦=૦૦**

શ્રી ઝરણા કેતન શાહ
શ્રી બેલા કેતન દફતરી
શ્રી જ્યોતિબેન પ્રવીણભાઈ મહેતા
શ્રી હર્ષાબેન જનકભાઈ ટીમ્બડીયા
શ્રી ઈન્દિરા ધીરજલાલ શાહ
શ્રી નીકિતા ઋષભ મહેતા
શ્રી વસંતબેન નગીનદાસ કપાસી
શ્રી નગીનદાસ મેઘજીભાઈ કપાસી
 હ. જ્યોતિબેન લલિતભાઈ શાહ મુલુંડ

**રૂા. ૨૫૦૦=૦૦**

શ્રી ચંદ્રકાંતભાઈ કે. શાહ
શ્રી રંજનબેન પ્રવીણભાઈ અજમેરા
શ્રી બચુભાઈ પારેખ
શ્રી શાંતાબેન કે. શાહ
શ્રી રૂપાબેન કિરીટભાઈ જોબાળિયા
શ્રી પ્રતીભાબેન છેડા
શ્રી પૂર્ણિમાબેન રોહિત માલીયા
શ્રી ભારતીબેન સાવલા
શ્રી રસિલાબેન આર. કે. શાહ
શ્રીમતી સરોજબેન ચંદ્રવદન શેઠ

**રૂા. ૨૧૦૦=૦૦**

શ્રી પ્રીતિબેન સંજીવભાઈ કોઠારી

**રૂા. ૨૦૦૦=૦૦**

એક મુમુક્ષુભાઈ, ભાવનગર

**રૂા. ૧૧૦૦=૦૦**

શ્રી કુંદનબેન ધીમંતભાઈ શેઠ
શ્રી ભાનુબેન સૂર્યકાંત કામદાર


**રૂા. ૧૦૦૦=૦૦**

શ્રી કલ્પના ઉદય ગોસલીયા
શ્રી દેવીબેન નીતિનબાઈ અજમેરા
શ્રી રીદ્ધિ ઋષભ વોરા
શ્રી અંકિતા કિરણ દેસાઈ
શ્રી ભારતીબેન સાવલા
શ્રી ગીતાબેન રાજેશભાઈ કામદાર–મુલુંડ
શ્રી કાંતીભાઈ હી. શાહ–સુરેન્દ્રનગર

**રૂા. ૫૦૦=૦૦**

ડૉ. દીપક શેઠ
શ્રી નલીની મિલન સંઘવી
શ્રી ભારતીબેન દિ. દોશી
શ્રી અંશ દેવેન દોશી
શ્રી અર્હન કૈનેશ શાહ
શ્રી પૂનમ પરાગ દેસાઈ
શ્રી હર્ષાબેન શાહ
શ્રી લક્ષ્મીબેન સાવલા

(વાચકોની નોંધ માટે)



**શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર**
**(વિલે પાર્લા) મુંબઈ**